
INDEX

॥ श्रीलोयाधामाधीशो जयति ॥

શ્રી લોયાધામ

ચરિત્ર ચિંતામણિ



રચયિતા : પ.પૂ.સ.ગુ. શાસ્ત્રી શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી - લોયાધામ

॥ श्रीलोयाधामाधीशो जयति ॥

શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ

સપ્રેમ ભેટ

પ.ભ.શ્રી _____

મુક્તરાજ શ્રી સુરાબાપુ તથા લોયાવાસીઓના

હેતના તાંતણે બંધાઈને

શ્રીહરિએ લોયાધામમાં વિસ્તારેલી

અનુપમ લીલાઓનો અદ્‌ભૂત ખજાનો

એટલે

॥ શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ ॥

આ ગ્રંથરત્ન આપના ઋજુહૃદયમાં

ગાઢ પ્રભુ પ્રેમ ઉપજાવે તથા આપને

મૂર્તિરસમાં ડૂબાડે

એવી શુભકામના સહ સપ્રેમ ભેટ...

આપનો સ્નેહી _____

॥ श्रीलोयाधामाधीशो जयति ॥

શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ

: રચયિતા :

પરમ પૂજ્ય સદ્‌ગુરુ શાસ્ત્રી શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી
લોયાધામ

: સંપાદક :

સાધુ ભજનવલ્લભદાસ – લોયાધામ

: પ્રકાશક :

શ્રી સ્વામિનારાયણ મંદિર – લોયાધામ
મુ.પો. લોયા, તાલુકો : સાયલા,
જીલ્લો : સુરેન્દ્રનગર. પીન : ૩૬૩૪૧૦.
મો. ૯૦૯૯૮૯૭૮૦૦, ૯૯૨૫૨૦૭૫૦૪

॥ શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ ॥

પ્રકાશક :
શ્રી સ્વામિનારાયણ મંદિર - લોયાધામ
મુ.પો. લોયા, તાલુકો : સાયલા, જીલ્લો : સુરેન્દ્રનગર.
પીન : ૩૬૩૪૧૦. મો. ૯૦૯૯૮૯૭૮૦૦, ૯૯૨૫૨૦૭૫૦૪
visit us : www.Loyadham.in
Email : loyadhamnj@gmail.com

પ્રકાશન તિથિ : વિ.સં. ૨૦૮૨, શ્રીમુક્તમુનિ મહોત્સવ તથા
શ્રી સદ્‌ગુરુ શતાબ્દી મહોત્સવ - લોયાધામ

આવૃત્તિ : પ્રથમ

પ્રત : ૧૦૦૦

પડતર કિંમત : ૧૮૮/-

વેચાણ કિંમત : ૧૦૦/- (સૌજન્યને આભારી)

પ્રાપ્તિ સ્થાન : શ્રી સ્વામિનારાયણ મંદિર લોયાધામ અને
તેની તમામ શાખાઓમાં ઉપલબ્ધ.

મુદ્રક : શ્રીજી આર્ટ, અમદાવાદ.
ફોન. (મો.) ૭૬૦૦૦૨૬૬૮૬



લોયાધામાધિપતિ મહાપ્રતાપી શ્રી ઠાકોરજી મહારાજ

શ્રી મુક્તાનંદીય પરંપરાના બ્રહ્મનિષ્ઠ સદ્‌ગુરૂશ્રીઓ

वंदे गुरुपरंपराम्



સદ્‌ગુરૂ શ્રી રામાનંદ સ્વામી



સદ્‌ગુરૂ શ્રી મુક્તાનંદ સ્વામી



સદ્‌ગુરૂ શ્રી આધારાનંદ સ્વામી



શ્રી ઠાકોરજી મહારાજ



સદ્‌ગુરૂ શ્રી હરિપ્રિયદાસજી સ્વામી



સદ્‌ગુરૂ શ્રી વૈકુંઠચરણદાસજી સ્વામી



સદ્‌ગુરૂ
શ્રી નંદકિશોરદાસજી સ્વામી



સદ્‌ગુરૂ
શ્રી નારાયણસ્વરૂપદાસજી સ્વામી





સદ્‌ગુરૂ શ્રી યોગાનંદ સ્વામી



શ્રી હરિમંદિર



મુક્તરાજ શ્રી સુરા ખાચર




મુક્તરાજ શ્રી માણસીયા ખાચર



નૂતન શિખરબદ્ધ મંદિરના સંકલ્પકર્તા

સદ્‌ગુરુ પુરાણી શ્રી હરિપ્રિયદાસજી સ્વામી
(ગઢપુર)



જય શ્રી સ્વામિનારાયણ

શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ

:: રચયિતા ::

પ.પૂ.સ.ગુ.શા. શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી
(લોયાધામ)

સમર્પણમ્

જેમણે પરમહંસના ઉતારામાં
હરિમંદિરનું નિર્માણ કર્યું છે
એવા સંતગુણભૂષણ
યોગમૂર્તિ સ.ગુ. શ્રી યોગાનંદ સ્વામી
તથા
જેમની પ્રેમદોરીએ તણાઈને
શ્રીહરિએ લોયાધામમાં
અનેક લીલાઓ વિસ્તારી એવા
નિષ્કામયોગી પરમ સખા ભક્ત
શ્રી સુરા ખાચર ના
પાવન કરકમલોમાં
સાદર સમર્પણમ્



ભગવાન શ્રીહરિનું નિવાસ સ્થાન
અક્ષરધામ તુલ્ય મુક્તરાજ શ્રી સુરાખાચરનો દરબારગઢ



મુક્તરાજ શ્રી લીંબતરુ



પ્રસાદીની ચૂલ

ગ્રંથકારની કલમે

ભગવાનનાં ચરિત્રરૂપ જાળાને વિષે મનને ગૂંચવી મેલવું ને ભગવાનના ઘાટ મનમાં કર્યા કરવા... ને પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, "એવી રીતે ભગવાનનાં જે ચરિત્ર તથા વાર્તા તથા દર્શન તે એક દિવસનાં જો સંભારવા માંડે તો તેનો પાર ન આવે તો સત્સંગ થયા તો દશ પન્નર વર્ષ થયાં હોય તે એનો તો પાર જ ન આવે અને તે એવી રીતે સંભારવા જે, 'આ ગામમાં આવી રીતે મહારાજ તથા પરમહંસોની સભા થઈ અને આવી રીતે મહારાજની પૂજા થઈ ને આવી રીતે વાર્તા થઈ' ઈત્યાદિક જે ભગવાનનાં ચરિત્ર તેને વારંવાર સંભારવાં અને જે ઝાઝું ન સમજતો હોય તેને તો એમ કરવું એ જ શ્રેષ્ઠ ઉપાય છે. એ જેવો બીજો નથી. (વ.ગ.પ્ર.૩૮)

પારાવાણીના આ અમૃતવચનો મારા ગ્રંથકાર્યમાં પ્રેરણાસ્ત્રોત બન્યા.

પછી વિચાર ઉપજ્યો કે જે દિવ્ય ધરાધામની પ્રભુએ મને અમૂલ્ય સેવા આપી; એની જ લીલાઓ કેમ ન લખું?

ભગવાન શ્રી સ્વામિનારાયણના મહાપ્રસાદીભૂત તીર્થસ્થાનોમાં લોયાધામનું સ્થાન અનેરું છે.

પરમ સખાભક્ત અનાદિમુક્તરાજ શ્રી સુરા ખાચર અને શાંતિબા તથા રાજપરિવારની ભક્તિને વશ થઈ પરમાત્માએ અહીં લોયાધામમાં અસંખ્ય લીલાઓ કરી છે. ભણનારા સંતો તેમજ સંઘા પટેલ, લીલાધર સોની, ઘેલા કોળી, હેતબા વિગેરે ભક્તોને લાડ લડાવવા પરમાત્માએ શાકોત્સવ અને વચનામૃત જેવી લીલાઓની શ્રૃંખલા રચી છે.ગ.પ્ર.૭૧ પ્રમાણે અહીંના દરબારગઢ સાક્ષાત્ અક્ષરધામ છે અને તત્કાલીન સેવકો એ ધામના પાર્ષદો છે.

લોયાધામની ગલી-ગલી ને ઘરેઘર પ્રગટ પરબ્રહ્મ અને મુક્તોની પદરજથી પાવન થયેલ છે.

આ માહાત્મ્યના વિચારે મારા ગ્રંથકાર્યમાં અદમ્ય ઉત્સાહ અને વેગ પૂર્યો.

આશરે ૫૦ ઉપરાંત ગ્રંથોમાંથી શ્રીલોયાધામની લીલાઓની સાથે-સાથે

મુક્તરાજ સુરા ખાચરના ગરાસનું બીજું ગામ નાગડકાની લીલાઓનું પણ સંપાદન સુપેરે થયું... પણ

''यतो वाचो निवर्तन्तेऽप्राप्य मनसा सह''

મારા કથા-પ્રવચનોમાં વારે વારે દોહરાતી આ તૈત્તિરીયઋચાનો મને આ કાર્યમાં અનુભવ થયો.

જેમને વેદોએ 'નેતિ નેતિ' કહ્યા એ પરબ્રહ્મ પરમાત્માના ચરિત્રો ગૂંથવા એ મારા માટે વામણા હાથે વૃક્ષ પર લાગેલા ફળને આંબવા જેવું સરાહનીય કાર્ય હતું.

જેમના સંબંધમાત્રથી સઘળું દિવ્યભાવને પામે છે એવા દિવ્યાતિદિવ્ય મૂર્તિ ભગવાન સ્વામિનારાયણના પાવન ચરિત્રોને કલમથી કાગળમાં કેદ કેવી રીતે કરવા ? આ ઘણું કપરું કામ હતું. ગાગરમાં સાગર સમાવવા જેવું નહિ; ઉજાસને અંધાર કોટડીમાં પૂરવા જેવું હતું.

અધ્યાત્મ માર્ગની તમામ સિદ્ધિઓને પામેલા નંદ પરમહંસો; જેઓ એ ચરિત્રોના સાક્ષાત્ દ્રષ્ટા હતાં છતાં પણ તેમણે કહેવું પડ્યું કે 'મન કહેવા કાયર થાય છે' (ભ.ચિં. ૩/૪૨) તો મારી શું વિસાત ?

આ જે કાંઈ સંપન્ન થયું તે માત્ર મહામુનિ શ્રી મુક્તાનંદ સ્વામી સેવિત લોયાધામાધિપતિ શ્રી ઠાકોરજી મહારાજ અને મારા ગુરુદેવની અહૈતુકી કૃપા-કરુણાનું મધુર ફળ છે.

આ લીલાચરિત્રોનું ગુંફન કરવામાં સર્વોપરી ઉપકરણ નીવડ્યું છે શ્રીજી મહારાજના સમકાલીન સંતો-ભક્તોએ સર્જેલું વિપુલ સાહિત્ય; સાચું કહું તો એ વિના હું બિલકુલ અંધ જ હતો. **महाजनो येन गतः स पन्थाः** મહાપુરુષોએ કંડારેલા માર્ગે ચાલવા સિવાય મારી પાસે કોઈ ઉપાય નહોતો. **''नान्यः पन्था विद्यतेऽयनाय।''**

એમાંય સ.ગુ. શ્રી આધારાનંદ સ્વામી, સ.ગુ. પ્રસાદાનંદ સ્વામી અને સ.ગુ. માધવદાસજી સ્વામીએ આલેખેલી શ્રીલોયાધામની દિવ્ય લીલાઓએ મારા માટે રાજમાર્ગ મોકળો આપ્યો.

વળી, અમુક વાતો પશ્ચાતકાલીન સંતો-ભક્તોએ સંકલિત કરેલી ને અમુક વાતો

સંપ્રદાયના વયોવૃદ્ધ સંતો-ભક્તો તથા તત્કાલીન અનુયાયીઓના વંશજો પાસે શ્રુતિપરંપરાથી સચવાયેલી પ્રાપ્ત થઈ. એ વાતો લખવી કે કેમ; આ મુંઝવણમાં 'વળી જે જે સુણિયું કાન' (ભ.ચિં.૩/૪૧) આ પંક્તિએ દિશા બતાવી.

ફરી પ્રશ્ન ઊભો થયો કે ગ્રંથલેખનમાં કોને અનુસરવું; શ્રી ભક્તચિંતામણિને કે શ્રી હરિલીલામૃતને ? જોકે મારો સહજ ઢળાવ શ્રી હરિલીલામૃતનો હતો છતાં પણ સહુનાં રાજીપાની અપેક્ષાથી પ્રસ્તુત પ્રકારે "શ્રી લોયાધામ લીલાચિંતામણિ"નું આલેખન કર્યું.

ઐતિહાસિક બાબતો અને સાંપ્રદાયિક સિદ્ધાંતોને ક્ષતિ ન પહોંચે એનું ખાસ અનુસંધાન રખાયું. શ્રીહરિ કેટલી વખત લોયા-નાગડકા પધારેલા છે; એ બાબતમાં સંશોધકોમાં મતૈક્ય જોવા મળતું નથી. કોને અનુસરવું એ દ્વિધાનો વિષય હોવાથી શ્રીહરિચરિત્રામૃત સાગરના અનુસંધાને તે ગણતરીનો ગ્રંથમાં સમાવેશ કર્યો નથી. વળી, શ્રીહરિ પ્રબોધિત લોયાધામના ૧૮ વચનામૃતોનો પણ અહીં સંગ્રહ કર્યો નથી.

આ ગ્રંથકાર્ય દરમ્યાન સત્સંગસેવા અર્થે દેશ-વિદેશમાં વિચરણ થતું; પરંતુ મારું મન એ પળોમાં પણ લેખનના માધ્યમે લોયાધામની દિવ્ય ધરામાં આળોટતું ને શ્રીજીની લીલાઓમાં રગદોળાયેલું રહેતું. એવું કહી શકાય કે મારા જીવનમાં આ ડાયમંડ પિરિયડ હતો.

ગ્રંથગત સ્તુતિ-વિભાગના ગુંફનમાં ક્યારેય અકળામણનો અનુભવ થયો નથી. વળી, લીલાઓમાં પૌવાપર્ય સંબંધ સાચવીને પરસ્પર વિરોધમાં ઉકેલ આણવો; એમાં સરળતા સાંપડી તે હું ભગવાન શ્રીહરિનું આ કાર્યમાં પ્રગટપણું માનું છું; એ વિના આ કાર્ય બિલકુલ અસંભવ છે.

કદાચ આ ગ્રંથમાં નંદસંતોની કલમ જેવો અનુભવનો ઓડકાર કે દિવ્યતાની ફોરમ દીવો લઈને શોધતાંય નહિ જડે પરંતુ એટલું ચોક્કસ જણાવીશ કે આ ગ્રંથનાં ડી.એન.એ. તપાસમાં જરૂર ખ્યાલ આવશે કે અહીં શબ્દે શબ્દે એમનું જ અમૃત ટપકે છે; જે પરમ આસ્વાદ્ય છે.

આ કાર્યમાં મને જે કોઈનો સહકાર પ્રાપ્ત થયો છે તે સહુનો હું ઋણી છું. ગ્રંથના કાવ્યવિલાસમાં મને મદદરૂપ થયા છે અમારા મંડળના સાક્ષર સંત સાધુ

ભજનવલ્લભદાસજી. આ ગ્રંથને સહજ-સરળ, સુઘડ-સુંદર અને ભાવવાહી બનાવવામાં એમનું અપૂર્વ યોગદાન રહ્યું છે.

શ્રીજી આર્ટના માલિક પ.ભ. શ્રી અરવિંદભાઈ ડુંગરાણીએ ખૂબ જ ઉત્સાહથી મુદ્રણકાર્ય હાથમાં લીધું છે. એમના ઉત્સાહથી આ ગ્રંથ સુંદર રીતે પ્રકાશિત થશે એવી મને શ્રદ્ધા છે.

આ ગ્રંથ પ્રકાશનના આર્થિક સહયોગી પણ આશીર્વાદના અધિકારી છે. એમને કેમ ભૂલી શકાય?

શ્રી સ્વામિનારાયણ મંદિર લોયાધામને આંગણે ઉજવાઈ રહેલ શ્રીમુક્તમુનિ મહોત્સવ એવં શ્રી સદ્‌ગુરુ શતાબ્દિ મહોત્સવ પ્રસંગે આ ગ્રંથનું પ્રકાશન થઈ રહ્યું છે એ બદલ પ્રકાશન સમિતિનો પણ આભાર વ્યક્ત કરું છું.

આ ગ્રંથમાં જે કાંઈ ગળ્યું લાગે તે ભગવાન શ્રીહરિ અને મારા ગુરુદેવની કૃપાનું પક્વ ફળ છે ને જે ન ભાવ તે આ સેવકની અલ્પમતિનું પરિણામ છે.

અંતમાં

'गच्छतः स्खलनं क्वापि भवत्येव प्रमादतः।

हसन्ति दुर्जनास्तत्र समादधति साधवः॥'

આ ગ્રંથમાં કોઈ ક્ષતિ રહી જવા પામી હોય તો આપ સુજ્ઞજનો હંસક્ષીરન્યાયે સારતત્વ ગ્રહણ કરશો એજ.

સત્સંગ કૃપાભિલાષી

શા. ઘનશ્યામપ્રકાશદાસ

ગુરુ : પ.પૂ.સ.ગુ. કો. શ્રી નંદકિશોરદાસજી સ્વામી

વિ.સં. ૧૮૮૨, કાર્તિક શુક્લ પ્રબોધિની એકાદશી

તા. ૨ નવેમ્બર ૨૦૨૫ ને રવિવાર

લોયાધામ

ગ્રંથ ગૌરવમ્

પ્રારંભિક પ્રસ્તુતિ

આપણા શાસ્ત્રોમાં તીર્થનો મહિમા અપાર કહેવાયો છે. "तरति पापादिकम् यस्मात् इति तीर्थम्" એવી વ્યાખ્યા અનુસાર પાપ વિગેરેથી મુક્તિ અપાવે તેને 'તીર્થ' કહેવાય અને "तीर्यते अनेन इति तीर्थम्" આ વ્યાખ્યા અનુસાર - સંસાર સાગરમાંથી પાર ઉતારે તે 'તીર્થ' છે. આ બંને વ્યાખ્યાઓ વિદ્વાનોએ માન્ય કરી છે. આવા અનેક દિવ્ય તીર્થોથી ભારતભૂમિ ભાગ્યવંતી બની છે. આવા જ પાવનકારી તીર્થોની પરંપરામાં બદરીનાથ, રામેશ્વરમ્, જગન્નાથપુરી કે દ્વારિકા જેવા ચાર ધામોનો તથા અયોધ્યા, મથુરા, કાશી વિગેરે સપ્તપુરીઓનો સમાવેશ થાય છે – જેના દર્શન માટે માત્ર સંતો, ભક્તો કે ઋષિમુનિઓ જ નહિ, પરંતુ દેવતાઓ પણ લાલાયિત રહે છે. આવા જ પરમ પવિત્ર તીર્થોની પરંપરામાં સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણના નિર્ભય ચરણારવિંદના સ્પર્શથી પાવન થયેલા તીર્થોની નામાવલી પણ ઘણી લાંબી છે. વૈરાગ્યમૂર્તિ સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ આવા તીર્થોનો મહિમા આ રીતે વર્ણવ્યો છે.

ભાગ્ય મોટા એ ભૂમિનાં, જીયાં હર્યા ફર્યા હરિ આપ;
પાવન થઈ એ પૃથ્વી, હરિચરણને પ્રતાપ.

(શ્રી પુરુષોત્તમ પ્રકાશ : ૨૯/૪)

જ્યાં જ્યાં ભગવાન શ્રી હરિએ વિચરણ કર્યું છે તે ભૂમિના મોટા ભાગ્ય છે, અને તે તે ભૂમિ પવિત્ર તીર્થરૂપ બની ગઈ છે.

આચાર્યપ્રવર શ્રી વિહારીલાલજી મહારાજશ્રીએ પણ જણાવ્યું છે –

જ્યાં જ્યાં ફર્યા કૃષ્ણ કૃપાળુ નાથ,
જ્યાં જ્યાં ફર્યા સંત મહાંત સાથ;
તે સ્થાન તો ઉત્તમ તીર્થ થાય,
પવિત્ર તે તીર્થ વિષે થવાય.

(શ્રી હરિલીલામૃત ૧/૧૯/૪૭)

જે જે સ્થળે ભગવાન શ્રીહરિએ મહામુક્ત સંતો ભક્તો સાથે વિચરણ કર્યું છે, તે તે સ્થળ શ્રેષ્ઠ ધામ બની ગયા છે. ભગવાન શ્રીહરિના સંબંધથી પ્રસાદીભૂત બનેલા તીર્થનો મહિમા આદિઆચાર્ય શ્રી રઘુવીરજી મહારાજે તો 'શ્રી હરિલીલાકલ્પતરુ' ગ્રંથમાં તેથી પણ વિશેષ આલેખ્યો છે.

अवीक्ष्याऽपि प्रमादेन सर्वतीर्थानि भूतले ।
सर्वतीर्थफलं नृणामेतस्यैवेक्षया भवेत् ॥

'જે મનુષ્ય પ્રમાદવશ થઈ પૃથ્વી પરનાં તીર્થોમાં જઈ શકતા નથી, તે મનુષ્ય જો કેવળ શ્રીજી મહારાજના પ્રસાદીભૂત સ્થાનના દર્શન કરે છે તો તેવા મનુષ્યને સર્વ તીર્થનું ફળ મળે છે.' સર્વોપરી શ્રી હરિનાં સંબંધનો આવો મોટો મહિમા મહાપુરુષોએ ગાયો છે. તેથી જ એવા અસંખ્ય સ્થાનોને તીર્થત્વ પ્રદાન કરનાર શ્રીહરિને સ.ગુ. શ્રી શતાનંદ સ્વામીએ જનમંગલ નામાવલીમાં "ૐ તીર્થકૃતે નમઃ" એવું અન્વર્થ નામાભિધાન કરી નમસ્કાર કર્યા છે.

આવા જ પવિત્ર તીર્થધામોની પરંપરામાં – ભગવાન શ્રી સ્વામિનારાયણ જ્યાં પ્રગટ થયા તે જન્મભૂમિ છપૈયાધામ અને તેમણે જ્યાં સુદીર્ઘ સમય સુધી નિવાસ કરી પોતાની માનુષી લીલા સંકેલી એ ગઢપુરધામ જેવા ધામોનો સમાવેશ થાય છે. આ સંપ્રદાયનાં ઇતિહાસમાં ભગવાન શ્રી સ્વામિનારાયણનાં દિવ્ય સંબંધથી પરમ પાવન થયેલું એવું જ મહિમાવંત અલૌકિક અતિ દિવ્ય તીર્થધામ એટલે શ્રી લોયાધામ.

લોયાધામની ગરિમા

આ લોયાધામ ઐતિહાસિક તેમજ આધ્યાત્મિક બંને દ્રષ્ટિએ અદ્વિતીયતા ધરાવે છે. લોયાધામના આવા દિવ્ય વૈભવનો ખજાનો એટલે "શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ" ગ્રંથ છે. આ ગ્રંથના નામમાં રહેલો ચિંતામણિ શબ્દ જ આ ધામના મહિમાનાં ઉદ્‌ઘોષ માટે પર્યાપ્ત છે.

ઐતિહાસિક દ્રષ્ટિએ લોયાધામ એ પાવન સ્થાન છે જ્યાં અઢાર અઢાર વચનામૃતોની અમૃત સરિતાઓ પરાવાણી સ્વરૂપે પ્રગટ થઈ છે. તો સંપ્રદાયનો સર્વાધિક લોકપ્રિય શાકોત્સવ પણ ભગવાન શ્રી હરિએ સર્વ પ્રથમવાર અહીં જ ઉજવ્યો છે. ધર્મવંશી મોટાભાઈ શ્રી રામપ્રતાપજી મહારાજ અને નાના ભાઈ શ્રી ઈચ્છારામજી મહારાજનું ભગવાન શ્રી સ્વામિનારાયણ સાથે પ્રથમ મિલન આ લોયાધામની ભૂમિમાં નોંધાયું છે, તેમજ "ગરુડ ગતિથી ગમન કરનારી" માણકી

ઘોડીનું શ્રીહરિ સાથે પ્રથમ મિલન પણ લોયાધામમાં જ થયું છે.

અને સંપ્રદાયનાં શાશ્વત ચિહ્ન સમાન "તિલક ચાંદલા"ની વિધિવત શરૂઆત પણ લોયાધામથી થઈ છે. તેમજ મૂળી મંદિરમાં બિરાજમાન શ્રી રાધાકૃષ્ણદેવની પ્રથમ પૂજા, અર્ચનાનો પવિત્ર પ્રારંભ પણ લોયાધામથી થયો છે... આવી તો અનેકાનેક અદ્વિતીય ઐતિહાસિક ઘટનાઓ લોયાધામનાં લલાટે લખાણી છે.

અને આધ્યાત્મિક દ્રષ્ટિએ પણ લોયાધામનું મહત્વ એવું જ અપરિમિત છે. આજે પણ લોયાધામની ભૂમિનાં કણ કણમાં ભક્તિની સુવાસ છે અને પરમાત્માની પ્રગટ ઉપસ્થિતિનો અહેસાસ અનુભવાય છે. વેદ અને ઉપનિષદમાં મળી આવતી મોક્ષ માટેની સૂક્ષ્મ, ગહન અને શાસ્ત્રીય તાત્વિકચર્ચાઓ લોયાધામનાં એક એક વચનામૃતમાં પ્રકાશિત થઈ છે. સંપ્રદાયનાં પ્રાણવાયુ સમાન "વચનામૃત" ગ્રંથનું સંકલન કે "વિમોચન" લોયાનાં ૭માં વચનામૃત પ્રમાણે લોયાધામનાં ભાગ્યમાં નોંધાયું છે. આ પણ કેટલું મોટું ગૌરવ છે !

અને આ લોયાધામમાં આવેલા મુક્તરાજ શ્રી સુરાબાપુના દરબારગઢમાં નંદસંતોની પાઠશાળા હતી. સદ્‌ગુરુશ્રી મોટા યોગાનંદ સ્વામી વિગેરે પરમહંસો જ્યાં નિત્ય નિવાસ કરતા. જ્યાં નિત્ય સત્શાસ્ત્ર અને સદ્‌ધર્મ તેમજ આત્મા અને પરમાત્માનું અખંડ ચિંતન થતું અને જેના દિવ્ય સ્પંદનો આજે પણ મુમુક્ષુઓ અંતરમાં અનુભવી શકે છે. ગંગાજી જે રીતે ત્રિલોકપાવની ગણાય છે, તે રીતે આ લોયાધામ પણ મન, કર્મ, વચનને શુદ્ધ કરનારું મહાતીર્થ છે. આવા અનેક ઈતિહાસો આ લોયાધામની પાવન ધરા ઉપર રચાયા છે. અહીંથી નિર્દેશ માત્ર કર્યો છે. આવા અનેક ઈતિહાસોના ખજાનાને આ ગ્રંથમાં ખુલ્લો મુકવામાં આવ્યો છે.

ગ્રંથની ગરિમા

આ "લોયાધામ ચરિત્ર ચિંતામણિ" ગ્રંથ જન જન સુધી લોયાધામના મહિમાને પહોંચાડવા માટેનો અનેરો પ્રયાસ છે. આ ગ્રંથ માત્ર એક સાહિત્યિક કૃતિ નથી, પરંતુ અનેક ભૂલાયેલા ઈતિહાસોનું પુનર જાગરણ છે. આ ગ્રંથના દરેક પ્રકરણ ભક્તિભાવ અને રસાળ શૈલીથી અલંકૃત કરવામાં આવ્યા છે. આ ગ્રંથનાં પ્રારંભિક દસ પ્રકરણોમાં હૃદયસ્પર્શી મંગલાચરણ દ્વારા ભગવાન શ્રી સ્વામિનારાયણનું મંગલ સ્તવન તેમજ સદ્‌ગુરુશ્રીઓની દિવ્ય વંદનાનો સમાવેશ કર્યો છે. પૂર્વછાયો અને

ચોપાઈ શૈલી તો એવી રસાળ છે, જાણે કે ભક્તિની ભાગીરથી વહેતી હોય એવું વાંચન દરમ્યાન અનુભવાય છે. અને ગહન તત્વજ્ઞાનનું પણ સરળ અને સહજ નિરૂપણ થયું છે. ભાષા પ્રવાહી છે, પણ ભાવ ઊંડો છે અને શૈલી સરળ છે પણ રચના પૂર્ણ ઐતિહાસિક તથ્યોથી સજ્જ છે. એટલે કે સરળતામાં ગૂઢતા એ ગ્રંથની આગવી ઓળખ છે.

દરેક પ્રકરણનું બંધારણ અત્યંત વ્યવસ્થિત રીતે કરાયું છે. પ્રત્યેક પ્રકરણમાં આશરે ૨૫ પંક્તિઓ છે, જ્યારે અંતિમ બે પ્રકરણોમાં ૫૧ પંક્તિઓ છે. આ ગ્રંથની આવી એક સરખી લયબદ્ધતા એ પણ આ ગ્રંથની અનેરી વિશિષ્ટતા દર્શાવે છે. આ ગ્રંથનાં અમુક પ્રકરણો પોતાના વિશિષ્ટ વિષયથી સજ્જ છે. જેમકે

પ્રકરણ ૧૪ માં ભગવદષ્ટક,

પ્રકરણ ૧૭ માં રામાનંદ સ્વામીના મુખે શ્રીહરિનો અનુપમ પ્રતાપ,

પ્રકરણ ૧૮ માં વિચારપંથક,

પ્રકરણ ૨૩ માં કરુણાપંચક,

પ્રકરણ ૩૭ માં સ્વરુપાદ્વૈતનો ઉલ્લેખ,

પ્રકરણ ૪૧ માં સુરા ખાચરના સદ્‌ગુણો,

પ્રકરણ ૯૦ માં સ્વસ્વરુપ મહિમા,

પ્રકરણ ૧૦૦ માં રાધાકૃષ્ણ દેવની સ્તુતિ,

પ્રકરણ ૧૧૯ માં રંગોત્સવનું વર્ણન,

પ્રકરણ ૧૨૫ માં લોયાવાસીનો વિલાપ,

પ્રકરણ ૧૩૨ માં ધન્યાષ્ટક

પ્રકરણ ૧૪૧ માં બાઈઓનો કલ્પાંત

પ્રકરણ ૧૫૨ માં સુરા ખાચરની વિરહવેદના.

આ બધું મળીને આ ગ્રંથને સાહિત્યિક અને આધ્યાત્મિક રીતે વધુ સમૃદ્ધ બનાવે છે. ખાસ કરીને આ ગ્રંથમાં ઉપદેશ કે વર્ણન કરતા મુખ્યત્વે લોયાધામની લીલાનો સમાવેશ કરાયો છે. અને શાસ્ત્રમાં ભગવાનના ચરિત્રોને જ પરમ કલ્યાણકારી કહ્યા છે. જેનો આ ગ્રંથમાં આ રીતે ઉલ્લેખ થયો છે.

ચારે વેદ ને અઢારે પુરાણ રે, એનો સમજો સાર સુજાણ રે,
બીજા સાધને વિઘન ભારી રે, હરિચરિત્ર કલ્યાણકારી રે;
એતો આ ગ્રંથમાં કહ્યા ભાવે રે, માટે આને તોલે બીજું નાવે રે,
થાશે સંસારસાગરને નાવ રે, જેને આ ગ્રંથમાંહિ લગાવ રે.

(૧૫૬/૪૩-૪૪)

અને આ ગ્રંથમાં પ્રસંગવશાત્ નાગડકાની લીલાઓનો પણ સમાવેશ થયો છે. છતાં આ ગ્રંથનાં કેન્દ્ર સ્થાને લોયાધામ હોવાથી આ ગ્રંથનું "શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ" આવું અન્વર્થ નામ રાખ્યું છે.

આ રીતે ગ્રંથમાં લોયાધામનો ઈતિહાસ, લોયાધામનો મહિમા અને લોયાધામની અસ્મિતાનો સુભગ સંગમ રચાયો છે. તેથી જ આ ગ્રંથ સ્વયં એક પવિત્ર તીર્થરૂપ છે. જેનું ભાવથી પઠન કે શ્રવણ કરનારને દુઃખમાત્રથી મુકાવશે, સુખમાત્રની સિદ્ધિ કરાવશે અને અંતે આત્યંતિક મુક્તિ પમાડશે. આ ગ્રંથનાં ૧૫૬માં પ્રકરણમાં ગ્રંથ પાઠની ફળશ્રુતિનું ગ્રંથકારે વિસ્તારથી નિરૂપણ કર્યું છે.

ગ્રંથકારની ગરિમા

"શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ " જેવા દિવ્ય ગ્રંથની ગંગોત્રી પ્રાતઃસ્મરણીય અમારા પૂજ્યપાદ્ ગુરુજીના હૃદયમાં પ્રગટ થયેલો પવિત્ર સંકલ્પ છે. જ્યારથી પૂજ્યપાદ્ ગુરુજીએ લોયાધામની સેવા સ્વીકારી છે ત્યારથી આ ધામના વિકાસનાં અનેકવિધ કાર્યો કર્યા પછી પણ તેમના હૃદયમાં સતત એક ભાવના રહી હતી કે સંપ્રદાયની પુષ્ટિ માટે સાહિત્ય જ સર્વશ્રેષ્ઠ માધ્યમ છે. વચનામૃત ગઢપુર મધ્ય ૫૮નાં અમૃત વચન તથા "પુષ્ટિ વધે ગ્રંથથી સંપ્રદાયની છે એજ રીતિ જગમાં સદાયની" (હરિલીલામૃત) વચન અનુસાર આવા દિવ્ય ગ્રંથ પ્રણયન માટે પૂજ્ય ગુરુજીએ ૬૫ વર્ષની ઉંમરે કમર કસી, અનેકવિધ સેવા કાર્યોમાં વ્યસ્ત હોવા છતાં પચાસથી અધિક ગ્રંથોમાં વિખરાયેલી લોયાધામની લીલાઓનું સંશોધન કરી આ એક ગ્રંથમાં સંગ્રહ કર્યો અને સાહિત્યિક કાવ્ય શૈલીમાં સરળ શબ્દો સાથે તેનું ગૂંફન પણ અદ્ભુત કર્યું છે.

આટલી મોટી ઉંમરે આવો મોટો પુરુષાર્થ હોવા છતાં પણ તેમના હૃદયમાં રહેલો દૈન્યભાવ અને પરમાત્મા પ્રત્યેની પૂર્ણ સમર્પણભાવના આ ગ્રંથનાં પ્રકરણ દ્વિતીયમાં સ્પષ્ટ ઝળહળી ઊઠે છે, આ પંક્તિ તેની પ્રબળ સાક્ષી છે.

“અપબળ નહિ જપબળ, વ્રતબળ નહિ તપબળ,
બુદ્ધિબળ નહિ સાધનબળ, મારું બળ તમે હે અકળ !” (૨૨)

આ માત્ર ચોપાઈ નથી, પરંતુ ગ્રંથકારના અંતરંગ ભક્તિભાવનું જીવંત પ્રતિબિંબ છે. પ્રત્યેક પ્રકરણમાં ગ્રંથકારનો સૂક્ષ્મ અભ્યાસ, હૃદયસ્પર્શી ભાવ અને પ્રબળ પુરુષાર્થ સ્પષ્ટ અનુભવી શકાય છે.

આ ગ્રંથ પૂજ્ય ગુરુજીના આધ્યાત્મિક અનુભવો, સંપ્રદાયની સૈકાઓની સેવા તથા શ્રી ઠાકોરજી મહારાજ અને સદ્‌ગુરુઓની નિષ્ઠાનો જીવંત દસ્તાવેજ છે. જે પેઢીઓ સુધી પ્રેરણારૂપ બની રહેશે. આધુનિક યુગ માટે આ ગ્રંથ એક અનુપમ ભેટ સમાન છે. ટૂંકમાં સાધુજીવનમાં પચાસથી વધુ વર્ષોની સાધના, આરાધના અને ઉપાસનાનાં પરિપાકરૂપે આ દિવ્ય ગ્રંથ તૈયાર થયો છે.

ઉપસંહાર

આ ગ્રંથ લોયાધામની બે સદી પૂર્વેની દિવ્ય ઝલકનો સાક્ષાત્કાર કરાવનારો છે. આ ગ્રંથમાં લોયાધામનાં દરેક પાવન ચરિત્રનું ભાવસભર નિરૂપણ થયું છે. આ ગ્રંથનાં નિત્ય પાઠ કરનારના અંતરમાં શ્રદ્ધા, સમર્પણ અને ભક્તિ સહેજે પ્રગટ થશે. આ ગ્રંથના મહિમાપૂર્વકના મનનથી મુક્તરાજ શ્રી સુરાબાપુ અને શાંતાબા જેવા દિવ્ય સદ્‌ગુણો પ્રાપ્ત થશે. યાત્રાળુઓ માટે આ ગ્રંથ માર્ગદર્શિકા સમાન છે. તો શ્રદ્ધાળુઓ માટે રોજિંદા જીવનમાં પાઠરૂપે ઉપયોગી દિશાદર્શિકા બની રહેશે. સત્સંગીભક્તો માટે આ ગ્રંથ આત્મદર્શનનો અરીસો બનશે તો સંશોધક સંતો ભક્તો માટે પ્રામાણિક સંદર્ભ ગ્રંથ બની રહેશે. આ રીતે આ ગ્રંથ સહુને જીવનનાં મૂલ્યો પ્રત્યે જાગૃત કરશે. સદ્‌ભાવ અને સમર્પણનો પ્રકાશ પ્રગટાવશે અને સહુને લોયાધામના દર્શનાર્થે પ્રેરિત કરશે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ, આદિ ગુરુદેવ શ્રી મુક્તાનંદ સ્વામીશ્રી તથા ગુરુ પરંપરાનાં સદ્‌ગુરુ સંતોનાં દિવ્ય આશિષથી પૂજ્યપાદ્‌ ગુરુજી દ્વારા પ્રણીત આ ગ્રંથ સદીઓ સુધી વાચક સંતો ભક્તોને પ્રેરણા આપશે એ જ અભ્યર્થના... જય શ્રી સ્વામિનારાયણ.

દાસાનુદાસ : સાધુ સુવ્રતવલ્લભદાસ (લોયાધામ)

પ્રકાશકીયમ્

સર્વાવતારી પરાત્પર પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણે શ્રીલોયાધામની પુણ્યવંતી ધરા પર કરેલી દિવ્ય લીલાઓનો અનુપમ ખજાનો એટલે શ્રીલોયાધામ ચરિત્ર ચિંતામણિ. ચિર પુરુષાર્થના અંતે યથેષ્ટ રૂપરંગ સાથે આ ગ્રંથનું પ્રકાશન કરતા અમે આનંદ-હર્ષ અનુભવીએ છીએ.

શ્રીજી મહારાજ સમકાલીન લીલાસંગ્રહ કર્તાઓના પરસ્પર વિરોધાભાસનું શમન, પશ્ચાતકાલીન લેખકોની કલ્પનાગ્રસ્ત રજુઆતનું દમન અને શ્રુતિપરંપરામાં સચવાયેલી કેટલીક વાસ્તવિક હકીકતોને ચિરંજીવિત્વ બક્ષવા ગ્રંથકારે આ રસથાળ પ્રસ્તુત કર્યો છે. આમાં આસ્વાદ્ય વાનગીઓની સાથે ગોપનીયતાથી આમયનિરોધક ઔષધિઓનું પણ સંકલન જોવા મળે છે.

આ પ્રકાશનની ઘણી બધી વિશેષતા છે.

કઈ લીલા કયા પ્રકરણમાં છે તે સરળતાથી શોધી શકાય એ હેતુથી સુંદર અનુક્રમણિકા બનાવી છે. તેમજ ગ્રંથના અંતે પરિશિષ્ટમાં શોધકર્તા વિદ્યાર્થીની જેમ યથાશક્ય લોયાધામની ઐતિહાસિક તવારીખોનું સુંદર કોષ્ઠક મુકેલ છે.

વળી, શ્રીલોયાધામના પ્રાસાદિક સ્થાનોના ખૂબ જ ઓછા શબ્દોમાં ટૂંકી માહિતિ મૂકી છે; જેથી દર્શનાર્થીને બધા જ સ્થાનોના દર્શનની તક મળે.

પ્રસ્તુત ગ્રંથમાં ઉપયોગી નીવડેલ સંદર્ભગ્રંથોની સૂચિ પણ પરિશિષ્ટમાં મૂકવામાં આવી છે. જે ગ્રંથની પ્રામાણિકતાને પુરવાર કરી આપે છે.

અને ગ્રંથમાં ઉદ્ધૃત હરિભક્તોની યથાપ્રાપ્ય વંશાવલિઓ તથા તેના દાતાશ્રીઓના નામ મુકવાનો પ્રામાણિક પ્રયાસ કર્યો છે. શ્રીગ્રંથકારના કૃપાપાત્ર સેવક અને સંસ્થાના આભૂષણરૂપ શાસ્ત્રી શ્રી સુવ્રતવલ્લભદાસજી સ્વામીએ "ગ્રંથગૌરવમ્" લખી આપ્યું છે. એમનું અમે ઋણ વ્યક્ત કરીએ છીએ.

આ પ્રકાશન કાર્યના આરંભથી અંત સુધી સંસ્થાના કર્મઠ સંત શ્રી દિવ્યવલ્લભદાસજી સ્વામી તથા શ્રી નિષ્કામવલ્લભદાસજી સ્વામી સતત માર્ગદ્રષ્ટા બન્યા છે. તેમણે ખૂટતી કડીઓ જોડી આપી છે.

શ્રી બ્રહ્મપ્રકાશદાસજી સ્વામી વડતાલ તથા શ્રી હિંમતભાઈ મોરસીયા - સુરેન્દ્રનગરવાળાએ સંપૂર્ણ ગ્રંથ જોઈ આપી અમને ઉપકૃત કર્યા છે.

શ્રીહરિ સમકાલીન મહામુક્તોના વંશજોની યથાપ્રાપ્ત સૂચિ તૈયાર કરી આપવા બદલ એમને હાલના વંશજો અને વહીવંચા બારોટોના અમે આભારી છીએ.

ગ્રંથના સંકલનકાર્યમાં શ્રી આધારવલ્લભદાસ સ્વામી તથા બિરેન પટેલ - વડોદરા, લોયાધામ પરિવાર નાવલીના યુવકો જય ઘોઘારી, જીગર પટેલ, વિરાજ પટેલ, મિત પટેલ તથા યશ પટેલનો સહયોગ પ્રાપ્ત થયો છે.

આધુનિકતમ કમ્પ્યુટરરાઈઝ સેટીંગ, ઉત્તમ કાગળ પર ઓફસેટ મુદ્રણ તથા કલાત્મક મુખપૃષ્ઠ સજાવવામાં સંપ્રદાયના સુપ્રસિદ્ધ પ્રિન્ટર્સ શ્રી અરવિંદભાઈ ડુંગરાણીએ ખૂબ જહેમત ઉઠાવી છે. સેવાના આ પુણ્યકાર્યમાં સહભાગી થનાર નામી-અનામી સહુ કોઈના આભાર સહ...

પ્રકાશન સમિતિ

શ્રી સ્વામિનારાયણ મંદિર - લોયાધામ

અનુક્રમણિકા

૧.	ગ્રંથકારે ઈષ્ટદેવની સ્તુતિ કરી.	૦૧
૨.	ગ્રંથકારે ઈષ્ટદેવની સ્તુતિ કરી.	૦૩
૩.	સંપ્રદાયના પ્રથમાચાર્ય સદગુરુ શ્રીરામાનંદ સ્વામીની સ્તુતિ કરી.	૦૫
૪.	ધર્મદેવ અને ભક્તિમાતાની સ્તુતિ કરી.	૦૭
૫.	આદિ ગુરુદેવ મહામુનિ શ્રી મુક્તાનંદ સ્વામીની સ્તુતિ કરી.	૧૦
૬.	યોગિસમ્રાટ સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામીની સ્તુતિ કરી.	૧૨
૭.	મહામુક્ત સુરા ખાચરની સ્તુતિ કરી.	૧૪
૮.	મુક્તાનંદીય સદગુરુ પરંપરાની સ્તુતિ કરી.	૧૬
૯.	મોક્ષદાતા ગુરુદેવ શ્રી નંદકિશોરદાસજી સ્વામીની સ્તુતિ કરી.	૧૯
૧૦.	સ્વામી શ્રીયોગાનંદજીની પરંપરાના સદગુરુ શ્રીહરિપ્રિયદાસજી સ્વામીની સ્તુતિ કરી.	૨૧
૧૧.	ગ્રંથની ભૂમિકા કહી.	૨૩
૧૨.	પાંચાળમાં લોયા-નાગડકા પુરનું વર્ણન કર્યું.	૨૫
૧૩.	સુરાખાચરના પરિવારનું વર્ણન કર્યુ તથા તેમની મુમુક્ષુતા કહી.	૨૮
૧૪.	સુરા ખાચરને ભોજા ચારણ મળ્યા ને શ્રી રામાનંદ સ્વામીના ભગવદષ્ટકથી ગુણાનુવાદ કર્યા ને સુરા ખાચરે રામાનંદ સ્વામીનું ચરિત્ર પૂછ્યું.	૩૦
૧૫.	ભોજા ચારણે સુરા ખાચરને શ્રી રામાનંદ સ્વામીનું ચરિત્ર કહ્યું ને સુરા ખાચર દર્શનાતુર થયા.	૩૨

૧૬. સુરા ખાચરને કારિયાણીમાં શ્રી રામાનંદ સ્વામીના દર્શન થયા ને સ્તુતિ કરી. ૩૪

૧૭. સુરા ખાચરે શ્રી રામાનંદ સ્વામીને ઘેર પધારવા વિનંતિ કરી ને સ્વામીએ શ્રીહરિના અનુપમ કાર્યની ભવિષ્યવાણી કરીને વર આપ્યો. ૩૭

૧૮. નાગડકામાં અસુરોનો ઉપદ્રવ થયો. વિપરીત દેશકાળ જાણીને સુરા ખાચર ઈંગોરાળા વસ્યા. ૩૯

૧૯. સ્વામી સ્વધામ ગયા પછી સુરા ખાચર શ્રીહરિને તેડવા દરબારો સાથે સરધાર આવ્યા. ૪૧

૨૦. મહારાજે દરબારોને કાઠિયાવાડમાં આવવાનો કોલ આપ્યો ને દરબારોએ મુક્તમુનિને પ્રાર્થના કરી ને દરબારો પરત ફર્યા. ૪૩

૨૧. સુરા ખાચરને ઘરે ઈંગોરાળા શ્રીહરિ પધાર્યા. ૪૬

૨૨. સુરા ખાચરે શ્રીહરિની પૂજા કરી. ૪૮

૨૩. સુરા ખાચરે કરુણાષ્ટકથી સ્તુતિ કરી. ૫૦

૨૪. શ્રીહરિએ તેજના દર્શન કરાવ્યા ને વચનની મહત્તા કહીને સુરા ખાચરને નાગડકા જવા આજ્ઞા કરી. વચનવિશ્વાસુ સુરા ખાચરે નિઃશંકપણે આજ્ઞા શીશે ચઢાવીને નાગડકા ગયા. ૫૨

૨૫. સુરા ખાચર નાગડકે સુખી થયા ને પ્રગટ પ્રભુની પ્રતીક્ષા કરવા લાગ્યા. શ્રીહરિ બોટાદથી ભાદર નદીને કિનારે પધાર્યા ને સમાચાર મળતાં સુરા ખાચર દર્શને જવા નીકળ્યા. ૫૫

૨૬. સંઘા સુરાણીના પરિવારનો ઈતિહાસ કહ્યો. ૫૭

૨૭. શ્રીહરિનું ધામધૂમથી સામૈયું થયું ને નાગડકા જતાં લોયાવાસીએ પ્રેમાગ્રહ કર્યો ને શ્રીહરિ પ્રથમવાર લોયા પધાર્યા. ૫૯

૨૮. શ્રીહરિએ લોયાવાસી ભક્તોના મનોરથ પૂર્યા ને પાકી રસોઈ જમ્યા. ૬૧

૨૯. શ્રીહરિએ સંધ્યાઆરતી પછી સભામાં સમાધિ કરાવીને સવારે અનુપમ અશ્વલીલા કરી. ૬૪

૩૦. શ્રીહરિએ નાગડકા જતાં રસ્તામાં નીલ રોઝના ચિત્ત સ્વસ્વરૂપમાં ખેંચ્યા. ૬૬

૩૧. શ્રીહરિ નાગડકા પુરની અદભૂત શોભાને જોતાં-જોતાં વિ.સં. ૧૮૫૯ ની વસંતપંચમીએ પ્રથમવાર સુરા ખાચરના દરબારમાં પધાર્યા. ૬૮

૩૨. મુક્ત મુનિએ વસંત રાગ આલાપ્યો ને શ્રીહરિએ વસંતપૂજા કરી. પછી રંગોત્સવ શરૂ થતાં સંતો-ભક્તો શ્રીહરિ પર તૂટી પડ્યા ને શ્રીહરિ ઉદાસ થઈને રુઠ્યા. ૭૦

૩૩. મુકતમુનિએ શ્રીહરિને મનાવ્યા પછી શ્રીહરિએ રંગની ધૂમ મચાવી. ત્યારબાદ નાગડકાની નદીમાં જળક્રીડા કરીને પુરમાં પરત પધારી થાળ જમ્યા. ૭૩

૩૪. શ્રીહરિએ જડભરત જેવા સંતોને પંક્તિમાં બેસવાની તથા જમવાની રીત શીખવી ને એક-એક સંત દ્વારા અનંત જીવોનો મોક્ષ કરવાનો કોલ આપ્યો. ૭૫

૩૫. દરબારોએ શ્રીહરિના બન્ને પડખાઓ પર તથા જોધા ભરવાડે ડાબા હાથના પોંચા અને માથા પર જીવલેણ જોર કર્યું ને શ્રીહરિએ યથાવસ્થિત રહી નિશ્ચય કરાવ્યો. ૭૭

૩૬. સુરા ખાચરે શ્રીહરિની પોડશોપચારથી પૂજા કરી ને સ્તુતિ કરી. ૭૯

૩૭. સંધ્યા આરતી પછી શ્રીહરિને જોતાં બધાને સમાધિ થઈ ને ધામસ્થ સ્વરૂપ અને પ્રત્યક્ષ સ્વરૂપના એકપણાની દ્રઢતા કરી. ૮૨

૩૮. દાદા ખાચરને શ્રીહરિએ તેલમર્દન કરતા શીખવ્યું ને શ્રીહરિએ તેલવાળા ચરણ દાદા ખાચરની છાતીએ ચાંપ્યા. ૮૪

૩૯. સુરા ખાચરના ભત્રીજાઓએ પૂજા કરી. શ્રીહરિના પૂછવાથી મુક્તમુનિએ નિર્ભયપણાની વાત કરી ને શ્રીહરિએ આગ અને લૂણાના દ્રષ્ટાંતે અદભૂત વાતો કરી. ૮૬

૪૦. ઝાલાવાડી દરબારો દર્શને આવ્યા. તેમને શ્રીહરિએ તાણ્ય કરીને જમાડ્યા. પછી મછિયાવના દરબારે હિંસાવિષયક પ્રશ્ન કર્યો ને શ્રીહરિએ ઉત્તર કર્યો. શ્રીહરિ ઝાલાવાડમાં વિચરણ કરવા માટે નાગડકાથી ભેંસજાળ પધાર્યા. ૮૮

૪૧. સુરા ખાચરના દિવ્ય સદગુણોનું વર્ણન કર્યુ ને શ્રીહરિએ સંતોને નાગડકામાં પરમહંસ કર્યા. ૯૧

૪૨. શ્રીહરિએ ભાદરાથી લખેલ પત્ર લોયે આવ્યો ને સુરા ખાચર ગામલોકોને સાંત્વના આપી સંસારનો ત્યાગ કરી ચાલ્યા. ૯૩

૪૩. સંત થયેલા સુરા ખાચરે માર્ગમાં નિર્માનીવ્રત સાચવવા માર સહન કર્યો. ભુજમાં શ્રીહરિએ બિરદાવ્યા ને પછી પાછા સંસારમાં મોકલ્યા. સુરાખાચર લોયે પાછા આવ્યા ને બ્રહ્મચર્ય ધારણ કર્યુ. ૯૫

૪૪. શ્રીહરિ નાગડકા પધાર્યા. ત્યાં દર્શનાતુર જીવુબા-લાડુબા આવ્યા. એમના સમાગમથી પુરનારીઓને ધામની મૂર્તિ પ્રત્યક્ષ દેખાવા લાગી ને બ્રહ્મકાળ વર્તવા લાગ્યો. ૯૭

૪૫. શ્રીહરિના પત્રથી સંત નહિ થયેલા મુળજી ભક્ત નાગડકા દર્શને આવ્યા ને શ્રીહરિએ પરીક્ષા કરતાં મુળજી અને શેખમિયાંના લગ્ન કરાવ્યા પણ એ બન્નેને લેશમાત્ર સંશય ન થયો ને શ્રીહરિએ બિરદાવ્યા. ૧૦૦

૪૬. વિ.સં.૧૮૬૫માં લોયામાં શ્રીહરિના દર્શને નિત્યાનંદ મુનિ આવ્યા ને સ્તુતિ કરી. શ્રીહરિના પૂછવાથી ભાગવતનો સારસિદ્ધાંત કહ્યો ને શ્રીહરિએ શાસ્ત્રાર્થમાં અજેય થવાનો ને નિર્માનીપણાનો વર આપ્યો. ૧૦૨

૪૭. શ્રીહરિએ નાગડકામાં નિત્યાનંદ મુનિ પાસે ભાગવત કથા વંચાવી. ભરતજીના આખ્યાને શ્રીહરિએ વાતો કરી ને સુરા ખાચરના પ્રશ્નથી

કલ્યાણનો સરળ ઉપાય બતાવ્યો. ડભાણથી રામદાસજીનો પત્ર આવ્યો ને ગુજરાત જવા નીકળ્યા. ૧૦૪

૪૮. સુરા ખાચરે કણબી બાળક પાસે શ્રીહરિ માટે પાણી માગ્યું. ૧૦૬

૪૯. પાણી પાનાર બાળકને કલ્યાણનો કોલ તથા ત્રીશ વીઘા જમીન આપી. ૧૦૯

૫૦. વિ.સં.૧૮૬૮ માં લોયામાં શ્રીહરિએ દરબારો સાથે ચર્ચામાં ઘોડા કરતાં ઘોડીને વખાણી. ત્યાં વેજળકાના ભીમ પંડ્યા ને જીવરામ પંડ્યાનો સંકલ્પ જાણીને ચરણારવિંદમાં ચિહ્ન દેખાડ્યા ને બન્ને ભાઈ સત્સંગી થઈને મીણાપર આવ્યા. ૧૧૧

૫૧. મનુભા દરબાર પાસેથી ભીમ પંડ્યાએ ત્રણ હજાર રૂપિયાને બદલે માણકીની વછેરી લીધી ને લોયામાં તે શ્રીહરિને અર્પણ કરી. શ્રીહરિ અને અક્ષરમુક્ત માણકીનું દિવ્ય મિલન થયું. ૧૧૩

૫૨. વિ.સં.૧૮૬૮ માં વસંતોત્સવ કરવા શ્રીહરિ નાગડકા અઢી માસ રહ્યા. ત્યાં ભુજના ભક્તો સાથે સુંદરજી સુતારનો પત્ર આવ્યો ને શ્રીહરિએ તેનો કઠણ ઉત્તર મોકલ્યો ને સુંદરજી સુતારના વિરહે પ્રાણ છૂટ્યા. ૧૧૫

૫૩. ડભાણના વિપ્ર મયારામના વકતાપદે ભાગવત કથાનો આરંભ થયો ને સુરા ખાચરની પ્રાર્થનાથી વઢવાણ પત્ર લખીને મોટા સંતોને તેડાવ્યા ને નાગડકે આવેલા સંતોના ઘુંઘટા પ્રકરણની પૂર્ણાહૂતિ કરી. ૧૧૮

૫૪. શ્રીહરિએ ઘુંઘટા પ્રકરણનો સકારણ ઇતિહાસ કહ્યો ત્યારે મુક્તમુનિએ વિવેકની વાત કરી ને શ્રીહરિએ મહાકાળનું ભાવિ ભાખ્યું. ૧૨૦

૫૫. શ્રીહરિની ઘોડી સાથે દોડતી ધોળી વાછડીનું અદભૂત વૃત્તાંત કહ્યું ને સભામાં આવેલી કાઠિયાણી નારીની વાત સાંભળી ભૂકંપની મનાઈ કરીને મહાકાળની આગાહી કરી. ૧૨૨

૫૬. સુરા ખાચરે વસંતની પૂજા કરી ને શ્રીહરિની માર્મિક સ્તુતિ કરીને વસંતોત્સવ વર્ણન કર્યું. ૧૨૪

૫૭. શ્રીહરિએ નાદરી ગામે થયેલા મહારુદ્ર સાથેના પોતાના સંવાદની વાત કરી ને મુક્તમુનિના શિષ્ય ભેંસજાળના મોતી તરવાડીની રુદ્રાક્ષની માળા તોડી મણકો અને ભભૂતિનો ચાંદલો ધારણ કરાવ્યા ને પરમહંસોને ખટરસના વ્રતમાન ધરાવ્યા ને મુક્તમુનિને કાળથી ભક્તોને ચેતવવા ગુજરાતમાં મોકલ્યા. ત્યાં નાગડકે આવેલા નિત્યાનંદ મુનિ પાસે ભાગવત કથા વંચાવી. ૧૨૬

૫૮. દેશાંતરમાં ફરીને આવેલા સ્વરૂપાનંદ સ્વામીની અલૌકિક સ્થિતિ કહી ને સ્વામીના પ્રશ્નથી સ્વ-સ્વરૂપનોમહિમા કહ્યો. ૧૨૯

૫૯. શ્રીહરિએ પાળા પાસે ત્રણ કૂવા ગળાવ્યા પણ પાણી ન આવ્યું. પાદરાનૃપ માટે એક પત્ર અને રૂપાનો અબખોરો ને પંખો આપી મયારામ વિપ્રને વિદાય કર્યા. નાગડકે અઢી માસ રોકાઈને વિદાય થયા. ૧૩૧

૬૦. લોયે ભીમ એકાદશી કરી. ૧૩૩

૬૧. ઓગણોતેરા કાળનું બીભત્સ વર્ણન કર્યું ને શ્રીહરિ છુપા વેશે નાગડકે પધાર્યા ને અષાઢ માસ રોકાયા. ૧૩૫

૬૨. શ્રીહરિએ મહાકાળ ઉતરવા સુરાખાચરને ૧૨ સંતો આપ્યા. પાંચમે દિવસે અનાજ ખૂટતાં શોકાતુર થયેલા સુરા ખાચરને શ્રીહરિએ દિવ્યરૂપે દર્શન આપીને અન્નભંડાર અખૂટ કર્યા. ૧૩૮

૬૩. મહાકાળમાં સંતોની નિઃસ્વાદીપણાની રહેણી જોઈ સુરા ખાચરે ગઢપુર આવીને શ્રીહરિને વાત કરી. ૧૪૦

૬૪. મહાકાળમાં સંતોની સંભાળ લેવા લોયા પધારેલા શ્રીહરિની સાથે જતાં લોયાના કણબીની તલવાર શ્રીહરિના વચને ચોરાઈ. ૧૪૨

૬૫. વિ.સં. ૧૮૭૨ માં શ્રીહરિ સંતો સાથે નાગડકા પધાર્યા ને શ્રીહરિ

તથા રસકસના નિયમવાળા સંતોને શાંતિબાએ પ્રેમાગ્રહથી ચૂરમું જમાડ્યું. ૧૪૪

૬૬. શ્રીહરિએ લાત મારતી ઘોડીનો દુષ્ટ સ્વભાવ છોડાવ્યો ને ઉપદેશ આપ્યો. ત્યાં ગુજરાતી ભક્તોનો પ્રેમભર્યો પત્ર આવ્યો ને આમ્રોત્સવ કરવા ગુજરાત જવા નીકળ્યા. ૧૪૭

૬૭. સુરા ખાચરને આપત્કાળ આવ્યો ને શ્રીહરિએ દાદા ખાચર પાસે ઉછીના પાંચ કળશી દાણા અપાવી દારિદ્રય ટાળ્યું. સુરા ખાચરને સુખી કરવા શ્રીહરિ એક માસ રોકાયા ને નાગડકા રિદ્ધિ-સિદ્ધિનું ક્રીડાંગણ બન્યું. ૧૪૯

૬૮. વિ.સં.૧૮૭૪ માં લોયા પધારેલા શ્રીહરિની દિવ્યમૂર્તિમાં ખેંચાઈને લોયાના પૂજા પટેલ સંસાર તજી પ્રજ્ઞાનંદ સ્વામી થયા. ૧૫૧

૬૯. પ્રજ્ઞાનંદ સ્વામીનું ચરિત્ર કહ્યું. ૧૫૩

૭૦. પાતાળિયે કૂવે પરોણા ને આરના દ્રષ્ટાંતે કરીને હરિભક્તોને આત્યંતિક કલ્યાણનો વર આપ્યો. ૧૫૫

૭૧. વિ.સં. ૧૮૭૭ માં લોયામાં સુરા ખાચરનો પટારો ચોરાયો. પ્રભુકૃપાથી બધું યથાવત મળવાથી શાંતિબાએ સુરા ખાચરને સંતો સાથે શ્રીહરિને તેડવા મોકલ્યા. ૧૫૮

૭૨. સુરાખાચરે કારિયાણી આવીને લોયા પધારવા અનોખી રીતે વિનંતિ કરી ને શ્રીહરિએ રાજી થઈને સંમતિ આપી. ૧૬૦

૭૩. શ્રીહરિ એક રાત બોટાદ રહી અણિયાળી-બોડી થઈને કારતક વદ સાતમે લોયા પધાર્યા ને સુરા ખાચરે સામૈયું કરી દરબારગઢમાં પધરાવ્યા. ૧૬૨

૭૪. શ્રીહરિએ પચ્ચીસ વર્ષથી નાના સંતો પાસે સત્સંગિજીવનની કથા વંચાવવાનો આરંભ કરાવ્યો. પ્રથમ દિવસે કપિલેશ્વરાનંદ સ્વામીએ કથા વાંચી. ૧૬૪

૭૫. સુરા ખાચરે શાકોત્સવ કરાવ્યો. ૧૬૬

૭૬. રાત્રિસભામાં શ્રીહરિએ સંતોના બે જૂથ કરીને શ્લોક અંતાક્ષરી કરાવી. જે પક્ષ જીતે તેને થાળ મળતો. આ ક્રમ નિત્ય ચાલુ કર્યો. ૧૬૯

૭૭. ગઢપુર-લક્ષ્મીવાડીથી ૨૫ મણ વૃંતાક ને ૫ મણ ઘી આવ્યા. સંતોને રસોઈ કરવાની આજ્ઞા કરી. સહુએ જુદી-જુદી સેવા લીધી. શાકોત્સવના મંડાણ થયા. ૧૭૧

૭૮. શ્રીહરિએ ૫ ચૂલ્યો ગળાવી નવીન રીતે વૃંતાકનું અમૃતમધુર શાક બનાવ્યું ને લીંબવૃક્ષની ડાળ મીઠી કરી. ૧૭૩

૭૯. શ્રીહરિએ અલગ-અલગ પાત્રમાંથી શાક મંગાવીને જમ્યા પછી ચાર મોટેરા સંતોને પોતાના ઉતારે બેસાડી જમાડ્યા ને મોટા સંતોએ શાક વખાણ્યું. ૧૭૫

૮૦. શ્રીહરિની અનુપમ શાક પીરસણ લીલા કહી ને સંતો-ભક્તોએ શાક ખૂટવાડીને શ્રીહરિને હરાવ્યા. ૧૭૭

૮૧. શ્રીહરિએ મુક્તમુનિને સાંપ્રદાયિક ચિહ્ન વિષે પૂછ્યું ને સ્વામીએ તિલકનો પ્રસ્તાવ મૂક્યો. આધારાનંદ મુનિના તિલકને પસંદ કરી તિલક પરંપરા સ્થાપિત કરી. ૧૮૦

૮૨. શાકોત્સવ દરમ્યાન બુવાના કાનદાસને શ્રીહરિની માનુષી લીલા જોઈને સંશય થયો ને તેને દિવ્યરૂપે દર્શન દીધા ને નિશ્ચય કરાવ્યો. ૧૮૨

૮૩. લોયાના ભગુ પટેલ પ્રભુતાનંદ થયા. ૧૮૪

૮૪. પ્રભુતાનંદ સ્વામીનું ચરિત્ર કહ્યું. ૧૮૬

૮૫. શાકોત્સવમાં દર્શને આવેલા પોલારપુરના ડોશી જીવકોરબાઈને નીલકંઠવર્ણીચરિત્રની પૂર્વસ્મૃતિ કરાવી વ્રતમાન ધરાવીને કૃતાર્થ કર્યા. ૧૮૯

૮૬. મહાદયાળુ શ્રીહરિએ ટાઢયે ધ્રુજતા દરિદ્ર વિપ્રને પોતાનો ચોફાળ ઓઢાડ્યો ને ધોળકાની વણિક બાઈના આગ્રહથી અંગરખું પહેર્યું ને

એનો દુરાગ્રહ જોઈ ફાડી નાખ્યું. ૧૯૧

૮૭. નાગડકામાં આવીને ઉત્તરાયણનો મહિમા કહ્યો ને શુકમુનિના પ્રશ્નથી માઘસ્નાનનો મહિમા ને વિધિ કહ્યો. ૧૯૩

૮૮. ચાંદ્રાયણ વ્રતનો વિધિ કહ્યો ને ઉત્તરાયણનો ઉત્સવ કરી લોયે પધાર્યા. ૧૯૫

૮૯. સંઘા પટેલને ઘરે સભામાં નટે આવીને વિનંતિ કરી ને નદીને સામે કાંઠે બેટમાં તેણે પૂતળા રમાડ્યા. ૧૯૮

૯૦. શ્રીહરિએ નિત્યાનંદ સ્વામીના પ્રશ્નથી સ્વસ્વરૂપનો મનનીય મહિમા કહ્યો. ૨૦૦

૯૧. નિત્યાનંદ મુનિએ વચનામૃતનું પુસ્તક આપ્યું ને લોયામાં ૧૮ વચનામૃત કહ્યા. ૨૦૨

૯૨. અખંડાનંદ સ્વામીએ અવતારોમાં ન્યૂનાધિકભાવ વિષયક પ્રશ્ન કર્યો ને શ્રીહરિએ ઉત્તર કર્યો. તેમાં બ્રહ્મમુનિએ આશંકા કરી ને શ્રીહરિએ ઉત્તર કર્યો. વળી સંતની આશંકાનો ઉત્તર કરીને અવતાર-અવતારીપણાની વાત કરી. પછી ધ્યાની ને આનંદીમાં શ્રેષ્ઠ કોણ એ વિષયક સોમલા ખાચરના પ્રશ્નનો ઉત્તર કર્યો. ૨૦૪

૯૩. શ્રીહરિએ મુક્તમુનિને જીવનું હિત પૂછ્યું ને પોતે આશંકા કરીને ગોપીઓ જેવી ભક્તિ કરવાનો ઉપદેશ આપ્યો ને હરિભક્તોને કામક્રોધાદિક તજવાની તથા મોટા સંતોને નાના છોકરાની સોબત તજવાની આજ્ઞા કરી. ૨૦૭

૯૪. શ્રીહરિએ મુક્તમુનિની ગાયેલી ગોડીનો અર્થ કર્યો ને ચરણામૃત તાંબડી નિમિત્તે ક્રોધ કર્યો. ૨૦૯

૯૫. વડોદરાથી આવેલા નૃસિંહાનંદ મુનિએ સંતલક્ષણ પૂછ્યા ને વડોદરાના બાપુભાઈના દીકરા સેવારામ તથા કરાળીના ગિરધરભાઈના ભોજાઈના અંતકાળે થયેલા પરચાની વાત સાંભળી લખવાની રુચિ બતાવી. ૨૧૧

૯૬. પોષ વદી બીજે શ્રીહરિએ પત્ર વાંચીને હરિભક્તોના નિમિત્તે મોટા સંતોને બસો માળાનો દંડ કર્યો ને ત્રીજે કથામાં ન આવનારને બસો માળાનો દંડ કર્યો ને આઠમે પ્રગટના ધ્યાનની વાત કરી ને નોમે આશરાથી કલ્યાણ કહ્યું ને દશમે વાડીએ ભાગવત વંચાવીને પૂર્વ કરતાં આજના ભક્તો અધિક કહ્યા. ૨૧૩

૯૭. શ્રીહરિએ મુક્તમુનિ સાથે કામ-ક્રોધાદિક દોષ વિષયક પ્રશ્નોતરી કરી ને શેઠનો સંશય નિવાર્યો. ૨૧૬

૯૮. શ્રીહરિ નિત્ય પ્રાતઃકાળે તાપણું તાપતા ને એકાંતિક ભક્તોને સત્સંગની વાતો કરતાં. ત્યાં કીર્તન સાંભળતાં જુસાજી પાસે તપાસ કરાવીને આધારાનંદ સ્વામીની કીર્તનભક્તિ વખાણી. ૨૧૮

૯૯. શાકોત્સવમાં રસોઈ આપનારા ભક્તોને આનંદાનંદ સ્વામી મુક્તમુનિના માર્ગદર્શન મુજબ શ્રીહરિ તથા સંતો-ભક્તોની પૂજા કરાવતા. ભાયાત્માનંદ સ્વામી ગઢપુરથી શાકોત્સવમાં આવ્યા ને શ્રીહરિને ફૂલના શણગાર કર્યા ને શ્રીહરિ પાસે મરચા વિનાનું મોળું શાક માંગ્યું. ૨૨૦

૧૦૦. શ્રીહરિએ ગઢપુરથી રાધાકૃષ્ણદેવની મૂર્તિઓ મંગાવી ને લોક શિક્ષાર્થે પોતે ૨ માસ સુધી સેવા કરી. ૨૨૨

૧૦૧. મૂળીથી તેડવા આવેલા રામાભાઈને રાધાકૃષ્ણદેવની મૂર્તિઓ આપીને વિદાય કર્યા. ૨૨૫

૧૦૨. શતાનંદ સ્વામી સાથે એકાંતમાં સત્સંગિજીવન ગ્રંથ તપાસતા ને લીલાધર સોનીને કૃપાદ્રષ્ટિથી ભગા દોશી જેવા કર્યા ને વઢવાણના કૃષ્ણ દવે પાસે પ્રહલાદ ગીતા બોલાવી ને વેલાલના વખતબાના દૂધપૌવા જમ્યા ને અમદાવાદી ભક્તોની પૂજા સ્વીકારી. ૨૨૭

૧૦૩. ખોલડિયાદના મુળજી અડાલજાની રસોઈની પંગતમાં ભાવાનંદ મુનિ અને સગુણાનંદ મુનિએ વધામણી આપી. ઈચ્છારામભાઈ આવ્યા ને સમાનાકૃતિ જોઈ સંતો આનંદિત થયા. શ્રીહરિએ સામું ન

જોયું ને દુઃખિત થયેલા ઈચ્છારામનો માયાળુ મૂર્તિ મુકતમુનિએ જમતાં-જમતાં ઉભા થઈને હાથ ઝાલ્યો. ૨૨૯

૧૦૪. શ્રીહરિએ ઈચ્છારામજીને પૂછેલા પ્રશ્નોનો યથોચિત ઉત્તર મળતાં અઠ્ઠાવીસ વર્ષનું વિરહદુઃખ નિવાર્યું ને સંતવચનમાં કલ્યાણ કહ્યું. ૨૩૧

૧૦૫. શ્રીહરિએ લીલાધર સોનીને ઘરે ઈચ્છારામનો ઉતારો કરાવ્યો ને સાંજે સભામાં તેમને રામપ્રતાપજીના સમાચાર પૂછ્યા ને પૂરબિયાના સ્વભાવની વાત કરી. ૨૩૪

૧૦૬. ઈચ્છારામે ઘરેથી લોયા સુધીનો પ્રવાસ કહ્યો ને અત્યાર સુધી યાદ ન કર્યાનું કારણ પૂછ્યું ત્યારે શ્રીહરિએ ત્યાગીની રીત કહી ને ઈચ્છારામે શ્રીહરિને શાસ્ત્રમર્યાદાથી પર કહ્યા. ૨૩૬

૧૦૭. પાંચ દિવસ પછી રામપ્રતાપજી આવ્યા. રામપ્રતાપજીએ મુકતમુનિની મર્યાદા રાખી. શ્રીહરિએ બન્ને ભાઈના ઉતારા મુનિના કહેવાથી સિંહ-બકરી ન્યાયે નોખા કરાવી દીધા. ૨૩૮

૧૦૮. ઈચ્છારામે રામપ્રતાપને સભામાં મંચ ઉપર બેસવા ન દીધા ને નીચે બેઠેલા સંતોને પોતા કરતાં મહાન બતાવ્યા. શ્રીહરિએ બન્નેને દ્વારિકા જવા કહ્યું ત્યારે રામપ્રતાપે વસંતપંચમી પછી જવા કહ્યું ને ઈચ્છારામે શ્રીહરિના ચરણમાં સર્વે તીર્થ કહ્યા. ૨૪૦

૧૦૯. શ્રીહરિએ સભામાં સદુપદેશ આપ્યો. સંધ્યાઆરતી વિગેરેમાં સંત-હરિજનની અલૌકિક રીત જોઈને રામપ્રતાપજીએ મુક્તમુનિ પાસે તથા ઈચ્છારામે શ્રીહરિ પાસે વ્રતમાન ધારણ કર્યા. ૨૪૩

૧૧૦. શ્રીહરિને ખોલડિયાદના ખેંગાર સિંધવનું શાક કરતાં જોઈને રામપ્રતાપજીએ ભઠિયારા કહ્યા ને શ્રીહરિએ સંતનો મહિમા કહ્યો. ૨૪૫

૧૧૧. રામપ્રતાપજીને નિશ્ચય કરાવવા મુક્તમુનિ તથા ગોપાળાનંદ સ્વામીને ઘણી વાતો કરી પરંતુ નિશ્ચય ન થતાં શ્રીહરિએ સમાધિમાં અક્ષરધામ દેખાડ્યું. ૨૪૭

૧૧૨. મુક્તમુનિએ મોટાભાઈને બાળચરિત્ર પૂછ્યા ને શ્રીહરિએ પોતાની બાળપ્રકૃતિ કહી અને શ્રીહરિએ બન્ને ભાઈઓમાં મેળાપ કર્યો. ૨૪૯

૧૧૩. મોટાભાઈએ કોઈ સાધુની વાત કરી ને શ્રીહરિએ પોતાની વનની લીલા કહી ને મોટાભાઈને મર્યાદાની વાતોમાં પોતાનું પુરુષોત્તમપણું કહ્યું. ૨૫૨

૧૧૪. શ્રીહરિ દિવ્યરૂપે મોટાભાઈના સંગાથી મનસારામને અંતકાળે તેડી ગયા ને સાચા ભક્તની સમજણ કહી ને ભક્તોના ભાવ પૂર્યા. ૨૫૪

૧૧૫. ભીમભાઈને રામપ્રતાપજી કોણ હશે તેવો સંકલ્પ થતાં સમાધિ કરાવી ને ભીમભાઈએ પાતાળમાં શેષજી તથા બદ્રિકાશ્રમમાં બ્રહ્મમુનિને તથા શ્વેતદ્વિપમાં ગોપાળાનંદ સ્વામીને તથા ગોલોકમાં નિત્યાનંદ સ્વામીને ઉપદેશ આપતા જોયા ને અક્ષરમાં શ્રીહરિ ન દેખાતા સમાધિમાંથી બહાર આવી લોયામાં જોયા. ૨૫૬

૧૧૬. વસંતપંચમીના દિવસે રામપ્રતાપજીએ પરણવાનો પ્રસ્તાવ મૂક્યો ને દેવાનંદ દંડી તથા બ્રહ્મમુનિએ રમૂજ કરી ને શ્રીહરિ રુઠ્યા. ૨૫૮

૧૧૭. શ્રીહરિ સભામાં વઢયા ને પોતાની ગાદી પર નૈષ્ઠિક વ્રતીને રાખવાનો નિર્ણય કહ્યો. પછી વાસુદેવાનંદ વર્ણીને ગાદીએ બેસાડીને પૂજન-આરતી-નૈવેદ્ય- દંડવત કરી ચરણોદક પાન કર્યું ને કરાવ્યું. ૨૬૧

૧૧૮. વાસુદેવાનંદ વર્ણીએ શ્રીહરિની સ્તુતિ કરી ને મુંઝાયેલા વર્ણીને મુક્તમુનિએ સાંત્વના આપી. ૨૬૩

૧૧૯. લોયાધામમાં વસંતપંચમીએ રંગોત્સવ કર્યો. ૨૬૫

૧૨૦. મહા સુદી પૂર્ણિમાએ ચંદ્રગ્રહણ થયું ને ભાદરે શ્રીહરિ સંતો-ભક્તો સાથે નાયા ને તાપણું કર્યું ને ધામ-ધામના મુક્તો દર્શને આવ્યા. ૨૬૭

૧૨૧. ચંદ્રગ્રહણની સભામાં પીથલપુરની શૂદ્ર નારી ગંગાબાઈને ન બેસવા દેતાં બાઈયુંને શ્રીહરિએ ઠપકો આપ્યો ને બીજે દિવસ સભામાં સાયલાના મહાશંકર ભટ્ટની ફરિયાદથી લીંબલીના સગરામને એની

જ્ઞાતિમાં જ પ્રશ્ન કરવા આજ્ઞા કરી ને તેનું પૂર્વવૃતાંત કહી કુળાભિમાન વિષે વાતો કરી. ૨૭૦

૧૨૨. વઢવાણના ચારણ પીંગળશીભાઈને વાતો કરી ને નિત્યાનંદ મુનિને નારદપંચરાત્ર ગ્રંથ લેવા ૨૫ સંતો સાથે જૂનાગઢ મોકલ્યા ને રામપ્રતાપજીને દ્વારિકા અને ઈચ્છારામજીને ઘરે જવા વિદાય દીધી. ૨૭૨

૧૨૩. જીણાભાઈ શ્રીહરિના લોયા રોકાવાથી ઉદાસ થયા ને મુક્તમુનિએ શ્રીહરિને પ્રાર્થના કરી ને શ્રીહરિ વઢ્યા. જીણાભાઈએ પંચાળા આવી ગળ્યું-ચીકણું ભોજન અને માથે પાઘ બાંધવાની બંધ કરી. ૨૭૪

૧૨૪. વેરાભાઈએ જીણાભાઈની ટેક મુકાવી ને પ્રાણભોગે લોયાથી શ્રીહરિને તેડી લાવવા પ્રતિજ્ઞા કરી. શ્રીહરિએ વેરાભાઈની પરીક્ષા કરી ને એમની ટેક સાચવવા પંચાળા જવા તૈયાર થયા. ૨૭૬

૧૨૫. શ્રીહરિએ નવા સત્સંગીની રસોઈ કરાવી ને જૂના સત્સંગીનું ભાતું કરાવ્યું. શ્રીહરિ લોયાથી વિદાય થયા ને વિરહાતુર લોયાવાસીનો વિલાપ કહ્યો. ૨૭૯

૧૨૬. પંચાળા જતાં નિર્વિકારાનંદ સ્વામીના મંડળ સાથે સુરા ખાચરે ભંડાર અખૂટ રહ્યાના સમાચાર મોકલ્યા ને લોયામાં ગોપાળાનંદ સ્વામીએ અછબડાથી પીડાતા વાસુદેવાનંદ વર્ણીની સેવામાં રહેનારના સો જન્મની કસર ટાળવાનો વર દીધો ને આનંદાનંદ વર્ણીએ ભોળપણમાં એકાદશીના દિવસે સુખડીનું ફરાળ કર્યું. ૨૮૧

૧૨૭. લોયા પધારતાં તરસ્યાં શ્રીહરિને સીમમાં મુળજી પટેલે શીતળ જળ પાયું ને તેને અંતકાળે શ્રીહરિ તેડવા આવ્યા ને લોયાના કણબીને દાદા ખાચરની ખેતી સાચવવા માંડવધાર વસાવ્યા ને લોયામાં ભણનારા સંતોને તેડાવીને વ્રતખંડ ગ્રંથ લખાવ્યો. ૨૮૩

૧૨૮. દેશાંતર ફરીને આવેલા અદ્ભૂતાનંદ સ્વામીએ શ્રીહરિના પૂછવાથી સર્વવૃત્તાંત કહ્યું ને એમના વૈરાગ્યને બિરદાવી શ્રીહરિએ મુકતમુનિ જેવા કહ્યા. ૨૮૫

૧૨૯. લીંબડીના ચાંપશી શેઠ ને તલકશી શેઠ તથા સાયલાના માણેકચંદ શેઠના પ્રશ્નનો ઉત્તર આપ્યો ને અંતર્યામીપણે એમના સંકલ્પ જાણીને સુતરફેણી આપી. તે પ્રસાદી કેવળ માણેકચંદ શેઠ જમ્યા ને સત્સંગી થયા. ૨૮૮

૧૩૦. મેથાણના મલા સુરાણીની દર્શન ઉત્કંઠા કહી ને એમનો ભક્તિભાવ જાણી શ્રીહરિએ દર્શન દીધા. ૨૯૦

૧૩૧. મેમકાની એક રજપૂતાણી અને એક કણબી બાઈને અંતકાળે તેડવા આવવાનો કોલ આપ્યો. ૨૯૨

૧૩૨. ધ્રાંગધ્રાના શ્રીમાળી વિપ્ર મુળજી ઓઝાને ચતુર્ભુજરૂપે દર્શન આપ્યા ને મુક્તમુનિ પાસે વાતો સાંભળવા મોકલ્યો. સ્વામીની વાતો સાંભળી તેણે બીજે દિવસ શ્રીહરિની ધન્યાષ્ટકથી સ્તુતિ કરી ને શ્રીહરિએ તેને પોતાની કંઠી પહેરાવી. ૨૯૪

૧૩૩. દરિદ્ર વિપ્રએ પોતાની જર્જરિત પાઘડીની ગાંઠોમાંથી મરણમૂડીરૂપ એક રૂપિયો આપ્યો. શ્રીહરિએ હાથમાં લઈ મુક્તમુનિને એના કલ્યાણ માટે પૂછ્યું. ૨૯૭

૧૩૪. શ્રીહરિએ ગરમીના નિવારણ માટે દહીં માંગ્યુ ને પ્રસાદી લેવા પાછળ પડેલા દરબારોથી આગળ માણકી દોડાવતાં ને દહીં જમતાં-જમતાં ભાદર નદીએ આવી દોણું પડતું મેલ્યુ ને ત્યાં મયારામ ભટ્ટ ને દરબારોનો સંવાદ થયો. ૨૯૯

૧૩૫. સાંજે ગામને ચોરે સાવળ્યું ગાતાં બાવા-બાવીને દરબારમાં તેડાવી ભજન સાંભળ્યા ને કલ્યાણના કોલ દીધા. લોયાના અભિમાની પટેલે ભગવાનની જરૂર નથી એમ કહ્યું ને તેના ઘઉંમાં ગેરું લાગતાં ભગવાનની જરૂર શ્રીહરિએ દેખાડી. ૩૦૧

૧૩૬. નાગડકા થી નીકળેલા શ્રીહરિનો વિયોગ થતાં કૃપાનંદ સ્વામી બેશુદ્ધ થઈને ઢળી પડ્યા ને તે હેત સચ્ચિદાનંદ સ્વામીએ વખાણ્યું તથા નદીકાંઠે બેઠેલા શ્રીહરિના દર્શન કરવા દેશાંતરમાંથી આવેલા બે સંતને દુષ્ટોએ મારેલો માર જોઈ શ્રીહરિ કોપાયમાન થયા ને હાથ પછાડી ધરતીકંપ કર્યો. ૩૦૩

૧૩૭. લીમડીના રણછોડ સોનીને શ્રીહરિએ ચતુર્ભુજરૂપે દર્શન આપ્યા ને ગોપાળ ત્રવાડીની વાત સાંભળી તે સંશયવત થયો ને મુક્તમુનિની વાત સાંભળી નિઃસંશય થયો ને સ્વામી પાસે વ્રતમાન ધાર્યા. ૩૦૬

૧૩૮. મેથાણના મહાશંકર પંચોળી પોતાના પુત્ર રાજારામને પગે લગાડવા ને સંતને જમાડવા લોયા આવ્યા ને શ્રીહરિએ અંતર્યામીપણે જાણીને ૫ રૂપિયા માગી લીધા. ૩૦૮

૧૩૯. નારાયણ વિપ્ર સત્સંગી થયા. ૩૧૦

૧૪૦. એક સંતને જુવાએ કરડી લોહી કાઢ્યું ત્યારે ઘેલા કોળીએ તેના ધન્ય ભાગ્ય કહ્યા ને તેને શ્રીહરિ વઢ્યા ને તેઓ મહાકાળ ઉતરવા સુરત જતાં માર્ગમાં સુવર્ણ જોવા છતાં ન લલચાયા. ૩૧૨

૧૪૧. એક સાંજે શ્રીહરિ રિસાઈને લોયાથી લીંબલી સગ્રામને ઘરે એકલા ભાગીને ગયા ને હરિવિયોગે બાઈયોએ કલ્પાંત કર્યો. ૩૧૫

૧૪૨. બ્રહ્મમુનિ વીસેક સંતોને લઈ પાછળ પગેરે ચાલીને શ્રીહરિને પાછા તેડી લોયા લાવ્યા. ૩૧૭

૧૪૩. સંઘા પટેલના પત્ની માનબાઈને રોટલો ફૂલતાં સંકલ્પ થયો તે જાણીને શ્રીહરિએ પધારીને થાળ જમ્યા ને ગઢડે જઈ જીવુબા-લાડુબા આગળ ઘણા વખાણ કર્યા. ને તેમણે માનબાઈને થાળ શીખવા ગઢડે તેડાવ્યા. ૩૧૯

૧૪૪. શ્રીહરિ ભથવારી બન્યા. ૩૨૧

૧૪૫. શ્રીહરિએ હેતબાના પતિ સાંગા પટેલને સત્સંગી કર્યા. ૩૨૪

૧૪૬. નાગડકામાં શ્રીહરિએ શાંતિબા સાથે કોમળ હાથે નેતરાં ઝાલ્યા ને વલોણું કર્યુ ને ૪૦ જોડ ચરણારવિંદ છાપી આપ્યા. ૩૨૬

૧૪૭. વલુબાએ નારાયણ હરે ! સચ્ચિદાનંદ પ્રભો ! ઉચ્ચાર્યું ને શ્રીહરિએ ભૂતિ તળાવે દેદો કૂટાવીને વલુબાનું જળ પીધું ને વર દીધો. ૩૨૮

૧૪૮. પાળિયાદ સાસરે જઈ વલુબાએ અચળ સત્સંગ રાખ્યો ને લોકોના અંતકાળે તે સમીપે કીર્તન ગાઈને ધામમાં મોકલતા. ૩૩૦

૧૪૯. રામબાઈએ શ્રીહરિના વચને સંસાર માંડ્યો. ૩૩૩

૧૫૦. રામબાઈ ધામમાં ગયા. ૩૩૫

૧૫૧. શ્રીહરિએ પ્રસાદીનું વસ્ત્ર લેવડાવ્યું. ૩૩૭

૧૫૨. વિરહાતુર સુરા ખાચરે અન્ન-જળ મૂક્યાં. શ્રીહરિએ નિષ્કુળાનંદ સ્વામીને દિવ્યદર્શન આપી અન્ન-જળ લેવાનો સંદેશો મોકલ્યો ને પછી અઢી વર્ષે વિ.સં.૧૮૯૧ ની મહા સુદી પુનમે બપોરે શ્રીહરિ તેડી ગયા. ૩૩૯

૧૫૩. નાથા ખાચરે અને માણસીયા ખાચરે સાથે દેહ મેલ્યો ને એક ચિતામાં અગ્નિ સંસ્કાર થયો. ૩૪૨

૧૫૪. ભૂરા ખાચરની ફાંસી થકી રક્ષા થઈ. ૩૪૪

૧૫૫. પ્રસાદીના સ્થાનોનું સ્મરણ કર્યુ ને મહિમા કહ્યો. ૩૪૬

૧૫૬. વિ.સં.૧૯૦૨ માં નાથા ખાચરના આગ્રહથી યોગાનંદ મુનિએ પરમહંસના ઉતારામાં હરિમંદિર કર્યુ ને એમની પરંપરાના પુરાણી સ્વામી હરિપ્રિયદાસજીએ વિ.સં.૨૦૧૭ માં જીર્ણોદ્ધાર કર્યો ને એમના શિષ્ય શા. હરિપ્રકાશદાસજી સ્વામી તથા નારાયણપ્રિયદાસજીએ વિ.સં. ૨૦૫૬ માં ગ્રંથકારને લોયાધામની સેવાનું સૌભાગ્ય પ્રદાન કર્યું. ગ્રંથકારે સામાજીક સેવાકાર્યો સાથે વિ.સં.૨૦૬૧ માં પુનઃ જીર્ણોદ્ધાર કરી ઘનશ્યામ મહારાજ પધરાવ્યા ને વિ.સં. ૨૦૬૪ માં ઊંચા મંડાણની વાડીમાં શ્રીહરિ તથા પુરાણી સ્વામી સંકલ્પિત નૂતન મહામંદિરની શરૂઆત કરી ને ગ્રંથની ફળશ્રુતિ કહી. ૩૫૦

- તીર્થરાજ લોયાધામની ઐતિહાસિક સુવર્ણ ઘડીઓ ૩૫૫
- વંશાવલી ૩૫૭
- પ્રાસાદિક સ્થાનો તથા વસ્તુઓની વિગત ૩૬૦
- સંદર્ભ ગ્રંથ સૂચિ ૩૬૪
- શ્રી સ્વામિનારાયણ મંદિર લોયાધામ તથા તેની શાખાઓ દ્વારા ચાલતી સર્વજીવહિતાવહ સેવાઓ ૩૬૭

॥ श्रीलोयाधामाधीशो जयति ॥

॥ श्री लोयाधाम चरित्र चिंतामणि ॥

प्रकरण : १

पूर्वछायो :

આનંદકંદ કરુણાનિધિ, હરિકૃષ્ણજી હે નાથ ! ॥
સદા બિરાજો બ્રહ્મ'મોલમાં, મહાસમર્થ મુક્ત સંગાથ ॥૧॥

સર્વનિયંતા સર્વોપરી, સર્વ કારણના કારણ ॥
સુખમય સાકાર મૂરતિ, મહા કષ્ટના મારણ ॥૨॥

સર્વ કર્તા સર્વ હર્તા, સહુંના સાક્ષી શ્યામ ॥
સર્વ કર્મ ફળ પ્રદાતા, સકલ શુભ ગુણ ધામ ॥૩॥

ચોપાઈ :

અખંડ ને અનાદિ અમિત, વળી અચ્યુત ને અકળિત ॥
અવિકાર અમળ અભેદ, નેતિ નેતિ ગાવે ચહું વેદ ॥૪॥

જીવ ઈશ પર મહામાયા, માયા પર મહાકાળરાયા ॥
મહાકાળ થકી અતિ પર, અનાદિ અવિકારી અક્ષર ॥૫॥

ક્ષરાક્ષર થકી પરાત્પર, સૌના પ્રેરક પરમેશ્વર ॥
સ્વયંપ્રકાશ સર્વાંતર્યામી, સર્વોપાસ્ય સર્વશીષ સ્વામી ॥૬॥

સર્વપર શ્રીરાજાધિરાજ, નોય નોય આપ શિરતાજ ॥
નોય આપ સમાન ઈતર, આપ આધીન ચર અચર ॥૭॥

બ્રહ્મ'મોલ તજો ના કદાપિ, અણુ અણુયે વસો તથાપિ ॥
અવતાર તણા અવતારી, સ્વામિનારાયણ સુખકારી ॥૮॥

કોટિ મુક્ત ને મૂળ અક્ષર, દાસભાવે સેવે તતપર ॥
એને નિત્ય આનંદ દેનારા, સ્નેહે એવું ચરણ તમારા ॥૯॥

કર્યો આપ શ્રીશુભ સંકલ્પ, મોટા ઈશથી માંડીને અલ્પ ॥
થાઓ જીવોને સંબંધ મારો, આત્યંતિક મોક્ષ આપનારો ॥૧૦॥

તિયાં કારણ એક કરુણા, બીજી વાતમાંહી નહીં મણા ॥
પ્રેમે પ્રગટ્યા પૂરવદેશ, ધર્મકુંવર મંજુલકેશ ॥૧૧॥

બાળ લીલાએ શ્રીઘનશ્યામ, શાપ તાપ સમાવ્યા તમામ ॥
માત-તાતના નેણુંના તારા, સ્નેહે સેવું ચરણ તમારા ॥૧૨॥

વન વિચર્યા શ્રીવૃષલાલ, કૃશતનું વેગવંતી ચાલ ॥
કશા ભેદ જોયા વિના નાથ, કર્યા અનાથ જીવ સનાથ ॥૧૩॥

ખગ મૃગ નગ વેલી વન, દેવ અદેવ રાંક રાજન ॥
એનો આડો આંક વાળનારા, સ્નેહે સેવું ચરણ તમારા ॥૧૪॥

લોજપુરે સંતગુણનિધિ, મહાયોગી ને વિદ્યાવારિધિ ॥
ભવસાગરે મોક્ષજહાજ, એવા મુક્તાનંદ મુનિરાજ ॥૧૫॥

તેને નિકટ જો નવ માસ, આપ થયા શ્રીસરજુદાસ ॥
સંત તણા ચિત્ત ચોરનારા, સ્નેહે સેવું ચરણ તમારા ॥૧૬॥

આપે ઉદ્ધવજી બ્રહ્મરૂપ, મહા વડવાનળ સ્વરૂપ ॥
પ્રથમાચાર્ય સદગુરુરાજ, સ્વામી રામાનંદજી મા'રાજ ॥૧૭॥

મળ્યા પીપલાણામાં પાવન, બ્રહ્મ પરબ્રહ્મ તપોધન ॥
મનોરથ એના પૂરનારા, સ્નેહે સેવું ચરણ તમારા ॥૧૮॥

વરયાચન લીલાએ શ્યામ, ભક્ત પીર હરી સુખધામ ॥
જેતપુરે ધૂરા ધરનારા, સ્નેહે સેવું ચરણ તમારા ॥૧૯॥

ધન્ય ધન્ય એ ધરા પાવન, વિચર્યા જીયા પ્રાણજીવન ॥
કાઠીયાવાડ સોરઠ પ્રાંત, કચ્છ કાનમ ને ગુજરાત ॥૨૦॥

લોયાપુરમાં અનંત વાર, આવી વરસ્યા અનરાધાર ॥
સુરા ભક્ત હૃદે રમનારા, સ્નેહે સેવું ચરણ તમારા ॥૨૧॥

મોટા સંતનો પૂરવા ભાવ, મેર્યા મુજ પર કરી માવ ॥
લોયાધામ ધરા વાસ દીધો, મારો જનમ સુફળ કીધો ॥૨૨॥

વિક્રમ સંવત દોય હજાર, સિત્તોતેર શુભ શનિવાર ॥
માઘ માસ અમાસ પ્રભાત, લળી લળી નમું જગતાત ॥૨૩॥

તવ દિવ્ય સ્વરૂપનું ધ્યાન, ધરી આદરૂ ગ્રંથ મહાન ॥
લોયાધામ ચરિત્ર ચિંતામણી, મહા મોટી નિધિ મોક્ષ તણી ॥૨૪॥

લીલા ગાવવા હર્ષ અપાર, મારા નાથ મારા કિરતાર ॥
કીજો સહાય હે અવિનાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે કવિએ સ્તુતિ કરી એ નામે પ્રથમ પ્રકરણમ્ ॥૧॥

પ્રકરણ : ૨

પૂર્વછાયો :

જાણે-અજાણે કોઈ જો, કરે પિયૂષરસ પાન ॥
અમર થાયે એ આત્મા, એમ સર્વે પુરાણે પ્રમાણ ॥૧॥

પારસ પરસતાં લોહને, મળે કંચનનો અવતાર ॥
એમ આપના પુણ્ય પ્રસંગથી, દાસ-અદાસ ભવપાર ॥૨॥

પામર કે પરમારથી, શરણ તમારું આવી ગ્રહે ॥
સરે કારજ સઘળા, એમ આગમ નિગમ સહુ કહે ॥૩॥

ચોપાઈ :

નાથ ! આવ્યો હું આપ શરણ, આપ અશરણના છો શરણ ॥
નાથ ! જાણો મુને દીન-દાસ, આપ દીન-બંધુ અવિનાશ ॥૪॥

નાથ ! અલ્પમતિ તુજ બાળ, આપ માત-તાત પ્રતિપાળ ॥
નાથ ! છોરું-કછોરું જો થાયે, તોયે માવતર ઝાલે બાંયે ॥૫॥

નાથ ! હું તુજ નગણી નાર, તમે કંથ મારા ભરથાર ॥
નાથ ! અવગુણ સહેનારા, મારા કોડ તમે પૂરનારા ॥૬॥

નાથ ! રાંક પ્રજા હું તમણી, આપ રાય મને મે'ર ઘણી ॥
નાથ ! દોષો તણી હું છું ખાણ, આપ પરમ નિર્દોષ સુજાણ ॥૭॥

નાથ ! દામ વિનાનો હું દાસ, તમે સ્વામી મારા અવિનાશ ॥
નાથ ! અનાદિનો છું નોધારો, હવે મુને આધાર તમારો ॥૮॥

નાથ ! ક્યાં હું ને ક્યાં આપ, કીડી કુંજરનો છે મેળાપ ॥
નાથ ! હું તો અસમર્થ અતિ, આપ સમર્થ છો મુજ ગતિ ॥૯॥

નાથ ! અલ્પજ્ઞ હું અણુ આત્મા, આપ સર્વજ્ઞ મારા પરમાત્મા ॥
નાથ ! નિયામ્ય હું તુચ્છ જીવ, તમે નિયંતા છો મારા પિવ ॥૧૦॥

નાથ ! હું છું તમારું શરીર, તમે શરીરી છો નરવીર ॥
નાથ ! આધેય હું છું તમારું, મારા આધાર તમ પર વારું ॥૧૧॥

નાથ ! ક્ષર પર છું અક્ષર, તમે પુરૂષોત્તમ છો પર ॥
નાથ ! તેજોનિધિ હું છું બ્રહ્મ, મુજ કારણ છો પરબ્રહ્મ ॥૧૨॥

નાથ ! જાણો હું સરિતા નીર, આપ સિંધુ સ્વામી છો ગંભીર ॥
નાથ ! હાણ-વૃદ્ધિ મુજમાંય, આપ સમરસ શોભા સદાય ॥૧૩॥

નાથ ! સ્વર્ણ હું આપ સુવાસ, એકમેક વસી રહ્યા વાસ ॥
નાથ ! આપ ચંદન હું પાણી, મુજ અંગે સુગંધ સમાણી ॥૧૪॥

નાથ ! હું તવ અમરવેલ, તમે કલ્પતરુ મારા છેલ ॥
નાથ ! ચંદ્ર આપ હું ચકોર, તજું પ્રાણ વિયોગે જરૂર ॥૧૫॥

નાથ ! મીન હું અતિ ચંચળ, આપ જીવન અમળ જળ ॥
નાથ ! મુજ નેત્રતણા તારા, ધર્મકુંવર ધર્મદુલારા ॥૧૬॥

નાથ ! મુજ રાંકનું રતન, વળી મુજ તન મન ધન ॥
મુજ સર્વસ્વ હે જગન્યારા ! ગ્રંથ પૂરો કરજ્યો હે પ્યારા ! ॥૧૭॥

નહિ ગીર્વાણ ગિરા નિપુણ, નહિ કવિ કોવિદના ગુણ ॥
નહિ જાણું ગ્રંથ તણો પંથ, સાચેસાચું કહું મારા કંથ ॥૧૮॥

અલ્પ આયુ વળી મંદ મતિ, અલ્પ સામર્થ્ય ને મંદ ગતિ ॥
લેશ ખૂબી નહિ ખોટ્ય ઘણી, મુજ સામું જોજ્યો મારા ધણી ॥૧૯॥

છંદ છપય હું નવ જાણું, એક બળ તારું ઉર આણું ॥
વારે વારે કરું છું વિનંતિ, ગ્રંથ પૂરો કરજ્યો મારા પતિ ॥૨૦॥

નહિ બુદ્ધિ નિત્યાનંદ જેવી, બ્રહ્મમુનિની કવિતા કેવી ? ॥
શતાનંદમુનિ સમ જ્ઞાન, નહિ ભૂત ભવિષ્યનું ભાન ॥૨૧॥

અપબળ નહિ જપબળ, વ્રતબળ નહિ તપબળ ॥
બુદ્ધિબળ નહિ સાધનબળ, મારું બળ તમે હે અકળ ! ॥૨૨॥

મુને આશા છે એક તમારી, બીજી વાત મેં નથી વિચારી ॥
જોજ્યો તમારા બિરુદ સામું, મુજ હૈયે આવી પૂરો હામું ॥૨૩॥

આપો વિમળ મતિ હે નાથ ! રસભરી વાણી તે સંગાથ ॥
સદા સમીપે રહેજ્યો શ્યામ, જેથી ટળે સંકટ તમામ ॥૨૪॥

ગ્રંથ-પ્રબંધ પૂરો કરજ્યો, મુજ સાર-સંભાળ ગ્રહેજ્યો ॥
લળી વિનંતિ કરીને ખાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે કવિએ સ્તુતિ કરી એ નામે દ્વિતીય પ્રકરણમ્ ॥૨॥

પ્રકરણ : 3

પૂર્વછાયો :

રાધા પતિના આત્મા, વળી રાધા પતિના તન ॥
રાધા પતિના પ્રિય સખા, વળી રાધા પતિના મન ॥૧॥

નથી અણુંયે ન્યુન જે, વ્રજચંદથી ખરેખરા ॥
વસિયા જેને રોમ-રોમે, વિભુ વરા વિશ્વંભરા ॥૨॥

એવા હે ઉદ્ધવજી, આપે ધર્યુ રામાનંદ રૂપ ॥
ઉદ્ધવ સત્સંગ સ્થાપિયો, વળી જીવ કર્યા બ્રહ્મરૂપ ॥૩॥

ચોપાઈ :

ધન્ય ધન્ય તે કૌશલ દેશ, એમાં અવધપુર વિશેષ ॥
ધન્ય ધન્ય તે અજય તાત, ધન્ય ધન્ય તે સુમતિ માત ॥૪॥

ઈયા પ્રગટ્યા સુંદર તન, મુમુક્ષુતણા પ્રાણજીવન ॥
મહા સમર્થ ને સુખકારી, સદગુરુજી ભવભયહારી ॥૫॥

પ્રૌઢ આકૃતિ આજાનું કર, આપે ભુજાઓ અભય વર ॥
કેવા અરુણ કમળ દલ, એવા કોમળ પાદયુગલ ॥૬॥

શોભે ચરણે શું ઉર્ધ્વરેખ, એ તો ટાળે વિધાતાના લેખ ॥
નખમણિયું દિસે તેજાળી, દક્ષિણ અંગુષ્ઠે રેખા રૂપાળી ॥૭॥

પાની ઘૂંટી પીંડી જાનું વળી, જંઘા જુગ શોભી રહ્યા મળી ॥
સોહામણો લાગે કટિ તટ, નથી નથી યાં અવિદ્યા પટ ॥૮॥

મોટી ફાંદે શોભે ત્રણય વળ, મધ્યે નૌતમ નાભિકમળ ॥
અતિશે વિશાળ વક્ષઃસ્થળ, જોતા નાસે અંતરારિ દળ ॥૯॥

મુખચંદ્ર શોભા શી વખાણું, ભક્ત ચકોરની ગતિ જાણું ॥
નેણા રેલી રહ્યા છે કરુણા, તેણે તો લાજે કંજ અરુણા ॥૧૦॥

નાસા નમણી શુક સમાન, સોહે લઘુ કપોળ ને કાન ॥
અધરોષ્ઠ રક્તબિંબફળ, મંદ મંદ હસે છે વિમળ ॥૧૧॥

અતિ વિશાળ ભાલ બિરાજે, તિંયા ઉર્ધ્વપુંડ્ર ચંદ્ર રાજે ॥
વામ અંસે સોહે બ્રહ્મસૂત્ર, કંઠે તુલસીમાળા પવિત્ર ॥૧૨॥

ગૌર મૂરતિ ને પુષ્ટ તન, શોભે સુંદર શ્વેત વસન ॥
જોઈ લાજે કોટિ કામ અતિ, એવી મનોહર છે મૂરતિ ॥૧૩॥

કલ્યાણકારી ગુણ જે કે'વાય, તેણે પૂરણ શોભો સદાય ॥
કાળ કર્મ માયાનો પ્રપંચ, આપ નિકટે નાવે જો રંચ ॥૧૪॥

સામુદ્રિક શાસ્ત્રો કહ્યા જેહ, ભગવત્સ્વરૂપ સંત જેહ ॥
શુભ ચિહ્ન તેના દીનાનાથ, ધર્યા આપે શું ગાઉં હું ગાથ ॥૧૫॥

પ્રભુ થકી જો સાક્ષાત્કાર, શુભ દીક્ષા મંત્ર પામ્યા સાર ॥
સ્થાપ્યો સંપ્રદાય મોક્ષ જા'ઝ, નમું રામાનંદજી મહારાજ ॥૧૬॥

શુદ્ધ સાકારરૂપ ઉપાસી, એકાંતિકધર્મના પ્રકાશી ॥
બાંધી ભવસિંધુ પર પાજ, નમું રામાનંદજી મહારાજ ॥૧૭॥

દયાળુ દલના મે'રબાન, જક્તતારણ છો ભગવાન ॥
મુક્તમંડળના શિરતાજ, નમું રામાનંદજી મહારાજ ॥૧૮॥

શબ્દબ્રહ્મ પરબ્રહ્મ જાણો, સર્વે લોક હસ્તામળ માણો ॥
સદા સર્વજ્ઞ સદગુરુરાજ, નમું રામાનંદજી મહારાજ ॥૧૯॥

અંતેવાસીના અંતરયામી, આપ ચરણ સેવે જે સ્વામી ॥
તેને હૃદે દેખાડો છો રાજ, નમું રામાનંદજી મહારાજ ॥૨૦॥

રામદાસ આદિ સંતજન, મયારામાદિ ગૃહી પાવન ॥
આપ પ્રતાપે થયા મુક્તરાજ, નમું રામાનંદજી મહારાજ ॥૨૧॥

લોજ અગત્રાઇ ને શ્રીપુર, ભુજ આદિ કંઈ જો જરૂર ॥
આપ ચરણે થયા તીર્થરાજ, નમું રામાનંદજી મહારાજ ॥૨૨॥

મુક્તિ ચતુરધા સુખરાશિ, એ તો આપ ચરણની દાસી ॥
દિસો પ્રગટ પ્રમાણ આજ, નમું રામાનંદજી મહારાજ ॥૨૩॥

નમું હે સદગુરુ ભગવંત ! હું છું મુક્તમુનિતણો સંત ॥
કૃપાનાથ ! કૃપા ઉર ધરો, મુજ અજ્ઞાનતિમિર હરો ॥૨૪॥

આજ્ઞાચક્રમાંહિ વસો વાસ, પ્રેમે પાથરો જ્ઞાનપ્રકાશ ॥
જેથી ગ્રંથે થાય જો સમાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે સંપ્રદાયના પ્રથમાચાર્ય સદગુરુ શ્રીરામાનંદ સ્વામીની સ્તુતિ કરી એ નામે તૃતીય પ્રકરણમ્ ॥૩॥

પ્રકરણ : ૪

પૂર્વછાયો :

વળી નમું વૃષ તાતને, પ્રેમવતી માતને સોય ॥
અડસઠ તીરથ જેના ચરણે, કોટિ ગયા ગંગા તોય ॥૧॥

નથી નથી જેને જન્મવું, નથી મરવું પણ એકવાર ॥
આવાગમન જેને નથી, એને વંદુ વારમવાર ॥૨॥

ડૂબતાં ભવસાગરમાં, છો કાષ્ટ સમ સહાય ॥
લળી લળી વિનવું વળી, તમે રે'જ્યો અંતરમાંય ॥૩॥

ચોપાઈ :

ક્ષમાશીલ ને સરળ વેશ, નથી કામક્રોધતણો કલેશ ॥
પુરા પરોપકારી સદાય, નમું નમું માતતાત પાય ॥૪॥

મહાપ્રભાવશાળી કુશળ, જેનું મન અતિ નિરમળ ॥
તવ જોડય નહિ જગમાંય, નમું નમું માતતાત પાય ॥૫॥

લાગે લુણ રહિત ભોજન, એમ આપ વિહોણું ભજન ॥
તેણે ન સરે કાજ જરાય, નમું નમું માતતાત પાય ॥૬॥

આપ રીઝે રીઝે મારો નાથ, આપ ખીજે ખીજે કૃપાનાથ ॥
આપ સેવાયે સ્વામી સેવાય, નમું નમું માત તાત પાય ॥૭॥

તજી તમને સેવે જે દેવ, તેની નિષ્ફળ સકળ સેવ ॥
છો જી આપ કલ્પતરુ છાંય, નમું નમું માત તાત પાય ॥૮॥

મોક્ષહેતું જે દેવી સંપત, ગીતામાંહિ કીધી ભગવંત ॥
પામે પુષ્ટિ તે આપ કૃપાય, નમું નમું માત તાત પાય ॥૯॥

આપ કારણ શ્રીહરિરાય, અવતરે યુગ-યુગમાંય ॥
સત્ય વાત એ સચ્છાસ્ત્રમાંય, નમું નમું માત તાત પાય ॥૧૦॥

ઋષિ મુનિ તપસ્વીને ત્યાગી, સદાકાળ આપ અનુરાગી ॥
ભજે નહિ તજે જો કદાય, નમું નમું માત તાત પાય ॥૧૧॥

શુદ્ધસત્ત્વમય તનુરૂપ, અતિ કોમળ શાંતસ્વરૂપ ॥
દીઠે દુઃખ દૂર જો પલાય, નમું નમું માત તાત પાય ॥૧૨॥

પદ્મપાદ પદ્મહસ્ત આપ, પદ્મલોચન પૂર્ણ નિષ્પાપ ॥
જેના ગુણલાં ગણેશ ગાય, નમું નમું માત તાત પાય ॥૧૩॥

દિવ્ય શ્રીબદ્રિધામ મોઝાર, ગ્રહ્યો મુનીશ કોપ અપાર ॥
પ્રેમે પધાર્યા છપૈયામાંય, નમું નમું માત તાત પાય ॥૧૪॥

મહાપાપી કૂડાં અસુરાણ, તેણે પીડ્યા અતિશે સુજાણ ॥
તોય નેમ તજી નહિ કાંય, નમું નમું માત તાત પાય ॥૧૫॥

જગદગુરુ રામાનંદ સ્વામી, સેવ્યે રાખી નહિ લેશ ખામી ॥
શિક્ષા દીક્ષા પામ્યા સુખદાય, નમું નમું માત તાત પાય ॥૧૬॥

રૂડી રીતે રીઝવવા રાજ, દ્રઢ વ્રત ધરી કીધું કાજ ॥
વર પામી ફૂલ્યા કૃશકાય, નમું નમું માત તાત પાય ॥૧૭॥

મારા કંથ મારા મહારાજ, હેતભર્યા હરિકૃષ્ણરાજ ॥
પ્રગટ્યા જેથી પરમરાય, નમું નમું માત તાત પાય ॥૧૮॥

આપે મુમુક્ષુ દીક્ષિત કીધા, પાપ-તાપ તેના હરી લીધા ॥
મોક્ષમગે દીધી શું સહાય, નમું નમું માત તાત પાય ॥૧૯॥

ધન્ય ધન્ય એ પુરને ગ્રામ, જ્યાં આપ વસો સુખધામ ॥
આપ વસો ત્યાં વસે શ્રીરાય, નમું નમું માત તાત પાય ॥૨૦॥

વૃત્તપુરને શ્રીદુર્ગપુર, શ્રીનગર ને છપૈયાપુર ॥
મૂર્તિમંત શું મંદિરમાંય, નમું નમું માત તાત પાય ॥૨૧॥

શુભ ગુણ શુભ કળા હીણ, નોય એકે વાતે જે પ્રવીણ ॥
તવ કૃપા તે સરેશ થાય, નમું નમું માત તાત પાય ॥૨૨॥

આપ દ્રોહી જે દ્વિજ મહાન, થાય શ્વપચ સમ નિદાન ॥
આપ સેવ્યે સ્વપચ નિદાન, થાય દ્વિજ થકી તે મહાન ॥૨૩॥

વારે વારે નમું જગતાત, વારે વારે નમું જગમાત ॥
મુજ વિનંતિ સુણજો લેશ, દયા દિલે ધરજો વિશેષ ॥૨૪॥

હું છું અબુધ અનાડી બાળ, આપ બાળતણા પ્રતિપાળ ॥
મુજ જીવનમાં વસો વાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે ધર્મદેવ અને ભક્તિમાતાની સ્તુતિ કરી એ નામે ચતુર્થ પ્રકરણમ્ ॥૪॥

પ્રકરણ : ૫

પૂર્વછાયો :

અનાદિ મુક્ત અક્ષરના,સર્વોપરિ સુખધામ ॥
મહામુનિ મુક્તાનંદજી, આપ મારે ઠરવાનું ઠામ ॥૧॥

આ સત્સંગની માત છો, વળી મુજ આદિ ગુરુદેવ ॥
વારે વારે વંદન કરું, અતિ ભાવ ભરી ધરી સેવ ॥૨॥

મહા આનંદમય મૂરતિ, એમાં વસો આઠું જામ ॥
આપના એક એક અંગમાં, વસે શ્રીહરિ પૂરણકામ ॥૩॥

ચોપાઈ :

આપ શીશમાં હરિનું શીશ, મુખે હરિનું મુખ વિશેષ ॥
આપ નેણમાં હરિના નેણ, વેણે હરિના અમૃત વેણ ॥૪॥

આપ કાનમાં હરિના કાન, નાસાએ હરિનાસા નિદાન ॥
આપ હાથમાં હરિના હાથ, ચરણે હરિચરણ સંગાથ ॥૫॥

આપ હૃદયમાં હરિનું હૃદય, એમ અંગોઅંગ તે અભય ॥
હરિરૂપ આપ ગુરુહરિ, મુને રાખજયો આપનો કરી ॥૬॥

આહિથી લઈ અક્ષરે છેક, વસે મહામુક્તો જે અનેક ॥
એમાં આપ જેવા એક આપ, અલ્પ મુખે શુ કહું પ્રતાપ ? ॥૭॥

સર્વોપરિ અનાદિ મુક્ત, સર્વોપરિ ઐશ્વર્યજુક્ત ॥
સર્વોપરિ સદ્ગુરુ સંત, સર્વોપરિ સદગુણવંત ॥૮॥

સર્વોપરિ છો બ્રહ્મવેત્તા, સર્વોપરિ ભવભયભેત્તા ॥
સર્વોપરિ સંશયહર્તા, સર્વોપરિ કલ્યાણકર્તા ॥૯॥

સર્વોપરિ સરળ ચિત્ત, સર્વોપરિ ઇન્દ્રિયજીત ॥
સર્વોપરિ છો નિર્માન, સર્વોપરિ છો ક્ષમાવાન ॥૧૦॥

સર્વોપરિ સદા શુભમતિ, નથી જક્તદોષ જેમાં રતિ ॥
સર્વોપરિ ધીર ગંભીર, સર્વોપરિ છે મન સ્થિર ॥૧૧॥

સર્વોપરિ આપનું શીલ, સર્વોપરિ દયાળુ દિલ ॥
સર્વોપરિ આપ કોમળ, સર્વોપરિ આપ નિર્મળ ॥૧૨॥

સર્વોપરિ આપ સદાચાર, સર્વોપરિ સદવિચાર ॥
સર્વોપરિ આપ પવિત્ર, સર્વોપરિ આપ ચરિત્ર ॥૧૩॥

સર્વોપરિ આપનું જ્ઞાન, સર્વોપરિ આપનું ધ્યાન ॥
સર્વોપરિ આપનું વ્રત, સર્વોપરિ જપ ને તપ ॥૧૪॥

સર્વોપરિ આપનો યોગ, ટાળે મહામોટો ભવરોગ ॥
સર્વોપરિ છો નિર્વિકારી, સર્વોપરિ પરઉપકારી ॥૧૫॥

સર્વોપરિ હરિમાં પ્રીત, સર્વોપરિ હરિમાં ચિત્ત ॥
માટે સર્વથી હરિને પ્યારા, નમું આદિ ગુરુદેવ મારા ॥૧૬॥

નિશ્ચય માહાત્મ્ય જ્ઞાને સહિત, સર્વોપરિ છે જો ખચિત ॥
શોભો શ્રધ્ધાદિ ગુણે અપારા, નમું આદિ ગુરુદેવ મારા ॥૧૭॥

સત્સંગ તણા શણગાર, મહાબ્રહ્મવિદ્યાના ભંડાર ॥
તુચ્છ જીવના તારણહારા, નમું આદિ ગુરુદેવ મારા ॥૧૮॥

તમારે ભજને કરી સ્વામી ! ટળે કામક્રોધાદિ હરામી ॥
મેલ માયાનો મીટાવનારા, નમું આદિ ગુરુદેવ મારા ॥૧૯॥

મર હોય ગમે તેવો પાપી, તવ શરણ ગ્રહે કદાપિ ॥
પાપ એના પળમાં હરનારા, નમું આદિ ગુરુદેવ મારા ॥૨૦॥

તવ દર્શને જે જીવ આવે, ડગે ડગે યજ્ઞફળ પાવે ॥
મહા અક્ષય સુખદાતારા, નમું આદિ ગુરુદેવ મારા ॥૨૧॥

આપ નેણે કરુણા ભરેલ, આપ વેણે જો અમી ધરેલ ॥
હૈયે હેત અતિ ધરનારા, નમું આદિ ગુરુદેવ મારા ॥૨૨॥

મુજ મોક્ષનું પરમદ્વાર, મહાયોગી ને પરમઉદાર ॥
મહાસમર્થ અપરમપારા, નમું આદિ ગુરુદેવ મારા ॥૨૩॥

હું તો છોરું કછોરું અમાપ, મુજ માવતર સાક્ષાત આપ ॥
આપ છો મુજને પ્રાણથી પ્યારા, નમું આદિ ગુરુદેવ મારા ॥૨૪॥

ગ્રહી બાંય આ બાળની આપ, કરો જતન સ્વામી ! અમાપ ॥
દેજ્યો આપ ચરણમાં નિવાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે આદિ ગુરુદેવ મહામુનિ શ્રી મુક્તાનંદ સ્વામીની સ્તુતિ કરી એ નામે પંચમ પ્રકરણમ્ ॥૫॥

પ્રકરણ : ૬

પૂર્વછાયો :

ત્રિકાળજ્ઞાની તત્ત્વવેત્તા, મહાસમરથ મૂરતિ ॥
સ્વામી ગોપાળાનંદજી, નમું નમું તમને અતિ અતિ ॥૧॥

દાસત્વના આચાર્ય છો, યોગીગણે શ્રીયોગીરાજ ॥
દરિયા સમ હેતાળ હૃદયે, રાખો સદા મહારાજ ॥૨॥

મચ્છર સમ તુચ્છ જીવને, આપ ગરુડ સુખકંદ ॥
શરણાગતના સ્વામીજી, ટાળો ટાળો સઘળા ફંદ ॥૩॥

ચોપાઈ :

ધન્ય ધન્ય તે ઈડર દેશ, તેમાં ટોડલા ગામ વિશેષ ॥
ધન્ય ધન્ય તાત મોતીરામ, ધન્ય કુશળા માત અભિરામ ॥૪॥

બાળપણાથકી થયા સિદ્ધ, વળી દેશ પ્રદેશ પ્રસિદ્ધ ॥
આપ સંગે મહાપ્રભુ રમે, આપનું ચિત્ત ક્યાંય ન ભમે ॥૫॥

ભણવાનું લઈ મોટું મિષ, મુક્તમુનિ સંગે અહોનિશ ॥
સર્વોપરિ સંતગુણ આપ, શીખ્યા સંતસ્વભાવે અમાપ ॥૬॥

અતિ કોમળ સરળ ભાવ, રેશમ ફેલ સમ છે સ્વભાવ ॥
બુદ્ધિચાતુર્ય છુપાવી રાખો, લેશ નવ પ્રદર્શન દાખો ॥૭॥

સહુ સંત જાણે સમરથ, ગાળો નહિ એક પળ વ્યર્થ ॥
શુદ્ધ નિર્મળ અંતર અપાર, નથી ઐશ્વર્યતણો જો ભાર ॥૮॥

આપ વૃત્તિ રમે હરિ સંગ, આપ રોમે રોમે હરિ રંગ ॥
જેમ તેજ અગ્નિ નહિ જુદા, એમ આપ હરિ એક સદા ॥૯॥

સદા વશ તમને ભગવાન, તોય આપ નિર્માન નિદાન ॥
સહી દુષ્ટ જીવોતણી દાઝ, લેશ રોષ ન કીધો મા'રાજ ॥૧૦॥

જાણો જીવ તાર્યા તણી વિધિ, વળી અમાપ ઐશ્વર્યનિધિ ॥
સર્વસિદ્ધશિરોમણી આપ, સાધુતાગુણે શોભો અમાપ ॥૧૧॥

કે'દિ ક્યાંય બંધાઓ ન રતિ, એવી આપની વિવેકી મતિ ॥
કે'દિ ક્યાંય અંજાવો ન રતિ, એવી આપની છે સ્થિર મતિ ॥૧૨॥

મહા ઉજજવળ પ્રકાશવાન, આત્મામાંહિ અખંડ નિદાન ॥
પુરુષોત્તમ સાકારરૂપ, સર્વોપરિ ધારો છો અનુપ ॥૧૩॥

આપ પ્રકાશવાન છો સંત, આણો અજ્ઞાનતિમિર અંત ॥
ઇશાદિ ઉપનિષદ ગીતા, તેના ભાષ્ય રચ્યા મનમીતા ॥૧૪॥

સ્કંધ દ્વિતીય ને વેદસ્તુતિ, એકાદશ દશમ મહામતિ ॥
તેની ટીકાઓ કીધી અનેરી, ભક્તિસિદ્ધિ જો ભલી ઘણેરી ॥૧૫॥

હરિભક્તનામરત્નાાવલિ, વળી લોકમંગલનામાવલિ ॥
હરિસ્વરૂપ નિર્ણય આદિ, આપતણી એ ગ્રંથપ્રસાદી ॥૧૬॥

વચનામૃત રહસ્ય વાત, આપ જાણો છો સદા સાક્ષાત ॥
વળી સમજાવો શુભ રીત, તેણે વાધે પ્રીતમમાં પ્રીત ॥૧૭॥

સાધુ બ્રહ્મચારી વળી પાળા, આપ આજ્ઞામાં રહે સુખાળા ॥
દોય આચાર્યતણા ઉપરિ, શ્રીહરિએ કીધા સર્વોપરી ॥૧૮॥

બાંધી સંપ્રદાયતણી રીત, ઉપાસના વર્તાવી ખચિત ॥
ગામોગામ મંદિર કરાવ્યા, મોક્ષ સદાવ્રત મનભાવ્યા ॥૧૯॥

આપે શીખવ્યું છે શુભ ધ્યાન, વળી કીધી છે વાતો મહાન ॥
તેને જાણું હું આપની કૃપા, મહામોક્ષકારી જો અનુપા ॥૨૦॥

સર્વનિવાસાનંદાદિ સંત, સદાશિવાદિ ગૃહી અનંત ॥
આપ ચરણે રાખીશું પ્રીતિ, પામ્યા મહામોટી મુક્તસ્થિતિ ॥૨૧॥

મહાજ્ઞાની વિજ્ઞાની શું કહું, હરિમરજી જાણો બહું બહું ॥
વરતો વરતાવો સુજાણ, એવા આપ સદા સુખખાણ ॥૨૨॥

આપ દયાળુ દલ ઉદાર, ભક્તપીર સદા ભાંગનાર ॥
દુઃખ કેનું દેખી શકો નવ, ભલે હોય સુમેરુ કે લવ ॥૨૩॥

આપ ઐશ્વર્ય પ્રતાપ કે'વા, નથી સમર્થ શેષજી જેવા ॥
હરિમૂરતિનું ધરી ધ્યાન, કાપો કષ્ટ તમે મે'રબાન ॥૨૪॥

પરબ્રહ્મતણા પ્રતિનિધિ, શું હું જાણું રાજીપાની વિધિ ? ॥
કેવળ આપ કૃપાતણી આશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે યોગિસમ્રાટ સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામીની સ્તુતિ કરી એ નામે છઠ્ઠું પ્રકરણમ્ ॥૬॥

પ્રકરણ : ૭

પૂર્વછાયો :

વળી નમું નમું નેહથી, લોયા-નાગડકાતણાં રાય ॥
અનાદિમુક્ત અક્ષરના, વસે નાથસંગે જે સદાય ॥૧॥

રામાનંદ સ્વામીતણાં, થયા શિષ્ય આપ સુજાણ ॥
હરિસખા હેતે નમું, શીશ ઝુકાવીને જોડી પાણ ॥૨॥

પ્રગટ મૂરતિ શ્રીહરિ, વળી પ્રગટ સંત હરિજન ॥
એનો મહિમા અતિ ઘણો, તમે ધરો ધરો નિજમન ॥૩॥

ચોપાઈ :

હરિવચન ચઢાવી શીશ, તજી જકત જંજાળ અધીશ ॥
ધર્યા અંગે શું વસ્ત્રા કાષાય, નમું નમું સુરા ભક્તરાય ॥૪॥

જેમ જળ ન લોપે કમળ, એમ સંસારે જે નિરમળ ॥
રાખ્યું બ્રહ્મચર્ય સુખદાય, નમું નમું સુરા ભક્તરાય ॥૫॥

નાથ કરે માનુષી ચરિત, એમાં મતિ ન ચળે ખચિત ॥
એવો નિશ્ચય પર્વતપ્રાય, નમું નમું સુરા ભક્તરાય ॥૬॥

તન મન ધન ધામ જેહ, કર્યુ હરિસંત કાજ એહ ॥
થયા નાથના પાર્ષદરાય, નમું નમું સુરા ભક્તરાય ॥૭॥

હરિસખા યતિ બ્રહ્માનંદ, ટાળે શોક-ઉદાસીના ફંદ ॥
એશું જીવ બાંધિયો દ્રઢાય, નમું નમું સુરા ભક્તરાય ॥૮॥

અતિ દારિદ્રય આવ્યું બે વાર, તિંયા ધીરજ ધારી અપાર ॥
એમાં સેવ્યા મુનિ મુનિરાય, નમું નમું સુરા ભક્તરાય ॥૯॥

હરિસંતમાં હેત અપાર, એનો થાય વિરહ લગાર ॥
તૈયે અંતરે શું અકળાય, નમું નમું સુરા ભક્તરાય ॥૧૦॥

લિયે સંતની પ્રસાદી નિત, જાણી સંતમાહાત્મ્ય અમિત ॥
સેવે શ્રદ્ધાએ સ્નેહે સમાય, નમું નમું સુરા ભક્તરાય ॥૧૧॥

હરિસંત તેડી નિજઘેર, સુણ્યા વચનામૃત સુપેર ॥
જાણે શાસ્ત્રાતણો અભિપ્રાય, નમું નમું સુરા ભક્તરાય ॥૧૨॥

લેશ મર્મ વિનાનું વચન, નવ ઉચ્ચારે તે કોઈ દન ॥
કહે હરિચરિત્ર સદાય, નમું નમું સુરા ભક્તરાય ॥૧૩॥

હરિસંત વળી હરિજન, જાણ્યા સાચા સગા નિજમન ॥
નથી બીજે પ્રીતડી જરાય, નમું નમું સુરા ભક્તરાય ॥૧૪॥

ચિત્ત નિષ્પાપ સરળ અતિ, નથી નથી કુટિલતા રતિ ॥
નથી કપટ તે મનમાંય, નમું નમું સુરા ભક્તરાય ॥૧૫॥

જાણી ઉદાસ શ્રીઅલબેલ, કરે હરિ હસાવવા ખેલ ॥
પોતે હસે નહિ જો કદાય, નમું નમું સુરા ભક્તરાય ॥૧૬॥

એક સમે સભામાંહિ શ્યામ, ખૂબ વખાણીને સુખધામ ॥
કહ્યા પ્રથમ સપ્તર્ષિમાંય, નમું નમું સુરા ભક્તરાય ॥૧૭॥

જીતી ઈન્દ્રિયો ગઢ દુર્ગમ, ઘણા ઘણા રીઝવ્યા વાલમ ॥
પામ્યા અસિ તે રાજીપામાંય, નમું નમું સુરા ભક્તરાય ॥૧૮॥

અતિ નિર્માનીપણાનું અંગ, તોયે પક્ષે લડે મહાજંગ ॥
ભાવે ભૂધરને મનમાંય, નમું નમું સુરા ભક્તરાય ॥૧૯॥

જેજે વા'લુ પદારથ હોય, આપે હરિકૃષ્ણજીને સોય ॥
ઘોડી સિંગાળી દીધી કદાય, નમું નમું સુરા ભક્તરાય ॥૨૦॥

ઘોડી ભૂતડી તાંજણ વળી, ઘોડો કેસરિયો દીધો મળી ॥
આપી ધરણી સાઠચ વીઘાય, નમું નમું સુરા ભક્તરાય ॥૨૧॥

થયો ડભાણે જગન જયારે, દીધો સ્વર્ણવેઢ મહાભારે ॥
અતિ ઉદાર સ્વભાવમાંય, નમું નમું સુરા ભક્તરાય ॥૨૨॥

અતિ સ્થૂળ શરીરે કેવળ, પેરી કોપીન ચાર આંગળ ॥
વેણ પાળ્યે કેદિ ન લજાય, નમું નમું સુરા ભક્તરાય ॥૨૩॥

આપ સંગે નાથ કરે ખેલ, અંસે ચડી કૂદે અલબેલ ॥
એમ હળ્યા મળ્યા હરિમાંય, નમું નમું સુરા ભક્તરાય ॥૨૪॥

તમભુવને આવી ભૂધર, કરી લીલાયું સારી સુંદર ॥
એનો કરજયો મુને પ્રકાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે સુરા ખાચરની સ્તુતિ કરી એ નામે સાતમું પ્રકરણમ્ ॥૭॥

પ્રકરણ : ૮

પૂર્વછાયો :

સ્વામી રામાનંદજીના, પ્રમુખ શિષ્ય પ્રમાણ ॥
મુનિવર મુકતાનંદજી, મહામતિ સંત સુજાણ ॥૧॥

ઉજળી એહ પરંપરાના, સદગુરુઓ દયાળ ॥
દયા દલમાંહિ ધરો, જાણી આપનો અબુધ બાળ ॥૨॥

પ્રેમે કરી પ્રણતિ કરુ, હે કરુણામૂર્તિ સંત ॥
મુક્તાનંદીય પરંપરાના, સદગુરુ ભગવંત ॥૩॥

ચોપાઈ :

નમું મુજ આદિગુરુદેવ, મૂર્તિમય સુખદ સદૈવ ॥
અનાદિ મહામુક્ત કહાવો, સર્વોપરી સંત મન ભાવો ॥૪॥

પરમહંસમાળા તણા મેર, તવ હૃદે નથી વેર-ઝેર ॥
નખશિખ સાધુતામૂરતિ, નાથને વહાલા અતિ-અતિ ॥૫॥

સદા પ્રગટ ઉપાસી સંત, કરો મે'ર મુંપર અત્યંત ॥
લેશ ગ્રંથમાં ન રહે ખામી, જોજ્યો જોજ્યો મુકતાનંદ સ્વામી ॥૬॥

નમું નમું મુનિ સિદ્ધાનંદ, ટાળો ટાળો મુજ ભવફંદ ॥
સદા સરળ મહાવિજ્ઞાની, ખરા કવિ વળી મહાધ્યાની ॥૭॥

જાણું આપનો અભયવર, હરિચરિત્રામૃતસાગર ॥
કર્યો પ્રબંધ અનુપ ભારી, મુમુક્ષુને મહાસુખકારી ॥૮॥

પ્રગટ મૂરતિ ચીતરનારા, કરો મે'ર મુંપર અપારા ॥
લેશ ગ્રંથમાં ન રહે ખામી, નમું આધારાનંદજી સ્વામી ॥૯॥

જેઓ શ્રીહરિને અતિ પ્યારા, જેઓને શ્રીહરિ અતિ પ્યારા ॥
એવું અન્વર્થ નામ સુજાણ, ખરા જાણે શાસ્ત્રા ને પુરાણ ॥૧૦॥

જાણે રાજ રીઝયા તણી રીત, નથી પંચવિષયમાં પ્રીત ॥
ગાવે ગુણ ગુણનિધિ તણાં, અખંડ ઉલ્લાસે નહિ મણા ॥૧૧॥

કહો નિગમાગમનો સાર, કરો મે'ર મુંપર લગાર ॥
લેશ ગ્રંથમાં ન રહે ખામી, નમું હરિપ્રિયદાસજી સ્વામી ॥૧૨॥

નમું મહાતેજસ્વી સુસંત, શૂરવીર ને ધીર અત્યંત ॥
શ્રીવચનામૃત અભ્યાસી, આપ ચરણમાં કોટિ કાશી ॥૧૩॥

મહાત્યાગી ને તપસ્વી ખરા, રાખો દેહાત્મબુદ્ધિ ન જરા ॥
કરી અનેક હરિમંદિર, હરી હરિભકતતણી પીર ॥૧૪॥

રાજપ્રદેશે વિચરનારા, કરો મે'ર મુંપર અપારા ॥
લેશ ગ્રંથમાં ન રહે ખામી, નમું વૈકુંઠચરણ સ્વામી ॥૧૫॥

નમું શાસ્ત્રોતણા અનુરાગી, જેની લગની મૂરતે લાગી ॥
હરિચરિત્ર ગાવે અનેરા, સતસંગે માનીતા ઘણેરા ॥૧૬॥

આપ ગુણોનો પાર ન આવે, સહું પુરાણી કહી બોલાવે ॥
ધર્મ ભક્તિ વૈરાગ્ય ને જ્ઞાન, તેને દ્રઢ સાધી ધરો ધ્યાન ॥૧૭॥

એવા હે દાદાગુરુજી મારા, કરો મે'ર મુંપર લગારા ॥
લેશ ગ્રંથમાં ન રહે ખામી, નમું નારાયણસ્વરૂપ સ્વામી ॥૧૮॥

નમું નમું કરુણાના ધામ, પ્રસન્નવદન અભિરામ ॥
મહાવિતરાગી છો મહંત, અજાતશત્રુ પ્રસિદ્ધિવંત ॥૧૯॥

આજાનુંભુજ ને ભીનેવાન, મોટા મનના છો મેરબાન ॥
દયાળુ દલ મહાઉદાર, શુભ શીલ સાધુતાભંડાર ॥૨૦॥

બ્રહ્મસ્વરૂપ હે ગુરુદેવ, કરો મે'ર મુંપર અભેવ ॥
લેશ ગ્રંથમાં ન રહે ખામી, નમું નંદકિશોરજી સ્વામી ॥૨૧॥

મે'ર આપતણી મળે જરી, તો તો ભવસિંધુ જાઉં તરી ॥
જાઉં ચરણે હું બલિહારી, મુજ સામું જોજ્યો સુખકારી ॥૨૨॥

જ્યારે દ્રષ્ટિ તમારી મળે છે, ત્યારે સઘળા ફંદ ટળે છે ॥
જેને આપતણી મળે સા'ય, એને બાકી છે શું જગમાંય ॥૨૩॥

માટે વળી વળીને પ્રણામ, કરું લળી લળીને સુજાણ ॥
લેશ ગ્રંથમાં ન રહે ખામી, એમ વિનવું હું કરભામી ॥૨૪॥

સર્વે મળી સદગુરુ મહંત, મુને જાણી અબુધ અત્યંત ॥
કરો કૃપાએ મતિપ્રકાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે મુક્તાનંદીય સદગુરુ પરંપરાની સ્તુતિ કરી એ નામે આઠમું પ્રકરણમ્ ॥૮॥

પ્રકરણ : ૯

પૂર્વછાયો :

સમરુ સદગુરુદેવને, મુજ મોક્ષદાતા ગુરુહરિ ॥
સ્વામીશ્રી નંદકિશોરજી, નમું નમું તમને ફરી ફરી ॥૧॥

મુજ સરીખા અંધને, આપે આપ્યા નિર્મળ નેણ ॥
પંગુ પહાડ ચડાવિયો, વળી વદીને મધુરા વેણ ॥૨॥

મહાગુણાતીત મૂરતિ, વારે વારે લાગુ પાય ॥
ગુણલા ગાતા આપના, મુજ હૈયે તૃપ્તિ ન થાય ॥૩॥

ચોપાઈ :

આપ બ્રહ્મા આપ વિષ્ણુરૂપ, આપ સદાશિવ બ્રહ્મરૂપ ॥
વળી પરબ્રહ્મરૂપ સદાય, નમું નમું ગુરુદેવ પાય ॥૪॥

શ્રીહરિકૃષ્ણ પદ ઉપાસી, મુક્તિ ચારેય તમારી દાસી ॥
આપ થકી અક્ષર પમાય, નમું નમું ગુરુદેવ પાય ॥૫॥

મુજ પરમ ચિંતામણિ આપ, મુજ પરમ કામધેનું આપ ॥
મુજ પરમ કલ્પતરું છાંય, નમું નમું ગુરુદેવ પાય ॥૬॥

આપ અધમ ઉદ્ધારનાર, આપ પતિત પાવન કરનાર ॥
અઘતૃણે આપ અગ્નિરાય, નમું નમું ગુરુદેવ પાય ॥૭॥

આપ દીનબંધુ દીનાનાથ, આપ કૃપાસિંધુ કૃપાનાથ ॥
શરણાગતને સુખદાય, નમું નમું ગુરુદેવ પાય ॥૮॥

જેણે ભાવે સજી તવ સેવ, એણે સેવ્યા છે દેવાધિદેવ ॥
આપ પૂજયે પૂજયા હરિરાય, નમું નમું ગુરુદેવ પાય ॥૯॥

ભલે સૂરજ પશ્ચિમે ઉગે, તોય આપ વેણ નવ ફગે ॥
એવા વચનસિદ્ધ ખરાય, નમું નમું ગુરુદેવ પાય ॥૧૦॥

શાંતમૂર્તિ સદા સુખકારી, દયાળુ દલ પરોપકારી ॥
નખશિખ સાધુતાસીમાય, નમું નમું ગુરુદેવ પાય ॥૧૧॥

આપ અજાતશત્રુ અમાપ, તુચ્છ જીવોના સહો છો તાપ ॥
લેશ રોષ ધરો ન કદાય, નમું નમું ગુરુદેવ પાય ॥૧૨॥

આપ જીયાં બિરાજો ગુરુજી, તિયાં આનંદ ને હાજી હાજી ॥
સર્વજન જાણે મહિમાય, નમું નમું ગુરુદેવ પાય ॥૧૩॥

સંપ્રદાયના સરવે અંગ, આપ પ્રસંગે પામે ઉમંગ ॥
નંદબાબા કહે હુલસાય, નમું નમું ગુરુદેવ પાય ॥૧૪॥

આપ વચન શ્રુતિસમાન, આપ સૂત્રા તે મંત્રા મહાન ॥
સર્વે શાસ્ત્રા તમોને શું ગાય, નમું નમું ગુરુદેવ પાય ॥૧૫॥

પંચસેવા મહાવ્રતધારી, મહાઅલૌકિક મૂર્તિ તમારી ॥
સદાનંદી મહામુક્તરાય, નમું નમું ગુરુદેવ પાય ॥૧૬॥

આપ કરુણાના મહાધામ, સદા હૃદયે બિરાજે શ્યામ ॥
આપ આજાનુંભુજ મહાકાય, નમું નમું ગુરુદેવ પાય ॥૧૭॥

વિશાળ ભાલ મોટા મોટા કાન, વળી શોભો તમે ભીનેવાન ॥
મંદ મંદ હસો છો સદાય, નમું નમું ગુરુદેવ પાય ॥૧૮॥

થડે જાડી ને આગે પાતળી, દીપસરીખી લાંબી આંગળી ॥
મુજ શીષે ધરો મુનિરાય, નમું નમું ગુરુદેવ પાય ॥૧૯॥

રાજે ચરણે શું ઉર્ધ્વરેખ, ટાળે અશુભ તે કર્મલેખ ॥
આપ હૈયે હેત ઉભરાય, નમું નમું ગુરુદેવ પાય ॥૨૦॥

આપ ચરિત્ર કલ્યાણકારી, એ તો જીવનમૂડી છે મારી ॥
સદા સભારું હું મનમાંય, નમું નમું ગુરુદેવ પાય ॥૨૧॥

હું તો વામન આપ વિરાટ, મુજ કારણ આપ સમ્રાટ ॥
કીધી કૃપા કહું શું કથાય, નમું નમું ગુરુદેવ પાય ॥૨૨॥

મુક્તમુનિના હૃદયરાજ, વાલા ઠાકોરજી મહારાજ ॥
મુને આપ્યા શું હેતે સમાય, નમું નમું ગુરુદેવ પાય ॥૨૩॥

બ્રહ્મમો'લના આપિયા કોલ, એ તો વર અતિ અણમોલ ॥
સદા સુખી હું તવ કૃપાય, નમું નમું ગુરુદેવ પાય ॥૨૪॥

આપ વાત્સલ્યવારિધિ માત, હું તો શિશુ તવ નવજાત ॥
આપો મુને ઉરમાંહિ વાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે મોક્ષદાતા ગુરુદેવ શ્રી નંદકિશોરદાસજી સ્વામીની સ્તુતિ કરી એ નામે નવમું પ્રકરણમ્ ॥૯॥

પ્રકરણ : ૧૦

પૂર્વછાયો :

સ્વામી શ્રીયોગાનંદજી, જેને હરિમાં હેત અપાર ॥
વિદુષજન શિરોમણિ, વળી નથી વિદ્યાનો ભાર ॥૧॥

અહંકાર રતિ નહિ, ને સરળ નિરમાન મૂરતિ ॥
આગ્રહ રહિત ભલા ખરા, નિર્મળ શું અંતર અતિ ॥૨॥

કવિ ગાયક વૈદ્યક વળી, નિજાશ્રિતના તારણહાર ॥
લોયામંદિરના નિર્માતાને, પ્રણમું વારમવાર ॥૩॥

ચોપાઈ :

યોગાનંદ સ્વામી તણાં દાસ, સાધુ રઘુનાથચરણદાસ ॥
તેના માધવપ્રિય પ્રમાણો, એના લક્ષ્મીપ્રસાદજી જાણો ॥૪॥

એમના શિષ્ય જે સુખખાણ, હરિપ્રિયદાસજી સુજાણ ॥
લળી લળી હું વંદન કરું, કાંઈ ગુણલાં પ્રેમે ઉચ્ચરું ॥૫॥

ધન્ય ધન્ય લાઠીદડ ગામ, જ્યાં પ્રગટ્યા પૂરણકામ ॥
ધન્ય ધન્ય કેશવજી તાત, ધન્ય કણબી કુળ વિખ્યાત ॥૬॥

અક્ષરાનંદજી બ્રહ્મચારી, એથી કંઠી ધારી સુખકારી ॥
બાળપણે શીખ્યા કીરતન, સંત-મંદિર ગમિયા મન ॥૭॥

તમે ચૌદ વર્ષે નિરધાર, તજ્યો સઘળો ઘર સંસાર ॥
સેવ્યા દોય વર્ષ ગુરુદેવ, પછી દીક્ષા પામ્યા તતખેવ ॥૮॥

કર્યો સંસ્કૃત ગ્રંથ અભ્યાસ, મોટા સંત રીઝવિયા ખાસ ॥
શીખ્યા સાધુતા ગુણ અપાર, જેનો પામે નહિ કોઈ પાર ॥૯॥

આપ ફર્યા ગઢપુર દેશ, કરી કથા-વાર્તા શું વિશેષ ॥
રંગ્યા અંતર મુમુક્ષુતણાં, કીધા નવા સત્સંગીઓ ઘણાં ॥૧૦॥

નથી નથી સ્વારથ લગાર, આપ અંતર અતિ ઉદાર ॥
કીધી સત્સંગ સેવા અમાપ, કર્યા સુખી ઘણાં જન આપ ॥૧૧॥

ધન્ય આપનો ત્યાગ-વૈરાગ, મહંતાઈનો જાગ્યો ન રાગ ॥
ઝાઝું ગામડે રે'તા જરૂર, કે'દિ પધારતાં ગઢપુર ॥૧૨॥

આવે જે આપની નિશ્રામાંય, એને અંતરે આગ બુજાય ॥
છૂટે ફૂવારા આનંદ કેરા, ઉગે ગુણ અનુપ ઘણેરા ॥૧૩॥

હરિસ્મૃતિ ગ્રંથ મન ગમે, હરિમૂરતિએ મન રમે ॥
વળી કંઠે કરીને જતન, ગાવો ઊંચે સ્વરે કીરતન ॥૧૪॥

અહો અહો હૃદે મહિમાય, એતો તવ ચોપડે જણાય ॥
નંદસંતો-ભક્તોના જીવન, એનું કીધું સારું સંકલન ॥૧૫॥

સંપ્રદાયની મૂડી પરમ, નહિ જાણવી એને તો કમ ॥
કે'શે રતન ઝવેરી સંત, નવ જાણે મંદમતિ જંત ॥૧૬॥

આપ વિચર્યા વિદેશમાંય, કર્યું સત્સંગ પોષણ ત્યાંય ॥
હેરો વળી બોલ્ટન શહેર, તિંયા મંદિર કીધા સુપેર ॥૧૭॥

કીધા ગુરુકુળ શિલાન્યાસ, રાજી હુવા તેણે નિજદાસ ॥
ઘણાં બંધાવ્યા હરિમંદિર, ગામડે ગામડે ફરી ધીર ॥૧૮॥

યોગાનંદજી સ્વામીના સંત, રહ્યા લોયાધામે ગુણવંત ॥
જોયું મંદિર ગુરુજીતણું, જીર્ણ-શીર્ણ થયેલ તે ઘણું ॥૧૯॥

એનું કરાવ્યું સમારકામ, વળી સત્સંગી પોષ્યા તમામ ॥
આપે સંકલ્પ કીધા અનુપ, સહુ સત્સંગને સુખરૂપ ॥૨૦॥

થાય ગ્રંથ ઘણા પ્રકાશિત, નંદસંતતણાં જે રચિત ॥
વળી મંદિર શું લોયામાંય, રુડું શિખરબદ્ધ તે થાય ॥૨૧॥

એહ સંકલ્પ પૂરવા કાજ, કટિ કસી આ અબુધે આજ ॥
વળી ગ્રંથ લોયા લીલા તણો, મેંતો આદર્યો ઉમંગે ઘણો ॥૨૨॥

એમાં આવી નડે વિઘ્ન જેહ, તમે ટાળજયો સ્વામીજી તેહ ॥
તમ જેવા સંત કૃપા કરે, ત્યારે સંકટ સઘળા મરે ॥૨૩॥

નથી નથી મુંમાં બળ કાંય, મારું બળ તે સંતકૃપાય ॥
માટે વરસો અનરાધાર, કરું તવ સંકલ્પ સાકાર ॥૨૪॥

મુને પોતાનો જાણીને તમે, મુજ ભેળા રે'જયો સમે સમે ॥
એજ સ્વીકારજયો અરદાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે સ્વામી શ્રીયોગાનંદજીની પરંપરાના સદગુરુ શ્રીહરિપ્રિયદાસજી સ્વામીની સ્તુતિ કરી એ નામે દસમું પ્રકરણમ્ ॥૧૦॥

પ્રકરણ : ૧૧

પૂર્વછાયો :

લીલા લોયાધામની, અતિ સુંદર ને સોયામણી ॥
સંતને સુખકારી છે, વળી દુષ્ટને દુઃખધામણી ॥૧॥

કહું ચરિત્ર કોડામણા, મારા નાથના જો નવીન ॥
સહેજે સહેજે સંભારતા, મન-બુદ્ધિ થાય લેલીન ॥૨॥

ધન્ય ધન્ય આ આયખું, ધન્ય ધન્ય અવતાર ॥
જશ ગાવા જગદીશના, મુને વાધ્યો અતિશે પ્યાર ॥૩॥

ચોપાઈ :

ધન્ય ધન્ય ધન્ય એહ જન રે, જેને હરિકથા ગમે મન રે ॥
અભાગીને ઉર નહિ ભાવે રે, જેને હરિ શું વૈર સુહાવે રે ॥૪॥

પય સાકર અમૃત અન્ન રે, પચે કુક્કુરને કયે દન રે ॥
ખાતા ખારેક દુઃખિયો હય રે, એમ અભાગી સુણ્યે હરિજય રે ॥૫॥

ઘૃત મીસરીથી કીટ મરે રે, જળે જવાસો કેમ ઉગરે રે ॥
ગોળ ગાડાએ ગીંગો મુંઝાય રે, એમ અભાગી આ કથામાંય રે ॥૬॥

જગમાંહિ સાકર સુખકારી રે, પણ ગર્દભ કે'શે નઠારી રે ॥
સૂર ઉગતા ઘૂર ઘૂરકે રે, એમ અભાગી આ સમે બકે રે ॥૭॥

એ તો આસુરી જનની વાત રે, પણ સંત સુણતા રળિયાત રે ॥
કે'શે થાજ્યો ભારે ભલું આનું રે, જેણે મે'ણું લીધુ છે માવાનું રે ॥૮॥

મારે ઉર ઉમંગ ન માય રે, હરિકથા કહું હુલસાય રે ॥
રોમ રોમ પુલકિત તન રે, મુને લાધિયું દોહ્યલું ધન રે ॥૯॥

જેમ વંધ્યા પામે સુત સાત રે, તેમ મળી મુને આ વાત રે ॥
રાંક સુપને બણિયો રાય રે, એમ આનંદ અંગ ન સમાય રે ॥૧૦॥

પામે અમૃત ઉપવાસી કોય રે, એને સીમા સુખતણી નોય રે ॥
એમ સુજ્ઞ જાણો મન મારુ રે, આજ ફૂલી રહ્યું છે અપારું રે ॥૧૧॥

સહું સુણો થઈ સાવધાન રે, જે જે શાસ્ત્રમાંહિ તે નિદાન રે ॥
વળી પરંપરાએ સુણાય રે, એવી કહું હું સઘળી કથાય રે ॥૧૨॥

પ્રભુ પ્રગટી પૂરવદેશ રે, કર્યો પશ્ચિમમાંહિ પ્રવેશ રે ॥
કોટિ મુક્તો તણાં પોતે સ્વામી રે, બહું વિચર્યા ઈયાં બહુનામી રે ॥૧૩॥

ગામ-ઠામ-નામનો ના'વે પાર રે, વળી લીલાનો ઘણો વિસ્તાર રે ॥
કહું મુજ સામર્થિ પ્રમાણ રે, સ્નેહે સુણજો સહું સુજાણ રે ॥૧૪॥

યતિપુરુષ નૃપ સુરો ભક્ત રે, હરિસખા તે જગથી વિરક્ત રે ॥
એ તો વસે ગરાસ ગામ દોય રે, લોયા- નાગડકા નામ સોય રે ॥૧૫॥

તિંયા પધાર્યા સુંદર શ્યામ રે, સંત-સખા સંગ અભિરામ રે ॥
કીધા ચરિત્ર અતિ સુખકારી રે, તેહ વર્ણવું સ્મૃતિ અનુસારી રે ॥૧૬॥

ધન્ય ધન્ય ધરા તે પાવન રે, ધન્ય કૂપ નદીતટ વન રે ॥
જીયાં વિચર્યા પૂરણકામ રે, ધન્ય ધન્ય તે શ્રીલોયાધામ રે ॥૧૭॥

નો'તો દીઠો નો'તો સુણ્યો કાન રે, એવો મહાશાકોત્સવ નિદાન રે ॥
જીયાં કીધો કૃપાએ ઘનશ્યામ રે, ધન્ય ધન્ય તે શ્રીલોયાધામ રે ॥૧૮॥

ઇચ્છારામ ને રામપ્રતાપ રે, હુવો એનો પ્રથમ સુમેળાપ રે ॥
તેહ સંગે રંગે રમ્યા શ્યામ રે, ધન્ય ધન્ય તે શ્રીલોયાધામ રે ॥૧૯॥

સુરાભક્તને પ્રેમવિવશ રે, કહ્યા વચનામૃત અષ્ટાદશ રે ॥
અતિ અનુપ વળી અભિરામ રે, ધન્ય ધન્ય તે શ્રીલોયાધામ રે ॥૨૦॥

સંપ્રદાયતણી ગાદી જેહ રે, દીધી વાસુદેવાનંદને તેહ રે ॥
જાણી વર્ણીને મહાનિષ્કામ રે, ધન્ય ધન્ય તે શ્રીલોયાધામ રે ॥૨૧॥

દીધા કલ્યાણના કોલ યાંથી રે, તરે લોહ જ્યું કાષ્ટસંગાથી રે ॥
એમ સંત સંગે નર વામ રે, ધન્ય ધન્ય તે શ્રીલોયાધામ રે ॥૨૨॥

મહિમાવંત શ્રીલોયાધામ રે, કહું લીલા તેની સુખધામ રે ॥
વળી નાગડકાલીલા સંગ રે, કહું જેનો અતિ રુડો રંગ રે ॥૨૩॥

વળી વળી નમું પ્રગટ સંત રે, નમું પ્રગટ સહું હરિભક્ત રે ॥
આપ રાજી રહેજ્યો હૃદામાંય રે, વળી આપો આશિષ સમાય રે ॥૨૪॥

સહું સુણજ્યો પ્રેમસંગાથ રે, ગાઉં હરિચરિત્ર શુભગાથ રે ॥
અનુક્રમતણો તજી ત્રાસ રે, કહે ઘનશ્યામપ્રકાશદાસ રે ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે ગ્રંથની ભૂમિકા કહી એ નામે અગિયારમું પ્રકરણમ્ ॥૧૧॥

પ્રકરણ : ૧૨

પૂર્વછાયો :

શુભમતિ સહું સાંભળો, કહું પાંચાળ ભૂમિની વાત ॥
દ્રુપદતનયા દ્રૌપદીની, જનની જગવિખ્યાત ॥૧॥

કુંકુવરણી ધરણી, જીયાં રાજે માંડવરાય ॥
વીરબંકા નર લડંતા, શોભે શૂરા સદાય ॥૨॥

શૌર્ય કણ-કણમાં જીયાં, ને મરજાદા અતિ ઘણી ॥
ટેકીલા નર-નારીઓ, એ દેવભૂમિ પાંચાળતણી ॥૩॥

ચોપાઈ :

અતિ રમ્ય દેવભૂમિ પાંચાળ રે, ઈંયા સુંદર શોભે ગિરિમાળ રે ॥
છોટા-મોટા પર્વત દિસે ઘણાં રે, દિસે સ્થાનક તિંયા દેવતણા રે ॥૪॥

વળી કણ્વ ને ઓતિથ્ય સુધીરા રે, ભેરુપતિ ગાલવ ને અંગિરા રે ॥
પંચ તપેશ્વરના તપ નિત રે, તેણે પાંચાળ પરમ પુનિત રે ॥૫॥

પાંચાળતણો જીવનપ્રાણ રે, ભદ્રાવતી સરિતા સુજાણ રે ॥
રમ્યઘોષા ને નિર્મળ નીર રે, વહે સંગાથે શીતળ સમીર રે ॥૬॥

નાના પ્રકારના જળચર રે, કરે કિલ્લોલ તે મુદભર રે ॥
ક્યાંઈ તટ જો સુંદર રેતાળ રે, ક્યાંઈ ઘાટતણી છે હારમાળ રે ॥૭॥

ઘાટે-ઘાટે તે દેવમંદિર રે, અતિ પ્રાચીન અતિ સુંદિર રે ॥
વળી પુર ગ્રામ ને નગર રે, એ તો સરવે સમૃદ્ધિ સભર રે ॥૮॥

ઠામ-ઠામ દિયે સદાવ્રત રે, તેણે રહે રાજી અભ્યાગત રે ॥
જોગી જતિની જાયગાઓ ઘણી રે, એથી પાવન પાંચાળ ધરણી રે ॥૯॥

વળી પાવન નગ નાગનાથ રે, સોહે સુંદર શિખર્યું સંગાથ રે ॥
રાજે તિયાં સદાશિવરાય રે, નગતળે રૂડી વનરાય રે ॥૧૦॥

વનરાયમાં જળપ્રવાહ રે, વહે ત્રિવિધે અતિ ઉછાહ રે ॥
ભદ્રાવતી મધુવંતી વળી રે, નાગડૂક્યો કહે નર મળી રે ॥૧૧॥

એના બેટમાં સુંદર દોય રે, પુર લોયા-નાગડકા સોય રે ॥
એની શોભા મુખે શું વખાણું રે, વિશ્વકર્માની રચના પ્રમાણું રે ॥૧૨॥

દિસે સુવર્ણદ્વાર દિશ દોય રે, ઉગમણે આથમણે સોય રે ॥
શોભે પુરમાં સ્વચ્છ બજાર રે, દોય બાજુ રંભાસ્તંભ હાર રે ॥૧૩॥

રાજપુરુષોના સદન શોભે રે, જોઈ સુરપતિ મન લોભે રે ॥
ભાત્ય ભાત્યના ભીતમાં ચિત્ર રે, એમાં ચળકે આભલા વિચિત્ર રે ॥૧૪॥

દિસે સુવર્ણસ્તંભ અપાર રે, સોહે મોતી તોરણિયાં દ્વાર રે ॥
વળી અશોક-આંબાના પાન રે, મંગળમય શોભે તે નિદાન રે ॥૧૫॥

ગોખ ગવાક્ષ કમાન વેલ રે, કહું ગોપુર કાષ્ટના રચેલ રે ॥
એમાં સુંદર નકશીકામ રે, અજબ અમૂલખ તમામ રે ॥૧૬॥

ધતૂરાના તે ફૂલસમાન રે, રજાયું ધડકીયું નિદાન રે ॥
ગાદી-તકિયા સાજ-સમાજે રે, હિંગળોકિયા ઢોલિયા રાજે રે ॥૧૭॥

રાજે તિયાં શ્રીસુર્યઉપાસી રે, પરોણાગતના ખરા પ્યાસી રે ॥
અતિ કઠણવ્રતે છે પૂરા રે, તેણે જગે કા'વ્યા કાઠી શૂરા રે ॥૧૮॥

શીલ પ્રેમ વળી તેજોવંત રે, રણનીતિમાં કુનેહમંત રે ॥
બરછી અસિ પ્રિય ઓજાર રે, વરી અશ્વવિદ્યા જાણનાર રે ॥૧૯॥

કૃષિક્ષેત્ર અતિશે વિશાળ રે, તિંયા વસિયા પશુ પશુપાળ રે ॥
ગાય લાંબે સાદે હરિગીત રે, સુણી હરખ વાધે સહુ ચિત્ત રે. ॥૨૦॥

ખેતરોમાં લથબથે મો'લ રે, ચરે મહિષીઓ અણમોલ રે ॥
રાતાં-ધોળાવરણા નંદી-ગાય રે, અજા-મેષના ટોળા ઊભરાય રે ॥૨૧॥

વિધ-વિધ પ્રકારના ધાન રે, ફળ-ફૂલ ને તેલિયા નિદાન રે ॥
શાક-પાક ભાજી-તરકારી રે, વડા વૈતાક વિલસે અપારી રે ॥૨૨॥

વળી દોય નગર મોઝાર રે, વસે વાસ વરણ અઢાર રે ॥
દેશ-દેશ તણા નર-નાર રે, આવ્યે ઉભરાય ચૌટા બજાર રે ॥૨૩॥

હાટડીઓએ જામે છે ભીડ રે, તેણે ભાંગે છે દારિદ્રય પીડ રે ॥
નિત્ય ઉછળે સુખની છોળ્યુ રે, વવરાય ધન અણતોળ્યુ રે ॥૨૪॥

દેખી ધીક-ધીકતો વેપાર રે, દાઝે દુશ્મન દિલ અપાર રે ॥
હવે રાજકુળનો પ્રકાશ રે, કરે ઘનશ્યામપ્રકાશદાસ રે ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે પાંચાળમાં લોયા-નાગડકા વર્ણન એ નામે બારમું પ્રકરણમ્ ॥૧૨॥

પ્રકરણ : ૧૩

પૂર્વછાયો :

રૂડા રૂડા રાજવી, લોયા - નાગડકાના સોય ॥
પાળે પ્રજાને પ્રેમશું, ભલે આપત્કાળ હોય ॥૧॥

સામ દામ દંડ ભેદમાં, વરતે પૂરા પ્રવીણ ॥
રાજ કરે રૂડી રીતશું, કૂડ કપટ ક્રૂરતા વિણ ॥૨॥

લીધી ટેક મૂકે નહિ, વળી દિલના દરિયાવ ॥
પેખી સાધુ મહાતમા, ઉર ઉપજે અતિશે ભાવ ॥૩॥

ચોપાઈ :

સૂર્યનારાયણના ઉપાસી, સૂર્યવંશી વળી સુખરાશિ ॥
નાપા ખાચર છે શુભ નામ, મૂળપુરુષ એ ગુણધામ ॥૪॥

એના સુપુત્ર મૂળુ ખાચર, પૌત્ર જાણજયો નાથા ખાચર ॥
અતિ ધર્મવાળા એના સુત, ડોસા ખાચર ખરા સપૂત ॥૫॥

એના ત્રણ્ય સુત અભિરામ, હાથિયા ને નાપા શુભ નામ ॥
ત્રીજા અનાદિ અક્ષરમુક્ત, સુરા ખાચર સદગુણજુક્ત ॥૬॥

અઢારસો બત્રીસની સાલ, વળી અખાત્રીજતણો તાલ ॥
તે'દિ ધર્યું નાગડકે તન, સુરબાઈને કૂખે પાવન ॥૭॥

શૌર્ય વીર્ય અર્જુન સમાન, વિદૂર સમ વળી નીતિમાન ॥
ધર્મે જાણો યુધિષ્ઠિરરાય, મિથિલેશ સાંખ્યજ્ઞાનમાંય ॥૮॥

હરિયશ સુણવા અપાર, પૃથુરાજા સમ નિરધાર ॥
ધ્યાન ધારણા નિષ્કામ ભક્તિ, વળી પ્રહલાદ સમ વિરક્તિ ॥૯॥

પ્રિયવ્રત વળી અંબરિષ, શિબિ આદિક જે અવનીશ ॥
તેહ તુલ્ય કરે રાજકાજ, જન જાણે મહામુક્તરાજ ॥૧૦॥

પરા પ્રીતિ પ્રભુપદમાંય, લેશ રુચિ નથી બીજે ક્યાંય ॥
ખાચરકુળ શિરોમણિ આપ, હૈયે સંભારે હરિ અમાપ ॥૧૧॥

વિપ્ર ધેનું દેવ ને ભૂદેવ, એની કરે નિત્ય નવી સેવ ॥
શીલ સંતોષ દલ ઉદાર, વરા વિચક્ષણ બુદ્ધિ અપાર ॥૧૨॥

સચ્છાસ્ત્રા વાંચે સુણે નિત, તેણે મહાજ્ઞાની છે ખચિત ॥
નથી ભાર જ્ઞાનતણો લેશ, હસે હસાવે સૌને હંમેશ ॥૧૩॥

રૂડા કૂડા જે પંચવિષય, એનો અભાવ તે અતિશય ॥
શૂરવીર વળી નિરમાન, અતિધીર નહિ અભિમાન ॥૧૪॥

પરધન પરનારમાંય, ચિત્તવૃત્તિ ચળે ન કદાય ॥
દંભ પાખંડ ને નથી પાપ, આપે વરતે અતિ નિષ્પાપ ॥૧૫॥

એને ભુવન નૌતમ નાર, પત્ની શાંતિબાઈ છે ઉદાર ॥
અનાદિ અક્ષરમુક્ત એહ, પરમ લક્ષ્મીસ્વરૂપા તેહ ॥૧૬॥

મેના શતરૂપા આદિ સતી, તેહ તુલ્ય વર્તે મહામતિ ॥
તપ-ત્યાગ પરાયણ તન, ધર્મ-ભક્તિ સભર જીવન ॥૧૭॥

કે'દિ મર્યાદ તે નવ ચૂકે, ગ્રહી ટેક કે'દિ નવ મૂકે ॥
રાજસ્ત્રીઓને શોભાસ્વરૂપ, શાંતિબા દિસે પરમ અનૂપ ॥૧૮॥

એને એક સુત સુતા ચાર, મહાભક્ત ખરા નિરધાર ॥
નાથા ખાચર ને વલુબાઈ, એની જન જાણે છે વડાઈ ॥૧૯॥

વળી દોય સુતા બીજી જેહ, દિસે દૈવી અવતાર એહ ॥
ભજે પ્રભુ પરોક્ષ પ્રમાણ, મળે પ્રગટ એ મને તાણ ॥૨૦॥

મળે પ્રગટ પ્રભુજી જયારે, થાય પરમ કલ્યાણ ત્યારે ॥
કાં તો એના મળેલ જે સંત, આણે ભવાટવીનો તે અંત ॥૨૧॥

તેહ વિના નક્કી નિરધાર, પ્રાણી નવ પામે ભવપાર ॥
મર કરે જો કોટિ સાધન, સ્વપનેય ના'વે ભગવન ॥૨૨॥

રવિ વિના નવ જાય રાત, ન પ્રગટે નવલ પ્રભાત ॥
વળી પ્રગટ અગનિ વિણ, કોણ ટાઢય ટાળવા પ્રવિણ ॥૨૩॥

પ્રગટ તે અન્ન-જળ વિના, રહે ક્ષુધા-પિપાસા નવીના ॥
એમ પ્રગટ મળ્યે કલ્યાણ, કહે સર્વે શાસ્ત્ર ને પુરાણ ॥૨૪॥

એમ કરતાં વાત-વિચાર, ઘટી એક ઘટના તે વાર ॥
આણી હૈયે તે અતિશે હુલ્લાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે સુરાખાચરનો પરિવાર કહ્યો એ નામે તેરમું પ્રકરણમ્ ॥૧૩॥

પ્રકરણ : ૧૪

પૂર્વછાયો :

ધન્ય ધન્ય એહ જનને, જે તલખે છે ભગવંત ॥
ભવાટવીને ટાળવા, કાં સાચા સદગુરુ સંત ॥૧॥

મુમુક્ષુતા તો પૂરવની, વળી મુક્તપણું પણ સોય ॥
તોય ઈચ્છે આશરો, મળે પ્રભુ કે સંત કોય ॥૨॥

એવા જનની આશને, પ્રભુ કરે છે પરિપૂરણ ॥
મળે કાં તો મેળવે, નક્કી અશરણશરણ ॥૩॥

ચોપાઈ :

એવામાંહિ બની એક વાત, છે જો સાંભળ્યા જેવી સાક્ષાત ॥
સુરા ખાચર બેઠા ઓસરી, ઘણે હેતે સંભારતા હરિ ॥૪॥

આવિયા તિંયા એક મે'માન, જેને જોતા ભુલાય જો ભાન ॥
દીઠે ઉપજયુ અતિ ખેંચાણ, નથી પૂછ્યું કોણ છો સુજાણ ॥૫॥

રૂપ રૂપ રૂપના અંબાર, જાણ્યે કોઈ દૈવી અવતાર ॥
તેજે ઝળકે ભાલ વિશાળ, કાને હેમકડીઓ રસાળ ॥૬॥

કાળા કાળા અણિયાળા નેણ, મુખે મધઝર્યા મીઠા વેણ ॥
વેણે વેણે વીજળીયું થાય, માનો હરિ મળ્યા એને ભાય ॥૭॥

ખંભે વિલસે કામળી કાળી, વળી હાથે ડાંગ કડિયાળી ॥
શ્વેત કેડિયું શ્વેત ચોરણી, માથે મોળીડાની શોભા બણી ॥૮॥

અંગોઅંગે છલકે આનંદ, કેફે ડોલે લલકારે છંદ ॥
ઘડી-અધઘડી એને માણી, સુરા ખાચરે ઉચ્ચારી વાણી ॥૯॥

કોણ છો વારુ ક્યાં થકી આવો ? મનોરથ તમારો સુણાવો ॥
અલમસ્ત દિસો કેમ અંગ ? કેમ પામિયા આવો ઉમંગ ? ॥૧૦॥

સુણી મે'માન બોલિયા આવું, મારી વાત સઘળી સુણાવું ॥
મુજ મસ્તીનું કારણ એહ, મળ્યા સાચા સંત મુને જેહ ॥૧૧॥

એને રોમે રોમે ભગવાન, રમે અખંડ થૈ ગુલતાન ॥
અહોનિશ રમે તે મૂરતે, નવ તણાય કોઈ સૂરતે ॥૧૨॥

કાળ કર્મ માયાતણી જાળ, એમાં નવ ફસે તે મરાળ ॥
નથી કનક કાન્તાએ મન, એ તો દોય ભુજે ભગવન ॥૧૩॥

શમ દમ શીલ ને સાધુતા, ક્ષમા દયા કરુણા ઋજુતા ॥
એહાદિ જેનું સદગુણધન, એ તો દોય ભુજે ભગવન ॥૧૪॥

માહાત્મ્યેયુક્ત નિષ્કામ ભક્તિ, આત્મજ્ઞાન ને વળી વિરક્તિ ॥
એનું કરે કરાવે જતન, એ તો દોય ભુજે ભગવન ॥૧૫॥

એકાંતિક ને વર્ણ આશ્રમ, ધર્મ પાળે પળાવે પરમ ॥
એને શરણે થાય ભજન, એ તો દોય ભુજે ભગવન ॥૧૬॥

આસુરી તજે આસુરભાવ, દૈવી જીવ પામે દિવ્યભાવ ॥
સહું મૂરતે થાય મગન, એ તો દોય ભુજે ભગવન ॥૧૭॥

એનું નામ સુણ્યે શાંતિ થાય, એને દર્શને દુઃખ દળાય ॥
એને સેવે સારા સંતજન, એ તો દોય ભુજે ભગવન ॥૧૮॥

શાસ્ત્રો કહ્યા જે ત્રીશ લક્ષણ, તેણે કરી છે પરિપૂરણ ॥
તારે ખરેખરો તુચ્છ જન, એ તો દોય ભુજે ભગવન ॥૧૯॥

મર હોય ગમે તેવો પાપી, પરદારાગમની સુરાપી ॥
એને પળમાં કરે પાવન, એ તો દોય ભુજે ભગવન ॥૨૦॥

રૂડું નામ સ્વામી રામાનંદ, ટાળે લખચોરાસીના ફંદ ॥
એનો દામ વિનાનો વેચાણ, મુને જાણો સેવક સુજાણ ॥૨૧॥

ભોજો ચારણ છે મુજ નામ, ચાડદિકા ગામે મુજ ઠામ ॥
સ્વામીઆગન્યાને શિશ ધરું, મારો જનમ સુફળ કરું ॥૨૨॥

એવું સુણતાં સુરા ખાચર, હુવા અતિશે આનંદભર ॥
કહે ધન્ય ધન્ય તમે જન, પામ્યા સંતરૂપે ભગવન ॥૨૩॥

કહો ક્યાં પ્રગટ્યા રામાનંદ, ટાળ્યા કેવા કોના ભવફંદ ॥
કિંયા કિંયા વિચરિયા સ્વામી, સહુ જીવના અંતરજામી ॥૨૪॥

કહે પ્રીતેથી ભોજા ભગત, સુણો સુણાવું વાત વિગત ॥
જેથી ટળે તન મન ત્રાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે સુરા ખાચરને ભોજા ચારણ મળ્યા એ નામે ચૌદમું પ્રકરણમ્ ॥૧૪॥

પ્રકરણ : ૧૫

પૂર્વછાયો :

નમું નમું શ્રીઅવધને, જીયાં પ્રગટ્યા સદગુરુદેવ ॥
સ્વામી રામાનંદજી, મારા પ્રગટ પ્રમાણ દેવ ॥૧॥

મહાઘોર કળિકાળમાં, આપે ઉદ્ધવજી મહારાજ ॥
પ્રગટિયા કરુણા કરી, કોટિ જીવ તારવા કાજ ॥૨॥

સદગુરુરૂપે શ્યામળો, શ્રીકૃષ્ણ દ્વારિકાધીશ ॥
ભારે ભૂભાર ભાંગવા, આજ વિચરે અહોનિશ ॥૩॥

ચોપાઈ :

ધન્ય ધન્ય શ્રીઅજય તાત, ધન્ય ધન્ય શ્રીસુમતિ માત ॥
એને ઘેર પ્રગટ્યા શ્રીરામ, મારા સ્વામીશ્રી પૂરણકામ ॥૪॥

ધર્યો દ્વિજકુળ અવતાર, દૈવી જીવ તારવા આ વાર ॥
થયે અષ્ટ વર્ષે ઉપવીત, ધારી આપે પરમ પુનિત ॥૫॥

એક કૃષ્ણસેવા મન ગમે, કૃષ્ણચરણમાં મન રમે ॥
કૃષ્ણચરિત્ર વિનાની વાત, લાગે વિષસમ તે સાક્ષાત્ ॥૬॥

પછી ભણવાનું લઈ મિષ, ગૃહ તજી ચાલ્યા મારા ઈશ ॥
આવ્યા રૈવતાચળે અકામ, જીયાં આત્માનંદ સુખધામ ॥૭॥

તિંયા સાધિયો અષ્ટાંગ યોગ, પણ ન ટળ્યો કૃષ્ણવિયોગ ॥
તજી આત્માનંદ ગુરુદેવ, લીધી રામાનુજતણી સેવ ॥૮॥

સુણે શ્રીપ્રપન્નામૃત નિત્યે, વળી ધ્યાન ધરે ઘણી પ્રીત્યે ॥
જપે અષ્ટોત્તરશત નામ, દોય માસે થયા પૂર્ણકામ ॥૯॥

દીધી રામાનુજાચારે દીક્ષા, થઈ પૂરણ પરી પ્રતીક્ષા ॥
પછી ચાલ્યા વૃંદાવનધામ, નંદનંદન નીરખવા કામ ॥૧૦॥

તિંયા પ્રત્યક્ષ દર્શન કીધા, વળી દોય મંત્ર પ્રેમે લીધા ॥
સંપ્રદાય સ્થાપ્યો ઉદ્ધવીય, કૃષ્ણઆજ્ઞા થકી તે ઘડીય ॥૧૧॥

પછી વિચરી દેશ-પ્રદેશ, દૈવીને દીધા શું ઉપદેશ ! ॥
સહી આસુરીના ઉપહાસ, ધરી સુખ-શાંતિતણી આશ ॥૧૨॥

આવ્યા ગુર્જરધરાએ સ્વામી, કચ્છ સોરઠે અંતરજામી ॥
તિંયા ચલાવ્યો ધર્મ એકાંત, તાર્યા જીવ અનેક આ પ્રાંત ॥૧૩॥

કરાવીને સમાધિયું સારી, દેખાડે છે શ્રીકૃષ્ણ મુરારી ॥
ઠામ-ઠામ આપે સદાવ્રત, તેણે પ્રસરે ઉદ્ધવ મત ॥૧૪॥

મુજસમા કંઈ ગૃહી ત્યાગી, સ્વામીચરણતણા અનુરાગી ॥
ડોલે કેફે ને ગાવે હુલ્લાસ, સ્વામીશ્રીજીનો જશ વિલાસ ॥૧૫॥

સુણી સ્વામીનું શુભચરિત, સુરા ખાચર થ્યા પુલકિત ॥
હૈયે ઉભરાયું અતિ હેત, તેહ પણ માહાત્મ્ય સમેત ॥૧૬॥

કહે ભોજા ચારણને ભૂપ, મળે કિંયા સ્વામી સુખરૂપ ॥
મને થાય મને ઘણી તાણ, મળે સ્વામીજી પ્રગટ પ્રમાણ ॥૧૭॥

ઈંયા પડે સ્વામી પદરજ, તો તો સોનાનો ઉગે સૂરજ ॥
પણ પે'લા જાવું મારે તિંયા, રામાનંદજી બિરાજે જીયાં ॥૧૮॥

મુને બતાવો ઠામ-ઠેકાણું, જીયાં સર્વે તીરથ પ્રમાણું ॥
બૂઝશે મુજ દિલની દાઝ, પેખી રામાનંદજી મા'રાજ ॥૧૯॥

એમ બોલતા સુરા ખાચર, થયા વિહવળ વિયોગભર ॥
વહ્યા દોય નેણે ઉષ્ણ નીર, વળી કંપિયું સારુ શરીર ॥૨૦॥

દેખી ભોજા ભગત વિચારે, મહામુક્ત આ તો કોઈ ભારે ॥
પ્રગટ્યા શ્રીજીસેવાને કાજ, ભલે ભલે મળ્યા મુને આજ ॥૨૧॥

પછી ઉર ધરી અતિ પ્રેમ, બોલ્યા ભોજા ચારણ સુનેમ ॥
જેવું તમારુ જોયું ખેંચાણ, તેવું મુંમા નથી જો સુજાણ ॥૨૨॥

કારિયાણીના માંચો ખાચર, કરે દીપોત્સવ મુદભર ॥
ધરાવશે અન્નકૂટ ભોગ, તિંયા થાશે સ્વામીજીનો યોગ ॥૨૩॥

વળી દેશોદેશતણા સંત, હરિજન પણ તે અનંત ॥
આવશે કારિયાણી મોઝાર, તેને પણ મળશો તે વાર ॥૨૪॥

સુરા ખાચર સુણતા એમ, ભેટી પડ્યા ભોજાને સપ્રેમ ॥
કેમે છોડે નહિ બાહુપાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે ભોજા ચારણે શ્રીરામાનંદ ચરિત્ર કહ્યું એ નામે પંદરમું પ્રકરણમ્ ॥૧૫॥

પ્રકરણ : ૧૬

પૂર્વછાયો :

ભેટી પડ્યા અતિ ભાવથી, ભોજા ચારણ ને ભૂપ સુર ॥
આશા વળી છે અંતરે, હવે નથી એ દિન દૂર ॥૧॥

પ્રગટના ગુણગાનની, નિત થાયે નવી વાતડી ॥
સુણતા સુરપરિવારની, ફાટે સુખથી છાતડી ॥૨॥

ભલે ભલે આવી મળ્યો, ભોજા ચારણનો સતસંગ ॥
દુકાળમાં આંખે દીઠી, વાદળી શ્યામલ રંગ ॥૩॥

ચોપાઈ :

એમ વીતીયા ઘણા વાસર, ખરેખરા આનંદ સભર ॥
એક દિન કહે ભોજાભાઈ, રાય ! મુજને આપો વિદાઈ ॥૪॥

પછી ભેટ-પે'રામણી કીધી, ભારે હૈયે વિદાય શું દીધી ॥
હવે સુરા ખાચરને મન, સુના સુના થ્યા રાજભવન ॥૫॥

દિન જાતા નવ જાય રેણ, રેણ જાતા દિન દુઃખદેણ ॥
વીતે પળ પળ જુગ સમ, સ્વામી દરસ વિણ અગમ ॥૬॥

દોય નેણે વહે નિત આંસુ, ત્યાં તો આવી મંડાણું ચોમાસુ ॥
વીતી અષાઢી શ્રાવણી હેલી, આવી શરદ ઋતુ અલબેલી ॥૭॥

ગામ શ્રીકારિયાણી મોઝાર, પ્રેમે પધાર્યા પ્રાણઆધાર ॥
રામાનંદ સ્વામીજી મા'રાજ, કોટિ જીવ તારવાને કાજ ॥૮॥

થયો ઢોલ નગારાનો ઘોર, વળી શરણાયું તણો શોર ॥
ગાય માનુની મંગળ ગીત, આવ્યા દર્શને જન અગણિત ॥૯॥

અન્નકૂટ તણો દિન આવ્યો, માંચા ખાચરને મન ભાવ્યો ॥
કીધી તૈયારી ઉત્સવતણી, લખી કંકોતરી ઘણી ઘણી ॥૧૦॥

ભોજા ચારણને તેહવાર, સાંભર્યો શ્રીસુરપરિવાર ॥
મોકલી પત્રિકા શુભસાર, લોયા-નાગડકા દરબાર ॥૧૧॥

વાંચી-સુણી સજીવન થિયા, જાણે પ્રાણમાં પ્રાણ આવિયા ॥
ચાલ્યા તુરત થઈ તૈયાર, વેગે આવિયા માંચાને દ્વાર ॥૧૨॥

નેણે નીરખ્યા જીવનપ્રાણ, રામાનંદ સ્વામીજી સુજાણ ॥
શોભે તારે વીંટ્યો જેમ ચંદ, તેમ સ્વામીજી ને સંતવૃંદ ॥૧૩॥

પ્રણિપાત કરી જોડ્યા પાણ, સુરા ખાચર ઉચ્ચર્યા વાણ ॥
અહો ! ભાગ્યશાળી હું બ્રહ્મન, મુને મળ્યું આપનું દર્શન ॥૧૪॥

વેદ શાસ્ત્રા પુરાણ અઢાર, એહ સર્વે તણો એ જ સાર ॥
તમ સરીખા જે સાચા સંત, એમાં પ્રગટ વસે ભગવંત ॥૧૫॥

તમ જેવા જે સતપુરુષ, તેનું દુર્લભ મળવું દરસ ॥
તમ મળ્યે ટળે કર્મ કોટિ, એથી બીજી વાત કઈ મોટી ॥૧૬॥

સુરતરુ વળી ચિંતામણિ, કામધેનું ને સિદ્ધિયું ઘણી ॥
દિયે ઇચ્છિત વસ્તુ પ્રમાણ, તોય એ નથી આપ સમાન ॥૧૭॥

તમ જેવા જમે જેનો કણ, એને મટે ભવભટકણ ॥
તમે જાલો જે જીવનો હાથ, એના ભાગ્યની શું ગાઉં ગાથ ? ॥૧૮॥

એને માથે નથી કાળ-માયા, જેણે લેશ તવ ગુણ ગાયા ॥
જેણે આશરો કીધો તમારો, એને બંધ થયો જમદ્વારો ॥૧૯॥

તવ કૃપાએ કુકર્મ બળે, તવ કૃપાએ ગ્રંથિઓ ગળે ॥
તવ કૃપાએ સાધન ફળે, તવ કૃપાએ મોહન મળે ॥૨૦॥

એમ સ્તુતિ કરીને ભૂપતિ, સુરાખાચરે પ્રેમે શું અતિ ॥
સ્વામીચરણે મુકીયું શીશ, કહે ધન્ય કરો મારા ઈશ ॥૨૧॥

સ્વામીએ નિજ અભયકર, સ્થાપિયો તે મસ્તક ઉપર ॥
આપ્યા ઉદ્ધવીય વ્રતમાન, વળી દીધાં તે અભયદાન ॥૨૨॥

ભોજા ચારણે શું તેહવાર, ઉચ્ચ સ્વરે કર્યો જયજયકાર ॥
પછી જામ્યો રૂડો સતસંગ, ચિત્તે ચડીયો રંગ અભંગ ॥૨૩॥

નિત આનંદ ઉત્સવ થાય, હરિગુણલા હેતે ગવાય ॥
સ્વામીશ્રી કહે વાતો નવીન, વીતે પળમાં રેણ ને દિન ॥૨૪॥

સુરાખાચરનો પરિવાર, મુક્ત પૂર્વનો છે નિરધાર ॥
ભળી સ્વર્ણમાં સારી સુવાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે સુરાખાચરને રામાનંદ સ્વામીના દર્શન થયા એ નામે સોળમું પ્રકરણમ્ ॥૧૬॥

પ્રકરણ : ૧૭

પૂર્વછાયો :

ઉપજી ઈચ્છા અંતરે, સુરા ભક્તને એક દન ॥
સ્વામી પધારે પ્રેમ શું, મારે ભુવન પ્રાણજીવન ॥૧॥

બ્રહ્મસ્વરૂપ આ સંતની, પદરજ લેશ પડે જીયાં ॥
પાવન થાય એ પૃથવી, મહાતીર્થ સરજાયે તિંયા ॥૨॥

એ જ ગૃહસ્થને ધન્ય છે, જેના ગૃહે પધારે સંત ॥
સેવા સજે અતિ ભાવથી, જાણી એમાં પ્રગટ ભગવંત ॥૩॥

ચોપાઈ :

એવું વિચારીને મનમાંય, સુરા ખાચર આવિયા ત્યાંય ॥
બિરાજે જીયાં કૃપાનિધાન, રામાનંદ સ્વામી ભગવાન ॥૪॥

કીધા લળી લળીને પ્રણામ, પછી બોલિયા ભક્ત સુજાણ ॥
સ્વામીજી ! પધારો મુજ ઘેર, દાસ પર કરો કાંઈ મે'ર ॥૫॥

મારા દેવ પ્રગટ પ્રમાણ, મુને જાણો તમારો વેચાણ ॥
મુજ સેવા સ્વીકારોને જરી, મુને ધન્ય કરો ગુરુહરિ ॥૬॥

ત્યારે રામાનંદજી મુનીશ, કહે સુણો રાય ! લોયાધીશ ! ॥
જોયો અતિશે તમારો ભાવ, પણ સત્ય વાત કહું સાવ ॥૭॥

મુને તાણ્ય મ કરો લગાર, હું તો ડુગડુગી વગાડનાર ॥
ખરા ખેલનો ભજાવનાર, એ તો આવશે તમારે દ્વાર ॥૮॥

એની વાત કહું કિયે મુખ, તમે દેખશો મુખોન્મુખ ॥
કોટિ બ્રહ્માંડનો કરતાર, વળી અક્ષરનો જે આધાર ॥૯॥

અવતાર તણો અવતારી, વિશ્વભાવન વિશ્વવિહારી ॥
કૈંક જીવના કરશે કામ, સે'જે પોં'ચાડશે નિજ ધામ ॥૧૦॥

નરનારી થાશે નિઃશંક, ભલે હોય રાય વળી રંક ॥
ભાંગશે જન્મમરણ ભય, વળી આપશે વર અભય ॥૧૧॥

જીત્યના જાંગી વાગશે ઢોલ, રેલાવશે એ સુખ અતોલ ॥
ખોટ્ય જાશે સરવે ખોવાઈ, દુઃખ જાશે સરવે દળાઈ ॥૧૨॥

જોવા રાખશે નહિ એ જોડ, કરશે કલ્યાણ સહુ શિરમોડ ॥
દેશે પોતે અતિ અતિ દાત્ય, નહિ જુએ એ જાત્ય કુજાત્ય ॥૧૩॥

વરસે અષાઢી અનરાધાર, ધુવે ધરતીના મળ અપાર ॥
એમ પૂરણ બ્રહ્મ પધારી, કરશે નિર્મળ સહુ નરનારી ॥૧૪॥

પ્રગટી પૂરવ દિશે દિનેશ, ટાળે તમ નિશાનું હંમેશ ॥
એમ અજ્ઞાનરૂપી અંધાર, હરિ હરશે પ્રગટી આ વાર ॥૧૫॥

અણચિંતવ્યુ આપશે સુખ, ભૂખ્યા જનની ભાંગશે ભૂખ ॥
અક્ષરાતીત જે અવિનાશી, તુજ સાર લેશે સુખરાશિ ॥૧૬॥

દેશે ઉત્તમ તે ઉપદેશ, વિચરી ઘણું દેશ વિદેશ ॥
કળિજુગનું કાઢશે રાજ, સતજુગ વરતાવશે રાજ ॥૧૭॥

અધર્મનું નહિ રહે જોર, દંડ પામશે ધર્મના ચોર ॥
અઢળક ઢળી અલબેલ, રંગ રેલાવશે રંગરેલ ॥૧૮॥

સિંધુ પર્યંત ભૂમિના વાસી, થાશે સહુ ધામના નિવાસી ॥
અઘવંત જે જન આસુરી, થાશે મુનિતુલ્ય તેહ ભારી ॥૧૯॥

દેવ દાનવ મુનિ માનવ, પશુ પંખી કીટાદિ સરવ ॥
તૃણ છોડ વૃક્ષ વળી વેલ, ભેદ વિના તારશે અલબેલ ॥૨૦॥

નહિ જુએ કેની એ કરણી, રીત પ્રગટાવશે અઘહરણી ॥
ખરા ભાગ્યના ખોલી ભંડાર, કરશે જગમાં જયજયકાર ॥૨૧॥

તવ ગામને કરશે ધામ, દેશે આનંદ તે આઠુ જામ ॥
પધારીને પ્રભુ અળવીલા, તિયાં કરશે અલૌકિક લીલા ॥૨૨॥

સખા થાશો હરિવરતણાં, શું વખાણું ભાગ્ય તમતણાં ॥
નિજ સમીપ રાખશે શ્યામ, અતિ હેતે કરી સુખધામ ॥૨૩॥

તમે જાઓ તમારે ભુવન, ભજો પ્રભુજીને નિશદન ॥
ધરજો ધીરજ આપત્કાળ, શ્રીજી રાખશે તવ સંભાળ ॥૨૪॥

સ્વામીવચન ચડાવી શીશ, નિજગેહ ચાલ્યા લોયાધીશ ॥
ગુરુવચને છે વિશવાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે સુરાખાચરને રામાનંદ સ્વામીએ વર આપ્યો એ નામે સત્તરમું પ્રકરણમ્ ॥૧૭॥

પ્રકરણ : ૧૮

પૂર્વછાયો :

વર પામી સદગુરુજીનો, ને લીધી ઘરની વાટ ॥
આનંદ છે નિજ અંતરે, નથી નથી જરીયે ઉચાટ ॥૧॥

હૃદયે રમે લોયાધીશને, સ્વામી રામાનંદનું સ્વરૂપ ॥
ગુંજે બ્રહ્મબોલ કાનમાં, જાણે હમણાં સુણ્યા અનુપ ॥૨॥

આવિયા નિજપુરમાં, સુરા ભક્ત સપરિવાર ॥
ભાવે ભજે ભગવાનને, વળી ગુરુજીને જો અપાર ॥૩॥

ચોપાઈ :

લોયા-નાગડકા શુભ નામ, અતિ પ્રસિદ્ધ લોકાભિરામ ॥
મોટું હટાણું ચાલે બજારે, લોક ભેળા થાય તિયાં ભારે ॥૪॥

જાણે લક્ષ્મીજીનું કીડાંગણ, સુરા ખાચરનું તે આંગણ ॥
દિયે દોય હાથે ઘણું-ઘણું, તોયે ખૂટતું નથીયે અણુ ॥૫॥

ઈયા રામાનંદજીનો યશ, અહોનિશ ગવાય અવશ્ય ॥
ધીમે ધીમે જામ્યો સતસંગ, પુરવાસી ચિત્તે ચડ્યો રંગ ॥૬॥

યથા રાજા તથા પ્રજા હોય, એમ શાસ્ત્રમાં સુણાય સોય ॥
સુરા ભક્ત સમા પુરવાસી, હરિભક્ત થયા સુખરાશિ ॥૭॥

સુરા ભક્તને દોય નગર, નથી કોય વાતે જો કસર ॥
સુખ-સમૃદ્ધિ ને સતસંગ, તેનો જામિયો રંગ અભંગ ॥૮॥

રામરાજય વસે દોય પુર, સુરો ભક્ત છે દેવ હજૂર ॥
ચહુ દિશે પ્રસરી આ વાત, લોયા-નાગડકાની સાક્ષાત ॥૯॥

પણ અભક્ત નર જે અભાગી, તેને વાત આ વસમી લાગી ॥
પછી જીયાં તિંયાથી અસુર, વૈર આદરિયું ભરપૂર ॥૧૦॥

સહુ સામટા થઈને ભેળા, કરે ઉત્પાત આસુરીવેળા ॥
લૂંટે ધન-દોલત અપાર, જેને મેર ન મને લગાર ॥૧૧॥

મચે ધીંગાણા અપરમપાર, છૂટે રુધિરની શેડ્યો અપાર ॥
રોળાયા-રગદોળાયા નગર, આવ્યું દારિદ્રય દૈન્ય સભર ॥૧૨॥

સુરાભક્તની એકેય કારી, આ સમે નવ ફાવી લગારી ॥
ઋદ્ધિ-સિદ્ધિ-સમૃદ્ધિ લૂંટાઈ, સુખ-શાંતિ ગયા દરમાંઈ ॥૧૩॥

મળે ન મળે ટકે ભોજન, ઉછી-ઉધારું લે પ્રતિદન ॥
તોય કેડ્ય ન મૂકે અસુર, પ્રભુ ભજવા ન દિયે ક્રૂર ॥૧૪॥

એક દિવસ બેસી એકાંત, સુરા ખાચર વિચારે વાત ॥
જોને ભૂંડા થયા દેશકાળ, કેમ ભજવા આંહિ કૃપાળ ॥૧૫॥

સુખ-શાંતિ ગયા છે લૂંટાઈ, વળી પ્રાણસંકટ સદાઈ ॥
નો'તો સોના-રૂપાનો જો પાર, આજ અન્ન ન મળે લગાર ॥૧૬॥

લખ્યા વિધિએ લેખ જે ભાલ, મટે ઘટે નહિ એક વાલ ॥
મોટા-મોટાને આવિયા દુઃખ, મુને ક્યાંથી રહે સદા સુખ ॥૧૭॥

જોને નળરાજા કેવા શાંત ? શત્રુ થકી પીડાયા નિતાંત ॥
સ્વર્ગલોકપતિ પુરંદર, તેને સુખ ક્યાં સદા સુંદર ? ॥૧૮॥

ત્રિભુવનને ઉજાળે કેવા ! શશી સૂરજ એ દોય દેવા ॥
તેને રાહુ-કેતુ જે અસુર, વારે-વારે પીડે છે જરૂર ॥૧૯॥

હોય હરિ કે હરિસન્મુખ, ભૂંડા દેશકાળે તે પામે દુઃખ ॥
પાંડવોએ કેનું ન બગાડ્યું, તોયે અણચિંતવ્યુ દુઃખ આવ્યુ ॥૨૦॥

જ્યારે ભૂંડા દેશકાળ આવે, ત્યારે કેમેય કોય ન ફાવે ॥
એનો એ જ કરવો ઉપાય, સતશાસ્ત્રમાંહિ જે દેખાય ॥૨૧॥

ભલે હોય તે મૂળ વતન, તિયાં વસવું ન એક દન ॥
ભલે હોય પોતાનો ગરાસ, તોય તે પણ તજવો ખાસ ॥૨૨॥

મથુરા તજીને વાસુદેવ, વસિયા દ્વારિકા તતખેવ ॥
ગુરુદેવ રંગક્ષેત્રા તજી, વૃંદાવન રહ્યા કૃષ્ણ ભજી ॥૨૩॥

માટે તજી હું ગામ-ગરાસ, ઈંગોરાળા જઈ કરું વાસ ॥
લુણા ખાચર છે ગુરુભાય, તિંયા સુખે ભજુ મુનિરાય ॥૨૪॥

આમ કરી દ્રઢ નિરધાર, સુરાખાચર સપરિવાર ॥
ઈંગોરાળા જઈ વસ્યા વાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે સુરાખાચર ઈંગોરાળા વસ્યા એ નામે અઢારમું પ્રકરણમ્ ॥૧૮॥

પ્રકરણ : ૧૯

પૂર્વછાયો :

ઈંગોરાળે આવિયો, સુરા ભક્તનો પરિવાર ॥
શાંત મનમાંહિ ઘણાં, નથી ઉગ્રતા જો લગાર ॥૧॥

વિપરીત દેશકાળને, કારણે આવ્યું આ દુઃખ ॥
શાસ્ત્રારીતિ અનુસર્યા, પામવા ઈચ્છિત સુખ ॥૨॥

હોય પ્રભુ અવતાર કે, મહામુક્ત સંત હરિજન ॥
જ્યારે પધારે આ લોકમાં, ત્યારે ભોગવે દુઃખના દન ॥૩॥

ચોપાઈ :

લોયા-નાગડકા નિજગામ, મૂકી આવિયા ઈયા તમામ ॥
સુખે ભજવાને ભગવાન, નથી ગમતો ક્લેશ નિદાન ॥૪॥

પૂર્વ રીતે ભજે પ્રભુ પ્રીતે, સુરો ભક્ત કુટુંબ સહિતે ॥
નથી સંપત્તિ ગયાનું દુઃખ, લિયે સહુ હરિનામ મુખ ॥૫॥

નિત નિત થાય સતસંગ, ચડે ભક્તિનો રંગ અભંગ ॥
જાણે લૌકિક સુખ નશ્વર, એના વિયોગે નાણવો જવર ॥૬॥

વિષવેલે ના'વે અમીફળ, દિસે એમ સંસાર સકળ ॥
કટુરસથી કુંભ ભરેલ, એના મુખે મધ જયું ધરેલ ॥૭॥

શાસ્ત્રા કહે જેને દુઃખાલય, તિંયા કેમ થાયે સુખોદય ॥
કેણે લૂટ્યું નંદતણું ધન, એતો વિવેકી વિચારે મન ॥૮॥

થયો રામપ્રભુ અવતાર, અતિ સમર્થ તે નિરધાર ॥
તોયે રાજ તજી ફર્યા વન, એતો વિવેકી વિચારે મન ॥૯॥

લક્ષ્મીસ્વરૂપા સીતાજી જેહ, રાજકુમારી ને રાણી તેહ ॥
જીવ્યા નાથવિયોગે જીવન, એતો વિવેકી વિચારે મન ॥૧૦॥

નો'તો વાંક કુંતીમાતા તણો, તોયે વેઠ્યો વનવાસ ઘણો ॥
નથી ભાળ્યુ જો સુખસદન, એતો વિવેકી વિચારે મન ॥૧૧॥

મે'તા નરસી ને મીરાબાઈ, તેણે કીધી સંત શું સગાઈ ॥
થયા એના તે ગોજારા દન, એતો વિવેકી વિચારે મન ॥૧૨॥

સુખ-દુઃખ નોતર્યા વિનાય, આવે જાય જેમ ધૂપ-છાંય ॥
કેમે કરી લિયે કોઈ કળ, નવ થાયે એમાં જો સફળ ॥૧૩॥

એમ વાતું કરે નિત નિત, સમજણ દ્રઢાવે તે ચિત્ત ॥
નથી ધીર તજતાં લગાર, સ્નેહે સંભારે પ્રાણઆધાર ॥૧૪॥

એવામાંહિ આવ્યો એક સ્વાર, આજ સુરા ભક્ત તણે દ્વાર ॥
કહે લાવિયો તવ સંદેશ, સુણો સુણાવું નાગડકેશ ॥૧૫॥

રામાનંદ સ્વામી મહારાજ, મુમુક્ષુ જનના શિરતાજ ॥
સ્વેચ્છાએ સિધાવિયા સ્વધામ, સ્વતંત્રાપણે પૂરણકામ ॥૧૬॥

હવે ગુરુસ્થાને ભગવાન, સહજાનંદ સ્વામી નિદાન ॥
બિરાજે છે પુર સરધાર, તોંગા રાજા તણે દરબાર ॥૧૭॥

કૃપાનિધાન જોઈને સામું, પૂરે છે નિજ ભક્તની હામું ॥
પ્રભુ પધરાવવા નિજદેશ, વળી સેવા સજવા વિશેષ ॥૧૮॥

કાઠી ભકતો થયા છે તૈયાર, જાય તેડવા તારણહાર ॥
આપ પણ ચાલો સહુ સંગ, વહે વેગે જેમ નદી ગંગ ॥૧૯॥

સુરા ભક્તે સુણ્યા સમાચાર, નેણે નીર વહિયા ચોધાર ॥
મૃદુ હૃદય નૃપનું ભારે, હર્ષશોકમય શું અપારે ॥૨૦॥

એક વાતનો ઘણેરો શોક, ગુરુદેવ ગયા જે ગોલોક ॥
વળી ઉરે અનેરો આનંદ, ભલે મળ્યા સ્વામી સહજાનંદ ॥૨૧॥

વળતું વિચારીયું એમ મન, પ્રભુ પધારશે એ વચન ॥
ગુરુદેવે કીધું'તું જરુર, માટે ધીરજ ધરવી ઉર ॥૨૨॥

અક્ષરધામના અનાદિમુક્ત, લોયાધીશ સુરો મહાભક્ત ॥
ચાલ્યા સરધારપુરે સુપ્રીતે, કાઠી રાજ સમાજ સહિતે ॥૨૩॥

પહેર્યા બખતર ને હાથે ભાલા, પચાસેક મળ્યા મતવાલા ॥
મોટા ભક્ત જે માંચો ખાચર, હાલે મોર્ય એ તો ખરેખર ॥૨૪॥

નાના-મોટા સહુ દરબાર, વેગે આવિયા જો સરધાર ॥
સંદેશો મોકલ્યો પ્રભુપાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે સુરાખાચર દરબારો સાથે સરધાર આવ્યા એ નામે ઓગણીસમું પ્રકરણમ્ ॥૧૯॥

પ્રકરણ : ૨૦

પૂર્વછાયો :

સુરજ સહજાનંદજી, બિરાજે દરબારમાંય ॥
સંત હરિજન સૂરજમુખી, બેઠા સનમુખ ત્યાંય ॥૧॥

નવલ મૂરતિ નાથની, નીરખે નેણા ભરી ભરી ॥
પ્રીતે કરી પરિબ્રહ્મશું, વૃત્તિ મૂરતિમાં ઠરી ॥૨॥

અમાપ સુખ અલબેલડો, લૂંટાવે કહું આજ ॥
વચનામૃત વા'લો પીરસે, નિજજન સુખ કાજ ॥૩॥

ચોપાઈ :

એવે સમે તિંયા એક જન, કહે સુણો હે પ્રાણજીવન ! ॥
કાઠિયાવાડના સહુ રાય, આપ દર્શન ચિત્ત ચહાય ॥૪॥

સુણી મહાપ્રભુજી દયાળ, ભક્તાધીન ભક્તપ્રતિપાળ ॥
ચાલ્યા સનમુખ ગોવત્સન્યાય, સંગે દાસતણો સમુદાય ॥૫॥

આગે વાજે વાજા અગણિત, હેતે ગાય મુનિજન ગીત ॥
થાય બંદૂકના બહુ બા'ર, જન બોલે જયજયકાર ॥૬॥

પેખી આવતા અક્ષરપતિ, ધાયા સામું સહુ વેગે અતિ ॥
દંડવત કીધા લળી લળી, મૂક્યા મસ્તક ચરણે વળી ॥૭॥

દેખી રાજાઓનો ભીનો ભાવ, ઘણું રીઝયા મનોહર માવ ॥
દીધા પ્રેમે શું દર્શન અતિ, મીઠે વેણે બોલ્યા પ્રાણપતિ ॥૮॥

તમને મળ્યાનો મને ઉછાહ, તેણે ક્યારના જોતા'તા રાહ ॥
હવે એક દિન આંહિ રે'શું, પછે તમ ભેળા વિચરીશું ॥૯॥

કહે સરવે નૃપતિ જન, પ્રભુ ! આપે જાણ્યું અમ મન ॥
આપ નિર્બંધ મૂરતિ નાથ ! વચને બંધાયા અમસાથ ॥૧૦॥

જોજ્યો તમારા બિરુદ સામું, તેણે પૂરજ્યો હૈયાની હામું ॥
નાથ ! ન જોશો ગુના અમારા, જેવા તેવા તોય છૈયે તારા ॥૧૧॥

પછી સહુ સંગ ચાલ્યા શ્યામ, પધાર્યા પુરમાં સુખધામ ॥
અભ્યાગતને દીધા ઉતારા, જથાજોગ્ય ઘટે જેમ સારા ॥૧૨॥

સરંજામ મૂકી દરબાર, સરવે આવિયા સભામોઝાર ॥
પ્રેમે સંતને કીધા પ્રણામ, દીઠા ત્યાં મુક્તમુનિ સુજાણ ॥૧૩॥

દેખી ધેનુ વેગે વત્સ ધાય, તેમ મુનિવરને પડ્યા પાય ॥
જોડી પાણને બોલિયા વાણ, નમું મુક્તમુનીન્દ્ર સુજાણ ॥૧૪॥

આપ પરમ દયાળુ સંત, આણો સદ્ય દુઃખતણો અંત ॥
અતિ કોમળ મૂરતિ આપ, ઘણો ઘણો શું કરવો પ્રલાપ ॥૧૫॥

આપ છો શ્રીહરિતણું મન, સુણાવજો અમારુ વચન ॥
આપ હાથમાં જીવનદોરી, હરિવરની છે ખરેખરી ॥૧૬॥

અમ આંગણિયે પધરાવો, નાથને હેતે શું હુલસાવો ॥
નાથ ને તમે અનુપમ જોડય, પૂરો અમારા મનના કોડય ॥૧૭॥

આણે સમે જો નાથ પધારે, સત્સંગી થાય સહુ ભારે ॥
સુણી વિનંતિ નૃપતિતણી, મુનિવર આવ્યા નાથ ભણી ॥૧૮॥

કહ્યું એકાંતે શ્રીહરિ પાસ, સ્નેહે સાંભળ્યું શ્રીઅવિનાશ ॥
પછી બોલિયા શ્યામ સુજાણ, મારા ભક્તો માનું મારા પ્રાણ ॥૧૯॥

હું ભક્તને આધીન સદાય, નથી સ્વતંત્ર એથી કદાય ॥
મુજ સંગે પ્રીતિ કરે જેહ, એશું કોટિ ગણો કરું નેહ ॥૨૦॥

પછી નાથ આવ્યા સભામાંય, કીધી આરતી ધૂન્ય કથાય ॥
તિંયા વર્ણીએ તેડયા દયાળ, જમ્યા પ્રભુજી થાળ રસાળ ॥૨૧॥

પછી બેઠા સહુ દરબાર, પોતે પીરસ્યું પ્રાણઆધાર ॥
વારે વારે કરી મનુવાર, આપે જણસ અપરમપાર ॥૨૨॥

અંતે રુચિ પ્રમાણે સુંદર, દીધા દૂધ ભાત ને સાકર ॥
એમ હેત કીધું કૃપાનાથ, હળ્યા-મળ્યા નૃપતિ સંગાથ ॥૨૩॥

તેણે ભૂલ્યા સહુ દરબાર, તન ધન ધામ પરિવાર ॥
કીધો નિશ્ચય દ્રઢ તે ઉર, રે'વું હરિને સદા હજૂર ॥૨૪॥

હવે કાઠીતણી સહુ નાત્ય, એતો સંગે રે'શે દિનરાત્ય ॥
એ સંગે ખેલશે અવિનાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે મહારાજે દરબારોને કોલ આપ્યો એ નામે વીસમું પ્રકરણમ્ ॥૨૦॥

પ્રકરણ : ૨૧

પૂર્વછાયો :

શુભમતિ સહુ સાંભળો, કહું કથા મતિઅનુસાર ॥
નથી નથી નજરે દીઠી, આતો સુણ્યાતણો છે સાર ॥૧॥

સ્વામી આધારાનંદજી, મારા સદગુરુ સમરથ ॥
એમના ચીંધેલ મારગે, હું તો હાંકુ મારો રથ ॥૨॥

સુરા ખાચરને આંગણે, કેમ પધાર્યા પ્રાણઆધાર ॥
ઉચ્ચરું વાત સંક્ષેપથી, થાય નહિંતો ગ્રંથવિસ્તાર ॥૩॥

ચોપાઈ :

બિરાજે શ્રીહરિ સરધાર, તોંગા રાજા તણે દરબાર ॥
રામાનંદ સ્વામી ગુણધામ, વર્ષી એમની કીધી શું શ્યામ ॥૪॥

જમ્યા દ્વિજ હજારોહજાર, દીધી દક્ષિણા પ્રેમે અપાર ॥
વળી મુક્તાનંદ મુનિ પાસ, પત્ર લખાવ્યો શ્રીઅવિનાશ ॥૫॥

પછી સમૈયો પૂરણ કરી, ચાલ્યા સરધારપુરથી હરિ ॥
આવ્યા આટકોટે ભગવાન, કર્યું ભાદરગંગામાં સ્નાન ॥૬॥

ત્યાંથી કોટડે પધાર્યા માવ, પીઠા વાળાનો પેખી લગાવ ॥
સારી સેવા સજી દરબાર, હુવા પ્રસન્ન પ્રાણઆધાર ॥૭॥

પૂજ્યા કોટડા નરેશે નાથ, મલ્લ ઘોડી દીધી પ્રેમસાથ ॥
પછી ત્યાંથી ચાલ્યા સુખદાય, આવ્યા રાયપુરે હરિરાય ॥૮॥

સતસંગી વિપ્ર રાજગર, એની સેવા સ્વીકારી સત્વર ॥
આવ્યા કરિયાણે મહારાજ, સંગે લઈને સંતસમાજ ॥૯॥

બુરજે ઉતર્યા સુખધામ, કીધી અશ્વલીલા અભિરામ ॥
કાળુભારને પાવન કીધી, દાહા ખાચરની સૂધ લીધી ॥૧૦॥

ત્યાંથી સંચર્યા સુંદરશ્યામ, આવ્યા વાવડી પૂરણકામ ॥
દઈ આનંદ જગદાધાર, પ્રેમે પધાર્યા માંડવધાર ॥૧૧॥

તિંયા રીઝવી ભક્ત ચારણ, મહાપ્રભુ સ્વામિનારાયણ ॥
આવ્યા ઉન્મત્ત ગંગાને તીર, દુર્ગપુરે કહાવ્યું અચિર ॥૧૨॥

દીધા જીવેન્દ્રને સમાચાર, અલૈયા ખાચરે નિરધાર ॥
નૃપ અભયને એહ વાત, કીધી માંચા ખાચરે સાક્ષાત ॥૧૩॥

બેયે સારી સજી અસવારી, પુરે પધરાવ્યા સુખકારી ॥
આવ્યા પ્રથમ એભલ ઘેર, નૃપે સેવા કરી શુભપેર ॥૧૪॥

નાથે દીધા એને વ્રતમાન, લીધા સપરિવાર નિદાન ॥
પેખી પરિવારનો લગાવ, તિંયા મોહ્યા મનોહર માવ ॥૧૫॥

નિત્ય કરીશ ઈંયા નિવાસ, એવો વર દીધો અવિનાશ ॥
પછી જીવેન્દ્ર તણે ભુવન, પ્રેમે પધાર્યા પ્રાણજીવન ॥૧૬॥

એની સેવાનો કરી સ્વીકાર, આવ્યા અડતાળે કિરતાર ॥
ત્યાંથી લાખણકા થઈ શ્યામ, ઉગામેડી આવ્યા સુખધામ ॥૧૭॥

આંહિ ચિત્તે ધારજ્યો આ વાત, જ્યારે પ્રગટ્યા શ્રીજગતાત ॥
બ્રહ્મમો'લ થકી બહુનામી, પુરુષોત્તમ અંતરજામી ॥૧૮॥

ત્યારે પાર્ષદ અક્ષરતણાં, તેણે દેહ ધર્યા ઘણાં-ઘણાં ॥
સહુ કાઠીજન દરબાર, એ તો અક્ષરમુક્ત નિર્ધાર ॥૧૯॥

એતો હળ્યા-મળ્યા હરિસંગ, દિસે સહુતણો દિવ્ય રંગ ॥
જાણે નાથની મરજી એમ, અનાદિ હરિસંગાથી જેમ ॥૨૦॥

જંયા જંયા પધાર્યા દયાળ, વળી જેના જેના જમ્યા થાળ ॥
થયા સત્સંગી તે દરબાર, વ્રતમાન ધારી નિરધાર ॥૨૧॥

એને ગૃહે જાણી હરિદાસ, વસ્યા લક્ષ્મીજી પ્રેમે નિવાસ ॥
અષ્ટ સિદ્ધિ નવ નિધિ મળી, તિંયા વસિયા ઉમંગે વળી ॥૨૨॥

તેણે છલક્યાં ધનભંડાર, સેવ્યા સહુએ જગદાધાર ॥
કર્યા ઓચ્છવ-સમૈયા ઘણાં, કોઈ વાતે રાખી નહિ મણાં ॥૨૩॥

જ્યારે સંચર્યા એ સહુ ધામ, ત્યારે સમૃદ્ધિ ગઈ તમામ ॥
હવે પ્રકાશું લીલાની વાત, સ્નેહે સાંભળજ્યો મુજભ્રાત ॥૨૪॥

ઉગામેડીથી સુંદરશ્યામ, પધારિયા ઈંગોરાળા ગામ ॥
તિંયા સુરા ભક્તનો નિવાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે મહારાજ સરધારથી સુરા ખાચરને ઘરે ઈંગોરાળા પધાર્યા એ નામે એકવીસમું પ્રકરણમ્ ॥૨૧॥

પ્રકરણ : ૨૨

પૂર્વછાયો :

લોયા-નાગડકાના ઘણી, સુરાખાચર ભક્ત અનુપ ॥
વિપરીત દેશકાળથી, વસ્યા ઈંગોરાળે સુખરૂપ ॥૧॥

દરબારો સંગ ચાલિયા, હરિ નીરખવા સરધાર ॥
નીરખી નટવર નાથને, ભૂલ્યા ધન ધામ પરિવાર ॥૨॥

પ્રીતડી જાગી પૂર્વની, રહ્યા પ્રભુસંગાથે નૃપાળ ॥
ગામોગામ વિચરતાં, ઈંગોરાળે પધાર્યા કૃપાળ ॥૩॥

ચોપાઈ :

ઈંગોરાળા તણા સહુ જન, નીરખી નાથને થયા પાવન ॥
ઘણા દિનના દર્શન પ્યાસી, સામા આવ્યા ઈંગોરાળા વાસી ॥૪॥

લળી લળીને લાગિયા પાય, આજ આનંદ ઉર ન માય ॥
સુરાભક્તે ધરી ધરી નેહ, પ્રભુ પધરાવિયા નિજગેહ ॥૫॥

જેને હરિ વિના એક પળ, વીતે વાધ્યો જે વડવાનળ ॥
જેની વૃતિ બીજે નવ ફસે, સદા હરિસંગ અક્ષરે વસે ॥૬॥

એવો મહામુક્ત પરિવાર, બીજે વાસ વસિયો આ વાર ॥
નથી ગમતું હરિથી દૂર, રહેવું છે સદાયે હજૂર ॥૭॥

ભલી હતી અનાદિની પ્રીત, પણ રહ્યા જેમ લોકરીત ॥
બિરાજીયા પ્રભુજી પલંગે, શોભા ધારી અનુપમ અંગે ॥૮॥

મુકુંદાનંદ ને જયાનંદ, નથી નથી ગતિ જેની મંદ ॥
તેણે પ્રભુ અર્થે તતકાળ, કર્યો પ્રેમે શું થાળ રસાળ ॥૯॥

પછી ઉષ્ણ નીરે ભગવાન, કર્યુ અંગ ચોળી ચોળી સ્નાન ॥
અંગ લુછી પે'ર્યું પીતાંબર, ઓઢી જરિયાની શાલ ઉપર ॥૧૦॥

પે'રી ચાખડી ચરણમાંય, આવ્યા ઓસરીયે હરિરાય ॥
બેઠા બાજોઠે સુંદરશ્યામ, ત્યારે થાળ ધર્યો સુખધામ ॥૧૧॥

રૂડા ભોજન સુગંધિમાન, જોતાં ઉપજે જમ્યાનું તાન ॥
શાક પાક તથા પકવાન, જમે ઉમંગે શ્રીભગવાન ॥૧૨॥

જમતા જમતા શું વખાણે, કહે આવો થાળ કોઈ ટાણે ॥
નથી જમીયા કહે જીવન, સુણી રાજી થાય હરિજન ॥૧૩॥

જે જે ક્રિયા કરે મહારાજ, એતો જીવતણે સુખકાજ ॥
નથી પોતાને અરથે કાંઈ, નાથ પૂરણકામ છે ભાઈ ॥૧૪॥

ચળુ કરી મુખવાસ લીધો, સુરાખાચરને થાળ દીધો ॥
પછી પંગતે બેસાડી દાસ, પોતે પિરસિયું અવિનાશ ॥૧૫॥

ઘણાં ઉમંગે પીરસે શ્યામ, મુખે લઈ જણસના નામ ॥
જેવું હેત દિયે હરિરાય, એવું કોઈ થકી ન દેવાય ॥૧૬॥

જમી રહ્યા સહુજન જ્યારે, સારી સભા સજી તેહ વારે ॥
બેઠા પલંગે પ્રાણ આધાર, સંત હરિજન સન્મુખ સાર ॥૧૭॥

લઈ પૂજાની સામગ્રી સંગે, સુરાખાચર આવ્યા ઉમંગે ॥
આવ્યા ભાઈ તે નાપા ખાચર, એના સુપુત્ર ભક્તિસભર ॥૧૮॥

લઈ પાત્રો પૂજાનો સામાન, આવ્યા પૂજવા શ્રીભગવાન ॥
વાજા અગણિત મંગળ વાજે, તેણે અવનિ અંબર ગાજે ॥૧૯॥

ચહુ દિશ છાયો છે આનંદ, સુરોભક્ત પૂજે સુખકંદ ॥
શ્રીહરિના ચરણકમળ, પધરાવિયા પાત્રો તે પળ ॥૨૦॥

દૂધે ધોયા ચરણ શું હેતે, વળી નિર્મળ જળ સમેતે ॥
પછી ધરાવ્યા વસ્ત્ર સુંદર, વળી આભૂષણ ભરપૂર ॥૨૧॥

ચરચ્યું કેસર ચંદન ભાલ, મધ્યે કુંકુમ ચંદ્ર વિશાલ ॥
કંઠે આરોપ્યા ફૂલના હાર, બની શોભા અતિશે અપાર ॥૨૨॥

ચરચ્યા ચંદને ચરણ દોય, નિજ છાતીએ છાપિયા સોય ॥
હુવા રોમેરોમ પુલકિત, નથી કે'વાતું સુખ તે મિત ॥૨૩॥

આજ ઉઘડ્યા ભાગ્ય અપાર, મળ્યા પ્રગટ પ્રાણઆધાર ॥
એમ વિચારી નિજઅંતર, અહો અહો કે' સુરા ખાચર ॥૨૪॥

પછી નખશિખ નિરખી મૂરતિ, હૈયે ધારી હેતે અતિ અતિ ॥
કર જોડી ઉચ્ચરિયા આશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે સુરા ખાચરે શ્રીહરિની પૂજા કરી એ નામે બાવીસમું પ્રકરણમ્ ॥૨૨॥

પ્રકરણ : ૨૩

પૂર્વછાયો :

સુરા ખાચરે પૂજીયા, ષોડશોપચાર થકી હરિ ॥
ત્યાર પછી કર જોડીને, પ્રેમે શું સ્તુતિ ઉચ્ચરી ॥૧॥

અક્ષરધામના અધિપતિ, પુરુષોત્તમ પૂરણ બ્રહ્મ ॥
નેતિ નેતિ તમને કહે, ગાતાં મહિમા ચારે નિગમ ॥૨॥

સર્વ કર્તા સર્વ હર્તા, અંતરયામી સુજાણ ॥
અનંત કોટિ મુક્ત મળીને, કરે તમારા વખાણ ॥૩॥

ચોપાઈ :

હું તો કાચ ને તમે છો મણિ, સ્વામી સહુતણાં શિરોમણિ ॥
અલ્પમતિ હું સર્વજ્ઞ આપ, કેમ કરું અમાપનો માપ ? ॥૪॥

મારી તમારી જુજવી જાત, હું તો જીવ તમે જગતાત ॥
કેમ રીઝવું તમને સ્વામી ? જાણો સઘળું અંતરજામી ॥૫॥

ઈન્દ્રિયુંને વા'લા ભોગ અતિ, મન-બુદ્ધિ ભટકાવે ગતિ ॥
દેહ અનંત રોગોનું ઘર, કોણ પમાડે તે હરિવર ? ॥૬॥

કાંતો કૃપા કરો તમે નાથ, કાંતો મળે સંતનો સંગાથ ॥
ત્યારે થાય મિલન તમારું, લાગે નહિતો જમનું લારું ॥૭॥

કાળ-કર્મ-માયાનો પ્રતાપ, દિસે સહુથકી તે અમાપ ॥
પણ હું છું શરણ તમારે, તેણે લેશ ભય નથી મારે ॥૮॥

જપ-તપ-દાનાદિ સાધન, એનો અંત ના'વે ભગવન ॥
એથી રીઝતા નથી જો તમે, એક ભક્તિ તવ મન ગમે ॥૯॥

નથી શાસ્ત્રોનું જ્ઞાન લગાર, નવ જાણું પુરાણ અઢાર ॥
જાણું નાથ ! ચરિત્ર તમારા, મુને ભવજળ તારનારા ॥૧૦॥

મારે માત-તાત બંધુજન, સગા-સ્નેહી સુહૃદ સ્વજન ॥
એક તમે છો શ્યામ સુજાણ, બીજા બંધાવે ચોરાસી ખાણ ॥૧૧॥

કામ ક્રોધ લોભ મોહ માન, મત્સરાદિક શત્રુ મહાન ॥
એથી રક્ષા કરો છો દયાળ, તમ વિના કોણ લે સંભાળ ? ॥૧૨॥

અલ્પ આયુષ બુદ્ધિ ને બળ, ક્યાંથી કેળવું ગુણ સકળ ॥
પણ ભરોસો ઉરમાં ભારી, નહિ મેલો નાથ સુખકારી ॥૧૩॥

દાસના દોષ દેખવા સમે, થાઓ દોય આંખ્યે અંધ તમે ॥
ગુણ ગોતે નજરું તમારી, અણું જાણે મેરુસમ ભારી ॥૧૪॥

નથી જો કોટિ બ્રહ્માંડમાંય, વા'લુ તમને પદાર્થ કાંય ॥
વા'લા તમને દાસ તમારા, બીજા ભાવતાં નથી લગારા ॥૧૫॥

મારું તન મન ધન જેહ, જાણજયો તમારું નિઃસંદેહ ॥
હુંતો કેવળ નાથ તમારો, તમે સંકટે એક સહારો ॥૧૬॥

નથી કર્યું શ્રવણ મનન, નથી કર્યું મેં નિદિધ્યાસન ॥
તોયે સાક્ષાત મળ્યા છો હરિ, એતો કેવળ કરુણા કરી ॥૧૭॥

ભલે પધાર્યા કરુણા કરી, કરુણામય મૂરતિ હરિ ॥
કરુણાએ લાવ્યા સંત સાથ, કરુણાસિંધુ હે કૃપાનાથ ॥૧૮॥

કરુણામય તવ સ્વરૂપ, કરુણામય રૂપ અનુપ ॥
કરુણામય મુખકમળ, કરુણામય કંઠ અમળ ॥૧૯॥

કરુણામય તે વક્ષસ્થળ, કરુણામય ઉદરે ત્રિવળ ॥
કરુણામય જંઘા ને જાનું, કરુણાની વાત શી વખાણું ॥૨૦॥

કરુણામય ઉભય કર, વળી ચરણ કરુણાસભર ॥
કરુણામય સરવે અંગ, કરુણામય હે સુખકંદ ॥૨૧॥

કરુણામય શ્વેત વસન, કરુણામય રૂડા ભૂષણ ॥
કરુણામય રૂડુ તે હાસ, વળી કરુણામય વિલાસ ॥૨૨॥

કરુણામય મુખની વાણી, કરુણામય દ્રષ્ટિ કલ્યાણી ॥
કરુણામય લટકાં કરો, કરુણાએ મન મારુ મન હરો ॥૨૩॥

કરુણામય ક્રિયા તમારી, લેજ્યો સાર સંભાળ અમારી ॥
એમ ઉચ્ચરિયા સ્તુતિ જ્યારે, નેણે આંસુડા છલક્યાં ત્યારે ॥૨૪॥

પછી અનુક્રમે સહુ સંત, પ્રેમે પૂજીયા સદ્ગુણવંત ॥
વળી કીધી બહુ અરદાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે સુરા ખાચરે શ્રીહરિની સ્તુતિ-પ્રાર્થના કરી એ નામે ત્રેવીસમું પ્રકરણમ્ ॥૨૩॥

પ્રકરણ : ૨૪

પૂર્વછાયો :

ભાવ ભરી ભરી પૂજીયા, સુરાભક્તએ સંતહરિ ॥
તેહ સમાની વાતડી, સુણજો સહુ હેતે કરી ॥૧॥

ગામધણી લુણા ખાચરે, પછી પૂજીયા પ્રાણજીવન ॥
સમો દેખી સાંજનો, ભાત ભાતના રાંધ્યા અન્ન ॥૨॥

રાજભુવન પધરાવીને, જમાડીયા ખાંતે કરી ॥
પછી ઉતારે આવિયા, સંત સહુ ને શ્રીહરિ ॥૩॥

ચોપાઈ :

બેઠા પલંગે શ્રીકૃપાનાથ, મોર્ય હરિજન સંતસંગાથ ॥
રૂડી સભા જામી જેહવાર, તેજ પ્રગટ્યું તિયાં અપાર ॥૪॥

કોટિ કોટિ સૂરજ સમાન, છાયું સભામાંહિ તે નિદાન ॥
તિયા અંજાયા સહુ લોચન, કીધા બંધ ઘડી એક જન ॥૫॥

પછી તેજ સમાયું મૂરતે, ત્યારે જને નીરખ્યું સુરતે ॥
અલબેલોજી હસે મંદ મંદ, કહે કેમ કીધી આંખો બંદ ॥૬॥

ત્યારે મુનિ બોલ્યા જોડી હાથ, અમે તેજ દીઠું કૃપાનાથ ॥
અતિ શીતળ સુખદ સાર, જાણ્યે મળ્યો અમૃત આહાર ॥૭॥

કોટિ જુગ સમ વીતી પળ, એ તો વાત અમારે અકળ ॥
સુણી બોલિયા શ્રીમહારાજ, એવા અનંત આશ્ચર્ય આજ ॥૮॥

દિસે પ્રત્યક્ષ સત્સંગમાંય, નથી કોટિ ભુવને જો ક્યાંય ॥
પણ જીવતણી મતિ અલ્પ, ભાળે તોય કરે કુસંકલ્પ ॥૯॥

જેમ ગીંગો વિષ્ટા નવ તજે, ભલે કમળવનને ભજે ॥
એમ જીવ તજે ન સ્વભાવ, ભલે મળે મનોહર માવ ॥૧૦॥

અમારા વચને નવ રમે, તેણે કરી ભવાટવી ભમે ॥
પણ માને અમારુ વચન, તો હું અતિશે કરુ જતન ॥૧૧॥

પ્રેમે પમાડું હું દિવ્યભાવ, એવો અંતર મારે ઉછાવ ॥
સર્વે કસર નાખું હું ટાળી, લાગે એની જો મોસંગ તાળી ॥૧૨॥

મનમુખી થઈને જે ફરે, એ તો મારે મન કેમ ઠરે ? ॥
ભલે ખાન-પાન તજે પૂરા, વ્રત-ટેક ન રાખે અધૂરા ॥૧૩॥

જીર્ણ-શીર્ણ વસ્ત્રા તન ધારે, લોકે વૈરાગ્ય દેખાડે ભારે ॥
મારો ને સંતનો મહિમાય, અહોનિશ ગાય હરખાય ॥૧૪॥

વળી રાત'દિ મુને સંભારે, ગાય કીર્તન રુવે અપારે ॥
પણ સંતથી વર્તે વિરુદ્ધ, તેને જાણું વિમુખ કુબુદ્ધ ॥૧૫॥

વર્તે સંતને સદા આધીન, ભલે સાધને નોય પ્રવીણ ॥
તોય જાણું એને મારો જન, એને હું ને એ તો મારું ધન ॥૧૬॥

એવી વાતો ઘણી ઘણી કીધી, પોઢવા પધાર્યા શોભાનિધિ ॥
તિંયા તેડિયા સુરાખાચર, તેને હેતે કહે હરિવર ॥૧૭॥

મુને તમ સાથે હેત ઘણું, નથી અંતર તમથી અણું ॥
આંહિ આવિયો હું તમકાજ, મારી વાત સુણો ભક્તરાજ ॥૧૮॥

જેને મારો દ્રઢ વિશ્વાસ, તેની ચિંતા રહે મુને ખાસ ॥
એવા ભક્ત સાથે હેત મારે, દૂજો કે'દિ ન ભાવે અમારે ॥૧૯॥

એના સુખે હું થાઉં છું સુખી, વળી એના દુઃખે થાઉં દુઃખી ॥
માટે માની અમારું વચન, જાઓ નાગડકે સહુ જન ॥૨૦॥

તિંયા દુઃખ નહિ આવે લેશ, મારે વચને નાગડકેશ ॥
કારિયાણીથી આવીશું અમે, તવ ભુવને વસંત સમે ॥૨૧॥

તૈયે જોડ્યા સુરાભક્તે હાથ, જેમ કહેશો તેમ કરશું નાથ ॥
મારે ઉર વિશ્વાસ તમારો, વારુ તમ પર જન્મ હજારો ॥૨૨॥

તમકાજ ત્રિભુવનરાય, જાવું પડે જો નરકમાંય ॥
તો તો રાજીખુશી જાઉં અમે, પછી નાગડકા શું ન ગમે ? ॥૨૩॥

નાથ ! ગમતું હોય તમારું, એમાં સુખ સમાયું છે મારું ॥
એમ આજ્ઞા ચડાવી છે શીશ, ત્યારે પોઢિયા અક્ષરાધીશ ॥૨૪॥

બીજે દિન સવારમાં શ્યામ, સુરાખાચરને આપી દામ ॥
આપી વિદાય બંધાવી આશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે મહારાજે સુરા ખાચરને નાગડકા મોકલ્યા એ નામે ચોવીસમું પ્રકરણમ્ ॥૨૪॥

પ્રકરણ : ૨૫

પૂર્વછાયો :

નાથવચન નિજશીશ ધરી, આવ્યા નાગડકા નરેશ ॥
સુરોભક્ત મહામતિ, જેને ભય નહિ લવલેશ ॥૧॥

વાલમનો વિશવાસ જેને, હોય હૈયે ભરપૂર ॥
ટળે સંકટ સઘળા, એના દુઃખ પલાયે દૂર ॥૨॥

પણ વિશ્વાસે જીવવું, ઘણું કઠણ લાગે જરૂર ॥
નર અમર સહું જંતને, વાધે વિચારવંટોળ ઉર ॥૩॥

ચોપાઈ :

સુરાખાચર સપરિવાર, આવ્યા નિજગેહે નિરધાર ॥
હુવા નાગડકાવાસી રાજી, જાણ્યું હવે સુધરશે બાજી ॥૪॥

ખીલ્યા સુખના સુરજમુખી, કૃષ્ણકૃપાએ દન ગ્યા દુઃખી ॥
મટ્યા મેલિકારતણા દળ, વળ્યા શાતાના સારા વમળ ॥૫॥

હતા દુશ્મન જે એક દન, હરખાયા આજ તેહ મન ॥
કીધી સંધિ સુરાભક્ત સાથ, ભેટી મળ્યા ભીડી ભીડી બાથ ॥૬॥

રહ્યું નહિ દારિદ્રય જો રતિ, દોયપુરે સાંપડી સંપત્તિ ॥
લોયા-નાગડકાતણા જન, નેહે નાથ ભજે નિશદન ॥૭॥

સુરાભક્તને સરવે વાત, સુખ સંપત થઈ સાક્ષાત્ ॥
પણ એક વાતે ઘણું દુઃખ, ક્યારે દેખીશું મોહનમુખ ॥૮॥

સંતવૃંદ સંગ રંગરેલ, મુજ મો'લે વાલો અલબેલ ॥
પધરાવીશ પ્રેમે શું અતિ, તૈયે સુખ થાશે હૃદે રતિ ॥૯॥

એમ સંભારે છે અહોનિશ, સંત સંતપતિને લોયાધીશ ॥
એવામાંહિ આવ્યો એક જન, કહ્યા હરખે ભર્યા વચન ॥૧૦॥

રાજ ઉઠો મ લગાડો વાર, તવ ગેહે આવે કિરતાર ॥
સંગે વર્ણી સંત સોયામણા, વળી સેવકના નહિ મણાં ॥૧૧॥

સુણતાં તે રૂડા સમાચાર, સુરા ખાચર થયા તૈયાર ॥
નાખી પલાણ ચડ્યા તોરંગે, નાથ તેડવા અતિ ઉમંગે ॥૧૨॥

પળ પળ જુગ સમ જાવે, તેણે અતિશે અશ્વ દોડાવે ॥
સંધ્યા વિયોગ-સંયોગ તણી, જાણું એવી મનોદશા બણી ॥૧૩॥

હતા બોટાદમાં બહુનામી, ચાલ્યા નાગડકા પ્રતિ સ્વામી ॥
સહુ આવિયા ભાદર તીર, દીઠા નિર્મળ સરિતા નીર ॥૧૪॥

ભદ્રાવતી નાયા ખૂબ નાથ, સહુ સંતને લઈ સંગાથ ॥
કર્યું જાહ્નવી તુલ્ય એ જળ, એમાં નાશે તે થાશે નિર્મળ ॥૧૫॥

કોટિ કોટિ ભવપાપ જાય, જે કોઈ ભાદર ગંગાએ નાય ॥
નાહી નિસર્યા નાથજી બાર્ય, તિંયા લોયાતણાં નરનાર્ય ॥૧૬॥

વેગે આવિયા સહુ દર્શને, જેમ ધાય વત્સ ધેનુ કને ॥
લાગી પાયને જોડિયા હાથ, લળી લળી નમાવિયા માથ ॥૧૭॥

નેણે નીરખ્યા શ્યામસુંદર, શોભા શી વખાણું મનોહર ॥
કોટિ કોટિ રતિપતિ લાજે, રૂડી છબીલાની છબી છાજે ॥૧૮॥

અંગોઅંગ સોનેરી શ્રૃંગાર, તેજે ઝળહળે પારાવાર ॥
બાંધી ઢીંચણે રેંટો સોનેરી, બેઠા વાલો એ વાત અનેરી ॥૧૯॥

મોતીજડિત છડી છે હાથ, અમીદ્રષ્ટિએ નિહાળે નાથ ॥
મુકુંદાનંદ ને જયાનંદ, ઢોળે ચામર તે સુખકંદ ॥૨૦॥

ધર્યું મસ્તકે છત્ર સોનેરી, એવા શોભે લટકાળો લે'રી ॥
વાલો પૂછે એકેકુને નામ, ઘણે હેતે કરી સુખધામ ॥૨૧॥

તિંયા બેઠા'તા પુરવાસી જેહ, કહી સુણાવું સનેહે તેહ ॥
સંઘો સુરાણી જન શિરમોર, ભલા વિપ્ર નારાયણ ગોર ॥૨૨॥

રૂપો રવજી ને રણછોડ, વળી લખા-પૂજાતણી જોડ ॥
જાણો દેહલજી રજપૂત, ઘેલો હરજી બે કોળીપૂત ॥૨૩॥

સોની લીલાધર ભ્રાત ચાર, ઘણા શાણા સુતાર-લુહાર ॥
માનું રમા આદિ કંઈ નારી, હેતે નીરખે હરિ સુખકારી ॥૨૪॥

આજ સુરાણીનો પરિવાર, એના ઉઘડ્યા ભાગ્ય અપાર ॥
કહું એનો કાંઈ ઈતિહાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે મહારાજ ભાદર નદીને કિનારે પધાર્યા એ નામે પચ્ચીસમું પ્રકરણમ્ ॥૨૫॥

પ્રકરણ : ૨૬

પૂર્વછાયો :

ધન્ય ધન્ય જન લોયાતણાં, ધન્ય સુરાણી પરિવાર ॥
પૂર્વજ તણાં શુભ પુણ્યથી, એને મળિયા જગદાધાર ॥૧॥

શુભમતિ સહુ સાંભળો, એનો કહું રૂડો ઈતિહાસ ॥
સાંભળતાં સુખ ઉપજે, થાય અંતરમાંહિ ઉજાસ ॥૨॥

કડી નિકટે જસાભાઈએ, વસાવિયું જાકાસણા ગામ ॥
તેણે કે'વાયા જાકાસણીયા, એના વંશજ તમામ ॥૩॥

ચોપાઈ :

હુવા ખરા ભક્ત વંશમાંઈ, સુરોભાઈ ને અખઈભાઈ ॥
ગામ સેડલે વસ્યા એ દોય, સંવત સોળસો ને નવ સોય ॥૪॥

પછી વસાવિયું નવું ગામ, અખિયાણા એનું શુભ નામ ॥
તિંયા નીકળી પાયા મોઝાર, રૂડી સોનામહોરો અપાર ॥૫॥

જાણી અણહકતણું ધન, દીધું નૃપને મોટેરે મન ॥
નૃપે આપિયું પરત એહ, જાણી સજ્જન ભાઈઓ તેહ ॥૬॥

પછી સગાને પૂછી લગાર, તેણે કર્યો મને નિરધાર ॥
નથી વાવરવું ઘરમાંય, દેવું સદાવ્રત યાં સદાય ॥૭॥

નથી પોતાને સંતાન કાંઈ, એનો શોક નથી મનમાંઈ ॥
આપવું અભ્યાગતને અન્ન, એમાં નીરખવા ભગવન ॥૮॥

કીધો આરંભ એ બીજે દન, નથી મા'તો હરખ જો મન ॥
વીત્યા નિર્વિઘ્ને વરસ બાર, ત્યારે પરીક્ષા કીધી મોરાર ॥૯॥

કીધી ચોરને પ્રેરણા ત્યાંય, થઈ ચોરી એહ ઘરમાંય ॥
નવ રહ્યું લગારેય ધન, આવ્યા સવારે શ્રીભગવન ॥૧૦॥

માંગ્યું ભિક્ષુકવેષે ભોજન, કેમ આપે જન નિરધન ? ॥
સુરાના પત્ની અવલબાઈ, એને ભૂષણ જે નાકમાંઈ ॥૧૧॥

આપ્યું ગિરવે મૂકવા કાજ, જમાડવા ભિક્ષુકને આજ ॥
સુરોભાઈ ગયા શેઠઘેર, કીધી સઘળી વાત સુપેર ॥૧૨॥

ત્યારે શેઠ કહે ભક્તરાય ! ગૃહિણી ઉઘાડી ન રખાય ॥
સીધું લઈ જાઓ શુભપેર, પછી વંડો ચણો મુજઘેર ॥૧૩॥

પછી સુરાભા લઈ સામાન, દીધો નિજનારીને નિદાન ॥
માંડી રસોઈ અવલબાઈ, ગયા ચણવા તે સુરોભાઈ ॥૧૪॥

પછી જમવા બેઠા જીવન, માંગી પીવાને છાસ પાવન ॥
બાઈ લેવા ગયા બીજે દ્વાર, તિંયા આવ્યા વ્રતી સુરોભાઈ ॥૧૫॥

માંગ્યો ગાંજો પ્રભુજીએ ત્યારે, ગયા સુરાભા મંદિરદ્વારે ॥
દીઠી તક ને દીનદયાળ, થયા અંતર્ધાન તતકાળ ॥૧૬॥

ગયા જમ્યા વિના હરિરાય, રહ્યા કુંકુમ પગલાં ત્યાંય ॥
જ્યારે આવ્યા નરનારી એહ, અતિ દુઃખ પામ્યા જોઈ ગેહ ॥૧૭॥

ભૂખ્યાં ગયા જાણી ભગવન, લીધું દંપતીએ અનશન ॥
બેઠા ભજને શું એકતાર, જમાડવાને જગદાધાર ॥૧૮॥

મેલી પ્રભુએ નિદ્રા અપાર, દીધા દર્શન સ્વપ્ન મોઝાર ॥
કહે નાથ સુણો નરનાર ! સંત જમાડજો ધરી પ્યાર ॥૧૯॥

પછી બીજે દિ' પધાર્યા સંત, જમાડ્યા જાણીને ભગવંત ॥
રીઝી સંતે દીધું વરદાન, તેણે દંપતી પામ્યા સંતાન ॥૨૦॥

વિક્રમ સંવત સત્તરસો બાર, નામ હરદાસ જાણો નિરધાર ॥
કે'વાયો વંશ સુરાણી તેહ, સંતપ્રતાપે એ નિઃસંદેહ ॥૨૧॥

કાળક્રમે એના વંશજન, આવ્યા લોયે વસવા પાવન ॥
સોનામૂઠવાળી તલવાર, વળી મોળીદું સુંદર સાર ॥૨૨॥

પંચદશ રૂપૈયાનું તેહ, દીધું નૃપને સોગાદે એહ ॥
ચાસકા નૃપ જે નારસંગ, બન્યા સાક્ષી એ ઘડી અભંગ ॥૨૩॥

એમ પૂર્વજ પુણ્ય અપાર, તેણે આ સુરાણી પરિવાર ॥
થયા ધન્ય ધન્ય શું નિદાન, મળ્યા પ્રગટ શ્રીભગવાન ॥૨૪॥

હવે ઉચ્ચારું લીલાની વાત, લોયે રોકાયા શ્રીજગતાત ॥
નીરખે સંઘાદિ સહુ દાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે સંઘા સુરાણીના પરિવારનો ઈતિહાસ કહ્યો એ નામે છવ્વીસમું પ્રકરણમ્ ॥૨૬॥

પ્રકરણ : ૨૭

પૂર્વછાયો :

સભા મધ્યે શ્યામળો, હરિ બેઠા'તા ભદ્રાતીર ॥
મહાવેગે આવિયા, તિંયા સુરાભક્ત અચિર ॥૧॥

ચકોર જુવે ચંદ્રને, વળી મેઘને જુવે મયૂર ॥
તેમ શ્રીસુરાભક્તને, હરિ મળ્યે આનંદ ઉર ॥૨॥

કંઠ રુંધાયો પ્રેમ શું, હુવા રોમેરોમ પુલકિત ॥
ગાત્ર સહુ શિથીલીયા, એવું દિસે હેત અમિત ॥૩॥

ચોપાઈ :

પ્રેમે કીધા શું દંડપ્રણામ, નિજબંધુ સહ અભિરામ ॥
પૂછ્યા પ્રભુએ ક્ષેમ કુશળ, સુણી નેણે ઉભરાયા જળ ॥૪॥

નાથ ! કૃપા કીધી તમે બહુ, તેણે કુશળ તે અમે સહુ ॥
કે'દુના સહું જુવે છે વાટ, પધારો ભુવને એહ માટ ॥૫॥

પછી સવારી તૈયાર કરી, ચડ્યા તોરંગે ઉમંગે હરિ ॥
ધર્યા સેવકે છત્ર-ચામર, શોભા જોઈ લાજે પુરંદર ॥૬॥

સંતમંડળમાં અલબેલો, છબીલો છોગાળો રંગછેલો ॥
અતિ અતિ સોહે બહુનામી, અક્ષરાધિપતિ મારો સ્વામી ॥૭॥

આગે વાજે વિધવિધ વાજા, દેખી હરખે રાજાધિરાજા ॥
તૂરી ભોંગળ ને શરણાઈ, ડંકા નોબત રણશીંગાઈ ॥૮॥

ઢબુકે રૂડા જાંગીના ઢોલ, ભેરી પડઘમ ત્રાંસા અતોલ ॥
ઉચ્ચ સ્વરે કરી ચોપદાર, છડી પોકારે વારમવાર ॥૯॥

છાયો ચહુદિશે શું આનંદ, ડોલે કેફે ગાવે જનવૃંદ ॥
કોઈ હુવા પ્રેમે ગદગદ, સુણી ધોળ વધામણાં પદ ॥૧૦॥

કોઈ જન કરે જયનાદ, કોઈ માણે મૂર્તિતણો સ્વાદ ॥
એમ સહું થયા ગુલતાન, ભૂલ્યા નિજતન-મન-ભાન ॥૧૧॥

વાતાવરણ મંગળમય, દીઠું મેઘરાજે તે સમય ॥
આવી કીધો ચંદરવો માથ, જાણે સેવું નાવલિયો નાથ ॥૧૨॥

નથી કર્યો મેં વાણીવિલાસ, કીધું સત્ય મેં કરી તપાસ ॥
હશે નિર્મળ મતિ તમારી, તો તો સુણી હરખશો ભારી ॥૧૩॥

ગયો દૂર ભદ્રાવતી તટ, આવ્યું શ્રીલોયાપુર નિકટ ॥
નથી તિંયા જાવાતણું મન, ચાલ્યા નાગડકે ભગવન ॥૧૪॥

નાથના અંગરક્ષક પાળા, દોય હતા તે બંદૂકવાળા ॥
તેણે બાર કર્યા ઘણાં ઘણાં, સુણી આવ્યા જન લોયાતણાં ॥૧૫॥

કરી દરશન સુખદેણ, બોલ્યા સવિનય દીનવેણ ॥
કૃપાનાથ ! શો અમારો વાંક, સુરો ભક્ત રાય અમે રાંક ॥૧૬॥

રાંક તજી જાવું રાયસંગ, એવું કેમ ઘટે આપ અંગ ? ॥
કાંઈ ગુના હશે જો અમારા, એથી ચાલિયા છો પરબારા ॥૧૭॥

મોટી કૃપા મોટા પર હોય, રાંકતણો આ જગે ન કોય ॥
દીનબંધુ હશો કોય દિન, આજ વરતો રાયઆધીન ॥૧૮॥

સાચા સગા જાણ્યા'તા તમને, આવું કરશો નો'તું ધાર્યુ મને ॥
ભલે ચકોર રુવે અપારી, તોયે ચંદ્રગતિ રહે ન્યારી ॥૧૯॥

સુણી મંદ મંદ હસે નાથ, મુખે રુમાલ દઈ સંગાથ ॥
જોયો જનનો પ્રેમ અપાર, પાછા વળિયા પ્રાણઆધાર ॥૨૦॥

તંબુ-રાવટીયો ગામ બા'ર, ઉતારા કાજ કીધા તૈયાર ॥
નાની નદીને ઉતર્યા શ્યામ, આવ્યા ઉતારે શ્રીસુખધામ ॥૨૧॥

સંગે સોહે સંતના મંડળ, આજ લોયાપુર થ્યું મંગળ ॥
મંગળમૂરતિ શ્રીમહારાજ, મંગળમૂરતિ સંતસમાજ ॥૨૨॥

કરુણાએ પધારિયા સહું, આ ધરાના ભાગ્ય કેમ કહું ? ॥
લોયાગામ થયું લોયાધામ, કાં જે પધાર્યા પૂરણકામ ॥૨૩॥

ધન્ય ધન્ય ધન્ય આ ધરણી, રજેરજ તે પાવનકરણી ॥
ધન્ય પશુ પક્ષી વૃક્ષ વેલી, ધન્ય માનુષી મંડળી ઘેલી ॥૨૪॥

ધન્ય ધન્ય મુજ અવતાર, વળી ધન્ય આંહિ આવનાર ॥
મહાકલ્યાણકારી યાં વાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે શ્રીહરિ પ્રથમવાર લોયા પધાર્યા એ નામે સત્યાવીસમું પ્રકરણમ્ ॥૨૭॥

પ્રકરણ : ૨૮

પૂર્વછાયો :

ધન્ય ધન્ય લોયાધામને, જ્યાં પધાર્યા શ્રીપરમેશ ॥
ધન્ય ધન્ય હરિજનને, જેણે લાડ લડાવ્યા વિશેષ ॥૧॥

પ્રેમતણી એ પુતળીયો, આબાલવૃદ્ધ નરનાર ॥
મને વસિયા મોહનને, જોઈ પ્રેમ પારાવાર ॥૨॥

નિર્મળ મનના માનવી, નહિ છળકપટ લગાર ॥
ભલા ભોળા ને ભાવિલા, હરિસંતનું માહાત્મ્ય અપાર ॥૩॥

ચોપાઈ :

પધરાવ્યા પ્રેમીજને નાથ રે, કરી સ્તુતિ જોડી જુગ હાથ રે ॥
કૃપાનાથ ! કૃપા કીધી ઘણી રે, જોઈ મરજી વાલા અમતણી રે ॥૪॥

આવ્યા પ્રથમવાર આ પુર રે, તેથી લિયો રસોઈ જરૂર રે ॥
કાલ્યતણો વાયદો ન દિયો રે, સુરાભક્તનો ભરુંસો શિયો રે ॥૫॥

એ તો તેડી જાશે નિજગેહ રે, એનો અવર્ણનીય સનેહ રે ॥
પાછા વળવા નહિ દિયે રાય રે, માટે આજ જમો હરિરાય રે ॥૬॥

સુણી બોલિયા શ્રીપરમેશ રે, જુઓ સંતની મરજી લેશ રે ॥
જાણી સંતના મનની અમે રે, નક્કી જાવું જોશે આણે સમે રે ॥૭॥

જોયા નાથને સંતઆધીન રે, જળપ્રવાહે લીન જયું મીન રે ॥
સહું જન આવ્યા સંતપાસ રે, દીનભાવે કીધી અરદાસ રે ॥૮॥

કહે મહામુનિ મુક્તાનંદ રે, અમ જીવન શ્રીસુખકંદ રે ॥
હસ્તિપદે સહુંપદ માંય રે, એમ અમે શ્રીહરિઈચ્છાય રે ॥૯॥

સીધું કાચી રસોઈતણું લાવો રે, પકવાનતણો તજો દાવો રે ॥
સનાતન અમારી એ રીત રે, વન્ય ફળ ફૂલે રહે પ્રીત રે ॥૧૦॥

મિષ્ટ અન્નથી ઘણું ઘણું બીયે રે, નાથવચને પરાણે લિયે રે ॥
મહાઘોર કળિકાળમાંય રે, રસાસ્વાદથી બચવું સદાય રે ॥૧૧॥

ગુણબુદ્ધિ દિસે જન કોઈ રે, તો તો પ્રભુજી કરાવે રસોઈ રે ॥
ભાત્ય ભાત્યનાં શું પકવાન રે, જમે સંત જમાડે ભગવાન રે ॥૧૨॥

પણ તમે નહિ જન એવા રે, સંત મરજીએ સજો સેવા રે ॥
માટે કાચી રસોઈ સામાન રે, આણો આ સમે જન સુજાણ રે ॥૧૩॥

સુણી દાસ થયા તે ઉદાસ રે, આવ્યા વીલે મુખે હરિપાસ રે ॥
નથી રહ્યો જરાયે ઉમંગ રે, ગયો રંગ થયે મનભંગ રે ॥૧૪॥

હરિજનતણું મુખ મ્લાન રે, પેખી પ્રીતે શું કૃપાનિધાન રે ॥
કહે મનોરથ જે તમારો રે, નિશ્ચે પૂરો થાશે ઉર ધારો રે ॥૧૫॥

આંહિ પ્રથમવાર જ અમે રે, સંતસહિત પધાર્યા આ સમે રે ॥
અમે મોંઘેરા છૈયે મે'માન રે, મોટામના વળી મે'રબાન રે ॥૧૬॥

હરિજનની પૂરવી આશ રે, એહ વ્રતે નથી જો કચાશ રે ॥
દ્રઢ મને પાળુ નિરધાર રે, તમસંગે એવો મુને પ્યાર રે ॥૧૭॥

સુણી જન થયા સહું રાજી રે, માંડ માંડ જો પલટી બાજી રે ॥
લાવ્યા સુખડીયું ઘણી સારી રે, વળી ગાઠિયા મહાસુખકારી રે ॥૧૮॥

વળી આણિયા દૂધ ને ભાત રે, માંહિ સાકર મેલિ સાક્ષાત રે ॥
દેખી હરિજી હુવા પ્રસન્ન રે, બહું વખાણે ભરી ભરી મન રે ॥૧૯॥

પછી જીવન જમવા કાજ રે, ઉઠ્યા મુખે હસીને મહારાજ રે ॥
જમે જન હિતે પ્રભુ પ્રીતે રે, વાલો વખાણે બહું રૂડી રીતે રે ॥૨૦॥

ચળુ કરી લીધો મુખવાસ રે, પછી પંગતે બેસાર્યા દાસ રે ॥
સંત થાળ ભરી ભરી લાવે રે, હરિ પીરસી અતિ હુલસાવે રે ॥૨૧॥

જેવું જમાડે જીવનપ્રાણ રે, એવું જાણે ન કોય સુજાણ રે ॥
અતિ હેત આણી ઉરમાઈ રે, નાથ પીરસે જનસુખદાઈ રે ॥૨૨॥

જમી રહ્યા સંત હરિજન રે, ત્યારે કર ધોયા તે પાવન રે ॥
પછી પલંગે બેઠા દયાળ રે, તિંયા ઉઠી આવિયા મરાળ રે ॥૨૩॥

વળી બેઠા હરિજન મળી રે, કેડ્યે બાઈયુંતણી મંડળી રે ॥
એમ સભા સજી તે સુંદર રે, ગયા અસ્તાચળે દિનકર રે ॥૨૪॥

સંધ્યા સમો થયો એહ વાર રે, પ્રગટાવી મશાલો અપાર રે ॥
તેણે અતિ ઉપજ્યો ઉજાસ રે, કહે ઘનશ્યામપ્રકાશદાસ રે ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે શ્રીહરિએ ભક્તોના મનોરથ પૂર્યા એ નામે અઠ્ઠાવીસમું પ્રકરણમ્ ॥૨૮॥

પ્રકરણ : ૨૯

પૂર્વછાયો :

સંધ્યા સમાની વાતડી, સુણો શુભમતિ સાવધાન ॥
અનંત જીવને તારવા, કરે ચરિત્ર કૃપાનિધાન ॥૧॥

સંત હરિજન ઉઠિયા, કરી અતિ ઉમંગે આરતિ ॥
અલબેલાને આગળે, કર જોડી ઉચ્ચર્યા વિનતિ ॥૨॥

પછી રંગભીનો હરિ, કહું ધૂન્ય કરવા કાજ ॥
ઊભા થયા અલબેલડો, સંતપતિ શ્રીમહારાજ ॥૩॥

ચોપાઈ :

અંગોઅંગ સોનેરી વસન, શોભે સારા શું સુખસદન ॥
હુવો તેનો અતિશે પ્રકાશ, મળ્યો જ્યારે મશાલ ઉજાસ ॥૪॥

વીજસમા ચમકે અપાર, મધ્યે મૂરતિ તેજભંડાર ॥
સભા શોભાવે મૂરતિ અતિ, જોઈ લાજે કોટિ રતિપતિ ॥૫॥

એવા નીરખ્યા ધર્મકુમાર, પ્રેમીજને ધરી ધરી પ્યાર ॥
પામ્યા સમાધિ તે સહું જન, દીઠું અલૌકિક દરશન ॥૬॥

ઊભા ઊભા અલબેલો નાથ, ધૂન્ય બોલાવે તાળી સંગાથ ॥
ધૂન્ય ઝીલે સહું એકતાર, મહામસ્તી ચડી તેહ વાર ॥૭॥

કરી રહ્યા ધૂન્ય હરિ જ્યારે, સમાધિવાન જગાડ્યા ત્યારે ॥
એકેકુને પૂછીયું દયાળે, કહો શું દીઠું સમાધિકાળે ॥૮॥

મુખે આડો દઈને રૂમાલ, પ્રીતે પૂછે લટકાળો લાલ ॥
જેને સ્મૃતિ રહી હૃદે જેવી, કહી દેખાડી નાથને એવી ॥૯॥

કીધે ફેર દિઠો જેમાં જરી, સમાધિ એને કરાવી ફરી ॥
એમ દ્રઢાવતાં શુભ જ્ઞાન, વીતી અર્ધરાત્રિ તે નિદાન ॥૧૦॥

ત્યારે જનને શીખ જ દીધી, પછી પોઢિયા શ્રીશોભાનિધિ ॥
વળી કહું થઈ રળિયાત, દિલે ધારજ્યો ખાસ આ વાત ॥૧૧॥

એહ સમે શ્રીકરુણાધામ, સમાધિ બહું કરાવે શ્યામ ॥
જન દેખે અલૌકિક દર્શ, તેણે પામે વિસ્મય ને હર્ષ ॥૧૨॥

કરે મનન નિદિધ્યાસન, પામે આનંદ તે નિશદન ॥
પણ અજ્ઞાનીને એ તમામ, જયું વસે જળ ફૂટેલ ઠામ ॥૧૩॥

જેહ જાણે જેવો મહિમાય, એવી સ્મૃતિ રહેતી સદાય ॥
પણ વણ અભ્યાસે તે વાત, થાય સ્વપ્નવત જો સાક્ષાત ॥૧૪॥

માટે જેણે દીઠું જે અનૂપ, સ્વપ્નમાંહિ કે જાગ્રતે રૂપ ॥
એ તો ચિંતવજો અહોરાત, નહીં તો થાશે આનંદે ઘાત ॥૧૫॥

વળી કહું લીલાતણી વાત, જયારે વીતી તિંયા મધરાત ॥
પ્રીતે પોઢિયા પ્રાણઆધાર, બેઠા સંત તે ધ્યાન મોઝાર ॥૧૬॥

વીતી નિશા ને થયું સવાર, જાગ્યા સંત ને જગદાધાર ॥
નાહી ધરિયા વસન અંગે, થયા ત્યાર ચાલવા ઉમંગે ॥૧૭॥

વાજે મંગળ વાજા અપાર, સુણી જન આવ્યા પુરબા'ર ॥
જથાજોગ્ય સહું નરવામ, લળી લળીને કરે પ્રણામ ॥૧૮॥

પછી અશ્વે ચડ્યા મહારાજ, પ્રિયસખા સુરાભક્ત કાજ ॥
ચાલ્યા નાગડકાપથે નાથ, સહું સંત ને સખાસંગાથ ॥૧૯॥

બોલે ઉચ્ચ સ્વરે ચોપદાર, ગાજે ગગને જયજયકાર ॥
પંચરંગી સોનેરી નિશાન, ઉડે ઉંચે આકાશે નિદાન ॥૨૦॥

દીઠી સોહામણી અસવારી, હરખે સુરો ભક્ત અપારી ॥
ધન્ય ધન્ય ભાગ્ય માને મન, નાથ પધારે મારે ભુવન ॥૨૧॥

આગે મારગ દેખીને સારો, મન વિચારે ધર્મદુલારો ॥
મુજ ભક્ત ધરે મુજ ધ્યાન, એવી લીલા કરું શું મહાન ? ॥૨૨॥

પછી અશ્વલીલા તે આદરી, જુવે જન સહું દ્રગ ભરી ॥
વળી વખાણે વારમવાર, નથી જોયો આવો અસવાર ॥૨૩॥

કેવી અશ્વની ચાલ અનેરી, ગતિ લાજે ગરુડજી કેરી ॥
નથી આવું તે સ્વર્ગે વિમાન, ત્રિલોકીયે કોણ આ સમાન ? ॥૨૪॥

નિશ્ચે કોઈ મુક્ત થયો આજ, સહું વાહનનો શિરતાજ ॥
એમ વખાણે છે સહું દાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે શ્રીહરિએ સમાધિ કરાવી એ નામે ઓગણત્રીસમું પ્રકરણમ્ ॥૨૯॥

પ્રકરણ : ૩૦

પૂર્વછાયો :

ત્યાર પછીની વારતા, તમે સાંભળો સહું સુજાણ ॥
કરુણા કરુણાનિધાનની, તેના શિયાં કરું હું વખાણ ॥૧॥

અનંત જીવ ઉદ્ધારવા, વા'લો વિચરે વસુધામાંય ॥
નિત્ય નવી લીલા કરે, સુખનિધિ શ્રીહરિરાય ॥૨॥

સલૂણી મૂર્તિ સુખભરી, જે નીરખે ભરી ભરી નેણ ॥
ન જાય તે જમબારણે, એ બ્રહ્મગાયત્રીના વેણ ॥૩॥

ચોપાઈ :

જન જુવે ભરી ભરી નેણ, અશ્વ ખેલવે શું સુખદેણ ॥
એ તો મૂડી અંતસમાતણી, વળી વખાણું શું ઘણી ઘણી ॥૪॥

પછી ચાલિયા ધર્મકુમાર, ધરી નાગડકાપથે પ્યાર ॥
પથે આવી ગિરિ હારમાળ, દિસે અવસ્થાયે હજુ બાળ ॥૫॥

બાળવયે તે પર્વત શોભે, વળી વનશ્રીએ મન લોભે ॥
જાણું નાથને આવતા દેખી, ધરી શોભા અનેરી અલેખી ॥૬॥

ધન્ય ધન્ય એના ફળ ફૂલ, કોઈ ના'વે કહું એને તુલ ॥
કાં જે નાથે ગ્રહ્યા ઘણીવાર, ધન્ય ધન્ય એનો અવતાર ॥૭॥

દીઠાં વનગિરિ શોભાસાજ, ઘણું રીઝીયા શ્રીમહારાજ ॥
પછી આગે સધાવિયા શ્યામ, તિંયા બની બીના અભિરામ ॥૮॥

નીલ રોઝતણું વૃંદ એક, ગિરિમારગે આવિયું છેક ॥
તેણે દીઠા નાથ સુખધામ, થયા સ્થિર લોચન તે ઠામ ॥૯॥

કૃપા ગ્રહીને કૃપાનિધાન, જોયું અમીદ્રષ્ટિએ નિદાન ॥
ચિત્રાવત બન્યા રોઝ એમ, મહામોટા મુનિ દિસે જેમ ॥૧૦॥

અતિ ચંચળ જાતિ સ્વભાવ, વિસર્યા એ તો વિલોકી માવ ॥
નાથ નિકટ થ્યાં જેમ જેમ, ચિત્તે ઉપજયાં ખેંચાણ તેમ ॥૧૧॥

ભાળી ભૂધરને ભૂલ્યા ભાન, મોક્ષબીજ વવાયા નિદાન ॥
હરિમૂરતિએ ચિત્ત પ્રોય, ધ્રુવસ્થિતિ રહી ઘડી દોય ॥૧૨॥

એના પલકહીણ લોચન, પેખી વિસ્મય પામિયા જન ॥
પછી નાથ ચાલ્યા પુરભણી, એણે વાટ લીધી વનતણી ॥૧૩॥

જાણે અજાણે નીરખે નાથ, એતો ન જાય જમને હાથ ॥
મટે લખચોરાસીના ફેરા, કટે કષ્ટ ગર્ભવાસ કેરા ॥૧૪॥

એવો હરિમૂર્તિનો પ્રતાપ, નિશ્ચે ધારજ્યો મને અમાપ ॥
આજ કરવા કોટિ કલ્યાણ, આવ્યા અક્ષરેથી સુખખાણ ॥૧૫॥

કોણ તુચ્છ ને કોણ મહાન ? નાથ આગળે સહું સમાન ॥
જોઈ લ્યો પંક્તિ મંકોડાતણી, એમાં કોણ દાસ કોણ ધણી ! ॥૧૬॥

હોય ઈશ દેવ કે દાનવ, પશુ પંખી તરુ કે માનવ ॥
કૃપાવર્ષાએ ભીંજાય જેહ, એ જ મુક્તિ પામે નિઃસંદેહ ॥૧૭॥

હવે કહું ચરિત્ર રસાળ, વા'લો નિજજનપ્રતિપાળ ॥
સુરાભક્તના પૂરવા ભાવ, સંત સંગે મનોહર માવ ॥૧૮॥

ઓળંગીયા ગિરિમાળ જ્યારે, દીઠું નાગડકાપુર ત્યારે ॥
સરબંદી પાળા હતા સંગે, કર્યા એણે ભડાકા ઉમંગે ॥૧૯॥

પછડાયો પહાડે એ નાદ, તેણે ઉમટ્યો પુરે આહલાદ ॥
સામા આવ્યા નાગડકાવાસી, સ્નેહે વધાવવા સુખરાશી ॥૨૦॥

કર જોડીને કરી વિનતિ, આવો પૂર્વ દ્વારે સંતપતિ ॥
ચાલી સવારી પૂરવ દ્વાર, તેનો ક્રમ કહું નિરધાર ॥૨૧॥

સહુ આગે ઢોલ શરણાઈ, વાજે ભેરી ત્રાંસા ને તુરાઈ ॥
કેડ્યે સોનેરી રૂડા નિશાન, પછી જન ને સંત સુજાણ ॥૨૨॥

એહ પછી સરબંદી પાળા, વળી ડંકા ને નિશાનવાળા ॥
ગુણીજન ગાય મીઠા ગીત, તેણે ચોરાય સહુના ચિત્ત ॥૨૩॥

શોભે સંતમાં શ્રીવૃષનંદ, જાણું તારામંડળે શું ચંદ ॥
ધન્ય ધન્ય ધન્ય એ આંખડી, જેણે જેણે દીઠી એહ ઘડી ॥૨૪॥

આવી સવારી પૂરવ દ્વારે, જને કર્યો જૈજૈકાર ત્યારે ॥
છાયો સર્વત્ર અતિ હુલ્લાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે શ્રીહરિએ નીલ રોઝના ચિત્ત ખેંચ્યા એ નામે ત્રીસમું પ્રકરણમ્
॥૩૦॥

પ્રકરણ : ૩૧

પૂર્વછાયો :

સંતહરિ ચિંતામણિ, તિયા ચિંતવે જે જન જેહ ॥
વીશ વસાની વાત છે, એવું પામશે નિશ્ચે એહ ॥૧॥

માયિક ભાવ પરઠતાં, ઉર વાધે માયાતણું પુર ॥
દિવ્યબુદ્ધિએ દેખતાં, મહામુક્ત થવાય જરૂર ॥૨॥

નાગડકાના જન સહુંને, ઉરે અલૌકિક ભાવ ॥
પૂરવ દ્વારે પેખીયા, મહાદિવ્ય મૂરતિ માવ ॥૩॥

ચોપાઈ :

વળી અશ્વ પણ દિવ્ય એવો, જુવે જન જેને ભાવ જેવો ॥
કોઈ દેખે વિમાનસ્વરૂપ, વળી કોઈ ખગરાજરૂપ ॥૪॥

દેખે દિવ્યતાસભર જેહ, મને સંઘરી રાખતાં તેહ ॥
કે'દિ કેને કોઈ ન પ્રકાશે, અહોનિશ ચિંતવે ઉલ્લાસે ॥૫॥

કીધો પ્રવેશ તે પુરમાંય, જને વધાવિયા હરખાય ॥
ઉચ્ચ સ્વરે જયજયકાર, કરે સહું મળી નરનાર ॥૬॥

નથી નથી કોઈ ઘરમાંય, વેગે આવિયા દર્શને ધાય ॥
જામી ભીડ શેરી ને બજાર, મળી જનમેદની અપાર ॥૭॥

ખાલી હાથ દિસે નહિ એકે, ફળફૂલ લાવ્યા તે વિવેકે ॥
લાગી શ્રીહરિચરણે પાય, નિજભેટ મેલે વળી ત્યાંય ॥૮॥

માનુની ભરી મોતીના થાળ, લાવી પ્રેમે વધાવા દયાળ ॥
ગાય મંગળ ગીત ઉમંગે, ભીંજાયા હૈયા શું ભક્તિરંગે ॥૯॥

ચહુદિશ ઉડે રે ગુલાલ, આજ આનંદે શ્રીવૃષલાલ ॥
ચાલ્યા પુરશોભા જોતે જોતે, સંત હરિજન ભેળા સોતે ॥૧૦॥

દિસે સ્વચ્છ શોભિત બજાર, ફરકે ધજા-પતાકા અપાર ॥
તેણે ગગને સૂર્ય ન દિસે, છાયા સર્વત્ર રહી વિલસે ॥૧૧॥

વળી મારગની દોય બાજુ, રંભાસ્તંભ શોભી રહ્યા કાજુ ॥
સંગે સોહે રૂડા ફૂલછોડ, જેની જોતા નવ મળે જોડ્ય ॥૧૨॥

માનુનીઓએ શું ચીતરેલી, રૂડી રંગોળી રૂપભરેલી ॥
વિશ્વકર્માને વિસ્મય થાય, એવી ભાત્યું ઉપજાવી ત્યાંય ॥૧૩॥

વળી હાટડીયું શણગારી, મોતીતોરણે શોભે અપારી ॥
ભીતે ચીતર્યા શું રૂપરંગ, કરે જોનારાના ચિત્ત દંગ ॥૧૪॥

દ્વારે દ્વારે સુવર્ણ કળશ, તે ઉપર્ય શ્રીફળ સુજશ ॥
આંબા-આસોપાલવના પાન, તિંયા શોભે અનેરા નિદાન ॥૧૫॥

એમ જોતાં શોભા ચહુકોર, દેતાં દર્શન ધર્મકિશોર ॥
આવ્યા દરબારગઢને દ્વાર, તેની શોભા વખાણું લગાર ॥૧૬॥

એના ભવન કેવા વિશાળ, તિંયા શોભે શૂરા રખેવાળ ॥
કેડ્યે ઢાલ ભેટે તલવાર, હાથે ભાલા તીખા અણીદાર ॥૧૭॥

મૂઠી ઊંચેરી તે ઓસરિયું, દિસે દિવાલો શું ઊજળિયું ॥
તિંયા સોહે રૂડા શણગાર, સોહે થાંભલીયુંતણી હાર ॥૧૮॥

ખંડે ખંડે ઉલેચ સોનેરી, જરિયાની ને કોઈ રૂપેરી ॥
ઊંચા બાંધેલ શોભે ઘણેરા, શોભે બિલોરી ઝાડ અનેરા ॥૧૯॥

દ્વારે દ્વારે મોતીના તોરણ, ઘણા શોભે તે ચિત્તહરણ ॥
રૂડી રંગોળીયું પૂરી સારી, વળી કળશશોભા અપારી ॥૨૦॥

કૃપાનાથ પધરાવા સારુ, કરી તૈયારીયું ત્યાં હજારું ॥
રૂડો ચાલતો'તો માઘ માસ, વળી વસંતપંચમી ખાસ ॥૨૧॥

અઢારસો ને ઓગણસાઠ, તે'દિ જામ્યો આ સોનેરી ઠાઠ ॥
ધન્ય ઘડી ધન્ય દિન આજ, ભલે પધાર્યા શ્રીમહારાજ ॥૨૨॥

શાંતિબાએ વધામણાં કીધા, પૂજી નાથ ઓવારણા લીધા ॥
કરી આરતી લાગિયા પાય, પ્રેમે પધરાવ્યા હરિરાય ॥૨૩॥

સાંકળે શુભ હિંડોળો સાર, ઓસરીએ બાંધેલ તે વાર ॥
તિંયા બિરાજીયા બહુનામી, વા'લો અક્ષરધામના ધામી ॥૨૪॥

સુરા ભક્તતણો પરિવાર, મહામુક્ત તે પ્રેમી અપાર ॥
નાથે એ કાજ કીધો નિવાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે શ્રીહરિ વસંતપંચમીએ નાગડકા પધાર્યા એ નામે એકત્રીસમું પ્રકરણમ્ ॥૩૧॥

પ્રકરણ : ૩૨

પૂર્વછાયો :

સુરા ભક્તના દરબારમાં, ઝુલે હિંડોરડે સુખધામ ॥
સંત હરિજન સૌ મળી, સજી સુંદર સભા તે ઠામ ॥૧॥

સુંદર મૂરતિ શ્યામળી, નીરખે જન નેણાં ભરી ॥
ચકોર ચંદ્રની વૃત્તિએ, મટકું નવ મારે જરી ॥૨॥

મંદ મંદ હસતાં માવજી, પછી બોલિયા મધુરા વેણ ॥
લા'વો લિયે ઉત્સવનો, આજ વસંત છે સુખદેણ ॥૩॥

ચોપાઈ :

આવ્યા અમે સતસંગમાંઈ, કીધી પ્રથમ શ્રીલોજમાંઈ ॥
બીજી રામાનંદજીને સંગે, કાલવાણીએ જાણો ઉમંગે ॥૪॥

પછી સ્વામી પધાર્યા સ્વધામ, ત્રીજી તે માણાવદર ગામ ॥
ચોથી આવી સુરાભક્ત ઘેર, આજ ધૂમ મચાવો સુપેર ॥૫॥

આણો રંગ તે પતંગ કેરા, વળી કેસુડા લાવો ઘણેરા ॥
ઝાંઝ મૃદંગ લઈને સંત, ગાવો વસંત શું ગુણવંત ॥૬॥

સુણી કૃપાનાથના વચન, લાવ્યા અપાર ફગવા જન ॥
પછી સાજ સજી સહું સંત, નેહે વધાવા લાગ્યા વસંત ॥૭॥

મહામુનિ મુકતાનંદ સ્વામી, પ્રેમ મગન થૈ બહુનામી ॥
ધરી અંતરે મૂરતિ આપ, કર્યો વસંત રાગ આલાપ ॥૮॥

સંગે ગાન કરે સંત સહું, વાજે વિધવિધ વાજા બહું ॥
એનો જામ્યો અલૌકિક રંગ, તિંયા પધાર્યા શ્રીવૃષનંદ ॥૯॥

ધર્યા વસંતી વસન અંગે, આવ્યા મંડપ મધ્યે ઉમંગે ॥
તિંયા વેદિકા ઉપર્ય સાર, કીધું વિચિત્ર રંગે તૈયાર ॥૧૦॥

અષ્ટદળ કમળ સુંદર, મેલ્યો કળશ તેહ ઉપર ॥
મહામંગળમય કળશ, શોભે શ્રીફળ સોતે અવશ્ય ॥૧૧॥

વળી દૂર્વા ને ઉંબી નિદાન, આમ્રમંજરી આંબાના પાન ॥
મૂક્યા કળશમુખ ઉપર, એ તો શોભી રહ્યા તે સુંદર ॥૧૨॥

લઈ અબીર ગુલાલ નાથે, કીધો છંટકાવ નિજહાથે ॥
વળી કુંકુમ અક્ષતે કરી, પૂજ્યો ઋતુરાજ હેતે હરિ ॥૧૩॥

ધન્ય ધન્ય ધન્ય તે વસંત, થયો નાથથકી નેહવંત ॥
એના ભાગ્ય કહ્યા નવ જાય, જેને પૂજે પ્રભુ સુખદાય ॥૧૪॥

જને કીધો ત્યાં જૈજૈકાર, વાજે મંગળ વાજા અપાર ॥
ઢોલ નોબત ને શરણાઈ, તૂરી ભોંગળ રણશિંગાઈ ॥૧૫॥

ત્રાંસા ઝાંઝ મૃદંગનો તાલ, સુણી હરખ્યા શ્રીવૃષલાલ ॥
દેખી નાથનું પ્રસન્ન મુખ, સહું અંતરે ઉપજયું સુખ ॥૧૬॥

એહ સમે મોટા મોટા સંત, વળી નૃપતિઓ ગુણવંત ॥
લઈ પીચકારીઓ અપાર, ભરી કેસર રંગ મોઝાર ॥૧૭॥

વળી અબીર ગુલાલ તણી, કીધી તૈયાર જોળીયું ઘણી ॥
થઈ એકમના સહું જન, વીંટ્યા ચહુદિશે ભગવન ॥૧૮॥

કરી પરસ્પર કાંઈ સાન, ત્રુટ્યા નાથ ઉપર્યે નિદાન ॥
છૂટી પીચકારી બહુ છોળે, જાણ્યું મંડાણો મેઘ અતોળે ॥૧૯॥

પછી અબીર ગુલાલ તણી, જોળીયું ઠાલવી ઘણી ઘણી ॥
ખૂબ ઉડાડ્યો રંગ સોરંગ, તેણે નાથ થયા મનભંગ ॥૨૦॥

દેખી અલબેલાને ઉદાસ, પળભર ખમ્યા સહું દાસ ॥
ધરી રોષ ને મુખ મરોડી, બોલ્યા અવિનાશી મુન્ય ત્રોડી ॥૨૧॥

જુઓ વિચારીને મનમાંય, શું આ રમ્યાની રીત કહેવાય ? ॥
અમે એકલા ને તમે સહું, થયો અત્યાચાર આ તો બહું ॥૨૨॥

મુને ઈષ્ટદેવ તમે જાણો, વળી શિષ્ય પોતાને પ્રમાણો ॥
પણ ત્રોડી નાખી મરજાદ, કેમ વરત્યા ધરી ઉન્માદ ॥૨૩॥

લેવો પ્રથમ ગુરુપ્રસાદ, એમ શ્રુતિ કરે બ્રહ્મનાદ ॥
પણ આ તો થયું વિપરીત, તમે દીધો પ્રસાદ અમિત ॥૨૪॥

આમાં લાભ મળ્યો કહો કોને, કાંઈ નથી સૂઝતું અમોને ॥
એમ કહીને થયા ઉદાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે શ્રીહરિ ઉદાસ થઈને રુઠ્યા એ નામે બત્રીસમું પ્રકરણમ્ ॥૩૨॥

પ્રકરણ : 33

પૂર્વછાયો :

મહાઆનંદ ઓસર્યો, ને પડ્યો રંગમાં ભંગ ॥
અલબેલોજી રુઠિયા, ગ્રહી અતિ ઉદાસી અંગ ॥૧॥

નજર સહું ઢાળી રહ્યા, દિલે થયા દિલગીર ॥
કોણ મનાવે નાથને, કોણ હરે શોક અચિર ॥૨॥

આ સત્સંગની માવડી, મહામુનિ મુક્તાનંદ ॥
જાળવવા સહુ જનને, દીનવેણ બોલ્યા જગવંદ ॥૩॥

ચોપાઈ :

નાથ ! જોશો મા દોષો અમારા, જેવા તેવા તોયે છૈયે તારા ॥
આપે કૃપા કીધી આણીવાર, દોષ દેખાડ્યો પ્રાણઆધાર ॥૪॥

કીધા વિના જાણે કોય જન, એવો આ જગે નોય જીવન ॥
નો'તી જાણી આ વાત લગાર, એથી ખોયો વિવેક નિર્ધાર ॥૫॥

અમે અજ્ઞાનના મહાકૂપ, આપ જ્ઞાનનિધિ છો અનુપ ॥
જ્ઞાનવાતે અમે સહું અંધ, કેમ જાણીએ વિવેકગંધ ? ॥૬॥

માટે આવ્યા શરણ તમારી, લેજ્યો સાર સંભાળ અમારી ॥
અમે કર સોંપ્યો આપ કર, ઝાલી રાખજ્યો ધર્મકુંવર ! ॥૭॥

અમે જાણીયો અમારો દોષ, કૃપાનાથ ! તજો હવે રોષ ॥
જેમ આપ રાજી થાઓ રાજ, એમ વરતશું મહારાજ ॥૮॥

રુચિ તમારી જીવનપ્રાણ, અમ જીવનદોરી સુજાણ ॥
કૃપાનાથ ! કહો આપ જેહ, એમાં નહિ ધરીએ સંદેહ ॥૯॥

પછી ખપવાળા જે રાજન, વળી ખરા સંત હરિજન ॥
જેને નિશ્ચય પર્વતપ્રાય, માનઅંશ હૃદે ન જરાય ॥૧૦॥

ધરે વા'લાતણો જે વિશ્વાસ, એહ બોલ્યા સહું મળી દાસ ॥
આ લોક ને પરલોકમાંય, અમગતિ તમે હરિરાય ॥૧૧॥

એવા વિનયભર્યા વચન, સુણી રીજ્યા શ્રીભગવન ॥
થયા તૈયાર રમવા રંગે, બાંધી કટિ કસીને ઉમંગે ॥૧૨॥

સોળે કળાએ વિકસ્યો ચંદ, દેખી કુમુદ મલકે મંદ ॥
એમ ફૂલી રહ્યા જનમન, વિલોકી હરિમુખ પ્રસન્ન ॥૧૩॥

બેઠા સભામાંહિ સહુ દાસ, લઈ કટોરો શ્રીઅવિનાશ ॥
રંગછોળ્યું ઉછાળે અપાર, જન ભીંજવે જગદાધાર ॥૧૪॥

રંગકુંડી ખાલી નવ થાયે, ભરે આનંદમુનિ સમાયે ॥
દેખે ઉણપ જો રંગછેલ, લિયે પીચકારી અલબેલ ॥૧૫॥

આવિયા મુક્ત વિમાને ચડી, જોઈ નાથતણી રંગઝડી ॥
ધરી માનુષી તન આ વાર, છાના બેઠા તે સભામોઝાર ॥૧૬॥

હરિવિના કોઈ નવ જાણે, નાથ રમતાં સમપ્રમાણે ॥
થયા રસબસ સહુ અંગે, પછી જોળી લીધી વૃષનંદે ॥૧૭॥

ફાંટ્યું ઉડાડે ગુલાલ કેરી, ધૂમ મચાવે નાથ અનેરી ॥
જોતાં ગુલાલમય તે જન, દિસે ગુલાબનું ઉપવન ॥૧૮॥

લાગે સોહામણાં તે ભવન, ભૂમિ વળી ગુલાબી ગગન ॥
છાયો આનંદ અતિ અપાર, બોલે જન જયજયકાર ॥૧૯॥

રંગ રમતાં રહ્યો ન લેશ, ત્યારે ના'વાને મંજુલકેશ ॥
ચડ્યા તોરંગે શ્રીરંગરેલ, ચાલ્યા આથમણે અલબેલ ॥૨૦॥

નીકળ્યા પ્રભુજી પુરબાર, તિંયા સરિતા સુંદર સાર ॥
વહે ઉત્તર દિશે અમળ, નાથે પાવન કીધું તે જળ ॥૨૧॥

કીધી જળક્રીડા ઘણીવાર, ધન્ય ધન્ય એનો અવતાર ॥
કાં જે પામી એ નાથપ્રસંગ, ધન્ય એના જળ ને તરંગ ॥૨૨॥

નાયા જનસંગે શું જીવન, પછે પધાર્યા રાજભવન ॥
કર્યો મુકુંદ વર્ણીએ થાળ, જમ્યા જુગતે દીનદયાળ ॥૨૩॥

ચળું કરી લીધો મુખવાસ, પછી અતિ હેતે અવિનાશ ॥
સુરા ભક્તને દીધો પ્રસાદ, દીનબંધુ જાણી નિજદાસ ॥૨૪॥

પછી તેડાવિયા સહુ સંત, આવ્યા જમવા તે ગુણવંત ॥
ઈયા બીના બની એક ખાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે મુકતમુનિએ શ્રીહરિને મનાવ્યા ને રંગે રમ્યા એ નામે તેત્રીસમું પ્રકરણમ્ ॥૩૩॥

પ્રકરણ : ૩૪

પૂર્વછાયો :

શુભમતિ સહુ સાંભળો, કહું લીલા અતિ રસાળ ॥
અનેક જીવ ઉદ્ધારવા, કરે ચરિત્ર દીનદયાળ ॥૧॥

બાંધી અનુપમ રીતડી, કેડે તારવા કોટાનકોટ ॥
કર્યું હિત અતિ આ સમે, એમાં રાખી નહિ કાંઈ ખોટ ॥૨॥

સંશે મનમાં મ આણજ્યો, સુણો ઉરધરી વિવેક ॥
લીલા સંતહરિતણી, હેતે કહું અનુપમ એક ॥૩॥

ચોપાઈ :

થાળ જમીને દીનદયાળ, પછી તેડિયા મુનિ મરાળ ॥
સુણી સાદ તે મેઘગંભીર, આવ્યા પરમહંસ અચિર ॥૪॥

દેખી મંડળી ઉમંગેભરી, હેતે કહે અલબેલો હરિ ॥
હવે લેશ લગાડો મા વાર, બેસો પંગત્યે ધરીને પ્યાર ॥૫॥

સુણી વાલમ મુખવચન, હુવા તૈયાર તે મુનિજન ॥
પણ કુણ બેસે કિયે સ્થાન, એનું જરાયે નો'તુ જો ભાન ॥૬॥

એ તો પરમજોગી સુજાણ, જાણો જડભરત પ્રમાણ ॥
કોઈ કોઈ એવા હતા સંત, જેને ભેદબુદ્ધિ નહિ રંચ ॥૭॥

નવ ધરે લોકતણી રીત, પ્રભુપદે જ પૂરણ પ્રીત ॥
એ તો ઊભા રહ્યા એહ પળ, મહામુનિ અતિ નિરમળ ॥૮॥

પછી નિકટ આવિયા નાથ, ઝાલી પ્રત્યેક સંતનો હાથ ॥
જંયા જેને જેવો અધિકાર, એમ બેસાડ્યા પંક્તિમોઝાર ॥૯॥

પછી વિવિધ ભાત્યનાં અન્ન, એક પાત્રે લીધા ભગવન ॥
એને મેળવ્યા સરસ રીતે, પછી નાથ કહે સુણો પ્રીતે ॥૧૦॥

તમે સંત સહું ગુણવંત, મુજ મને વ્હાલા છો અત્યંત ॥
નથી તમથી અધિક કાંઈ, માટે વાત કહું સુખદાઈ ॥૧૧॥

રાખો આસનની શુભ રીત, જથાજોગ્ય વિવેકસહિત ॥
જંયા જેને ઘટે જેવું સ્થાન, તેવું સાચવવું સનમાન ॥૧૨॥

જ્ઞાનવૃદ્ધ વયોવૃદ્ધ વળી, એને બેસવું આગળ્યે મળી ॥
નવાં નવાં જે ગુણાનુરાગી, આગે કેમ શોભે એહ ત્યાગી ? ॥૧૩॥

વળી જમ્યાતણી શુભ રીત, અન્ન મેળવવું ધરી પ્રીત ॥
પછી આરોગો એમ પ્રસાદ, જેણે વાધે ન કે'દિ પ્રમાદ ॥૧૪॥

જમે મેળવ્યા વિના જે ત્યાગી, થાશે પંચવિષયે તે રાગી ॥
ચાખે જુદાં જુદાં કરી સ્વાદ, એને કેમ ટળશે પ્રમાદ ? ॥૧૫॥

મારી આજ્ઞા ને પવિત્ર જળ, એથી અન્ન થાશે નિરમળ ॥
વળી જેવી જીહ્વાતણી રીત, એવી ઈતર જાણો પુનિત ॥૧૬॥

પંચઈન્દ્રિયતણો આહાર, કરો વિવેકે તે નિરધાર ॥
શબ્દ સ્પર્શ રૂપ રસ ગંધ, એમાં કે'દિ થાવું નહિ અંધ ॥૧૭॥

કરો પ્રથમ નીરસ સહું, પંચવિષયને બહું બહું ॥
તજી તૃષ્ણા ને આજ્ઞા વિચારો, એમ નીરસ કર્યાનો ધારો ॥૧૮॥

મારી આજ્ઞા તે મારું સ્વરૂપ, એમ જાણજયો સંત અનુપ ॥
મૂકી આગન્યા ને કરે ભોગ, એનો નિશ્ચે લુંટાવાનો જોગ ॥૧૯॥

આજ્ઞાસ્વરૂપી મૂરતિ મારી, ઊભી પ્રત્યેક ઈન્દ્રિયદ્વારિ ॥
એની જાળવજો મરજાદ, એથી પામશો મુજ પ્રસાદ ॥૨૦॥

એમ કહીને હિતવચન, પછી પ્રેમે શું પ્રાણજીવન ॥
વામ ખંભે ધરી નિજ ખેસ, કસી કમર મંજુલકેશ ॥૨૧॥

ફરી પંગત્યે મનમોહન, નિજહાથે પીરસ્યા ભોજન ॥
પછી થયા વાસુદેવ હરે, લાગ્યા જમવા સંત સુપેરે ॥૨૨॥

નાથઆગન્યાને અનુસાર, જમે મુનિઓ કરી વિચાર ॥
એવું વિલોકી શ્રીવૃષનંદ, હુવા અતિ રાજી સુખકંદ ॥૨૩॥

કહે કૃપાસિંધુ એહવાર, સુણો જન સહું નિરધાર ॥
આવા એક એક સંતથકી, જીવ અનંત તારીશ નક્કી ॥૨૪॥

જેને જેને થાશે આનો જોગ, એનો ટાળીશ હું ભવરોગ ॥
સુણી હરખીયા સહું દાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે શ્રીહરિએ સંતોને શીખ આપી એ નામે ચોત્રીસમું પ્રકરણમ્ ॥૩૪॥

પ્રકરણ : ૩૫

પૂર્વછાયો :

ખાંતીલે ખાંતે કરી, જમાડિયા સહું સંત ॥
પછી ઓસરીયે આવિયા, નિજ ઢોલિયે શ્રીભગવંત ॥૧॥

મંદમંદ મલક્યા માવજી, વળી વિચારીયું કાંઈ ઉર ॥
સ્વસ્વરૂપ ઓળખાવવા, કરુ લીલા એવી જરૂર ॥૨॥

ચરિત્ર શ્રીચિત્તચોરના, કહો કળવા કોણ સમર્થ ॥
અલ્પબુદ્ધિ ઉચ્ચારશે, અવશ્ય અવળો અર્થ ॥૩॥

ચોપાઈ :

સંતહરિની રીત અનુપ, ધરે જ્યારે માનુષી સ્વરૂપ ॥
જેમ જનને થાય સમાસ, એમ વરતે શ્રીઅવિનાશ ॥૪॥

કે'દિ કરે માનુષી વિલાસ, કે'દિ કરે દિવ્યતાપ્રકાશ ॥
એક તાન રાખે ઉરમાંય, જન તારવા શ્રીહરિરાય ॥૫॥

હવે સુણો લીલાતણી વાત, થાશો અતિ અતિ રળિયાત ॥
નાથ ઢોલિયે બેઠા'તા જ્યાંય, મળી નૃપતિઓ આવ્યા ત્યાંય ॥૬॥

કહે પ્રભુજી સાંભળો સહુ, અમે કર્યો પરિશ્રમ બહુ ॥
થયા શ્રાંત ખરેખરા અમે, થાક નિવારોને મળી તમે ॥૭॥

પછી મળી દસ દરબાર, લાગ્યા ચાંપવા જગદાધાર ॥
કહે નાથ દબાવોને ઘણું, જોર જણાતું નથીયે અણું ॥૮॥

કોય ઉપલા હેઠલાં દાંતે, વજ્રશલાકા દબાવે ખાંતે ॥
એમ પાંચ પાંચ મળી સોય, અતિ દબાવે પડખાં દોય ॥૯॥

હતું શરીરે જેટલું બળ, કર્યુ તેટલું જોર તે પળ ॥
એમ દબાવતાં અંગ અંગ, થયા કડાકા ભાંગ્યો પલંગ ॥૧૦॥

તોય હજી કહે નાથ એમ, કરો જોર મટે શ્રમ જેમ ॥
પછી બીજે પલંગ બિરાજ્યા, નૃપતિ સહુ દાબવા લાગ્યા ॥૧૧॥

થાકી રહ્યા તે દસેય જ્યારે, બીજા દસ આવ્યા મળી ત્યારે ॥
તેહ પણ પૂરવની રીતે, થયા નિવૃત્ત થાકસહિતે ॥૧૨॥

એમ કરી સહુ દરબાર, નાથ દાબતા થાક્યા અપાર ॥
પછી બોલ્યા પરસ્પર વાણી, આ તો નિશ્ચે જ સારંગપાણિ ॥૧૩॥

નથી બીજાનું કામ લગાર, કેમ જીરવે જોર અપાર ॥
દેતા બળ મારુ લગરીક, હાડ એકેય ન રહે ઠીક ॥૧૪॥

પણ આ તો પ્રભુજી સુજાણ, ધર્યું નૃતનુ વજ્રપ્રમાણ ॥
દિસે માનુષી દેહે દયાળ, આની આગે કોણ માયા કાળ ? ॥૧૫॥

એવું સુણી કહે એક જન, હું તો કેમ માનું ભગવન ॥
ખમે જોર મારુ જો લગાર, ત્યારે જાણું આ જગદાધાર ॥૧૬॥

દોય કરે દબાવું શ્રીફળ, નક્કી ફૂટે એવું મુજબળ ॥
જોધો ભરવાડ મારુ નામ, કરી પરીક્ષા માનું હું શ્યામ ॥૧૭॥

ત્યારે નાથ કહે મારે મન, નથી પૂરબિયા સમ જન ॥
એવા મહાબળિયા મેં કોય, દેશ-પ્રદેશે ન દીઠા સોય ॥૧૮॥

અમે પધાર્યા આ સતસંગે, રામાનંદજી કને ઉમંગે ॥
એહ પૂર્વે નથી જમ્યા અન્ન, ફળ-ફૂલે નિગમિયા દન ॥૧૯॥

લોહી-માંસ દિસે નવ રતિ, એવું તપ કર્યુ અમે અતિ ॥
તોય મારે મને રહે માન, નોય મુજસમો બળવાન ॥૨૦॥

માટે સમ દઈએ તમને, જોર જણાવો ખરુ અમને ॥
એમ કહીને શ્રીકૃપાનાથ, વામ કર દીધો એને હાથ ॥૨૧॥

દોય હાથે તે પોંચો દબાવ્યો, પણ જોધો લેશ નવ ફાવ્યો ॥
પછી નાથ કહે ઝાલો શીષે, કરી જોર દબાવો અતિશે ॥૨૨॥

દીઠું બહુનામીતણું બળ, પશુપાળ નમ્યો એહ પળ ॥
તમે ખરેખરા સમરથ, મારો પૂરો કરો મનોરથ ॥૨૩॥

સેવું ચરણ તમારા નિત, એવી કૃપા વરસાવો મિત ॥
ત્યારે અલબેલો કહે સારુ, અમે માન્યુ વચન તમારુ ॥૨૪॥

પછી જોધો થયો હરિદાસ, તોડી સંસારતણા તે પાશ ॥
કીધો નાથસમીપે નિવાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે શ્રીહરિએ દરબારો તથા જોધા ભરવાડને નિશ્ચય કરાવ્યો એ નામે પાંત્રીસમું પ્રકરણમ્ ॥૩૫॥

પ્રકરણ : ૩૬

પૂર્વછાયો :

શુભમતિ સહું સાંભળો, કહું ત્યાર પછીની વાત ॥
મંડપમાં બિરાજીયા, મહાપ્રભુજી થૈ રળિયાત ॥૧॥

તિંયા મળી મુનિમંડળી, વળી સભા સજી સુંદર ॥
વાજીંત્ર લઈ આલાપિયા, વસંત પદ મનોહર ॥૨॥

ગાવણું કરતાં સંતને, તાન મિલાવે જીવન ॥
રંગ જમાવે રસિયો, તેણે હરખે સહું મુનિજન ॥૩॥

ચોપાઈ :

એહ સમે શ્રીસુરા ખાચર, લઈ પૂજા સામગ્રી સુંદર ॥
આવ્યા પૂજવા શ્રીઅવિનાશ, હૈયે ધરી અતિશે હુલ્લાસ ॥૪॥

રેલ્યા શરણાયુંતણા સૂર, વળી ઢબુક્યા ઢોલ જરૂર ॥
સુણી મંગળ ધ્વનિ અપાર, પુરવાસી આવ્યા નરનાર ॥૫॥

પૂજાવિધિ શીખવવા કાજ, તિંયા આવ્યા મુક્તમુનિરાજ ॥
વળી સંગે તે આનંદ સ્વામી, ઉઠ્યા પૂજવવા બહુનામી ॥૬॥

ઉચ્ચરે મંત્ર શું મયારામ, વિપ્રશિરોમણિ ધર્મધામ ॥
કરાવી પ્રથમ આચમન, પછી કર્યો સંકલ્પ પાવન ॥૭॥

લઈ સુવર્ણ પાત્ર અમળ, નાથતણાં ચરણકમળ ॥
પધરાવીયા પ્રીતે અપાર, પછી કીધી પંચામૃતધાર ॥૮॥

પય દધિ ઘૃત ને સાકર, વળી મધુ અતિ સુખકર ॥
પંચ અમૃત મેળવી સાર, પખાળ્યા ચરણ એહવાર ॥૯॥

પછી આનંદમુનિ ઉમંગે, લઈ સુવર્ણ કળશ સંગે ॥
લાગ્યા રેડવા અમૃતપય, હરિચરણે તે સવિનય ॥૧૦॥

નૃપ નૃપસુત મળી દોય, પ્રીતે પખાળે ચરણ સોય ॥
ફાંટુ ફાંટુ થાય આજ છાતી, વાત યથાર્થ નથી કે'વાતી ॥૧૧॥

પછી લઈને પવિત્ર જળ, ધોયા હેતે ચરણકમળ ॥
લુખ્યા લઈ રેશમી રૂમાલ, પછી ધરાવિયો સુરવાલ ॥૧૨॥

એમાં નાડી તે ફૂમકાવાળી, સારી ગુંથેલી સોનેરી જાળી ॥
એહ શ્યામ કટિ પર શોભે, જોઈ જોઈ જનમન લોભે ॥૧૩॥

જામો જરકસિયો સુંદર, સુરા ભક્તે ધર્યો નિજકર ॥
વેઢ-વીંટી ધરાવિયા ખરા, દશે આંગળિયુંમાંહિ વરા ॥૧૪॥

વળી મોતીતણાં શણગાર, ધર્યા અંગોઅંગે શું અપાર ॥
મોતીહાર મોતીકડાં-બાજુ, કાને મોતીકુંડળિયા કાજુ ॥૧૫॥

મોતીજડિત મસ્તકે પાગ, તિંયા મોતીતોરાનો સોહાગ ॥
શિરપેચ તે મોતીજડિત, વળી કલગી મોતીશોભિત ॥૧૬॥

ચર્ચ્યું કેસરચંદન ભાલ, મધ્યે કુંકુમ ચંદ્ર વિશાલ ॥
વળી ઓઢાડી જરિયાની શાલ, પછી નિરખીયા વૃષલાલ ॥૧૭॥

ધૂપ દીપ કપૂર આરતિ, કરી સુરાભક્તે નેહે અતિ ॥
કર્યા ઘણા તે દંડપ્રણામ, સ્તુતિ ઉચ્ચર્યા મહાનિષ્કામ ॥૧૮॥

નાથ ! મુજ હૈયે આ મૂરતિ, વસો અખંડ ખસો ન રતિ ॥
રહે સ્મરણ એક તમારું, થાય જગત સઘળું ખારું ॥૧૯॥

વળી મુનિજનતણો સંગ, એમાં કે'દિ થાશો નવ ભંગ ॥
ત્રણ્ય દેહ થકી ન્યારું રૂપ, માનું બ્રહ્મ હું નિજસ્વરૂપ ॥૨૦॥

કે'દિ દેશોમાં કુસંગયોગ, જેથી વાધે ન અસાધ્ય રોગ ॥
આપચરણે રાખો હંમેશ, એવું માંગુ હું મંજુલકેશ ॥૨૧॥

એમ સ્તુતિ કરી એહવાર, આંખ્યે છલક્યાં આંસુ અપાર ॥
પછી સુરપરિવારે પણ, પૂજ્યા ચિહ્નજુક્ત તે ચરણ ॥૨૨॥

સુરાખાચરે પ્રત્યેક સંત, ભાવભરી પૂજ્યા ગુણવંત ॥
કંઠે આરોપિયા ફૂલહાર, નમ્યા ચરણે વારમવાર ॥૨૩॥

વળી સખાઓ શ્રીહરિતણાં, સંગે હરિજન પણ ઘણાં ॥
જન સરવે પૂજીયા એહ, સુરાખાચરે ધરીને નેહ ॥૨૪॥

વળી પુરવાસી જેહ જન, દીધી સાકર એને પાવન ॥
જૈજૈકાર હુવો ચહુપાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે સુરા ખાચરે પૂજા કરી એ નામે છત્રીસમું પ્રકરણમ્ ॥૩૬॥

પ્રકરણ : ૩૭

પૂર્વછાયો :

સંધ્યાતણો સમો જોઈને, પ્રગટાવી મશાલો અપાર ॥
ફાનસ પણ લાવ્યા ઘણા, તેણે રેલિયા તેજઅંબાર ॥૧॥

ઝાંઝ મૃદંગ વગાડીને, સંત ગાવા લાગ્યા આરતિ ॥
ઉચ્ચ સ્વરથી તાન મિલાવે, ઉમંગ છાયો અતિ અતિ ॥૨॥

આરતી કેડ્યે અલબેલોજી, ઊભા થયા નિજ આસને ॥
તાળી પાડે ને ધૂન બોલાવે, સુખ લુંટાવે દાસને ॥૩॥

ચોપાઈ :

રંગભીનાને મુખ ઉપર, શ્વેદ બિંદુઓ શોભે સુંદર ॥
ઝળહળે તે પ્રકાશે વળી, જાણું મોતીડાં ચમકે મળી ॥૪॥

અતિ સુંદર મૂરતિ શોભે, જોઈ જોઈ જનમન લોભે ॥
ભૂલી જગત જાળજંજાળ, સહું દેખી રહ્યા તે દયાળ ॥૫॥

એકીટશે દેખતાં મૂરતિ, ચોંટ્યા ચિત્ત ચળે નવ રતિ ॥
ખેંચે લોહને ચમકપાણ, તેમ જીવને શ્યામ સુજાણ ॥૬॥

ચિત્તાવૃત્તિ થઈ એકતાર, લાગી સમાધિયું નિરધાર ॥
તનભાન રહ્યું નવ રતિ, દીઠું અલૌકિકપણું અતિ ॥૭॥

દીઠાં ષટચક્રના સ્થાનક, વળી અધિષ્ઠાતા તે નિકટ ॥
એક ચક્રે રહી સુણે રવ, બીજે ચક્રે સુણે શું પ્રણવ ॥૮॥

ઈડા પિંગલા નાડીયું દેખે, તિયા સૂર્યચંદ્રગતિ પેખે ॥
દેખે મારગ સુષુમ્ણા કેરો, રાજપથ જે દિવ્ય અનેરો ॥૯॥

જથારથ દેખે દેહરૂપ, મહામલિન નરક કૂપ ॥
દેખે ચૌદેય ઈન્દ્રિયું વળી, ખરી માયામયી જે પૂતળી ॥૧૦॥

પછી નીકળે પિંડબહાર, દેખે બ્રહ્માંડે તે નિરધાર ॥
જાણે દોય તે સમસ્વરૂપ, પિંડ-બ્રહ્માંડ એક જ રૂપ ॥૧૧॥

પછી દેખે તે વિવિધ લોક, લોકપતિ ને મુક્ત અશોક ॥
એના સુખતણું પરિમાણ, જાણે સરવે જન અજાણ ॥૧૨॥

દેખે માયામય નાશવંત, લોક ભોગ જે તુચ્છ અત્યંત ॥
પછી દેખે તે અક્ષરધામ, મહાઅલૌકિક અભિરામ ॥૧૩॥

અતિસુખમય તે પ્રકાશ, જેને શાસ્ત્ર કહે ચિદાકાશ ॥
વળી અમૃત પરવ્યોમન, એવા નામ અનેક પાવન ॥૧૪॥

અતિ દિવ્ય ભૂમિકા ચૈતન્ય, એને તુલ્ય નથી કોઈ અન્ય ॥
જાંયા નથી નથી માયાજાળ, મહાઆનંદ જયાં સદાકાળ ॥૧૫॥

એના ભોગ ભોગોપકરણ, અતિદિવ્ય ને ચિત્તહરણ ॥
સુખ સુખ સુખના દરિયા, મહામુક્ત જયાં આનંદે ભરિયા ॥૧૬॥

વય રૂપ ને ઐશ્વર્ય ગુણ, તેણે દિસે સહું સમતુલ ॥
નથી કે'દિ કેને સુખભંગ, સદા રસતરબોળ અંગ ॥૧૭॥

એવા અનંત મુક્ત અપાર, એહ મધ્યે સિંહાસન સાર ॥
તિયા પેખે સ્વામી સુખરૂપ, જેવા દીઠાં નાગડકે રૂપ ॥૧૮॥

શોભે જરકસીયા અંબર, કડા-વેઢ-વીંટીયું સુંદર ॥
વળી મોતીતણાં શણગાર, ધર્યા અંગોઅંગે શું અપાર ॥૧૯॥

જેવું શોભે પ્રત્યક્ષ સ્વરૂપ, તેવું અક્ષરધામસ્થરૂપ ॥
જેવું અક્ષરે આનંદરૂપ, તેવું પ્રત્યક્ષ રૂપ અનૂપ ॥૨૦॥

દેખી અદ્વૈત સ્વરૂપતણું, જનમન હરખિયા ઘણું ॥
કર્યો નિશ્ચે એમ નિરધાર, મળ્યા પ્રગટ પ્રાણઆધાર ॥૨૧॥

બોલે કેફે ને ડોલે આનંદે, હરિ ધૂન્ય બોલાવે ઉમંગે ॥
પછી કરી ધૂન્ય સમાપતિ, સંતને નમિયા પ્રાણપતિ ॥૨૨॥

ગુણનિધિ નમ્યા સહું સંત, હરિભક્ત નમ્યા ગુણવંત ॥
બેઠા હિંડોળે કૃપાનિધાન, જન એકેકુંને કરે સાન ॥૨૩॥

નિજસમીપે નાથ તેડાવે, સમાધિતણી વાત કહાવે ॥
જેને ફેર પડે કહ્યામાંઈ, તેને મોકલે સમાધિમાંઈ ॥૨૪॥

એમ એમ દ્રઢાવતાં વાત, સભામાંહિ વીતી મધરાત ॥
પછી પોઢિયા શ્રીઅવિનાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે શ્રીહરિએ સમાધિ કરાવી એ નામે સાડત્રીસમું પ્રકરણમ્ ॥૩૭॥

પ્રકરણ : ૩૮

પૂર્વછાયો :

શુભમતિ સહું સાંભળો, શ્રીહરિચરિત્ર રસાળ ॥
દેવા સુખ નિજદાસને, કરે લીલા દીનદયાળ ॥૧॥

અગાધ કરુણાપ્રવાહમાં, સ્વારથગંધ નથી રતિ ॥
તોયે ઉચ્ચરશે અવળું, અભાગિયા જેહ મૂઢમતિ ॥૨॥

ભાગ્ય ન જાય વખાણિયા, જેને આવી પ્રતીતિ ઉર ॥
અહોનિશ સંભારશે, આ અનૂપ વાત જરૂર ॥૩॥

ચોપાઈ :

સુણો પાવન હરિચરિત, જેણે વાધે પ્રભુપદે પ્રીત ॥
મટે મળ મનવાણીતણાં, થાય પુનિત તે ઘણાં ઘણાં ॥૪॥

રહી પ્રહર રજની જ્યારે, મળી મુનિજન એહવારે ॥
પ્રેમે પ્રભાતીપદ શું ગાયા, સુણી ઉઠિયા શ્રીહરિરાયા ॥૫॥

નિજસ્વરૂપનું ધરી ધ્યાન, પછી અંગ મરોડી નિદાન ॥
શૌચવિધિ પતાવીને નાથ, મૃત્તિકાએ મટિયાવે હાથ ॥૬॥

પછી ચરણ ધોઈને શ્યામ, લીધું દાતણ શ્રીસુખધામ ॥
અતિકોમળ સુગંધિદાર, તેણે દંત સુધાર્યા અપાર ॥૭॥

મુકુંદાનંદ ને જયાનંદ, સજે સેવા દોય વર્ણીઈન્દ ॥
અલબેલા આગે ઉષ્ણ જળ, મેલ્યું સ્નાન અરથે તે પળ ॥૮॥

એહ સમે જીવુબા સુજાણ, લઈ એક કટોરી પ્રમાણ ॥
તેલ ફૂલેલ સુગંધિમાન, નિજભ્રાતને દીધું નિદાન ॥૯॥

દાદાખાચર લાવ્યા ઉમંગે, તેલ ચોળવા નાથને અંગે ॥
પણ જાણે નહિ ભલી ભાત, તેણે સ્થિર ઉભા તે સાક્ષાત્ ॥૧૦॥

પછી નાથ હસ્યા તેની સામું, પૂરવા એને હૈયાની હામું ॥
કહે તેલ લગાવો અમોને, શુભરીત શીખવું તમોને ॥૧૧॥

આવ્યા નિકટ દાદાખાચર, તેલ કટોરી લૈ નિજકર ॥
પસાર્યા પ્રભુએ ભુજદંડ, કહે તેલ ચોળો સુખકંદ ॥૧૨॥

છોટી વય છોટા છોટા હાથ, દાદો તેલ ચોળે પ્રેમસાથ ॥
ગજસરીખા આજાનુંકર, નીરખી રહ્યો દાદો ખાચર ॥૧૩॥

પછી પીઠ ફર્યા અલબેલ, ચોળ્યું ઉત્તમે તેલ ફૂલેલ ॥
સોહે કચ્છપસમી સુંદર, એવી પીઠ અતિ મનોહર ॥૧૪॥

પછી ચરણ ફેલાવી શ્યામ, ધરી નવલપીંડી અકામ ॥
નવનીત સરીખી કોમળ, તિંયા તેલ ચોળ્યું નિરમળ ॥૧૫॥

પછી મદન મદ ઉતાર, કદળીથંભ સાથળ સાર ॥
ગોળ જાડા વળી મદમાતા, ચોળ્યા ઉત્તમે તે હરખાતા ॥૧૬॥

પછી ચરણ સુખકરણ, ભક્તજનને ભયહરણ ॥
દાદાખાચરે નિરખ્યા દોય, પછી તેલ ચોળ્યું ચિત્ત પ્રોય ॥૧૭॥

શુભ ષોડશ ચિહ્ન સમેતે, ચોળ્યા ચરણ અતિશે હેતે ॥
પછી નીરખી સરવે અંગ, ઉરે સંઘર્યા ધરી ઉમંગ ॥૧૮॥

નાથે આપી નિજ અંગ સેવ, કીધા ઉત્તમ એને અભેવ ॥
પછી તેલભર્યા તે ચરણ, છાપ્યા છાતીએ સુખકરણ ॥૧૯॥

વળી મસ્તક ઉપર્યે નાથ, મુક્યા ચરણ પ્રેમસંગાથ ॥
પછી મુખે તે વારમવાર, લીધા દાદે ધરી ધરી પ્યાર ॥૨૦॥

ધન્ય ધન્ય ધન્ય સંતપતિ, ધન્ય ધન્ય ઉત્તમ નૃપતિ ॥
કેવો ભક્ત કેવા ભગવાન, જોડ્ય ન જડે જગે નિદાન ॥૨૧॥

પછી લઈને જળ પ્રચુર, નાથ રેડે માથે ભરપૂર ॥
ચોળે સેવક શું ચતુરાઈ, અંગોઅંગ મહાસુખદાઈ ॥૨૨॥

સ્નાન કરીને નિજ શરીર, ખેસ નીચોવી લુખ્યું અચિર ॥
પહેર્યું નૂતન તે પીતાંબર, ઓઢી જરિયાની શાલ સુંદર ॥૨૩॥

ઘુંઘરીયાળા સ્વર્ણ ઝાંઝર, પે'રી ચરણે શ્રીહરિવર ॥
ચડ્યા ચાખડીયે મતવાલો, ચાલે હંસગતિ વૃષલાલો ॥૨૪॥

ચટ ચટ ચાખડીયું બોલે, ઘુંઘરીયે જનમન ડોલે ॥
એમ પ્રભુ ટાળે ભવપાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે શ્રીહરિએ તેલવાળા ચરણ છાતીએ ચાંપ્યા એ નામે આડત્રીસમું પ્રકરણમ્ ॥૩૮॥

પ્રકરણ : ૩૯

પૂર્વછાયો :

નાહી પધાર્યા નાથજી, સુંદર નવલે પ્રભાત ॥
નિત્યકર્મતણી સુણો, કહું વાલમજીની વાત ॥૧॥

ઊંચી વેદિકા ઉપર્યે, પાથર્યું ચારુ આસન ॥
પૂર્વાભિમુખે પ્રભુજી, બેઠા પ્રાણજીવન ॥૨॥

શાલગ્રામ ને બાલમુકુંદ, પૂજીયા પ્રેમે કરી ॥
પેંડા-બરફી ધરાવિયા, વળી પયો દધિ સાકર ખરી ॥૩॥

ચોપાઈ :

પછી સુરાખાચરને નાથ, દીધો પ્રસાદ પ્રેમસંગાથ ॥
વળી પધારિયા સભામાંય, ઝાલાવાડી જન આવ્યા ત્યાંય ॥૪॥

એકેકુંને શ્યામ સુખધામ, પૂછ્યા નામ-ઠામ-અભિરામ ॥
તેણે જનને વાધ્યો ઉમંગ, જાણ્યું સંગે આવશે શ્રીરંગ ॥૫॥

પછી જીવન જમીયા થાળ, કેડ્યે પોઢિયા દીનદયાળ ॥
ઉઠી મુખશુદ્ધિ કરી માવે, આવ્યા સભામાં અતિ ઉછાવે ॥૬॥

તિયા સુત નિજભ્રાતતણાં, સુરા ખાચરે ઉમંગે ઘણા ॥
તેડ્યા નાથ પૂજવાને કાજ, તેણે રસોઈ દીધી'તી આજ ॥૭॥

સુરાભક્તતણાં શુભસંગે, રંગાયા'તા હૈયા હરિરંગે ॥
તેણે લીધો પૂજાતણો લાવ, પૂજયા સંતહરિ ભરી ભાવ ॥૮॥

પછી પૂછ્યું અલબેલે એમ, આગે વિચરવું હવે કેમ ? ॥
દિસે મારગે ભય અનેક, કહો શાણા જે સૂઝે વિવેક ॥૯॥

ત્યારે મુક્તમુનિ જોડી હાથ, કહે સુણજો હે કૃપાનાથ ! ॥
અમે જાણ્યું તમે પરમેશ, એથી ભય નથી મને લેશ ॥૧૦॥

દેશકાળાદિ વરતે એમ, આપતણી રુચિ હોય જેમ ॥
આ સમે પીડે રાજાઓ ઘણું, તેણે પ્રજા સુખી નથી અણું ॥૧૧॥

તમ વિના સુખી કોણ કરે ? અકારણ દુઃખ કોણ હરે ? ॥
આપ પ્રગટ્યા છો મહારાજ, તેથી સુખી થવાનો સમાજ ॥૧૨॥

એવું સુણીને પૂરણકામ, ગ્રહી પરમહંસદશા શ્યામ ॥
સારા વસન-ભૂષણ જેહ, દઈ જનને થ્યાં નિઃસંદેહ ॥૧૩॥

પછી બોલિયા પ્રાણજીવન, સંગે અમુક આવજો જન ॥
એક જબરો નૃપતિ થાશે, તેણે સહુતણાં દુઃખ જાશે ॥૧૪॥

હરિઈચ્છા મહાબળવાન, તેથી નૃપ થાશે નીતિમાન ॥
પરમેશ્વર મહાસમર્થ, ધારે એમ સારે સહું અર્થ ॥૧૫॥

કોઈદ્વારે પ્રગટાવે તેજ, કાં તો સ્વયમ પ્રકાશે એ જ ॥
એની કળા કળાય ન કાંય, માટે પ્રગટ ભજો સુખદાય ॥૧૬॥

દેખે પ્રત્યક્ષ કે નવ દેખે, પણ પ્રત્યક્ષ હૃદે જે લેખે ॥
એવો પ્રગટ નિશ્ચયવાન, બેઠો અક્ષરધામે નિદાન ॥૧૭॥

વળી આલોક પરલોકમાંય, કહું સમજણ સુખદાય ॥
ક્યારે નવ માનો પ્રભુ દૂર, એ તો જાણે છે જેમ હજૂર ॥૧૮॥

જેવું ભીતર તેવું બહાર, સમું વરતે સમજદાર ॥
સતસંગ સદા સુખકારી, જાણો કુસંગે ભારી ખુંવારી ॥૧૯॥

સત્સંગ તો એનું જ નામ, મને સાંભરે સુંદરશ્યામ ॥
એહ વિનાના સંકલ્પ જેહ, મહાકુસંગ કે'વાય તેહ ॥૨૦॥

ભલે હોય ઈમારત સારી, લાગે લૂણો કાં આગ અપારી ॥
તો તો ટળશે થોડેક કાળ, એમ સતસંગે પણ ઢાળ ॥૨૧॥

આગ જાણજ્યો કુસંગ રંગ, લૂણો શ્રદ્ધાએ મોળ્યપ અંગ ॥
માટે ટાળજ્યો એ રિપુ દોય, ખપ રાખજ્યો આળસ ખોય ॥૨૨॥

જન્મમૃત્યુ ને લખચોરાશી, ચાર પ્રલય ને જમફાંસી ॥
ચાર વાત જે વિચારે જન, એને ખપ જાગે નિજમન ॥૨૩॥

એમ કહીને પૂરણકામ, કરી આગન્યા સંતને આમ ॥
વાદ્ય સહિતે કરો ગાવણું, જેથી સભા રીઝે ઘણું ઘણું ॥૨૪॥

પછી મુક્તાનંદ મુનિરાય, તદાત્મક થઈ મૂર્તિમાંય ॥
રાગ આલાપ્યો અતિ ઉલ્લાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે શ્રીહરિએ મોટેરા સાથે મંત્રણા કરી એ નામે ઓગણચાલીસમું પ્રકરણમ્ ॥૩૯॥

પ્રકરણ : ૪૦

પૂર્વછાયો :

ગાવણું કરતાં મહામુનિ, સુણી ડોલે દીનદયાળ ॥
આદિત્ય અસ્તાચળ ગયા, ને છાયો સંધ્યાકાળ ॥૧॥

એહ સમે ઝાલાવાડથી, નૃપતિ આવ્યા ઘણાં ઘણાં ॥
મછિયાવ દદુકા દેવળીયા, મેથાણ વળી તાવી તણાં ॥૨॥

બીજા કેટલાક ઉમરાવો, ઠાકોર સાહેબો વળી ॥
નિજ સૈન્ય લઈ સાથમાં, ભાયાતો આવ્યા મળી ॥૩॥

ચોપાઈ :

જાણી જીવન જગદાધાર, નમ્યા ચરણે વારમવાર ॥
પછી સંતને નામિયું શીશ, મળ્યા પરસ્પર પૃથવીશ ॥૪॥

પ્રભુદર્શન પામી આ વાર, વધ્યો ઉત્સાહ ઉરે અપાર ॥
તિંયા ઘણી પ્રગટી મશાલ, કરી આરતી મુનિ મરાલ ॥૫॥

ધૂન્ય કરાવે શ્રીહરિરાય, ઝીલે ઉમંગે સહું સભાય ॥
પછી થયો જયજયકાર, આવ્યા મુકુંદ વર્ણી તે ઠાર ॥૬॥

એહસંગે પધાર્યા કૃપાળ, જમ્યા જુગતે જીવન થાળ ॥
પછી તાણ્ય કરી અતિ અતિ, હેતે જમાડ્યા સહું નૃપતિ ॥૭॥

જમી રહ્યા જ્યારે સહું જન, ત્યારે એકાંતે પ્રાણજીવન ॥
મુક્તમુનિ બ્રહ્માનંદ સ્વામી, તેડ્યા નૃપતિ વળી અકામી ॥૮॥

માંડ્યો દેશકાળનો વિચાર, કેમ જાવું શ્રીપુર આ વાર ॥
દેખી ઉમંગમાં ઉમરાવ, ઠેલ્યો પ્રથમતણો ઠેરાવ ॥૯॥

તેણે રાજી થયા સહું જન, કાંઈ રમૂજ કરી જીવન ॥
તિંયા પૂછ્યું મછિયાવરાય, દીઠું નથી અમે શાસ્ત્રમાંય ॥૧૦॥

પણ એમ કહે છે વિદ્વાન, વેદે હિંસા કીધી છે નિદાન ॥
વળી થયા હરિઅવતાર, તે તો એમ વર્ત્યા નિરધાર ॥૧૧॥

કેમ અમે સમજીએ નાથ ! અમહિત ભણો કૃપાનાથ ॥
ત્યારે બોલિયા શ્રીઅવિનાશ, સાખ્યસહિતે કીધો પ્રકાશ ॥૧૨॥

શ્રુતિ જગતજનની સોય, કેમ હણે નિજબાળ કોય ॥
કીધી પ્રાચીનબર્હિષરાય, ઉપરિચરવસુ કથાય ॥૧૩॥

એમ અહિંસા મત ઠેરાવી, નાથ પોઢિયા ઉતારે આવી ॥
ઉઠી પ્રભાતે સુંદર શ્યામ, કીધું નિત્યકર્મ સુખધામ ॥૧૪॥

ધર્યા સોનેરી સારા વસન, વળી અંગોઅંગે આભૂષણ ॥
એહ શોભાની શી કહું વાત, જન નીરખી થ્યા રળિયાત ॥૧૫॥

બેઠા હાથી ઉપર્ય ઉમંગે, મોટા મોટા મુનિજન સંગે ॥
વળી રથ મ્યાનાઓ અપાર, તેહમાંહિ બેઠા સંતસાર ॥૧૬॥

જીવાખાચર આદિક ઘણાં, અસવાર લીધા કાઠીતણાં ॥
લાગ્યા વાજવા વાજા અપાર, છડી પોકારે શું ચોપદાર ॥૧૭॥

ભેંસજાળ પધારે જીવન, તેણે કાયાભાઈ રાજી મન ॥
પણ નાગડકાતણાં વાસી, હુવા અતિ અતિશે ઉદાસી ॥૧૮॥

વાધી વિરહ વેદના ભારી, સહું વિલખે નર ને નારી ॥
અતિ હેતાળા તે હરિજન, રુવે જાતા દેખીને જીવન ॥૧૯॥

ગાય વિના ટળવળે વત્સ, જળ વિના જયું તડપે મત્સ ॥
વળી માંબાપ વિનાના બાળ, એમ વાધી અંગે વ્રેહજાળ ॥૨૦॥

હતું શ્રીફળ એકેકું હાથ, મૂકી ચરણે નામિયા માથ ॥
કંઠ રુંધાયો નથી બોલાતું, વળી સાંભરે વાલાની વાતું ॥૨૧॥

સુરા ભક્તને ધ્રુજતા જોઈ, અલબેલાએ ધીરજ ખોઈ ॥
કહે તમણું હેત અપાર, અમસંગે રહો દરબાર ॥૨૨॥

એમ નિજસખા લઈ સાથ, ભેંસજાળ ગયા કૃપાનાથ ॥
પાછા વળ્યા નાગડકાવાસી, સંભારતા સ્વામી સુખરાશી ॥૨૩॥

લોયે-નાગડકે અલબેલ, પધાર્યા પ્રથમ રંગરેલ ॥
એહ સમાની લીલાની વાત, સુણી સહું થાજ્યો રળિયાત ॥૨૪॥

કહી મુજમતિ અનુસાર, અતિ સંક્ષેપે તે નિરધાર ॥
નથી વિસ્તાર્યો વાણીવિલાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે શ્રીહરિ નાગડકાથી ભેંસજાળ પધાર્યા એ નામે ચાલીસમું પ્રકરણમ્ ॥૪૦॥

પ્રકરણ : ૪૧

પૂર્વછાયો :

વળી કહું એક વારતા, છે સુણ્યા જેવી સાક્ષાત ॥
તન-મન પાવન કરે, મહામુક્તતણી આ વાત ॥૧॥

ચરિત્ર પ્રેમે પ્રીછવ્યા, મહાપ્રભુજીના મેં સોય ॥
હવે કહેવી વાતડી, મહામુકતની ચિત્ત પ્રોય ॥૨॥

પાવનકરણી હરિકથા, વળી આનંદકરણી સદાય ॥
મુક્તકથા પણ જાણજ્યો, એવી મુમુક્ષુને સુખદાય ॥૩॥

ચોપાઈ :

મહામુક્ત શ્રીસુરાખાચર, એની વાત કહું સુખકર ॥
જેને હરિ શું હેત અપાર, એ શું હરિને અપાર પ્યાર ॥૪॥

હરિસંત વિના એક પળ, જીવે મત્સ્ય જેમ વિના જળ ॥
એનું જીવન સંત ને હરિ, એવી પ્રીત જેને ખરેખરી ॥૫॥

લોયા-નાગડકા પુર દોય, એના નૃપતિ પ્રખ્યાત સોય ॥
પણ રાચ્યા નહિ રાયરીત, રાચ્યા સંતરીતને પુનિત ॥૬॥

પંચવિષય ઉત્તમ જેહ, તેણે લેશ ન લોપાયા એહ ॥
નૃપવેષે મહાસંતરૂપ, જાણું ખરેખરા એ અનુપ ॥૭॥

કામિની ને કનકસંયોગ, મહામોટાને લગાડે રોગ ॥
વળી એકાંતે મળે નિકટ, કરે અંધારુ અંતરપટ ॥૮॥

શોધી જુઓ અઢારે પુરાણ, કોણ દાઝ્યા વિનાનો સુજાણ ॥
એવા દીઠાં મેં સુરા ખાચર, જેને લાય ન લાગી અંતર ॥૯॥

નાથવચને રહ્યા સંસારે, રાખ્યું બ્રહ્મચર્ય દ્રઢ ભારે ॥
કોટિ જનક ને અંબરીષ, જાણું એથી વધે લોયાધીશ ॥૧૦॥

કોઈ કહે સુરો રસાસ્વાદી, એને જાણજ્યો ખરો પ્રમાદી ॥
નથી પામ્યો એ શાસ્ત્રવિચાર, નથી અનુભવ જો લગાર ॥૧૧॥

બ્રહ્મચર્યનો શત્રુ મહાન, જાણો રસાસ્વાદ તે નિદાન ॥
નોય રસાસ્વાદી નૃપવર્ય, કાં જે રાખ્યું એણે બ્રહ્મચર્ય ॥૧૨॥

ગામ-ગરાસ ને તજી ગેહ, હરિસંગે રહ્યા ધરી નેહ ॥
વળી જેમ રીઝે અલબેલ, એવો ભજવી જાણે એ ખેલ ॥૧૩॥

નાથ વિલસે માનુષી રીત, એને ધારે હૃદે ધરી પ્રીત ॥
કે'દિ સંશય લેશ મ આણે, મહામુક્ત તે સંત પ્રમાણે ॥૧૪॥

નાથસ્વરૂપે નિર્દોષભાવ, દિવ્યભાવ ને સર્વજ્ઞભાવ ॥
એમાં કેમેય ના'વે જો ફેર, એના ગુણ ગાઉં કઈ પેર ॥૧૫॥

ગમે તેવા ખીજે અલબેલ, ગ્રહે ઉદાસી મૌન ધરેલ ॥
કોઈ ફરકે ન હરિપાસ, ત્યારે ઉદાસી હરે આ દાસ ॥૧૬॥

વળી સંતમાં એવું જ હેત, તેહ પણ માહાત્મ્યે સમેત ॥
લેવી સંતની પ્રસાદી નિત, એવું નિ'મ રાખેલ ખચિત ॥૧૭॥

મન કર્મ વચન પ્રમાણ, સેવે સંતને મહાસુજાણ ॥
શાસ્ત્રા અભ્યાસુ તે ખરેખરા, અભિમાન આણે નહિ જરા ॥૧૮॥

હરિસખા તે અનાદિમુક્ત, એને નમું નમું નેહજુક્ત ॥
એના ગુણ ગાતાં મારે અંગ, વાધ્યો અતિશે આનંદ રંગ ॥૧૯॥

પણ વાત આવી એક મને, કહું પ્રથમ એને જતને ॥
નાથે મેલ્યા સંત દેશોદેશ, આપ્યો એણે ભલો ઉપદેશ ॥૨૦॥

સુણી મુમુક્ષુ પામ્યા ખેંચાણ, જેમ લોહ ને ચમકપાણ ॥
તજી નિજગુરુ વળી પંથ, માન્યા એક જ સ્વામીને કંથ ॥૨૧॥

તેણે થયો ઉપદ્રવ બહું, મળ્યા માંહોમાંહિ દુષ્ટ સહું ॥
પછી સંતને દીધા શું દુઃખ, એની વાત ન કે'વાય મુખ ॥૨૨॥

એહ કષ્ટ મીટાવાને કાજે, કીધા પરમહંસ મા'રાજે ॥
કીધા પ્રથમ વેલાલ ગામ, પછી જેતલપુરે અકામ ॥૨૩॥

એમ ઠામોઠામ દીક્ષા દીધી, કીધી નાગડકે પણ વિધિ ॥
નાથ નિજહાથ શિખા કાપે, પૂજા તજાવીને નામ આપે ॥૨૪॥

કોણ હતા ભાગ્યવંત એહ, રહ્યો ઈતિહાસે એ સંદેહ ॥
તોયે કીધો મેં લીલાપ્રકાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે શ્રીહરિએ નાગડકામાં પરમહંસ કર્યા એ નામે એકતાલીસમું પ્રકરણમ્ ॥૪૧॥

પ્રકરણ : ૪૨

પૂર્વછાયો :

સંતહરિની મૂરતિ, વળી સંતહરિના વેણ ॥
એ જ સુરા ભક્તને, કહું જીવમાંયે સુખદેણ ॥૧॥

શોધી જુઓ વચનામૃતે, પરથારે સંભળાય ॥
પરમહંસતણાં વળી, ઈતર પ્રબંધમાંય ॥૨॥

ભક્ત કહ્યા મહામુક્ત કહ્યા, અતિ પ્રેમે શું સહું સંત ॥
એવા શ્રીલોયાધીશની, ગાઉં ગાથા ગુણવંત ॥૩॥

ચોપાઈ :

ભુજનરેશના અધિકારી, સુંદરજી મહાભક્ત ભારી ॥
તેને તપાસ્યા શ્રીઅવિનાશ, હૃદે દીઠો માનઅંશ વાસ ॥૪॥

દાસ દોષ નિવારણ કાજ, એક પત્ર લખાવિયો રાજ ॥
અઢારસે ચોસઠની સાલે, ગામ ભાદરેથી વૃષલાલે ॥૫॥

માંચા સુરા સોમલા અલૈયા, મુળુ નાજા માતરા મામૈયા ॥
અજા જીવા વીરદાસ વળી, લાધા કાળા કમળશિ મળી ॥૬॥

એહ સર્વે તજી ઘરબાર, થાજયો પરમહંસ નિરધાર ॥
થોડે વર્ણે લખી ઝાઝી વાત, મેલ્યો ખેપિયો થૈ રળિયાત ॥૭॥

ચાલ્યો ખેપિયો તે ઠામોઠામ, વાંચી કાગળ ચાલ્યા તમામ ॥
ગામોગામ ફરતાં કાગળ, આવ્યો સુરા ખાચર પાસળ ॥૮॥

ગામગોંદરે બેઠા'તા રાય, મહાદેવજી બિરાજે જયાંય ॥
તિંયા પત્ર વાંચ્યો મહામતિ, હૃદે હરખીયા અતિ અતિ ॥૯॥

કહે ધન્ય ઘડી ધન્ય દન, માયા મુકાવી શ્રીભગવન ॥
મુને જાણી એકાંતિક દાસ, સાધુ થાવા તેડ્યો નિજપાસ ॥૧૦॥

વાયુવેગે આ પ્રસરી વાત, ગામ ભેળું થયું ત્યાં સાક્ષાત્ ॥
કહે મા જાશો મા જાશો રાય, એમ રુદન આદર્યું ત્યાંય ॥૧૧॥

ઠકરાણા કહું ગુણધામ, શાંતિબા સુત સુતા તમામ ॥
એ તો અક્ષરમુક્ત છે ખરા, નવ શોક આણ્યો મને જરા ॥૧૨॥

રોતા લોકને કહે નૃપતિ, સુખે ભજજયો શ્રીપ્રાણપતિ ॥
હવે જો તજો ઉદાસી અંગે, તો આવીશું કે'દિ નાથસંગે ॥૧૩॥

નહિ મેલો જો તમે રુદન, નહિ આવીએ યાં કોઈ દન ॥
એમ છાના રાખી સહું જન, અતિ ઉમંગે ચાલ્યા રાજન ॥૧૪॥

જેમ સર્પ ઉતારે કાંચળી, પાનખરે તરુ પાન વળી ॥
નૃપે પરહર્યો એમ સંસાર, પરમહંસ થયા નિરધાર ॥૧૫॥

ગામ શિયાળે મુંડ મુંડાવી, પે'રી અલફી ને ચોટી કપાવી ॥
માથે સુંદર મોળીડા છોડી, બાંધી ટોપી-રૂમાલની જોડી ॥૧૬॥

તજી મોંઘેરા અશ્વ પલાણ, ચાલ્યા પગપાળા તે સુજાણ ॥
હેમ પ્યાલાને નશ્વર જાણી, તુંબડી જળે શોભા વખાણી ॥૧૭॥

મેલી ભાવતા રૂડા ભોજન, સૂકે રોટલે નિર્ગમે દન ॥
તજી સારા ઢોલિયા તળાઈ, ભૂમિશયન આશર્યા રાય ॥૧૮॥

મળી ઈતરને કરે વાતું, આજનું ભાગ્ય નથી કે'વાતું ॥
ધન્ય ધન્ય મુજ અવતાર, મળ્યા પ્રગટ પ્રાણઆધાર ॥૧૯॥

પૂર્વે મોટા મોટા ઋષિરાય, કરી તપસ્યા વેઠ્યું સમાય ॥
તોયે સ્વપ્રે મળ્યા ન દર્શન, એ તો મુને તેડ્યો ભગવન ॥૨૦॥

એમ આવ્યા તે જેતલપુર, તિંયા રામદાસજી હજૂર ॥
દીધો કાગળ નમિયા સંત, કહે કાશી જૈયે ગુણવંત ॥૨૧॥

ભાઈરામદાસે તે કાગળ, શીશ ચઢાવી વાંચ્યો તે પળ ॥
જોયું વળતું સર્વ વિચારી, આનો ત્યાગ કેવો મહાભારી ॥૨૨॥

ભર્થરીને મળી ભૂંડી નાર, એવો નો'તો આનો જો સંસાર ॥
નો'તું દારિદ્રય કે કાંઈ ક્લેશ, નાથવેણે ધર્યો સંતવેશ ॥૨૩॥

પછી કહ્યું આવો મુજસાથ, જીંયા બિરાજે શ્રીકૃપાનાથ ॥
નાથચરણે છે કોટિ કાશી, એમ જાણ્યે રાજી સુખરાશી ॥૨૪॥

એમ ચાલિયો તે સંઘ સહું, ભુજનગરે આનંદે બહું ॥
મોર્ય મોટેરા છે રામદાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે સુરા ખાચર સંત થયા ને લોયેથી નીકળ્યા એ નામે બેતાલીસમું પ્રકરણમ્ ॥૪૨॥

પ્રકરણ : ૪૩

પૂર્વછાયો :

શુભમતિ સહું સાંભળો, કહું કથા અતિ રસાળ ॥
અંતરજામીએ જાણીયું, આવે નવલા મુનિ મરાળ ॥૧॥

મોહનજીને મનમાં, આનંદ અતિ ઉભરાય ॥
સામું ચાલિયા નાથજી, નવા સંતને તેડવા ઉછાય ॥૨॥

સંતને આવતા દેખીને, કીધા હરિએ દંડપ્રણામ ॥
દોડી રામદાસભાઈએ, ઊભા કીધા પૂરણકામ ॥૩॥

ચોપાઈ :

ભીડી ભુજાઓ ભેટીયા નાથ, ઝાલી એકેકું જનનો હાથ ॥
ઊભા નિકટે મંત્રી સુંદર, એ તો નિરખે વિસ્મયભર ॥૪॥

એક મુનિનો ઝાલીને હાથ, અતિ હેતે ભેટયા મારો નાથ ॥
ત્યારે કહે સુતાર સુંદર, શું આ સંત છે સુરા ખાચર ? ॥૫॥

હસી બોલિયા સુંદરશ્યામ, ખરા ઓળખ્યા મહાનિષ્કામ ॥
મુજસખે રાખ્યો રૂડો રંગ, અધવેણે જીત્યો મહાજંગ ॥૬॥

દ્વારિકેશે દઈ નિજજ્ઞાન, કહ્યું પાર્થ-ઉદ્ધવને કાન ॥
તોડી સંસારતણાં બંધન, કરો તપસ્યા વસીને વન ॥૭॥

જુઓ ભારત ને ભાગવત, લખ્યું વ્યાસજીએ શું વિગત ॥
અતિ વસમી વાત એ લાગી, મૂકી સ્વજનને થાવું ત્યાગી ॥૮॥

વજ્રપાશના બંધન તૂટે, પણ ધન-નારી નવ છૂટે ॥
તજી જર-જોરૂ ને જમીન, ધાર્યો કાષાય વેશ નવીન ॥૯॥

તોડે હાથી જયું કમળનાળ, તેમ તોડી સખે મોહજાળ ॥
સુણી વાલમ મુખની વાણી, ગયું સુંદરજીતણું પાણી ॥૧૦॥

કહે પ્રભુજી પૂરણકામ, કહો વાટની વાત તમામ ॥
ત્યારે હરિસખા બોલ્યા એમ, અમે નાવે બેઠા હેમખેમ ॥૧૧॥

એક જણે દાબ્યો પગ મારો, મે કીધું ખસ્ય તો પાડ તારો ॥
મેલી નિર્માનાનંદની નેમ, થાય માતરો ધાધલ કેમ ? ॥૧૨॥

સુણી ચડી આવી એને રીસ, મળી અલૈયાને સાંધી દિશ ॥
પાટા-ગડદાં ખમ્યો હું દાસ, વ્રત નિર્માન સાચવ્યું ખાસ ॥૧૩॥

ત્યારે નાથ કહે ઘણું સારું, તમે કીધું ગમતું અમારું ॥
તમ જેવા જગે જેહ જન, તેણે શોભે ભગવા પાવન ॥૧૪॥

પછી પ્રભુજી પ્રસન્ન થઈ, લાડ લડાવે જનને કંઈ ॥
નિત્ય ઉત્સવ નિત્ય દર્શન, એમ આનંદે નિગમે દન ॥૧૫॥

એક સમે કહે ભગવંત, કહે સુણો નવા નવા સંત ॥
હતું સમીપે મૃત્યુ તમારું, તેથી તમોને તારવા સારું ॥૧૬॥

દીધો પાવન કાષાય વેશ, હવે કરોને ગૃહપ્રવેશ ॥
જેમ વચને થયા વૈરાગી, એમ ગૃહી થાઓ મટી ત્યાગી ॥૧૭॥

કહે સંત હે ધર્મકિશોર, કેમ ઉચ્ચર્યા વેણ કઠોર ॥
તજી મળ કોઈ નવ ચૂંથે, ભલો ત્યાગી ગૃહ કેમ ગુંથે ॥૧૮॥

કાઢી કાદવમાંહેથી બા'ર, કેમ પાછા નાખો કિરતાર ॥
જેમ ઊલટા અન્નને ખાવું, એમ ત્યાગી મટી ગૃહી થાવું ॥૧૯॥

કાંઈ દોષ હશે અમમાંઈ, તેણે દંડ દીધો દુઃખદાઈ ॥
ત્યારે બોલિયા શ્રીઅવિનાશ, એમ સમજો મા તમે દાસ ॥૨૦॥

તમે પૂરા છો પરમહંસ, નથી તમમાં જક્તનો અંશ ॥
એમ સમજાવી બહુપેર, મોકલ્યા મુનિને નિજઘેર ॥૨૧॥

હરિઆજ્ઞાપરાયણ તન, એમ લોયે આવ્યા તે રાજન ॥
મહાવિરક્ત સુરા ખાચર, એને કેમ ગમે હવે ઘર ॥૨૨॥

સોળે કળાએ ખીલ્યું જોબન, વય બત્રીસ જાણજ્યો તન ॥
પણ મન મહામુનિ સમ, કે'દિ સ્પર્શે નહિ રજ-તમ ॥૨૩॥

ધર્યું બ્રહ્મચર્ય અષ્ટ અંગ, તજ્યો નિજસ્ત્રિયાનો પ્રસંગ ॥
રહે કાદવમાંહિ કમળ, એમ સંસારે તે નિરમળ ॥૨૪॥

શુકજીએ ન પરણી નારી, સનકાદિ નો'તા રાજયધારી ॥
રાયે તજ્યો તે દોય વિલાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે સુરાખાચર લોયે પાછા આવ્યા એ નામે તેતાલીસમું પ્રકરણમ્ ॥૪૩॥

પ્રકરણ : ૪૪

પૂર્વછાયો :

લોયા-નાગડકાના જનને, પ્રગટ મૂરતિમાં હેત ॥
સરવે કાળે સહું ક્રિયાએ, ચિંતવે માહાત્મ્ય સમેત ॥૧॥

પ્રગટ મૂરતિ નાથની, સરવે આશ્ચર્યતણું મૂળ ॥
જાણે જે જન અંતરે, એના ટળે ચોરાસીના શૂળ ॥૨॥

એની કહું એક વારતા, મને ધારજ્યો સહુ કોય ॥
લીલા નાગડકાતણી, મહાસુખકારી તે સોય ॥૩॥

ચોપાઈ :

એક સમે મહાપ્રભુરાય, વિચરતા દેશાંતરમાંય ॥
પધાર્યા નિજસખાને ધામ, વણનોતરે સુંદરશ્યામ ॥૪॥

સુરા ખાચર ને શાંતિબાઈ, નાથો ખાચર ને વલુબાઈ ॥
એહ આદિક જે પરિવાર, અનાદિમુક્ત છે નિરધાર ॥૫॥

અતિપ્રેમી ને મહિમાવાન, દ્રઢ નિશ્ચયવાળા નિદાન ॥
એની ભક્તિએ બંધાયા નાથ, ઘણું રોકાયા સંતસંગાથ ॥૬॥

વિરહાતુર ગઢડાવાસી, કેમ જીવે વિના અવિનાશી ॥
જીવુબા લાડુબા રાજબાઈ, અમૂલાબાઈ અમરબાઈ ॥૭॥

સંગે મામાશ્રી ઘેલા ધાધલ, જેનું નિયમે મન નિશ્ચલ ॥
ચાલ્યા રથે નાગડકા વાટ, નેહે નાથ નીરખવા માટ ॥૮॥

આવી સુરા ભક્તને ભુવન, ભાળ્યા પ્રભુજી પ્રાણજીવન ॥
તન-મન થયા અતિ શાંત, કીધું નિજપિતાનું વ્રતાંત ॥૯॥

દોય પત્ર દીધાં હરિહાથ, જીવા-એભલે લખેલા સાથ ॥
અલબેલોજી વાંચી કાગળ, મંદ મંદ હસ્યા એહ પળ ॥૧૦॥

કહે સભામાં સુંદર શ્યામ, સુણો સત્સંગી બાઈ તમામ ॥
મોટીબાને સેવો ધરી પ્રીત, એ તો જાણે અનાદિની રીત ॥૧૧॥

મુજ મૂરતિ વિનાના સુખ, માને અત્યંત ઝેરીલા દુઃખ ॥
કાકવિષ્ટાતુલ્ય જાણે ભોગ, માટે મોટીબા સેવવા જોગ ॥૧૨॥

પછી મળી માનુની મંડળી, સુણે મોટીબાની વાતું વળી ॥
પછી ભજન આદરે ભાવે, થાય ધારણા ને ધામ જાવે ॥૧૩॥

તેજપુંજ મધ્યે સિંહાસન, તિંયા દેખે તે સુખસદન ॥
ઘનશ્યામ સુંદર મૂરતિ, મહામનોહર રૂપ અતિ ॥૧૪॥

જેને નેતિ નેતિ કહે વેદ, જેનો કોઈ જાણે નહિ ભેદ ॥
એને નીરખે અબળા નારી, જાણે પ્રગટ પ્રતાપ ભારી ॥૧૫॥

પછી આવે સ્થૂળ દેહમાંય, ચિત્તે ચિંતવે મૂર્તિ સદાય ॥
વારે વારે અલૌકિકપણું, ભાળી ભામિની હરખે ઘણું ॥૧૬॥

સર્વે ક્રિયાએ મૂર્તિ સંભારે, વળી કીર્તન તે લલકારે ॥
તેણે પામે દિવ્ય દરશન, એનું કેમ કરું વરણન ॥૧૭॥

દધિ મંથન આદરે જ્યારે, દેખે ધામની મૂરતિ ત્યારે ॥
જાણે મહીં મથે મુજસાથ, કહે અહો અહો કૃપાનાથ ॥૧૮॥

કોઈ ઘંટલે દાણા શું દળે, તિંયા ધામની મૂરતિ કળે ॥
એક હાથે તાણે તેહ નારી, દૂજે હાથે તાણે સુખકારી ॥૧૯॥

કરે રસોઈ કોઈ જો બાઈ, આવે ધામની મૂરતિ ત્યાંઈ ॥
એહસંગે તે થાળ રસાળ, કરે દિવ્ય સ્વરૂપે દયાળ ॥૨૦॥

વળી કોઈ ગોદોહન સ્થાન, હૃદે સંભારે શ્રીભગવાન ॥
તિંયા પ્રગટે ધામનું સ્વરૂપ, મંદ મંદ હસે સુખરૂપ ॥૨૧॥

જ્યારે જ્યારે ધરે બાઈ થાળ, આવે ધામની મૂર્તિ તે કાળ ॥
જમી પ્રસાદી આપે જીવન, તેણે રાજી થાય જનમન ॥૨૨॥

થાય નિત્યે શું આશ્ચર્ય ભારી, ચડે અંગમાં ખરી ખુમારી ॥
દેખે જન જે સમાધિવાન, બીજા સુણી હરખે નિદાન ॥૨૩॥

પણ આશ્ચર્યનું મૂળ જેહ, માને પ્રગટ સ્વરૂપ તેહ ॥
ધર્મભક્તિતણો જે દુલારો, એ જ આશ્ચર્યનો સર્જનારો ॥૨૪॥

એહ સમે દોય પુરમાંય, બ્રહ્મકાળ થયો સુખદાય ॥
નથી ક્યાંય કળિતણો વાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે ધામની મૂર્તિ પ્રત્યક્ષ દેખાવા લાગી એ નામે ચુંમાલીસમું પ્રકરણમ્ ॥૪૪॥

પ્રકરણ : ૪૫

પૂર્વછાયો :

શુભમતિ સહું સાંભળો, કહું લીલા અલબેલા તણી ॥
મનુષ્યભાવે માવજી, સખાસંગે રમૂજ કરે ઘણી ॥૧॥

પ્રાકૃત ચરિત્રો દિવ્યબુદ્ધિ, જાળવી શકે જન કોય ॥
ગોપી-ઉદ્ધવ-લખનજી, હનુમાનજી સરીખા સોય ॥૨॥

હરિ કે સંત-હરિજનમાં, ધરો વજ્ર પ્રમાણ દ્રઢાવ ॥
જાણજ્યો બ્રહ્મની મૂરતિ, તો પામશો પોતે બ્રહ્મભાવ ॥૩॥

ચોપાઈ :

હવે કહું તે લીલાની વાત, સુણો સહું થઈ રળિયાત ॥
સુરા ખાચરને દરબાર, બિરાજે પ્રભુ પ્રાણઆધાર ॥૪॥

નાથે દીઠો સભામાંહિ જન, શેઠ મૂળજી ભક્ત પાવન ॥
હતા સાંખ્યયોગી એ પ્રથમ, પછી પ્રવેશ્યા ગૃહસ્થાશ્રમ ॥૫॥

અલબેલે કહાવ્યું વચન, ત્યારે કીધું ન પાણિગ્રહણ ॥
પછી પરણ્યા નૌતમ નાર, બબ્બે સંગાથે માંડ્યો સંસાર ॥૬॥

વાસનાએ મંડાણું'તું ઘર, પણ ભૂલ્યો નહિ તે ભૂધર ॥
હતો નિશ્ચય પર્વતપ્રાય, તેથી ટક્યો સતસંગમાંય ॥૭॥

અતિ નિર્માની વળી સરળ, દિવ્યભાવ હરિમાં અચળ ॥
જેમ જીભા જીવનની વળે, એમ મન મૂળજીનું ઢળે ॥૮॥

હરિવચન પાળવા કાજ, કહે મેલો સહું લોકલાજ ॥
લઈ વાનરનાં અવતાર, નાચ નાચ્યા પરાણે અપાર ॥૯॥

તેણે લેશ નથી ગઈ લાજ, આજ નચાવે શ્રીમહારાજ ॥
રીઝે રાજ થાયે ભવપાર, ભલે લોકડાં કરે ધિક્કાર ॥૧૦॥

એવા ગુણી બીજા શેખમિંયા, નાથે દીઠા સભામાંહિ તિંયા ॥
એના ગુણના પ્રકાશ કાજે, કીધી રમૂજ શ્રીમહારાજે ॥૧૧॥

કહે મૂળજીને ભગવાન, ત્રીજી નારી પરણો નિદાન ॥
પછી શેખજીને કીધું વેણ, બીબી તમારી દ્યો સુખદેણ ॥૧૨॥

ત્યારે જન કહે કૃપાનાથ ! છે એ ગોંડળ, નહીં મુજસાથ ॥
બોલ્યા પ્રભુજી બીબીનું કાજ, તમે સુખે પતાવોને આજ ॥૧૩॥

ત્યારે કહે મૂળજી હે નાથ ! કેમ બને અમારો સંગાથ ॥
હું તો હિંદુ એ મુસલમાન, કાંઈ મે'ર કરો મે'રબાન ॥૧૪॥

સુણી હસિયા સુંદરશ્યામ, કેમ કજોડું જાણો આ કામ ॥
તજી સાંખ્ય ભજી દોય નાર, એમાં કેમ કીધો ન વિચાર ॥૧૫॥

સુણી હસે સહું સભાજન, પણ સંશય આણે ન મન ॥
ધર્યો મિંયાને નારીશૃંગાર, પછી બેસાડ્યા ચોરીમોઝાર ॥૧૬॥

સુરા ખાચરને કહે માવ, હવે કરો મંગળ વિવાહ ॥
કહે રાય ભલે કૃપાનિધિ, અમે જાણીએ આ ભલી વિધિ ॥૧૭॥

પછી વજાવ્યા મંગળ વાજા, ચોરીએ પરણે વરરાજા ॥
ગાય સખા તે કઢંગા ગીત, સુણી હસે પ્રભુજી અમિત ॥૧૮॥

ચોરીમાંહિ અગ્નિ પ્રગટાવી, છેડાછેડી શું રૂડી બંધાવી ॥
પછી ફેરા કરાવિયા ચાર, એમ રમૂજ કીધી અપાર ॥૧૯॥

કહે પ્રભુજી પ્રાણઆધાર, આને નથી વિચાર લગાર ॥
ભૂલી નાત-જાત ભેદભાવ, કીધો ઉમંગે પ્રેમવિવાહ ॥૨૦॥

વળી વળી હસાવે જીવન, ખડખડ હસે સભાજન ॥
પણ મૂળજી-શેખજી દોય, નિજ ધન્ય ભાગ્ય માને સોય ॥૨૧॥

થયું રમૂજે તે પરીક્ષણ, પણ ડોલ્યા નહિ વિચક્ષણ ॥
જોયા નિશ્ચય એના અચળ, વળી દિવ્યભાવ એહ પળ ॥૨૨॥

તેણે અલબેલો અતિ રાજી, કહે ભલી જીતી ગયા બાજી ॥
કીધો સંશય નહિ આ સમે, સતસંગ તજ્યો નહિ તમે ॥૨૩॥

વળી નિર્માનીપણું તમારું, જોઈ હરખે હૈયું અમારું ॥
તમ જેવા નહિ ઝાઝા જન, પામે મુંઝવણ મનોમન ॥૨૪॥

ચડ્યો તમને સત્સંગ રંગ, લેશ થયા નહિ ચિત્તભંગ ॥
માટે ખરેખરા હરિદાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે મુળજી અને શેખમિયાંની પરીક્ષા કરી એ નામે પિસ્તાલીસમું પ્રકરણમ્ ॥૪૫॥

પ્રકરણ : ૪૬

પૂર્વછાયો :

લીલા લોયાધામની, કે'તા સુણતા વાધે આનંદ ॥
પૂરણ પુરુષોતમની, કહું કીરતિ શું સુખકંદ ॥૧॥

અમૃતતુલ્ય આ કથા, જે મુમુક્ષુજન સાંભળશે ॥
નિશ્ચે જનમ જનમના, તાપ સંતાપ તેના ટળશે ॥૨॥

વિક્રમ સંવત અઢારસો, વળી પાંસઠની શુભ સાલ ॥
ચૈત્ર માસ ઉતરતે, લોયે પધાર્યા શ્રીવૃષલાલ ॥૩॥

ચોપાઈ :

સુરા ખાચરને દરબાર, બિરાજે છે શ્રીપ્રાણઆધાર ॥
આપે નિત નિત નવા સુખ, ટાળે નિજજન તણાં દુઃખ ॥૪॥

એવે સમે સ્વામી નિત્યાનંદ, હતા નાંદોલ તે મુનિઈન્દ ॥
પુરુષોતમ ભટ્ટને પાસ, પ્રેમે કરતા શાસ્ત્ર અભ્યાસ ॥૫॥

જોઈ સ્વામીની મતિ અનૂપ, શાસ્ત્રીજીએ જાણ્યા વ્યાસરૂપ ॥
તેણે આપી રજા મુદભર, ચાલ્યા પ્રભુ પાસે મુનિવર ॥૬॥

આવ્યા સુરા ભક્તને ભુવન, જીંયા બિરાજે પ્રાણજીવન ॥
પ્રેમે કીધા શું દંડપ્રણામ, પછી સ્તુતિ ઉચ્ચર્યા અકામ ॥૭॥

નમું પ્રભુ પ્રગટ પ્રમાણ, નમું સ્વામી સદા સુખખાણ ॥
નમું અક્ષરતણા આધાર, નમું નમું શ્રીધર્મકુમાર ॥૮॥

નમું કર્મફળના પ્રદાતા, નમું સકળ સૃષ્ટિ વિધાતા ॥
નમું આનંદઘન આકાર, નમું નમું શ્રીધર્મકુમાર ॥૯॥

નમું સર્વ ધામતણા ધામી, નમું સર્વ નામતણા નામી ॥
નમું અખિલ જગદાધાર, નમું નમું શ્રીધર્મકુમાર ॥૧૦॥

નમું અવતારના અવતારી, નમું વિશ્વેશ વિશ્વવિહારી ॥
નમું સર્વ શાસ્ત્રતણા સાર, નમું નમું શ્રીધર્મકુમાર ॥૧૧॥

નમું બળવંત બહુનામી, નમું અકળ અંતરજામી ॥
નમું અનંત જીવ ઉદ્ધાર, નમું નમું શ્રીધર્મકુમાર ॥૧૨॥

એમ સ્તુતિ કરી ઘણીવાર, સુણી રાજી થયા કિરતાર ॥
પછી ભણ્યા હતા ગ્રંથ જેહ, નામ કહી દેખાડિયા તેહ ॥૧૩॥

તપાસવા મુનિતણું જ્ઞાન, પ્રશ્ન પૂછીયો શ્રીભગવાન ॥
કહો શું છે ભાગવતમાંય, સાર-સિદ્ધાંત હે મુનિરાય ॥૧૪॥

ત્યારે બોલ્યા નિત્યાનંદ સ્વામી, તમે સાંભળજો બહુનામી ॥
જેવું જણાયું મુને લગાર, તેવું કહું છું હું નિરધાર ॥૧૫॥

પરબ્રહ્મ ધરી અવતાર, આવે આંહિ અવનિ મોઝાર ॥
ત્યારે ગમે તેવું કર્મ કરે, વળી ગમે તેને સંગ ફરે ॥૧૬॥

એનું બંધન એને ન થાય, વળગે નહિ દોષ જરાય ॥
વળી ધામતણો મુક્ત જેહ, સ્વતંત્રપણે ધરે યાં દેહ ॥૧૭॥

ત્યારે ભૂલે જો અનુસંધાન, તો તો માયા લપેટે નિદાન ॥
એટલો ફેર એ દોયમાંય, હવે કહું મુક્તિની કથાય ॥૧૮॥

ધર્મસહિત ભક્તિ જે કરે, જ્ઞાન-વૈરાગ્યને ઉર ધરે ॥
કરે મન-કર્મ ને વચન, સારા સંતનો સંગ જે જન ॥૧૯॥

એ તો તોડી માયાતણી જાળ, પૂગે આપચરણે કૃપાળ ॥
કહ્યું મુજમતિ અનુસાર, ભાગવતતણું એહ સાર ॥૨૦॥

જથારથ જાણો પ્રભુ તમે, અલ્પબુદ્ધિ શું જાણીએ અમે ॥
સુણી નિત્યાનંદજીની વાત, થયા નાથ અતિ રળિયાત ॥૨૧॥

પછી એક બાજુ સહુ સંત, બીજી બાજુ સ્વામી ગુણવંત ॥
કીધી શાસ્ત્રચર્ચા પરસ્પર, જોઈ રાજી થયા હરિવર ॥૨૨॥

પછી મુનિને મસ્તકે હાથ, મૂકી વર દીધો કૃપાનાથ ॥
જીત થશે તવ જગમાંય, કે'દિ પામશો હાર ન ક્યાંય ॥૨૩॥

ત્યારે બોલિયા મુનિપ્રવર, જીત્યે વાધે અભિમાન જવર ॥
ચિત્રાકેતુની પેઠે અહિત, થાશે મારું તે પણ ખચિત ॥૨૪॥

સુણી રાજી થયા બહુનામી, હૃદે માન નહી આવે સ્વામી ॥
એમ વર દીધો અવિનાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે શ્રીહરિએ નિત્યાનંદ મુનિને વર આપ્યો એ નામે છેતાલીસમું પ્રકરણમ્ ॥૪૬॥

પ્રકરણ : ૪૭

પૂર્વછાયો :

નિત્યાનંદ મુનિતણી, જોઈ સાધુતા શ્રીઅવિનાશ ॥
શાસ્ત્રજ્ઞાન વળી ઘણું, તોયે વર્તે દાસાનુદાસ ॥૧॥

ધર્મજ્ઞાનાદિક સદગુણો, વળી પ્રતિષ્ઠા જગમાંય ॥
વધતા જો વાધે નહિ, હૃદે અભિમાન જરાય ॥૨॥

એવા જનને નાથજી, રાખે નિજસમીપે સદાય ॥
વળી એહસમીપમાં, રહે સર્વદા શ્રીહરિરાય ॥૩॥

ચોપાઈ :

નિત્યાનંદજીને લઈ સાથ, આવ્યા નાગડકે મુનિનાથ ॥
સુરાખાચરને દરબાર, કીધો ઉતારો શ્રીકિરતાર ॥૪॥

દીધો મહામુનિને આદેશ, વાંચો પંચમ સ્કંધ વિશેષ ॥
માન્યું યોગશાસ્ત્ર અમે એહ, તમે કથા સુણાવોને તેહ ॥૫॥

નાથઆગન્યા ચઢાવી શીશ, કથા આરંભ કીધી મુનીશ ॥
નિત્યાનંદજી વાંચે કથાય, મુખ્ય શ્રોતા બન્યા હરિરાય ॥૬॥

વ્યાસપીઠે બેસે નિત્ય સ્વામી, ગાદી-તકિયે બેસે બહુનામી ॥
કથામાંહિ હરે હરે બોલે, વળી રહસ્ય શાસ્ત્રના ખોલે ॥૭॥

સુણી રાજી થાય સહુ જન, એમ આનંદે વીતે છે દન ॥
સુરા ખાચર આપે રસોઈ, નિત્ય નિત્ય નવી નવી સોઈ ॥૮॥

લાડુ-બિરંજ આદિક થાળ, જમે જમાડે દીનદયાળ ॥
નિત્ય ના'વા જાય દોય વાર, ઊંડે ધરે કાં વાવ્ય મોઝાર ॥૯॥

કે'દિ ભૂતિ તળાવે પધારે, નાય પ્રભુજી અતિ ઉછાવે ॥
જળક્રીડા કરે સખાસંગે, મુનિ ધ્યાન ધરે એ ઉમંગે ॥૧૦॥

એક દિન કથામાંહિ વાત, આવી ભરતજીની સાક્ષાત ॥
ત્યારે બોલ્યા મહાપ્રભુ એમ, કહો પામીશું કલ્યાણ કેમ ? ॥૧૧॥

એના બાપો સ્વયં ભગવાન, એવું આપણે નથી નિદાન ॥
હતું એને ચક્રવર્તી રાજ, વળી સુખનો સરવે સમાજ ॥૧૨॥

જાણી સ્વપ્નતુલ્ય એ તમામ, વળી પામવા સુંદર શ્યામ ॥
તીવ્ર વૈરાગ્યે તજ્યો સંસાર, માંડી સાધના વન મોઝાર ॥૧૩॥

થયા મહાભાગવત જન, ત્યાં તો દયાએ રોળ્યું ભજન ॥
વૃત્તિ લાગી મૃગબાળમાંય, તેણે ખોયા હરિ સુખદાય ॥૧૪॥

નવ ટળ્યો એને ગર્ભવાસ, વળી જન્મમરણતણો ત્રાસ ॥
માટે રેજ્યો ખબડદાર ખરા, જોજ્યો પ્રીતિ રહે નહિ જરા ॥૧૫॥

સુણી બોલિયા સુરા ખાચર, મહાકઠણ એ હરિવર ॥
કાંઈ બતાવો સારો ઉપાય, જેણે આ ભવસિંધુ તરાય ॥૧૬॥

મંદ મંદ હસી કહે માવ, તમે જીતવા ઈચ્છો જો દાવ ॥
કરો સંગ સાચા સંતતણો, તેણે પ્રેમ થાશે મુંમા ઘણો ॥૧૭॥

વૃત્તિ રે'શે નહિ જગમાંય, હૃદે દેખશો મુને સદાય ॥
ભવસિંધુમાંહિ સાચા સંત, જાણો નાવ તમે ગુણવંત ॥૧૮॥

તરે તારે સદા નિજજન, સાચા સંતરૂપે ભગવન ॥
સુણી રાજી થયા સહું જન, જાણ્યા ધન્ય ભાગ્ય નિજમન ॥૧૯॥

મળ્યા પ્રગટ પ્રભુ ને સંત, નક્કી સુખદ આવશે અંત ॥
એમ આનંદે ડોલે છે સહું, તેણે દિન વીત્યા બહુ બહુ ॥૨૦॥

એક દિન આવ્યા સંત દોય, લઈ પત્ર ડભાણથી સોય ॥
ભાઈરામદાસે મોકલેલ, ગામપંચે કાગળ લખેલ ॥૨૧॥

લખી ઉપમાઓ ઘણી સારી, પછી પ્રેમે વિનંતિ ઉચ્ચારી ॥
નાથ ! જેતલપુરને માંય, કીધો યજ્ઞ મહાસુખદાય ॥૨૨॥

એવો કીજીએ ડભાણ ગામ, ઝાઝું શું કહીએ અમે શ્યામ ॥
વાંચી પત્ર વાલમે વિચાર્યું, ગુજરાત જવા નિરધાર્યું ॥૨૩॥

હેત સુર પરિવારતણું, વળી એકાંત ગમે છે ઘણું ॥
ઈયા લીલા કરી એક માસ, નથી જવા નિજઈચ્છા ખાસ ॥૨૪॥

પણ કોટિક જીવને કાજ, આજ દેહ ધર્યો મહારાજ ॥
માટે ચાલિયા શ્રીઅવિનાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે શ્રીહરિએ કલ્યાણનો સરળ ઉપાય કહ્યો એ નામે સુડતાલીસમું પ્રકરણમ્ ॥૪૭॥

પ્રકરણ : ૪૮

પૂર્વછાયો :

લીલા શ્રીમહારાજની, સુણો મહાસુખદાય ॥
અલ્પ જીવને કારણે, થાય મોટામના હરિરાય ॥૧॥

ખોટ્યનો ધંધો આદરે, હરિ સંત વળી હરિજન ॥
અમૃત દિયે જળ અરથે, એવા મહામતિ તે પાવન ॥૨॥

કેવળ દેવા તાન છે, નથી લેવું કાંય જરાય ॥
હરિ સંત હરિજનને, એવું વરતે ઉર સદાય ॥૩॥

ચોપાઈ :

હવે સુણો લીલાતણી વાત, તમે જાણશો હે મારા ભ્રાત ॥
કેવા આપણા નાથ દયાળ, કેવા સુરાભક્ત પ્રતિપાળ ॥૪॥

એક સમે શ્રીસુરા ખાચર, આવ્યા દુર્ગપુરે નૃપવર ॥
પ્રભુચરણે કરી પ્રણામ, કહે સુણો મહાસુખધામ ॥૫॥

નાથીયાની માંયે કીધું આમ, તેડી લાવોને સુંદર શ્યામ ॥
નવ પધારે પ્રભુ જો ઘેર, તો તો તપ તપજો સુપેર ॥૬॥

તોયે જો ન રીઝે અવિનાશી, થાજયો સાધુ ગ્રહીને ઉદાસી ॥
પણ નાથવિણ દરબાર, ધેર્ય ન આવશો નિરધાર ॥૭॥

સુણી મંદ મંદ હસ્યા માવ, કહે જાણ્યો શાંતિબાનો ભાવ ॥
હવે જણાવો તમારો ખપ, કેવું આદરશો મહાતપ ? ॥૮॥

ત્યારે હરિસખા કહે નાથ ! દેહ દમીશ હિંમત્યસાથ ॥
નિત્ય જમું છું હું ત્રણ્ય વાર, હવે પછી જમું ટાણા ચાર ॥૯॥

ત્યારે નાથ કહે સુણો રાય, આવું તપ તને ન ખમાય ॥
ચાલો જઈએ તમારે ગામ, એમ ચાલ્યા સખાસંગે શ્યામ ॥૧૦॥

નથી નથી બીજા કોઈ સંગે, ચાલે કેવળ દોય ઉમંગે ॥
હૈયે હેત અતિ પરસ્પર, માંડી મારગે વાતું સુંદર ॥૧૧॥

થોડું જ્ઞાન ને થોડો આનંદ, કહે સખા વળી સુખકંદ ॥
એમ ચાલિયા ઘણું મારગે, દીઠી લોયાતણી સીમ દ્રગે ॥૧૨॥

થયો મોદ તે મનમાં ભારી, પણ કંઠ સુકાયો અપારી ॥
માથે તાપ તપે મહાઘોર, તેણે પીડાયા ધર્મકિશોર ॥૧૩॥

કહે સખાને પ્રાણઆધાર, મુને ઉપજી પ્યાસ અપાર ॥
હવે ખમાતું નથી જો પળ, કેમે કરી લાવો આંહિ જળ ॥૧૪॥

હવે મુજથકી ન ચલાય, કરો તરસતણો ઉપાય ॥
એમ કહી નાથ તતકાળ, બેઠા તરુતળે તે દયાળ ॥૧૫॥

પછી મહામુક્ત સુરરાય, નેજા માંડી જુવે ચોતરાય ॥
ક્યાંય નથી દેખાતું જો જળ, તેણે ભક્ત થયા વિહવળ ॥૧૬॥

કરી વિનંતિ જોડીને હાથ, થોડું ચાલી નાખો હવે નાથ ॥
નથી ગામ ઝાઝું રહ્યું દૂર, તિંયા પાઈશ જળ જરૂર ॥૧૭॥

ત્યારે નાથ કહે સુણ દાસ, મુજ પ્રાણ સુકવે છે પ્યાસ ॥
નથી તનમાં જરીયે જોર, એમ બોલિયા ધર્મકિશોર ॥૧૮॥

ત્યારે સુરા ભક્તે ફરીવાર, જોયું તાકી-તાકીને અપાર ॥
દીઠો દૂર તિંયા બાળ એક, તેણે હરખ્યા રાય વિશેક ॥૧૯॥

રાયે વિચારિયું મનમાંય, હશે જળ અવશ્ય જો ત્યાંય ॥
પછી ચાલ્યા એ ખેતર ભણી, મોટે ડગલે લોયાના ધણી ॥૨૦॥

હાંકે હળ તે કણબી બાળ, તેણે દીઠા રાય તતકાળ ॥
મોટી પાઘ કદાવર કાય, એમાં મૂંછનો વટ ન માય ॥૨૧॥

નક્કી કરશે મુને હેરાન, એવું માનીને બાળ નિદાન ॥
છુપાયો તે બળદ પાછળ, પણ ફાવી નહિ એની કળ ॥૨૨॥

મંદ મંદ હસતાં નૃપાળ, આવ્યા બાળ પાસે તતકાળ ॥
જોઈ બાળ થરથરે બહું, નક્કી આજ સાજો નવ રહું ॥૨૩॥

સુરા ખાચરે ઝાલીયો કર, કહે લેશ મા રાખીશ ડર ॥
હું તો આવિયો તુજ પાસળ, મુજ સ્વામી કાજે લેવા જળ ॥૨૪॥

બહુ ચાલિયા એ મુજસાથ, સૂકે કંઠે પીડ્યા કૃપાનાથ ॥
એની પ્યાસ બુઝાવવા આશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે સુરા ખાચરે કણબી બાળક પાસે શ્રીહરિ માટે પાણી માગ્યું એ નામે અડતાલીસમું પ્રકરણમ્ ॥૪૮॥

પ્રકરણ : ૪૯

પૂર્વછાયો :

શુભમતિ સહુ સાંભળો, કહું ત્યાર પછીની વાત ॥
સુરા ખાચર એમ બોલિયા, તરસ્યા છે જગતાત ॥૧॥

જો હોય જળ તુજ પાસળે, તો આપ્ય મુને તતકાળ ॥
પાન કરાવું મારા નાથને, પીશે પ્રભુજી દીનદયાળ ॥૨॥

એહ કારણ હું આવિયો, નથી અરથ દૂજો કાંય ॥
મે'ર આણી મુજ ઉપરે, દેને આણી ઉરમાં દયાય ॥૩॥

ચોપાઈ :

સુણી બાળમને હાશ વળી, એની બીક તે ટળી સઘળી ॥
થઈ મુખરેખા પ્રફુલ્લિત, કહે આપીશ જળ અમિત ॥૪॥

લાવ્યો નવી બતક હું આજ, જળ શીતળ રાખવા કાજ ॥
મેલી તે બોરડીતણે છાંય, એમ કહી લાવ્યો પળમાંય ॥૫॥

દીધી સુરા ખાચરને એહ, ત્યારે બોલ્યા નૃપ ધરી નેહ ॥
હુંતો જાઉં છું પ્રભુજી પાસ, લેવા બતક આવજે ખાસ ॥૬॥

તારું જળ પીને જગદીશ, રાજી રાજી થાશે તુજશીશ ॥
કે'શે માંગ્ય માંગ્ય તતકાળ, તેંયે તું શું માંગીશ હે બાળ ! ॥૭॥

ત્યારે બાળ બોલ્યો હે નૃપાળ ! ત્રીશ વીઘા જમીન રસાળ ॥
હું તો માંગીશ પ્રભુજી પાસ, પછી ખેડીશ ધરી હુલ્લાસ ॥૮॥

સુણી તેંયે બોલ્યા લોયાધીશ, આવું નકામું નવ માંગીશ ॥
રીઝે જયારે શ્રીજગજીવન, ત્યારે મોક્ષ માંગજે પાવન ॥૯॥

બાળે વિચારીયું મનમાંય, હશે મોક્ષ તે કેવી બલાય ? ॥
પણ નવ બોલ્યો એહ કાંય, ચાલ્યા જળ લઈ સુરરાય ॥૧૦॥

જાંયા બિરાજે દીનદયાળ, તિંયા લાવ્યા જળ તતકાળ ॥
પાયું પ્રભુજીને પ્રેમસાથ, ત્યારે રાજી થઈ બોલ્યા નાથ ॥૧૧॥

આજથી થાય જે શુભ કામ, તેનું મળે જે પુણ્ય તમામ ॥
એતો પામશે પાણી પાનાર, એમાં ફેર ન પડે લગાર ॥૧૨॥

તિંયા આવિયો બાળક એહ, નમ્યો પ્રભુપદે ધરી નેહ ॥
ત્યારે પૂછીયું દીનદયાળ, કહે કેમ આવ્યો આંહિ બાળ ? ॥૧૩॥

જોઈ નૃપ સામું પછી બાળ, બોલ્યો ધીમે વચન રસાળ ॥
આંહિ આવ્યો છું બતક કાજ, ઝાઝું શું હું ભણું મહારાજ ॥૧૪॥

સુણી બોલિયા શ્યામ સુંદર, માંગ્ય માંગ્ય તું ઈચ્છિત વર ॥
તેતો બુઝાવી છે મુજ પ્યાસ, આજ પૂરી કરું તુજ આશ ॥૧૫॥

ફરી બાળે જોયું નૃપ ભણી, સાન સમજ્યો મનમાં ઘણી ॥
મનમાં સંઘરી નિજ આશ, બોલ્યો બાળક હે અવિનાશ ! ॥૧૬॥

જો હો રાજી તમે હરિરાય ! આપો મોક્ષ મુને સુખદાય ॥
દયાળુ ! એટલું દિયો આજ, ઝાઝું શું હું ભણું મહારાજ ? ॥૧૭॥

સુણી મંદ મંદ હસ્યા માવ, વળી પૂછીયું ધરી લગાવ ॥
તું તો નવ જાણે મોક્ષરીત, તોયે કેમ માંગ્યું ધરી પ્રીત ? ॥૧૮॥

નક્કી સુરા ખાચરે તો આજ, તુંને શીખવ્યું માંગવું કાજ ॥
ત્યારે બાળકે માથું ધુણાવી, હરિવાતને સત્ય ઠેરાવી ॥૧૯॥

પછી બોલિયા શ્યામ સુંદર, આપ્યો આપ્યો તુંને એહ વર ॥
તુંતો મોક્ષ પામીશ જરૂર, જીંયા સુખ અતિ ભરપૂર ॥૨૦॥

તવ સાત પેઢી હું તારીશ, વળી પામીશ તું વિઘા ત્રીસ ॥
એમ પ્રભુજી મહાઉદાર, દીધું વણમાગ્યું જો અપાર ॥૨૧॥

પછી રાજી થઈ ચાલ્યો બાળ, મંદ મંદ મલક્યા દયાળ ॥
રીઝે જીવ પામે કાંઈ જયારે, રીઝે નાથ દઈ દાન ભારે ॥૨૨॥

પછી સખાસંગે સુખધામ, વ્હાલો પધારિયા લોયા ધામ ॥
નિજ દાસને દર્શન દીધા, સહુ જન કૃતારથ કીધા ॥૨૩॥

શાંતિબા જમાડે નિત્ય થાળ, પ્રેમે જમે પ્રભુજી દયાળ ॥
કરે નવલી નવલી વાત, સુણી જન થાય રળિયાત ॥૨૪॥

વીત્યા આનંદે દિવસ બહુ, પૂર્યા નાથે મનોરથ સહુ ॥
પછી વિચર્યા શ્રીઅવિનાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે પાણી પાનાર બાળકને કલ્યાણનો કોલ આપ્યો એ નામે ઓગણપચાસમું પ્રકરણમ્ ॥૪૯॥

પ્રકરણ : ૫૦

પૂર્વછાયો :

હવે સુણો રળિયામણી, માણકી મિલનની વાત ॥
શ્રવણ દઈ સાંભળતા, થાશો અતિ રળિયાત ॥૧॥

વિક્રમ સંવત અઢારસો, અડસઠની શુભ સાલ ॥
લોયાતણા દરબારમાં, બિરાજે છે વૃષલાલ ॥૨॥

સંગે સખાની મંડળી, તેને ઉપજાવે આનંદ ॥
તોરંગ વાતે રંગ જમાવે, અલબેલો સુખકંદ ॥૩॥

ચોપાઈ :

કહે સખાને જીવનપ્રાણ, મુજ અશ્વ તો ખરો સુજાણ ॥
ચાલે રેવાળ ચાલે તે જયારે, પેટે પાણી હલે નહિ ત્યારે ॥૪॥

દોડાવો કાં તો નાખો કુંડાળે, વળે જેમ અસવાર વાળે ॥
કરે પાળા બંદૂક અવાજ, તિંયા લેશ ન થડકે રાજ ॥૫॥

અમે ખાવાનું આપીએ નિત, મેંદો મધ જલેબી અમિત ॥
તોયે કે'દિ ન કરે તોફાન, એવો સંત સ્વભાવ નિદાન ॥૬॥

ભલે હોય ઘોડીઓ મોઝાર, તોયે ચળે નહિ તે લગાર ॥
ઘણા સોનેરી સાજ-સામાન, રાખીએ અતિશે મૂલ્યવાન ॥૭॥

તેણે અશ્વ આ શોભે ઘણેરો, ઓપે અમને એવો અનેરો ॥
વખાણ સુણતાં અશ્વ કેરા, દરબારો તો ફૂલ્યા ઘણેરા ॥૮॥

તિયા કોઈ ઉચ્ચરિયું વેણ, ક્ષમા કરશો હે સુખદેણ ! ॥
અશ્વ જેવું નહિ કોઈ પ્રાણી, એમાં હોય જો ઘોડી સુજાણી ॥૯॥

એ તો અમૂલખ કહેવાય, એ સારુ તલખે મોટા રાય ॥
કાઢી આપે કોઈ નિજપ્રાણ, પણ વછેરી ન દે સુજાણ ॥૧૦॥

ત્યારે બોલિયા શ્યામસુંદર, શોધો નાગનેશ મિણાપર ॥
સાયલા લીંબડી વઢવાણ, સહું ઠેકાણે કરો પિછાણ ॥૧૧॥

અમે દિયે મુખમાંગ્યા દામ, આપો વછેરી જો સુખધામ ॥
એમ વાત કહેતાં'તા નાથ, તિયા આવ્યા બે ભાઈ સંગાથ ॥૧૨॥

પંડ્યા ભીમ વળી જીવરામ, મૂળ વતન વેજળકા ગામ ॥
પછી થયા ચૂડાતણાં વાસી, આવ્યા નીરખવા અવિનાશી ॥૧૩॥

મનમાંહિ કીધો મનોરથ, જાણું સ્વામીને તો સમરથ ॥
ચરણારવિંદમાં અનૂપ, જો દેખાડે સોળ ચિહ્ન રૂપ ॥૧૪॥

સામુદ્રિક શાસ્ત્રો લખ્યા જેહ, પરબ્રહ્મના લક્ષણ તેહ ॥
દેખી આશ્રિત થાઉં નિદાન, ભજું પ્રગટ તે ભગવાન ॥૧૫॥

એવું વિચારીને દ્વિજરાય, આણે સમે આવ્યા સભામાંય ॥
નથી અંતરજામી અજાણ, જાણે સરવે વાત સુજાણ ॥૧૬॥

દોય દ્વિજ કરવા નિહાલ, નાથ ઉચ્ચર્યા વાણી રસાળ ॥
નામ લઈને કીધો આદર, દીધો પ્રસાદ પ્રેમસભર ॥૧૭॥

પછી ચતુરાઈયે શું શ્યામ, પ્રસાર્યા ચરણ સુખધામ ॥
નીરખ્યા ભીમ પંડ્યાએ પ્રીતે, જુગલ ચરણ ચિહ્ન સહિતે ॥૧૮॥

જવ જાંબુ વજ્ર કેતુ વળી, પદ્મ અંકુશ સ્વસ્તિક મળી ॥
અષ્ટકોણ ઉર્ધ્વરેખા નામ, જમણે ચરણે તે અભિરામ ॥૧૯॥

મીન ત્રિકોણ ગોપદ વ્યોમ, ધનુષ કળશ ને અર્ધસોમ ॥
વામ ચરણે તે ચિહ્ન સાત, નીરખ્યા પંડ્યાજીએ સાક્ષાત્ ॥૨૦॥

હુવા ગદગદ ગિરા ને નેણ, જાણ્યા પ્રભુને શ્રીસુખદેણ ॥
લાગી પાય લીધા વ્રતમાન, થયા સતસંગી નિરમાન ॥૨૧॥

પછી રજા માગી ચાલ્યા દોય, નિજગામ ભણી દ્વિજ સોય ॥
આવ્યું મારગમાં મીણાપર, તિંયા જાવાને ઈચ્છયા વિપર ॥૨૨॥

કાં જે મીણાપર દરબાર, ઝાલા મનુભા છે નિરધાર ॥
એને રૂપિયા દોય હજાર, વ્યાજે ધીરેલા ભીમે આ ઠાર ॥૨૩॥

કરી ઉઘરાણી ઘણી ઘણી, પણ ક્યાંથી આપે ગામધણી ॥
વ્યાજસહિત નાણાં ઉધાર, થયા રૂપૈયા ત્રણ્ય હજાર ॥૨૪॥

એહ લેવા સારું બેઉ ભાઈ, વિપ્ર આવ્યા મીણાપરમાંઈ ॥
હૈયે હરિ મળ્યાનો હુલ્લાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે ભીમ પંડ્યાને ચરણારવિંદમાં ચિહ્ન દેખાડ્યા એ નામે પચાસમું પ્રકરણમ્ ॥૫૦॥

પ્રકરણ : ૫૧

પૂર્વછાયો :

મીણાપર બેઉ આવિયા, પંડ્યા ભીમ વળી જીવરામ ॥
નિરધાર્યું છે ઉરમાં, આજ નક્કી લેવા દામ ॥૧॥

દેવ જાણી પધરાવિયા, મનુભાએ દરબાર ॥
કુશળ-ક્ષેમ પૂછી વળી, દીધા આદર સત્કાર ॥૨॥

પછી ભીમભાઈ બોલિયા, આપો નાણાં સહવ્યાજ ॥
નહિં તો ત્રાગું કરીએ, એવી ટેક ધરી અમે આજ ॥૩॥

ચોપાઈ :

સુણી વાત ને મુંઝાયા ભારે, મનુભા એમ મન વિચારે ॥
ક્યાંથી આણું હું આ સમે દામ, મળે મુદ્દત તો સૂઝે કામ ॥૪॥

તિંયા ભીમ પંડ્યાની નજર, ઠરી ઠાણિયે વછેરી પર ॥
સોહે રૂપ-રૂપના અંબાર, અતિ તેજસ્વી દેવાંશી નાર ॥૫॥

પીઠે ચળકે ખજૂરી રંગ, શોભે છાતીએ દૂધિયો રંગ ॥
મુખ કાન વળી પગ ચાર, દૂધિયે વાને સોહે અપાર ॥૬॥

પટ્ટો સફેદ શોભે શું ભાલ, કેશવાળીની નોખી કમાલ ॥
કેશગુચ્છ વળી પુચ્છમાંય, એની શોભા શું કહું જીભાય ॥૭॥

તરુણી વયે હુમકા કરે, પુચ્છ ઉછાળી મટકા ભરે ॥
જાણે અપ્સરા શું નૃત્ય કરે, એમ માણકી મનડું હરે ॥૮॥

જોઈ મોહી રહ્યા પળવાર, ભીમ પંડ્યાને સૂઝયો વિચાર ॥
કરું અર્પણ જો આ વછેરી, અતિ રીઝશે લટકાળો લે'રી ॥૯॥

ત્યારે બોલિયા મનુભા એમ, નાણાં હાલોહાલ આપું કેમ ॥
નથી મુજ પાસે લેશ ધન, હજુ ખમો થોડા ઘણા દન ॥૧૦॥

સુણી કહે પંડ્યા ભીમભાય, દામ સાટે વછેરી દ્યો રાય ॥
નહિંતો ત્રાગું કરી જાશું મરી, હવે ધીરજ નથીયે જરી ॥૧૧॥

હતી માણકી તે પ્રાણપ્યારી, પણ બ્રાહ્મણની બીક ભારી ॥
કરે ત્રાગું બ્રહ્મહત્યા થાય, કયે ભવે મુંથી એ છુટાય ॥૧૨॥

એમ ભય પામી દરબારે, દીધી માણકી થૈ દુઃખી ભારે ॥
કીધો કુંકુમ ચાંદલો ભાલ, ગળે મળ્યા ભરી અતિ વ્હાલ ॥૧૩॥

પીઠ થાબડી ફેરવ્યો હાથ, કહે જાઓ આ વિપ્રસંગાથ ॥
જેમ કાઢી આપે કોઈ પ્રાણ, એમ દીધી માણકી સુજાણ ॥૧૪॥

દીધી પંડ્યાને પાકી રસોઈ, જમ્યા ભાવતાં ભોજન સોઈ ॥
પછી ખાતું વળાવી ભૂદેવ, ચાલ્યા લોયાભણી તતખેવ ॥૧૫॥

જાણી અંતરજામીએ વાત, બોલ્યા રાજી થઈ રળિયાત ॥
લાવો કુંકુમ અક્ષત લાવો, આજ મંગળ વાજા વજાવો ॥૧૬॥

આવે આવે ગરુડ અમારો, સુરા ભક્ત ! લાવો સાજ સારો ॥
કરવું અમારે તો પૂજન, ઉમંગે કહે પ્રાણજીવન ॥૧૭॥

તિયા પહોંચ્યા ભૂદેવ દોય, સંગે દેવાંશી વછેરી સોય ॥
માણકીએ જોયા સુખરાશિ, જોઈ માણકીને અવિનાશી ॥૧૮॥

મળી નજરું ચાર તે જયારે, નેહના આંસુ ઉભર્યા ત્યારે ॥
માણકીએ કીધો હણહણાટ, દોટ મૂકી નાથે પૂરપાટ ॥૧૯॥

મળ્યા માણકીને માણીગર, ઈતિહાસ બન્યો એ અમર ॥
કંઠે વળગ્યા શ્રીઅલબેલ, કેશવાળીને પંપાળી છેલ ॥૨૦॥

પામી પ્રભુનો સ્પર્શ પાવન, માણકી હરખી મનોમન ॥
કર્યું હરિએ હેત શું અતિ, તેણે જગમાં થઈ એ છતી ॥૨૧॥

જોઈ વછેરી કાઠીઓ સહું, એકીટશે દેખી રહ્યા બહું ॥
કહે નથી જોયું આવું પ્રાણી, એમ માણકીને શું વખાણી ॥૨૨॥

મહામુક્ત અક્ષરનો જેહ, ધર્યો તેણે અશ્વતણો દેહ ॥
પરબ્રહ્મને સેવવા કાજ, પશુ બન્યો મહામુક્તરાજ ॥૨૩॥

આ તો ગઢપુરે બ્રહ્મચારી, ઈશ્વરાનંદ કે'તા સંભારી ॥
હતા ભીમ પંડ્યાના વંશજ, માટે આમાં અસત્ય ન રજ ॥૨૪॥

માણકી ને માણીગરતણી, કીધી વાત આંહિ હેતે ઘણી ॥
હવે મહાકાળ ઈતિહાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે મહારાજ અને માણકીનું મિલન થયું એ નામે એકાવનમું પ્રકરણમ્ ॥૫૧॥

પ્રકરણ : ૫૨

પૂર્વછાયો :

લીલા લોયાની ઉચ્ચરી, હવે કહું નાગડકાતણી ॥
વિક્રમ સંવત અઢારસો, અડસઠની વાતો ઘણી ॥૧॥

મહા સુદી પંચમીતણો, સમૈયો કરવા નાથ ॥
નાગડકે પધારિયા, સંત-હરિજન સાથ ॥૨॥

સુરા ભક્તના દરબારમાં, રહ્યા અલબેલો અઢી માસ ॥
એવે સમે ભુજનગરથી, આવ્યા દરશને મળી દાસ ॥૩॥

ચોપાઈ :

જને પ્રણામ કરી તે પળ, આપ્યો હરિને હાથે કાગળ ॥
ભુજમંત્રી સુંદર સુતાર, એહ પત્રતણાં લખનાર ॥૪॥

લખી ઉપમાઓ ઘણી સારી, પછી વિગતે વાત ઉચ્ચારી ॥
આપ વરસમાં નિરધાર, કચ્છ આવતાં બે-ત્રણ વાર ॥૫॥

પણ વીતીયા વરસ દોય, નથી દીધા દરશન સોય ॥
તેથી ખેદ રહે મનમાંય, કીધી હશે ભૂલ્ય અમે કાંય ॥૬॥

આવ્યા નથી તેણે હરિ આપ, પણ પ્રેમ રાખો છો અમાપ ॥
સંવત્સરે દોય વાર સંત, મોકલો છો એ કૃપા અનંત ॥૭॥

તેણે નિત્ય નવલો ઉમંગ, રહે અમ અંગ સતસંગ ॥
સંસારી સુણે સંતવચન, તેણે તૂટે તે ભવબંધન ॥૮॥

જન્માંતરના મલિન પાશ, થાય સંત સેવ્યે સહુ નાશ ॥
આપના સંત ખરા પાવન, કરે જીવને મુક્ત જીવન ! ॥૯॥

એવો પત્ર વાંચ્યો હરિરાય, પછી ઉત્તર લખિયો ત્યાંય ॥
સહું દાસતણાં શુભનામ, લખ્યાં પ્રથમ શ્રીસુખધામ ॥૧૦॥

પછી જેને ઘટે જેવી વાત, તેવી લખી થઈ રળિયાત ॥
રહેજો વચન અનુસાર, તો પામશો ભવજળપાર ॥૧૧॥

મેલી વચન નર વિમુખ, કે'દિ પામ્યો નથી કોઈ સુખ ॥
પાળ્યા વચન જેણે અમારા, એ તો નિશ્ચે અક્ષરે જનારા ॥૧૨॥

પૂજે અમને તો રૂડી રીતે, પણ વચને વર્તે ન પ્રીતે ॥
તો તો ભાલે ચરચી ચંદન, જીભે ડામ દે છે મારો જન ॥૧૩॥

જ્ઞાન વૈરાગ્યાદિ ધરી ખરા, તોડે વચન જે નર જરા ॥
તેણે અંગે સજી શણગાર, મુખે મેશ ભૂંસી પારાવાર ॥૧૪॥

જુઓ ભૂત ભાવિ વર્તમાન, રહે વચને જે ગુલતાન ॥
થયા થાશે સુખી એ જ જન, એમ શાસ્ત્રા સુણાવે વચન ॥૧૫॥

મારુ વચન તે મારુ રૂપ, એમ માનો તમે સુખરૂપ ॥
મારે વચને મારો નિવાસ, એ રૂપે રહું તમારી પાસ ॥૧૬॥

રાખો આદર જેવો વચને, એવો જાણજ્યો નિકટ મને ॥
ધર્યું મેં તો આ માનુષી તન, માટે વર્તું એમ નિશદન ॥૧૭॥

આ શરીરે રહે ભાવ દોય, પરોક્ષ વળી પ્રત્યક્ષ સોય ॥
પણ વચનસ્વરૂપી તન, સદા દિવ્ય માનો હરિજન ॥૧૮॥

કે'દિ પરોક્ષ ન થાય એહ, તમ સમીપે વસે છે તેહ ॥
એમ વચનરૂપી મૂરતિ, એની આમન્યા તજો ન રતિ ॥૧૯॥

કચ્છ દેશે અમે બહુવાર, કર્યા ચરિત્ર અતિ અપાર ॥
વળી હાલાર સોરઠમાંય, સુખી કીધા હરિજન ત્યાંય ॥૨૦॥

ઝાલાવાડ દેશમાંહિ કહું, ફર્યા છાના છતરાયા બહું ॥
સતસંગે કોઈ હરિજન, નથી રહ્યો વિણ દરશન ॥૨૧॥

હોય જેવા દેશકાળ જ્યારે, વિચરીએ એહ અનુસારે ॥
જાણતા નથી તમે લગાર, રાખો કેવળ દર્શને પ્યાર ॥૨૨॥

અમે આવ્યા છીએ બહુ તિંયા, હવે તમારે આવવું ઈંયા ॥
એવો પ્રત્યુત્તર લખ્યો નાથે, ભુજ મેલ્યો તે જનસંગાથે ॥૨૩॥

વાંચી પત્ર સુંદર સુતાર, થયા અંતરે દુઃખી અપાર ॥
લાગ્યા નાથવિરહના બાણ, તજ્યા સુંદર સુતારે પ્રાણ ॥૨૪॥

પ્રેમીજનની તો રીત એવી, કાં તો મળે કાં તો મરે તેવી ॥
અવિનાશ પ્રેમીતણો શ્વાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે સુંદરજી સુતારનો પત્ર આવ્યો એ નામે બાવનમું પ્રકરણમ્ ॥૫૨॥

પ્રકરણ : ૫૩

પૂર્વછાયો :

ધર્મકુંવર અલબેલડો, સુરાભક્તને દરબાર ॥
નાગડકામાં નાથજી, આપે સુખ અપાર ॥૧॥

ગામથી ઉત્તર દિશમાં, વહે નિર્મળ સરિતા નીર ॥
તિંયા જળક્રીડા કરે, વાલમ ધીરગંભીર ॥૨॥

સંત-હરિજન સાથમાં, દિવસમાં દોય વાર ॥
નિત્ય નદીએ નાથજી, પધારે પ્રાણઆધાર ॥૩॥

ચોપાઈ :

ગાતાં-વાતાં જાય જન સહુ, આવે વળતાં ઉમંગે બહુ ॥
તેણે અંતરે રહે ઉછાવ, દેખી રીઝે મનોહર માવ ॥૪॥

એક સમે શ્રીહરિ સુજાણ, લખ્યો કાગળ ગામ ડભાણ ॥
તિંયા રહે વિપ્ર મયારામ, તેને તેડાવિયા સુખધામ ॥૫॥

મળી પ્રગટ પ્રભુની સેવ, જાણી સત્વર આવ્યા ભૂદેવ ॥
થયું આરંભ શ્રીભાગવત, વાંચે વિપ્ર ભલા સારસ્વત ॥૬॥

શ્રોતા કરુણાનિધાન નાથ, વળી સંત હરિજન સાથ ॥
લીંબવૃક્ષતણી મીઠી છાંય, તિંયા સભા સજે સુરરાય ॥૭॥

બાંધ્યો ઉલેચ શું ભાતીદાર, મોતીતોરણ બાંધ્યા અપાર ॥
ગાતી-તકિયા મલમલ કેરા, શોભે વેદિકા પર અનેરા ॥૮॥

તિંયા બિરાજે સુંદર શ્યામ, બીજે આસને શ્રીમયારામ ॥
લઈ ફૂલ ચંદન કેસર, પૂજે ગ્રંથને શ્રીહરિવર ॥૯॥

પછી પૂજે પુરાણીને નાથ, એક રૂપિયો દક્ષિણાસાથ ॥
નિત્ય પાકા સીધાં તે અપાવે, સાંજ-સવાર કથા વંચાવે ॥૧૦॥

આસપાસના ભાવિક જન, વળી ઝાલાવાડી હરિજન ॥
વઢવાણ તણાં આગેવાન, કચેરીજન વળી વિદ્વાન ॥૧૧॥

કથા સુણે ને હરખે અતિ, જમાડે સંત ને પ્રાણપતિ ॥
માની પોતાના ભાગ્ય અપાર, સેવે પ્રગટ પ્રાણઆધાર ॥૧૨॥

જ્યારે વસંત પંચમી આવી, સુરા ખાચરને મન ભાવી ॥
કરી વિનંતિ વિનય સાથ, સંત તેડાવોને કૃપાનાથ ! ॥૧૩॥

શોભે સમૈયો પ્રભુજી ત્યારે, જ્યારે સંત ને વર્ણી પધારે ॥
સમૈયાના આભૂષણરૂપ, સહુ સંત ને વર્ણી અનુપ ॥૧૪॥

સંત જેવું વા'લુ નથી કાંય, હરિજનને હૈયે સદાય ॥
સંત દેખી હરિજન ઉર, રેલે દિવ્ય આનંદના પૂર ॥૧૫॥

અમ ગૃહસ્થ કાજે નિદાન, સંત છે કલ્પવૃક્ષ સમાન ॥
જગે જાણ્યા સંત સાચા સગા, બહુ ટાણે મળે બીજે દગા ॥૧૬॥

સંત સેવા-સમાગમે કરી, થાય કલ્યાણ અમારું હરિ ॥
જોઈ સુરા ખાચરનો ભાવ, રીઝ્યા અતિ મનોહર માવ ॥૧૭॥

હતા મોટા સંત વઢવાણ, મુક્તાનંદજી મહાસુજાણ ॥
વળી બ્રહ્માનંદ નિત્યાનંદ, ચૈતન્યાનંદ આનંદાનંદ ॥૧૮॥

મા'નુભાવાનંદ મરજાદિ, દેવાનંદ પ્રેમાનંદ આદિ ॥
ભણનારા સાધુ ઘણા સંગે, સેવે મૂળજી શેઠ ઉમંગે ॥૧૯॥

એ તો સહુને મોટેરા જાણે, સૌથી ન્યૂન પોતાને પ્રમાણે ॥
વાતચીતે પ્રવીણ અપાર, હરિ વિનાનું માને અસાર ॥૨૦॥

સારા કવિ વળી બુદ્ધિમાન, સતસંગે રહે નિરમાન ॥
તિયા કાગળ લખાવ્યો નાથે, વઢવાણે મેલ્યો જન સાથે ॥૨૧॥

પત્ર વાંચીને હરખ્યા બહુ, નાગડકે આવ્યા સંત સહુ ॥
જેમાં નથી જક્તતણો અંશ, એવા પાવન પરમહંસ ॥૨૨॥

એના ઘુંઘટે ઢાંકેલ મુખ, એમ આવ્યા હરિ સનમુખ ॥
નાથ મળ્યા થઈ અતિ રાજી, કહે જીત્યા જીત્યા તમે બાજી ॥૨૩॥

અમે ફેરવ્યું જે પ્રકરણ, તમે પાળ્યું તે વ્રત કઠણ ॥
ખરા વચન મૂરતિ તમે, તમ જેવું જગે કોણ ખમે ? ॥૨૪॥

ફેરવ્યું ઘુંઘટા પ્રકરણ, એનું મુનિઓ સુણો કારણ ॥
મનનીય રૂડો ઈતિહાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે સુરા ખાચરની પ્રાર્થનાથી મોટા સંતોને તેડાવ્યા એ નામે ત્રેપનમું પ્રકરણમ્ ॥૫૩॥

પ્રકરણ : ૫૪

પૂર્વછાયો :

નાગડકે તેડાવિયા, મહાપ્રભુજીએ મુનિજન ॥
અલબેલો નીરખવા, વેગે આવ્યા પ્રસન્નવદન ॥૧॥

ઘુંઘટે ઢાંકેલ મુખડા, જોઈ રીઝીયા શ્રીઅલબેલ ॥
મલક્યા મંદ મંદ માવજી, રસિયોજી રંગરેલ ॥૨॥

સંતપતિ કહે સંતને, હવે મેલો ઘુંઘટ રીત ॥
રહસ્ય આ પ્રકરણતણું, સુણો મન ધરી પ્રીત ॥૩॥

ચોપાઈ :

અમ આજ્ઞા થકી સંત દોય, ગયા સુરતે ભણવા સોય ॥
ભણે ભાગવત ઘણું સારું, તિંયા એકને લાગિયું લારું ॥૪॥

બીજા સંત સાધુતાભંડાર, પણ આ તો અતિશે ઉતાર ॥
એહ ઉતારને હરિજન, લાગ્યા ચાહવા પોતાને મન ॥૫॥

હતા જેતલપુરમાં અમે, દોય જન આવ્યા એહ સમે ॥
એ તો સુરતના રહેનાર, અણસમજુ વળી ગમાર ॥૬॥

અમે પૂછીયું એમને સોય, તમ શહેરે સંત છે દોય ॥
તેમાં કોણ દિસે અતિ સારા, જેણે અંતર જીત્યા તમારા ॥૭॥

બોલ્યા બેઉ હરિજન સાથ, નાથ ! સાંભળજો સંતગાથ ॥
રહે સુરતમાં દોય સંત, એમાં શામળા સુબુદ્ધિવંત ॥૮॥

ગોરા સંત ન જાણે વિવેક, અમ સામું જોતા નથી છેક ॥
અમે દિયે મીઠાઈ અપાર, પણ મુખે ન મુકે લગાર ॥૯॥

ગોરા સંત જમે જ્યારે થાળ, ત્યારે મેળવે અન્ન રસાળ ॥
એમાં પાણી નાખે ભરી પોશ, જોતાં જોતાં ઉડે અમ હોંશ ॥૧૦॥

વિનવીએ અમે અતિ અતિ, તોય સુણતાં નથી એ રતિ ॥
કે'દિ પકડી ટેક ન છોડે, એમ અમારા મનડાં તોડે ॥૧૧॥

હોય પુરુષની સભા જ્યારે, કરે ઉત્સાહે વાતડી ત્યારે ॥
પણ એકે પુરુષ ન હોય, ત્યારે મુન્ય બેસી રહે સોય ॥૧૨॥

દૂર થકી જ આપે દરશ, વળી ન દે ચરણ સ્પરશ ॥
નીચું જોઈ મીંચી રાખે નેણ, એથી શામળા છે સુખદેણ ॥૧૩॥

હસી હસી કરે મીઠી વાત, સુણી થૈયે રાજી રળિયાત ॥
જુએ અમૃત ભરી નજરે, તેણે અંતર અમારા ઠરે ॥૧૪॥

ખરેખરા જાણે અમ અંગ, રુચે એમનો રાખવો સંગ ॥
એવું રાજી રાખે નહિ કોઈ, અમે જાણ્યા સમરથ સોઈ ॥૧૫॥

રાખજ્યો એને અમ નગર, એટલો માંગીએ અમે વર ॥
પછી અમે સમજાવ્યા ઘણું, પણ એ તો ન સમજ્યા અણું ॥૧૬॥

જાણો શ્યામળિયા સંત એહ, નક્કી ફૂટેલ વાસણ તેહ ॥
ભલે ઉપજાવે તે ખેંચાણ, પણ નકામું જાણે સુજાણ ॥૧૭॥

દિસે સુવર્ણ રૂપાળું સારું, પણ મોત ઉપજાવનારું ॥
એમ એને સંગે તમે જન, થાશો વિમુખ કોઈક દન ॥૧૮॥

એમ ઘણું કહીને નિદાન, અમે ફરી આપ્યા વ્રતમાન ॥
વળી ફેરવ્યું આ પ્રકરણ, કેને કે'શો નહિ આ કારણ ॥૧૯॥

મળ ટકે નહિ ઝાઝા દન, માટે એની ચિંતા તજો મન ॥
ત્યારે મહામુનિ મુક્તાનંદ, કહે વિનયે શું જગવંદ ॥૨૦॥

નાથ ! ક્યારનોય જાણું વાત, પણ કેમ કહેવી સાક્ષાત ? ॥
લોકે પ્રતિષ્ઠિત હોય જેહ, એને વિચારીને કે'વું સોય ॥૨૧॥

મરે કોઈ સ્વાભાવિક રીતે, એને લોક ધરે નહિ ચિત્તો ॥
પણ કમોતે જો કોઈ મરે, જગ વાતું ઝાઝી એની કરે ॥૨૨॥

પછી એમ બોલ્યા અવિનાશ, તમે ઘુંઘટ રાખ્યો બે માસ ॥
હવે જોજો એના માઠા ફળ, તાણી ઘુંઘટ નારી સકળ ॥૨૩॥

રડી રડીને થશે બેહાલ, નર નહિ રાખે રતિ વા'લ ॥
કરશે નિજજાયાનો ત્યાગ, મને લેશ નહિ રહે રાગ ॥૨૪॥

આવે કાળ વિકરાળ જ્યારે, તૂટે સગાઈ સહુની ત્યારે ॥
એમ ભાવિ ભાખ્યું અવિનાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે ઘુંઘટા પ્રકરણનો ઈતિહાસ કહ્યો એ નામે ચોપનમું પ્રકરણમ્ ॥૫૪॥

પ્રકરણ : ૫૫

પૂર્વછાયો :

વિક્રમ સંવત અઢારસો, અડસઠની શુભ સાલ ॥
નાગડકે દરબારમાં, બિરાજે છે વૃષલાલ ॥૧॥

વિપ્ર ગામ ડભાણના, નામ રૂડું મયારામ ॥
ભાગવત મહાપુરાણની, કરે કથા અભિરામ ॥૨॥

સંત-હરિજન સાથમાં, શ્યામળિયો સુખધામ ॥
સૂરત દઈને સાંભળે, મનવાંછિત પૂરણકામ ॥૩॥

ચોપાઈ :

ભટ્ટ કથા કરે રૂડી રીત, શ્લોક સુણાવે અર્થ સહિત ॥
એમાં રહસ્યની શુભ વાત, કહે પ્રગટ પ્રભુ સાક્ષાત ॥૪॥

સુણી સંત તો સુખડા માણે, સર્વાધિક સ્વામીને પ્રમાણે ॥
નાથ બે ટાણા કથા વંચાવે, બે ટાણા નદીએ નાવા જા'વે ॥૫॥

રૂડી ઓરડાતણી ઓસરી, ત્યાં તો દાતણ કરતાં હરિ ॥
પછી નાવા પધારે દયાળ, આંહિ શાંતિબા આદરે થાળ ॥૬॥

ભાત-ભાતના ભોજન પાક, નિત્ય નવા-નવા થાય શાક ॥
જમાડે મુળજી બ્રહ્મચારી, જમે મોહન મહાસુખકારી ॥૭॥

એક વાતતણી સ્મૃતિ આવી, ધોળી વાછડી ત્યાં ઘણી ફાવી ॥
જયારે નાવા જાયે કિરતાર, ત્યારે વાછડી થાય તૈયાર ॥૮॥

મહાપ્રભુજી ઘોડી દોડાવે, વાછડી પડખે દોડી આવે ॥
ઉભા રહે છે જયારે જીવન, ત્યારે વાછડી કરે દર્શન ॥૯॥

કાન માંડીને નિહાળે નાથ, નાથ દર્શન દે પ્રેમસાથ ॥
હશે પુણ્ય શું વાછડીતણાં, મળ્યા માવજી શું હેતે ઘણાં ॥૧૦॥

મોટા મુનિવર ધરે ધ્યાન, તોયે સ્વપ્નેય નાવે નિદાન ॥
જપ જપી તપ તપે ઘણું, નથી થાતી ઝાંકી તોયે અણું ॥૧૧॥

એવા દુર્લભ જે ભગવાન, એ તો વત્સાને મળ્યા નિદાન ॥
હવે કહું બીજી એક વાત, મહાપ્રભુજી તણી સાક્ષાત ॥૧૨॥

એક સમે સભા સજી શ્યામ, હેતે વાતું કહે સુખધામ ॥
મૃગ સુણે મોરલીનો નાદ, થઈ સ્થિર તજી ઉનમાદ ॥૧૩॥

એમ સહુ સુણે દઈ ચિત્ત, વાતું વાલમ કેરી ખચિત ॥
એવામાંહિ આવી એક નાર, કાઠીકુળતણી નિરધાર ॥૧૪॥

એને વિશ્વાસ છે આત્મસાત, સ્વામી પ્રગટ પ્રભુ સાક્ષાત ॥
કાળ કર્મ ને માયાનું જોર, નહિ ચાલે જયાં ધર્મકિશોર ॥૧૫॥

કેસરી આગે મૃગલાં જેમ, જાણે નાથ આગે સહુ એમ ॥
આવી સભામાં કીધા પ્રણામ, પછી બોલી એ નમણી વામ ॥૧૬॥

તમે સાંભળો હે સુખખાણ ! કાશીએથી આવ્યા છે લખાણ ॥
વસંત પંચમી તણે દન, મરશે સહુ સૃષ્ટિના જન ॥૧૭॥

મહાડટ્ટણ આવશે ભારે, સર્વે પૃથ્વી તો દટાશે ત્યારે ॥
પણ આપ બિરાજો છો આંય, તેણે નાગડકા ન દટાય ॥૧૮॥

સુણી નાથે નિવારી એ વાત, એવું ડટ્ટણ નાવે સાક્ષાત ॥
પણ આવશે ડટ્ટણ એવું, ખાવા અન્ન મળે નહિ તેવું ॥૧૯॥

કરપોંચો કરડીને શ્યામ, કહે અન્ન વિના નરવામ ॥
આમ કરડશે સહુ જન, દેતા ધન નહિ મળે અન્ન ॥૨૦॥

અન્ન વિના પીડાશે જો પ્રાણી, વળી પીવા નહિ મળે પાણી ॥
તમે તરફડતાં તરફડતાં, ચહુ દિશ જોશો લોક મરતાં ॥૨૧॥

મહાકાળનું મહાતાંડવ, ખમી નહિ શકે કોઈ જીવ ॥
જળ વિનાના જમીન તળ, નિશ્ચે થાશે જાણજો સકળ ॥૨૨॥

નહિ ભાળો લીલું એક તૃણ, થાશે સર્વે પૃથ્વી વેરણ ॥
ચોરી લૂંટફાટ અનાચાર, એ વધશે અવનિ મોઝાર ॥૨૩॥

મારશે માનવીને માનવ, મટી માનવ થશે દાનવ ॥
તૂટશે લોહીતણી સગાઈ, રસાતળ જાશે જો ભલાઈ ॥૨૪॥

સુણી વાણી તે મેઘગંભીર, છૂટી સભાજન તણી ધીર ॥
અતિ ઉપજ્યો અંતરે ત્રાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે મહાકાળની આગાહી કરી એ નામે પંચાવનમું પ્રકરણમ્ ॥૫૫॥

પ્રકરણ : ૫૬

પૂર્વછાયો :

દિન વસંતપંચમી તણો, આવ્યો નાગડકામાંય ॥
ઉમંગે ઉત્સવ માણવા, કરે તૈયારીયું સુરરાય ॥૧॥

કેસર-પતંગ-કેસુડાના, નાના ભાત્યના રંગ ॥
ભર્યા હોજમાંહિ ભલા, રમવાને હરિસંગ ॥૨॥

અબીર-ગુલાલના ગાડલા, વળી ખારેક ખજૂર શ્રીફળ ॥
રંભાસ્તંભ ને શેરડી, લાવ્યા સુરા ભક્ત એહ પળ ॥૩॥

ચોપાઈ :

કર્યો મંડપ સારો સુંદર, આવી બેઠા તિંયા હરિવર ॥
આગે શોભે રૂડું અષ્ટદળ, રંગોળી થકી પૂર્યુ કમળ ॥૪॥

તિયા સુવર્ણ કળશમાંય, મૂકી વસંતી વસ્તુ સમાય ॥
લાગ્યા વાજવા મંગળ વાજા, સુણી હરખે રાજાધિરાજા ॥૫॥

પછી મહામુનિ મુક્તાનંદ, હરિસખા કવિ બ્રહ્માનંદ ॥
પ્રેમાનંદ દેવાનંદ સ્વામી, ગાઈ વધાવે શ્રીઋતુસ્વામી ॥૬॥

ડભાણીયા વિપ્ર મયારામ, મંત્ર ઉચ્ચરિયા અભિરામ ॥
સુરા ભક્તે વસંતની ત્યારે, કરી પૂજા ષોડશોપચારે ॥૭॥

પછી લોયાધીશે લઈ થાળ, પૂજયા પ્રેમે શું દીનદયાળ ॥
વસંતી પાઘ ને સુરવાળ, વસંતી ખેસ ને ફૂલમાળ ॥૮॥

ફુલતોરા-છોગા તે સુંદર, ધાર્યા એ સમે શ્રીહરિવર ॥
જોઈ શોભા અતિ મનોહર, સ્તુતિ ઉચ્ચર્યા સુરા ખાચર ॥૯॥

તમે અખંડ અનાદિરૂપ, સદા દિવ્ય તમારું સ્વરૂપ ॥
સર્વે આનંદનું મૂળ આપ, મહાકલ્યાણકારી નિષ્પાપ ॥૧૦॥

સર્વકર્તા વળી સર્વહર્તા, અન્યથાકર્તા વળી અકર્તા ॥
નેતિ નેતિ નિગમ કહે છે, કોણ તમારો પાર લહે છે ? ॥૧૧॥

સર્વકર્મફળના દાતાર, જડ-ચૈતન્યતણાં આધાર ॥
સદા બિરાજો અક્ષરધામ, સર્વત્ર પ્રકાશો મારા શ્યામ ॥૧૨॥

કરે તવ ભ્રકુટિ વિલાસ, સૃષ્ટિતણાં ઉત્પત્તિ ને નાશ ॥
કરુણાનિધિ મહાદયાળ, નિજભક્તજન પ્રતિપાળ ॥૧૩॥

ટળો કોટિ બ્રહ્માંડોનું રાજ, પણ તમે મળો મહારાજ ॥
તમે પરમ ચિંતામણિ શ્યામ, તમે સહુ સુખતણા ધામ ॥૧૪॥

ત્રણ્ય ગુણ અવસ્થા ને દેહ, એથી પર અક્ષર મુક્ત જેહ ॥
એ જ તમારી મૂર્તિએ રમે, બીજા ક્યાંય ભટકતાં ભમે ॥૧૫॥

જુએ શાસ્ત્રમાં જે અલ્પમતિ, એ તો તમને ન જાણે રતિ ॥
એ તો સેવે સત્પુરુષ જયારે, પામે પરમ પ્રાપતિ ત્યારે ॥૧૬॥

અણું-અણુંમાં તમારો વ્યાપ, સત્પુરુષમાં સાક્ષાત્ આપ ॥
જેણે તવ સંત કર્યા રાજી, એણે જીતી ભવતણી બાજી ॥૧૭॥

એમ સ્તુતિ કરી લીધો રંગ, તેણે ભીંજવ્યા નાથના અંગ ॥
પછી મચી ઝડી રંગતણી, બની મૂરતિ લાલ તે ઘણી ॥૧૮॥

કરે સહન પ્રભુજી બહુ, વાર્યા રામદાસે જન સહુ ॥
કરી અલબેલાને પ્રણામ, કહે આપ ખેલો સુખધામ ॥૧૯॥

પછી જન બેઠા સભામાંય, રંગ રેલાવે શ્રીહરિરાય ॥
અવનિ અંબર થયા શું લાલ, નાથે ઉડાડ્યો એવો ગુલાલ ॥૨૦॥

નાથ ફાંટ્યુ ફેંકે જેમ જેમ, સુરો ખાચર હરખે તેમ ॥
બહુ રંગે રમ્યા વૃષલાલ, સહુ જનને કર્યા નિહાલ ॥૨૧॥

પછી ફગવાએ પોંશ ભરી, દીધા જનને હેતે શું હરિ ॥
શું કહું એ સુખતણી વાત, જાંયા વરસ્યા પ્રભુ સાક્ષાત ॥૨૨॥

પછી નદીએ પધાર્યા શ્યામ, સંગે સંત હરિજન તમામ ॥
નાહ્યા જળમાં જીવનપ્રાણ, વળી નાહ્યા સરવે સુજાણ ॥૨૩॥

પછી આવ્યા સહુ દરબાર, તિંયા કીધી રસોઈ તૈયાર ॥
શાંતિબાએ જમાડિયા નાથ, બહુ શાક-પાક પ્રેમસાથ ॥૨૪॥

જમી નાથે લીધો મુખવાસ, હેતે જમાડિયા નિજદાસ ॥
પછી સભા સજી અવિનાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે વસંતોત્સવ વર્ણન કર્યું એ નામે છપ્પનમું પ્રકરણમ્ ॥૫૬॥

પ્રકરણ : ૫૭

પૂર્વછાયો :

ત્યાર પછીની વારતા, તમે સાંભળો સહુ સુજાણ ॥
સભામાંહિ બિરાજીયા, અલબેલો સુખખાણ ॥૧॥

દયાળુ છે બહુ દલના, નિજભક્તજનપ્રતિપાળ ॥
પળે પળે હિત ચિંતવે, એવા પ્રભુજી મહાદયાળ ॥૨॥

ચિત્તમાંહિ ચિંતા ધરી, બની મુખશોભા તે શ્યામળી ॥
જોઈ સંત હરિજનને, બોલ્યા હરિ હેતે વળી ॥૩॥

ચોપાઈ :

મુને ચિંતા વાધે છે તમારી, થાશે દુર્ભિક્ષ વર્ષ આ ભારી ॥
અમે દંઢાવ્ય દેશે ફરતાં, આવ્યા નાદરી ગામે વિચરતાં ॥૪॥

વીતી અરધ નિશા તે જયાંય, મહાકાળ પધારિયા ત્યાંય ॥
કરી લોચન રીસમાં લાલ, વાંકી ભ્રકુટિ ચડાવી ભાલ ॥૫॥

હાથે ત્રિશૂળ ને ધ્રુજે તન, બોલ્યા કોપમાં કઠોર વચન ॥
મહાકરુણાનિધિ તમે શ્યામ, તમ સંત વળી સુખધામ ॥૬॥

પીડે તમને પાપીઓ ઘણું, મુંથી સહ્યું નથી જાતુ અણું ॥
જેમ જેમ કરો ઉપકાર, તેમ તેમ દિયે દુષ્ટ માર ॥૭॥

અતિ કોમળ આપ ને સંત, પણ એનો હું આણીશ અંત ॥
થશે દુકાળ મહાભીષણ, નહિ પામે પ્રાણી કોઈ કણ ॥૮॥

નથી ઓળખતો દાવાનળ, લીલું-સૂકુ તે બાળે સકળ ॥
તેમ અન્ન વિના સહુ જન, તજશે તડપી તડપી તન ॥૯॥

પણ તમારા ભક્તને કાજ, કરુ અરજી હે મહારાજ ! ॥
મારું ચિત્ત તો કાંઈ ધરાવો, થાશે રક્ષા એમાં નહિ દાવો ॥૧૦॥

એમ કહીને અટક્યા શ્યામ, દીઠા સભામાં દ્વિજ મોતીરામ ॥
મુક્તમુનિતણાં શિષ્ય સારા, ગામ ભેંસજાળે રહેનારા ॥૧૧॥

હતી રુદ્રાક્ષમાળા તે હાથે, માંગી લીધી એહ સમે નાથે ॥
તોડી ધાગો ને મણકા લીધા, એકેકું જનને પ્રેમે દીધા ॥૧૨॥

કંઠે ધાર્યો પેલા હરિરાયે, પછી ધાર્યો તે આખી સભાયે ॥
જોઈ રીઝીયા શ્રીમહારાજ, કહે સાંભળો સહુ સમાજ ॥૧૩॥

હોય પુરુષ સત્સંગી જેહ, કરે ભભૂતિ ચાંદલો તેહ ॥
વળી રુદ્રાક્ષ કંઠમાં ધારે, એની ચિંતા કરવી અમારે ॥૧૪॥

પરમહંસ રાખો વ્રતમાન, ખટરસ ન ખાવા નિદાન ॥
સર્વે ગૃહી સંઘરજો અન્ન, વળી જાળવો કરી જતન ॥૧૫॥

નહિ માને જે અમારું વેણ, દેખશે દિન તે દુઃખદેણ ॥
માટે સહુ રે'જો સાવધાન, થાશે દુકાળે જક્ત વેરાન ॥૧૬॥

બંધી દર્શનતણી જાણજ્યો, દુર્ગપુરે કોઈ મ આવજ્યો ॥
મુક્તાનંદ મહામુનિરાજ, સહુ જનના સુખને કાજ ॥૧૭॥

ગામોગામ ફરવા સિધાવો, મુજ સંદેશ સૌને સુણાવો ॥
કરશે અન્નસંગ્રહ જેહ, કાળે સુખી રે'શે જન તેહ ॥૧૮॥

મહાદયાળુ સંત છો તમે, માટે કહીએ તમને અમે ॥
સત્સંગની માં તમે કા'વો, સ્વામી હવે તો સદ્ય સિધાવો ॥૧૯॥

પછી જાજો જેતલપુરમાંય, હશે મા'નુભાવાનંદ ત્યાંય ॥
એને મેલજો સારંગપુર, તિંયા મળે અમને જરૂર ॥૨૦॥

એમ કહીને દીધી વિદાય, રહ્યા નાગડકે હરિરાય ॥
એવામાંહિ મુનિ નિત્યાનંદ, આવ્યા મંડળ લૈ જગવંદ ॥૨૧॥

કહે પ્રભુજી સાંભળો સંત, તમે વિવેકી છો બુદ્ધમંત ॥
જક્ત ઉપર કોપ્યો છે કાળ, વાંચો ભાગવતજી રસાળ ॥૨૨॥

એથી કાળ થશે કાંઈ શાંત, કરો કથા મુને ! ધરી ખાંત ॥
ત્યારે મુનિ કહે મહારાજ ! તમે છો સહુના શિરતાજ ॥૨૩॥

કાળ કર્મ માયા ભલે ભારી, પણ ન લોપે આજ્ઞા તમારી ॥
પણ વર્તો મનુષ્યની રીત, માટે કથા કહું ધરી પ્રીત ॥૨૪॥

સભા સજી લીંબવૃક્ષછાંય, બેઠા સુણવા શ્રીહરિરાય ॥
નિત્યાનંદ થયા કથાવ્યાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે ભભૂતિનો ચાંદલો અને રુદ્રાક્ષનો મણકો ધારણ કરાવ્યો એ નામે સત્તાવનમું પ્રકરણમ્ ॥૫૭॥

પ્રકરણ : ૫૮

પૂર્વછાયો :

નાગડકે દરબારમાં, બિરાજે સુંદર શ્યામ ॥
શાંત કરવા કાળને, ભાગવત સુણે સુખધામ ॥૧॥

વાંચે નિત્યાનંદજી, ભલી ભાંતે સદગુણવંત ॥
શ્લોક સહિત અર્થ કહે, મહાવિદવાન મતિમંત ॥૨॥

વ્યસની સત્શાસ્ત્રાતણાં, મહાપ્રભુજી પૂરણકામ ॥
હરે હરે ઉચ્ચારતા, કથામાંહિ આતમરામ ॥૩॥

ચોપાઈ :

થઈ પૂર્ણાહૂતિ કથાતણી, આવ્યા તિંયા સંતશિરોમણિ ॥
સ્વરૂપાનંદ સ્વામી સુજાણ, જેને હૃદે નથી કોઈ તાણ ॥૪॥

સદા સલુણી મૂરતે રમે, બીજે ચિત્ત કે'દિ નવ ભમે ॥
જક્તદોષ નહિ જેમાં રતિ, એવા સંત ખરા મહામતિ ॥૫॥

પૂછ્યું અલબેલે એહ સમે, તાર્યા કેટલા મનુષ્ય તમે ? ॥
ત્યારે બોલિયા એ મસ્તારામ, દીઠા મનુષ્ય ન કોઈ ઠામ ॥૬॥

મનુષ્ય તો નીંબવૃક્ષછાંય, દેખ્યા ઓર દૂજે નહિં ક્યાંય ॥
સુણી સભા થૈ વિસ્મિત ભારી, કેમ સંત આ કલ્યાણકારી ? ॥૭॥

પૂછ્યું કોઈએ નાથને ત્યારે, દીઠા નથી મનુષ્ય તો જ્યારે ॥
કેમ કર્યા તે કેના કલ્યાણ ? નથી સમજાતું સુખખાણ ॥૮॥

પછી બોલ્યા અલબેલો એમ, તમે ધરાવો સુપેરે ને'મ ॥
પળાવો અતિશે વ્રતમાન, ત્યારે થાય કલ્યાણ નિદાન ॥૯॥

પણ સ્વરૂપાનંદજી સ્વામી, એના સામર્થ્યમાં નહિ ખામી ॥
એના ભાવે જે દર્શન કરે, એ તો અક્ષરે પગલાં ભરે ॥૧૦॥

પામે સંબંધ સ્વામીનો જેહ, પશુ પંખી વૃક્ષ વેલી તેહ ॥
થાશે નિશ્ચે જ એનું કલ્યાણ, એમાં સંદેહ નથી સુજાણ ॥૧૧॥

ત્યારે જનની શું કહું વાત ! જેણે નીરખ્યા સ્વામી સાક્ષાત ॥
એને ટળી ગળે જમફાંસી, અંતે પામશે તે સુખરાશિ ॥૧૨॥

એનું કારણ જાણજયો એહ, અખંડવૃત્તિ મુજમાં તેહ ॥
એથી પમાય સામર્થ્ય અતિ, એને સાધે તે કુશાગ્રમતિ ॥૧૩॥

ત્યારે બોલિયા સ્વરૂપાનંદ, ગુરુસાહેબ હે સુખકંદ ॥
આજ સતસંગીકા કલ્યાણ, કેસા હોત હે કહો સુજાણ ॥૧૪॥

કહે પ્રભુજી સાંભળો સંત, થાય કલ્યાણ શ્રેષ્ઠ અત્યંત ॥
સર્વે પર આનંદ છે જેહ, પામે સત્સંગી તે નિઃસંદેહ ॥૧૫॥

સર્વકર્તા ને સર્વકારણ, એ તો અમે સ્વામિનારાયણ ॥
સર્વનિયંતા ને સર્વાધાર, દૈયે સુખ અમે પારાવાર ॥૧૬॥

વૈકુંઠે વસે વૈકુંઠવાસી, ગોલોકે વસે ગોલોકવાસી ॥
છે અક્ષર મહાસુખરાશિ, અમે એહ ધામતણાં વાસી ॥૧૭॥

જેને નેતિ નેતિ કહે વેદ, જેનો જાણે નહિ કોઈ ભેદ ॥
એ જ પ્રગટ પ્રભુજી અમે, કહું માનજયો સત્ય આ તમે ॥૧૮॥

આમાં અસત્ય હોય જો કાંય, પરમહંસના સમ છે ભાઈ ॥
જેને પ્રગટ સ્વરૂપે કાંઈ, રહે ખામી સમજણમાંઈ ॥૧૯॥

તો તો પ્રાપ્તિમાં પડશે ફેર, તમે જાણો આ વાત સુપેર ॥
દેહ મૂક્યા કેડ્યે લેશ ખામી, નહિ ભાંગે સાચું કહું સ્વામી ॥૨૦॥

જેણે આશ્રય કીધો અમારો, ભજે નિશદિન એકધારો ॥
ધરે માહાત્મ્યે સહ નિશ્ચય, તોયે પામશે તે પરાજય ॥૨૧॥

મૂળપુરુષ પર અક્ષર, નવ માને પોતાને જે નર ॥
તેને પ્રગટ સ્વરૂપતણું, જાણજયો જ્ઞાન નથીયે અણું ॥૨૨॥

મુને ભજતાં આહુયે જામ, માને પોતાને પૂરણકામ ॥
એનો નિશ્ચય જાણું અનેરો, માહાત્મ્યે સહિત ખરેખરો ॥૨૩॥

સમજાય યથાર્થ આ વાત, એકાંતિકને સંગે સાક્ષાત્ ॥
ભલે વાંચે તે સચ્છાસ્ત્રમાંય, બુદ્ધિબળે કે'દિ ન પમાય ॥૨૪॥

સુણી શ્રીમુખવાણી અનુપ, મુમુક્ષુજનને સુખરૂપ ॥
હુવા અતિ રાજી સહુ દાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે સ્વરૂપાનંદ સ્વામીને સ્વ-સ્વરૂપનો મહિમા કહ્યો એ નામે અઠ્ઠાવનમું પ્રકરણમ્ ॥૫૮॥

પ્રકરણ : ૫૯

પૂર્વછાયો :

નાગડકે દરબારમાં, વાલો વસી રહ્યા વાસ ॥
લીલા કરતાં વૃષલાલને, વિતીયા છે અઢી માસ ॥૧॥

શુભ વસંત પંચમી તણો, કીધો સમૈયો ભલી પેર ॥
આનંદ રંગ રેલાવિયો, મહાપ્રભુજીએ કરી મેર ॥૨॥

દાસના દુઃખ વિદારવા, કાળે સુખી કરવા સંત ॥
રુદ્રાક્ષ ધરાવ્યા જનને, વળી પોતે ધર્યો બળવંત ॥૩॥

ચોપાઈ :

નિત્ય નવી વાત કરે હરિ, જન રસોઈ દે ફરી ફરી ॥
જમે જમાડે જગજીવન, એમ આનંદમાં વીતે દન ॥૪॥

પછી નાથે ચીંધ્યા જે જે ગામ, સંત ફરવા ચાલ્યા તે ઠામ ॥
સુરા ખાચરના હિતકાજે, પાળા પાસે રાખ્યા મહારાજે ॥૫॥

લાગ્યા ખોદવા કૂવો તે સહુ, ગાળ કાઢે જોરે બહુ બહુ ॥
અતિ ઉમંગ ધરીને ઉર, બેસે શ્રીહરિ તિંયા હજૂર ॥૬॥

ખણતાં ખણતાં આવ્યુ તળ, પણ મળ્યુ નહિ ટીપું જળ ॥
એમ કૂવા કર્યા ત્રણ્ય ઠામ, થયા નિષ્ફળ કામ તમામ ॥૭॥

સુરા ખાચરને હૃદે ભાવ, ઝાઝું રહે મનોહર માવ ॥
પણ નાથને જાવું જરૂર, સતસંગી ચેતવવા દૂર ॥૮॥

કૂવે જળ આવ્યુ નહિ રતિ, હવે કેમ રોકે મહામતિ ॥
જાણી પ્રભુજીતણી મરજી, સુરા ખાચરે તાણ્ય તે તજી ॥૯॥

કથા પૂરી થઈ થોડે દન, પૂજયા વિપ્રને થઈ પ્રસન્ન ॥
દીધા રૂડા વસ્ત્ર આભૂષણ, વળી સુખડી કેરું ટીમણ ॥૧૦॥

પાદરાનૃપને ભેટ કાજે, રૂપા અબખોરો મહારાજે ॥
રૂપાદાંડીનો પંખો તે દીધો, પત્ર એક પ્રેમે લખી દીધો ॥૧૧॥

મનોવાંછિત સારવા કાજ, શુભ તિથિ-વાર લખ્યા રાજ ॥
વળી ચોઘડીયા અશ્વપંચ, જેમાં કાજ બગડે ન રંચ ॥૧૨॥

આપી વિપ્રને કીધા વિદાય, રહ્યા નાગડકે હરિરાય ॥
હુતાશણી પહેલાં થોડે દન, આવ્યા જીવો ખાચર પાવન ॥૧૩॥

દરબાર સારંગપુરતણાં, એને હૈયે હેતે નહિ મણાં ॥
રાતદિન રટે હરિનામ, હરિમૂરતિ ઠરવાનું ઠામ ॥૧૪॥

આવી લાગ્યા પ્રભુજીને પાય, કહે કૃપા કરો મુનિરાય ॥
નાથ ! પધારો મારે ભુવન, ઉજવો ફૂલદોળ પાવન ॥૧૫॥

મુજ બંધુઓ ને ગ્રામજન, તલખે આપના દરશન ॥
આપ અમારા પ્રાણજીવન, કરુણાનિધિ વિચારો મન ॥૧૬॥

પછી નૃપ તે જીવા ખાચર, રહ્યા તિંયા તે પાંચ વાસર ॥
નાથે નિહાળીયો એનો ભાવ, થયા સાબદા એ સમે માવ ॥૧૭॥

ત્યારે સુરા ભક્ત તણાં ભાઈ, નાપા ખાચર આવિયા ત્યાંઈ ॥
સંગે હતા સુપુત્રો તમામ, આવી ઉચ્ચર્યા હે સુખધામ ॥૧૮॥

નો'તુ વિચાર્યું કેદિયે મન, તજી જાશો હે પ્રાણજીવન ! ॥
હવે આપ રહો કોઈ રીત, એવું બતાવો અમને પુનિત ॥૧૯॥

નાથ ! છૈયે ભોળા લોક અમે, ન જાણીયે તમને શું ગમે ॥
કાંઈ યુક્તિ તે રોકવાતણી, કેમ કરીએ હે મારા ધણી ! ॥૨૦॥

ત્યારે નાથ કહે સુણો જન, તમ જેવા ભાવે મુજ મન ॥
એમ કહે છે લોક નિદાન, હોય ભોળા તણાં ભગવાન ॥૨૧॥

ભોળા લોક મુને બહું ભાવે, વારે વારે ત્યાં જાવું ઉછાવે ॥
અમે ટકતા નથી કોઈ દેશ, પણ ઈયા રહીએ વિશેષ ॥૨૨॥

ઈયા રેવું વાલુ લાગે મને, ઝાઝું શું હવે કૈયે તમને ॥
કાળ થકી રક્ષા કરવાને, જાવું જોશે દેશ ફરવાને ॥૨૩॥

એમ કહીને થયા તૈયાર, માણકીએ હરિ અસવાર ॥
સંગે પંચવીશ ઘોડેસવાર, ચાલ્યા નાથસંગે એકતાર ॥૨૪॥

જોતા રહ્યા નાગડકાવાસી, ગયા વેગે મહાસુખરાશી ॥
એમ લીલા કરી અઢી માસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે નાગડકે અઢી માસ રોકાયા એ નામે ઓગણસાઠમું પ્રકરણમ્ ॥૫૯॥

પ્રકરણ : ૬૦

પૂર્વછાયો :

વળી એ જેઠ સુદિ દસમીએ, આવ્યા પ્રભુજી લોયામાંય ॥
અતિ વ્હાલા નિજદાસ જ્યાં, સુરો ભક્ત ને શાંતિબાઈ ॥૧॥

પધરાવ્યા નિજભુવને, વળી જમાડ્યા થાળ રસાળ ॥
સાંજ સમે સભા સજી, કરી આરતી-ધૂન્ય દયાળ ॥૨॥

પછી માંડી રૂડી વાતડી, કહે સાંભળજ્યો હરિજન ॥
એકાદશી જેવું જક્તમાં, નથી વ્રત એકેય પાવન ॥૩॥

ચોપાઈ :

કાલ્ય ભીમ એકાદશી દન, કરો વ્રત પ્રેમે સહુ જન ॥
જેહ નિર્જળ વ્રત આચરે, એના અઘ ઓઘ હરિ હરે ॥૪॥

સર્વ વ્રતનો રાજા ગણાય, આપે અમાપ ફળ સદાય ॥
વા'લુ વૈષ્ણવને વ્રત અતિ, તે'દિ અન્ન જમે નવ રતિ ॥૫॥

બ્રહ્મહત્યા તુલ્ય પાપ સહુ, વસે અન્નમાં ઉમંગે બહુ ॥
જમે એકાદશીએ જે અન્ન, પડે રૌરવમાં એહ જન ॥૬॥

વાયુભક્ષણ કરીને દન, નિરગમવો કરી જતન ॥
ગૌણપક્ષે ગવ્ય ફળાહાર, તેણે કરો વ્રત નિરધાર ॥૭॥

વળી મોટી એકાદશી જેહ, કરો નકોરડી ધરી નેહ ॥
દેવપોઢી દેવઉઠી વળી, પરિવર્તિની ત્રણેય મળી ॥૮॥

તે'દિ કર્મ વળી ફળાહાર, કરો સર્વથા તે પરિહાર ॥
ભજો હરિનામ આઠું જામ, જેણે રીઝે શ્રીપૂરણકામ ॥૯॥

એહ ત્રણ્ય એકાદશી દન, ફળ-મૂળ જમે મારો જન ॥
મુને વસમું તે અતિ લાગે, જેમ વક્ષમાંહિ બાણ વાગે ॥૧૦॥

બાળ રોગી વળી વૃદ્ધ જેહ, તેને નથી કોઈ બાધ તેહ ॥
પણ સમર્થને દોષ સહુ, એકાદશીએ વળગે બહુ ॥૧૧॥

લાખ તપસ્વી જમાડે નિત, નવા-નવા ભોજન અમિત ॥
વીતે વરસ સાઠ હજાર, એનું ફળ મળે જે અપાર ॥૧૨॥

એતો વ્રત એકાદશીમાંય, જન પામે એવો મહિમાય ॥
માટે થાઓ સહુ સાવધાન, કાલ્ય વ્રત કરીએ નિદાન ॥૧૩॥

પછી સભા સમાપતિ કરી, પોઢવા પધાર્યા મારા હરિ ॥
બીજે દન મળી સહુ જન, કર્યું વ્રત વળી કીરતન ॥૧૪॥

દિન વીતીયો ભજનમાંય, ઢળી સંધ્યા ને આવી નિશાય ॥
આરતી-સ્તુતિ-ધૂન્ય ઉચ્ચારી, બેઠા સભા આગે સુખકારી ॥૧૫॥

પછી નાથ કહે મુનિરાય ! નિત્યાનંદજી વાંચો કથાય ॥
ગીતાભાષ્યતણું પારાયણ, સુણાવો તો થાય જાગરણ ॥૧૬॥

પછી મુનિએ વાંચી કથાય, તિંયા ડોલવા લાગી સભાય ॥
કેમે કરી વીતે નહિ પળ, ત્યારે પ્રભુજીએ કીધી કળ ॥૧૭॥

કહે સુરા ભક્ત ! કરો વાત, જેથી નીંદર ઉડે સાક્ષાત ॥
પછી નૃપાળે વાતડી માંડી, ત્યાંતો નીંદરડી ઝટ છાંડી ॥૧૮॥

એમ કરતાં થયું સવાર, ગાયા પ્રભાતિ પદ અપાર ॥
પછી પરવર્યા કરી સ્નાન, થયા થાળ તૈયાર નિદાન ॥૧૯॥

બેઠા બાજોઠે જમવા નાથ, થાળ પીરસ્યો પ્રેમસંગાથ ॥
ત્યારે નાથ કહે સુણો દાસ, મુને રોટલાની ઘણી આશ ॥૨૦॥

ખાણની ખોરી જુવાર્યતણો, હોય તો જમું ઉમંગે ઘણો ॥
એ વિના પારણું નહિ થાય, એમ હઠ લીધી હરિરાય ॥૨૧॥

પછી પ્રભુને જમવાકાજ, કરી જારની ટીકડી આજ ॥
મૂકી થાળમાં કમને જ્યારે, જમ્યા જીવનજી થાળ ત્યારે ॥૨૨॥

જોઈ નાથલીલા એહવાર, કર્યો સહુએ મન વિચાર ॥
હવે નહિ પામે કોઈ અન્ન, દુઃખે વીતશે રાત ને દન ॥૨૩॥

પછી જમાડીને નિજદાસ, થયા તૈયાર શ્રીઅવિનાશ ॥
ચડ્યા માણકીએ હરિરાય, લીધી લોયે થકી તે વિદાય ॥૨૪॥

નિજજન ન થાય હેરાન, એહ અરથે શ્રીભગવાન ॥
ઘરોઘર્ય ફરે અવિનાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે લોયે ભીમ એકાદશી કરી એ નામે સાઠમું પ્રકરણમ્ ॥૬૦॥

પ્રકરણ : ૬૧

પૂર્વછાયો :

ઓગણોતેરી સાલમાં, થશે કાળ મહાવિકરાળ ॥
એવું જાણી જીવનજી, વિચરે જનપ્રતિપાળ ॥૧॥

દાસના દુઃખ વિદારવા, ફરે દેશ પ્રદેશે દયાળ ॥
હિત કરે નિજજનનું, પ્રભુજી પરમ કૃપાળ ॥૨॥

આપે રૂડી આગન્યા, ઘણું ઘણું સંઘરજો અન્ન ॥
વેચી ઘરવખરી ભલી, વેચો પશુ ઘરેણા ને ધન ॥૩॥

ચોપાઈ :

કોઈ માને પ્રભુજીના વેણ, મહામોંઘા અતિ સુખદેણ ॥
અવહેલે કોઈ વાત રૂડી, એની હાલત થાવાની ભૂંડી ॥૪॥

મેઘસમા વરસે દયાળ, કે'દિ ન જુવે ભૂમિ રસાળ ॥
મરું ખાર કે પાષાણ હોય, સરિતા સમુદ્ર પીવે તોય ॥૫॥

જેણે જેણે માની હરિવાત, એ તો સુખ પામિયા સાક્ષાત ॥
બીજાને કોણ રાખણહાર, એનો કાળ છે ભક્ષણહાર ॥૬॥

ખેલે તાંડવ શું મહાકાળ, ભાસે ભયંકર વિકરાળ ॥
ક્યાંય ન જડે લીલેરું તૃણ, ક્યાંય ન જડે જળ કે કણ ॥૭॥

નભે છવાય કાળા વાદળ, રવિ ન પ્રકાશે એક પળ ॥
થાય મધ્યાહ્ન સમય જ્યારે, વિખેરાય મેઘઘટા ત્યારે ॥૮॥

નવ વરસે પાણી લગાર, મોલ સુકાય અપરંપાર ॥
ભૂખ્યા તરસ્યા પ્રાણી પીડાય, કોણ કોને કરે જો સહાય ॥૯॥

મરે પંખીડા ચોફેર સહુ, વળી ઢોર ઢાંખર તે બહુ ॥
રાંકા ટોળિયું મળી સઘળી, ફરે ગામોગામ વળી વળી ॥૧૦॥

કરે લૂંટફાટ અતિ અતિ, તેણે મેળવે ભોજન રતિ ॥
તેણે પાપી પેટ ન પૂરાય, ભૂખ્યા ચીખે સહુ હાય હાય ॥૧૧॥

લોહી-માંસ વિહોણા શરીર, જોતા છૂટે શૂરાતણી ધીર ॥
જાણે રખડે હાડપિંજર, બહુ બિહામણા ભયંકર ॥૧૨॥

લાધે બાળહાથે જો ભોજન, માતા ઝુંટવી ખાય તે અન્ન ॥
કોઈ મનમાં ન આણે મે'ર, એવો વરત્યો છે કાળો કેર ॥૧૩॥

મરે ટોળામાંહિ કોઈ જન, તો તો સહું રાજી થાય મન ॥
ભેળા મળી તે મડદું ખાય, થાય લૂંટફાંટ વળી ત્યાંય ॥૧૪॥

કોઈ માતા જો પ્રસવે બાળ, પછી વાધે ભૂખ વિકરાળ ॥
ત્યારે બાળને નીચોવી નાખે, માંસ ખાઈ નિજતન રાખે ॥૧૫॥

આગ વરસાવે આસમાન, ભાસે ભૂમિ અતિશે વેરાન ॥
સુણી પીડિતતણાં પોકાર, નાથ સહી ન શક્યા લગાર ॥૧૬॥

કેશ વધારીને જગદીશ, કચ્છી પીળી ટોપી ધરી શીશ ॥
બહુનામી ધરી બીજો વેશ, દાસ જોવા ચાલ્યા દેશોદેશ ॥૧૭॥

આવ્યા નાગડકે અવિનાશ, સુરા ખાચર તણે નિવાસ ॥
જોઈ આશ્ચર્ય પામિયા દાસ, કર જોડી કરી અરદાસ ॥૧૮॥

નાથ ! વિપરીત છે ઘણો કાળ, કિંયા વસે મુનિઓ મરાળ ॥
મારે અન્નના ભર્યા કોઠાર, આપો સંત તો સેવું અપાર ॥૧૯॥

જોઈ સંતસેવાતણો ભાવ, હસી બોલ્યા મનોહર માવ ॥
હરિભક્તના જે ગામોગામ, તિંયા વિચરે સંત તમામ ॥૨૦॥

વાટમાંહિ તે મળશે જ્યારે, લોયે મોકલીશ તેહવારે ॥
પણ સખા વિચારોને ઉર, અન્ન જોયે કેટલું જરૂર ? ॥૨૧॥

સાત મણની કાયા તમારી, માંગે ભોજન વારમવારી ॥
એનું પૂરું કહો કેમ થાશે ? પછી સંતજન તો સેવાશે ॥૨૨॥

સુણી બોલિયા સુરો ખાચર, સુણો પ્રભુ તમે વિશ્વંભર ॥
દિયો કીડીને દરમાં કણ, દિયો હાથીને વનમાં મણ ॥૨૩॥

માટે મને ચિંતા નથી કાંય, મુજકાયાતણી મનમાંય ॥
સુણી પ્રભુજી થયા પ્રસન્ન, કીધું તિંયા ઠરવાનું મન ॥૨૪॥

નાથ રોકાયા અષાઢ માસ, બહુ સુખી કર્યા નિજદાસ ॥
હર્યો વિરહ વેદના ત્રાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે ઓગણોતેરા કાળનું વર્ણન કર્યું એ નામે એકસઠમું પ્રકરણમ્ ॥૬૧॥

પ્રકરણ : ૬૨

પૂર્વછાયો :

અષાઢ માસ હરિ રહ્યા, સુરા ભક્તને દરબાર ॥
પછી ત્યાંથી સંચર્યા, બોટાદે જગદાધાર ॥૧॥

ત્રણ્ય માસે ઉતરાવિયા, કાળા ચીકણા મંજુલ કેશ ॥
હમીરના દરબારમાં, રહ્યા શ્રાવણ શ્રીપરમેશ ॥૨॥

ભૂધરજી ભાદરવે, આવ્યા એભલ નૃપને ભુવન ॥
દર્શન દીધા દાસને, અતિ હેતે શું પ્રાણજીવન ॥૩॥

ચોપાઈ :

એહ સમે કેટલાક સંત, ફરે ગુજરાત્યે ગુણવંત ॥
રામદાસ મુક્તમુનિ આદિ, હરે હરિજનની ઉપાધિ ॥૪॥

વસે અમુક ગઢડામાંય, તેને બોટાદ ને અગત્રાય ॥
વળી લોયે મોકલ્યા મરાળ, કાળ ઉતરવા શ્રીકૃપાળ ॥૫॥

હવે સાંભળજયો શુભવાત, કેમ કષ્ટ હરે જગતાત ॥
નિજદાસનું દુઃખ નિદાન, દેખી ન શકે કૃપાનિધાન ॥૬॥

રહે ગઢડામાં અવિનાશ, ગુપ્ત વેશે ફરે તે ઉદાસ ॥
એક સમે આવ્યા હરિજન, દીધા દયાળે એને દર્શન ॥૭॥

પછી બોલિયા શ્રીહરિરાય, તમે મોટા-મોટા ગામમાંય ॥
લઈ જાઓ પાંચ-પાંચ સંત, કાળ ઉતરાવો ગુણવંત ॥૮॥

ત્યારે સુરા ખાચર પાવન, ભાવવિભોર થૈ મનોમન ॥
કહે મુને દિયો કિરતાર, સંત સેવીશ ભાવે અપાર ॥૯॥

સુણી નાથ કહે દરબાર ! એતો ઝાઝા પડે નિરધાર ॥
ત્યારે બોલિયા સુરા ખાચર, કાંઈ કૃપા કરો હરિવર ॥૧૦॥

જમે અમારે આંગણ સંત, એતો સદભાગ્ય માનું અત્યંત ॥
સુણી રીઝીયા શ્રીજગદીશ, દીધા નૃપને સંત પચ્ચીસ ॥૧૧॥

સંત લઈ સુરો ભક્તરાય, આવ્યા ઉમંગે તે લોયામાંય ॥
દીધા ઓરડા ઉતારા કાજ, એમાં વસિયો સંતસમાજ ॥૧૨॥

તાજી રોટલી શું ઘઉંતણી, પેલે દિવસે જમાડી ઘણી ॥
પછી ત્રણ્ય દન લગી જા'ર, દીધી સંતને ભાવે અપાર ॥૧૩॥

ત્યારે ખૂટવા આવ્યું અનાજ, ચિંતાતુર થયા લોયારાજ ॥
કર્યો અંતરેથી શું પોકાર, સાર લેજયો હે પ્રાણઆધાર ! ॥૧૪॥

મારું જીવિત થાશે હરામ, જાશે સંત જો ભૂખ્યા તમામ ॥
એક ખૂણે ટેકવીને શીશ, રુવે શિશુવત લોયાધીશ ॥૧૫॥

કોસે નિજભાગ્યને અપાર, કહે નો'તી ખબર લગાર ॥
હશે ઘરમાં કેટલું અન્ન, એતો વિચાર્યું નોતું મેં મન ॥૧૬॥

અતિ ભાવે તેડી લાવ્યો સંત, હવે શું કરું હે ભગવંત ! ॥
જોઈ સંતસ્નેહ પારાવાર, આવ્યા દિવ્યરૂપે કિરતાર ॥૧૭॥

માણકીએ ચડી માણીગર, લોયે પધાર્યા સખાને ઘર ॥
કહ્યું સુરા ખાચરને એમ, દરબાર ! મુંઝાઓ છો કેમ ? ॥૧૮॥

ત્યાંતો ઝાલીને નાથચરણ, પોંક મૂકી રાયે એહ ક્ષણ ॥
પછી નિજસખાતણાં હાથ, ઝાલી ઊભા કર્યા કૃપાનાથ ॥૧૯॥

લઈ ગયા ઘઉંકોઠી પાસ, કર સ્પર્શી કહે અવિનાશ ॥
કેમ મુંઝાઓ છો દરબાર ! આમાં ઘઉં ભર્યા છે અપાર ॥૨૦॥

નૃપ સુરે ભક્તે એહવાર, ખોલ્યું કોઠીમુખ નિરધાર ॥
દીઠી આખી કોઠી તે ભરેલ, જાણ્યો કેવળ કૃપાનો ખેલ ॥૨૧॥

પછી કોઠીતણું મુખ ત્યારે, છંદાવી દીધું જગદાધારે ॥
કહે સાણેથી ઘઉં કાઢજયો, વેચી જણસ બીજી લાવજયો ॥૨૨॥

કેદિ નહિ ખૂટે એહ અન્ન, એમ જાણો અમારું વચન ॥
જીંયા લગી ખેલે મહાકાળ, તિંયા લગી સેવજયો મરાળ ॥૨૩॥

એમ કહી હસ્યા અલબેલ, થયા અદૃશ્ય સુંદરછેલ ॥
જોઈ નાથનું દિવ્યચરિત, રોમેરોમ થયા પુલકિત ॥૨૪॥

સુરા ખાચરને દરબાર, ભર્યા અખૂટ અન્ન ભંડાર ॥
એતો કૃપા કીધી અવિનાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે મહાકાળમાં સુરા ખાચરના ભંડાર અખૂટ કર્યા એ નામે બાસઠમું પ્રકરણમ્ ॥૬૨॥

પ્રકરણ : ૬૩

પૂર્વછાયો :

કરુણામૂરતિ માવજી, અતિ મેર્ય આણી મનમાંય ॥
ભરે ભંડાર નિજભક્તના, જે સંતકાજે વવરાય ॥૧॥

શોધો શોધો ઈતિહાસને, વળી શાસ્ત્ર શોધજો સોઈ ॥
સાચા સંતને સેવતાં, નથી દીઠો દુઃખિયો કોઈ ॥૨॥

સુરા ખાચરને ભુવને, કર્યા અખૂટ અન્નભંડાર ॥
દાસનું દુઃખ નિવારીયું, કરુણા કરી કિરતાર ॥૩॥

ચોપાઈ :

ભક્ત શિરોમણિ સુરો નૃપ, જેને વાલા મુનિઓ અનુપ ॥
રાખ્યા સંતને પ્રેમે શું અતિ, સેવે સ્વયમ શ્રીલોયાપતિ ॥૪॥

દેહના સંબંધી વળી દેહ, એથી અધિકો સંત શું નેહ ॥
માટે રાખે બહુ બરદાશ, જુવે સંતમાં શ્રીઅવિનાશ ॥૫॥

નથી રાયપણું સંતપાસ, વરતે જેમ દાસાનુદાસ ॥
તેણે સંત રાજી બહુ બહુ, સુરો ધન્ય ધન્ય કહે સહુ ॥૬॥

રહે પ્રસન્ન સદાયે સંત, ધર્મશાળાએ તે ગુણવંત ॥
વળી વરતે હરિઈચ્છાય, કેદિ ઉલ્લંઘે નહિ જો કાંય ॥૭॥

કરે અખંડ હરિસ્મરણ, નવ વીસરે પળ રટણ ॥
આવે મુમુક્ષુ જે નિજપાસ, એને ઓળખાવે અવિનાશ ॥૮॥

સજે સેવા સુર પરિવાર, નિત નવો નવો ધરી પ્યાર ॥
સાવધાન સદા સેવામાંય, નથી રાખતા કચાશ કાંય ॥૯॥

એક દિવસ સુરા ખાચર, સીધું લાવિયા બીજે પ્રહર ॥
ઘૃત-ગોળ ને દૂધ અપાર, વળી લોટ દીધો નિરધાર ॥૧૦॥

બીજી જણસ રસોઈતણી, મેલી મુનિઓ આગળ્યે ઘણી ॥
પછી બેઠા તિંયા દરબાર, જોવા સંતલીલા એહવાર ॥૧૧॥

નથી સંતને સ્વાદ જો લેશ, એને રીઝવવા છે રાજેશ ॥
પાળે નિરસ્વાદી વ્રતમાન, ખરેખરા થઈ સાવધાન ॥૧૨॥

દીઠું સીધું-સામાન તે જ્યારે, મળી મુનિઓ બે-ચાર ત્યારે ॥
કરી અડાયા છાણાનો તાપ, પ્રગટાવિયો અગ્નિ અમાપ ॥૧૩॥

માથે મેલિયું માટલું એક, એમાં દૂધ નાખ્યું સવિવેક ॥
પછી ઘૃત-ગોળ-લોટ બહુ, વળી હતી જે જણસ સહુ ॥૧૪॥

એકસાથ નાખી દૂધમાંય, હેઠે તાપ શું કર્યો સમાય ॥
ઢાંક્યું માટલામુખે ઢાંકણ, એમ મુનિએ મેલ્યુ આંધણ ॥૧૫॥

બહુ તાપે લોટ ચોંટી જાય, જામે ઉપર્યે વધ્યો જે કાંય ॥
ઘટ્ટ દૂધ રહે વચમાંય, નથી મુનિને તે મનમાંય ॥૧૬॥

થોડીવારે માટલું ઉતારી, એમાં મેળવ્યું પ્રસાદી વારિ ॥
પછી મૂરતે થઈ મગન, જમ્યા નિરસ્વાદી સંતજન ॥૧૭॥

દીઠું નૃપે નજરોનજર, અહો અહો કેવા મુનિવર ! ॥
એને વાલા કેવા ભગવાન ? વચને કેવા છે ગુલતાન ॥૧૮॥

આવ્યા નેણે નેહતણા નીર, ચાલ્યા સુરો નૃપ તે અચિર ॥
આવ્યા દુર્ગપુરે લોયાધીશ, નાથચરણે નમાવ્યું શીશ ॥૧૯॥

જોઈ નૃપને પ્રાણઆધાર, પૂછ્યા સંતતણા સમાચાર ॥
ત્યારે બોલિયા સુરા ખાચર, આજ કેવું જમે મુનિવર ॥૨૦॥

એકેકામાં ત્રો ત્રો વાનાં કરે, હેઠે પુડલા કઢી ઉપરે ॥
વળી સાતપડા રોટલાય, એવું રોજ રાંધે મુનિરાય ॥૨૧॥

પછી વિગતે ઉચ્ચારી વાત, સહુ સુણી રહ્યા તે સાક્ષાત ॥
જાગ્યો સંતપ્રત્યે અહોભાવ, ત્યારે બોલ્યા મનોહર માવ ॥૨૨॥

અમે મુનિની લેવા સંભાળ, કે'દિ આવીશું ત્યાં ભૂમિપાળ ॥
તમે માનજયો મારું વચન, ભાવે સેવજો તે મુનિજન ॥૨૩॥

રેજયો મુનિઇચ્છા અનુસાર, જેણે રીઝે સહુ પારાવાર ॥
ત્યારે બોલિયા નાગડકેશ, નવ લોપીશ વચન લેશ ॥૨૪॥

નાથમરજી શીશ ચઢાવી, પછી વેગે શું અશ્વ દોડાવી ॥
આવ્યા સુરો નૃપ સંતપાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે મહાકાળમાં સંતોની રહેણી કહી એ નામે ત્રેસઠમું પ્રકરણમ્ ॥૬૩॥

પ્રકરણ : ૬૪

પૂર્વછાયો :

નૃપે આવી દરબારમાં, દીધી વધામણી આજ ॥
મનમોહનજી આવશે, અતિ મેર્ય કરી મહારાજ ॥૧॥

વાટ્ય જુવે હવે સૌ મળી, પરબ્રહ્મની પ્રીતે કરી ॥
સંત હરિજન બાઈયું, કહે ક્યારે આવે શ્રીહરિ ॥૨॥

એમ કરતાં પધારિયા, વાલમજી ધરી વા'લ ॥
પાંચેક પાળા સાથમાં, આવી કર્યા દાસ નિહાલ ॥૩॥

ચોપાઈ :

શુભ દરશ-સ્પરશ-સેવ, વળી વાતો કર્યા તણી ટેવ ॥
તેણે દાસને આપિયા સુખ, પછી ચાલિયા કમળમુખ ॥૪॥

ત્યારે બોલિયો કણબી જન, સુણો નાથ પતિતપાવન ॥
મારે સેવવા તમને શ્યામ, તમ સંગે રહી આઠું જામ ॥૫॥

ત્યારે કહે પ્રભુજી ઉદાર, ચાલો દાસ ! ન લગાડો વાર ॥
પછી લોયાથકી તે પટેલ, ચાલ્યો સેવવા શ્રીઅલબેલ ॥૬॥

કોઈ જન જાણે નહિ વાત, એમ નીસર્યા શ્રીજગતાત ॥
ગામથકી તે પૂરવમાંય, જાંયા કુંભારો વસે સદાય ॥૭॥

તિંયા રજનીએ અવિનાશ, પાળા સંગાથે કીધો નિવાસ ॥
કીધી તૈયારીયું સુવાતણી, ત્યારે બોલિયા અક્ષરધણી ॥૮॥

આ તો કાળવર્ષ ભયંકર, માટે જાગજયો કોઈક નર ॥
સૂતા દેખીને આવશે ચોર, લેશે જણસ કરીને જોર ॥૯॥

સુણી નાથના ચિંતાવચન, બોલ્યો લોયાવાસી એહ જન ॥
ચોર શું ઝાલશે અવિનાશ ? એવું નથી કાંઈ અમપાસ ॥૧૦॥

ત્યારે નાથ કહે સુણ દાસ, લેશે તુજ તલવાર ખાસ ॥
સુણી કણબીને લાગી બીક, નાથવચન ઠરશે ઠીક ॥૧૧॥

તેણે પગ સાથે તલવાર, ફેંટે દ્રઢ બાંધી નિરધાર ॥
પછી સુતા મળી સહુ છેક, જાગે પાર્ષદ ભગુજી એક ॥૧૨॥

થોડીવારે જાગ્યા અલબેલ, કહે પાળાને સુંદરછેલ ॥
તમે સુવોને જાગીએ અમે, સુણી ભગુજી સુતા એ સમે ॥૧૩॥

સુતા સુતા જાગે અવિનાશ, દીઠો ચોરને આવતા પાસ ॥
દબાતે પગલે મતિમાન, ચાલે અંધારામાંહિ નિદાન ॥૧૪॥

ખેસવી ઝાંપલી ધીમે અતિ, જેમ અવાજ ન થાયે રતિ ॥
ત્યારે બોલિયા ધર્મકિશોર, જાગો ભગુજી ! આવિયો ચોર ॥૧૫॥

સુણી ચોર નાઠો તતકાળ, સુતા સુતા જુવે છે દયાળ ॥
વારે વારે આવે ચોર પાસ, તેને નસાવે શ્રીઅવિનાશ ॥૧૬॥

પછી થાકીને શ્યામ સુજાણ, કહે પાળાને માંડો પલાણ ॥
આંહિ ચોરતણો ઘણો ત્રાસ, માટે સદ્ય ચાલો સહુ દાસ ॥૧૭॥

એમ કહીને ઉઠિયા શ્યામ, થયા સાબદા પાળા તમામ ॥
ત્યારે લોયાતણો જે પટેલ, તેણે છોડી અસિ જે બાંધેલ ॥૧૮॥

ફેંટો વીંટાળીને તલવાર, ભીતે ઊભી મૂકી નિરધાર ॥
પછી બેઠો કણબી નિરાંતે, લઘુશંકા કરવાને ખાંતે ॥૧૯॥

દીઠી ચોરે એહ શુભપળ, જોયું તેણે ચકળવકળ ॥
આવ્યો લાગ ને લગાવી દોટ, લીધી તલવાર વિના ચોટ ॥૨૦॥

ફેંટો અસિ લઈ નાઠો ચોર, કર્યો પટેલે શોરબકોર ॥
દોડો ભગુજી દોડજો સઈ, ચોર નાઠો તલવાર લઈ ॥૨૧॥

ત્યારે ભગુજીએ હાંક મારી, દોડ્યા ચોર વાંસે તે અપારી ॥
પણ ચોર ઘુસ્યો ગામમાંઈ, પછી નવ દેખાણો તે ક્યાંઈ ॥૨૨॥

ઈયા જાણજયો વાત એ ખાસ, જેમ બોલે જયારે અવિનાશ ॥
એ તો થાવાનું નક્કી જ એમ, ભલે કરે કોઈ કળ કેમ ? ॥૨૩॥

હવે મૂળ વાત સુણો ખાસ, લોયે સંતને વીત્યા છ માસ ॥
ફૂલદોળ સમે સહુ સંત, તેડ્યા ગઢડે શ્રીગુણવંત ॥૨૪॥

મહામુનિ ચાલ્યા ગઢપુર, લોયાવાસી થયા શોકાતુર ॥
સંતવિરહે થયા ઉદાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે લોયાના કણબીની તલવાર ચોરાઈ એ નામે ચોસઠમું પ્રકરણમ્ ॥૬૪॥

પ્રકરણ : ૬૫

પૂર્વછાયો :

મહાપ્રેમી સુરો ભક્ત છે, વળી લોયાવાસી હરિજન ॥
કઠણ લાગે કાઢવા, હરિસંત વિનાના દન ॥૧॥

નિરબંધ મુનિઓ સહુ, વળી નિરબંધ મુનિનાથ ॥
એહ બંધાયા પ્રેમ શું, એની સુણજયો પાવન ગાથ ॥૨॥

વિક્રમ સંવત અઢારસો, એમાં બોંતેરની શુભ સાલ ॥
બોટાદપુરે પધારિયા, સંતસંગાથે વૃષલાલ ॥૩॥

ચોપાઈ :

નાથે મોકલાવ્યા સમાચાર, આવ્યા નાગડકે દરબાર ॥
સુણી સુરા ખાચરને ઉર, વાધ્યો આનંદ શું ભરપૂર ॥૪॥

શાંતિબાને કહે મહામતિ, ઈયા પધારે છે પ્રાણપતિ ॥
રાજ સેવી લેવા રૂડી રીતે, બહુ જમાડવા ધરી પ્રીતે ॥૫॥

વણતેડયે આવે મહારાજ, મોટા ભાગ્ય જાગ્યા જોને આજ ॥
જેને ઈચ્છે મોટા મોટા દેવ, એની આપણને મળે સેવ ॥૬॥

કરો ચૂરમું રૂડું તૈયાર, ધારે ઘૃત પીરસવું અપાર ॥
વળી મેલો ચોખાના આંધણ, માંહિ ઘી-ગોળ કેરા જમણ ॥૭॥

એમાં કસર ન રહે લેશ, એમ બોલિયા નાગડકેશ ॥
ત્યારે શાંતિબા બોલ્યા હે રાય ! નવ ચિંતા ધરો મનમાંય ॥૮॥

કરી સુંદર સારી તૈયારી, તિંયા આવી ઊભી અસવારી ॥
રૂડું સ્વાગત કીધું રાજન, પ્રભુ પધાર્યા રાજભુવન ॥૯॥

ક્યાંય ન અટક્યા અવિનાશ, સીધા આવ્યા ઠકરાણા પાસ ॥
જોઈ તૈયારીયું માસતણી, પ્રેમે બોલિયા અક્ષરધણી ॥૧૦॥

શાંતિબા ! અમે જાવાના કાલ, કેમ માંડ્યો આવો મોટો તાલ ? ॥
ત્યારે બોલિયા તે બાઈરાજ, તમે મસ્તજાતિ મહારાજ ॥૧૧॥

એમ દીઠું જેતલપુરમાંય, માટે તૈયારી કીધી સમાય ॥
કીધું મણથી મંડાણ જ્યાંય, પાંચસે લગી પૂગાડ્યું ત્યાંય ॥૧૨॥

સુણી રીઝીયા રાજીવનેણ, બેઠા ઓસરીયે સુખદેણ ॥
નૃપે પૂજ્યા મનોહર માવ, લીધો મહાઅલૌકિક લાવ ॥૧૩॥

રાજો દાનો ને ઝાલો પ્રમાણ, અલૈયો મુળુ ઓઢો સુજાણ ॥
અતિ ઉત્તમ સત્સંગી એહ, સૌએ પૂજ્યા હરિ ધરી સ્નેહ ॥૧૪॥

તિંયા આવી કહે બ્રહ્મચારી, ચાલો થાળ જમો સુખકારી ॥
ત્યારે પ્રેમ પધાર્યા દયાળ, દીઠો બાજોઠે સુંદર થાળ ॥૧૫॥

જોઈ પૂછીયું શ્રીહરિરાય, કેમ બાટી નથી થાળમાંય ? ॥
ત્યારે વર્ણી કહે સુણો માવ, શાંતિબાને ઉર અતિ ભાવ ॥૧૬॥

ચૂરમું જમાડવા તમોને, લોટ નવ આપિયો તે મુને ॥
સુણી શાંતિબા આવિયા ત્યાંય, કહે સુણો સુણો મુનિરાય ! ॥૧૭॥

તમે જમશો જેવું જીવન, ભક્ત પામશે તેવું ભોજન ॥
આપ નહિ આરોગો સરસ, તો તો નક્કી ટળે રસકસ ॥૧૮॥

ત્યારે બોલિયા શ્રીભગવાન, જોયો ભાવ તમારો નિદાન ॥
પણ સંત સ્વાદુ નહિ જમે, ત્યારે કેમ આ જમાય અમે ? ॥૧૯॥

મુનિ પાળે મોટા વ્રતમાન, તજે ખરા સ્વાદુ ખાન-પાન ॥
તજે સાચા સંત જેહ જેહ, નવ ખપે અમારે તો એહ ॥૨૦॥

ત્યારે બાઈ કહે મહારાજ ! દેવું સંતને ચુરમું આજ ॥
તમે પીરસજો ઘૃત ધારે, જમાડો મુનિને ભારે ભારે ॥૨૧॥

સુણી રીઝીયા શ્રીઅલબેલ, પ્રેમે થાળ જમ્યા રંગરેલ ॥
ચળુ કરી લીધો મુખવાસ, આવ્યા વિચરતા મુનિ તાસ ॥૨૨॥

સુખકંદ મુનિ મુક્તાનંદ, નિત્યાનંદ વળી બ્રહ્માનંદ ॥
એહ આદિ સદગુરુ ઘણા, એને જમાડ્યે ન રાખી મણાં ॥૨૩॥

પૂછ્યાં વઢવાણના સમાચાર, વળી તુલસી દવેના વિચાર ॥
સુણી માંહોમાંહિ હસ્યા સહુ, કહે બોલે એ બળમાં બહુ ॥૨૪॥

પછી નૃપને કહે કૃપાળ, તમ આંગણે આવ્યા મરાળ ॥
મોટા ભાગ્ય જાણજ્યો આ ખાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે રસકસના નિયમવાળા સંતોને શાંતિબાએ ચૂરમું જમાડ્યું એ નામે પાસઠમું પ્રકરણમ્ ॥૬૫॥

પ્રકરણ : ૬૬

પૂર્વછાયો :

ચરિત્ર શ્રીવૃષલાલના, કે'તા સુણતાં વાધે આનંદ ॥
પીડા હરે તન-મનની, વળી ટાળે સઘળા ફંદ ॥૧॥

દુષ્ટને દુઃખદાયી છે, છે સંતને સુખસાજ ॥
ચરિત્ર શ્રીમહારાજના, ભવજળ તર્યાનું જહાજ ॥૨॥

તૃપ્તિ ન થાય અંતરે, મુને હૈયે હામ કે'વા તણી ॥
સુણજો લીલા લાલની, આ અટંટને અઘરી ઘણી ॥૩॥

ચોપાઈ :

થાળ જમ્યા પે'લાતણી વાત, હું તો કહેવી ભૂલિયો ભ્રાત ॥
જ્યારે પૂજા કરી રહ્યા સહુ, થાવા લાગ્યા પ્રશ્નોતર બહુ ॥૪॥

એહ સમે નાથની નજર, પડી ફળિયે ઘોડી ઉપર ॥
આવે તેની સમીપથી કોઈ, એને લાત મારે ઘોડી સોઈ ॥૫॥

જોઈ પૂછીયું શ્રીજગતાત, રાય ! ઘોડી મારે કેમ લાત ? ॥
ત્યારે રાય કહે સુણો સ્વામી, એને હેવા પડ્યા બહુનામી ॥૬॥

નાનપણેથી એવો સ્વભાવ, અજાણ્યા સામે ઉઠાવે પાવ ॥
ત્યારે બોલ્યા મનોહર માવ, એવા કાઢવા પડે સ્વભાવ ॥૭॥

પછી ઉઠયા શ્રીધર્મકિશોર, આવી બેઠા ઓસરીની કોર ॥
લીધી કોમળ કરમાં સોટી, થોડી પાતળી ને ઘણી મોટી ॥૮॥

પછી અડાડી ઘોડીને જયાંય, લાત ઉછાળી ઘોડીએ ત્યાંય ॥
જોયું સુરાખાચરે તો એહ, કહે નોય ટળે હેવા તેહ ॥૯॥

નાથે સુણી નહિ વાત લેશ, વારે વારે વારે પરમેશ ॥
સોટી અડાડે ઘોડીને જેમ, લાત ઉઠાવે તે ઘોડી તેમ ॥૧૦॥

જ્યારે વર્ણીએ તેડ્યા દયાળ, સોટી આપી બીજાને તે કાળ ॥
થાળ જમીને આવીયા નાથ, ફરી લીધી સોટી નિજહાથ ॥૧૧॥

વળી માંડી પ્રથમની રીત, ઘોડી થકવી નાથે અમિત ॥
પછી ઊભી રહી એ નિરાંતે, જ્યારે બોલિયા ખાંતીલો ખાંતે ॥૧૨॥

દિસે દુષ્ટ સ્વભાવ તે જેહ, પીડે પરને પોતાને તેહ ॥
માટે તજવા હેવા સુજાણ, થાવું સરળ સંતપ્રમાણ ॥૧૩॥

આપણે તો પ્રભુસંગે પ્રીત, નવ ઘટે રાહુતણી રીત ॥
થાવું અનાદિમુક્ત જરૂર, એવું દ્રઢ જાણો નિજઉર ॥૧૪॥

નવ જાણે પોતાનો સ્વભાવ, એ તો નીચથકી નીચ સાવ ॥
સતસંગતણી શુભ રીત, નહિ જાણે તે મૂઢ ખચિત ॥૧૫॥

એવી વાત કરે અવિનાશ, તિંયા જન આવ્યો એક ખાસ ॥
એને હાથે દિસે પત્ર એક, ગુજરાતથી આવેલ છેક ॥૧૬॥

લાગ્યો પાય તે નમાવી માથ, દીધો કાગળ નાથને હાથ ॥
વાંચી કાગળ મલક્યા માવ, કહે સુણો સખા આનો ભાવ ॥૧૭॥

ચરોતરે વસે જેહ દાસ, એણે લખી છે વિનંતિ ખાસ ॥
તમ કૃપાએ આંબા સકળ, દિસે પક્વ પ્રભુજી ! આ પળ ॥૧૮॥

છૂટે ફોરમ કેરીયું તણી, નથી કરતા વડાઈ ઘણી ॥
કરે કોકિલા કિલ્લોલ બહુ, તેણે ગુંજે આમ્રવન સહુ ॥૧૯॥

દિસે ખોટ્ય તો એક તમારી, પધારો તો કૃપા થાય ભારી ॥
અમે લૈયે અલૌકિક લાવ, આવી પૂરો મનોરથ માવ ॥૨૦॥

સંગે લાવજ્યો મુનિ મરાળ, જેહ ટાળે અમ ભ્રમજાળ ॥
વળી સખાતણો જે સમાજ, એને માં ભૂલશો મહારાજ ॥૨૧॥

અમારે તો સાચા સગા તેહ, નાથ ! તમે ને તમારા જેહ ॥
ચાકરી અમે કરીશું સારી, દિયો લાભ હે દેવ મુરારી ॥૨૨॥

પછી બોલીયા પ્રભુજી એમ, આ તો ઠેલવી અરજી કેમ ? ॥
પરિપૂરણ પ્રેમ ભરેલ, દિસે વિનંતિ એવી લખેલ ॥૨૩॥

માટે ચાલો જાયે વરતાલ, સહુ સખા તેડો હાલોહાલ ॥
જોઈ માવમરજી તે વાર, નૃપે મેલ્યો એક અસવાર ॥૨૪॥

ગામોગામ થકી કાઠીજન, નાથચરણે આવ્યા પાવન ॥
સંગે લઈ ચાલ્યા અવિનાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે ઘોડીનો સ્વભાવ છોડાવ્યો એ નામે છાસઠમું પ્રકરણમ્ ॥૬૬॥

પ્રકરણ : ૬૭

પૂર્વછાયો :

વળી કહું એક વારતા, સુણો સહું થઈ સાવધાન ॥
દર્પણતુલ્ય આ દર્શને, નિજમુખ નિરખજ્યો નિદાન ॥૧॥

આવ્યો સુર પરિવારને, મહાઆપતકાળ બે વાર ॥
ખાવા ન મળે પૂરતું, તોયે હરિ ભજે એકતાર ॥૨॥

પ્રભુ પધાર્યા પૂર્વની, મેં આગે ઉચ્ચારી વાત ॥
હવે સુણો હમણાં તણી, મહાભારે પળ સાક્ષાત ॥૩॥

ચોપાઈ :

નથી અન્નકણ ઘરમાંય, લાગે દિવસ તે મહાકાય ॥
વળી રજની નથી વામણી, ભૂખ્યા કપાય કેમ જામણી ॥૪॥

તોયે ધીરજ ન તજે લેશ, ભજે અખંડ શ્રીપરમેશ ॥
નવ ઉચ્ચરે કદીયે મુખ, પ્રભુ ભજયે આવે કેમ દુઃખ ? ॥૫॥

મળે ક્યારેક ટંકે ભોજન, કોઈવારે મળે બીજે દન ॥
લૂખું સૂખું મળે અન્ન જેહ, રાખી સંતોષ જમે છે તેહ ॥૬॥

નથી સુધર્યા કોજારા દન, તિયા પધાર્યા પ્રાણજીવન ॥
સંગે સખા ને મુનિ મરાળ, નૃપે લીધી સહુની સંભાળ ॥૭॥

ઉછી ઉધારું કરીને રાય, સેવે સખા સંત હરિરાય ॥
નવ જણાવા દિયે તે લેશ, રખે જાતા રહે પરમેશ ॥૮॥

નાથ બેસે લીંબવૃક્ષછાંય, વાંચે પ્રાગજી ભલી કથાય ॥
કરે એકાંતિક વાતું શ્યામ, કહે સંસાર ખોટો તમામ ॥૯॥

નિત્ય જામતો નવલો રંગ, વધે ધર્મ એકાંતિક અંગ ॥
એવામાંહિ બની એક વાત, કાંઈ ઝાંખુ સુણ્યું જગતાત ॥૧૦॥

તિંયા સભામાં આવ્યા નરેશ, તેને પૂછીયું શ્રીપરમેશ ॥
કહો કોણ સંગાથે હે દાસ, વાત શું કરતા હતા ખાસ ॥૧૧॥

ત્યારે બોલિયા સુરાખાચર, એક માંગણ આવ્યો'તો ઘર ॥
તેને કીધું મેં દયાળ એમ, તુને રોટલો આપું હું કેમ ? ॥૧૨॥

દોય દને મળ્યો મુને જરી, માટે બીજે માંગો જઈ ફરી ॥
ત્યારે પૂછીયું વાલમે સહિ, દાણા કોઠીમાં હશે કે નહિ ? ॥૧૩॥

કહે સુરો ભક્ત હે મા'રાજ ! નથી લેશ કોઠીમાં અનાજ ॥
સુણી પૂછ્યું ઉત્તમને એમ, કહો દુર્ગપુરે હશે કેમ ? ॥૧૪॥

ત્યારે બોલિયા દાદો ખાચર, દાણા ઘણા છે શ્યામ સુંદર ॥
રળિયાણા થકી હરિરાય ! આવ્યું અનાજ તે વજેમાંય ॥૧૫॥

પૂછ્યું વળતું વાલમે એમ, પાંચ કળશી આપો કે કેમ ? ॥
સુણી બોલિયા ઉત્તમ નૃપ, ગાડાં મોકલાવે સૂર ભૂપ ॥૧૬॥

ત્યારે દૈયે અમે ભરપુર, જોયે જેટલા દાણા જરૂર ॥
પછી નાથ કહે સુરરાય ! મેલો ગાડાં ગઢપુરમાંય ॥૧૭॥

દેશે દાદો ખાચર અનાજ, મુજ આગન્યા થકી તે આજ ॥
નાથવચન શીશ ચઢાવી, દીધા નૃપે ગાડાં મોકલાવી ॥૧૮॥

લાવ્યા ઉછીનું અનાજ એહ, રાજ રાજી થયા દેખી તેહ ॥
પછી નાથે વિચારીયું ઉર, ઈયા રહેવું મારે જરૂર ॥૧૯॥

અતિ દુર્બળ દશાએ દાસ, નથી રાખતો સુખની આશ ॥
એમાં સેવે અમને જરૂર, વળી સંતને શું ભરપૂર ॥૨૦॥

એનું ટાળું દારિદ્રય ને દુઃખ, દિયું સુખ વણમાંગે મુખ ॥
પછી રહ્યા પ્રભુજી દયાળ, લેવા સુરા ભક્તની સંભાળ ॥૨૧॥

રમે રમાડે જમી જમાડે, એમ અતિ આનંદ પમાડે ॥
નિત્ય નવી નવી કરે વાત, સુણી જન થાય રળિયાત ॥૨૨॥

જંયા લીલા કરે હરિરાય, રિદ્ધિ સિદ્ધિ રમે તિંયા ભાય ॥
એમ નાથ રહ્યાથી જરૂર, વધી સમૃદ્ધિ શું ભરપૂર ॥૨૩॥

દાણાં નાખ્યાતણો આંહિ લાગ, નથી નથી કહે બડભાગ ॥
માન્યું સુરે ભક્તે નિજ ઉર, આ તો પ્રભુપ્રતાપ જરૂર ॥૨૪॥

એમ જીવન જગદાધાર, દળ્યા દાસના દુઃખ અપાર ॥
ઇંયા લીલા કરી એક માસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે સુરા ખાચરનું દારિદ્રય ટાળ્યું એ નામે સડસઠમું પ્રકરણમ્ ॥૬૭॥

પ્રકરણ : ૬૮

પૂર્વછાયો :

અક્ષરપતિ અલબેલડો, પ્રેમે પધાર્યા પૃથ્વીમાંય ॥
તારવા જીવ અનંતને, સંગે લાવ્યા મહામુક્તરાય ॥૧॥

પ્રવર્તાવી શુભ રીતડી, જેહ નવ દીઠી સુણી કાન ॥
તેણે કરી મુમુક્ષુમને, ઉપજયા અતિ ખેંચાણ ॥૨॥

એવા એક હરિજનની, મારે કરવી વાત અનુપ ॥
સાંભળજયો સ્નેહે કરી, તો થાશે મહાસુખરૂપ ॥૩॥

ચોપાઈ :

સુરા ખાચર ને શાંતિબાઈ, સુત નાથો સુતા વલુબાઈ ॥
એહ આદિ સહુ પરિવાર, અનાદિમુક્ત છે નિરધાર ॥૪॥

મહાપ્રેમી મહાગુણવાન, સેવામાંહિ રહે સાવધાન ॥
તેણે પ્રભુ પધારે સદાય, નાગડકે વળી લોયામાંય ॥૫॥

અઢારસો ચુમોતેરી સાલ, વળી પોષમાસ તણો તાલ ॥
ખરેખરો હતો શીતકાળ, એહ સમે પધાર્યા દયાળ ॥૬॥

સંગે સંત વળી હરિજન, આવ્યા લોયામાંહિ તે પાવન ॥
લોયાવાસી હરખ્યા અપાર, નેહે નીરખ્યા પ્રાણઆધાર ॥૭॥

એમાં પૂજોભાઈ એક નામ, કુળે કણબી કૃષિનું કામ ॥
એના પૂરવતણાં સંસ્કાર, થયા ઉદિત તે નિરધાર ॥૮॥

દીઠો મહાપ્રભુનો પ્રભાવ, તેણે ઉપજ્યો અતિ લગાવ ॥
જોયા સંતના શુભ ચરિત, થયું અંતર તેણે પુનિત ॥૯॥

વારે વારે તે નીરખે માવ, મુખરેખા વળી હાવભાવ ॥
કરે કરનાં લટકા શ્યામ, નેણે મટકાં શું અભિરામ ॥૧૦॥

વાંકી ભ્રકુટિ ફેરવે નાથ ! વારાફેરી વળી એકસાથ ॥
વળી મુખે મંદ મંદ હસે, એમ મૂરતિ અંતરે વસે ॥૧૧॥

એમ લીલા કરી અવિનાશ, દોય દન લગી શું ઉલ્લાસ ॥
પછી વિદાય માંગીને શ્યામ, આગે વિચર્યા શ્રીસુખધામ ॥૧૨॥

નાથમૂરતિ ચમકપાણ, લોહ પૂજો પટેલ સુજાણ ॥
પામ્યો ખેંચાણ કણબી અતિ, રાત દિ' ચિંતવે પ્રાણપતિ ॥૧૩॥

નથી સૂઝતું કાંઈ જો કામ, થયો સંસાર હવે હરામ ॥
પછી તજી કુળ પરિવાર, થવા પરમહંસ નિરધાર ॥૧૪॥

ચાલ્યા ખેતરથી પૂજાભાઈ, સેવવાને પ્રભુ સુખદાઈ ॥
એહ સમે તે ગગનમાંય, દીઠાં દિવ્યરૂપે હરિરાય ॥૧૫॥

ગગને નાથમૂરતિ ચાલે, ચાલે નીચે પૂજો તે પ્રમાણે ॥
વેગે આવિયા શ્રીગઢપુર, તિંયા કૌતુક દીઠું જરૂર ॥૧૬॥

ચાલી ગગને જેહ મૂરતિ, વળી લીંબતળે પ્રાણપતિ ॥
દોય થયા તે એક સ્વરૂપ, બની વાત અજબ અનુપ ॥૧૭॥

જોઈ હૈયે તે હર્ષ ન માય, પ્રભુપદે લાગ્યા લળી પાય ॥
કરી અંતરવાત પ્રકાશ, સંતમાંહિ રહ્યા થઈ દાસ ॥૧૮॥

કરે પ્રગટ પ્રભુ દર્શન, સેવે ઉમંગે શું મુનિજન ॥
કરે સમાગમ ઘણો ઘણો, સ્વામી ગોપાળાનંદજી તણો ॥૧૯॥

તેણે અંતર છાયો ઉજાસ, થયું અજ્ઞાન તિમિર નાશ ॥
થોડા દન સજી શુભ સેવ, તેણે રીઝીયા દેવાધિદેવ ॥૨૦॥

સાલ અઢારસો ચુમોતેર, મહા સુદિ પંચમી સુપેર ॥
આપી દીક્ષા ને ધરાવ્યું નામ, પ્રજ્ઞાનંદ સ્વામી અભિરામ ॥૨૧॥

યથા નામ તથા ગુણવાન, શોભે પરમહંસ નિદાન ॥
પછી મેલિયા શ્રી અવિનાશે, સ્વામી ગોપાળાનંદજી પાસે ॥૨૨॥

સંતકૃપા વિના સંતગુણ, શોધી જુવો તે પામિયો કુણ ॥
એમ માની મહામુનિ પાસ, કર્યો સચ્છાસ્ત્રાતણો અભ્યાસ ॥૨૩॥

થયા ભણી ગણી વિદવાન, ગાય હરિતણાં ગુણગાન ॥
વળી ગોપાળાનંદજી સ્વામી, સેવે બહુ બહુ કરભામી ॥૨૪॥

જોઈ સુપાત્ર ને ગુણવંત, સ્વામી વરસ્યા કૃપા અત્યંત ॥
દેખે અંતરે શ્રીઅવિનાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે લોયાના પૂજા પટેલ પ્રજ્ઞાનંદ થયા એ નામે અડસઠમું પ્રકરણમ્ ॥૬૮॥

પ્રકરણ : ૬૯

પૂર્વછાયો :

નિવાસી શ્રીલોયાધામમાં, થયા પૂજોભાઈ મહાસંત ॥
નામ ધર્યું પ્રજ્ઞાનંદજી, આપે સિદ્ધ વળી ગુણવંત ॥૧॥

ગ્રંથવિસ્તારના ભયથકી, નહિ ઉચ્ચારું ઝાઝી વાત ॥
એકાદ-બે સહુ સુણજ્યો, અતિ રાજી થાશો રળિયાત ॥૨॥

સમાધિનિષ્ઠ સ્વામીજી, લાવે દિવ્ય પ્રસાદી અપાર ॥
તેણે કરી જન જક્તના, નમે ચરણે વારમવાર ॥૩॥

ચોપાઈ :

એતો જોઈ શક્યો નહિ કોઈ, કીધી ફરિયાદ એની સોઈ ॥
ગોપાળજી મહારાજ પાસ, બહુ કર્યો તેણે બકવાસ ॥૪॥

દંભી પાખંડી છે પ્રજ્ઞાનંદ, લોક ભમાવી માણે આનંદ ॥
એની પરીક્ષા લો સારધાર, પછી કાઢો સત્સંગ બહાર ॥૫॥

પછી તેમણે સ્વામી બોલાવી, વાત કડક સ્વરે સુણાવી ॥
કહે બેસો યાં કૌપીનભર, પછી સાધો સમાધિ સુંદર ॥૬॥

લાવી આપો માંગીએ જે અમે, ત્યારે જાણીએ સાચા છો તમે ॥
જેને નથી સ્વમાનની ભૂખ, એને શું ઉપજે સુખ-દુઃખ ? ॥૭॥

પછી બેઠા તે કોપીનભર, સાધી સમાધિ ગયા અક્ષર ॥
લાવી દીધી માંગી વસ્તુ જેહ, ત્યારે લોકે માન્યું સત્ય તેહ ॥૮॥

બીજી વાત સુણાવું અનુપ, પ્રજ્ઞાનંદજીની સુખરૂપ ॥
બિરાજે વટપત્તનમાંય, કરાવે મોટું મંદિર ત્યાંય ॥૯॥

તિંયા ભક્ત શેઠ લાડભાઈ, જેને સ્વામી શું હેત-સગાઈ ॥
એને ચાર સુતા સુખરૂપ, વળી પત્ની પતિવ્રતા રૂપ ॥૧૦॥

એહ નારીને લાગિયો રોગ, આવી કોગળિયે લીધો ભોગ ॥
ચાર વાગે તજી દીધા પ્રાણ, માંડી સહુ સંબંધીએ કાણ ॥૧૧॥

એ સમે દેહ બાળવા સહુ, કરે તૈયારિયું બહુ બહુ ॥
ત્યારે શેઠ ગયા સ્વામી પાસ, કર જોડી કીધી અરદાસ ॥૧૨॥

મારે આવી પડ્યું મહાદુઃખ, લુંટાયું સુતાઓતણું સુખ ॥
મુજપત્ની મૂકી ગઈ પ્રાણ, હવે બાળાનું કોણ સુજાણ ? ॥૧૩॥

આપ સમર્થ છો મુનિવર ! કાંઈ કૃપા કરો મુજપર ॥
પછી સ્વામીએ શ્રીજી સંભારી, કહ્યું શેઠ ! સુણો વાત મારી ॥૧૪॥

રાત્રે અગિયાર વાગ્યા સમે, જાજયો પત્નીની પાસળ્યે તમે ॥
કેજયો સ્વામિનારાયણ કાન, મહામંત્ર સુણતાં નિદાન ॥૧૫॥

થાશે જીવતી તે નિઃસંદેહ, તિંયા લગી જાળવજો દેહ ॥
પછી શેઠ ગયા નિજઘેર, કહે સંબંધીઓને સુપેર ॥૧૬॥

મુને સ્વામીમાં વિશ્વાસ ભારી, નહિં બાળવા દઉં હું નારી ॥
લોકે ટીકા કરી ઘણી ઘણી, શેઠે સુણી નહિ કોઈ તણી ॥૧૭॥

ગયા સંબંધી નાખી નિઃશ્વાસ, બેઠા શેઠ નિજનારી પાસ ॥
થયો રાત્રિસમો એહ જયાંય, કીધો મંત્ર તેણે કાનમાંય ॥૧૮॥

થઈ જીવતી શેઠની નાર, સહુ આશ્ચર્ય પામ્યા અપાર ॥
એમ સારે સહુજનકાજ, સિદ્ધપુરુષ તે મુનિરાજ ॥૧૯॥

વાતે કરીને સંશય હરે, વળી આશ્રિત સુખિયા કરે ॥
એવા મુનિવર્ય પ્રજ્ઞાનંદ, સ્નેહે સંભારે શ્રીસુખકંદ ॥૨૦॥

વિક્રમ સંવત ઓગણીસો પર, વર્ષ પાંત્રીસ કેરું સુંદર ॥
મહા સુદી તેરસનો દન, બુધવાર વરતે પાવન ॥૨૧॥

બિરાજે સ્વામીજી વરતાલ, જાણ્યો દેહ તજ્યાતણો માલ ॥
બેઠા ભજને શું એકતાર, જપે સ્વામિનારાયણ સાર ॥૨૨॥

તિંયા પધાર્યા પ્રાણઆધાર, તજ્યો નશ્વર દેહ અસાર ॥
પામી દિવ્યતનું ગયા ધામ, પ્રભુસંગાથે પૂરણકામ ॥૨૩॥

બહુ સંક્ષેપે ઉચ્ચારી વાત, ઈતિહાસમાં જેહ વિખ્યાત ॥
લોયાના પ્રજ્ઞાનંદજી તણી, કહી થોડી રહી ઘણી ઘણી ॥૨૪॥

હવે નાથલીલા સુણો આપ, જેણે પ્રજળે કાનના પાપ ॥
ટળે કાળ માયા જમ ત્રાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે પ્રજ્ઞાનંદ સ્વામીનું ચરિત્ર કહ્યું એ નામે ઓગણસિતેરમું પ્રકરણમ્ ॥૬૯॥

પ્રકરણ : ૭૦

પૂર્વછાયો :

વળી સુણાવું વાતડી, લોયાધામતણી સુખદાય ॥
સાંભળતાં સુખ ઉપજે, વળી ચિંતવતાં ચિત્તમાંય ॥૧॥

આગે મોટા અધિપતિએ, પામવા આનંદકંદ ॥
સુખ તજ્યાં ને વન ભજ્યાં, તોયે નવ ટળ્યા ભવફંદ ॥૨॥

દીઠું નહિ સ્વપનેય જે, અતિદુર્લભ પરમ કલ્યાણ ॥
સોંઘુ કર્યું તે સહજમાં, મહાપ્રભુજીએ તે સુજાણ ॥૩॥

ચોપાઈ :

લોયા ગામથી ઉત્તરમાંય, નામ પાતાળિયો કૂપ ત્યાંય ॥
એમાં જળ ઉપજાવી નાથ, કીધું'તું નામકરણ સાથ ॥૪॥

વળી સંત સંગે બહુવાર, નાયા જીવન જગદાધાર ॥
જળક્રીડા તે કૃપાનિધાન, કીધી સખા સંગાથે નિદાન ॥૫॥

એને કાંઠે કોઈ સમે શ્યામ, સભા સજી બેઠા સુખધામ ॥
તિયા આવિયો કણબી એક, બોલ્યો વિચાર્યા વિણ વિવેક ॥૬॥

મહારાજ ! આ સંત તમારા, એતો ભવસિંધુ તરનારા ॥
પણ કૂડાં-કપટી આ જન, નહિ તરે એતો કોઈ દન ॥૭॥

હસી બોલિયા શ્રીઅલબેલ, એવું કેમ બોલો છો પટેલ ? ॥
શેઢે-સીમે શું દીધો ઘસારો ? ત્યારે પટેલે કીધો નકારો ॥૮॥

દીઠો પરોણો પટેલ હાથ, જળે નખાવ્યો તે કૃપાનાથ ॥
તર્યો જળ પર તે નિદાન, પછી પૂછીયું શ્રીભગવાન ॥૯॥

એને છેડે જડી આર જેહ, જળે એકલી નાખીએ તેહ ॥
ત્યારે ડૂબે કે તરે તે આર ? કહે જન ડૂબે નિરધાર ॥૧૦॥

પછી બોલિયા શ્યામ સુજાણ, આમ પામશે સહુ કલ્યાણ ॥
આર તારી પરોણાએ જેમ, સંત તારશે જનને તેમ ॥૧૧॥

વળતું પૂછીયું ભગવાન, તમારે કેટલા છે સંતાન ? ॥
ત્યારે પટેલ બોલિયા ચાર, વળી પૂછીયું પ્રાણઆધાર ॥૧૨॥

કિયે સંગાથે અતિશે પ્યાર, કહે નાનેરે છે નિરધાર ॥
કહે પ્રભુજી મારેય એમ, રહે અધિક નાનેરે પ્રેમ ॥૧૩॥

મોટા જાણો આ સંત સુજાણ, નાનેરા સતસંગી પ્રમાણ ॥
પેલા તારીશ હું હરિજન, પછી સંત કહે ભગવન ॥૧૪॥

હવે સુણીને વાતડી એક, ઉર વિચારજોને વિવેક ॥
કોઈ સમે લડ્યા રાય દોય, ત્યારે જાણ્યું મહાજને સોય ॥૧૫॥

કહે કરીએ એવો ઉપાય, જેણે જીતે આપણો જ રાય ॥
પછી જુદ્ધે ઘવાય જે જન, એની બહુ કરાવે જતન ॥૧૬॥

આપે ઓસડ વળી ભોજન, તેણે જુદ્ધ જીત્યા સહુજન ॥
પછી રાજાએ કર્યો વિચાર, શિરપાવ દેવો નિરધાર ॥૧૭॥

ત્યારે યોદ્ધાઓ બોલિયા મળી, મહારાજ ! લિયોને સાંભળી ॥
પેલા વધાવોને મહાજન, પછી અમોને દેજ્યો પાવન ॥૧૮॥

એણે કીધી ઘણી ઘણી સા'ય, તેણે યુદ્ધ જીત્યા છૈયે રાય ॥
ત્યારે રાયે દીધો શિરપાવ, પેલા મા'જનને ધરી ભાવ ॥૧૯॥

પછી યોદ્ધાઓને કીધા રાજી, એમ રાજાએ સુધારી બાજી ॥
આતો દ્રષ્ટાંત દીધું આ વાર, આનો સાંભળો સિદ્ધાંતસાર ॥૨૦॥

મહાજનને ઠેકાણે કહું, સતસંગી હરિજન સહુ ॥
મારા સંત યોદ્ધા શૂરવીર, લડે માયા સંગે ધરી ધીર ॥૨૧॥

જપ તપ ને મારું ભજન, સંત આચરે તે નિશદન ॥
એને દિયે ભોજન-વસન, સતસંગી મારા હરિજન ॥૨૨॥

માટે રાય જેમ નિરધાર, પેલા તારીશ આ નરનાર ॥
પછી સંતને તેડીશ ધામ, એમ જાણજ્યો જન તમામ ॥૨૩॥

સુણી રાજી થયા તે પટેલ, કહે ધન્ય ધન્ય અલબેલ ॥
તમજેવો નહીં જગમાંય, ખરેખરો કોઈ સુખદાય ॥૨૪॥

નથી દેખતા ગુના લગાર, દેખો એકમાત્ર ઉપકાર ॥
ટાળો જનમમરણ ત્રાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે પાતાળિયે કૂવે વર આપ્યો એ નામે સિતેરમું પ્રકરણમ્ ॥૭૦॥

પ્રકરણ : ૭૧

પૂર્વછાયો :

શુભમતિ સહુ સાંભળો, કહું લીલા શાકોત્સવતણી ॥
સંગે વચનામૃતને, વળી બીજી વાતું ઘણી ઘણી ॥૧॥

દુઃખહરણી સુખકરણી, લીલા શ્રીમહારાજની ॥
અભાગીને અરથે નહિ, છે સંતને સુખસાજની ॥૨॥

વિક્રમ સંવત અઢારસો, સિતોત્તેર શુભ સાલ ॥
શરદ ઋતુ રળિયામણી, વળી આસો માસનો તાલ ॥૩॥

ચોપાઈ :

સુરા ખાચરનો પરિવાર, લોયામાંહિ ભજે કિરતાર ॥
બની બીના તિયા કહું એમ, સહું સાંભળજો ધરી પ્રેમ ॥૪॥

કોઈક માંગલિક પ્રસંગે, જન થાક્યા હતા બહુ અંગે ॥
જામી રજની પ્રહર દોય, ગાઢ નિદ્રાએ લપાયા સોય ॥૫॥

થયું વાતાવરણ તે શાંત, ઠંડી પ્રસરી ચહુ નિતાંત ॥
શ્વાન આળસ્યા ભસતાં જ્યારે, એક તસ્કર ટોળકી ત્યારે ॥૬॥

આવી દરબારગઢ પાછળ, તોડી દિવાલ ધીમે તે પળ ॥
કીધો પ્રવેશ ઓરડામાંહિ, લાધ્યો પટારો ભરેલો ત્યાંહિ ॥૭॥

વળી કૂંચી ને તાળુ ખંભાતી, જોઈ ફૂલી ચોરતણી છાતી ॥
આંકડે મધ માંખ્યો વિનાનું, એમાં કોણ દેખે મોટુ-નાનુ ॥૮॥

તાળુ ખોલવા મથિયા ઘણું, પણ ફાવ્યા નહિ ચોર અણું ॥
ભય પામ્યા એમ મનોમન, રખે હમણે જાગે કોઈ જન ॥૯॥

પછી લઈ ગયા ગામબા'ર, ધન પામવા અપરમપાર ॥
માંડ્યું તોડવા તાળું-પટારો, પણ જેને હરિ રાખનારો ॥૧૦॥

નવ તૂટે એ કોટિ ઉપાય, ભલે કલ્પ વીતે મથતાંય ॥
થયું મોસુજણું અજવાળું, ન ખૂલ્યુ ન તૂટ્યુ એહ તાળું ॥૧૧॥

ઉની આંચ આવી નહિ એને, રખવાળા પ્રભુજીના જેને ॥
ભક્તવત્સલ છે ભગવાન, કેમ સાંખી લ્યે ભક્તનું જ્યાંન ॥૧૨॥

ઉદે થયા સૂર્યનારાયણ, થયા તસ્કર તે પલાયન ॥
વધી લોકતણી હાલ-ચાલ, પેખી પટારો પામિયા ખ્યાલ ॥૧૩॥

લઈ આવ્યા તે દરબારમાંય, ત્યારે કહે સુરા ભક્તરાય ॥
હોય માલ જો ખરો ભીતર, તો તો રીઝવું શ્રીહરિવર ॥૧૪॥

કરું અર્પણ અરધું ધન, એમ સંકલ્પ કીધો મેં મન ॥
સુણી બોલિયા શાંતિબા એમ, દરબાર ! આવું કહો કેમ ? ॥૧૫॥

એવો મૂરખ ન કોઈ જન, મૂકે અરધું મળ્યું જે ધન ॥
ચોર રાખે નહિ તમકાજ, માટે સર્વસ્વ દિયો મા'રાજ ॥૧૬॥

પછી ખોલિયો પટારો ત્યાંય, ભાળ્યુ દ્રવ્ય હેમખેમ ભાય ॥
રામ રાખે તેને કોણ ચાખે, એમ જનશ્રુતિ સત્ય ભાખે ॥૧૭॥

જાણી પામ્યા પ્રભુનો પ્રસાદ, કીધો તુમુલ જયજયનાદ ॥
પછી મહામુક્ત શાંતિબાઈ, જેને સીમા નહિ પ્રેમમાંઈ ॥૧૮॥

કહે સુણો લોયાપતિ સ્વામી, તેડી લાવો સદ્ય બહુનામી ॥
જ્યારે પધારે નાથ ને સંત, કરે ઉત્સવ મોટો અત્યંત ॥૧૯॥

વવરાય ત્યારે બધું ધન, માટે તેડોને પ્રાણજીવન ॥
એહ સમે કહે સુરો ભક્ત, સુણો કલ્યાણી મહાવિરક્ત ॥૨૦॥

પૂરા પુણ્ય ઉદે જ્યારે થાય, ત્યારે પધારે ત્રિભુવનરાય ॥
એવા આપણા ભાગ્ય તે ક્યાંથી, આવે ત્રિકમજી ગઢડાથી ॥૨૧॥

ત્યારે બાઈ કહે તિંયા જાવો, કેમે કરી નાથને મનાવો ॥
તપ કરજો સમીપે એવું, કીધું પ્રહલાદ ને ધ્રુવે જેવું ॥૨૨॥

તોય પ્રભુ જો ન આણે મે'ર, તો તો પાછા ન આવશો ઘેર ॥
સજો સેવ થઈ તમે સંત, જેથી રીઝે હરિ બળવંત ॥૨૩॥

જ્યારે રીઝે શ્રીરાજીવનેણ, કહે વર માંગો સુખદેણ ॥
ત્યારે લોયે તેડી લાવો નાથ, પાંચસે પરમહંસ સંગાથ ॥૨૪॥

સુણી કાંઈ ન બોલિયા રાય, વિચારી રહ્યા તે મનમાંય ॥
ચાલ્યા તેડવા શ્રીઅવિનાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે સુરા ખાચરનો પટારો ચોરાયો એ નામે એકોતેરમું પ્રકરણમ્ ॥૭૧॥

પ્રકરણ : ૭૨

પૂર્વછાયો :

અલબેલાને તેડવા, મહામુક્ત સુરા ખાચર ॥
નીકળ્યા લોયાપુરથી, શ્રીલોયાપતિ નૃપવર ॥૧॥

મારગમાંહિ જાણીયું, સંતપતિ સંતસંગાથ ॥
બિરાજે શ્રીકારિયાણીએ, દીવાળી ઉજવવા નાથ ॥૨॥

વસ્તા ખાચરને ભુવને, આવી નીરખ્યા ધર્મકુમાર ॥
સુરા ખાચરને દેખતા, મંદ મંદ મલક્યા મોરાર ॥૩॥

ચોપાઈ :

એહ સમે પંચાળાનરેશ, જીણાભાઈએ કીધો પ્રવેશ ॥
કરી પ્રાર્થના પ્રભુજી પાસ, નિજપુર પધારવા ખાસ ॥૪॥

ત્યારે તથાસ્તુ કહ્યું જીવને, સુણી સુરો અકળાયા મને ॥
કહે હું આપનો દીન દાસ, તમે દીનબંધુ અવિનાશ ॥૫॥

પૂરો પૂરો મારો મનોરથ, લોયા પધારો હે સમરથ ॥
હું તો આવિયો તેડવા આજ, મુજ ભાર્યાએ મેલ્યો એ કાજ ॥૬॥

સુણી ગુંચવાયા અવિનાશી, ત્યારે તેડ્યા સંત સુખરાશિ ॥
બ્રહ્મમુનિ વળી નિત્યાનંદ, તેને કહે સ્વામી સુખકંદ ॥૭॥

તમે છો બેઉ નેત્રસમાન, કાંઈ ઉપાય કહો નિદાન ॥
ત્યારે મુનિઓ તે વિચક્ષણ, જોઈ હરિમરજી તતક્ષણ ॥૮॥

કહે પંચાળા મારગમાંય, આવે લોયાધામ હરિરાય ॥
મેલી લોયા જાવું દૂર દેશ, લાગે અઘટિત પરમેશ ॥૯॥

કીધું યથામતિ નાથ અમે, નિજઈચ્છાએ વિચરો તમે ॥
ત્યારે નાથ કહે ઘણું સારું, કીધું ગમતું તમે અમારું ॥૧૦॥

જાશું પ્રથમ તે લોયાધામ, પછી જીણાભાઈતણે ધામ ॥
મોટીબાએ જાણી એહ વાત, કહે સાંભળો હે જગતાત ॥૧૧॥

લક્ષ્મીવાડીના વૃંતાક જેહ, જમ્યા વિના ન જવાય તેહ ॥
ત્યારે નાથ કહે ઘણું સારું, પે'લા ગઢડે આવીશું વારું ॥૧૨॥

સુણી બોલિયા સુરો ખાચર, મુને સાધુ કરો સુખકર ॥
તમે જો ન આવો મુજસાથ, તો તો તપ કરું કૃપાનાથ ! ॥૧૩॥

સાધુ થઈ સેવાવ્રત લે'વું, મુજ પત્નીએ કીધું છે એવું ॥
ભગવાન લીધા વિના ઘેર, તમે ન આવશો કોઈ પેર ॥૧૪॥

હવે શું કરું હે મહારાજ ! તમ વિના સારે કોણ કાજ ॥
કોટિ બ્રહ્માંડમાં લીધું જોઈ, નથી પ્રભુ તમ વિના કોઈ ॥૧૫॥

મળે બીજો કોઈ ભગવાન, ઘેર પધરાવું તો નિદાન ॥
પણ છો પ્રભુ એક જ તમે, મુને સાધુ કરો આણે સમે ॥૧૬॥

હસતાં હસતાં કહે શ્યામ, કહો સખા તમે અભિરામ ॥
ધર્મપત્ની છે વશ તમારે, કે તમે પત્નીને વશ ભારે ? ॥૧૭॥

નાથવચને છાયો હુલ્લાસ, સભાસદ કરે અટ્ટહાસ ॥
ત્યારે બોલિયા સુરો ખાચર, માફ કરજો શ્રીહરિવર ॥૧૮॥

તમે કોટિ બ્રહ્માંડોના ઈશ, તોયે મોટીબાને થયા વશ ॥
ત્યારે અમારે નથી નવાઈ, નારીવશ રહેવું સદાઈ ॥૧૯॥

સુણી પ્રભુજી ગયા લજાઈ, સખે માર્યું મહામેણું કાંઈ ॥
કહે નહિ જૈયે ગઢપુર, કરો તૈયારી લોયે જરૂર ॥૨૦॥

સહુ પરમહંસને સંગે, રે'શું તમ ભુવને ઉમંગે ॥
તિયા બોલિયા શ્રીબ્રહ્માનંદ, લોયે શું કરીશું સુખકંદ ॥૨૧॥

શાક-પાક નહિ મળે ખરા, નાથ વિચારી જુવોને જરા ॥
મંદ મંદ હસી કહે માવ, સ્વામી ! જુઓ સખાતણો ભાવ ॥૨૨॥

પરબ્રહ્મ પુરુષોત્તમ અમે, કરીએ જંગલે મંગલ અમે ॥
ત્યારે સુરો ભક્ત થયા રાજી, ભલે ભલે આવી હાથ બાજી ॥૨૩॥

સદા સ્વતંત્ર છે ભગવાન, પણ કેવા વર્તે નિરમાન ॥
આવો દયાળુ ન દીઠો કોય, હોય સમર્થ ને નમે તોય ॥૨૪॥

માગી વિદાય સુરા ખાચર, લોયા ભણી ચાલ્યા મુદભર ॥
જાણ્યું પૂરી થાશે અભિલાષ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે સુરાખાચરે લોયા પધારવા વિનંતિ કરી એ નામે બોંતેરમું પ્રકરણમ્ ॥૭૨॥

પ્રકરણ : ૭૩

પૂર્વછાયો :

લોયાપુરમહિં આવીયા, મહામતિ સુરો ખાચર ॥
રાજેશ્વર રીઝવવા, કરે તૈયારીયું તે સુંદર ॥૧॥

રૂડો મંડપ બંધાવીયો, પરમહંસને કાજ ॥
રાજભુવન સમારિયા, રાખવા શ્રીમહારાજ ॥૨॥

વિક્રમ સંવત અઢારસો, સિત્તોતેર શુભ સાલ ॥
કારતક માસે કૃષ્ણ પક્ષે, સહું સંભારે વૃષલાલ ॥૩॥

ચોપાઈ :

ચાલ્યા કારિયાણીથકી વાલો, બોટાદે પધાર્યા મતવાલો ॥
તિંયા રજની કરી વિશ્રામ, ચાલ્યા પરોઢિયે સુખધામ ॥૪॥

કરે તાણ્ય તે નગરવાસી, પણ કેમ રહે સુખરાશિ ॥
સુરો ખાચર ને શાંતિબાઈ, એને પ્રેમે રહ્યા જે તણાઈ ॥૫॥

કીધા મુનિને પે'લા વિદાય, પછી અશ્વે ચડ્યા મુનિરાય ॥
લીધા કાઠી પચાસેક સંગે, ચાલ્યા લોયામારગે ઉમંગે ॥૬॥

રસ્તામાંહિ આવ્યા ગામ દોય, અણિયાળી વળી બોડી સોય ॥
નવ રોકાયા પ્રભુજી ક્યાંય, જેને વા'લો સુરો ભક્તરાય ॥૭॥

આવ્યા ભાદર ગંગાને તીર, સંત હરિજન સંગે અચિર ॥
તિયા વીતીયો સંગવ કાળ, નદી ઉતર્યા નાથ દયાળ ॥૮॥

લાવ્યા સામૈયું તે લોયાવાસી, સ્નેહે વધાવવા સુખરાશિ ॥
આજ મને આનંદ ન માય, રાંક પામ્યા ચિંતામણિરાય ॥૯॥

લળી લળીને કીધા પ્રણામ, મેલ્યા શ્રીફળ ચરણે તમામ ॥
કીધો તુમુલ જયજયકાર, લાગ્યા વાજવા વાજા અપાર ॥૧૦॥

ઢોલ નગારા ને શરણાઈ, વાજે ભેરી ત્રાંસા ને તુરાઈ ॥
ચાલી સવારી તે ગામભણી, વાત શી વખાણું શોભાતણી ॥૧૧॥

આગે વાજા પીછે જનવૃંદ, ડોલે ધૂન્ય બોલે વળી છંદ ॥
કાઠી ખેલવે અશ્વ અપાર, રાજ રીઝવવા ધરી પ્યાર ॥૧૨॥

એહ પછી સરબંદી પાળા, વળી ડંકા ને નિશાનવાળા ॥
કેડ્યે સંતમાં શ્રીવૃષનંદ, શોભે તારે વીંટ્યો જેમ ચંદ ॥૧૩॥

પછી નારી નગરની મળી, ગાય ગીત વધામણા વળી ॥
ધન્ય ધન્ય ધન્ય એ આંખડી, જેણે જેણે દીઠી એહ ઘડી ॥૧૪॥

ગામથી ઉત્તર દિશમાંય, હતું પ્રવેશદ્વાર જો ત્યાંય ॥
આવી અસવારી એહ ઠામ, પુરનારીએ વધાવ્યા શ્યામ ॥૧૫॥

પુરશોભા જોતા સંતસાથ, આવ્યા ધર્મશાળાએ શ્રીનાથ ॥
જોઈ સંતની જાગ્ય વિશાળ, કહે માવ સુણો હે મરાળ ! ॥૧૬॥

આંહિ ઉતરો સૌ મુનિજન, અમે જાઈશું રાજભુવન ॥
એમ કહી ચાલ્યા હરિરાય, પધાર્યા પ્રભુ દરબારમાંય ॥૧૭॥

સુરા ખાચરતણે ભવન, કીધો ઉતારો જગજીવન ॥
હતાં ગાર્યા માટીના એ ઘર, નાથ સંબંધે થયા અક્ષર ॥૧૮॥

સુરા ખાચરે પખાળ્યા પાવ, પૂજયા ભાવ ધરી ધરી માવ ॥
શાંતિબાએ કરાવિયો થાળ, ભાત્ય-ભાત્યના પાક રસાળ ॥૧૯॥

જમે જીવનજી જનપ્રીત્યે, જમતાં જળ પીવે શું રીત્યે ॥
ચળુ કરી લીધો મુખવાસ, દઈ થાળ રાજી કર્યા દાસ ॥૨૦॥

પછી સંતની પંગત્ય કીધી, પ્રભુએ પીરસ્યુ બહુવિધિ ॥
દીધાં સુખ અતિશે દયાળે, જનહેતે જનપ્રતિપાળે ॥૨૧॥

આજ જનને દેવા આનંદ, પ્રભુ પ્રગટ્યા સહજાનંદ ॥
બહુ દનના ભાંગિયા દુઃખ, મુમુક્ષુતણી મિટાવી ભૂખ ॥૨૨॥

હવે કહું લીલાતણી વાત, લોયાધામે થઈ જે સાક્ષાત ॥
આ તો નંદસંતની લખેલ, કાં તો શ્રવણે શું સાંભળેલ ॥૨૩॥

નથી એકેય મેં ઉપજાવી, નથી શબ્દવિલાસે મઢાવી ॥
મારી વાણી તે પાવન થાય, સુણી સંતજન હરખાય ॥૨૪॥

ધરી હરિમૂરતિનું ધ્યાન, લોયાધામની લીલા મહાન ॥
તજી અનુક્રમતણો ત્રાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે મહારાજ લોયા પધાર્યા એ નામે તોંતેરમું પ્રકરણમ્ ॥૭૩॥

પ્રકરણ : ૭૪

પૂર્વછાયો :

ધરણી લોયાધામની, અતિ રાજી રળિયાત ॥
કરુણામૂરતિ પધારિયા, પરબ્રહ્મ જે સાક્ષાત ॥૧॥

જપ તપ જોગ સાધતાં, વીતે જન્મોજનમ જેહ ॥
તોયે ન મળે માવજી, વણસાધને મળિયા તેહ ॥૨॥

નિર્ગુણમૂરતિ નાથજી, પામે તે નિર્ગુણ હોય ॥
જળ ભળે જેમ જાહ્નવીએ, થાય તે ગંગાતોય ॥૩॥

ચોપાઈ :

સુરાખાચરનો દરબાર, થયો અક્ષર તે નિરધાર ॥
કાં જે હરિએ કીધો નિવાસ, વદી સપ્તમી કાર્તિક માસ ॥૪॥

સંત ઉતર્યા મંદિરમાંય, જેને સેવ્યે કળિમળ જાય ॥
લોયાનિવાસી થયા નિહાલ, આજ મળ્યો મહામોટો માલ ॥૫॥

હતા કાંતિલ ઠંડીના દન, જીંયા ઉતર્યા સંત પાવન ॥
પ્રેમે મંડપ બાંધ્યો'તો ત્યાંયે, સંતપ્રેમી સુરે ભક્તરાયે ॥૬॥

સંતતણો નાથતણો વાસ, એહ મધ્યે કહું એક ખાસ ॥
હતી નાનેરી વંડી તે પર, બાંધ્યો પલંગ મંચ સુંદર ॥૭॥

ગાદીતકિયા બિછાવ્યા ત્યાંય, આવી બેસે નિત્ય હરિરાય ॥
થાય કીર્તન સાંજ સવાર, સુણી ડોલે શ્રી પ્રાણઆધાર ॥૮॥

એક દન સભામાંહિ શ્યામ, કહે સુણો વિદ્યાર્થી તમામ ॥
તમે ભણનારા મુનિજન, વાંચો નિત સત્સંગિજીવન ॥૯॥

છોટા પચ્ચીશ વર્ષથી જેહ, કરે કથા સાયંકાળે તેહ ॥
આત્માનંદ ને અચિંત્યાનંદ, યોગાનંદ ને ભગવદાનંદ ॥૧૦॥

લક્ષ્મણાનંદ બે શિવાનંદ, પ્રસાદાનંદ દહરાનંદ ॥
શૂન્યાતીતાનંદ પ્રજ્ઞાનંદ, નિર્માનાનંદ નિર્મળાનંદ ॥૧૧॥

પ્રતોષાનંદ ગોવિંદાનંદ, વળી વર્ણી વાસુદેવાનંદ ॥
વિદ્યાર્થી ત્રિગુણાતીતાનંદ, ભલા સંત નારાયણાનંદ ॥૧૨॥

ઈત્યાદિક સર્વે ભણનાર, કથા વાંચજો શ્લોક અઢાર ॥
ભૃગુનંદી શાપતણી વાત, મુને સંભળાવજો સાક્ષાત ॥૧૩॥

સુણી રાજી થયા નાના સંત, કહે રીઝવશું ભગવંત ॥
ફળ્યુ તપ વિદ્યા ભણ્યાતણું, જેને ચિંતવતા ઘણું ઘણું ॥૧૪॥

પછી ગવૈયા સરવે મળી, કર્યું ગાવણું એ સમે વળી ॥
પામ્યા અસ્તાચળ સૂર્યદેવ, પ્રગટી મશાલો તતખેવ ॥૧૫॥

આમ થયું સંધ્યા ટાણું જ્યારે, કરી આરતી ને ધૂન્ય ત્યારે ॥
આજ નૌતમ લીલા આદરી, શ્રોતા બન્યા સ્વયમ શ્રીહરિ ॥૧૬॥

વ્યાસગાદીએ બેસાર્યા સંત, નાના ભણનારા ગુણવંત ॥
કપિલેશ્વરાનંદ સુમતિ, જેની શાસ્ત્રમાંહિ શુભગતિ ॥૧૭॥

નિત્યાનંદજી મુનિને પાસ, જેણે કરેલ શાસ્ત્રઅભ્યાસ ॥
વાંચી કથા એણે પ્રેમે અતિ, સુણી રીઝીયા શ્રીપ્રાણપતિ ॥૧૮॥

નિજકંઠથી ઉતારી હાર, મુનિકંઠે આરોપ્યો તે વાર ॥
મુનિએ નિજમસ્તક પર, વળી વક્ષસ્થળને ઉપર ॥૧૯॥

ચાંપ્યા નાથના ચરણકમળ, વળ્યા શાતાના હૃદે વમળ ॥
આવી લ્હાણી પ્રતિદિન થાય, વાંચે નાનેરા સંતો કથાય ॥૨૦॥

જેને આવડે જેવી જ રીતે, સંત વાંચે કથા તેમ પ્રીતે ॥
આપે અલબેલો નિત મોજ, જેની મોટા-મોટા કરે ખોજ ॥૨૧॥

મળ્યે રાજીપો પ્રભુજીતણો, પામે સંત ઉત્સાહ તે ઘણો ॥
જેમ પુષ્પને ખીલવે માળી, તેમ સંતને શ્રીવનમાળી ॥૨૨॥

વિદ્યાર્થી કપિલેશ્વરાનંદ, અચિંત્યાનંદ દહરાનંદ ॥
કરે શ્લોક ઉચ્ચારણ સારું, અન્ય સંત થકી ઘણું ન્યારું ॥૨૩॥

સહું હૃદે રાખે એક તાન, કેમે કરી રીઝે ભગવાન ॥
નથી ઈચ્છતા મોટપ્ય માન, જાણે એ થકી છે નુકશાન ॥૨૪॥

વય સહુતણી ઘણી છોટી, પણ સમજણ બહુ મોટી ॥
તેણે રીઝતા શ્રીઅવિનાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે નાના સંતોએ સત્સંગિજીવનની કથા કરી એ નામે ચુંમોતેરમું પ્રકરણમ્ ॥૭૪॥

પ્રકરણ : ૭૫

પૂર્વછાયો :

સુરા ખાચર ને શાંતિબાને, હૈડે હરખ અપાર ॥
અક્ષરપતિ અલબેલડો, આજ બિરાજે દરબાર ॥૧॥

મંડળીયું મુનિજનતણી, વળી હરિજનનો નહિ પાર ॥
લોયાધામની ધરણીમાં, દિસે અક્ષર સરવાધાર ॥૨॥

કહું એક રૂડી વાતડી, જે સુણી પરંપરા કાન ॥
વળી લખાણી કાગળે, એતો મેળવજ્યો નિદાન ॥૩॥

ચોપાઈ :

જ્યારે પધાર્યા પ્રાણઆધાર, બીજે દન બેઠા'તા સવાર ॥
તિયા આવિયા દંપતી એહ, સુરો ભક્ત ને શાંતિબા જેહ ॥૪॥

લળી લળીને કીધા પ્રણામ, કહે સુણો મહાસુખધામ ॥
લિયો કૂંચી આ કરમાં આપ, ખોલો પટારો તે નિષપાપ ॥૫॥

કહી વિસ્તારી સઘળી વાત, કીધો સંકલ્પ જે રળિયાત ॥
સુણી રાજી થયા જગદીશ, કહે ધન્ય ધન્ય લોયાધીશ ॥૬॥

ધન્ય ધન્ય તમે શાંતિબાઈ, શું કહું તમતણી વડાઈ ॥
તમે નિષ્કામ પ્રેમી છો પૂરા, વળી સમર્પણે ન અધૂરા ॥૭॥

પછી ખોલિયો એહ પટારો, ધન દેખીને ધર્મદુલારો ॥
કહે રૈયે ઈંયા ઝાઝા દન, તૈંયે માંડ વવરાશે ધન ॥૮॥

નૃપ ! માંડીએ ઉત્સવ એવો, વેદ પુરાણે ન જડે તેવો ॥
લાવો ઘૃત ને વૃંતાક ઘણાં, જોજ્યો મસાલે ન રહે મણાં ॥૯॥

સુરા ખાચરે જોડિયા હાથ, કહે કૃપા કરી કૃપાનાથ ॥
મુને સુવર્ણ સેવા શું દીધી, રાખું કસર ન કોઈ વિધિ ॥૧૦॥

પછી નૃપે મંગાવિયો માલ, મણ ઘી આઠ રૂપૈયે તાલ ॥
એમ ઘૃત તે મણ અઢાર, એકાશી મણ વૃંતાક સાર ॥૧૧॥

મસાલો અઢીમણ પ્રમાણ, લાવ્યા રાણપુરેથી સુજાણ ॥
દહીં લોટમાં ન રાખી મણાં, હુવા નાથ રાજી રાજી ઘણાં ॥૧૨॥

નહિ વિસ્તારું કથા યાં લેશ, કરું કેવળ તે શ્રીગણેશ ॥
આગે ઉચ્ચારીશ રૂડી રીતે, સ્નેહે સાંભળજ્યો કહું પ્રીતે ॥૧૩॥

બીજે દિવસ સુંદર શ્યામ, નિત્યકર્મ પરવર્યા તમામ ॥
તેડયા વર્ણી વળી મુનિરાય, માંડી શાકલીલા સુખદાય ॥૧૪॥

કર્યુ ઘૃતમાં શાક રસાળ, નિજહાથે શું દીનદયાળ ॥
કર્યા મુનિએ પાક અનૂપ, થઈ રસોઈ તે સુખરૂપ ॥૧૫॥

પછી બાજોઠે બેઠા જીવન, જમે થાળ રસાળ પાવન ॥
જમતાં જમતાં હરિરાય, શાક વખાણે અતિ ઉચ્છાય ॥૧૬॥

શું કહું સ્વાદતણી સીમાય, સુરત્રિયા ખાવા લલચાય ॥
ત્રિભુવને આને તોલે પાક, ના'વે એવું આ સુંદર શાક ॥૧૭॥

પછી ચળું કરી અવિનાશ, કહે પંક્તિ કરો સહુ દાસ ॥
આવ્યા પીરસવાને દયાળ, બેઠા જમવા મુનિ મરાળ ॥૧૮॥

હરિહાથની પ્રસાદી જોઈ, મુનિ તજે પરા પાક સોઈ ॥
જમે એકલું શાક અપાર, લાવો લાવો કહે વારંવાર ॥૧૯॥

પ્રભુ પીરસે પંગતમાંય, આવ્યા અક્ષરમુક્ત ત્યાં ધાય ॥
ધરી મુનિજનતણાં રૂપ, બેઠા પંગતે શું સુખરૂપ ॥૨૦॥

એને જુવે સમાધિએ જન, બીજાને મન મુનિ પાવન ॥
અતિ હેતે અલબેલ દિયે, મુનિ જોરે જોરે શાક લિયે ॥૨૧॥

નવ થાકે દેતાં જો દયાળ, નવ થાકે જમતાં મરાળ ॥
પછી બેસાડિયા હરિજન, આવ્યા પીરસવાને જીવન ॥૨૨॥

ઘણી ઘણી કરી મનુવાર, નાથ પીરસે શાક અપાર ॥
અતિ તાણ્ય કરી અવિનાશ, હાર પમાડિયા નિજદાસ ॥૨૩॥

એમ આરંભ કીધો ઉત્સવ, આંહિ ઉચ્ચારિયો લેશલવ ॥
કર્યુ શાક નાથે બહુવાર, એતો આગે કહું ધરી પ્યાર ॥૨૪॥

સુરા ખાચર ને શાંતિબાઈ, એના પ્રેમે રહ્યા સુખદાઈ ॥
લોયે ત્રણ્ય માસ અવિનાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે સુરા ખાચરે શાકોત્સવ કરાવ્યો એ નામે પંચોતેરમું પ્રકરણમ્ ॥૭૫॥

પ્રકરણ : ૭૬

પૂર્વછાયો :

લીલા લોયાધામની, સહુ સાંભળજો સુજાણ ॥
પુરુષોત્તમ પરબ્રહ્મના, ચરિત્ર છે સુખખાણ ॥૧॥

ચરિત્રરૂપ જાળા વિષે, ગુંચવી મેલવું મન ॥
કરવું એ કઠણ કાંઈ નથી, એમ કહેતા પ્રાણજીવન ॥૨॥

આ ગ્રંથ વાંચતા સુણતા, મન રહેશે મૂરતિમાંય ॥
ચરિત્રરૂપ જાળા વિષે, ગુંચવાશે જો સમાય ॥૩॥

ચોપાઈ :

નિરબંધ નાથજી સદાય, આજ બંધાયા તે લોયામાંય ॥
સુરાખાચરનો પરિવાર, વળી નાનેરા સંતોનો પ્યાર ॥૪॥

એના અતિ નિર્મળ અંતર, સંગે રાજીપો રળ્યાની ત્વર ॥
દોય ખરા નિર્દોષ મૂરતિ, તેણે બંધાયા શ્રીપ્રાણપતિ ॥૫॥

આપે નિજજનને આનંદ, નિત્ય નવલો શ્રીવૃષચંદ ॥
એક રાત્રિસભામાંહિ શ્યામ, કહે સુણો વિદ્યાર્થી તમામ ॥૬॥

કરો વીસ-વીસના બે ભાગ, તેણે આવે સ્પર્ધાતણો લાગ ॥
એક પક્ષે મુનિ નિત્યાનંદ, બીજે પક્ષે મુનિ બ્રહ્માનંદ ॥૭॥

દોય પક્ષમાં દોય મોટેરા, બોલે બોલાવે શ્લોક ઘણેરા ॥
સુણો શ્લોક બોલ્યાતણી રીત, થઈ સાવધાન ધરી પ્રીત ॥૮॥

બોલે પે'લા પક્ષે શ્લોક જેહ, બીજા પણ બોલે વૃત્ત તેહ ॥
શિખરીણિ જો પ્રથમ હોય, બીજો પક્ષ અનુસરે સોય ॥૯॥

જેહ પક્ષે શ્લોક ખૂટી જાય, એ તો સ્પર્ધા હાર્યા કહેવાય ॥
બીજે દન બીજો પક્ષ જેહ, ઉચ્ચારે પ્રથમ શ્લોક તેહ ॥૧૦॥

પક્ષ પ્રથમ એ અનુસરે, એમ દોય પક્ષ સ્પર્ધા કરે ॥
આ છે સ્પર્ધાતણું બંધારણ, રખે એ ન થાયે વિસ્મરણ ॥૧૧॥

પછી પ્રભુપદે લાગી પાય, દોય પક્ષ જુદા પડ્યા ભાય ॥
દોય મોટેરા સંતને નાથ, પુષ્પહાર દીધા નિજહાથ ॥૧૨॥

થયો આરંભ તે સ્પર્ધાતણો, દોય પક્ષે ઉમંગ છે ઘણો ॥
પે'લો શ્લોક બોલ્યા નિત્યાનંદ, બોલ્યા એ જ વૃત્તે બ્રહ્માનંદ ॥૧૩॥

ખરેખરી જામી હોડ એહ, ન ભૂતો ન ભવિષ્યતિ તેહ ॥
શ્લોક એક જ્યાં પૂરો ન થાય, ત્યાં તો શ્લોક બીજો આરંભાય ॥૧૪॥

જેમ મોરલા ટહુંકા કરે, એમ શ્લોકની ઝડીઓ ઝરે ॥
સુણતાં શ્લોક થયા મગન, પોતે સ્વયમ પ્રાણજીવન ॥૧૫॥

અન્ય સંતની શું કહું વાત, અરે ! નરનારી જે હયાત ॥
સુણી સહું ભૂલ્યા તનભાન, કાં જે શ્લોકે થયા ગુલતાન ॥૧૬॥

નથી અરથ જાણતા કોય, પણ સુણ્યે સુખ પામે તોય ॥
દોય પક્ષ જામ્યા ખરેખરા, હૃદે રાજીપો રળ્યાની ત્વરા ॥૧૭॥

નથી નથી ઈર્ષ્યાતણી આગ, આ તો કેવળ પ્રેમપરાગ ॥
નથી વિજય ઘેલસા લેશ, એક રીઝવવા પરમેશ ॥૧૮॥

કોઈ કેને નમતું ન મૂકે, ક્ષણ બોલ્યા વિના નવ ચૂકે ॥
અંતે નિત્યાનંદજીનો પક્ષ, ઠર્યો વિજયી નાથસમક્ષ ॥૧૯॥

પછી મુકુંદાનંદને શ્યામ, કહે વર્ણી સુણો સુખધામ ॥
ભૂલ્યા વિના દેજ્યો મુજથાળ, જેહ પક્ષે જીત્યા જે મરાળ ॥૨૦॥

ત્યારે વર્ણી કહે સુણો તમે, આવજ્યો બે સંત થાળસમે ॥
રખે ભૂલી જાઉં હું ગમાર, તમે યાદ કરાવો તે વાર ॥૨૧॥

પછી થઈ સભા સમાપતિ, પોઢ્યા પલંગે શ્રીસંતપતિ ॥
બીજે દન નાથે દીધો થાળ, તેણે હર્ષ પામ્યા તે મરાળ ॥૨૨॥

વળી રાતે ધૂમ મચી ઘણી, થઈ જીત બ્રહ્મમુનિતણી ॥
બીજે દન બપોરે દયાળ, પ્રેમે આપ્યો પ્રસાદીનો થાળ ॥૨૩॥

નાના સંતને વાધ્યો ઉમંગ, રોજ રાતે જામે શ્લોક જંગ ॥
રાખી ખટકો દિવસે રટે, રખે શ્લોક અમારા ન ખૂટે ॥૨૪॥

એમ સંત સંગે સુખધામ, માણે મોજું ભૂલીને તમામ ॥
હવે કરે શાક અવિનાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે સંતોએ શ્લોક અંતાક્ષરી કરી એ નામે છોતેરમું પ્રકરણમ્ ॥૭૬॥

પ્રકરણ : ૭૭

પૂર્વછાયો :

દાસને ઉર તાન છે, એક રીઝવવા ભગવાન ॥
દેવા સુખ નિજદાસને, મહાપ્રભુજીને પણ તાન ॥૧॥

પેખી મુખડું પુત્રનું, માતા ભૂલે તનભાન ॥
એમ ભૂલે ભગવાનપણું, જોઈ ભક્તને ભગવાન ॥૨॥

શ્રવણ દઈ સાંભળજો, કહું શાકોત્સવની વાત ॥
લીલા શ્રીમહારાજની, મહાસુખકારી સાક્ષાત ॥૩॥

ચોપાઈ :

એક દિન સંતપતિ શ્યામ, ઢોલિયે બિરાજે સુખધામ ॥
તિંયા ગાડી ફળિયામાં આવી, મોટીબાએ જે હેતે તેડાવી ॥૪॥

ગઢપુરથી આવેલ ત્યાંય, હતા વૃંતાક તે ગાડીમાંય ॥
લક્ષ્મીવાડીએ નિપજાવેલા, અતિ મધુર રસ ભરેલા ॥૫॥

જાણે સંઘાડેથી ઉતરેલા, કોઈ કળાવંતે શું ઘડેલા ! ॥
નવનીતથકી સુકોમળ, શ્યામવરણા અમૃત ફળ ॥૬॥

કાંટાળા ડીંટા મસ્તક પર, જાણે મુકુટ શોભે સુંદર ॥
શાકભાજીએ નૃપ ગણાય, શીતકાળે બહુ વખણાય ॥૭॥

જોઈ વૃંતાકને અલબેલ, થયા પ્રસન્ન છબીલો છેલ ॥
કહે પ્રભુજી મહાદયાળ, મળે ઘૃત તો શાક રસાળ ॥૮॥

અમે કરીએ પ્રસન્ન મને, નક્કી આવતીકાલને દને ॥
વળી સુણો સહું શાણા સંત, મટ્યા પરમહંસ ધીમંત ॥૯॥

એને વર્ષ વીતી ગયા ચાર, ધરી ભાગવતી દીક્ષા સાર ॥
માટે રસોઈ કર્યે રસાળ, કોઈ બાધ ન જાણો મરાળ ॥૧૦॥

સુણી સંતને વાધ્યો આનંદ, બોલ્યા ઉમંગે નિષ્કુળાનંદ ॥
લોયે બિરાજો જયાં લગી નાથ, રાંધુ ખીચડી પ્રેમસંગાથ ॥૧૧॥

વળી એકલો રાંધીશ ભાત, એમ કહ્યું થઈ રળિયાત ॥
સુણી પ્રભુજી રીઝયા અપાર, આપ્યો પ્રસાદીનો પુષ્પહાર ॥૧૨॥

વળી તે સમે નિર્ગુણાનંદ, વૈષ્ણવાનંદાદિ જગવંદ ॥
શ્રદ્ધાળુ વીશ મુનિઓ મળી, કહે પ્રભુજી લિયો સાંભળી ॥૧૩॥

ઘઉંતણી રોટલીયું શ્યામ, અમે કરી દેશું સુખધામ ॥
થઈ નિશ્ચિંત હે કૃપાનાથ, એહ ચિંતા નાખો અમમાથ ॥૧૪॥

ત્યારે નાથ કહે સુણો સંત, જ્યારે આવે વૃંતાક અનંત ॥
વળી પુષ્કળ ઘૃત હોય સાથ, તે'દિ શાક કરુ મુજ હાથ ॥૧૫॥

પીરસું સંતપંગતે પ્રીતે, એવી ટેક રાખું રૂડી રીતે ॥
દહીં ચણાના લોટ સિવાય, શાકે ન આવે સ્વાદ જરાય ॥૧૬॥

ધાણા જીરું હળદર વળી, મરચું ભળે દહીંમાં મળી ॥
તો તો શાક એવું સ્વાદું થાય, જન જમ્યે જમ્યે ન ધરાય ॥૧૭॥

સેવા તકની એ સમે જોઈ, કહે નૃપ સુરો ભક્ત સોઈ ॥
દહીં-મસાલા લાવી આપીશ, જ્યારે શાક કરો જગદીશ ॥૧૮॥

સંઘા પટેલ બોલિયા ત્યારે, ચણાનો લોટ લાવવો મારે ॥
જ્યારે જેટલો માંગશો નાથ, લાવી આપીશ હું મુજહાથ ॥૧૯॥

જીવુબા લાડુબા એહ સમે, કહે ગઢપુરથકી અમે ॥
દેશું મંગાવી ઘૃત-વૃંતાક, જ્યારે અલબેલો કરે શાક ॥૨૦॥

એક-એક બોલ્યા ઉછરંગે, સહું અંતર નાચ્યા ઉમંગે ॥
હોય ખરા રસોયા ઉત્તમ, એમ બોલ્યા શ્રી પુરુષોત્તમ ॥૨૧॥

જ્યારે વૃંતાક પચ્ચીસ મણ, ત્યારે ઘૃત ખપે પાંચ મણ ॥
દશ મણ રોટલીયું થાય, ત્રણ્ય મણ ખીચડી રંધાય ॥૨૨॥

ત્યારે સંત જમે રૂડી રીત્યે, ખૂબ ખાંતે વળી ધરી પ્રીત્યે ॥
વાલા વાલમમુખના વચન, સુણી જન થયા તે મગન ॥૨૩॥

આજ રેલ્યો સુખસમંદર, એમાં આવી ભરતી સુંદર ॥
મોજા ઉછળે આનંદ કેરા, જન હિલોળે ચડ્યા ઘણેરા ॥૨૪॥

હરિજન ને મુનિમંડળી, કરે તૈયારીયું સહું મળી ॥
જોઈ રાજી અતિ અવિનાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે શાકોત્સવના મંડાણ થયા એ નામે સિતોતેરમું પ્રકરણમ્ ॥૭૭॥

પ્રકરણ : ૭૮

પૂર્વછાયો :

પહોર પાછલી રજનીએ, શોભાનિધિ શ્રીશ્યામ ॥
નાયા ઉષ્ણ જળે કરી, નિત્યવિધિ કીધી સુખધામ ॥૧॥

ઓસરીયે આવી હરિ, બિરાજ્યા બાજોઠ ઉપરે ॥
રવિ શશી જેના રોમમાં, એને દીવડો પ્રકાશ પાથરે ॥૨॥

એ સમે મુનિમંડળી મળી, આવી પ્રભુજી પાસળે ॥
ઉમંગભર્યા તે દાસને, દીધા દર્શન શ્યામળે ॥૩॥

ચોપાઈ :

પછી ઓસરી આગળ્ય પ્રીત્યે, ચૂલ્ય ગળાવી શું રુડી રીત્યે ॥
ત્રાંબા ચરુ પાંચ રહે જેમ, ઉત્તર-દક્ષિણ લંબાવી તેમ ॥૪॥

જે ભુવને વસ્યા હરિરાય, એના દ્વારથી દક્ષિણમાંય ॥
ઓસરીયે વૃંતાક રાખેલ, તિંયા આવી બેઠા અલબેલ ॥૫॥

કાંટા વૃંતાક ડીંટમાં જેહ, પ્રભુજીએ સુધરાવ્યા તેહ ॥
મોટે કડાયે ભરીને નીર, ધોવરાવ્યા વૃંતાક અચિર ॥૬॥

પછી ડીંટ ભેળુ રહે જેમ, ચાર ચીરિયા કરાવ્યા તેમ ॥
ચૂલ્ય નિકટે શ્યામ સિધાવ્યા, ત્રાંબા ચરુ તે પાંચ મંજાવ્યા ॥૭॥

મેલ્યા ચરુ તે ચૂલ્ય ઉપર, હેઠે છાણાનો તાપ સુંદર ॥
એ સમે ધર્મપત્ની વિખ્યાતા, શ્રીહરિતણી દ્વાદશ માતા ॥૮॥

આવી દિવ્ય સ્વરૂપે તે સોઈ, મોદ પામી પુત્રમુખ જોઈ ॥
હરિસંગે હેત છે અપાર, આપે વસ્તુ જોઈએ જે વાર ॥૯॥

કોઈ દે ઘૃત સુગંધિમાન, વળી કોઈ મસાલા નિદાન ॥
દેખે સમાધિવાળા તે જન, બીજા જાણે આપે મુનિજન ॥૧૦॥

મણ એક-એક ઘૃત લઈ, મેલ્યુ પ્રત્યેક ચરુમાં સઈ ॥
નાખી મસાલા કીધો વઘાર, એનો સુગંધ છૂટયો અપાર ॥૧૧॥

છવાયો કોટિ બ્રહ્માંડમાંય, આવ્યા મુક્ત મળી સહું ત્યાંય ॥
દીઠા નાથને રસોયારૂપ, કીધા દર્શન તે સુખરૂપ ॥૧૨॥

વામ ખભે ખેસ અનુપમ, કટિતટે બાંધ્યો તે ઉત્તમ ॥
શ્વેત ધોતિયું રૂડું ધરેલ, ઉઘાડે શીશ છે અલબેલ ॥૧૩॥

શ્યામ સુંદર તન ઉપર, શોભે શ્વેદ બિંદુઓ સુંદર ॥
ચૂલ્યતાપે તે ચમકે વળી, જાણે મેઘે ઝબૂકે વીજળી ॥૧૪॥

લુવે હળદીવાળા નિજહાથ, ધોતિયે વળી અંગસંગાથ ॥
હુવા પીળા અંગ ને અંબર, શું વખાણું એ શોભા સુંદર ॥૧૫॥

દીઠા એવે રૂપે સુખકંદ, ત્યારે હસી બોલ્યા બ્રહ્માનંદ ॥
ગયા હશો કુબ્જાતણે ઘેર, તે'દિ નો'તી શોભા આવી પેર ॥૧૬॥

પીઠી ચોળવી ભૂલ્યા'તા નાથ, એ તો આજ લાગી અંગમાથ ॥
સુણી માવ હસ્યા મંદ મંદ, નૃપ પ્રત્યે કહે સુખકંદ ॥૧૭॥

લાવો લીમડો મીઠો આ વાર, સ્વાદ જામે તો શાક મોઝાર ॥
ત્યારે બોલિયા સુરા ખાચર, નાથ ! ઉઠાવો ઊંચી નજર ॥૧૮॥

મીઠો લીંબવૃક્ષ નથી ક્યાંય, જોયે તો લિયો આ ગ્રહી બાંય ॥
સુણી નાથે તેના લીધા પાન, નાખ્યા વૃંતાકશાકે નિદાન ॥૧૯॥

દિવ્ય સ્પર્શ શાખા જેહ પામી, પામી માધુર્ય કટુતા વામી ॥
કરી વઘારને હરિરાય, મેલ્યા વૃંતાક તે ચરુમાંય ॥૨૦॥

ચરુમુખે કુંડાઓ નવીન, મંજાવીને મુકાવ્યા પ્રવીણ ॥
જાર્ય સાંઠાઓ પાન વિનાના, સુધરાવી બાંધ્યા ત્રણ નાના ॥૨૧॥

એહ કડબે હલાવે શાક, કહે આ સમો ન કોઈ પાક ॥
જ્યારે વૃંતાક પાક્યા સુરીતે, વર્ણીદ્વારે તપાસ્યુ સુપ્રીતે ॥૨૨॥

પછી મેળવિયા દધિમાંઈ, ચણાલોટ ને મસાલા ભાઈ ॥
નાખી શાકમાં પકવ્યું નાથે, વળી ઘૃત રેડ્યું પ્રેમસાથે ॥૨૩॥

એનો સુગંધ વછૂટ્યો જ્યારે, અલબેલો પામ્યા મોદ ભારે ॥
પછી ચૂલ્યેથી ચરુ ઉતાર્યા, નિજભુવને નાથજી આવ્યા ॥૨૪॥

કર્યો વર્ણીએ સુંદર થાળ, પધાર્યા જમવા તે દયાળ ॥
બેઠા બાજોઠે શ્રી અવિનાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે શ્રીહરિએ વૃંતાકનું શાક બનાવ્યું એ નામે અઠ્યોતેરમું પ્રકરણમ્ ॥૭૮॥

પ્રકરણ : ૭૯

પૂર્વછાયો :

મહાપ્રેમી સુરો ભક્ત છે, મહાપ્રેમી શાંતિબાઈ ॥
મહાપ્રેમી લોયાધામવાસી, જ્યાં પ્રભુજી રહ્યા બંધાઈ ॥૧॥

અતિ હેતાળા ભણનારા, જીંયા વસે નાનેરા સંત ॥
એને દેખી વાલમને, ઉપજ્યું વહાલ અત્યંત ॥૨॥

સહુને સુખડા આપવા, લટકાળે લીધા વૃંતાક ॥
લોટ મસાલા દહીં નાખી, કર્યું અમૃતમધુર શાક ॥૩॥

ચોપાઈ :

કર્યો વર્ણીએ થાળ રસાળ, તેડ્યા જમવા દીનદયાળ ॥
ઉષ્ણ જળે કર્યું હરિ સ્નાન, પહેર્યું પીતાંબર ભગવાન ॥૪॥

ઓઢી ઉપરણી મે'રબાન, રાખી કાન ઉઘાડા નિદાન ॥
બેઠા બાજોઠે શ્રીકૃપાનાથ ! અલબેલોજી ઉમંગસાથ ॥૫॥

મુકુંદાનંદ વર્ણીએ થાળ, અતિ હેતે પીરસ્યો રસાળ ॥
પણ પ્રભુજીને બીજા પાક, કેમ ભાવે તજી નિજશાક ॥૬॥

કહે વર્ણીને સાન કરીને, આવો શાક જુદા-જુદા લઈને ॥
વર્ણી આવ્યા પાંચે ચરુ પાસ, લીધા શાક ધરીને હુલ્લાસ ॥૭॥

પીરસ્યા પ્રભુજીતણે થાળ, અતિ પ્રસન્ન થયા દયાળ ॥
જમતાં-જમતાં સ્મિત હસે, એ છબી દાસને દિલ વસે ॥૮॥

પાસે બેઠેલ મોટેરા સંત, મુક્તાનંદ મુનિ ગુણવંત ॥
બ્રહ્માનંદ વળી નિત્યાનંદ, રામગલોલા આનંદાનંદ ॥૯॥

એહ આગે શ્રીપ્રાણજીવન, વારેવારે વખાણે વ્યંજન ॥
કહે જમશે જે જન શાક, એને લૂખા લાગે બીજા પાક ॥૧૦॥

સર્વે સ્વાદ રહ્યા શાકમાંય, કોઈ જમ્યે જમ્યે ન ધરાય ॥
વાલો શાક વખાણે છે અતિ, નાના ગ્રાસ લિયે પ્રાણપતિ ॥૧૧॥

જમતાં જમતાં પીવે જળ, થોડું થોડું નાથ નિરમળ ॥
વળી ઉદરે ફેરવે હાથ, એમ ચતુરાઈયે જમ્યા નાથ ॥૧૨॥

ચળું કરી લીધો મુખવાસ, કહે મોટેરાને અવિનાશ ॥
તમે આંહિ જમો બુદ્ધિમંત, કહો શાક કેવું ગુણવંત ॥૧૩॥

બેઠા ચારેય મુનિઓ મળી, પીરસ્યું પ્રભુએ પોતે વળી ॥
જમે મુનિઓ અતિ ઉમંગે, અલબેલે પૂછ્યું શાકઅંગે ॥૧૪॥

જો જો તમને જેવું જણાય, તેવું શાક કહેજયો મુનિરાય ॥
ત્યારે મુક્તમુનિ કહે શ્યામ ! બ્રહ્માંડે જેહ સ્વાદ તમામ ॥૧૫॥

એહ આ શાક આગળે સહું, લજ્જા પામ્યા ખરેખરી બહું ॥
સુણી હરખ્યા અતિશે હરિ, પૂછ્યું નિજસખા સામું ફરી ॥૧૬॥

ત્યારે બોલ્યા કવિ બ્રહ્માનંદ, સાંભળો પ્રભુજી સુખકંદ ॥
જમતાં જમતાં ન ધરાય, એવો સ્વાદ રહ્યો શાકમાંય ॥૧૭॥

અલબેલો અતિ હુલસાય, પછી બોલિયા પંડિતરાય ॥
સાચેસાચી ગાઉં પ્રભુ ગાથ, આપે શાક કેવું કર્યું નાથ ? ॥૧૮॥

આજ અમૃતનો મહિમાય, શાક આગે ઘટયો હરિરાય ॥
પામી દુર્લભ મનુષ્યદેહ, જેણે નથી ચાખ્યુ શાક એહ ॥૧૯॥

એણે વૃથા ખોયું નરતન, એમ જાણું હૃદે હું જીવન ॥
પછી આનંદાનંદજી સ્વામી, બોલ્યા અહોભાવે કરભામી ॥૨૦॥

આપ જે જે કરો મહારાજ, થાય સર્વોપરી સહું આજ ॥
એવું સામર્થ્ય છે તમમાંય, મોટા આશ્ચર્ય તે સરજાય ॥૨૧॥

મહાઆનંદમય મૂરતિ, સુણી વખાણ સરાયે અતિ ॥
જોઈ નાથનો ઉમંગ ભારી, હરખે અતિશે નરનારી ॥૨૨॥

પછી વાલાને વાલા અત્યંત, નાનેરા મોટેરા સહુ સંત ॥
વર્ણી પાળા વળી હરિજન, એને જમાડવાને જીવન ॥૨૩॥

કહે કરો કરો ઉતાવળ, વેગે વેગે વહી જાય પળ ॥
આજ અમને ઉમંગ ભારી, શાક જમાડીશું સુખકારી ॥૨૪॥

તમે પંગત્યે બેસો મરાળ, તો હું પીરસું શાક રસાળ ॥
એમ તાણ્ય કરે અવિનાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે મોટા સંતોએ શાક વખાણ્યું એ નામે ઓગણએંસીમું પ્રકરણમ્ ॥૭૯॥

પ્રકરણ : ૮૦

પૂર્વછાયો :

શુભમતિ સહુ સાંભળો, હવે કહું પંગત્યની વાત ॥
સાંભળતા સુખ પામશો, હરિસંતલીલા સાક્ષાત ॥૧॥

હરિનિવાસની પાછળે, હતા સંઘા પટેલના ઘર ॥
ઘરને આંગણ ચોકમાં, બે લીંબતરુ સુંદર ॥૨॥

તિંયા મુનિની મંડળી, બેઠી ઉમંગે પંગતમાઈ ॥
પૂરવ પશ્ચિમ દિશમાં, બહુ વિસ્તરી ચોકમાંઈ ॥૩॥

ચોપાઈ :

ભર્યા તુંબડે અમળ જળ, બેઠા પંગત્યે મુનિ નિર્મળ ॥
લાગ્યા રટવા ધૂન્ય અનૂપ, સ્વામિનારાયણ સુખરૂપ ॥૪॥

એહ નામના નામી જે સ્વામી, પ્રગટ બિરાજે અંતરજામી ॥
એ તો પોતે પીરસવા આવ્યા, સહુ મુનિતણે મન ભાવ્યા ॥૫॥

નાથને ઉર ઉમંગ ભારી, શાક પીરસે આશ્ચર્યકારી ॥
થાય અમૃતરસનો ભ્રમ, એવું શાક જણાય ઉત્તમ ॥૬॥

દિયે ડંકા ભરી ભરી નાથ, લિયે સંત તે ઉમંગસાથ ॥
ફરી રહ્યા પંગતમાં જ્યારે, કહ્યું પીરસનારાને ત્યારે ॥૭॥

કર્યા ઘઉંના રોટલા જેહ, સાતપડા છે સુંદર તેહ ॥
કરો એકેકના ભાગ દોય, આપો અર્ધ અર્ધ ભાગ સોય ॥૮॥

વળી કે'વુ જો ખપે વધારે, ફરી આવીએ લેજ્યો તે વારે ॥
અવિનાશીએ સૂચવ્યું જેમ, સહું સંતને પીરસ્યું તેમ ॥૯॥

પછી થયા વાસુદેવ હરે, સંત જમવા લાગ્યા સુપેરે ॥
જમતાં જમતાં એમ બોલે, નાવે બીજા પાક શાકતોલે ॥૧૦॥

અર્ધો રોટલો બહું થયો ભાય, શાક તજી રોટલો કોણ ખાય ॥
થયા પાત્ર ખાલી પળવારે, નાથ આવ્યા પીરસવા ત્યારે ॥૧૧॥

લિયો શાક લિયો શાક સહું, કહે અલબેલો બહુ બહુ ॥
આપે જેટલું શાક જીવન, લિયે મુનિઓ થઈ મગન ॥૧૨॥

કોઈ લિયે ન રોટલો જરી, કહે શાક લાવો ફરી ફરી ॥
પીરસે પ્રભુજી ચતુરાયે, જમે મુનિઓ આજ સમાયે ॥૧૩॥

એવે સમે અક્ષરના મુક્ત, આવ્યા દર્શને તે પ્રેમજુક્ત ॥
લલચાયા પ્રસાદે તે વળી, બેઠા પંગત્યમાં સહું મળી ॥૧૪॥

દિવ્ય મૂરતિ મંડળી સોઈ, હરિ હસ્યા એના સામું જોઈ ॥
એને પીરસ્યુ પ્રાણજીવને, જોયું સમાધિવાળા તે જને ॥૧૫॥

જમે મુનિઓ એકલું શાક, જેની આગે લૂખા પરા પાક ॥
કહે પ્રભુજી રોટલો કોઈ, લિયો અરધો તો અરધો સોઈ ॥૧૬॥

ત્યારે મુનિ બોલ્યા ઉછરંગે, દિયો કેવળ શાક ઉમંગે ॥
લાગે શાક અમૃતમધુર, માટે એ જ લેવું ભરપૂર ॥૧૭॥

આપ રસમય મૂરતિ હરિ, કીધું શાક રસ ભરી ભરી ॥
એહ ચાખી બીજું કેમ ભાવે ? બીજું ખાય તે મૂરખ કા'વે ॥૧૮॥

જોયો મુનિને જમ્યાનો ભાવ, પછી બોલ્યા મનોહર માવ ॥
તમે જીત્યા આજ હાર્યા અમે, શાક ખૂટી રહ્યું આણે સમે ॥૧૯॥

નો'તું જાણ્યું કે જમશો આમ, તૂટી પડ્યા તમે તો તમામ ॥
ભલે જોરે જોરે જમો તમે, તોયે નિશ્ચે હરાવીશું અમે ॥૨૦॥

જ્યારે રસોઈ દે હરિજન, અમે કરીએ શાક તે દન ॥
પીરસું વળી પંગતમાંય, જોરે જમજો સૌ મુનિરાય ॥૨૧॥

જાણી લીલા હરિજને એહ, દેવા માંડ્યા રસોઈયું તેહ ॥
લાવે વૃંતાક ને ઘૃત ઘણા, લોટ દહીં મસાલે ન મણાં ॥૨૨॥

કરે ઘણે હેતે હરિ શાક, જમે જન તજી બીજા પાક ॥
ધામ-ધામના ધામી ને મુક્ત, લિયે પ્રસાદી તે પ્રેમજુક્ત ॥૨૩॥

એમ વીતે સુખમય દન, થાય ધન્ય ધન્ય સહુ જન ॥
આજ મંડાણી અષાઢી હેલી, ચાલ્યા આનંદના પૂર રેલી ॥૨૪॥

જીવ તણાણા જે પૂરમાંય, તે તો અક્ષરે પહોંચ્યા ભાય ॥
ટળ્યો આવાગમનનો ત્રાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે શ્રીહરિની શાક પીરસણ લીલા કહી એ નામે એંશીમું પ્રકરણમ્ ॥૮૦॥

પ્રકરણ : ૮૧

પૂર્વછાયો :

વળી કહું એક વારતા, લોયાધામની ધરણીતણી ॥
પ્રથમ જ્યાં પ્રગટાવિયો, સંપ્રદાયનો તિલકમણિ ॥૧॥

રામાનંદજીએ સ્થાપિયો, આ ઉદ્ધવીય સંપ્રદાય ॥
સુંદર શું શણગારિયો, નિજપ્રતાપે હરિરાય ॥૨॥

તેણે કરી શોભા વધી, નરનારી ને મુનિવૃંદની ॥
ગાઉં ગાથા ઈતિહાસની, સ્વામી શ્રી સહજાનંદની ॥૩॥

ચોપાઈ :

એક સંધ્યા સભામાંહિ શ્યામ, જુવે જનના ભાલ તમામ ॥
પછી મુનિને પૂછીયું એમ, ઉદ્ધવીય ઓળખાય કેમ ? ॥૪॥

ત્યારે મહામુનિ મુક્તાનંદ, કહે સાંભળો હે સુખકંદ ! ॥
જગે જેટલા જે સંપ્રદાય, એ તો તિલકથી ઓળખાય ॥૫॥

વણતિલકે પડે પિછાણ, એમ નથી જણાતું સુજાણ ॥
મુને જેવું જણાયું જે ઉર, તેવું કહ્યું મેં નિશ્ચે જરૂર ॥૬॥

હવે બોલો બીજા મુનિરાય, હોય આપનો જે અભિપ્રાય ॥
સહુ સંત કહે સુણો હરિ, મુક્તમુનિ કહે વાત ખરી ॥૭॥

એ તો તિલકથી ઓળખાય, કોણ કોના આશ્રિત કે'વાય ॥
ત્યારે બોલિયા શ્રીભગવાન, હોય રંક કે રાય નિદાન ॥૮॥

દીઠે સહુને ઉપજે પ્રેમ, એવું કરાય તિલક કેમ ॥
પછી સાન કરી સુખકંદ, તેડયા સમીપે આધારાનંદ ॥૯॥

કપિલેશ્વરાનંદને વળી, એહ સંત આવ્યા બેઉ મળી ॥
એને નાથ કહે સુખધામ, જાઓ ઈચ્છારામને મુકામ ॥૧૦॥

ગોપીચંદને તિલક કરો, મધ્યે કુંકુમ ચંદ્રક ધરો ॥
નાસા મૂળે શિંગોડા સમાન, કરો કપિલમુનિ નિદાન ॥૧૧॥

તમે કરોને આધારાનંદ, નાસા મૂળે જેમ બીજચંદ ॥
ઊર્ધ્વપુંડ્ર તિલકને ધરી, દોય મુનિ આવો આંહિ ફરી ॥૧૨॥

નાથવચન ચડાવી શીશ, ગયા મુકામે દોય મુનીશ ॥
કરી આવ્યા તિલક સુંદર, ખરેખરા શોભે મુનિવર ॥૧૩॥

જોઈ પ્રભુજીએ નિજકર, મેલ્યા દોયના મસ્તક પર ॥
પછી સંતસભા જુએ જેમ, ઊભા રાખ્યા હરિવરે તેમ ॥૧૪॥

વળી પૂછ્યું એમ સભામાંય, કોણ સોહામણું દોયમાંય ॥
જોઈ બોલિયા મુનિપ્રવર, મુક્તાનંદ મુનિ સુખકર ॥૧૫॥

શોભે આધારાનંદને ભાલ, એવું ક્યાંય નથી વૃષલાલ ॥
એ તો નૃપ છે તિલકમાંય, અતિ અનુપમ હરિરાય ॥૧૬॥

સુણી રીઝીયા સારંગપાણિ, પછી બોલ્યા સુખકર વાણી ॥
સુખે તિલક કરે જન સહું, એવા બીબાં બનાવોને બહું ॥૧૭॥

ત્યારે નારાયણજી સુતારે, માંગ્યું શીશમ કાષ્ટ તે વારે ॥
લોયાધામના જે હરિજન, સંઘો પૂજો કમો ને રતન ॥૧૮॥

એ આદિકે કાષ્ટ લાવી દીધું, બીબા ઘડવાનું શરુ કીધું ॥
ખસ અળવ બોટાદ ગામ, એના સુતાર ભક્ત તમામ ॥૧૯॥

મંડ્યા નારાયણજીને સંગે, નિત સો બીબા ઘડે ઉમંગે ॥
નિષ્કુળાનંદ આધારાનંદ, દોય રહે તિંયા મુનિઈન્દ ॥૨૦॥

પાંચ દિને થયા તે તૈયાર, જોઈ હરખ્યા પ્રાણઆધાર ॥
પછી સંતમંડળમાં એક, મોટેરાને દીધું તે વિશેક ॥૨૧॥

હરિજનને ગામદીઠ એક, દીધું મુખ્યને કરી વિવેક ॥
કીધી વળતી આગન્યા એમ, કરો તિલક રાખીને નેમ ॥૨૨॥

ધામે રહ્યા જે મૂર્તિ ને મુક્ત, તેય દિસે આવા ચિહ્નજુક્ત ॥
એહ પંક્તિએ ભળવા સારું, ધારો બ્રહ્મતિલક અમારું ॥૨૩॥

એમ સંપ્રદાયમાં સુજાણ, કર્યા તિલકતણાં મંડાણ ॥
સહુ સહુતણે ભાલ આજ, શોભે ચંદ્ર ને તિલકરાજ ॥૨૪॥

એ તો સૌભાગ્ય છે લોયાતણું, કહું માહાત્મ્ય શું ઘણું ઘણું ॥
હવે સુણો બીજો ઈતિહાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે શ્રીહરિએ તિલક પરંપરા સ્થાપિત કરી એ નામે એકાશીમું પ્રકરણમ્ ॥૮૧॥

પ્રકરણ : ૮૨

પૂર્વછાયો :

શુભમતિ સહુ સાંભળો, હરિ કરે ચરિત્ર અનુપ ॥
દ્રઢ મતિવાળા જનને, થાય દર્શન તે સુખરૂપ ॥૧॥

સંતકૃપાથી પામિયા, જે વજ્રસાર નિશ્ચય ॥
માનુષી લીલા દેખીને, તેને ન ઉપજે વિસ્મય ॥૨॥

પણ નથી જેણે સેવિયા, મોટા સંત કે હરિજન ॥
સંકટ છે મોક્ષમારગે, એને નક્કી કોઈક દન ॥૩॥

ચોપાઈ :

વાત વિચારી રાખજયો ઉર, કામ આવશે આગે જરૂર ॥
હવે ઉચ્ચરું હરિચરિત્ર, થાશો સુણતાં અતિ પવિત્ર ॥૪॥

કરી શાકોત્સવ શરૂઆત, જને જાણી જેમ જેમ વાત ॥
તેમ તેમ કરવા દર્શન, આવ્યા હજારોહજાર જન ॥૫॥

ગામોગામ તણાં સંઘ મળી, જોવા શાકલીલા આવે વળી ॥
એમાં સત્સંગી સંગે બીજાય, આવે જન ઈયા લોયામાંય ॥૬॥

જન ઉમંગે આપે રસોઈ, નાથ શાક કરે ભાવ જોઈ ॥
મણ પચ્ચીસે કીધા મંડાણ, વધતાં વધતાં તે સુજાણ ॥૭॥

આજ સાઠ્ય મણનો વઘાર, બાર મણ ઘૃતે કિરતાર ॥
કરે તેજાના નાખી આ વાર, એનો સુગંધ છૂટ્યો અપાર ॥૮॥

પછી હળદીવાળા તે હાથ, નિજધોતીયે લુછીયા નાથ ॥
ખેસ આડસોડે શું નાખેલ, કેવા દિસે નાથ અલબેલ ? ॥૯॥

શોભે શ્વેદબિંદુમય તન, જોઈ જનના લોભે લોચન ॥
જળ નાસાએ ટપકે અતિ, તેને હાથે લુછે પ્રાણપતિ ॥૧૦॥

લઈ કડબ પુળાને હાથ, શાક હલાવે શ્રીકૃપાનાથ ॥
નાખે મસાલા સુગંધિમાન, પછી હરખે શ્રીભગવાન ॥૧૧॥

એવે સમે તે સંઘ આવિયો, ઘણી ભેટ સોગાદ લાવિયો ॥
જન કાનમના રહેનાર, સતસંગી તે પ્રેમી અપાર ॥૧૨॥

કરી ભાવ ભરી દરશન, કરે દંડવત સહુ જન ॥
એમાં એક હતો કાનદાસ, જેહ વસે બુવા ગામે વાસ ॥૧૩॥

તેણે જોઈ લીલા પ્રભુતણી, તિંયા મતિ ઘુંચવાણી ઘણી ॥
અતિ અસોયો બફોયો બહુ, કહે કોને નમો જન સહુ ॥૧૪॥

ત્યારે બોલિયા સત્સંગી એહ, સામે ઉભા મહાપ્રભુ તેહ ॥
સુણી કાનદાસ અલ્પમતિ, કહે નોય આ તો રમાપતિ ॥૧૫॥

દિસે રસોયો નર નિદાન, કેમ માનું આને ભગવાન ? ॥
એમ કહીને પાછો વળિયો, તિંયા નાથનજરે ચઢિયો ॥૧૬॥

જાણી અંતરજામીએ વાત, દયા આણી બોલ્યા જગતાત ॥
કહો મુક્તાનંદ મુનિરાય, એહ કેવો સજ્જન ગણાય ? ॥૧૭॥

ગંગાકાંઠેથી તરસ્યો જાય, મહાચતુર કે મૂર્ખરાય ! ॥
ત્યારે મહામુનિ જોડી હાથ, કહે મુરખ કહીએ નાથ ॥૧૮॥

સુણી કાનદાસતણે કાન, જાણે તેલ રેડાયું નિદાન ॥
જોયું પાછું વળીને લગાર, તિંયા નેણ થઈ ગયા ચાર ॥૧૯॥

લાધ્યું દર્શન સુખદ અતિ, દીઠા દિવ્યરૂપે પ્રાણપતિ ॥
ધર્યા પીત રેશમી અંબર, માથે મોરમુકુટ સુંદર ॥૨૦॥

બેઠા કનક બાજોઠે નાથ, જમે થાળ શું પ્રેમસંગાથ ॥
સ્વયં ઈન્દિરા પીરસે થાળ, છત્રીસ ભાત્યે ભોજન રસાળ ॥૨૧॥

એવું પામી દિવ્ય દરશન, કાનદાસે જાણ્યા ભગવન ॥
કરી દંડવત લાગ્યો પાય, કહે માફ કરજ્યો હરિરાય ॥૨૨॥

જાંયા નમાવવું જોયે શીશ, તિયા ગુના કર્યા જગદીશ ॥
હું તો અલ્પમતિ છું ગમાર, તમે પરબ્રહ્મ નિરધાર ॥૨૩॥

ક્યાંથી જણાઓ મુજને તમે, બોલ્યા અવિનાશી એહ સમે ॥
મુક્તમુનિની સુણજયો વાત, તેથી ભાંગશે મનની ભ્રાંત ॥૨૪॥

પછી સેવ્યા મહામુનિરાય, કર્યો નિશ્ચય પર્વતપ્રાય ॥
થયો કૃતારથ કાનદાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે કાનદાસને દિવ્યરૂપે દર્શન દીધા એ નામે બ્યાસીમું પ્રકરણમ્ ॥૮૨॥

પ્રકરણ : ૮૩

પૂર્વછાયો :

લોયાધામની ધરણીએ, શાકલીલા કરે અલબેલ ॥
અનેક જીવ ઉદ્ધારવા, ઉર તાન રાખે રંગરેલ ॥૧॥

શાક બનાવે નિજહાથે, વળી પીરસે કરી મનુવાર ॥
કરને લટકે નેણને મટકે, ચિત્ત ચોરે કિરતાર ॥૨॥

હેત દિયે હૈયાતણું, તેણે જન રાજી રળિયાત ॥
નિહાલ થાય નિરખતાં, એવી અનુપ સુણજો વાત ॥૩॥

ચોપાઈ :

લોયામાંહિ વસે એક જન, નામ ભગુ પટેલ પાવન ॥
તેણે નયણે નીરખ્યા શ્યામ, પંગતે પીરસે સુખધામ ॥૪॥

બહુ જમાડી જગદાધાર, હેતે પમાડે જનને હાર ॥
ના ના કરતાં સંતાડે ઠામ, એને ત્રાડ નંખાવે શ્રીશ્યામ ॥૫॥

કરે લટકાં વારમવાર, નાથમૂરતિ સુખભંડાર ॥
એહ મૂર્તિએ ચોંટિયું ચિત્ત, અહોનિશ સાંભરે અમિત ॥૬॥

શાકોત્સવ કરી કૃપાનાથ, પંચાળે પધાર્યા મુનિસાથ ॥
પણ હૈયું ભગુભાઈતણું, હેરાયું હરિ કેડ્યે તે ઘણું ॥૭॥

સૂતાં બેસતાં સરવે કાળ, પળ વિસરે નહિ દયાળ ॥
વસી મૂરતિ નેણુંની આગે, મંદ મંદ હસે અનુરાગે ॥૮॥

પામી દિવ્યસુખતણી લા'ણી, થયો સંસાર તે ધૂડ્યધાણી ॥
નવ ગમે રે'વું ગૃહમાંય, ભજે ખેતરે સ્વામી સદાય ॥૯॥

એક દિન વૃક્ષતણી છાંય, નેત્ર મીંચી બેઠા ધ્યાનમાંય ॥
ત્યારે રીઝ્યા રાજીવલોચન, પ્રેમે પ્રત્યક્ષ દીધા દર્શન ॥૧૦॥

કરજોડી પટેલે પ્રણામ, કરી વિનંતિ હે સુખધામ ! ॥
નાથ ! જનમ સુધારો મારો, આપો અખંડ યોગ તમારો ॥૧૧॥

હસી બોલ્યા મનોહર માવ, મુજ પાછળ પાછળ આવ ॥
પછી મૂરતિ ગગનમાંય, દસ વેંત ઊંચે ચાલી જાય ॥૧૨॥

ચાલે મૂરતિ પાછળ દાસ, આવ્યા પંચાળે પૂરવા આશ ॥
હતી ફાગણી પૂનમ તેહ, ચાલ્યા લોયેથી સવારે એહ ॥૧૩॥

ત્રણ્ય પોર વીતી ઘડી દોય, આવી પંચાળે મૂરતિ સોય ॥
તિંયા પ્રત્યક્ષ સ્વરૂપમાંય, દિવ્યમૂરતિ ગઈ સમાય ॥૧૪॥

જોયું દાસે ને પામ્યો વિસ્મય, થયો પર્વતપ્રાય નિશ્ચય ॥
પછી તજી કુળ પરિવાર, રહ્યા સેવામાંહિ નિરધાર ॥૧૫॥

આવ્યા નાથસાથ ગઢપુર, રહે અખંડ આગે હજૂર ॥
એક દિન કીધી અરદાસ, મુને દીક્ષા આપો અવિનાશ ॥૧૬॥

નાથે નિહાળ્યો શુદ્ધ વૈરાગ, વળી સેવામાંહિ અનુરાગ ॥
અલૌકિક પ્રભા એની જોઈ, આપી દીક્ષા ભાગવતી સોઈ ॥૧૭॥

યથાગુણ દીધું તથાનામ, પ્રભુતાનંદજી ગુણધામ ॥
થયા સેવાથકી તે સમર્થ, સાર્યા અનેક જીવના અર્થ ॥૧૮॥

વિચરે હરિ ને સંત જ્યાંય, કચ્છ સોરઠ ગુજરાતમાંય ॥
સંગે જાય તિંયા રૂડી રીત, સજે સેવા ધરી ઘણી પ્રીત ॥૧૯॥

સહું ચાલે તજીને ઉતારો, કરે તિંયા તપાસ તે સારો ॥
રહી સહી વસ્તુ લઈ ચાલે, અતિ ઉતાવળા થઈ આલે ॥૨૦॥

રાખે સહુતણી રખવાળ, રાજી કરવા મુનિ મરાળ ॥
તેણે પ્રેમે કહે જન સહું, કોટવાળ સ્વામી હેતે બહુ ॥૨૧॥

પછી સેવ્યા સદગુરુ સંત, સ્વયંપ્રકાશાનંદ મહંત ॥
ભણી ગણીને થયા પુરાણી, એની સહુએ વાણી વખાણી ॥૨૨॥

પ્રભુ પધાર્યા સ્વધામ જ્યારે, વસ્યા સદગુરુ વરતાલ ત્યારે ॥
આવ્યા સંગે ત્યાં પ્રભુતાનંદ, સેવે હરિકૃષ્ણ સુખકંદ ॥૨૩॥

વિચરે ગામોગામ શું એહ, કરે વાતો પ્રભુજીની તેહ ॥
ગાય પ્રગટના ગુણગાન, તેણે સત્સંગ જામે નિદાન ॥૨૪॥

એક સેવા બીજું હરિનામ, એમાં જાણી સાધન તમામ ॥
સ્વામી રીઝવે શ્રીઅવિનાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે લોયાના ભગુ પટેલ પ્રભુતાનંદ થયા એ નામે ત્યાસીમું પ્રકરણમ્ ॥૮૩॥

પ્રકરણ : ૮૪

પૂર્વછાયો :

નિવાસી શ્રીલોયાધામના, ભગુભાઈ ભેટ્યા સુખકંદ ॥
વેષ લીધો વૈરાગ્યનો, થયા સ્વામી પ્રભુતાનંદ ॥૧॥

ભલા પુરાણી સ્વામીજી, વિચરે તે વરતાલ દેશ ॥
મોક્ષભાગી સહુ જનને, દિયે ઉત્તમ ઉપદેશ ॥૨॥

મહા સમરથ મૂરતિ, હરે હરિજનના દુઃખ ॥
તેણે થાય જન જક્તના, પ્રેમે હરિ સનમુખ ॥૩॥

ચોપાઈ :

હવે સુણજયો વાત અનુપ, મુમુક્ષુ જનને સુખરૂપ ॥
સ્વામી વિચરે કાનમમાંય, જ્યાં સારો ભક્તસમુદાય ॥૪॥

અતિ પ્રેમી ભલાભોળા એહ, ગોપીતુલ્ય કહું એનો નેહ ॥
બીજું કાંઈ ઝાઝું નવ જાણે, હરિસંતમાં પ્રીતડી આણે ॥૫॥

એવા જનને કે'તા કથાય, સ્વામી પધારિયા બુવામાંય ॥
તિયા મારકણો પાડો એક, જેણે માર્યા લોકોને વિશેષ ॥૬॥

સ્વામી હતા એ થકી અજાણ, ચાલ્યા જાય મારગે સુજાણ ॥
જોયા પાડાએ આવતા સંત, જોઈ ભડક્યો કુબુદ્ધિવંત ॥૭॥

દોડ્યો આસુરી એતો સત્વર, જેમ જમ ધસે જીવપર ॥
જાણ્યું ગામલોકે મનમાંય, નિશ્ચે હણશે તે મુનિરાય ॥૮॥

દીઠો સ્વામીએ આવતા એહ, નિજભણી કાળમુખો તેહ ॥
પામી ગયા એની મનવાત, હૃદે સંભાર્યા શ્રીજગતાત ॥૯॥

લીધું તુંબડામાંહેથી જળ, હરિપ્રસાદીભૂત અમળ ॥
છાંટ્યું પાડા માથે તતકાળ, સ્થિર ઊભો પશુ વિકરાળ ॥૧૦॥

જોઈ આશ્ચર્ય પામિયા જન, કહે આવું નો'તું ધાર્યું મન ॥
પછી પાડાભણી બોલ્યા સંત, કૂડો સ્વભાવ તજી દે જંત ॥૧૧॥

ભાગી જા દૂર આંહિથી આજ, તારું સુધરશે સહુ કાજ ॥
સ્પર્શી પાવન પ્રસાદી જળ, પાડો ચાલ્યો તિંયાથી તે પળ ॥૧૨॥

પછી સ્વામી કહે સુણો જન, ત્રીજે દને આ તજશે તન ॥
એણે તજી દીધો છે સ્વભાવ, કેને નહિ મારે ટકરાવ ॥૧૩॥

જળ સ્પર્શી થયો એ પાવન, એને ઉદ્ધારશે ભગવન ॥
એમ કહી ચાલ્યા ગામમાંય, હૃદે સંભારતા હરિરાય ॥૧૪॥

સુણી જોઈ રહ્યા જન વાટ, મટ્યો ત્રીજે દિવસે ઉચાટ ॥
જેહ પશુને કરે પાવન, એતો કેમ ન ઉદ્ધારે જન ? ॥૧૫॥

જન જાણવો એ ભાગ્યવંત, જેને મળ્યા આવા સાચા સંત ॥
એના પુણ્ય તણો નહિ પાર, મળ્યા સંતરૂપે કિરતાર ॥૧૬॥

ઓગણીસો ચૌદ તણી સાલ, સુરતીજન કરવા ન્યાલ ॥
મેલ્યા રઘુવીરજીએ ત્યાંય, સ્વામી પધાર્યા સુરતમાંય ॥૧૭॥

તિંયા જનને કીધો સમાસ, સેવ્યા શુકાનંદમુનિ ખાસ ॥
સજી મંદિરની શુભસેવ, જીંયા બિરાજે પ્રત્યક્ષ દેવ ॥૧૮॥

પછી પધારિયા વરતાલ, વળી વિચર્યા મુનિ મરાલ ॥
વર્ષ ઓગણીસો ને બત્રીસ, આવ્યા બોટાદપુરે મુનીશ ॥૧૯॥

ગાડીમાંથી પડ્યા તે અજાણે, ઘણું વાગ્યું શરીરે તે ટાણે ॥
દેહાતીત વર્ત્યા એહ સમે, પ્રભુજીને બહુ જેહ ગમે ॥૨૦॥

પછી બોટાદના જન મળી, રાખ્યા સ્વામીને મંદિરે વળી ॥
સજે સેવા સહુ ભલી ભાંતે, સ્વામી ભજે હરિ શું નિરાંતે ॥૨૧॥

ચૈત્ર સુદ પ્રતિપદા દન, દીધા નાથે દિવ્ય દરશન ॥
કહ્યું કાલ્ય તેડી જાશું ધામ, પછી પધાર્યા પૂરણકામ ॥૨૨॥

બીજે દન સ્વામી જુવે વાટ, જાણે હમણાં આવે સમ્રાટ ॥
તિંયા લઈ મુક્ત ને વિમાન, આવ્યા તેડવા શ્રીભગવાન ॥૨૩॥

સ્વામી જણાવી સામર્થ્ય અતિ, દેહ તજી પામ્યા દિવ્ય ગતિ ॥
તેંયે જાણો ત્રણ્ય હરિજન, પામ્યા સાક્ષાત એહ દર્શન ॥૨૪॥

કહી લોયાના સંતની વાત, પ્રભુતાનંદજીની વિખ્યાત ॥
હવે ઉચ્ચરું લીલાપ્રકાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે પ્રભુતાનંદ સ્વામીનું ચરિત્ર કહ્યું એ નામે ચોર્યાસીમું પ્રકરણમ્ ॥૮૪॥

પ્રકરણ : ૮૫

પૂર્વછાયો :

વળી કહું એક વારતા, શુભમતિ થાઓ સાવધાન ॥
હરિચરિત્ર સોયામણું, સુણી ઉપજે સુખ નિદાન ॥૧॥

શાકલીલા સુણી નાથની, આવે જન યાં લોયામાંઈ ॥
પોલારપુરથી એ સમે, આવી વૃદ્ધા જીવકોરબાઈ ॥૨॥

જોઈ મનોહર મૂરતિ, અતિ કામણગારી સોઈ ॥
શાક હલાવતાં નાથમાં, તેણે ચિત્તવૃત્તિ પ્રોઈ ॥૩॥

ચોપાઈ :

પછી કરવા લાગી તપાસ, ક્યાંઈ દીઠા મેં આ અવિનાશ ॥
નથી સ્ફૂરતું અંતરમાંય, ત્યારે કૃપા કીધી હરિરાય ॥૪॥

સ્મૃતિ લાધી તે ઘટનાતણી, જેને કાજ મથી ઘણી ઘણી ॥
એક ઓટો નિજઘરબાર, તિંયા બેઠા દીઠા બ્રહ્મચાર ॥૫॥

અતિ તેજસ્વી ને કૃશકાય, જોતા ચિત્ત ચોંટે જેહમાંય ॥
એને કહ્યું ગામમાં સિધાવો, જઈ ચોરે આસન જમાવો ॥૬॥

સુણી બોલિયા તે બ્રહ્મચારી, તિંયા મળે ઘણા નરનારી ॥
એહ અમને ગમે ન લેશ, ત્યારે બાઈ કહે સારું બેસ ॥૭॥

પછી સંધ્યા સમો થયો જ્યારે, આવ્યા આંગણે વરણી ત્યારે ॥
કીધું ઓટા ઉપર્ય આસન, ત્યારે બાઈએ પૂછ્યું કારણ ॥૮॥

ત્યારે બોલિયા તે વર્ણીરાય, ઢોર માર મારે મુને ત્યાંય ॥
સુણી બાઈ કહે ઠીક સારું, પછી ઘેરાવા લાગ્યું અંધારું ॥૯॥

પછી આવ્યા તે ઓસરીમાંય, જેને શ્રુતિઓ ખોળે સદાય ॥
તેને બાઈએ પૂછીયું એમ, બાવા ! આંહિ આવિયો તું કેમ ? ॥૧૦॥

કહે તપસ્વી સુણજે નાર, તિંયા કુતરા નડે અપાર ॥
માટે લગાવ્યું આંહિ આસન, સુખે પ્રભુ સંભારવા મન ॥૧૧॥

પછી રાત્રિએ સંબંધીજન, બાઈએ જમાડ્યા શું ભોજન ॥
કેડ્યે વાતે વળગી એ સંગે, તિંયા તપસ્વી બોલ્યા ઉમંગે ॥૧૨॥

પીડે અમને ક્ષુધા અપાર, માટે દિયોને અન્ન લગાર ॥
ત્યારે બાઈ કહે નથી કાંઈ, પે'લા બોલવું'તું સુખદાઈ ॥૧૩॥

માંઝી દીધા મેં સહુ વાસણ, હવે ક્યાંથી આપું તુને કણ ॥
સુણી બ્રહ્મચારી બોલ્યા એમ, આવું મિથ્યા બોલો તમે કેમ ? ॥૧૪॥

મૂકી ખીચડી હાંડલામાંઈ, એહ લાવી આપો મુને બાઈ ॥
ગઈ રસોડામાંહિ તે નાર, દીઠી ખીચડી હાંડામોઝાર ॥૧૫॥

તેણે પામી અચરજ બાઈ, નાખ્યું ઘૃત તે ખીચડીમાંઈ ॥
દીધી આરોગવા ધરી પ્રેમ, ત્યારે તપસ્વી બોલિયા એમ ॥૧૬॥

દૂધ વિના ખવાય ન અમે, માટે દૂધ લાવી દિયો તમે ॥
સુણી બાઈ કહે ઘરમાંય, નથી છાંટો દૂધનો જરાય ॥૧૭॥

ત્યારે વર્ણી કહે ભેંસપાસ, ધરી તાંબડી કરો તપાસ ॥
દીઠો હતો પે'લા ચમત્કાર, તેણે ભરોસો બેઠો અપાર ॥૧૮॥

લઈ તાંબડી ગઈ તે નાર, ત્યાં તો દોહ્યા વિના થઈ ધાર ॥
પામી આશ્ચર્ય બાઈ તે ફરી, દીધું દૂધ તેણે ભાવ ભરી ॥૧૯॥

પછી વર્ણી જમી રહ્યા જ્યારે, બાઈ સૂતી ઓરડામાં ત્યારે ॥
જાગી સવારે જોયું બહાર, દીઠા નહિ વર્ણી એહ ઠાર ॥૨૦॥

થઈ સ્મૃતિભંગ એહવાર, સુણ્યો શબ્દ મધુર અપાર ॥
માજી ! ઓળખ્યો મુને કે નહિ ? ત્યારે વૃદ્ધા પામ્યા મુદ સહિ ॥૨૧॥

શબ્દધ્વનિ તે પારખી લીધો, મીઠો ઠપકો માજીએ દીધો ॥
ગોતી ગોતીને પામી હું હાર, કેમ ક્યાંય ન મળ્યા મોરાર ? ॥૨૨॥

દીઠા હતા મેં તમને બાળ, આજ કેવડા મોટા દયાળ ! ॥
તમે ખરેખરા ભગવાન, મુને ધરાવોને વ્રતમાન ॥૨૩॥

સુણી નાથ હસ્યા મંદ મંદ, દીધા નિયમ તે સુખકંદ ॥
તેણે વૃદ્ધા થઈ કૃતારથ, અહો સ્વામી મહાસમરથ ! ॥૨૪॥

આવી લીલા એક દનમાંય, કરે અનેક શ્રીહરિરાય ॥
કરું કાંઈક એનો પ્રકાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે પોલારપુરના ડોશી જીવકોરબાઈને કૃતાર્થ કર્યા એ નામે પંચાસીમું પ્રકરણમ્ ॥૮૫॥

પ્રકરણ : ૮૬

પૂર્વછાયો :

લીલા લોયાધામની, કે'તા હૈયે હરખ અપાર ॥
ચરણે ચરણે સાંભરે, અલબેલો પ્રાણઆધાર ॥૧॥

અતિ દયાળુ નાથજી, કે'નું દુઃખ દેખી શકે નહિ ॥
કરે કોઈ જો વિનતિ, પળવારમાં એ પૂરે સહિ ॥૨॥

સ્વભાવ છે બહુનામીનો, સહુ જીવને સુખદાય ॥
દીનતણાં દુઃખ કાપવા, નિજનું ગણે નહિ કાંય ॥૩॥

ચોપાઈ :

હવે સાંભળજો દોય વાત, ચિત્તે ચિંતવ્યા જેવી સાક્ષાત ॥
જાગ્યા પ્રભાતે કમળનેણ, ઉને જળે નાયા સુખદેણ ॥૪॥

ધર્યો ખેસ ને ડગલી રાતી, એની શોભા કહી નથી જાતી ॥
માથે ફેંટો બોકાની સહિત, વળી ધોળો ચોફાળ ખચિત ॥૫॥

એમ વસ્ત્ર ધરી કિરતાર, બેઠા મંચ ઉપર્ય મોરાર ॥
જોયું સભા સામું તેહવાર, દીઠો દરિદ્ર વિપ્ર તે ઠાર ॥૬॥

ટાઢ્યે ધ્રુજે થરથર તન, દેખી દ્રવિયા જગજીવન ॥
નિજતને ઓઢેલ ચોફાળ, ઓઢાડીયો વિપ્રને દયાળ ॥૭॥

જોઈ વિપ્રનું શાંત શરીર, વાલો અતિ હરખ્યા અચિર ॥
અહો દીનબંધુ દીનાનાથ ! કેવા કરુણાળું કૃપાનાથ ॥૮॥

ત્યાર પછીની વારતા કહું, બેઠા સભામાંહિ જન સહું ॥
ગાયા રામપ્રતાપે તે વાર, તુલસીકૃત પદ અપાર ॥૯॥

વળી ઈચ્છારામ કર્તારામ, ભાઈ સંગે ગાય અભિરામ ॥
પછી મહામુનિ મુક્તાનંદ, વળી શીઘ્રકવિ બ્રહ્માનંદ ॥૧૦॥

પ્રેમમૂર્તિ પ્રેમસખી વળી, તેણે હોરી પદ ગાયા મળી ॥
ક્રમ સવાર સાંજ તે નિત, આમ રહેતો ખરો ખચિત ॥૧૧॥

નાથ ગવડાવે કીરતન, સુણે સભા તે એકાગ્ર મન ॥
એહ સમે આવી એક નાર, ધોળકા નગરે રહેનાર ॥૧૨॥

જ્ઞાતિ વણિક છે નિરધાર, લાવી અંગરખું ધરી પ્યાર ॥
અતિ શ્વેત નવીન વસન, ઘણે કોડે કરેલ જતન ॥૧૩॥

મારો સ્વામી મારો કૃપાનાથ, વસ્ત્ર પહેરશે પ્રેમસાથ ॥
એમ રટતી અંતરમાંઈ, સભામાંહિ પ્રવેશી તે બાઈ ॥૧૪॥

નેહે નીરખ્યા શ્રીઅલબેલ, છેલ છોગાળો સુંદર છેલ ॥
અહો ધન્ય ઘડી ધન્ય દન, અહોભાગ્ય માન્યા નિજમન ॥૧૫॥

પછી અંગરખું દીધું એહ, લીધું નાથે ધરી અતિ નેહ ॥
ત્યારે બોલી તે વણિક બાઈ, સુણો મહાપ્રભુ સુખદાઈ ॥૧૬॥

જીંયા લગી ફાટે નહિ તેહ, પ્રેમે પે'રજ્યો તે નિજદેહ ॥
સુણી વિનતિ દીનદયાળ, ભાવ ભરેલ અતિ રસાળ ॥૧૭॥

કાંઈ દીઠું એમાં કિરતાર, પ્રેમ અપાર હઠ લગાર ॥
થયા ચંચળ નાથના નેણ, પેર્યું અંગરખું સુખદેણ ॥૧૮॥

સભા સાન પામી એહવાર, પણ બાઈને નથી વિચાર ॥
બાઈ જુએ પ્રેમ ભરી ભરી, કેવા દિસે અંગરખે હરિ ॥૧૯॥

નાથ વાતું કરે સભામાંય, બાઈ કાને ધરે નહિ કાંય ॥
જુવે અંગરખામાંહિ હરિ, હરિને ખટકે હઠ જરી ॥૨૦॥

પે'ર્યું અંગરખુ ઘડી ચ્યાર, પછી પીઠ મરોડી લગાર ॥
ઉભેઉભું ચીરાયું તે પળ, જોઈ રહ્યા આ લીલા સકળ ॥૨૧॥

પછી કોણીયું મરોડી જયાંય, બેઉ બાંયું ફાટી ગઈ ત્યાંય ॥
છાતી ફુલાવી પ્રૌઢપ્રતાપ, કસું તોડી નાખી હરિ આપ ॥૨૨॥

ફરી સંધાય ન કોઈ દન, એમ લીરા કર્યા ભગવન ॥
પછી બોલ્યા અલબેલો એમ, બાઈ ! કર્યું અમે કીધું જેમ ॥૨૩॥

એમ રમૂજ કીધી લગાર, સુણી સખાઓ હસ્યા અપાર ॥
કહે માંહોમાંહિ હરિજન, બાઈ કેમ બોલી તે વચન ॥૨૪॥

જો ન બોલી હોત બાઈ વેણ, આવું ન કરત સુખદેણ ॥
આ તો વિચારવા જેવું ખાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે વણિક બાઈના આગ્રહથી અંગરખું પહેરીને ફાડી નાખ્યું એ નામે છ્યાસીમું પ્રકરણમ્ ॥૮૬॥

પ્રકરણ : ૮૭

પૂર્વછાયો :

અલબેલો લીલા કરે, સુરા ખાચરને દરબાર ॥
ક્યારેક લોયાપુરમાં, કે'દિ નાગડકા મોઝાર ॥૧॥

લીલા કહી ઘણી ઘણી, લોયાધામની સાક્ષાત ॥
હવે કાંઈક ઉચ્ચરું, નાગડકાતણી વાત ॥૨॥

શાકોત્સવ લીલા સમે, તિંયા રહ્યા હરિ ત્રણ્ય માસ ॥
ક્યારેક નાગડકા વિષે, આવે સંત સાથે અવિનાશ ॥૩॥

ચોપાઈ :

આવ્યા નાગડકે કિરતાર, જન સંગાથે જગદાધાર ॥
સુરાખાચરને દરબાર, ઉતર્યા મારા પ્રાણઆધાર ॥૪॥

સાંજ સમે સભા સજી ત્યાંય, પધાર્યા સભામાં હરિરાય ॥
બેઠા ઢોલિયે શ્રીઅલબેલ, છેલછોગાળો સુંદર છેલ ॥૫॥

નેહે નિહાળે નાથને જન, જાણે ચકોર ચંદ્રવદન ॥
પછી બોલિયા શ્રીભગવાન, સુણો સહું થઈ સાવધાન ॥૬॥

કાલ ઉત્તરાયણ મહાન, ફળે અતિશે સ્નાન ને દાન ॥
કરે સૂર્યનારાયણ જ્યારે, શુભપ્રવેશ મકરે ત્યારે ॥૭॥

સત્યાવીશ ઘડીતણો કાળ, જાણો મહામોટો પુણ્યકાળ ॥
એહ સમે કોઈ દિયે દાન, કોઈ તીર્થજળે કરે સ્નાન ॥૮॥

એના પાતક પ્રલય થાય, વળી કોટિગણું ફળદાય ॥
કહું તપવિધિ જે અનુપ, સહુ જનને છે સુખરૂપ ॥૯॥

પોષી પૂનમથી માઘસ્નાન, ચાંદ્રાયણ વ્રત જે મહાન ॥
એ તો શાસ્ત્રમાંહિ વખણાય, કર્યે રીઝે મહાપ્રભુરાય ॥૧૦॥

ત્યારે બોલ્યા મુનિ શુકાનંદ, વ્રતવિધિ કહો સુખકંદ ॥
તપોનિધિ તપઃપ્રિય આપ, તપે રીઝવું તમને અમાપ ॥૧૧॥

સુણી મંદ મંદ હસ્યા માવ, કહે જોયો તમતણો ભાવ ॥
સુણો માઘસ્નાનવિધિ તમે, જેહ તપસ્વી જનને ગમે ॥૧૨॥

કુંવારી નદીએ એક સ્નાન, ત્રણ્ય દિનનું ફળે નિદાન ॥
જેહ નદી સમુદ્રને મળે, તિંયા એક સ્નાને પક્ષ ફળે ॥૧૩॥

વળી સમુદ્રનું એક સ્નાન, પૂર્ણવ્રતફળ દે નિદાન ॥
એહ વિના કૂવા કે તળાવે, વળી ના'વુ મનોહર વાવે ॥૧૪॥

નવ મળે આ જળ જો કોય, તો તો નૂતન ઘટમાં સોય ॥
જળ ભરીને ખુલ્લી જગ્યાય, વાયુ આઘાતે મૂકો સદાયે ॥૧૫॥

આખી રાત્ય ઠરે જળ જેહ, શાસ્ત્રા કહે ગંગાજળ તેહ ॥
એહ જળે વ્રતી કરે સ્નાન, તો તે મળે મહાફળદાન ॥૧૬॥

બ્રાહ્મમુહૂર્તે તારાદર્શન, થાય જેહ સમયે ગગન ॥
એહ સમાનું ઉત્તમ સ્નાન, એહ કેડ્યે મધ્યમ નિદાન ॥૧૭॥

સૂર્યોદય પછી સ્નાન થાય, એ તો કનિષ્ઠ શ્રેણી ગણાય ॥
વળી ઉષ્ણ જળે સ્નાન જેહ, જાણજ્યો વૃથા સદૈવ તેહ ॥૧૮॥

ત્રૈવર્ણિક મનુષ્ય તે વાર, ના'તા ના'તા કરે મંત્રોચ્ચાર ॥
મૌન રહી શુદ્ર કરે સ્નાન, વળી નારીઓ એમ નિદાન ॥૧૯॥

ઉત્તરીય વિનાને શરીર, ના'ય શીતળ જળે જે ધીર ॥
અશ્વમેધ યજ્ઞતણું ફળ, પામે તપસ્વી એ પળેપળ ॥૨૦॥

સ્નાન કરી સૂરજ આગળે, વ્રતી અર્ઘ્ય અરપે તે જળે ॥
પછી પિતૃતર્પણ તે કરે, એહ કેડ્યે ઈષ્ટદેવ સ્મરે ॥૨૧॥

ઠંડા જળતણું કષ્ટ જેહ, વ્રતી સહે નિજદેહે તેહ ॥
તેને પરલોકે સુખ થાય, મહાપાપનું કષ્ટ કપાય ॥૨૨॥

વ્રતી કરે ભૂમિએ શયન, વળી બ્રહ્મચર્યનું પાલન ॥
સાકર મિશ્રિત તલનું દાન, ફળ આપે આ વ્રતે મહાન ॥૨૩॥

જેહ વસ્તુ શીત હરનાર, વ્રતી આપે તે દાન અપાર ॥
વળી કહે એહ સમે જન, થાઓ પ્રસન હે ભગવન ! ॥૨૪॥

દિયે દ્વિજને મિષ્ટ ભોજન, વ્રત સમાપિએ વ્રતી જન ॥
એથી રીઝે ખરા અવિનાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે માઘસ્નાનનો મહિમા કહ્યો એ નામે સત્યાસીમું પ્રકરણમ્ ॥૮૭॥

પ્રકરણ : ૮૮

પૂર્વછાયો :

માઘસ્નાનનો વ્રતવિધિ, કહ્યો મહાસુખકંદ ॥
સુણી મુનિ શુકાનંદને, અંતરે ઉપજ્યો આનંદ ॥૧॥

નિજદેહને કષ્ટ પડે, એવું તપ ઈચ્છે મરાળ ॥
એવા સંતને દૂર નથી, સદા ઢુંકડા દીનદયાળ ॥૨॥

રીઝવવા એક રાજને, બીજું માંગવું નહિ કાંય ॥
સુખ-દુઃખ ગણતી નહિ, એવા કિંયા મળે જગમાંય ॥૩॥

ચોપાઈ :

હવે કહું અમૃતવચન, બોલ્યા વાલો મધુરવદન ॥
સુણો મુનિ ચાંદ્રાયણવિધિ, તમે ખરેખરા ગુણનિધિ ॥૪॥

નથી નથી એવું પાપ કોય, જેહ ચાંદ્રાયણે શુદ્ધ નોય ॥
એમ વિષ્ણુપુરાણાદિકે સાર, કર્યો વ્યાસજીએ નિરધાર ॥૫॥

પોષ સુદિ ચતુર્દશી જેહ, તે'દિ વ્રત ધારવું નિસ્પ્રેહ ॥
ભૂમિશયન કરવું નિત, બ્રહ્મચર્ય પાળવું ખચિત ॥૬॥

ઘૃતદીપ રાખો અખંડિત, કૃષ્ણદેવ ભજો શુદ્ધ ચિત્ત ॥
સર્વપાપ નિવૃત્તિ અરથે, અગ્નિહોમ કરવો સમરથે ॥૭॥

પૂર્ણિમાએ તો ગ્રાસ પંદર, લેવા આંબળા સમા સુંદર ॥
પછી દિન-દિન પ્રતિ એક, ઘટાડવા વ્રતીએ વિશેક ॥૮॥

અમાવસ્યા દિને ઉપવાસ, નિરાહાર કરે વ્રતી ખાસ ॥
પ્રતિપદા દિને એક ગ્રાસ, લિયે વ્રતી ધરીને હુલ્લાસ ॥૯॥

પછી એક-એક વધે નિત, પૂર્ણિમાએ પંદર ખચિત ॥
દોય પક્ષે તજીને કંકાસ, લેવા બસોને ચાલીશ ગ્રાસ ॥૧૦॥

ચંદ્રકળા વધે-ઘટે જેમ, વ્રતી ગ્રાસ લિયે કહું તેમ ॥
વળી કળા ઘટે-વધે જેમ, વ્રતી ગ્રાસ લિયે પણ તેમ ॥૧૧॥

તેને ચાંદ્રાયણ કહેવાય, મહામુનિ મુખે વખણાય ॥
ગ્રાસ પ્રત્યેક મંત્રસહિત, લેવા પ્રભુ ધરી નિજચિત્ત ॥૧૨॥

અંતે દેવું દ્વિજને નિદાન, નંદી-ગાયતણું શુભ દાન ॥
ઉદ્યાપને સહિત આ વ્રત, આપે ધન આરોગ્ય સંપત ॥૧૩॥

પામે સજજન સ્વર્ગે નિવાસ, ભક્ત પામે અંતે અવિનાશ ॥
પ્રાયશ્ચિતે આ વ્રત પ્રધાન, શાસ્ત્રકારોએ કીધું નિદાન ॥૧૪॥

યવ પિપીલિકાને આકાર, ઋષિ શિશુ યતિ એ પ્રકાર ॥
એમ ચાંદ્રાયણતણી રીત, કીધી શાસ્ત્રોએ ઘણી ખચિત ॥૧૫॥

સુણી નાથના તપોવચન, શુકાનંદજી હરખ્યા મન ॥
પછી પ્રેમે કીધા દંડવત, કહે બહુ કર્યા ઉપકૃત ॥૧૬॥

એમ કહ્યો ચાંદ્રાયણ વિધિ, પછી પધાર્યા શ્રીશોભાનિધિ ॥
પોઢ્યા પલંગે શ્રીસુખદેણ, જાગ્યા પ્રભાતે કમળનેણ ॥૧૭॥

ઉત્તરાયણ નિમિત્તે હરિ, તલમિશ્ર શીત જળે કરી ॥
નાયા ઉમંગે શ્રીમહારાજ, પોષ સુદી નોમ દિન આજ ॥૧૮॥

નિત્યકર્મ કીધું પ્રેમસાથ, પછી દાન દીધા કૃપાનાથ ॥
સુવર્ણ વળી વસ્ત્ર અનેરા, દીધા નાથે દ્વિજને ઘણેરા ॥૧૯॥

દિયે ઉમંગે જગજીવન, ઘણું ધન ને મિષ્ટ ભોજન ॥
પછી સભા સજી શુભ પેર, ગાયા કીર્તન આનંદભેર ॥૨૦॥

તિંયા આવિયો જનસમાજ, લાવિયા તલ ને ખાંડ આજ ॥
મોટા-મોટા થાળ પચીશેક, ધર્યા નાથ આગળે વિશેક ॥૨૧॥

હરિભક્તને દેવા આનંદ, પૈસાભાર જમ્યા સુખકંદ ॥
કીધો પ્રસાદી પ્રત્યેક થાળ, એમ રાજી કરે જો દયાળ ॥૨૨॥

અલબેલાને એક જ તાન, કેમ રીઝે સંત મેરબાન ॥
વળી રાજી કરું હરિજન, એવું ચિંતવે હરિ નિશદન ॥૨૩॥

પછી તલ-ખાંડ પોશ ભરી, દીધા બેઉ ભાઈયુંને હરિ ॥
દીધા વર્ણી-સંન્યાસીને પ્રીતે, પછી સંતજનને રૂડી રીતે ॥૨૪॥

વળી દીધો જનને પ્રસાદ, તેણે પામ્યા તે સહું આહ્લાદ ॥
પછી લોયે આવ્યા અવિનાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે ચાંદ્રાયણ વ્રતનો વિધિ કહ્યો એ નામે અઠ્યાસીમું પ્રકરણમ્ ॥૮૮॥

પ્રકરણ : ૮૯

પૂર્વછાયો :

મહાદયાળુ મુરતિ, કે'દિ કેને તરછોડે નહિ ॥
એવી સુણો એક વારતા, મારા નાથની લીલા સહિ ॥૧॥

દિવસ પહોર ચઢતાં, ભક્ત સંઘા પટેલને ઘેર ॥
સંત હરિજન આવિયા, નાથ નીરખવા શુભપેર ॥૨॥

સુંદર સભા થઈ તિયા, વીતી ઘડી બે ઘડી વાર ॥
એહ સમે એક જન આવ્યો, ખરો ખેલ ભજવનાર ॥૩॥

ચોપાઈ :

આવી કીધા પ્રભુને પ્રણામ, પછી બોલિયો તે નટ આમ ॥
હું છું પુતળી નચાવનાર, તમે જીવન જગદાધાર ॥૪॥

મારી આજીવિકા મારો ખેલ, થયો ખરેખરો મુશકેલ ॥
પટેલિયા સત્સંગી તમારા, નથી જોતા તે ખેલ અમારા ॥૫॥

ત્યારે હસી બોલ્યા અલબેલ, એ તો તજવું નથી સહેલ ॥
કૂડ કપટ વ્યસન ફેલ, ભાંડ-ભવાઈ આદિક ખેલ ॥૬॥

એથી દૂર રહે મુજજન, શીશ ચઢાવી મુજવચન ॥
દિસે કર્તવ્ય એવું તમારું, રાહ ઊજળો બતાવનારું ॥૭॥

હોય સમાજમાં જે અસાર, એને ઉઘાડો ખેલમોઝાર ॥
પણ ધનલોભે કરી તમે, એવું કરો જે જક્તને ગમે ॥૮॥

સુણી નટ કહે મહારાજ ! અમે ખેલીએ ધનને કાજ ॥
ધન પચાવી પાડવા સારું, જૂઠ્ઠા વખાણ લારું અમારું ॥૯॥

પણ આજથી વ્રત તમારા, નક્કી પાળીશ ધર્મદુલારા ॥
મારી પૂજા જાણો મારો ખેલ, એને સ્વીકારોને અલબેલ ! ॥૧૦॥

ત્યારે હેતે બોલ્યા અલબેલ, અમે જોઈશું તમારો ખેલ ॥
ગામથી દિશ ઉત્તરમાંય, નદી ઉત્તરે બેટ જગ્યાય ॥૧૧॥

તિયા દિન પાછલે પ્રહર, શેષ દોય ઘડીએ સુંદર ॥
સભા સજીશું અમે તે વાર, ખેલ લાવજો ત્યાં નિરધાર ॥૧૨॥

સુણી નટ થયો બહુ રાજી, ભલું સુધરશે કાંઈ બાજી ॥
પછી સાંજ સમે એહ સ્થાન, સજી સભા સ્વયં ભગવાન ॥૧૩॥

તિયા નટે નિજખેલ લાવી, ગાન-તાને શું ધૂમ મચાવી ॥
પછી માંડી કટ-પુતળીયું, તે તો એકે ખેલે ન ચાલિયું ॥૧૪॥

મથ્યો મથ્યો નટ ઘણું ઘણું, પણ પૂતળી ચાલે ન અણું ॥
ત્યારે તેને કહે અલબેલ, જોયો ખૂબ સારો તુજ ખેલ ॥૧૫॥

કહી ઘણું હસ્યા ધર્મલાલ, મુખ આડો દઈને રૂમાલ ॥
હસ્યા સખાઓ ને સહું સંત, તેણે નટ મુંઝાયો અત્યંત ॥૧૬॥

લઈ ગયો તે દેરા મોઝાર, પુતળીયુંના દોરી સંચાર ॥
કરી ઠીક ને રમાડ્યા બા'ર, રહ્યા સજજડ તે ફરી વાર ॥૧૭॥

દોરીયું તે પુતળીયું તણી, માંહોમાંહિ ઘુંચાણી તે ઘણી ॥
જોઈ નટ થયો નિરુત્સાહ, જાણ્યે કેમ કરીશું વિવાહ ? ॥૧૮॥

પછી ઉકેલી દોરીયું તેહ, માંડ્યો ખેલ અનુપમ જેહ ॥
પણ નાચી ન પુતળી એક, ત્યારે સમજ્યો નટ વિવેક ॥૧૯॥

હારી આવ્યો નટ હરિપાસ, કહે કેમ કરો પરિહાસ ? ॥
આવું નથી બન્યું કોઈવાર, આમાં રહસ્ય કાંઈ લગાર ॥૨૦॥

તમે પ્રગટ પરમેશ્વર, નાચે તમથી જીવ-ઈશ્વર ॥
દોરી જક્તતણી તમહાથ, કેમ હું નચાવું કૃપાનાથ ? ॥૨૧॥

સુણી બોલિયા શ્રીમહારાજ, તુજ ખેલે રાખી સંતલાજ ॥
આંહિ બિરાજે સંત વિરક્ત, એને રુચે નહિ લેશ જક્ત ॥૨૨॥

વળી રૂક્મિણી વિવાહ સાજ, એનો ખેલ માંડ્યો તેતો આજ ॥
જોવો સંતને તે અઘટિત, માટે ખેલ ન ચાલ્યો ખચિત ॥૨૩॥

પછી મંદ મંદ હસ્યા માવ, ખેલ વિના આપ્યો શિરપાવ ॥
શીખ અપાવીને કીધો રાજી, એમ સુધારી નટની બાજી ॥૨૪॥

નથી નથી તે જોવી કરણી, મારે ભરવી સહું ભરણી ॥
એમ ટેક ધરી અવિનાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે નટના પૂતળા રમાડ્યા એ નામે નેવ્યાસીમું પ્રકરણમ્ ॥૮૯॥

પ્રકરણ : ૯૦

પૂર્વછાયો :

શુભમતિ સહું સાંભળો, વાત આ સમાની એક ॥
સુણતાં નિશ્ચે પામશો, હરિસ્વરૂપનો વિવેક ॥૧॥

ગહન વન શાસ્ત્રોતણું, એમાં ગોતવું નથી સહેલ ॥
સાચા સંતની દ્રષ્ટિ વિના, જણાય અતિ મુશ્કેલ ॥૨॥

જેણે હરિજશ જાણીયો, એવા સેવિયે સાચા સંત ॥
હવે સુણાવું હરિકથા, સ્નેહે સાંભળો ગુણવંત ॥૩॥

ચોપાઈ :

એક સમે મહાપ્રભુરાય, બેઠા ચોકમાં સજી સભાય ॥
નખશિખ તે દિવ્ય મૂરતિ, નીરખે જન હેતે શું અતિ ॥૪॥

નાથ દિયે દરશન સુખ, સહું લિયે બેઠા સનમુખ ॥
તિંયા કર જોડી શિશ નામી, બોલ્યા નેહે નિત્યાનંદ સ્વામી ॥૫॥

ભક્તિપુત્રા શ્રી સહજાનંદ ! નમું તમને હે સુખકંદ ! ॥
મારા પ્રશ્નનો ઉત્તર આપો, મુજ સંશય સમૂળો કાપો ॥૬॥

આપ સ્વરૂપતણું જે જ્ઞાન, અતિ દુષ્કર ભાસે નિદાન ॥
કરે વિવાદ એમાં વિદ્વાન, માટે પૂછું તમને ભગવાન ! ॥૭॥

દિસો મનુષ્યાકારે મોરાર, તોયે માહાત્મ્ય આપ અપાર ॥
એનો નિશ્ચય પામે ન કોઈ, પામે કોઈ એનો હેતુ સોઈ ॥૮॥

વળી મહિમા કહો લગાર, ત્યારે બોલિયા પ્રાણઆધાર ॥
જેને જેટલો સંતનો સંગ, તેવો પામે તે નિશ્ચય અંગ ॥૯॥

થોડા જન જાણે મહિમાય, ઘણાં જાણશે હે મુનિરાય ! ॥
એતો તમ જેવા સંત સંગે, પછી ભજશે મુને ઉમંગે ॥૧૦॥

તમે વાત જાણો જથારથ, છતાં પૂછ્યું બીજાને અરથ ॥
માટે કહું છું સંક્ષેપે કરી, તમે જાણજયો વાત વિસ્તરી ॥૧૧॥

હરિ કૃષ્ણ વળી પરબ્રહ્મ, પરમાત્મા ને પુરુષોત્તમ ॥
એહ આદિક નામ અપાર, જાણજયો અમારા નિરધાર ॥૧૨॥

સર્વે નામતણાં અમે નામી, સર્વે ધામતણાં અમે ધામી ॥
સદા અક્ષરધામ નિવાસી, મુને સેવે કોટિ મુક્તરાશિ ॥૧૩॥

સહું અવતારતણાં કારણ, અમે પોતે સ્વામિનારાયણ ॥
જીવ-ઈશ્વરને પળેપળ, દૈયે અમે સર્વકર્મફળ ॥૧૪॥

મુજ ગુણ ઐશ્વર્ય પ્રતાપ, એનું ભક્ત જાણે જેવું માપ ॥
એવું પમાડું મુજ ઈચ્છાય, સત્ય માનજયો એ મુનિરાય ! ॥૧૫॥

મુજ કટાક્ષથી નિરધાર, કંપે કાળ માયા વજ્રસાર ॥
મારા સમો વળી પર કોઈ, નથી એવું કહે શ્રુતિ સોઈ ॥૧૬॥

કરું સંકલ્પમાત્ર હું જયાંય, કોટિ બ્રહ્માંડો ઉપજે ત્યાંય ॥
એને પાળું વળી લય કરું, એમાં લેશ શ્રમ નવ ધરું ॥૧૭॥

હું છું દિવ્યસ્વરૂપ સદાય, ભલે દેખો છો મનુષ્યમાંય ॥
મારી ક્રિયાઓ દિવ્યસ્વરૂપ, સહું જન કાજે સુખરૂપ ॥૧૮॥

મુજભક્ત મુને દિયે જેહ, પામે દિવ્યતા અચિર તેહ ॥
મારો સંબંધ પામે લગાર, અંતે દિવ્યરૂપ તે થનાર ॥૧૯॥

ભજે અમને જે નરનાર, એને અંતકાળે નિરધાર ॥
ધરાવીએ અમે દિવ્યદેહ, એહ વાતમાં નથી સંદેહ ॥૨૦॥

દિવ્યરૂપ ને મનુષ્યરૂપ, દોય અમારા જાણો અનુપ ॥
એમાં ફેર નથી લેશ કાંય, એમ કહ્યું સતશાસ્ત્રમાંય ॥૨૧॥

કોટિ જીવોના કલ્યાણ કાજ, મનુષ્યરૂપે દેખાઉં આજ ॥
છતાંયે દિવ્ય ગુણ સંપન્ન, માયા રહિત જાણજયો જન ॥૨૨॥

રમા આદિક શક્તિ અપાર, સેવે મુજને તો આણીવાર ॥
એને સમાધિવાળા જ દેખે, બીજા કોઈ કે'દિ નવ પેખે ॥૨૩॥

મુજ માહાત્મ્ય જાણો છો તમે, છતાં કીધું તમકાજ અમે ॥
એ તો બીજાને જણાવા સારું, લેશ ગાયું સ્વરૂપ અમારું ॥૨૪॥

અહો અહો કેવા સુખકંદ ! સુણી હર્ષ પામ્યા નિત્યાનંદ ॥
વળી હરખિયા સહુદાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે નિત્યાનંદ સ્વામીને સ્વસ્વરૂપનો મહિમા કહ્યો એ નામે નેવુંમું પ્રકરણમ્ ॥૯૦॥

પ્રકરણ : ૯૧

પૂર્વછાયો :

કરુણાનિધિ કરુણા કરી, લીધો અવનિએ અવતાર ॥
રીત અલૌકિક લાવિયા, અક્ષર થકી નિરધાર ॥૧॥

ધર્મ એકાંતિક સ્થાપિયો, ભક્તિ પ્રવર્તાવી નિષ્કામ ॥
વિરક્ત કર્યા જન જક્તના, દઈ રહસ્ય જ્ઞાન તમામ ॥૨॥

મોટા સંત મહારાજના, એણે મળી કર્યો વિચાર ॥
ગ્રંથ કર્યો એહ જ્ઞાનનો, જેનો શીખતા ના'વે પાર ॥૩॥

ચોપાઈ :

હરિ સંત વળી હરિજન, કરે વાતડી બહુ પાવન ॥
ક્યારે પૂછે પ્રભુજી સવાલ, દિયે ઉત્તર મુનિ મરાલ ॥૪॥

ક્યારે પૂછે મુનિ હરિજન, દિયે ઉત્તર પ્રાણજીવન ॥
ક્યારે લાંબો કરીને વિચાર, કરે અલબેલોજી ઉચ્ચાર ॥૫॥

ક્યારે શંકા પરસ્પર થાય, વડા વિલંબે વિરામે ક્યાંય ॥
ક્યારે કેમ કિંયા કોણ વળી, એની મેલો ચરચા સઘળી ॥૬॥

પ્રભુ પોતે સંગ્રહ કરાવે, મોટા મુનિ લખે ને લખાવે ॥
પછી તપાસે પોતે દયાળ, વળી સુધરાવે કોઈ કાળ ॥૭॥

જીવ પામે પરમ કલ્યાણ, એનું રહસ્ય કીધું સુજાણ ॥
થયો ગ્રંથ અલૌકિક એહ, વચનામૃત તે નિઃસંદેહ ॥૮॥

થયો પ્રગટ તે લોયામાંય, એની સાંભળો હવે કથાય ॥
એક સમે મહાસુખધામ, લોયે બિરાજે પૂરણકામ ॥૯॥

સુરાબાપુતણા દરબાર, સંતપાઠશાળા નિરધાર ॥
ભણનાર ને ભણાવનાર, રહે સંત સુખે યાં અપાર ॥૧૦॥

હરિરાજીપો રળવા કાજ, નાની વયે તે સંતસમાજ ॥
ભણે પરિશ્રમ કરી સહુ, તેણે રાજી મહાપ્રભુ બહુ ॥૧૧॥

કરે શાકોત્સવ દનમાંય, સજે સભા સાંજે હરિરાય ॥
શીખવે પ્રશ્ન-ઉત્તર અતિ, નાના સંતોને શ્રીપ્રાણપતિ ॥૧૨॥

એતો લખાય સહુ કાગળ, આવી એક સમે શુભ પળ ॥
અઢારસો સિત્તોત્તેર સાલ, માર્ગશીર્ષ શુક્લ પક્ષ ચાલ ॥૧૩॥

તૃતીયાતણે પાવન દન, બેઠા સુરા ભક્તને ભુવન ॥
અલબેલોજી પૂરણકામ, તિંયા આવ્યા મુનિ અભિરામ ॥૧૪॥

વ્યાસમૂર્તિ નિત્યાનંદ સ્વામી, લાવ્યા પુસ્તક તે શિશનામી ॥
ઋચાઓ વચનામૃતતણી, સંગ્રહેલી એમાં ઘણી ઘણી ॥૧૫॥

જોઈ ગ્રંથરાજ નિજહાથ, રાજી રાજી થયા કૃપાનાથ ॥
કહે પૂછો ભારે ભારે કાંય, તો તો સંશે સહુ ઉકેલાય ॥૧૬॥

સર્વશાસ્ત્રના મર્મજ્ઞ સંત, મુક્તમુનિ મહાગુણવંત ॥
તેણે ઝીલી પ્રભુની ઈચ્છાય, ચર્ચા ગહન ચલાવી ત્યાંય ॥૧૭॥

એતો લોયાના સાતમે વાત, કીધી મુનિજનોએ વિખ્યાત ॥
નથી કરવો વડો વિસ્તાર, પણ કહીશ વાત લગાર ॥૧૮॥

ધન્ય ધરા લોયાધામતણી, મહાભાગ્યવંતી ઘણી ઘણી ॥
આંહિ પ્રગટ્યો ગ્રંથ અનૂપ, સર્વ શાસ્ત્રો શિરોમણિરૂપ ॥૧૯॥

જગે નથી એવો પ્રશ્ન કોઈ, જેનો ઉત્તર આમાં ન હોઈ ॥
એવો ગ્રંથ અતિશે મહાન, વચનામૃત નામ નિદાન ॥૨૦॥

એનું સૌભાગ્ય લોયાને ભાલ, લખ્યું સરવે મુનિ મરાલ ॥
ઈતિહાસે જાણો વાત એહ, અમરત્વ પામી નિઃસંદેહ ॥૨૧॥

ચાલી ચર્ચા આંહિ પરસ્પર, થયા કઠણ પ્રશ્ન ઉત્તર ॥
એના વચનામૃત અઢાર, મુનિજને લખ્યા ધરી પ્યાર ॥૨૨॥

મુમુક્ષુને જાણ્યા જેવી વાત, આમાં શ્રીમુખે કહી સાક્ષાત ॥
આની જોડયે આવે નહિ કોઈ, ભલે ઝાઝા ગણાય તે સોય ॥૨૩॥

મોટા સંત ઉચ્ચારતાં એમ, જાણો લોયાના લોઢાના જેમ ॥
આતો અંતરનો ઓડકાર, કેમ થાયે ખોટો નિરધાર ॥૨૪॥

ધન્ય ધન્ય લોયાની ધરાય, પ્રગટ્યું ગ્રંથસ્વરૂપ ત્યાંય ॥
તિંયા રેલાયો જ્ઞાનપ્રકાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે નિત્યાનંદ મુનિએ વચનામૃતનું પુસ્તક આપ્યું એ નામે એકાણુંમું પ્રકરણમ્ ॥૯૧॥

પ્રકરણ : ૯૨

પૂર્વછાયો :

વળી સુણાવું વાતડી, માગશર સુદી બીજતણી ॥
મુનિમંડળના મધ્યમાં, આવ્યા મલપતાં મુજધણી ॥૧॥

ત્યારે અખંડાનંદજી, કહે સમજાવો કિરતાર ॥
અધિક કે ન્યૂન કેમ કૈયે, અંશ કળા અવતાર ॥૨॥

પછી પ્રભુજી બોલિયા, નથી નિશ્ચય એને જરાય ॥
અધિક ન્યૂન સમજે એને, એતો અજ્ઞાની કહેવાય ॥૩॥

ચોપાઈ :

પછી બોલ્યા બ્રહ્મમુનિ એમ, નથી અધિક કે ન્યૂન કેમ ॥
જગે કોઈ કોઈ અવતાર, દિસે રુષ્ટ અતિશે અપાર ॥૪॥

એથી બીજા અધિક જણાય, કહો યથાર્થ ત્રિકમરાય ॥
ત્યારે બોલિયા શ્યામ સુંદર, રહ્યા અક્ષરે પરમેશ્વર ॥૫॥

પ્રેરે પ્રકૃતિપુરુષ રાય, ત્યારે વિકૃતિ માયાએ થાય ॥
એમ પ્રેરે જીવ-ઈશ કોટિ, જાણો સામર્થિ એમની મોટી ॥૬॥

અહો ! સરવે ચેતનમાંય, રહ્યા સમપણે હરિરાય ॥
જીંયા જોઈએ જેવો પ્રકાશ, તેમ પ્રકાશે શ્રીઅવિનાશ ॥૭॥

માટે નથી ન્યૂન કે અધિક, ઠરે સહુમાં પ્રભુજી ઠીક ॥
ત્યારે શંકા કરી કહે સંત, કેમ જીવ ભેળા ભગવંત ? ॥૮॥

કાષ્ટમાં વસે અગનિ જેહ, કાષ્ટ કપાયે કપાય તેહ ॥
એમ જીવને સંસૃતિ ભોગ, એનો પ્રભુને લાગશે રોગ ॥૯॥

પછી બોલિયા શ્યામ સુંદર, વ્યતિરેક રે' પરમેશ્વર ॥
જળમાંહિ ભળે જળ જેમ, નથી ભળતાં પ્રભુજી તેમ ॥૧૦॥

પાણી ઉતરે શેરડીમાંય, તેમાં ભળી તેવું ગળ્યું થાય ॥
ઉતરે લીમડે જેહવાર, થાય કડવું તે નિરધાર ॥૧૧॥

ભળે લવણમાં જળ જેહ, નિશ્ચે ખારું કહેવાશે તેહ ॥
શિંગડીયા વછનાગમાંય, જળ ભળી ઝેર બની જાય ॥૧૨॥

એમ જીવ માયા ને ઈશ્વર, એમાં ન ભળે પરમેશ્વર ॥
માંહિ રહ્યા થકાં વ્યતિરેક, એવો જાણવો એમાં વિવેક ॥૧૩॥

નિજઈચ્છાએ રમે શ્રીહરિ, કોઈ ન શકે બંધન કરી ॥
એ છે પોતે સ્વયં ભગવાન, કોણ જીવ માયા ને ઈશાન ! ॥૧૪॥

હવે સુણો પ્રથમની વાત, રહે સમપણે જગતાત ॥
રાસમંડળે કૃષ્ણ અનેક, એમાં ન્યૂનાધિક શું વિવેક ? ॥૧૫॥

એમ સહુ અવતારમાંય, પ્રકાશે પુરુષોત્તમરાય ॥
જ્યારે જેમાં જેવો ઘટે ભાવ, તેવો કરે પ્રભુજી દેખાવ ॥૧૬॥

એમ જાણે નહિ જન જેહ, ભલે નિષ્કામી નિર્લોભી તેહ ॥
ભલે નિઃસ્વાદી નિઃસ્નેહી હોય, ભલે નિર્માની પૂરણ સોય ॥૧૭॥

તોય કાચ્યપ રહી અપાર, અંતે નડશે તે નિરધાર ॥
માટે આમ સમજો મરમ, એમ બોલ્યા પોતે પુરુષોત્તમ ॥૧૮॥

લોયે કીધી આવી ઘણી વાત, ઈયા દેખીને જન એકાંત ॥
ભણનારા રહે ઘણા સંત, તેણે ખોલે રહસ્ય અત્યંત ॥૧૯॥

જ્ઞાનસત્ર જામ્યો આંહિ ખરો, વળી શાકોત્સવ શું અનેરો ॥
વાતો કહી હરિ હુલસાવે, જમી જમાડી લાડ લડાવે ॥૨૦॥

કોઈ સમે સોમલો ખાચર, કહે સાંભળજો હરિવર ॥
એક ભક્ત ધરે શુભ ધ્યાન, રહે મુન્ય સદાયે નિદાન ॥૨૧॥

બીજો હરિ ભેળે હસે રમે, એમાં સારો કોણ કહો તમે ? ॥
ત્યારે બોલિયા શ્રીભગવાન, રહે આનંદે જે ગુલતાન ॥૨૨॥

એ છે ઉત્તમ વાતડી સારી, એમ તેશું બોલ્યા સુખકારી ॥
રે'વું આનંદમાં એજ સારું, અતિ ઉદાસી રે'વું નકારું ॥૨૩॥

ઉથડક હરિસંતમાંય, રહે ન ભળે જે જન ક્યાંય ॥
એતો અંતે નભે નહિ જન, એમ બોલિયા પ્રાણજીવન ॥૨૪॥

એમ પ્રશ્નોતર ઘણાં થાય, ધન્ય ધન્ય લોયાની ધરાય ॥
ધન્ય થયો યાં પામી નિવાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે શ્રીહરિએ પ્રશ્નોત્તર કર્યા એ નામે બાણુંમું પ્રકરણમ્ ॥૯૨॥

પ્રકરણ : ૯૩

પૂર્વછાયો :

લોયાધામની ધરણીમાં, આનંદ શું લહેરાય ॥
મોહનમુખના વેણ સુણવા, મુનિમૃગલાં તણાય ॥૧॥

કથા વંચાવે નિજઆગે, નારાયણગીતા ગ્રંથતણી ॥
હરિગીતા ધર્મામૃતની, પછી વાતું કરે નાથ ઘણી ॥૨॥

ભારત ને ભાગવતતણી, ઘણી ઘણી વંચાવે વાત ॥
રહસ્ય કહે અલબેલડો, સુણી મુનિ થાય રળિયાત ॥૩॥

ચોપાઈ :

એક સમે કહે અલબેલ, મુનિ કરો પ્રશ્નનો ઉકેલ ॥
સર્વે ગ્રંથમાં છે ઘણી વાત, એમાં જીવ હિતે શું સાક્ષાત ? ॥૪॥

ત્યારે મુક્તાનંદ મુનિરાય, લાવી જુક્તિ શાસ્ત્રાતણી કાંય ॥
કહે જીવની પરમ ગતિ, કરે નારાયણની ભગતિ ॥૫॥

પછી બોલ્યા નારાયણ એમ, થાય આપણે એવું તે કેમ ? ॥
જોગ સંન્યાસ સંત લક્ષણ, એને વિચારોને વિચક્ષણ ॥૬॥

વિચારોને વૈરાગનું અંગ, ત્યારે ન રહે ભક્તિનો રંગ ॥
વળી કહું આત્મનિષ્ઠામાંય, કથા કીર્તન ત્યાં નવ થાય ॥૭॥

ધર્મતણો માંડીએ વિચાર, ત્યારે ભક્તિનો ન રહે ભાર ॥
સંતલક્ષણ રાખીને અંગ, કેમ કરવી ભક્તિ અભંગ ? ॥૮॥

ત્યારે મુક્તમુનિ કહે માવ, અંગે સહિત ભક્તિ ઠેરાવ ॥
સુણી નાથ કહે થાય કેમ, ભક્તિ અંગમાં ન બને એમ ॥૯॥

કરો ગોપિયું જેમ વિચાર, ત્યારે ભક્તિ થાયે નિરધાર ॥
નડે ભક્તિમાંહિ જે જે રંગ, એતો તજવા જોઈએ અંગ ॥૧૦॥

એમ ન વિચારીયે જો કાંય, તો તો ભક્તિ કઠણ કે'વાય ॥
એમ હસી બોલ્યા વૃષલાલ, સુણી મુનિજન થયા ન્યાલ ॥૧૧॥

વળી એક સમે મંચ પર, ફર્યા વાતું કાજે હરિવર ॥
હરિજન સુણે એકતાન, ત્યારે બોલિયા કૃપાનિધાન ॥૧૨॥

અમે કે'દિ કહ્યો કામ સારો, વળી ક્રોધ નથી કહ્યો સારો ॥
લોભ મોહ ને ઈરષા જેહ, મેંતો સાચા નથી કહ્યા તેહ ॥૧૩॥

માન મત્સરમાં બહુ દુઃખ, માત્ર પ્રભુ ભજયામાંહિ સુખ ॥
મારી વાત જે હૈયામાં ધારે, એને એમ જણાવવું મારે ॥૧૪॥

માનશો જો વચન અમારું, બહુ સારું થાશે તો તમારું ॥
સવળું સમજે સુખ થાય, લોપ્યે વચન દુઃખ જણાય ॥૧૫॥

કામાદિક લોપાવે વચન, તેણે દુઃખી થાયે હરિજન ॥
માટે ધર્મે રહો ખબડદાર, તો તો સુખ પામશો અપાર ॥૧૬॥

પછી સંત સામું ફર્યા નાથ, વાત આદરી સંતસંગાથ ॥
સંત સંતમાં વાતું કરે છે, પક્ષાપક્ષ ને ઈર્ષ્યા હરે છે ॥૧૭॥

વળી બીજું ધરો મનમાંય, સિંહ પડખે સિંહે રેવાય ॥
શૃગ વાનર તિંયા ન જાય, એવો સિંહપ્રતાપ કેવાય ॥૧૮॥

સિંહ તે મોટેરા સંત ખરા, શૃગ વાનરા નાના છોકરા ॥
નાના છોકરિયા જે સુંવાળા, જેના ચિત્ત કરે બહુ ચાળા ॥૧૯॥

તેશું હેત જે કરે અત્યંત, નહીં સમર્થ એ ખરા સંત ॥
માટે છોકરા સુવાળાં જેહ, સંત પાસે શોભે નહિ તેહ ॥૨૦॥

એમ મોટેરાને શીખ દીધી, તેણે હેતે હૈયે ધરી લીધી ॥
બ્રહ્મજ્ઞાનના પ્રશ્ન પૂછાવી, કેદિ વાતું કરે શંકા લાવી ॥૨૧॥

દેહ આત્માની વિગતિ કરે, કહે કલ્યાણ ચારથી સરે ॥
ભાગવત ગીતા સુખધામ, મોક્ષધર્મ ને સહસ્રનામ ॥૨૨॥

ધામ-ધામના મુક્ત અનંત, એને વર્ણવે શ્રીભગવંત ॥
વળી ધામીનો કહે પ્રતાપ, તિંયા સુખ બતાવે અમાપ ॥૨૩॥

પછી કહે સુણો ધરી પ્યાર, એહ સર્વે તણો જે આધાર ॥
એતો બેઠા તમારી આગળ, જેને આશરે સુખી સકળ ॥૨૪॥

સુણી રાજી રાજી થાય જન, કહે ભલે મળ્યા ભગવન ॥
ટળ્યો આવાગમનનો ત્રાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે મુક્તમુનિને જીવનું હિત પૂછ્યું ને સંતો-ભક્તોને ઉપદેશ આપ્યો એ નામે ત્રાણુંમું પ્રકરણમ્ ॥૯૩॥

પ્રકરણ : ૯૪

પૂર્વછાયો :

શુભમતિ સહુ સાંભળો, એક સાંજ સમે નિરધાર ॥
મુક્તમુનિ ગોડી બોલિયા, કરી આરતી જગદાધાર ॥૧॥

ધૂન્ય કરી ઉમંગ ભરી, પછી વાલે કરી કાંઈ સાન ॥
શ્રીમુખવચન સાંભળવા, સહુ જન થયા સાવધાન ॥૨॥

પછી બોલ્યા અલબેલડો, કહું ગોડીતણો જે ભાવ ॥
ક્ષર અક્ષરને ઉચ્ચરું, વાત સાંભળી લેજયો લાવ ॥૩॥

ચોપાઈ :

પૃથવીતણું પીઠ છે જેહ, કોટિ પચાસ યોજન તેહ ॥
એથી પર દશ ગણું જળ, એથી દશ ગણો છે અનળ ॥૪॥

એથી દશ ગણો વાયુવાસ, એથી દશ ગણો તે આકાશ ॥
એથી દશ મહત્તત્ત્વ કૈયે, દશ ગણો અહંકાર લૈયે ॥૫॥

એથી દશ ગણી છે પ્રધાન, એથી પુરુષ દશ મહાન ॥
એથી પ્રકૃતિ અતિ અપાર, એથી પુરુષ છે પારાવાર ॥૬॥

એથી અનંતગણું તે પર, પરબ્રહ્મ નિવાસ અક્ષર ॥
કીટથી લઈ બ્રહ્માંડું જેહ, ક્ષર સ્વભાવવાળા છે તેહ ॥૭॥

એતો જનમે ને વળી મરે, દુઃખ અનંત શિર તે ધરે ॥
હવે સુણો અક્ષર સ્વરૂપ, ગુણ રહિત ને સુખરૂપ ॥૮॥

તિયા અનંત મુક્તના વૃંદ, જોતા ઉપજે અતિ આનંદ ॥
તેજ તેજ તેજ પારાવાર, એહ મધ્યે સિંહાસન સાર ॥૯॥

તિયા બિરાજે પૂરણકામ, પુરુષોત્તમ શ્રીસુખધામ ॥
એમાં વળી મુંમાં નિરધાર, એકપણું અતિશે અપાર ॥૧૦॥

એવી ગોડીમાં કહી છે વાત, હૃદે સંભાર્યા જેવી સાક્ષાત્ ॥
એમ ઉમંગે બોલ્યા જીવન, સુણી જન થયા તે મગન ॥૧૧॥

વળી એક સમે અવિનાશ, કહ્યો આતમા તણો પ્રકાશ ॥
સર્વે ઈન્દ્રિયુંને પ્રકાશે છે, વળી પોતાને રૂપે રહે છે ॥૧૨॥

હવે પૂછું છું એક પ્રશન, એનો ઉત્તર દ્યો મુનિજન ॥
ભગવાનના ભજનમાંય, કેમ ઈન્દ્રિયું ચંચળ થાય ? ॥૧૩॥

કહે મુક્તમુનિ એહ સમે, ભૂલી પ્રભુને ઈન્દ્રિયું ભમે ॥
બીજે દિયે બહુ બહુ દોટ, એતો કૈયે અતિ મોટી ખોટ ॥૧૪॥

ત્યારે બોલિયા શ્રીઅવિનાશ, કરવાને ચંચળતા નાશ ॥
સંત બતાવે સાચો ઉપાય, વળી ખોટ્ય ટાળવાને કાંય ॥૧૫॥

સંત કહે રીઝે ભગવાન, સમો વરતીએ જો નિદાન ॥
તોયે કેમ ન વર્તે નાદાન, મેલી પોતાતણું અભિમાન ? ॥૧૬॥

ત્યારે મુક્તમુનિ કહે એમ, કરે સમાગમ જેમ જેમ ॥
ટળે તેમ અનાદિ અજ્ઞાન, પછી થાય એને ખરું ભાન ॥૧૭॥

સુણી બોલિયા શ્રીઅલબેલ, સંત કહે તે સત્ય ઠરેલ ॥
સુખતણો ઉપાય છે એહ, સંતનો વળી મારગ તેહ ॥૧૮॥

એમ વાતું કરે ધર્મલાલ, સુણી સંત થાય છે નિહાલ ॥
હવે કહું લીલાતણી વાત, સુણી રાજી થાશો રળિયાત ॥૧૯॥

કોઈ સંતે બીના એમ કીધી, ચરણામૃત ત્રાંબડી લીધી ॥
છાનીમાની ચલાવી છે કળ, મેલી ઢોલિયા હેઠે તે પળ ॥૨૦॥

પછી ભાળી એને સુખધામ, કહે કોણે મૂકી આહીં આમ ? ॥
અતિ રોષ ધરી કહે શ્યામ, બ્રહ્મચારી ! આ તમારા કામ ॥૨૧॥

રેજો ખબડદાર તો તમે, આવું કરશો માં કોઈ સમે ॥
આમ કેદિ કીધું કાંઈ અમે, કરી ચરણામૃત ઢોળો તમે ॥૨૨॥

એતો ઢોળ્યાનો દોષ અપાર, એની બીક ધરોને લગાર ॥
કહે વરણી મુકુંદાનંદ, હું તો વારું છું હે સુખકંદ ! ॥૨૩॥

નથી ઢોળવા દેતો જરાય, કહો કેમ મૂકું એને ત્યાંય ॥
પછી રોષ મૂક્યો મહારાજ, એવી લીલા મેં ઉચ્ચારી આજ ॥૨૪॥

કેદિ કરતા જ્ઞાનવિલાસ, કેદિ કરતા હાસવિલાસ ॥
કેદિ કરતા ક્લેશ-કંકાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે મુક્તમુનિની ગોડીનો અર્થ કર્યો એ નામે ચોરાણુંમું પ્રકરણમ્ ॥૯૪॥

પ્રકરણ : ૯૫

પૂર્વછાયો :

નિત નવી નવી વાતડી, થાય લોયામાંહિ નિદાન ॥
એક સુણાવું સ્નેહથી, સહું શ્રોતા ધરજો કાન ॥૧॥

પોષ વદિ પડવા દિને, પ્રભુ પીરસે પંગતમાંય ॥
તિંયા આવી વધામણી, દોય સંતતણી સુખદાય ॥૨॥

વડોદરેથી આવિયા, ભાઈ સ્વયંપ્રકાશાનંદ ॥
સંગે નૃસિંહાનંદજી, આવ્યા નીરખવા સુખકંદ ॥૩॥

ચોપાઈ :

બીજી સવારે સુંદરશ્યામ, ચાવે લવિંગ પૂરણકામ ॥
ત્યારે પાતળિયો કહે પ્રીતે, કાંઈ પૂછો મુનિ રૂડી રીતે ॥૪॥

પછી નૃસિંહાનંદજી ત્યાંય, કર જોડી પૂછ્યું સુખદાય ॥
કહો સ્વામી તમે સાધારણ, હોય સંતતણું જે લક્ષણ ॥૫॥

સુણી કૃપા કરી કૃપાનાથ, બળવંત બોલ્યા પ્રેમસાથ ॥
પ્રભુ વિના કેદિ બીજી વાત, નવ કહે તે સંત સાક્ષાત ॥૬॥

ગ્રામ્ય કથા કરે નહિ ક્યારે, જેણે તણાય પુણ્ય અપારે ॥
એવું બહું કીધું જગતાત, સુણી સંત થયા રળિયાત ॥૭॥

એમ પ્રશ્નોતર કરી સંત, રાજી રાજી કરે ભગવંત ॥
વળી વડોદરાતણી વાત, નાથ આગે ઉચ્ચારી સાક્ષાત ॥૮॥

વિપ્ર સરવરિયા બાપુભાઈ, વટપત્તને પોલીસમાંઈ ॥
તેણે જાણ્યા સ્વામિનારાયણ, થયા ખરા પ્રભુપરાયણ ॥૯॥

તેડી ગોપાળ સ્વામીને ઘેર, ઘણીવાર જમાડે સુપેર ॥
એને સુત એક સેવારામ, સેવે સંતહરિ આહું જામ ॥૧૦॥

તેણે વાધી પ્રભુમાંહિ પ્રીત, જૂઠી જાણી જગતની રીત ॥
પછી માંદો થયો તે અપાર, અંતકાળ આવ્યો આણીવાર ॥૧૧॥

હરિ પ્રગટ્યા ચતુર્ભુજ રૂપ, સોહે ગરૂડ સ્વારી અનુપ ॥
જળઝારી ઉદ્ધવજી હાથ, ઢોળે ચામર નારદ સાથ ॥૧૨॥

તેજોમય મૂર્તિ ને વિમાન, જન જોઈ થયા ગુલતાન ॥
કહે સ્વામી તો પ્રભુ સાક્ષાત, એને ન માને મૂરખ જાત ॥૧૩॥

વળી છૂપી જેની અવળાઈ, એતો છતી કરી હરિરાઈ ॥
કર્યા પાતળિયે તે પાંસરા, એવા પરચા થિંયા ત્યાં ખરા ॥૧૪॥

સુણી વાત લોયામાં તે નાથે, કહે લખી લેવી આતો હાથે ॥
વળી પરચો દીધો દયાળે, બીજો સુણ્યો જનપ્રતિપાળે ॥૧૫॥

ગામ કરાળીએ દોય ભાઈ, અજુભાઈ ને ગિરધરભાઈ ॥
દોય સ્વામિનારાયણ ભજે, જૂઠી જક્ત જંજાળને તજે ॥૧૬॥

ગયા ગઢડે નીરખવા નાથ, ગિરધર દાજીભાઈ સાથ ॥
તિંયા પ્રશ્ન કર્યો તે અનુપ, દિસે જીવનું કેવું સ્વરૂપ ? ॥૧૭॥

નોતો ઉત્તર દીધો તે દન, કાંઈ વિચારી પ્રાણજીવન ॥
પછી ગિરધરતણી ભોજાઈ, એનો અંતસમો આવ્યો ભાઈ ॥૧૮॥

એનો દેહ તજાવિયો નાથે, લીધો આત્મા તે હથેળીમાંથે ॥
તિંયા તેડિયો ગિરધરલાલ, એને દેખાડી કીધો નિહાલ ॥૧૯॥

છૂટે કિરણો સૂર્યસમાન, અતિ ચંચળ પ્રકાશમાન ॥
તેજે ઝળહળે સુખરૂપ, એવું આત્માનું દીઠું સ્વરૂપ ॥૨૦॥

પછી બોલિયા શ્યામ સુજાણ, જીવ આવો છે પ્રગટપ્રમાણ ॥
લઈ તે વાતને વ્રજભાઈ, આવ્યા કરાલીથી લોયામાંઈ ॥૨૧॥

કરી મહાપ્રભુના દર્શન, કીધી વાત થઈને પ્રસન્ન ॥
સુણી રાજી થયા સંત હરિ, ભારે વખાણી તે ફરી ફરી ॥૨૨॥

પછી માવ બોલ્યા મુખવાણી, આમાં જીવના હિતને જાણી ॥
લખ્યું જોઈએ સુંદર રીત, જેણે વાધે પ્રગટમાં પ્રીત ॥૨૩॥

જુઓ પ્રગટ થકી કલ્યાણ, સદ્ય પામશે પ્રાણી સુજાણ ॥
થાય પરોક્ષથી ભવપાર, એતો જન્માંતરે નિરધાર ॥૨૪॥

આને લખાય તો ઘણું સારું, એમાં ગમતું ઘણું અમારું ॥
થાય અજ્ઞાન તિમિર નાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે પરચા લખવાની રુચિ બતાવી એ નામે પંચાણુંમું પ્રકરણમ્ ॥૯૫॥

પ્રકરણ : ૯૬

પૂર્વછાયો :

લીલા લોયાધામમાં, કરે લેરી અપરંપાર ॥
કોટિ કવિ વર્ણન કરે, તોયે નાવે એનો પાર ॥૧॥

અકળ અનંત મૂરતિ, એને યથાર્થ કોણ કહી શકે ॥
નેતિ નેતિ નિગમો કહે, મનવાણી જાતાં થકે ॥૨॥

એવા શ્રીમહારાજની, કહું કાંઈક લીલા રસભરી ॥
ઝીણી ઝીણી વાતડી, સમજ્યા જેવી ખરેખરી ॥૩॥

ચોપાઈ :

પોષ વદી બીજતણે દન, રાતે શય્યામાં બેઠા જીવન ॥
એક કાગળ વંચાવ્યો ત્યાંય, પછી રોષ ધર્યો હરિરાય ॥૪॥

કહે મોટા મોટા તમે સંત, કેમ નથી કેતા ગુણવંત ? ॥
આવે જાય ઘણાં હરિજન, સહું જમે તે એક ભુવન ॥૫॥

એને ઘણાં દાણાં વવરાય, વળી જળ કેમ પૂરું થાય ? ॥
માટે જેને ઘેરે જાય જેહ, ખાય ગાંઠનું વાવરી તેહ ॥૬॥

એતો કનડવા નથી કીધું, પણ તમે હૃદે નથી લીધું ॥
વીત્યા પંદર વરસ એને, તોયે કીધું નહિ તમે કેને ॥૭॥

માટે બસે બસે ફેરો માળા, એમ બોલ્યા હરિ મરમાળા ॥
પછી સંત લાગી લાગી પાય, ઉઠ્યા માળા ફેરવવા ત્યાંય ॥૮॥

વળી ત્રીજતણી શુભ રાત, કહે સંતને શ્રીજગતાત ॥
એક જણે એમ નિમ લેવું, કથા ટાણે ઝટ ઉઠી કેવું ॥૯॥

સુણી બોલ્યા બ્રહ્માનંદ સ્વામી, રાખું એ નિમ હું બહુનામી ॥
તમ આજ્ઞા થકી હરિરાય, કથા ટાણે હું તેડું બધાય ॥૧૦॥

પછી બોલિયા શ્રીમહારાજ, જ્યારે ભૂલો તમે મુનિરાજ ॥
ત્યારે માળા ફેરો શત દોય, તેણે નિમે ચૂક પડે નોય ॥૧૧॥

સુણી બોલ્યા બ્રહ્મમુનિ ત્યાંય, તમવેણે કહું સુખદાય ॥
કહું તોય ઉઠે નહિ ત્યારે, વાંક મારો ન જાણો લગારે ॥૧૨॥

નાથ કહે નવ ઉઠે જેહ, બસો માળા ફેરે મુનિ તેહ ॥
એમ સભા બહુ સોહામણી, કીધી ડોલરિયે સંતતણી ॥૧૩॥

વળી અષ્ટમીએ શાક કરી, બોલ્યા હરખતે વેણ હરિ ॥
મળે જે જનને જેહ રૂપ, એના ધ્યાને થાય તદરૂપ ॥૧૪॥

એમ આપણે પણ નિદાન, હૃદે ધરો પ્રગટનું ધ્યાન ॥
તેના ગુણ ગાવો દિન રાત, જેમ પડે પટોળે શું ભાત ॥૧૫॥

વળી નોમ દિને અલબેલ, પ્રશ્ન ઉત્તર કરાવી છેલ ॥
કહે નાથ વેણ નિરમળ, જ્યારે તરવું સમુદ્ર જળ ॥૧૬॥

ત્યારે વાણતણું કામ પડે, તુંબડે તરતાં જળ નડે ॥
જાણો સમુદ્ર માયા નિદાન, કામ-ક્રોધાદિ મોઝા મહાન ॥૧૭॥

તિયા નારાયણતણું કામ, કાંતો એના આશ્રિતને હામ ॥
જીતે જન એજ બડભાગ, જેને પ્રગટ હરિ શું લાગ ॥૧૮॥

બીજા હોય ભલેને મહાન, પણ માયા કરે ગુલતાન ॥
એવી વાતું ઘણી ઘણી કીધી, એતો જને હૃદે ધરી લીધી ॥૧૯॥

વળી દશમે મનમોહન, આવ્યા વાડીએ લઈને જન ॥
ભાગવતતણી કથા કરી, ભૃગુ નંદી શ્રાપ સુણ્યો હરિ ॥૨૦॥

પછી બોલિયા શ્યામ સુજાણ, નથી દેખાતું એમાં કલ્યાણ ॥
આગે મોટા મોટા મહીપતિ, જેણે તન તાવ્યા અતિ અતિ ॥૨૧॥

પણ કામ-ક્રોધાદિની જીત, નો'તી મેળવી એણે પુનિત ॥
હવે જુઓ આપણે સત્સંગ, બાળ જુવા વૃદ્ધતણાં અંગ ॥૨૨॥

વરતે ખરા ખબડદાર, માર્યા કામ-ક્રોધાદિક ઠાર ॥
છતે દેહે શોભે મુક્ત જેવા, અહો અહો સત્સંગી છે કેવા ! ॥૨૩॥

એમ આગેના મુનિ ને મુક્ત, એથી અધિક નિયમજુક્ત ॥
આજ પ્રગટ ગૃહી ને સંત, કહે ઉમંગે શ્રીભગવંત ॥૨૪॥

એવી વાતું સુણી સહુ જન, થાય મને અતિશે મગન ॥
કેફે ડોલે ને ગાવે હુલ્લાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે સંતોને બસો માળાનો દંડ કર્યો ને પૂર્વ કરતાં આજના ભક્તો અધિક કહ્યા એ નામે છઠ્ઠું પ્રકરણમ્ ॥૯૬॥

પ્રકરણ : ૯૭

પૂર્વછાયો :

વળી સુણજયો વારતા, દિન એકાદશી રળિયાત ॥
કથા વંચાવી વાલમે, એમાં બહુ ભારે આવી વાત ॥૧॥

ત્યાર પછી અલબેલડો, કહે સુણો આપણો મત ॥
સાકાર ભજવા શ્રીહરિ, એવી ઝાલો સમજણ સત ॥૨॥

વળી જે જે શાસ્ત્રમાં, મૂરતિતણો નોઈ સ્થાપ ॥
મોટે મોટે એ ભલે કહ્યા, તોયે એને ત્યાગજો આપ ॥૩॥

ચોપાઈ :

વળી દ્વાદશીએ ભગવંત, દીઠા ઉપવાસી સહું સંત ॥
એને કાજે કરાવી રસોઈ, વળી શાક કર્યું પોતે સોઈ ॥૪॥

પછી થાળ જમીને દયાળ, આવ્યા પીરસવાને મરાળ ॥
ફર્યા પંગતમાં ત્રણ્ય વાર, ધર્યા મુનિએ હૃદા મોઝાર ॥૫॥

પછી સાંજ સમે સભામાંય, પ્રશ્ન પૂછીયો મોહનરાય ॥
કામ ક્રોધ લોભ મોહ એહ, આશા તૃષ્ણા હર્ષ શોક તેહ ॥૬॥

આવે વિમુખ જીવને જેમ, આવે મુમુક્ષુને પણ એમ ? ॥
ત્યારે મુક્તાનંદ મુનિરાય, કહે ભેદ ઘણો દોયમાંય ॥૭॥

મુમુક્ષુને વૈરાગ્ય અનુપ, એથી દોષ ના'વે દુઃખરૂપ ॥
સુણી બોલિયા શ્રીમહારાજ, કહો વૈરાગ્યનું રૂપ આજ ॥૮॥

સહુ પ્રકારે સહુનો ત્યાગ, મુનિ કહે એ માનું વૈરાગ ॥
ત્યારે શંકા કરી અલબેલ, કહે જુઓ પુરાણે જડેલ ॥૯॥

જોને તપ આદરી સૌભરી, કન્યા વર્યાતણી ઈચ્છા કરી ॥
પરણ્યા વળી નારી પચાસ, એમ પૂરી અંતરની આશ ॥૧૦॥

હતા મુમુક્ષુ એ ખરેખર, વળી ત્યાગમાં નો'તી કસર ॥
પછી મુનિએ ઘણે પ્રકાર, કર્યા ઉત્તર વારમવાર ॥૧૧॥

ત્યારે મુક્તમુનિ કહે શ્યામ, તમે સમજાવો સુખધામ ॥
સુણી બોલિયા શ્રીઅલબેલ, એતો જાણો પ્રારબ્ધનો ખેલ ॥૧૨॥

કાંતો જોર હરિઈચ્છાતણું, નથી વૈરાગ્યમાં ખોટ્ય અણું ॥
એમ વાતું ઘણી ઘણી કીધી, સંતે હૃદે સહું ધારી લીધી ॥૧૩॥

વળી તેરસને દિન શ્યામ, સાંજે સભા સજી સુખધામ ॥
તિંયા બેઠા દીઠા શેઠ એક, એને નાથે સુણાવ્યો વિવેક ॥૧૪॥

અમારો ઉદ્ધવી સંપ્રદાય, કીધું ઉદ્ધવને કૃષ્ણરાય ॥
એજ મતને માનીએ અમે, હોય ઈચ્છા તો પૂછજો તમે ॥૧૫॥

બોલ્યા વણિક શેઠ તે વાર, જુએ તમને સૌ એકતાર ॥
જોતાં મટકું ન ભરે નેણ, એવું કેમ કહો સુખદેણ ॥૧૬॥

વચ્ચે બોલ્યા બ્રહ્મમુનિરાય, કાંઈ માલ જાણ્યો હશે ત્યાંય ॥
જેમ ચાકર ને છડીદાર, રાય સમીપે રહે તૈયાર ॥૧૭॥

એમ અમે સામું જોયે છૈયે, ઝાઝું શું તમને શેઠ કૈયે ॥
ત્યારે શંકા કરી હરિરાય, શેઠ એમ કે'છે મુનિરાય ॥૧૮॥

રાજા આપે છે ધન અપાર, તોયે નથી એ ખબડદાર ॥
તમને ઘરબાર મુકાવે, વળી વગડે શું રખડાવે ॥૧૯॥

તોયે વચનમાં રહો કેમ, રહે શેઠને અંતરે એમ ॥
ત્યારે સુણી રહ્યા સહુ સંત, પછી બોલિયા શ્રીભગવંત ॥૨૦॥

ઉદે સૂર્યતણો જ્યારે થાય, સૂર્યમુખી ત્યારે હરખાય ॥
જ્યારે ચંદ્રમાં ચડે આકાશ, ત્યારે ચંદ્રમુખી કરે હાસ ॥૨૧॥

એનો સિદ્ધાંત સમજો એમ, સૂર્યચંદ્ર રામકૃષ્ણ તેમ ॥
અર્જુન ઉદ્ધવ જેવા અપાર, એની સામું જુવે એકતાર ॥૨૨॥

દત્તાત્રેય કપિલને જોઈ, સંત રાજી થાય મન મોઈ ॥
જાણો શેઠ આંહિ એજ ન્યાય, મુને જુએ છે સારી સભાય ॥૨૩॥

કે'વું હોય તે કહેજો આંઈ, કાલ્ય નહિ આવે નવરાઈ ॥
અમારા સંત ગામડા ભમે, ક્યાંય કે'દિ સારું નવ જમે ॥૨૪॥

એને કાલ્ય જમાડવા મારે, નિજહાથે કરી શાક ભારે ॥
સુણી શેઠને વાધ્યો ઉલ્લાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે મુક્તમુનિ સાથે પ્રશ્નોતરી કરી ને શેઠનો સંશય નિવાર્યો એ નામે સત્તાણુંમું પ્રકરણમ્ ॥૯૭॥

પ્રકરણ : ૯૮

પૂર્વછાયો :

લીલાચરિત્ર સોયામણાં, કરે મહાપ્રભુજી અપાર ॥
ગાતા સુણતાં આપણે, સહું ઉતરીએ ભવપાર ॥૧॥

નરતન ધરે નાથજી, જીવ અનેક તારવા કાજ ॥
બીજાને પડે જેમ પાધરું, તેમ વરતે શ્રીમહારાજ ॥૨॥

જમે જમાડે રમે રમાડે, વઢે વખાણે દયાળ ॥
સુખી થાવા નિજદાસને, કહે વચનઅમૃત રસાળ ॥૩॥

ચોપાઈ :

હવે સુણજો સહું સુજાણ, નિત્ય શાક કરે સુખખાણ ॥
દિન દિન વધે ઘણું શીત, નાથ તાપણું કરાવે નિત ॥૪॥

બોરડીના મૂળિયા મંગાવે, હોંશે હોંશે સહું જન લાવે ॥
મેલે સગડી ને કરે તાપ, તાપે જન ને જીવન આપ ॥૫॥

રહે પાછલી પહોર રાત, ત્યારે દાસ થઈ રળિયાત ॥
પ્રગટાવે અગ્નિ કાષ્ટમાંય, ટાઢય હરવાને દુઃખદાય ॥૬॥

એક સમે તે પ્રાતઃકાળ, નિત્યવિધિ પરવર્યા દયાળ ॥
પછી તાપવા બેઠા જીવન, સંગે સુરા ખાચર પાવન ॥૭॥

જીણાભાઈ સોમલા ખાચર, એહ આદિક ભક્તપ્રવર ॥
તાપે તાપણું ટાઢય નિવારે, બોલ્યા અલબેલો એમ ત્યારે ॥૮॥

સર્વોપરિ હરિભક્ત જેહ, આપત્કાળે ઓળખાય તેહ ॥
લિયે નિજતનની સંભાળ, એમ સાચવે મુનિ મરાળ ॥૯॥

તન મન ધન આદિ જેહ, રાખે સત્સંગ અરથે તેહ ॥
હરિ સંત હરિજનકાજ, તજે સુખતણો તે સમાજ ॥૧૦॥

ધન ધનાઢય સત્સંગીતણું, કામ ના'વે સત્સંગે જો અણું ॥
એતો તૂટેલું તળાવ જાણો, એનું નીર નકામું પ્રમાણો ॥૧૧॥

હરિ સંત હરિજનમાંય, જેને જેવો છે ભાવ સદાય ॥
તેવો પામી રહ્યા સહુ મોક્ષ, દિસે નજરે નથી પરોક્ષ ॥૧૨॥

મોક્ષતણું મૂળ ભાવ જાણો, ભાવમૂળ માહાત્મ્ય પ્રમાણો ॥
માહાત્મ્યનું મૂળ સંતસંગ, વળી સતશાસ્ત્રતણો રંગ ॥૧૩॥

સંત ને શાસ્ત્રતણાં કારણ, મહાપ્રભુજી દુઃખહરણ ॥
નથી પ્રભુજીનું મૂળ કોઈ, શોધી જુઓ લોકે વેદે સોઈ ॥૧૪॥

એમ વાત કરે હરિરાય, તિંયા શબ્દ પડ્યો કાનમાંય ॥
સુણી પ્રભાતી પદનું ગાન, રીઝ્યા રંગભીનો ભગવાન ॥૧૫॥

કહે જુસાજીને અવિનાશ, તમે જાઓને સંતનિવાસ ॥
કરો તપાસ કોણ આ સંત ? ગાય પ્રેમજુકત ગુણવંત ॥૧૬॥

પામી આદેશ પ્રભુજીતણો, જુસાજીને થયો મોદ ઘણો ॥
પછી આવ્યા ધર્મશાળા દ્વાર, જીંયા વસે મુનિઓ અપાર ॥૧૭॥

કોઈ મુનિને પૂછીયું એમ, કોણ સંત આ ગાવે સપ્રેમ ॥
દીધો ઉત્તર મુનિએ જ્યારે, પાછા ફર્યા જુસોજી તે વારે ॥૧૮॥

આવી પ્રભુને કીધા પ્રણામ, કહે સુણો સુણો સુખધામ ॥
મુકતમુનિતણાં શિષ્ય જેહ, ગાવે સિદ્ધાનંદ મુનિ તેહ ॥૧૯॥

સુણી નાથને વાધ્યો આનંદ, કહે પ્રેમે શું કરુણાકંદ ॥
બહું સારા તે ગાય કીર્તન, સુણી રીઝે પ્રભુતણું મન ॥૨૦॥

આ તો મોટી વાત કહેવાય, જેણે સાંભરે શ્રીહરિરાય ॥
હરિસ્મૃતિ છે ધન અખૂટ, એમાં ન પડે ભાગ કે લૂંટ ॥૨૧॥

ગાય પ્રેમે શું જે કીરતન, નક્કી સાંભળે તે ભગવન ॥
ગાતાં સંભારે મૂરતિ ચિત્ત, એને મળે રાજીપો અમિત ॥૨૨॥

પ્રભુ ન વસે વૈકુંઠમાંય, યોગી હૃદયે ન વનમાંય ॥
જાંયા પ્રેમે ગાય નિજદાસ, તિંયા પ્રભુજી કરે નિવાસ ॥૨૩॥

કૃતયુગે થાય હરિધ્યાન, ત્રેતામાંહિ તે મખ નિદાન ॥
દ્વાપરે સેવાએ રીઝે નાથ, કળિ કરે કીર્તને સનાથ ॥૨૪॥

ગાતાં ગાતાં વધે હરિહેત, નિશદિન માહાત્મ્ય સમેત ॥
કર્મ સઘળા પામે વિનાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે આધારાનંદ સ્વામીની કીર્તનભક્તિ વખાણી એ નામે અઠ્ઠાણુંમું પ્રકરણમ્ ॥૯૮॥

પ્રકરણ : ૯૯

પૂર્વછાયો :

ચરિત્ર શ્રીઅવિનાશના, અતિ અકળ અનંત અપાર ॥
મન વાણી પહોંચે નહિ, એનો કેમ કરું નિરધાર ॥૧॥

સાત સમંદર શાહી કરુ, કરુ કલમ સહુ વનરાઈ ॥
પૃથ્વીતણો કાગદ કરુ, તોયે ચરિત્ર લખ્યા ન જાઈ ॥૨॥

આકાશનો પાર પામવા, કોઈ મચ્છરિયું ભરે ફાળ ॥
એજ ગતિ છે માહેરી, સહુ માનજ્યો શ્રોતા મરાળ ॥૩॥

ચોપાઈ :

શાકલીલા કરે હરિરાય, જન જમી બહુ હરખાય ॥
હોય જે કાંઈ ઘૃત-વૃંતાક, કરે અલબેલો એનું શાક ॥૪॥

ઘૃત વાવરે મણ દ્વાદશ, કે'દિ નવ વળી અષ્ટાદશ ॥
એમ વૃંતાકનું પરિમાણ, નોય નક્કી કાંઈ જો સુજાણ ॥૫॥

પણ એટલું જાણો જરૂર, હોય શાકે સ્વાદ ભરપૂર ॥
જ્યારે કરે સ્વયં કિરતાર, ત્યારે ખોટ્ય ન રહે લગાર ॥૬॥

દેશદેશના જે હરિજન, આવી નીરખે પ્રાણજીવન ॥
આપી રસોઈ કરાવે શાક, જમે સહુ તજી પરા પાક ॥૭॥

કોઈ નિજગૃહથકી ઘૃત, કોઈ લાવે વૃંતાક અમિત ॥
દઈ દામને ખરીદે કોઈ, એમ થાય શાકની રસોઈ ॥૮॥

આવે ગઢપુરથકી નિત, નવલાં ફૂલહાર ખચિત ॥
તેણે પૂજે હરિ વળી સંત, એમ લા'વો તે લિયે અત્યંત ॥૯॥

જેમ કહે મુનિ મુક્તાનંદ, તેમ પૂજાવે આનંદાનંદ ॥
પે'લા નાથ પછી દોય ભાઈ, કેડ્યે વર્ણી સંત સુખદાઈ ॥૧૦॥

જન શાકની પ્રસાદી જેહ, સૂકવે પનવાડે શું તેહ ॥
એને નિજઘેર લઈ જાય, જાણી પ્રસાદનો મહિમાય ॥૧૧॥

સુણો એક દન તણી વાત, આવ્યા આત્માનંદ મુનિ ભ્રાત ॥
ગઢપુરથી લાવેલા એહ, શણગાર સુમનના તેહ ॥૧૨॥

સુરા ખાચરને દરબાર, મુખ ઉગમણે નિરધાર ॥
મંચ ઉપર બિરાજે શ્યામ, શોભે શ્વેત વસ્ત્રા સુખધામ ॥૧૩॥

તિંયા આવીને કીધા પ્રણામ, ભાયાત્માનંદજીએ અકામ ॥
હૈયે ધરી ઉમંગ અપાર, કંઠે આરોપ્યા ફૂલના હાર ॥૧૪॥

બાંધ્યો ફૂલતોરો પાઘમાંય, હાથે ફૂલગજરો સોહાય ॥
બાંયે બાંધ્યા રૂડા બાજુબંધ, એનો છાયો ચોફેર સુગંધ ॥૧૫॥

બની સોહામણી તે શોભાય, જન જોઈ અતિ હરખાય ॥
પછી હસ્યા અલબેલ બહુ, જોઈ હેતે ફૂલશોભા સહુ ॥૧૬॥

થયું પંગત્ય ટાણું તે વાર, બેઠા ચાકળે પ્રાણઆધાર ॥
લઈ પાત્રા તિંયા આવે સંત, શાક પીરસે શ્રીભગવંત ॥૧૭॥

પછી બેસે પંગતમાં જઈ, તિંયા રોટલીયું આવે સઈ ॥
આવ્યા ભાયાત્માનંદજી ત્યાંય, અતિ તપસ્વી ને વૃદ્ધકાય ॥૧૮॥

એને નાથ કહે લિયો ભાઈ, સ્વાદુ શાક મહાસુખદાઈ ॥
સુણી બોલિયા ભાયાત્માનંદ, મરચા વિહોણું સુખકંદ ॥૧૯॥

શાક હોય તો લૈયે દયાળ, ત્યારે કહે મુનિપ્રતિપાળ ॥
દિસે શાક આ તપેલામાંય, એમાં મરચાં નથી જરાય ॥૨૦॥

પછી ડંકો ભરી નિજહાથે, દીધું મુનિને શ્રીમુનિનાથે ॥
જોઈ મરજી મહારાજતણી, ભાઈસ્વામીએ ના નવ ભણી ॥૨૧॥

બીજે દન પૂછ્યું વૃષલાલ, કેવા દુર્ગપુરે હાલ-ચાલ ? ॥
સુણી બોલિયા ભાયાત્માનંદ, વાત વિસ્તારીને મુનિઈન્દ ॥૨૨॥

ત્યારે નાથ કહે મુનિરાય ! સિધાવો ગઢડે તમે ભાય ॥
પછી મુનિ ચાલ્યા થોડે પંથે, એને પાછા વાળ્યા મુજકંથે ॥૨૩॥

લેશ સંશે નથી મનમાંય, કેવા મહામોટા મુનિરાય ! ॥
જોજો મને વિચારજયો વાત, આતો વચનમૂર્તિ સાક્ષાત ॥૨૪॥

એવું થાવું આપણે જરૂર, દ્રઢ નિશ્ચય ધારજયો ઉર ॥
પછી હૈયે થાશે હરિવાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે ભાયાત્માનંદ સ્વામી શાકોત્સવમાં આવ્યા એ નામે નવ્વાણુંમું પ્રકરણમ્ ॥૯૯॥

પ્રકરણ : ૧૦૦

પૂર્વછાયો :

હરિચરિત્ર અમૃત છે, વિષ વિષયવાત જરૂર ॥
ચિંતવતા આ ગ્રંથને, જાશે મોહમાયાનું પૂર ॥૧॥

હરિચરિત્ર ને હરિમૂરતિ, વળી હરિનામ સુખકંદ ॥
ત્રણેય એકસમાન એમાં, ભેદ જાણે મતિમંદ ॥૨॥

હવે લીલાની વાતડી, સહુ સુણજયો શ્રોતા તમામ ॥
રસોયારૂપ હરિએ ધર્યું, થયા પૂજારી સુખધામ ॥૩॥

ચોપાઈ :

સુરા ખાચરને દરબાર, બિરાજે પ્રભુ પ્રાણઆધાર ॥
શાકલીલા કરે નિત નિત, કહે વચનામૃત પુનિત ॥૪॥

અતિ આનંદ ઉત્સવ થાય, જન મે'રામણ ઉભરાય ॥
સહુ લોક કરે જેજેકાર, સુણી નૃપ હરખે અપાર ॥૫॥

એક દન કહે અવિનાશ, મુજ મનની પૂરોને આશ ॥
અમે લીધી મૂર્તિયું સમાય, સહુ મેલી ગઢપુરમાંય ॥૬॥

લાવો એહમાંથી કૃષ્ણરાય, સંગે રાધિકાજી સુખદાય ॥
ત્યારે દાસ કહે ઘણું સારું, નાથ ! કરીએ ગમતું તમારું ॥૭॥

પછી ગાડાં મેલી ગઢપુર, મંગાવી મૂર્તિયું તે જરૂર ॥
આવ્યા લોયે રાધાકૃષ્ણરાય, પધરાવિયા ઓરડામાંય ॥૮॥

તેણે છાયો અતિશે આનંદ, થયા પૂજારી શ્રીસુખકંદ ॥
પ્રભુ પોતે તો પુરુષોત્તમ, કરે માનુષી લીલા ત્રિકમ ॥૯॥

એતો લોકને શીખાવા કાજ, આદર્યું ચરિત્ર મહારાજ ॥
નિત્ય પ્રાતઃકાળે શ્રૃંગાર, રૂડાં ધરાવે ધર્મકુમાર ॥૧૦॥

કરી આરતીને હરિરાય, ફેલાવે નિજ દોનું ભુજાય ॥
તેંયે મેલીને પ્રતિમાભાવ, અતિ હેતે ભેટે નંદરાવ ॥૧૧॥

નરી આંખે દેખી આ મિલન, થાય ધન્ય ધન્ય સહું જન ॥
પછી દોયતણો જેજેકાર, ઉચ્ચ સ્વરે કરે શું અપાર ॥૧૨॥

પછી શાક સુધારાવા કાજ, જાય ઉમંગે શ્રીમહારાજ ॥
પોતાને હેત શ્રીકૃષ્ણ માથ, તેથી વારે વારે કૃપાનાથ ॥૧૩॥

કૃષ્ણમુખ જોવા આવે ત્યાંય, નીરખીને અતિ હરખાય ॥
કે'દિ હળદીવાળા નિજહાથે, ભેટે શ્રીકૃષ્ણને ભરી બાથે ॥૧૪॥

વળી શાક સંભાળવા જાય, ફરી આવી મળે હેતમાંય ॥
એમ મળતાં વારમવાર, હરિ હેત દેખાડે અપાર ॥૧૫॥

સેવા-પૂજામાં કોઈ કચાસ, નવ રે'વા દિયે અવિનાશ ॥
કરી આરતીને સુખધામ, સ્તુતિ ઉચ્ચારે પૂરણકામ ॥૧૬॥

નમું નમું શ્રીગોલોકપતિ, રમો રાધિકા સંગે સુમતિ ॥
રાસલીલા મહાસુખદાય, નમું રાધાપતિ કૃષ્ણરાય ॥૧૭॥

ધન્ય ધન્ય પિતા વસુદેવ, ધન્ય દેવકી માતા સદેવ ॥
તિંયા પ્રગટ્યા શ્રીયદુરાય, નમું રાધાપતિ કૃષ્ણરાય ॥૧૮॥

નંદ-યશોદાને દીધાં સુખ, ગોપ-ગોપીતણાં હર્યા દુઃખ ॥
માર્યો કંસને મથુરામાંય, નમું રાધાપતિ કૃષ્ણરાય ॥૧૯॥

કીધી કુબજા તમે સનાથ, વસ્યા બેટમાં દ્વારિકાનાથ ॥
હણ્યો દૈત્યતણો સમુદાય, નમું રાધાપતિ કૃષ્ણરાય ॥૨૦॥

પરણ્યા સોળ સહસ્ર નારી, લીધા પાંડવ તમે ઉગારી ॥
પૂરી પાંચાળીને ચીરમાંય, નમું રાધાપતિ કૃષ્ણરાય ॥૨૧॥

મેલી મોરલીને યદુનાથ, પાંચજન્ય ફૂંક્યો પાર્થકાજ ॥
મોહ નિવાર્યો કહી ગીતાય, નમું રાધાપતિ કૃષ્ણરાય ॥૨૨॥

યદુકુળનો કીધો સંહાર, તમે લીલા સંકેલી તે વાર ॥
બોળી દ્વારિકાને જળમાંય, નમું રાધાપતિ કૃષ્ણરાય ॥૨૩॥

સુખદુઃખ સહો નિજતન, નિજજનને કાજ જીવન ॥
મહાહિતકારી છો સદાય, નમું રાધાપતિ કૃષ્ણરાય ॥૨૪॥

એમ સ્તુતિ કરે મુદભર, પછી થાળ ધરે હરિવર ॥
એને લીલા જાણે સહુ દાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે શ્રીહરિ રાધાકૃષ્ણદેવના પૂજારી થયા એ નામે સોમું પ્રકરણમ્ ॥૧૦૦॥

પ્રકરણ : ૧૦૧

પૂર્વછાયો :

રાધાકૃષ્ણની મૂરતિયું, પધરાવી લોયામાંય ॥
પૂજારીલીલા નાથની, જોઈ મુનિમન હરખાય ॥૧॥

ક્યારેક ક્યારેક કૃષ્ણજી, તજી પૂરણ પ્રતિમાભાવ ॥
વરતે હરિવર સાથમાં, જોઈ જનને થાય લગાવ ॥૨॥

સુરા ખાચર નિજમનમાં, કરે મંદિર થાવા કોડ ॥
બિરાજશે ઈંયા રાધિકા, સંગે દ્વારિકાપતિ રણછોડ ॥૩॥

ચોપાઈ :

હરિ શાક કરી નિજહાથ, હેતે જમાડે રાધિકાનાથ ॥
સહુ મુનિ મળી ગાય થાળ, સુણી અતિશે રીઝે દયાળ ॥૪॥

વિધિવિધનાં વાજંત્રા વાગે, કરે ઉચ્છવ મૂરતિ આગે ॥
બહું લાડીલો લાડ લડાવે, એને કે'તા કેમે પાર ના'વે ॥૫॥

ક્યારે સ્તુતિ કરે હરિવર, ક્યારે પૂજે તે પ્રેમસભર ॥
ક્યારે ભેટે અતિ પ્રેમસાથ, ક્યારે દંડવત કરે નાથ ॥૬॥

જોઈ લીલાને આશ્રિત જન, અતિ દ્રઢાવે નિશ્ચય મન ॥
બાળ ખેલે પ્રતિબિંબ સાથ, એમ લીલા કરે કૃપાનાથ ॥૭॥

દેશદેશાંતરતણાં જન, આવી હેતે કરે દરશન ॥
જમે શાક હરિહાથતણું, થાય ન્યાલ તે વખાણે ઘણું ॥૮॥

તિંયા મૂળીતણાં દરબાર, આવ્યા રામાભાઈ પરમાર ॥
સંગે રામકૃષ્ણ દયારામ, વિપ્ર કુબેરજી સુખધામ ॥૯॥

ઘેલા જોષી વળી દાદાભાઈ, એહાદિ આવિયા લોયામાંઈ ॥
થયા આનંદે શું ગરકાવ, લીધો મહાઅલૌકિક લા'વ ॥૧૦॥

તિંયા રહ્યા થોડા-ઘણાં દન, પછી ચાલવાનું કીધું મન ॥
શીખ માગીને કીધી વિનતિ, મૂળી પધારો હે પ્રાણપતિ ! ॥૧૧॥

કરો મૂળીમાં મંદિર શ્યામ, ઝાલાવાડ કાજે સુખધામ ॥
પધરાવોને પ્રગટ દેવ, સ્નેહે સજીએ સુંદર સેવ ॥૧૨॥

તેંયે બોલિયા પ્રાણજીવન, અમે પંચાળે જાવા વચન ॥
દીધું જીણાભાઈને સુપ્રીતે, હવે મૂળી આવું કઈ રીતે ? ॥૧૩॥

હેતભાવ તમારો અપાર, નહિ નિરાશ કરું લગાર ॥
રાધાકૃષ્ણદેવ મુજ સાટે, લઈ જાઓ પૂજો ભલી ભાંતે ॥૧૪॥

કરાવીને મંદિર અનૂપ, પધરાવીશું દેવસ્વરૂપ ॥
થાશે સુખી ઝાલાવાડી સહુ, દેવસેવાપ્રતાપે તે બહુ ॥૧૫॥

સુણી મૂળીપતિ રામાભાઈ, અતિશે હરખ્યા મનમાંઈ ॥
તેડ્યો ઘેલા જોષી સંગ રથ, રૂડો સાધવાને મનોરથ ॥૧૬॥

એના રથમાં દેવ મુકાવ્યા, પછી મૂળીવાસીને વળાવ્યા ॥
દોય માસ રહ્યા દેવ ત્યાંય, પછી લોયેથી લીધી વિદાય ॥૧૭॥

જોઈ રહ્યા લોયાવાસી જન, નવ ઉચ્ચર્યા એક વચન ॥
છૂટી સુરા ભક્તતણી ધીર, આવ્યા નેણે નિરમળ નીર ॥૧૮॥

કીધો લેશ ન ક્લેશ-કંકાશ, પણ પીર જાણી અવિનાશ ॥
આપી ધીરજ ધર્મકુમાર, કહે સખા ! સુણોને લગાર ॥૧૯॥

આંહિ થાશે મંદિર મહાન, એમાં અમે રે'શું જો નિદાન ॥
સુણી રાજી થયા લોયાધીશ, કહે ભલે ભલે જગદીશ ॥૨૦॥

પછી વિતતે થોડેરે કાળ, કીધો સંકલ્પ દીનદયાળ ॥
કાઠિયાવાડે મંદિર એક, મુજહાથે કરાવું વિશેક ॥૨૧॥

એની જાયગા જોવાને કાજ, ઠેકઠેકાણે ફર્યા મા'રાજ ॥
તેંયે પધાર્યા લોયે કૃપાળ, જોઈ જાયગા બોલ્યા તે કાળ ॥૨૨॥

સુણો સુણો સહુ ધરી નેહ, ઊંચા મંડાણની વાડી જેહ ॥
તિયા થાશે જો ઊંચા મંડાણ, બિરાજીશું યાં અમે સુજાણ ॥૨૩॥

એતો સત્ય દિસે કહું આજ, કહ્યું પૂર્વે મુખે મહારાજ ॥
કદિ પશ્ચિમ સૂરજ ઉગે, પણ નાથવેણ નવ ફગે ॥૨૪॥

આજ મંદિર થાયે અનુપ, એહ સ્થાને મહાસુખરૂપ ॥
તિંયા બિરાજશે અવિનાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે રાધાકૃષ્ણદેવ મૂળી મોકલ્યા એ નામે એકસો ને એકમું પ્રકરણમ્ ॥૧૦૧॥

પ્રકરણ : ૧૦૨

પૂર્વછાયો :

હરિચરિત્ર ચિંતવતા, મને વાધે મોદ અપાર ॥
ઘાટ ટળે રજ-તમતણાં, માટે સુણજયો ધરીને પ્યાર ॥૧॥

જેવા ચરિત્ર મેં જાણીયા, સંત-શાસ્ત્ર થકી હુલ્લાસ ॥
તેવા વરણવું વાલપ્યે, અનુક્રમતણો તજી ત્રાસ ॥૨॥

લોયાધામની ધરણીમાં, કરે શાકલીલા હરિરાય ॥
કાંઈક લીલા વિસ્તરી, હવે કહું સંક્ષેપમાંય ॥૩॥

ચોપાઈ :

જાગે પ્રભુજી ચોથે પ્રહર, નાય ઉને જળે હરિવર ॥
કેદિ ધોતલી પેરે દયાળ, કેદિ રૂ ભરેલો સુરવાળ ॥૪॥

પેરે ગરમ પોસ ડગલી, રંગે રાતી વળી રૂપે ભલી ॥
કેદિ ધોળી છીંટ કેરી પેરે, કેડ્યે શેલું શું બાંધે સુપેરે ॥૫॥

વળી ઓઢે સફેદ ચોફાળ, પાઘે બોકાની વાળે દયાળ ॥
કેદિ ફેંટે છોગલું શોભાવે, જોઈ મુનિમન ઘણું ભાવે ॥૬॥

દેખી દર્પણે તિલક કરે, મધ્યે કુંકુમ ચાંદલો ધરે ॥
નિત્યકર્મ કરી કૃપાનાથ, કેદિ શાક કરે નિજહાથ ॥૭॥

જમી થાળ લિયે મુખવાસ, રણછોડ સુરાણીને વાસ ॥
બેસે ઓસરીની પડસાળ, પછી પંગતે આવે દયાળ ॥૮॥

સંઘા ભક્તને ફળિયે નિત, બેસે મુનિમંડળી ખચિત ॥
તિંયા ઉતાવળે અલબેલ, પાંચ વાર તે પીરસે છેલ ॥૯॥

દિયે અમૃતમધુર શાક, કેદિ ઘણાં ઘૃતભર્યા પાક ॥
પાકી રસોઈ પીરસે નાથ, કાચી ભણનારા લિયે હાથ ॥૧૦॥

પછી ઉને જળે ધોઈ કર, બેસે ઓસરીએ હરિવર ॥
તિંયા પૂજા લાવે હરિજન, એને ભાવે ગ્રહે ભગવન ॥૧૧॥

સાંજ-સવાર સજે સભાય, એમાં શ્લોક ઉચ્ચરાવે કાંય ॥
ગોપીગીત ને જુગલગીત, વળી કીર્તન બોલાવે મિત ॥૧૨॥

પ્રશ્ન-ઉત્તર કરે કરાવે, વાતું રહસ્યતણી સુણાવે ॥
કેદિ શતાનંદ મુનિ પાસ, કરે એકાંતે ગ્રંથ તપાસ ॥૧૩॥

ટાઢય નિવારવાને જીવન, તાપે સગડીયે કોઈ દન ॥
ત્યારે સુરાદિ સખા સંગાથ, માંડે વાતડીયું કૃપાનાથ ॥૧૪॥

ઘોળી સાકર તે દૂધમાંય, નિત મોકલાવે શાંતિબાઈ ॥
એને પીવે નાથ નિજહાથ, દૂધદોરો પડે હોઠમાથ ॥૧૫॥

પછી કોગળા કરીને શ્યામ, તજ-લવિંગ લે સુખધામ ॥
પોઢે શય્યાએ સુખકરણ, સુરો ખાચર ચાંપે ચરણ ॥૧૬॥

કેદિ વાડીએ શ્રીઅવિનાશ, વતું કરાવે ગોવિંદ પાસ ॥
દિયે પ્રસાદીના નખ-કેશ, દિસે પ્રેમીજન જો વિશેષ ॥૧૭॥

આવે દેશોદેશતણાં દાસ, એની રૂડી રાખે બરદાશ ॥
સંઘા પાસે અપાવે ઉતારા, જેને જેમ ઘટે તેમ સારા ॥૧૮॥

આવે સોની મહાજન જેહ, રાખે લીલાધર ઘેરે તેહ ॥
એને કૃપા કીધી પ્રાણપતિ, દળી દારિદ્રય દીધી સંપતિ ॥૧૯॥

વધ્યું લોકે સનમાન બહુ, બીજો ભગો દોશી કહે સહુ ॥
એતો પ્રભુજીતણો પ્રતાપ, જાણ્યો સોની લીલાધરે આપ ॥૨૦॥

દવે કૃષ્ણ વઢવાણતણાં, એને તેડી હેતે ઘણાં ઘણાં ॥
સુણી પ્રહલાદગીતા સુપ્રીતે, ન્યાલ કીધા વિપ્ર રૂડી રીતે ॥૨૧॥

ગામ વેલાલ રહે પાવન, નામ વખતબા પ્રેમીજન ॥
લાવ્યા પુંવા ને દૂધસાકર, બહુ ભાવે જમ્યા તે ભૂધર ॥૨૨॥

લાલદાસ આદિ હરિજન, આવ્યા શ્રીપુરથી કોઈ દન ॥
કીધી પૂજા ભારે બહુવિધિ, નેહે નીરખ્યા શ્રીશોભાનિધિ ॥૨૩॥

મુનિ આનંદે કીધી આરતિ, ધામ-ધામનાં મુક્ત સુમતિ ॥
આવી કરે બહુ જેજેકાર, પૂજે પ્રભુજીને વારંવાર ॥૨૪॥

એતો સમાધિવાળા જ દેખે, બીજાને તો એ વાતું અલેખે ॥
એમ લોયે રમે અવિનાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે સંક્ષેપમાં હરિચરિત્ર કહ્યા એ નામે એકસો ને બીજું પ્રકરણમ્ ॥૧૦૨॥

પ્રકરણ : ૧૦૩

પૂર્વછાયો :

શુભમતિ સહું સાંભળો, દોઉ મળ્યા જે ભ્રાત ॥
ઈચ્છારામ રામપ્રતાપજી, એ સુણી થાશો રળિયાત ॥૧॥

વિયોગ અઠ્ઠાવીસ વર્ષનો, તે ટળ્યો લોયામાંય ॥
સંતકૃપા થકી મળ્યા, જગજીવન શ્રીહરિરાય ॥૨॥

મોહનજી મળ્યા પછી, વળી બની જે જે વાત ॥
સાંભળજો સાવધાન થઈ, હું કહું ધરી ખૂબ ખાંત ॥૩॥

ચોપાઈ :

આણે સમે લોયાપુરમાંય, ત્રણ માસ રહ્યા સુખદાય ॥
હરિજન દેતા જે રસોઈ, એમાં શાક કરે પોતે સોઈ ॥૪॥

વળી પીરસી જમાડે સંત, એવું વ્રત લીધું ભગવંત ॥
આગે વડી વિસ્તારી એ વાત, આંહિ સંક્ષેપે કહીશ ભ્રાત ॥૫॥

ઝાલાવાડે ખોલડિયાદ ગામ, એના મુખીનું મૂળજી નામ ॥
માગશર સુદી ચોથ દન, એની રસોઈ લીધી પાવન ॥૬॥

હેતે જમ્યા હરિવર થાળ, પછી પંગતે બેઠા મરાળ ॥
અતિ ઉમંગે પીરસે નાથ, તિંયા આવ્યા બે સંત સંગાથ ॥૭॥

ભાવાનંદ ને સગુણાનંદ, દોય મૂરતિ તે મુનિઈન્દ ॥
જીંયા શોભે છે સંત પંગત, પ્રેમે તિંયા કીધા દંડવત ॥૮॥

પછી બોલ્યા સુધાસમ વાણ, તમે સાંભળો શ્યામ સુજાણ ॥
અમે દેવા આવ્યા વધામણી, ઈચ્છારામજીના આવ્યાતણી ॥૯॥

આપતણા લઘુ ભ્રાત જેહ, વટપત્તનથી આવે તેહ ॥
એહ સંગે ત્યાંના હરિજન, આવે ઉમંગે પ્રાણજીવન ॥૧૦॥

જ્ઞાનાનંદજીના સુખદાઈ, દિસે એહ સંગે ત્રણ્ય ભાઈ ॥
આવ્યા વડોદરાથકી અમે, નાથ ! હવે સંભાળી લ્યો તમે ॥૧૧॥

ત્યારે બોલિયા પ્રાણજીવન, એની સ્મૃતિ નથી મુજ મન ॥
પણ મોટાભાઈ જે અમારા, એ તો અંતરે સાંભરે સારા ॥૧૨॥

સુણી અલબેલાના વચન, મોટેરા મોટેરા મુનિજન ॥
મુક્તમુનિ ને આનંદાનંદ, બ્રહ્માનંદ વળી નિત્યાનંદ ॥૧૩॥

શુકાનંદ મોટા આત્માનંદ, ગોપાળાનંદાદિ જગવંદ ॥
એ તો રીઝીયા અપરમપારી, મને ઉત્સાહ વાધ્યો જો ભારી ॥૧૪॥

પછી પીરસે છે પ્રેમસાથ, બહુ જોરે જમાડે છે નાથ ॥
આવ્યા તિંયા ઈચ્છારામભાઈ, જેને અતિ હેત હરિમાંઈ ॥૧૫॥

કીધા ભાવે શું દંડપ્રણામ, કર જોડી ઉભા તે અકામ ॥
પછી દીઠા સંતજને ભાઈ, અહો મૂરતિ શું સુખદાઈ ॥૧૬॥

નાથ જેવા શોભે ભીનેવાન, જાણું બીજે રૂપે ભગવાન ॥
ચંદ્રસમાન મુખકમળ, નેત્ર અણિયાળા નિરમળ ॥૧૭॥

વક્ષઃસ્થળ ને ભાલ વિશાળ, નાસા જયોતસમી અણિયાળ ॥
મિતભાષી ને શાંત સ્વભાવ, જાણે શીતળ મૂરતિ માવ ॥૧૮॥

જોઈ નાથસમાન આકૃતિ, નિશ્ચે જાણ્યું આ ભાઈ સુમતિ ॥
ઈચ્છારામને ઉર અપાર, હરિસંગે હેત નિરધાર ॥૧૯॥

એને ઉર રહે એમ આશ, મુજ સામું જુવે અવિનાશ ॥
પણ નાથે ન જોયું લગાર, એથી દુઃખી થયા પારાવાર ॥૨૦॥

માંડ્યું રુદન કરવા અતિ, તોયે ચળ્યા નહિ પ્રાણપતિ ॥
મહાદયાળુ મૂરતિ શ્યામ, થયા કઠોર તે સુખધામ ॥૨૧॥

કર ધોઈને આવ્યા ઓસરી, મુખે લાગણી ન દિસે જરી ॥
જોઈ રડતા શ્રીઈચ્છારામ, સંત વિહવળ થયા તમામ ॥૨૨॥

ત્યારે મમતાતણી મૂરતિ, મુનિ મુક્તાનંદ મહામતિ ॥
એને ઉર ઉપજી શું દયા, જમતાં જમતાં ઊભા થયા ॥૨૩॥

જળ પીને ધોયા નિજકર, ભાઈ સમીપે તે સુખકર ॥
આવી હાથ ઝાલ્યો ભાઈતણો, તેણે ભાઈ પામ્યા હર્ષ ઘણો ॥૨૪॥

તેડી ગયા અલબેલા પાસ, પછી ઉચ્ચરિયા અરદાસ ॥
ભાઈને બોલાવો અવિનાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે ઈચ્છારામભાઈ લોયા આવ્યા એ નામે એકસો ને ત્રીજું પ્રકરણમ્ ॥૧૦૩॥

પ્રકરણ : ૧૦૪

પૂર્વછાયો :

ત્યારપછીની વારતા, તમે સાંભળો સહુ સુજાણ ॥
સંઘા પટેલની ઓસરીએ, બેઠા પલંગે સુખખાણ ॥૧॥

મસ્તક ઉપર્ય શોભતી, રૂડી શ્વેત પાઘ બાંધેલ ॥
શ્વેત ધોતલી શું કહું, કસી કમરે અલબેલ ॥૨॥

શ્વેત પછેડી ઓઢી વળી, કરમાંય શ્વેત રૂમાલ ॥
એ છબી જે જન નીરખે, તે પળમાં થાય નિહાલ ॥૩॥

ચોપાઈ :

સહું શ્વેત વસ્ત્રમાંહિ વળી, ભાસે પીત રંગ રહ્યો મળી ॥
એ તો હળદીતણો પ્રકાશ, શાકલીલાનો સાક્ષી એ ખાસ ॥૪॥

લેશ પીત-શ્વેત વસ્ત્રમાંય, શોભે શ્યામ તનુ સુખદાય ॥
પણ ગંભીર મુદ્રા છે મુખ, તેણે હર્યા સહુતણાં સુખ ॥૫॥

એવે સમે મુક્તમુનિરાય, ઝાલી ઈચ્છારામતણી બાંય ॥
આવ્યા ઓસરીયે સુખધામ, જીંયા બિરાજે પૂરણકામ ॥૬॥

ધીમે ધીમે એક-એક સંત, આવી બેઠા તિંયા ગુણવંત ॥
સહું અંતર વિચારે એમ, હવે નાથ બોલશે કે કેમ ? ॥૭॥

વર્ષાકાળમાંહિ સંધ્યાસમે, કોટિ જીવડાં ઉપજે શમે ॥
એમ ઘાટ-સંકલ્પ અપાર, ઘડવા લાગ્યા સહું તે વાર ॥૮॥

પછી મહામુનિ મુક્તાનંદ, કહે સાંભળો હે સુખકંદ ! ॥
આવ્યા બંધુ ઈચ્છારામભાય, એને બોલાવોને હરિરાય ॥૯॥

ત્યારે ઉચ્ચરિયા અવિનાશ, સુણો સ્વામીજી વચન ખાસ ॥
અમારે તો નથી કોઈ ભાઈ, સહુ સગા ખરા દુઃખદાઈ ॥૧૦॥

સુણી વાલમના મુખવેણ, અતિ તીખા મહાદુઃખદેણ ॥
છૂટી ઈચ્છારામતણી ધીર, માંડ્યું રુદન જોરે અચિર ॥૧૧॥

ભરે હિબકા વારમવાર, પણ નાથ ન ગળે લગાર ॥
જોઈ નીર આવ્યા સંતનેણ, ત્યારે કૃપા કરી સુખદેણ ॥૧૨॥

કહે ઈચ્છારામને તે સમે, આવું રુદન કાં કરો તમે ? ॥
મારે નથી કોઈ ઓળખાણ, જેણે પડે તમારી પીછાણ ॥૧૩॥

પૂછુ જે જે પ્રશ્ન હું તમને, એનો ઉત્તર આપો જો મને ॥
તો હું માનું તમે મુજભાઈ, એ વિના કેમ જોડું સગાઈ ॥૧૪॥

પછી પૂછી પ્રશ્ન દસ-બાર, અટકી રહ્યા પ્રાણઆધાર ॥
ત્યારે બોલ્યા ઈચ્છારામભાઈ, સુણો વાત કહું સુખદાઈ ॥૧૫॥

માયાજીતાનંદ જેહ સંત, આપ ઈચ્છાએ તે ગુણવંત ॥
કીધી અમપર કૃપા અતિ, શોધી લીધા અમોને સુમતિ ॥૧૬॥

દીધા એણે આપના એંધાણ, ત્યારે જણાણા તે સુખખાણ ॥
વળી ચરિત્ર ગાયા અપાર, તેણે વૃત્તિ થઈ એકતાર ॥૧૭॥

પછી નવ રુચ્યા ખાન-પાન, લાગ્યું તવ મૂરતિએ ધ્યાન ॥
વળી સુતા વાધે જે સ્વપન, તિંહા આપને દેખુ જીવન ॥૧૮॥

વર્ષ અઠ્ઠાવીસનો વિયોગ, ટળ્યો આજ મળ્યો શુભ યોગ ॥
એમ કહેતા ઉત્તર દીધા, ત્યારે હરિએ ઓળખી લીધા ॥૧૯॥

પછી ઘણે હેતે સુખધામ, લીધા બાહુપાશે ઈચ્છારામ ॥
થયા રોમ રોમ પુલકિત, નાના ભાઈને હર્ષ અમિત ॥૨૦॥

જાણે નિર્ધનને મળ્યુ ધન, જડ્યું ખોવાયેલું જે રતન ॥
ટળ્યા ટળ્યા દન ઉપવાસી, ભલે ભલે મળ્યા સુખરાશિ ॥૨૧॥

એહ સુખની શું કહું વાત, જેહ પામ્યા પ્રદ્યુમ્ન સાક્ષાત ॥
પછી નિવારવાને સંતાપ, બોલ્યા મહાપ્રભુજી તે આપ ॥૨૨॥

ભલે આવ્યા તમે બળવીર, ધારો સત્સંગ રીત અચિર ॥
અમારા સંબંધે કરી કહું, રાખશે જન ખબર બહું ॥૨૩॥

રહો સત્સંગે સપરિવાર, સત્સંગે છે સુખ અપાર ॥
ચિંતામણિ કલ્પવૃક્ષછાંય, એથી અધિક આ સુખદાય ॥૨૪॥

વળી માનશો સંતને જેમ, તમે પામશો કલ્યાણ તેમ ॥
એમ મર્મ કર્યો અવિનાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે મહારાજે ઈચ્છારામજીનું વિરહદુઃખ નિવાર્યું એ નામે એકસો ને ચોથું પ્રકરણમ્ ॥૧૦૪॥

પ્રકરણ : ૧૦૫

પૂર્વછાયો :

ત્યારપછી ઈચ્છારામજી, આવ્યા લીલાધરને ઘેર ॥
ઉતારો ત્યાં કરાવિયો, હરિબંધુ જાણી સુપેર ॥૧॥

મનમાન્યા સીધા દીધા, પ્રેમે કરાવ્યા ભોજન-પાન ॥
સાંજ સમે સભામાંહિ, વળી ઉમંગે આવ્યા નિદાન ॥૨॥

મંચ ઉપર બેઠા હરિ, તિંયા લાગ્યા લળી લળી પાય ॥
સંતને મસ્તક નામિયું, પાયે પડ્યા ઈચ્છારામભાય ॥૩॥

ચોપાઈ :

ખોળિયાવાળું ગોદડું જેહ, સંત આગે વાળી મુક્યુ તેહ ॥
તિંયા અનુજે કીધું આસન, ત્યારે કે'વા લાગ્યા ભગવન ॥૪॥

તજ્યું ગૃહ તમે કિયે માસ, આંહિ આવ્યા ધરીને શું આશ ॥
જુદા પડ્યા ક્યાંથી મોટાભાઈ, સંગે કોણ કરે સેવકાઈ ॥૫॥

પામે વિરામ ક્યાંઈક જ્યારે, સ્થિતિ સર્જાય કેવી તે વારે ॥
નોખુ થાવું પરદેશમાંય, એ તો ઠીક નથી જો જરાય ॥૬॥

પૂરબિયાનો સ્વભાવ કહું, ચિત્ર-વિચિત્ર જણાયે બહું ॥
ભલે હોય તે દરિદ્ર અતિ, તોયે ક્રોધી જાણે સર્પપતિ ॥૭॥

ભૂલે ભૂલે લાખો ઉપકાર, જાંયા દેખે તે સ્વાર્થ લગાર ॥
કળે કાઢે નિકંદન એનું, આજીવન દૂધ પીધું જેનું ॥૮॥

જેહ જાળવે એનું જતન, નિશ્ચે દંશે એનેય કે' દન ॥
પૂર્વ દેશનું એવું જ પાણી, તીખા સ્વભાવ ને તીખી વાણી ॥૯॥

કરે સહન જે ગુણવાન, એને લોકો માને છે નાદાન ॥
નવ ડરે અધર્મથી લેશ, હિંસાપ્રધાન છે એહ દેશ ॥૧૦॥

ગુરુ કરે દેખાડવા કાજ, દિલે નોય મોક્ષતણી દાઝ ॥
નથી સમજતો હું એ વાત, કદી ભૂલ્યે ન બોલે સાક્ષાત ॥૧૧॥

યથાશક્તિ એકવાર ના'ય, દબાવ્યા કોઈથી ન દબાય ॥
દરિદ્રી પણ સિંહસમાન, છેડે કોઈ તો માંડે તોફાન ॥૧૨॥

રાખે કુસંપ-કંકાસ જેહ, તિંયા મનાય મરદ તેહ ॥
માને પોતાને સહુથી સારા, એવા પૂરબિયા તે ગમારા ॥૧૩॥

દેખે ગુણ ને લાભ તે જયાંય, તેને મૂઢ તજે ન કદાય ॥
તિંયા મમતા બાંધે તે અતિ, લેશ દોષ ન દેખે કુમતિ ॥૧૪॥

પણ જયારે લાભ ન દેખાય, દેખે જો નુકશાન જરાય ॥
તો તો તર્ત કરે તેનો ત્યાગ, એવા પૂરબિયા મહાભાગ ॥૧૫॥

થાય ધન અરથે ગુલામ, ધન મળ્યે થાવા ઈચ્છે શ્યામ ॥
આવા ગુણી હોય જન જેહ, સતસંગે શોભે નહિ તેહ ॥૧૬॥

ચાહે તેવી જાતિ ભલે હોઈ, ચોકા વિના ન માંડે રસોઈ ॥
વિપ્ર ક્ષત્રિય કે વૈશ્ય જેહ, રાખે જનોઈ તે નિઃસંદેહ ॥૧૭॥

ઘણું કઠણ તજવું ઘર, વળી પૂર્વ દેશ રહ્યો દૂર ॥
પણ મળ્યા તે સંત ચતુર, માયા લગાવી છે ભરપૂર ॥૧૮॥

એવું સુણી કહે ઈચ્છારામ, આપ ખરા સર્વોપરી શ્યામ ॥
નથી અજાણ્યું તમથી કાંઈ, છતાં જે જે પૂછ્યું સુખદાઈ ॥૧૯॥

તે તે કહીશ કરી વિસ્તાર, તમે સુણજો પ્રાણઆધાર ॥
આપી સંતે તવ ઓળખાણ, ત્યારે પડી તમારી પિછાણ ॥૨૦॥

વળી ચરિત્ર કીધા અનૂપ, તેણે જણાણા છો સુખરૂપ ॥
પછી વાધિયું હેત અપાર, આપ ચરણે હે કિરતાર ॥૨૧॥

કોટિ બ્રહ્માંડમાં જીવ જેહ, ધારી રહ્યા ભાંતિ ભાંતિ દેહ ॥
એનું પોષણ કરો છો આપ, ઝાઝો શું કરવો યાં પ્રલાપ ॥૨૨॥

જેને માન્યા હોય પોતાતણાં, તિંયા મમત્વે ન હોય મણાં ॥
આપ આગે કે'વી આવી વાત, એમાં મૂર્ખાઈ લાગે છે તાત ॥૨૩॥

તવ મૂરતિ ને તવ સંત, વળી હરિજન ગુણવંત ॥
એથી અધિક બ્રહ્માંડે કાંઈ, નથી જણાતું હે સુખદાઈ ॥૨૪॥

કહે અનુજ તે ઈચ્છારામ, સુણે પ્રભુજી પૂરણકામ ॥
સંગે સહું સંત વળી દાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે પુરબિયાના સ્વભાવની વાત કરી એ નામે એકસો ને પાંચમું પ્રકરણમ્ ॥૧૦૫॥

પ્રકરણ : ૧૦૬

પૂર્વછાયો :

બોલિયા ઈચ્છારામજી, સુણો પ્રભુજી મહાદયાળ ॥
લોહગંજરીથી ચાલિયા, દોઉ ભાઈ ને એક મરાળ ॥૧॥

માયાજીતાનંદ સ્વામીજી, સંગે રામપ્રતાપજીભાઈ ॥
અનુજ ઈચ્છારામજી, આવ્યા અયોધ્યાપુરીમાંઈ ॥૨॥

તિંયા મળ્યા એક વિપ્રને, જેનું નામ કરતારામ ॥
ભળ્યા અમારા સંઘમાં, એમ ચાર થયા સુખધામ ! ॥૩॥

ચોપાઈ :

ખંજરી બજાવે મોટાભાઈ, ચાલે ઉમંગ સોતા સદાઈ ॥
કરે કીર્તન થૈ ગુલતાન, વાટે ગામ આવ્યે થાય ભાન ॥૪॥

જંયા કરતા રાત્રિનિવાસ, થાય કીર્તને તિંયા હુલ્લાસ ॥
સુણી લોકને ઉપજે ભાવ, સજે સેવા સારી પેઠે માવ ! ॥૫॥

શે'ર લખનુંમાં વેણીરામ, ભક્ત વણિક છે સુખધામ ॥
રાખ્યા એણે પ્રેમે પાંચ દન, દીધું ગ્વાલિયર લગીનું ધન ॥૬॥

જ્ઞાનાનંદ મુનિ તણાં વળી, ભાઈ દોઉ હરિભક્ત મળી ॥
વળી એહ સંગે વિપ્ર દોઉ, સતસંગી થયેલ જે સોઉ ॥૭॥

એહ ચાર અમે વળી ચાર, આઠ મળી ચાલ્યા નદીપાર ॥
ગંગા જમુના ઘાઘરા નીર, વળી દેશ ઘણા તે અચિર ॥૮॥

પાર કરતાં આવ્યા શહેર, ગ્વાલિયરે થયા લીલાલે'ર ॥
ગામ ધુંવા ને બરાઈમાંય, પાંચ-પાંચ દન રહ્યા ત્યાંય ॥૯॥

દરિદ્રી તોયે ઉદાર જન, દીધું એણે ખર્ચીકાજે ધન ॥
ગ્વાલિયરથી ઉજજૈનપુર, આવ્યે આનંદ પામિયા ઉર ॥૧૦॥

તિંયા રોકાયા રામપ્રતાપ, તીર્થવિધિ કરવા અમાપ ॥
તીર્થમાંહિ રે'વુ પાંચ દન, એણે નિશ્ચે કીધું મનોમન ॥૧૧॥

મેં તો એમ જાણ્યું મનમાંય, સર્વે તીર્થ વસે તવ પાય ॥
પછી સહી શકું કેમ સાથ, કાં જે મનમેળ નો'તો નાથ ॥૧૨॥

પિતાસમ જાણી મોટાભાઈ, રાખી અદબ ન તોડી ક્યાંઈ ॥
જ્યારે અસુખ થયું અપાર, રજા લઈ ચાલ્યો તેહવાર ॥૧૩॥

રામપ્રતાપ ને કર્તારામ, માયાજીતાનંદજી અકામ ॥
એહ ત્રણ્ય વિના અમે પાંચ, પામ્યા વટપત્તને નિવાસ ॥૧૪॥

વટપત્તનથી બોચાસણ, ધંધુકે રાણપુરે જીવન ! ॥
થઈ આવ્યો લોયાપુરમાંઈ, આપ શરણે હે સુખદાઈ ! ॥૧૫॥

જીંયા આવા સંત હરિજન, તિંયા હોય નિશ્ચે ભગવન ॥
માનસર વિના હંસ ક્યાંય, નથી દીઠા સુણ્યા હરિરાય ॥૧૬॥

હશે અમારા દોષ અપાર, તેથી આપે તજ્યા ઘરબાર ॥
વર્ષ વીત્યા અઠ્ઠાવીસ આજ, ખબરુ ન દીધી મહારાજ ! ॥૧૭॥

ત્યારે નાથ કહે ઈચ્છારામ ! અમે જોગી તે મહાનિષ્કામ ॥
અતિ વિરક્ત મુજ સ્વભાવ, કે'દિ ક્યાંય ન રાખું લગાવ ॥૧૮॥

સંત વળી હરિજનમાંહિ, ગુરુઆજ્ઞાએ વૃત્તિ ઠેરાવી ॥
દેહતણાં સંબંધીઓ જેહ, ત્યાગી અર્થે દુઃખદાયી તેહ ॥૧૯॥

થઈ ત્યાગીને નાતો નિભાવે, નોય ત્યાગી એ ગૃહી કહાવે ॥
રાખે સંબંધીમાંહિ જે પ્રેમ, એને ત્યાગી કહેવાય કેમ ? ॥૨૦॥

કુળ કુટુંબ ને પરિવાર, ત્યાગી બાંધે જો એ સંગે પ્યાર ॥
એ તો શાસ્ત્ર ને લોક વિરુદ્ધ, જાણું એ રીત અતિ અશુદ્ધ ॥૨૧॥

નિત્ય પંચમહાપાપી એહ, ત્યાગી રાખે જે સગામાં સ્નેહ ॥
સુખી થાવા ઈચ્છો મનમાંય, જીવો સંતવેણે તો સદાય ॥૨૨॥

સુણી અનુજ કહે દયાળ ! માનું પ્રાણસમા હું મરાળ ॥
કાં જે પામ્યો એ થકી તમને, માટે વર્તીશ સંતવચને ॥૨૩॥

વળી શાસ્ત્રમર્યાદાઓ જેહ, અમ જેવાને અરથે તેહ ॥
આપનિયંતા નિયમ નોય, લોકકલ્યાણે પાળો છો તોય ॥૨૪॥

સુણી ઈચ્છારામના વચન, સહુ જન થયા તે પ્રસન્ન ॥
છાયો અતિ આનંદ-ઉલ્લાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે છપૈયાથી લોયાનો પ્રવાસ કહ્યો એ નામે એકસો ને છઠ્ઠું પ્રકરણમ્ ॥૧૦૬॥

પ્રકરણ : ૧૦૭

પૂર્વછાયો :

ત્યાર પછીની વારતા, તમે સાંભળો સહુ સુજાણ ॥
ઈચ્છારામને વીતીયા, એમ દિવસ પાંચ પ્રમાણ ॥૧॥

છઠ્ઠે દને સાંજસમે, રચ્યો મુનિજને રૂડો રાસ ॥
તિંયા એક જન આવીને, કહે હૈયે ધરી હુલ્લાસ ॥૨॥

હરિના બંધુ મોટેરા, રૂડું નામ રામપ્રતાપ ॥
સાંગણપરને મારગે, મેંતો દીઠા આવતા આપ ॥૩॥

ચોપાઈ :

સુણી વાતને મુનિના મન, ફૂલ્યા જેમ કુમુદના વન ॥
ચાલ્યા ઉમંગે તેડવા ભાઈ, પણ નાથને નથી જો કાંઈ ॥૪॥

બેઠા હરિસંગે ઈચ્છારામ, બીજા સામા ચાલિયા તમામ ॥
સુરા ભક્ત વળી દસબાર, સહુ આગે અશ્વ અસવાર ॥૫॥

કેડ્યે હરિજન વર્ણી ને સંત, એકતાર થયા ગુણવંત ॥
આવ્યા દોઢેક કોશ તે જ્યાંય, મળ્યા મુનિ વળી મોટાભાઈ ॥૬॥

હરિજન સહુ નમ્યા પાય, મેલ્યા રૂપૈયા શ્રીફળ ત્યાંય ॥
પછી ચાલ્યા અર્ધ કોશ ભાઈ, મળ્યા સંત વર્ણી સુખદાઈ ॥૭॥

સંતસમ જગે નથી કોઈ, એમ જાણી ભેટ્યા ભાઈ સોઈ ॥
પછી મહામુનિ મુક્તાનંદ, કરજોડી કહે જગવંદ ॥૮॥

ભાઈ ! થાઓ અશ્વે અસવાર, ત્યારે જોખને કીધો નાકાર ॥
નથી નથી ઉચિત લગાર, તમે પાળા ને હું અસવાર ॥૯॥

તમે સંત મહામોટા અતિ, હું તો સંતનો દાસ સુમતિ ! ॥
પ્રભુજીને પ્રાણથકી પ્યારા, માટે પૂજ્ય છો તમે અમારા ॥૧૦॥

આજ ઉઘડ્યા ભાગ્ય અપાર, મારો ધન્ય થયો અવતાર ॥
મળ્યા તમજેવા મુને સંત, મુજસમો કોણ ભાગ્યવંત ? ॥૧૧॥

ત્યારે ભાઈનો ઝાલીને હાથ, મુક્તમુનિ ચાલ્યા જનસાથ ॥
પુરભણી આવે સહુ જન, વાટે ગાતા વાતા કીરતન ॥૧૨॥

દીઠા દૂરથી આવતા જ્યારે, હરિ ઉતર્યા મંચથી ત્યારે ॥
શતપદ ચાલ્યા સામા નાથ, ભાઈચરણે વિનયસાથ ॥૧૩॥

નમ્યા અલબેલો એહવાર, વહી ભાઈને આંસુની ધાર ॥
ભુજા ભીડી ભેટ્યા અતિ અતિ, કેમે છોડે નહિ પ્રાણપતિ ॥૧૪॥

હૃદે હેત ભરાયું અપાર, ઘણે વર્ષે મળ્યા કીરતાર ॥
ભેટી તૃપ્ત થયા ભાઈ જ્યારે, કંઠ-ભુજાઓ મેલી તે વારે ॥૧૫॥

કહે પ્રેમે શું હે ઘનશ્યામ ! હવે તજશો મા સુખધામ ॥
પછી ભાઈનો ગ્રહીને કર, મંચભણી ચાલ્યા હરિવર ॥૧૬॥

મંચે બેસાડ્યા રામપ્રતાપ, સંગે બિરાજ્યા પ્રૌઢપ્રતાપ ॥
એક તકિયે બેઠા બે ભાઈ, એની શોભા વર્ણવી ન જાઈ ॥૧૭॥

પૂછ્યા કુશળ તે પરસ્પર, માંડી વાતડીયું સ્મૃતિભર ॥
અતિ સંક્ષેપે કહું છું વાત, સુણી રાજી રેજ્યો રળિયાત ॥૧૮॥

પછી ભાઈના ઉતારા કાજે, દીધો આદેશ શ્રીમહારાજે ॥
આપો ઉતારો અનુજસાથ, ત્યારે મુનિ બોલ્યા જોડી હાથ ॥૧૯॥

સિંહ વળી બકરીને ક્યાંય, ભેળા નથી દીઠા હરિરાય ॥
સાન સમજી શ્રીઅવિનાશ, દીધા નોખા-નોખા તે નિવાસ ॥૨૦॥

કહે ઉતારે જતાં જોખન, આજ જોડ્યે જમીશું ભોજન ॥
મળ્યા ઘણે સમે ઘનશ્યામ, એમ કહી ચાલ્યા રોખધામ ॥૨૧॥

મોટાભાઈએ ઉતારે આવી, નિજદેશીય થાળ બનાવી ॥
તેડ્યા હરિને જમવા કાજે, વાર ન લગાડી મહારાજે ॥૨૨॥

જાણી સંકર્ષણ અવતાર, તતકાળ આવ્યા કિરતાર ॥
અલબેલાને પીરસ્યો થાળ, હેતે જમવા લાગ્યા દયાળ ॥૨૩॥

સંગે જમવા બેઠા જોખન, આવું નો'તું દીઠું કોઈ દન ॥
માટે પાંચેક મોટેરા સંત, આવ્યા નીરખવા ભગવંત ॥૨૪॥

મુક્તાનંદાદિ મુનિ પાવન, પેખી હરખ્યા પ્રાણજીવન ॥
દીધો પ્રસાદ તે અવિનાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે રામપ્રતાપજી લોયા આવ્યા એ નામે એકસો ને સાતમું પ્રકરણમ્ ॥૧૦૭॥

પ્રકરણ : ૧૦૮

પૂર્વછાયો :

સાંજ સમાની વાતડી, હવે ઉચ્ચરું તમપાસ ॥
સ્નેહે સહું સાંભળજયો, આવ્યા સભામાં અવિનાશ ॥૧॥

મંચ ઉપર બેઠા હરિ, બેઠા બાઈ-ભાઈ હરિજન ॥
સંત વરણી આવિયા, વાલાના સુણવા વચન ॥૨॥

મહામનોહર મૂરતિ, જન નીરખતાં ન ધરાય ॥
ચકોર જુવે જયું ચંદ્રને, વળી મોરલિયો મેઘરાય ॥૩॥

ચોપાઈ :

રેલે વચનઅમૃત નાથ, જન પીવે અતિ પ્રેમસાથ ॥
દિસે સંતસભાની આગળ, દોય આસન ખાલી તે પળ ॥૪॥

આવ્યા અનુજ શ્રીઈચ્છારામ, કર્યા મહાપ્રભુને પ્રણામ ॥
પછી સંતને શીશ નમાવી, બેઠા આસન ઉપર્ય આવી ॥૫॥

વીતી ઘડી અર્ધઘડી જયાંય, આવ્યા મોટાભાઈ સભામાંય ॥
મંચ ઉપર બેસવા કાજ, ચાલ્યા એહસમે શેષરાજ ॥૬॥

એક પગ ઉપાડિયો જ્યારે, ઝાલ્યો અનુજે દૂજો તે વારે ॥
મંચે ચઢવા ન દીધા ભાઈ, નિજસમીપે બેસાડ્યા ત્યાંય ॥૭॥

પછી કહ્યું વિનયસહિત, મોટાભાઈ સુણો ધરી પ્રીત ॥
શોભે સજાતિ સજાતિમાંય, એવી રીત જગે જો દેખાય ॥૮॥

હંસ સંગે કેવો બક દિસે, વિચારી જુવોને ચિત્ત વિષે ॥
છીએ મનુષ્ય આપણે દોય, શ્રીહરિ તો મહાપ્રભુ સોય ॥૯॥

બેસવું પ્રભુસમા આસને, લાગે અઘટિત મુજમને ॥
ભાઈ છૈયે એમાં શું વિશેષ ? નથી ટળ્યો માયાતણો ક્લેશ ॥૧૦॥

ખૂંતી રહ્યા છીએ ગૃહમાંય, કે'દિ કીધો છૂટવા ઉપાય ? ॥
દ્રઢ હેત રહ્યું નારીઅંગ, જૂતી રહ્યા સુત-સુતા સંગ ॥૧૧॥

સંબંધીમાંહિ વળગી રહ્યા, ગુણ આપણા શું જાય કહ્યા ? ॥
ધન-દોલતે શું લપટાઈ, રહ્યા છીએ આપણે દોઉ ભાઈ ॥૧૨॥

વળી જુઓને આ સહું સંત, કેવો ત્યાગ કીધો ગુણવંત ॥
નથી ક્યાંય ખૂંત્યા તલભર, તોયે બેઠા તે ભૂમિ ઉપર ॥૧૩॥

ધર્મજ્ઞાનાદિકે તે મહાન, ભાઈને માને છે ભગવાન ॥
ભગવાન પણ રૂડી રીતે, નિજ પ્રતાપ દેખાડે પ્રીતે ॥૧૪॥

સુણી બોલિયા રામપ્રતાપ, દીઠો મેં ઘણો હરિપ્રતાપ ॥
પણ યાદ નથી મુને કાંઈ, હરિ ભુલાવી દેતા સદાઈ ॥૧૫॥

નો'તી હરિ મળ્યાની જો આશ, માયાજીતે કર્યો આ પ્રકાશ ॥
ઘણો વેગ હતો તુજમાંય, ક્યારે મળે આ શ્રીહરિરાય ॥૧૬॥

થયો તૈયાર તું મુનિસંગ, દેખી વાધિયો મુને ઉમંગ ॥
મિષ લીધું મેં દ્વારિકાધામ, તુજસંગે ચાલ્યો ઈચ્છારામ ॥૧૭॥

સુણી મોટાભાઈના વચન, મંદ મંદ હસ્યા ભગવન ॥
કહે કરુણાસિંધુ કૃપાળ, જાઓ દ્વારિકાએ તતકાળ ॥૧૮॥

નીરખો શ્યામ સુંદર તન, અમે દૈયે ખરચીનું ધન ॥
ત્યારે હરખ્યા જોખનભાઈ, કહે સુખે જાશું અમે ત્યાંઈ ॥૧૯॥

આવ્યે વસંતપંચમી દન, રંગે રમીશું પ્રાણજીવન ॥
પછી દેખીશું દ્વારિકાનાથ, જાશું અમે અનુજ સંગાથ ॥૨૦॥

ઈચ્છારામજી બોલિયા ત્યારે, નથી કોડ જાવા મન મારે ॥
કોટિ કોટિ દ્વારિકા છે આંય, એમ ઠરાવ મુજનો ભાય ॥૨૧॥

જંયા પ્રગટ શ્રીઅવિનાશ, તિંયા સર્વે તીર્થતણો વાસ ॥
મેલી પ્રગટ તીરથે જાય, એ તો ગંગ તજી કૂપ નાય ॥૨૨॥

જન જમે આવી જેને ધામ, જાય ખાવા જો એ બીજે ઠામ ॥
એની કીર્તી જગે જે ગવાય, એવી મુને જોયે ન જરાય ॥૨૩॥

મેલી પ્રભુ પ્રગટ પ્રમાણ, બીજે નવ ભમે તે સુજાણ ॥
તજી પિયુષ રસનું પાન, રાચે પયમાંહિ શું નાદાન ॥૨૪॥

નિજઅંતરગતની વાત, ઉચ્ચર્યા ઈચ્છારામ સાક્ષાત ॥
સુણી હરખીયા સહુદાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે ઈચ્છારામે રામપ્રતાપને મંચે બેસવા ન દીધા એ નામે એકસો ને આઠમું પ્રકરણમ્ ॥૧૦૮॥

પ્રકરણ : ૧૦૯

પૂર્વછાયો :

ત્યાર પછી અલબેલડે, કહી ઘણી અલૌકિક વાત ॥
સુણાવું હું સંક્ષેપથી, સહુ રાજી રેજયો રળિયાત ॥૧॥

સંકોચ થાય ઘણો મનમાં, નથી કે'વાતું જથારથ કાંય ॥
થોડે ઝાઝું માનજયો, કાંજે ગ્રંથ ઘણો વિસ્તરાય ॥૨॥

હરિચરિત્ર સુધાસમા, કે'તા સુણતા સુખિયા થવાય ॥
હવે વાલપ્યની વાતડી, કહું ઉચ્ચરિયા હરિરાય ॥૩॥

ચોપાઈ :

જેહ કરે સત્સંગ સુરીતે, એ તો ક્યાંય ન બંધાય પ્રીતે ॥
રહે બંધન જો રતિભર, જાણો સત્સંગે એ તો કસર ॥૪॥

પૂર્ણ સત્સંગ બલિએ કીધો, અહં-મમતને તજી દીધો ॥
હરી હરિએ સર્વે સંપત્તિ, તોયે પ્યારા લાગ્યા પ્રાણપતિ ॥૫॥

તેમ સંત વળી હરિજન, ચાહે તેમ ઉચ્ચારે વચન ॥
એમાં સવળી સમજ ગ્રહે, શાસ્ત્ર સાચો ભક્ત એને કહે ॥૬॥

કોઈ કહે જો વેણ લગાર, એમાં દુઃખ લગાડે અપાર ॥
એને માનતણો રોગ જેહ, વાધ્યો જાણજયો નિઃસંદેહ ॥૭॥

ઓળખો નિજશત્રુને જન, કોણ દિયે દુઃખ નિશદન ॥
કામ-ક્રોધ-માનાદિક જેહ, હરિભક્તના શત્રુ છે તેહ ॥૮॥

હોય મેળ જો સ્વભાવતણો, રહે સંપ-અહોભાવ ઘણો ॥
પણ એમાં જો વિક્ષેપ થાય, તો તો હેત હૈયાતણાં જાય ॥૯॥

જેની રુચિ મળે જેહ સંગે, રહે દિવ્યમતિ ત્યાં ઉમંગે ॥
રાખે સહુમાંહિ દિવ્યમતિ, એવા જન તે મુક્ત સુમતિ ॥૧૦॥

જેણે કર્યો સાચો સતસંગ, દિસે એનું નિરમળ અંગ ॥
સહું મોટા ને હું છું નાનેરો, એવો ભાવ ભીતરે ઘણેરો ॥૧૧॥

મોટો પોતાને માને ન કોઈ, એમાં દિવ્યસુખ જાણે સોઈ ॥
જેને મોટા મનાવાનું તાન, નથી સાચો ભક્ત તે નાદાન ॥૧૨॥

એની બુદ્ધિ જાણો વિપરીત, સંસારે ભટકે તેનું ચિત્ત ॥
હોય સાચો ભક્ત જે નિદાન, બ્રહ્માંડાધીશથી તે મહાન ॥૧૩॥

પછી સંધ્યાસમો થયો જાણી, વાતે આળસ્યા સારંગપાણિ ॥
ચહુકોરે પ્રગટી મશાલ, ગાવા લાગ્યા ઉમંગે મરાળ ॥૧૪॥

ગોડી ગાઈને કીધી આરતી, પછી પ્રેમે ઉચ્ચરિયા સ્તુતિ ॥
બોલ્યા શ્લોકતણા અર્થ સંત, સુણી રહ્યા ભાઈ બુદ્ધિમંત ॥૧૫॥

સંત વર્ણી વળી હરિજન, એની રીત પરમ પાવન ॥
જોઈ નિશ્ચે કીધું મનમાંય, આવા જન દિસે નહિ ક્યાંય ॥૧૬॥

થયું અંતર ભાવુક જ્યારે, મુક્તમુનિ પ્રત્યે કહે ત્યારે ॥
હરિભક્તના જે વ્રતમાન, મુને ધરાવો મુનિ અકામ ॥૧૭॥

પછી નિ'મ આપ્યા મુનિઈન્દ, ભાઈ અંતરે પામ્યા આનંદ ॥
કૃતકૃત્ય થઈ બોલ્યા ભાઈ, સતસંગ મહાસુખદાઈ ॥૧૮॥

મુને નો'તી જો ગમ લગાર, સહું ભેખમાં ધરતો પ્યાર ॥
ભેખમાં વસે છે ભગવાન, એમ દલે માનતો નિદાન ॥૧૯॥

પણ ભેખધારી કોણ ખરા ? એ તો કે'દિ વિચાર્યું ન જરા ॥
રાખી ભેખમાં ભગવદભાવ, કોઈતણો ન કીધો અભાવ ॥૨૦॥

સુણી બોલિયા સુંદર શ્યામ, ભાઈ ! સાચી વાત છે તમામ ॥
પણ જાણ્યા જોયે સાચા સંત, જેના હૃદે વસે ભગવંત ॥૨૧॥

નારી-ધનનો પ્રસંગ તજે, અંતરે હરિ અખંડ ભજે ॥
રાખે ઉરમાંહિ એક તાન, કેમ કરી રીઝે ભગવાન ॥૨૨॥

જાણી વ્યસન મળસમાન, કે'દિ આદરે નવ નિદાન ॥
ભેટાડે જીવને ભગવંત, એને નિશ્ચે જાણો સાચા સંત ॥૨૩॥

સુણી વાલમમુખની વાણી, ઈચ્છારામ થયા પાણી પાણી ॥
ગાઈ સંતતણા ગુણગાન, ધાર્યા હરિથકી વ્રતમાન ॥૨૪॥

સંગે હતા જે અયોધ્યાવાસી, વિપ્ર કર્તારામ ગુણરાશિ ॥
તેહ પણ થયા હરિદાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે અયોધ્યાવાસીએ વ્રતમાન ધારણ કર્યા એ નામે એકસો ને નવમું પ્રકરણમ્ ॥૧૦૯॥

પ્રકરણ : ૧૧૦

પૂર્વછાયો :

એમ વાતું કરતાં, વીતી રજની એક પ્રહર ॥
એહસમે ગાડી આવી, અતિમીઠા વૃંતાકસભર ॥૧॥

ભક્ત તે ખોલડિયાદના, ખેંગારનો પરિવાર ॥
ખસથી લાવ્યા ખરીદીને, સાઠ મણ વૃંતાક તે ઠાર ॥૨॥

ઓસરીએ ઠાલવીયા, હરિ રે'તા જે ભુવનમાંય ॥
સભા કેડ્યે આવ્યા તિંયા, જોઈ હરખ્યા ત્રિભુવનરાય ॥૩॥

ચોપાઈ :

પછી પોઢિયા શ્રીઅલબેલ, જાગ્યા પાછલે પ્રહરે છેલ ॥
નિત્યવિધિ પરવર્યા નાથ, દેવસેવા કીધી પ્રેમસાથ ॥૪॥

પછી બિરાજ્યા બાઠોજ પર, શોભે અંગોઅંગે શ્વેતાંબર ॥
ખેસ ચાદર વળી રૂમાલ, દિસે સોહામણા ધર્મલાલ ॥૫॥

તિંયા તેડ્યા સંત હુંશિયાર, આવ્યા વિશેક જે ભણનાર ॥
કીધા પ્રેમે પ્રભુને પ્રણામ, બેઠા કુંડાળે સંત તમામ ॥૬॥

હતી કાંતિલ ઠંડી તે વાર, સગડીએ તાપતા મોરાર ॥
ભેળા સંત પણ લિયે તાપ, વળી સુધારે વૃંતાક આપ ॥૭॥

ઈંયા કહીશ લીલા લગાર, નથી કરવો વડો વિસ્તાર ॥
શાક પ્રસંગે એક સાક્ષાત્, હૃદે ધાર્યા જેવી કહું વાત ॥૮॥

વાત ચાલી ઘરોઘર ત્યારે, કરે શાક વાલમ અત્યારે ॥
સુણી અનુજે વળી જોખને, દોડી આવ્યા તે નૃપભવને ॥૯॥

દેખી વૃંતાક અતિ અપાર, પામ્યા વિસ્મય મન મોઝાર ॥
કહે નથી જોયું અમે ક્યાંય, કરે શાક આમ કોઈ ભાય ॥૧૦॥

ત્યારે બોલ્યા સ્વામી બ્રહ્માનંદ, આવું સહેજે કરે સુખકંદ ॥
ઘૃત મણ હજારોહજાર, જમાડ્યા વિપ્રને ઘણીવાર ॥૧૧॥

અપાવી ઘણી યજ્ઞોપવીત, વળી વસ્ત્ર ઘરેણા અમિત ॥
કર્યા મોટા મોટા તે જગન, તોયે કોડી ન સંઘર્યું ધન ॥૧૨॥

અતિ સમર્થ છે મહારાજ, ધારે તે તે કરે સહું કાજ ॥
સુણી હરખે શ્રીઈચ્છારામ, મોટાભાઈ તો નીરખે શ્યામ ॥૧૩॥

શાક પક્વ થઈ રહ્યું જયારે, થાળ જમ્યા જીવનજી ત્યારે ॥
પછી પંગતે બેસાડ્યા સંત, આવ્યા પીરસવા ભગવંત ॥૧૪॥

નાથ પીરસે ઉમંગે અતિ, જોઈ મુંઝાઈ ભાઈની મતિ ॥
ઘેરે ચીંધતા'તા કોઈ કામ, ત્યારે નાસી જતા ઘનશ્યામ ॥૧૫॥

આંહિ ઉમંગે કરે છે અતિ, ક્યાંથી ઉપજી આવી સુમતિ ॥
પછી કહે સુણો ઈચ્છારામ, દેખો ભૈયા મેરો ઘનશ્યામ ॥૧૬॥

બન્યા ભેખતણા ભઠિયાર, પરોસે ધરી ધરીને પ્યાર ॥
એ તો કૃપાનાથે સુણ્યું વેણ, જોયું ભાઈભણી સુખદેણ ॥૧૭॥

પછી ઉચ્ચરિયા હરિ એમ, મોટાભાઈ આવું કહો કેમ ? ॥
ભઠિયારું તો આ ભેખતણું, મોટા-મોટાને દુર્લભ ઘણું ॥૧૮॥

નથી નથી બીજા ભેખ જેવા, ભાઈ ! સુણો આ સંત છે કેવા ? ॥
મુક્ત અક્ષરના રહેનાર, એણે ધર્યો સંત અવતાર ॥૧૯॥

દેહદર્શી જે હોય સંસારી, એથી આ સંતની ગતિ ન્યારી ॥
વરતે પંચવ્રત પ્રમાણ, નોય બ્રહ્માંડે આવા સુજાણ ॥૨૦॥

અતિ વિરક્ત મૃદુ સ્વભાવ, નારી-ધનનો હૃદે અભાવ ॥
આને સ્પરશે પાતક જાય, આવા સંત નથી નથી ક્યાંય ॥૨૧॥

જન્મમરણતણું બંધન, લાગ્યું જીવને ઘણું સઘન ॥
એ તો તૂટે પળવારમાંય, સેવે આ સંતને જો જરાય ॥૨૨॥

આવા સંતનો જે કરે જોગ, એનો ટળશે વાસના રોગ ॥
વળી વળી હું શું કહું વાત, આવા સંત છે પ્રભુ સાક્ષાત્ ॥૨૩॥

કોટિ જન્મના સુકૃત જાગે, ત્યારે પ્રીતિ સંતપદ લાગે ॥
એવા સંતની સજું છું સેવ, જેને ઈચ્છે મોટા-મોટા દેવ ॥૨૪॥

એમ કહ્યો સંતમહિમાય, ધારી લીધો જને હૃદામાંય ॥
પછી પીરસ્યું શ્રીઅવિનાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે રામપ્રતાપજીએ શ્રીહરિને ભઠિયારા કહ્યા એ નામે એકસો ને દસમું પ્રકરણમ્ ॥૧૧૦॥

પ્રકરણ : ૧૧૧

પૂર્વછાયો :

વળી કહું એક વારતા, જે વિચાર્યા જેવી ચિત્ત ॥
પ્રગટને ઓળખવા, મહાદુષ્કર છે ખચિત ॥૧॥

પ્રગટ મૂરતિ નાથજી, વળી પ્રગટ સંત હરિજન ॥
મનુષ્યદેહે એ દિવ્ય છે, નવ મનાયે કોયે દન ॥૨॥

પ્રગટ મહિમા પ્રગટ નિશ્ચય, જાણવો એ મહામાલ ॥
રખે એ નવ ચૂકશો, પામ્યે થાશો પૂરા નિહાલ ॥૩॥

ચોપાઈ :

હવે સુણો એક ઈતિહાસ, બન્યો લોયામાંહિ જેહ ખાસ ॥
અયોધ્યા થકી રામપ્રતાપ, આવ્યા મળવા હરિને આપ ॥૪॥

નાથને નાનેરો ભાઈ માને, પિતાસમ પોતાને પ્રમાણે ॥
પણ પ્રભુપણું ન મનાય, એવી ખોટ્ય રહે મનમાંય ॥૫॥

પછી નિશ્ચય કરાવા કાજ, નાથે મેલ્યા મહામુનિરાજ ॥
મુક્તમુનિ ને ગોપાળ સ્વામી, બેઉ વાત કરે બહુનામી ॥૬॥

કહે હરિજી છે ભગવાન, નથી તમારા ભાઈ નિદાન ॥
સુણી જોખનભાઈ વિચારે, કાંઈ સ્મૃતિ આણી તે ઉચ્ચારે ॥૭॥

મુનિ ! હમારે ઘરકી બાત, હમ જાનત સોઈ સાક્ષાત ॥
મથે મુનિઓ બેઉ તે ઘણું, પણ ન માને જોખન અણું ॥૮॥

પછી મહારાજે કરી મે'ર, કરાવી સમાધિ રૂડી પેર ॥
ગયા જોખન વૈકુંઠધામ, દીઠાં વૈભવ તિંયા તમામ ॥૯॥

પામ્યા બહું સનમાન ત્યાંય, કાંજે એ ભગવાનના ભાય ॥
પણ નવ દીઠાં હરિરાય, તેણે મુંઝાયા તે મનમાંય ॥૧૦॥

પૂછ્યું વૈકુંઠનાથને એમ, મારો ભાઈ મળે મુને કેમ ? ॥
દઈ વેગવંતુ તે વિમાન, કહે વૈકુંઠનાથ નિદાન ॥૧૧॥

આમાં બેસી જાઓ પ્રભુપાસ, અક્ષરે બિરાજે અવિનાશ ॥
પછી જોખન બેઠા વિમાને, અતિ વેગે ચાલ્યા આસમાને ॥૧૨॥

ક્ષણ એકમાં અક્ષરદ્વાર, મોટાભાઈ પોં'ચ્યા નિરધાર ॥
કીધો પ્રવેશ તે ધામમાંય, જીંયા તેજ તેજની સીમાય ॥૧૩॥

દેશ-કાળે અવધિ રહિત, બ્રહ્મપુરીએ સુખ અમિત ॥
જેને શ્રુતિ નેતિ નેતિ કહે, એનો પાર કોઈ નવ લહે ॥૧૪॥

દિસે કનકતણાં મહેલ, માંહિ અમૂલ્ય મણિ જડેલ ॥
વળી દિવ્યભોગ જુક્ત એહ, સર્વે ચિન્મયસ્વરૂપ તેહ ॥૧૫॥

કોટિ કોટિ મુક્તના મંડળ, સદા કિશોર દિસે સકળ ॥
ધરી રૂપ અનુપ ઈચ્છાય, સેવે સમ્રાટ શ્રીહરિરાય ॥૧૬॥

વળી સમર્થ તે મુક્ત કેવા ? કોટિ બ્રહ્માંડો સરજે તેવા ॥
પણ પ્રભુ વિના ચિત્ત કાંય, કે'દિ કેમ ચહાય જરાય ॥૧૭॥

જેમ ચંદ્રને જુવે ચકોર, જુવે મેઘને ઉમંગે મોર ॥
એમ મુક્ત અમીટ નજર, નીરખી રહ્યા શ્યામ સુંદર ॥૧૮॥

કોયે ન જોયું ભાઈની સામું, તેણે તૂટી છે હૈયાની હામું ॥
પછી દીઠાં તિયા ભક્તિમાત, ખીજયા તે પર ભાઈ સાક્ષાત ॥૧૯॥

છોટકી ! હમેં ક્યું ન બુલાવે, એમ બોલિયા તે રોષભાવે ॥
ત્યારે દયા આણી દિલમાંય, કહે માતાને શ્રીહરિરાય ॥૨૦॥

આતો ભાઈ સંકર્ષણ ખરા, હસી બોલાવો એમને જરા ॥
ખીજશે નહિતર અપાર, આ તો સ્વયમ શેષાવતાર ॥૨૧॥

પછી માતાએ બોલાવ્યા હેતે, નાથે બોલાવ્યા માનસમેતે ॥
વળી નંખાવી દીધું આસન, ત્યારે શાંત થયા તે જોખન ॥૨૨॥

પછી જોઈ સામર્થ્ય અપાર, જાણ્યા હરિને જગદાધાર ॥
દ્રઢ નિશ્ચય પર્વતપ્રાય, પામ્યા રામપ્રતાપજી ભાય ॥૨૩॥

કીધો સંકલ્પ પ્રાણઆધાર, ભાઈ આવ્યા સમાધિથી બા'ર ॥
દીઠાં લોયામાંહિ મુનિનાથ, હેતે વળગ્યા ભીડીને બાથ ॥૨૪॥

પછી સભામાં વિસ્તારી વાત, દીઠી સમાધિએ જે સાક્ષાત ॥
સુણી વિસ્મય પામિયા દાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે રામપ્રતાપજીને અક્ષરધામ દેખાડ્યું એ નામે એકસો ને અગિયારમું પ્રકરણમ્ ॥૧૧૧॥

પ્રકરણ : ૧૧૨

પૂર્વછાયો :

બંધુજન અલબેલના, જ્યારે આવિયા લોયામાંય ॥
ઉપજી ઈચ્છા સહુમને, એ વાત સુણાવે કાંય ॥૧॥

જરૂર છે કાંઈ જાણવું, બેઉ બંધુને પણ એમ ॥
ઘર તજી ઘનશ્યામજી, કિંયા કિંયા વિચર્યા કેમ ॥૨॥

મુનિ પૂછે રામપ્રતાપને, પૂછે પ્રભુને રામપ્રતાપ ॥
મોટાભાઈ બાળલીલા કહે, વનલીલા કહે પ્રભુ આપ ॥૩॥

ચોપાઈ :

નથી કરવો વડો વિસ્તાર, સ્નેહે સુણાવું સંક્ષેપે સાર ॥
માણે હરિચરિત્રો આનંદ, એવા મહામુનિ મુક્તાનંદ ॥૪॥

બોલ્યા મુખે શું મધુર વેણ, મોટાભાઈ ! કહો સુખદેણ ॥
બાળપણાતણી વાત તેહ, હૃદે સાંભરે તમને જેહ ॥૫॥

બોલ્યા વચમાં વાલમ એમ, મોટાભાઈ જાણે ઝાઝું કેમ ? ॥
એતો નથી રહ્યા અમસાથ, રહ્યા ઝાઝું સંબંધીસંગાથ ॥૬॥

પછી હેતે કરી મોટાભાઈ, કહ્યા સંભારી ચરિત્ર કાંઈ ॥
ચીભડીવેલા નિંઘાની વાત, વળી જાંબુલીલા જે સાક્ષાત ॥૭॥

ત્યારે બોલિયા પ્રાણજીવન, બાળપ્રકૃતિ સાંભળો જન ॥
અમે નાના હતા જેહ સમે, ત્યારે લગોઠી રમવું ગમે ॥૮॥

ખાવા સારું સારું જોયે મારે, તેણે ક્લેશ થાયે વારે વારે ॥
વળી કોઠલામાં ગરી જાઉં, તિંયા બેઠો બેઠો દહીં ખાઉં ॥૯॥

જ્યારે રોટલી કરે ઘીવાળી, એને બેવડ ચોવડ વાળી ॥
મને ભાવે એટલી હું ખાઉં, અને પછી હું રમવા જાઉં ॥૧૦॥

રમતાં વગડે પડે રાત, તો તો તિંયા સૂવું ધરી ખાંત ॥
સૂવું દેવમંદિરે કે બાગ, ગાયો વચાળે જ્યાં મળે લાગ ॥૧૧॥

જાઉં મોટેરા મંદિરમાંય, ખાઉં જે આલે દૂધપેંડાય ॥
મુને નાનો જાણી કરે હેત, સારા સારા પદારથ દેત ॥૧૨॥

મોટા માને સહું બાળમાંય, તિંયા મારું વચન મનાય ॥
કેનું કહ્યું માન્યું નહિ અમે, મારું નવ માને તે ન ગમે ॥૧૩॥

એવો નાનપણાનો સ્વભાવ, કહે મુખે મનોહર માવ ॥
વળી મોટાભાઈ પ્રત્યે નાથ, કહે સુણો વનલીલાગાથ ॥૧૪॥

ભારે ભારે દેશ અમે ફર્યા, ભારે ભારે વનમાં વિચર્યા ॥
ભારે ભારે જોયા નદીનાળાં, ભારે ભારે પર્વત ને ઝાળાં ॥૧૫॥

ભારે ભારે વરુ વળી વાઘ, ભારે અરણા પાડા ને નાગ ॥
એમ આવિયો પશ્ચિમ દેશ, કર્યો લોજગામમાં પ્રવેશ ॥૧૬॥

મુકતાનંદ સ્વામી મોટા સંત, જાણ્યા એજ ભેળા ભગવંત ॥
પછી સત્સંગે કર્યો નિવાસ, સ્વામી ભેળો થઈ રહ્યો દાસ ॥૧૭॥

એમ વાતું કરે છે જીવન, ભાઈ સુણતાં થાય મગન ॥
એક સમે ઈચ્છારામભાઈ, એશું બોલ્યા શ્યામ સુખદાઈ ॥૧૮॥

મોટાભાઈને વળી તમારે, કેમ બને નહિ કોઈ વારે ? ॥
કહે ઈચ્છારામ સુણો માવ, એને ભારે રીસનો સ્વભાવ ॥૧૯॥

માટે નથી બનતું અમારે, થોડું અંતર રાખું હું ત્યારે ॥
ત્યારે બોલિયા શ્રીસુખકારી, હૃદે વાત આ રાખજ્યો મારી ॥૨૦॥

પ્રકૃતિ સામું તો ન જોઈએ, સારા ગુણ ચિત્તમાં પ્રોઈએ ॥
મોટાભાઈ છે આપણા એહ, દુઃખ વેઠ્યું આપણ સારું તેહ ॥૨૧॥

એનો ગુણ તે રાખવો ભાવે, એતો હરિના ભક્ત કહાવે ॥
મારું વેણ તમે હૃદે ધરો, મોટાભાઈની સેવા આચરો ॥૨૨॥

એણે વેઠ્યાં ઘણાં ઘણાં દુઃખ, ત્યારે પામિયા આપણે સુખ ॥
એની ટેલમાં રેજ્યો રે તમે, એમ તમને કૈયે છૈયે અમે ॥૨૩॥

એવી વાતું કીધી સુખધામ, હૃદે ધારી લીધી ઈચ્છારામ ॥
બેઉ ભાઈમાં કર્યો મેળાપ, સેજે સેજે પોતે પ્રભુ આપ ॥૨૪॥

બંધુ દોયને સંગે દયાળ, કરે માનુષી લીલા કૃપાળ ॥
તેણે ભાઈને અતિ ઉલ્લાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે નિજપ્રકૃતિ કહી અને બન્ને ભાઈઓમાં મેળાપ કર્યો એ નામે એકસોને બારમું પ્રકરણમ્ ॥૧૧૨॥

પ્રકરણ : ૧૧૩

પૂર્વછાયો :

વળી કહું એક વાતડી, એહ સમાની નિદાન ॥
જોખન પાંડે બોલિયા, એ સાંભળે ભગવાન ॥૧॥

એક સાધુ વાંચે રામાયણ, ઊભો ઊભો જળમાંય ॥
નિત નિત એમ પાઠ કરે, જગે બહુ વખણાય ॥૨॥

ત્યારે પ્રભુજી બોલિયા, એવો સમર્થ જોવા ભાઈ ॥
પૂરવ દેશથી ચાલિયો, મહાઘોર કળિકાળમાંય ॥૩॥

ચોપાઈ :

એવો દીઠો નહિ જગે કોય, હોય તોય હઠ જાણો સોય ॥
એથી કર્યા અધિક જતન, મારા સુણજયો ભાઈ જોખન ॥૪॥

જ્યારે વનમાં રે'તો હું ભાઈ, એક પડખે સૂતો સદાઈ ॥
બીજું પડખું નવ ફેરવું, એવી રીતે તો રજની રે'વું ॥૫॥

સૂતાં સૂતાં નવ લેવો શ્વાસ, નાસિકા સ્વર રોકવો ખાસ ॥
જેવા તેવા આસન ઉપર, મારે સૂઈ રે'વું રાતભર ॥૬॥

વર્યું વ્રત અજાચક અંગ, કે'દિ ન કર્યો કેનો પ્રસંગ ॥
કોઈ કરે અતિ અતિ તાણ, ત્યારે લેશ જમતો સુજાણ ॥૭॥

કર્યું અતિશે ક્ષીણ શરીર, સૂકા કાષ્ટસમું બળવીર ॥
રે'તો કેવળ કોપીનભર, નથી વસ્ત્ર મેં પેર્યું અવર ॥૮॥

બદ્રિનાથ વળી રામેશ્વર, જગન્નાથાદિક તીર્થવર ॥
ફરી કર્યો મેં લોજે નિવાસ, સ્વામી મુક્તાનંદજીને પાસ ॥૯॥

આંહિ દેખી કલ્યાણની રીત, કીધી સત્સંગમાં ખરી પ્રીત ॥
માટે સત્સંગે છે જેવા સંત, એવા ક્યાંયે નથી બળવંત ॥૧૦॥

વળી એક સમે હરિરાય, કથાટાણે તેડાવિયા ભાઈ ॥
પછી બોલિયા શ્યામ સુંદર, નથી કોઈતણાં હરિવર ॥૧૧॥

માત તાત બંધુ સુત નાર, નથી કોઈના જગદાધાર ॥
ભાવે ભજે તેના ભગવાન, એમ જાણજ્યો જન નિદાન ॥૧૨॥

વળી મોટાભાઈ કે'તા વાત, વાર્યા ધૂનમાં તેને શ્રીતાત ॥
પછી પગે લાગી સુખદેણ, બોલ્યા વાલમ વિનયવેણ ॥૧૩॥

જેને કાંઈ દુઃખવી જવાય, ત્યારે જેમ રાજી એહ થાય ॥
એવો કરીએ કાંઈ ઉપાય, એવી પ્રકૃતિ મારી સદાય ॥૧૪॥

તમે અમારા છો મોટાભાઈ, મારે કહ્યાતણો નથી ન્યાય ॥
માટે પગે લાગિયા તમારે, હવે સુખ થયું હૃદે મારે ॥૧૫॥

વળી સાધુ અમે વિપ્ર તમે, કેમ પ્રસાદી દેવી તે ગમે ॥
મોટાભાઈ તો બાપ ઠેકાણે, સહુ વેદ પુરાણ વખાણે ॥૧૬॥

ત્યારે બોલિયા રામપ્રતાપ, આવું કેમ કહો હરિ આપ ॥
તમે નારાયણ પ્રભુ કા'વો, અમને શીદને ભરમાવો ॥૧૭॥

પછી બોલ્યા અલબેલ એમ, મોટે બાંધી રીત તોડું કેમ ॥
દેવકી વસુદેવ આગળ, થયા દીન શ્રીકૃષ્ણ તે પળ ॥૧૮॥

કહે ચાકરી ન થઈ કાંઈ, અમે ગોકુળ ને તમે આંઈ ॥
અમે ભોગવ્યાં પરમ સુખ, તમે સહ્યા ઘણાં ઘણાં દુઃખ ॥૧૯॥

એવી સુણી કૃષ્ણ મુખ વાત, રાજી રાજી થયા માત તાત ॥
વળી રામ વનથકી આવ્યા, સીતા સહિત સૈન્ય તે લાવ્યા ॥૨૦॥

નમ્યા કૈકેયી કૌશલ્યા માત, નમ્યા વશિષ્ઠને જગતાત ॥
એમ મોટે બાંધેલ એ નીતિ, યથાયોગ્ય નમ્યાતણી રીતિ ॥૨૧॥

તમે અમારા છો મોટાભાઈ, હું તો નમું તમોને સદાઈ ॥
નવ નમાવું કેદી તમને, તમે નમો એ ગમે ન મને ॥૨૨॥

કોટિ કોટિ સૂર્યનો પ્રકાશ, મારે રોમે રોમે રહે વાસ ॥
તોયે મોટે જે રીત બાંધેલી, એને કે'દિ હું દિયું ન મેલી ॥૨૩॥

પછી દૂધપેંડા લીધા હાથે, દીધા ભાઈને શ્રીકૃપાનાથે ॥
એમ રાત ઝાઝી વહી ગઈ, ઉઠ્યા સ્વામિનારાયણ કઈ ॥૨૪॥

એમ વાતું ઘણી ઘણી કીધી, ઈયા દિશમાત્ર લખી લીધી ॥
આને સુણ્યે ટળે માયાપાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે મોટાભાઈને સત્સંગમાં કલ્યાણ કહ્યું એ નામે એકસો ને તેરમું પ્રકરણમ્ ॥૧૧૩॥

પ્રકરણ : ૧૧૪

પૂર્વછાયો :

લીલા કહું લોયાધામની, સહુ સાંભળજો ધરી પ્રીત ॥
મોટાભાઈ ભેળો હતો, જન મનસારામ ખચિત ॥૧॥

આવી અંગે માંદગી, વળી આવિયો ત્યાં અંતકાળ ॥
તેજ તેજ તેજોમય થયું, એને પેખ્યું એક મરાળ ॥૨॥

અહોહોહો એમ માંડિયું, છાનો એને રખાવિયો રાજ ॥
પછી કહે અલબેલડો, એનું અતિ ભલું થયું આજ ॥૩॥

ચોપાઈ :

કર્યું હરિનું ગમતું જ્યારે, મને માન્યો વાલમને ત્યારે ॥
એતો દેહ તજી ગયો ધામ, એમ બોલિયા સુંદર શ્યામ ॥૪॥

વળી આનંદે શ્રીઅલબેલ, કે'દિ વાત આમ આદરેલ ॥
નાત-જાત દેહતણી કોઈ, એતો આ જીવને નથી સોઈ ॥૫॥

મોરે કોઈ જો નો'તું આપણું, આજ કોઈ કેમ નિજતણું ॥
જાણો સાચા સગા ભગવાન, માત તાત ભ્રાત તે નિદાન ॥૬॥

ધન ધામ સહુ જાણો એહ, અંત સમાના બેલી છે તેહ ॥
એમ વિચારવું આઠું જામ, એતો જીવને કર્યાનું કામ ॥૭॥

એવું તપાસે તે જાણો સંત, ભાવજુક્ત ભજે ભગવંત ॥
બીજું સરવે મિથ્યા પ્રમાણે, એક સંતહરિ સત્ય જાણે ॥૮॥

ભલે અંગરખુ હોય સારું, પણ નિશ્ચે નાશ પામનારું ॥
જાણો અંગરખા સમો દેહ, એનો પેરતલ આત્મા એહ ॥૯॥

આત્મા સહુ સાંભળે શ્રવણ, વળી નેત્રો ભાળે તે ભવન ॥
નાસિકાએ લિયે ગંધ સારી, સ્પર્શે ત્વચાએ શું સુખકારી ॥૧૦॥

એમ સ્થૂળ સૂક્ષ્મ ને કારણ, ધર્યા આતમાએ દેહ ત્રણ ॥
જાણો આપણું રૂપ અભેદ, તેજોમય અમર અછેદ ॥૧૧॥

એમ સમજશે જન જેહ, જાણું અતિ સમરથ તેહ ॥
ભલે જેવો તેવો તે જણાય, પણ બહુ બળિયો કે'વાય ॥૧૨॥

એને વંદે છે દેવ ઈશ્વર, સત્ય સત્ય કહે તે અમર ॥
એમ ન સમજે રૂડી રીત, એતો ત્રણય તાપે દાઝે નિત ॥૧૩॥

બીજા જક્તમાં તો બહુ ફરે, નાગા શ્વાન ખરમાં તે સરે ॥
કોણ પાડ પૂછે એનો આજ, ઘણું આથડે એવો સમાજ ॥૧૪॥

ત્રણય તાપે ન તણાય જેહ, ભજે આનંદમાં પ્રભુ જેહ ॥
એતો સાચા ભક્ત કહેવાય, લોકે શાસ્ત્રો બહુ વખણાય ॥૧૫॥

હરિના ભક્ત છો સહુ તમે, માટે આગ્રહે કહીએ અમે ॥
એમ તોડીને અજ્ઞાનપાશ, પછી પોઢિયા શ્રીઅવિનાશ ॥૧૬॥

આવી વાતું કરે નાથ નિત, જન સુણતાં થાય ચકિત ॥
વળી લીલા કરે નવી નવી, નથી કેવા તે સમર્થ કવિ ॥૧૭॥

આવે દેશદેશ થકી દાસ, નેણે નીરખવા અવિનાશ ॥
નથી કે'વાતા તે સહુ મુખ, જેણે નાથ જોયા મુખોમુખ ॥૧૮॥

ગઢડેથી ભલા રામભાઈ, લાવ્યા પોષાક સુંદર ત્યાંઈ ॥
તેદિ શોભા ધરી અલબેલ, દીધા દાસને દર્શન છેલ ॥૧૯॥

ચણા સાકરિયા કોઈ લાવે, એને ભૂધરજી જમે ભાવે ॥
વળી રેવડી જમતાં ક્યારે, છોલી શેલડીયું બહુવારે ॥૨૦॥

લાવે તલ ગોળ વળી કોઈ, જમે જીવન દેખતાં સોઈ ॥
પછી ખોબા ભરી ભરી દિયે, જન રીઝે તે પ્રસાદી લિયે ॥૨૧॥

વટપત્તાનતણાં પંડિત, વળી પુરાણી આવ્યા ખચિત ॥
લાવ્યા કેસર કંકુ ચંદન, પ્રેમે પૂજીયા પ્રાણજીવન ॥૨૨॥

હેતે પેરાવ્યા સુંદર હાર, નીરખ્યા કોડે કોડે કિરતાર ॥
વાલો કરે વાલપ્યે વાતડી, જોતાં ઠરે અતિશે છાતડી ॥૨૩॥

બહુ બહુ ઝાલાવાડી જન, આવે જોવાને જગજીવન ॥
આપે રસોઈયું રૂડી રીતે, જમે જમાડે પ્રભુજી પ્રીતે ॥૨૪॥

જગે જાણી જેણે જેણે વાત, લોયે શાક કરે જગતાત ॥
આવે જોવાને લીલા એ દાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે સાચા ભક્તની સમજણ કહી ને ભક્તોના ભાવ પૂર્યા એ નામે એકસો ને ચૌદમું પ્રકરણમ્ ॥૧૧૪॥

પ્રકરણ : ૧૧૫

પૂર્વછાયો :

લોયાધામની ધરણીમાં, થાય નિત નિત નવી વાત ॥
રામપ્રતાપ ઈચ્છારામજી, આવ્યા હરિતણાં બેઉ ભ્રાત ॥૧॥

સત્સંગ તે સુખિયો થિયો, પણ નાથનું દલ ઉદાસ ॥
મુક્તમુનિએ પેખિયું, જે રાજી નથી અવિનાશ ॥૨॥

કોઈ બીજું નથી જાણતું, સહું થયા સુખે ગુલતાન ॥
એવામાંહિ ઘટના ઘટી, સુણો સહું થઈ સાવધાન ॥૩॥

ચોપાઈ :

હતા નાથના સેવક જન, પાળા ભીમભાઈ જે પાવન ॥
એને સંશે રહેતો અમાપ, કોણ હશે આ રામપ્રતાપ ? ॥૪॥

એ જ રાત્રિએ રામપ્રતાપ, નરસિંહરૂપે દીઠાં આપ ॥
વળી બીજી રજની મોઝાર, દીઠાં ભાઈને એ જ આકાર ॥૫॥

પછી આવ્યા તે વાલ્યમ પાસ, કીધી અંતરવાત પ્રકાશ ॥
હતી મધ્યરાત્રિ એહ સમે, કહે નાથ સુણો દાસ તમે ॥૬॥

કોણ છે રામપ્રતાપભાઈ, તે દેખાડીએ સમાધિમાંઈ ॥
પછી કરાવી અંતરવૃત્તિ, થઈ સમાધિ ને દિવ્યગતિ ॥૭॥

કેડયે દાસ ને આગે દયાળ, આવ્યા પ્રથમ લોક પાતાળ ॥
દીઠો સર્પકણો એક ત્યાંય, અતિ નાનેરો મંદિરમાંય ॥૮॥

હતી નેતરની સોટી હાથ, એને અડાડી શ્રીકૃપાનાથ ॥
તેણે ઝબકી આવિયા બા'ર, રૂપ ધર્યુ વિશાળ અપાર ॥૯॥

સહસ્ર મુખે શેષજી શોભે, શીશ શ્વેત મૂર્તિ મન લોભે ॥
જોઈ પાળે પૂછ્યું કોણ દેવ ? કહે નાથ આ ભાઈ અભેવ ॥૧૦॥

પછી આગે ચાલ્યા હરિરાય, પીછે ચાલ્યા પાળા ભીમભાય ॥
દોય આવ્યા બદ્રિવનમાંય, દીઠા બદ્રિતળે મુનિરાય ॥૧૧॥

કરે વાતો બ્રહ્માનંદ સ્વામી, સુણે ઋષિ સહું કરભામી ॥
જોઈ પાળે પૂછ્યું હરિરાય ! કેમ સ્વામી દિસે વનમાંય ॥૧૨॥

ત્યારે નાથ કહે ઋષિકાજ, બીજે રૂપે આવે મુનિરાજ ॥
નિત્ય પ્રત્યે દિયે ઉપદેશ, મુજજ્ઞાનતણો તે હંમેશ ॥૧૩॥

પછી ત્યાંથી ચાલ્યા કૃપાનાથ, શ્વેતદ્વીપ આવ્યા પાળા સાથ ॥
આંહિ મુક્તોને શ્રીયોગિરાજ, ગોપાળાનંદજી સુખસાજ ॥૧૪॥

દિયે હરિસ્વરૂપનું જ્ઞાન, દીઠું ભીમભાયે ત્યાં નિદાન ॥
કહે નાથ આંહિ નિત નિત, બીજે રૂપે આવે આ ખચિત ॥૧૫॥

પછી ત્યાંથી તે ગોલોકધામ, આવ્યા પાળાસંગે પૂર્ણકામ ॥
દીઠા મુક્તમંડળમાં સ્વામી, નિત્યાનંદજી ભક્તિવિરામી ॥૧૬॥

કહે નાથ સુણો ભીમભાય, આંહિ નિત્ય આવે મુનિરાય ॥
પછી પ્રભુજી પૂરણકામ, થયા અદૃશ્ય મહાસુખધામ ॥૧૭॥

ચહુપાસ જુવે ભીમભાય, નવ દિસે અલબેલ ક્યાંય ॥
તેણે બહુ બહુ અકળાયા, પોકારે કિંયા છો હરિરાયા ? ॥૧૮॥

ત્યારે મુક્ત કહે સુણો તમે, ગયા ધામે નાથ દીઠું અમે ॥
આ પગથિયેથી મહારાજ, ગયા અક્ષરધામાધિરાજ ॥૧૯॥

ચાલ્યા ભીમપાળા તે સોપાન, આવ્યા અક્ષરધામે નિદાન ॥
તિંયા દીઠું છે તેજ કેવળ, નવ દીઠા દયાળ તે પળ ॥૨૦॥

વળી અકળાયા બહું ભારે, કિંયા નાથ ! હે નાથ ! પુકારે ॥
ત્યારે મુક્ત કહે સુણો તમે, પ્રભુ પધાર્યા નીચે આ સમે ॥૨૧॥

તમે જાઓ સમાધિથી બાર, લોયે પામશો પ્રાણઆધાર ॥
પછી આવ્યા મૃત્યુલોકમાંય, જાગ્યા સમાધિથી ભીમભાય ॥૨૨॥

દીઠા મરમાળો કિરતાર, સુરા ખાચરને દરબાર ॥
લાગી પાય ને વિસ્તારી વાત, જેહ તેણે દીઠી'તી સાક્ષાત ॥૨૩॥

સુણી વિસ્મય પામ્યા તે સહું, અહો અહો આ આશ્ચર્ય બહું ॥
કેવા નાથ ! કેવા મુનિરાય ! કેવા તે રામપ્રતાપભાય ! ॥૨૪॥

અહો આપણાં ભાગ્ય અપાર, મળ્યા પ્રગટ પ્રાણઆધાર ॥
મળ્યા પ્રગટ તે દિવ્યદાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે ભીમભાઈને સમાધિ કરાવી એ નામે એકસો ને પંદરમું પ્રકરણમ્ ॥૧૧૫॥

પ્રકરણ : ૧૧૬

પૂર્વછાયો :

લોયાધામની ધરણીમાં, થાય નિત્ય નવલાં પ્રસંગ ॥
નીરખી સંત હરિજનનાં, ફૂલે ફૂલે અતિશે અંગ ॥૧॥

કેદિ રોષ ધરે હરિ, કેદિ હસે હસાવે જન ॥
વઢે વખાણે વાલમ્યો, એમ સુખ દિયે નિશદન ॥૨॥

ગુણ ગાવા ગોવિંદના, મારે હૈયે અધિક હુલ્લાસ ॥
ગાઉં અતિ ઉછરંગ શું, સહું સુણજો હરિના દાસ ॥૩॥

ચોપાઈ :

આવ્યો વસંતપંચમી દન, આજ આનંદિયા સહુ જન ॥
તિંયા ઘટી એક ઘટનાય, એ વિસારી નવ્ય વિસરાય ॥૪॥

થયું શુભ વસંતપૂજન, પછી બેઠા સભામાંહિ જન ॥
તિંયા બોલિયા રામપ્રતાપ, સુણો ભૈયા ઘનશ્યામ આપ ॥૫॥

આગે થિયો રામ અવતાર, કીધો અનેકજન ઉદ્ધાર ॥
એ તો પરણ્યા'તા સીતા નાર, દિસે એની ભક્તિનો પ્રચાર ॥૬॥

હણ્યા રાવણાદિકને આપ, ટાળ્યા સંતજનના સંતાપ ॥
એના ચરિત્ર જોઈને જન, આજ જીવે પવિત્ર જીવન ॥૭॥

વળી પ્રગટ્યા શ્રીકૃષ્ણચંદ, દીધા ગોપીજનને આનંદ ॥
સોળ સહસ્ર નારીસંગાથ, થયા ગૃહસ્થ દ્વારિકાનાથ ॥૮॥

કર્યો અસુરકુળ સંહાર, કહ્યો ગીતામાંહિ શાસ્ત્રસાર ॥
એની ભક્તિ કરી નરનાર, આજ સુખિયા થાય અપાર ॥૯॥

વળી ઋષભાદિ અવતાર, થઈ ગૃહસ્થ તે નિરધાર ॥
કીધા સંતને સુખિયા અતિ, એમ તમે પણ સંતપતિ ॥૧૦॥

માની વચન ધર્મકુમાર, પરણો તમે નૌતમ નાર ॥
તો તો સત્સંગે ઘણો સમાસ, સદ્ય થાય નિશ્ચે અવિનાશ ! ॥૧૧॥

તજી સંકોચ હા કહો હરિ, લાવું જોઈએ તેવી સુંદરી ॥
ત્યારે નાથ કહે મોટાભાઈ ! એ તો અશક્ય વાત સદાઈ ॥૧૨॥

અમે જમીએ સહુનો થાળ, વળી ભમીએ સઘળે કાળ ॥
માટે બનશે કેમ એ વાત, તમે કહોને મોટેરા ભ્રાત ॥૧૩॥

ત્યારે બોલ્યા દંડી દેવાનંદ, સવિનય રેલાવા આનંદ ॥
થાય વિપ્ર કર્મભ્રષ્ટ કોઈ, તો તે પ્રાયશ્ચિતે શુદ્ધ હોઈ ॥૧૪॥

માટે બ્રાહ્મણતણી કન્યાય, પરણી શકશો હરિરાય ॥
માટે માનો ભાઈતણું વેણ, તિંયા બોલ્યા બ્રહ્મમુનિ કે'ણ ॥૧૫॥

હવે પ્રભુ પરણશે ભાઈ, મનોહર પત્ની સુખદાઈ ॥
વળી બાળકો થાશે પાવન, એને રમાડીશું મુનિજન ॥૧૬॥

હું તો પારણીયે ઝુલાવીશ, ત્યારે બાળક નાખશે ચીસ ॥
તાત તાત બરાડશે બાળ, સુણી દોડશે તિંયા દયાળ ॥૧૭॥

વળી હશે સભામાંહિ તાત, ત્યારે કે'શે બોલાવે છે માત ॥
એમ કહીને ખેંચશે હાથ, ખેંચાશે તિંયા આ કૃપાનાથ ॥૧૮॥

એમ રમૂજ કીધી લગાર, હસી સભા ખડખડ અપાર ॥
માની વાત પ્રભુજીએ સત્ય, બહુ ભારે પડી આ રમત્ય ॥૧૯॥

મુખરેખાઓ ગઈ વંકાઈ, કોપ આવી રહ્યો ઉભરાઈ ॥
દીઠા રુષ્ટમૂરતિ દયાળ, સભા ચૂપ થઈ તતકાળ ॥૨૦॥

પછી મહાપ્રભુ બોલ્યા એમ, આવું વિચારો છો તમે કેમ ? ॥
મુજરુચિ ન જાણી લગાર, ભલે કીધું મેં વારમવાર ॥૨૧॥

મોટા-મોટાને કર્યા ગુલામ, એવો મહાબળવંત કામ ॥
એનો કીધો તમે પરાજય, એ તો મુજપ્રતાપે નિશ્ચય ॥૨૨॥

હવે માંડુ હું ઘરસંસાર, તો તો બદલે તમવિચાર ॥
થાય નૈષ્ઠિક વ્રતની હાણ, વધે કળિબળનું જોરાણ ॥૨૩॥

અમે અક્ષરધામાધિપતિ, ધર્મ નિષ્કામ સ્થાપવા અતિ ॥
આવ્યા છીએ અવનિ મોઝાર, માટે ત્યાગી થયા નિરધાર ॥૨૪॥

મારે હણવા નથી અસુર, મારે હણવા રિપુ જરૂર ॥
કરવો કામાદિકતણો નાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે રામપ્રતાપજીએ પરણવાનો પ્રસ્તાવ મૂક્યો એ નામે એકસો ને સોળમું પ્રકરણમ્ ॥૧૧૬॥

પ્રકરણ : ૧૧૭

પૂર્વછાયો :

પલટિયો પલવારમાં, આનંદરસમાં રોષ ॥
લીલા છે મહારાજની, રખે દેતા કોઈને દોષ ॥૧॥

આનંદધૂમ મચાવતાં, બગડ્યો સઘળો ખેલ ॥
નો'તુ મુનિએ વિચારીયું, જે રુઠશે છબીલો છેલ ॥૨॥

આનંદમૂરતિ નાથજી, આજ થયા ધીરગંભીર ॥
ગંભીર વાણી ઉચ્ચરે, જન સુણતા થયા સ્થિર ॥૩॥

ચોપાઈ :

કે'દિ સ્વપ્નામાંય સંસાર, મુને સ્ફૂરતો નથી લગાર ॥
મારે હૈયે હામ ભરપૂર, ગૃહસ્થાશ્રમ રાખવો દૂર ॥૪॥

હૃદે નારીનો અભાવ અતિ, એની ગંધ આવે જોને રતિ ॥
તો તો ઉદરે ન ટકે અન્ન, થાય ખાધેલું તુર્ત વમન ॥૫॥

એવો તીવ્ર અમારો વૈરાગ, કેમ ઉપજે નારી શું રાગ ॥
માટે વિવાહની તજો વાત, વળી સાંભળજો મારા ભ્રાત ॥૬॥

આવ્યા અક્ષરધામથી અમે, લાવ્યા અલૌકિ રીત આ સમે ॥
તોડવાને કળિ અભિમાન, ખરા મથીએ છૈયે નિદાન ॥૭॥

થાય મારો આશ્રિત જે કોઈ, બાળ યુવા વળી વૃદ્ધ સોઈ ॥
મારી ભક્તિના પ્રતાપ થકી, થાય નિષ્કામી પળમાં નક્કી ॥૮॥

આગે થયા મુજ અવતાર, તેણે હણ્યા અસુરો અપાર ॥
પણ અંતઃશત્રુ પરાભવ, કે'દિ કેણે કર્યો નહિ લવ ॥૯॥

માટે કરવાને એહ કાજ, આવ્યો અક્ષરેથી હું તો આજ ॥
સંગે લાવ્યો મુક્ત સમુદાય, એ તો નૈષ્ઠિક વ્રતી સદાય ॥૧૦॥

મોટા ચાલે તેમ ચાલે જન, એવું કહ્યું શ્રીકૃષ્ણે વચન ॥
હવે તજું જો વ્રત નિષ્કામ, તો તો શું કરે લોક તમામ ॥૧૧॥

નથી કરવો વિવાહ ભાઈ ! વળી મારી પરંપરામાંઈ ॥
કોઈ વર્ણી ખરા બ્રહ્મચારી, એજ ગાદીતણાં અધિકારી ॥૧૨॥

ગુરુદેવ સ્વામી રામાનંદ, વર્ણીવેષે રહ્યા સુખકંદ ॥
છૈયે અમે પણ વર્ણીરાય, માટે વર્ણી અમારે સોહાય ॥૧૩॥

પછી નાથે જોયું સભામાંણી, દીઠા વાસુદેવાનંદ વરણી ॥
લઘુ વય વળી લઘુ કાય, ભાલે બ્રહ્મતેજ ઉભરાય ॥૧૪॥

એને ઉભા કીધા અવિનાશે, તિંયા આસન આપિયું દાસે ॥
પછી બોલિયા પ્રાણજીવન, વર્ણીરાજ ! ગ્રહોને આસન ॥૧૫॥

ત્યારે વર્ણી કહે જોડી હાથ, કેમ બેસુ આંહિ કૃપાનાથ ! ॥
તમે પ્રભુ પ્રગટ પ્રમાણ, વળી મુક્ત આ સંત સુજાણ ॥૧૬॥

મોટા આગળ્યે ઊંચે આસને, લાગે બેસવું કઠણ મને ॥
કહે નાથ સુણો બ્રહ્મચારી, અમ વચને મર્મ છે ભારી ॥૧૭॥

પછી શીશ ચઢાવી આજ્ઞાય, નમ્યા સંતહરિતણે પાય ॥
બેઠા આસને તે વર્ણીરાય, ત્યારે નાથ બોલ્યા સુખદાય ॥૧૮॥

મારી આજ્ઞા જાણો સહુ જન, કરજો વર્ણીનું ભાવે પૂજન ॥
હું છું પ્રસન્ન વર્ણીને અતિ, કાંજે મહાનિષ્કામ એ મૂર્તિ ॥૧૯॥

સ્થાપ્યા મુજગાદીએ એમને, સેવજયો સહુ પ્રીતેથી તમે ॥
પછી પ્રભુજીએ નિજ હાથે, પૂજયા વર્ણી ઘણે હેતસાથે ॥૨૦॥

કીધો કુંકુમ ચંદ્રક ભાલે, વળી અક્ષત લગાવ્યા લાલે ॥
એક ઓઢાડ્યું શ્વેત અંબર, પુષ્પમાળા પેરાવી સુંદર ॥૨૧॥

મિષ્ટ નૈવેદ્ય ધર્યુ દયાળે, કીધી આરતી શું મરમાળે ॥
પાંચ દંડવત કીધા નાથ, ધોયા ચરણ તે નિજહાથ ॥૨૨॥

પ્રેમે પીધું ચરણોદક વાલે, પાયું સભાને શ્રીવૃષલાલે ॥
પછી પૂજાની આગન્યા કરી, બેઠા નિજ આસને શ્રીહરિ ॥૨૩॥

મુક્તમુનિ આદિ ગુણવંત, ઉઠ્યા એક-એક સહુ સંત ॥
પ્રીતે પૂજીયા તે બ્રહ્મચારી, પછી પૂજયા હરિજને ભારી ॥૨૪॥

હોય નાથની મરજી જેમ, સહુ સમજી વરતે તેમ ॥
તેણે રાજી રહે અવિનાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે વાસુદેવાનંદ વર્ણીને ગાદી આપી એ નામે એકસો ને સત્તરમું પ્રકરણમ્ ॥૧૧૭॥

પ્રકરણ : ૧૧૮

પૂર્વછાયો :

અકળ મૂરતિ નાથજી, વળી અકળ એના ચરિત્ર ॥
સુણતાં જન સકળને, કરે ખરેખરા પવિત્ર ॥૧॥

હરિચરિત્ર ચિંતવતા, થાય મન અતિશે પાવન ॥
માટે કહું છું પ્રેમથી, તમે સાંભળો શ્રોતાજન ॥૨॥

સભાસદે સહુ મળી, વળી બ્રહ્મચારી પૂજ્યા ॥
ઊભા થઈ હરિ આગળે, પછી સ્તુતિ વર્ણી ઉચ્ચરિયા ॥૩॥

ચોપાઈ :

મહાસુખમય મૂરતિ આપ, દિવ્યસુખ તમારું અમાપ ॥
સહું ચૈતન્યને સુખકર, નેહે નમું નમું હરિવર ॥૪॥

નિત્ય કિશોર પુરુષાકાર, દિવ્યમૂરતિ સરવાધાર ॥
સર્વથકી સદા પરાત્પર, નેહે નમું નમું હરિવર ॥૫॥

તેજોમય જે અન્વયરૂપ, તેણે વ્યાપી રહ્યા જગભૂપ ॥
વ્યતિરેક બિરાજો અક્ષર, નેહે નમું નમું હરિવર ॥૬॥

નિયંતા જડ-ચૈતન્યતણાં, તમઐશ્વર્યે નથી જો મણાં ॥
સર્વકર્તા-હર્તા સર્વેશ્વર, નેહે નમું નમું હરિવર ॥૭॥

સૃષ્ટિતણાં તમે ઉપાદાન, વળી નિમિત્તહેતુ નિદાન ॥
એમ શ્રુતિવચન અમર, નેહે નમું નમું હરિવર ॥૮॥

પ્રકાશો કોટિ બ્રહ્માંડમાંય, રહ્યા થકા અક્ષરે સદાય ॥
એવા કળાવંત ખરેખર, નેહે નમું નમું હરિવર ॥૯॥

કોટિ અનંત બ્રહ્મસ્વરૂપ, મુક્ત અક્ષરતણાં અનુપ ॥
સજે સેવા થૈને તતપર, નેહે નમું નમું હરિવર ॥૧૦॥

જ્ઞાનશક્તિ ક્રિયાશક્તિ વળી, ઈચ્છાશક્તિ આદિ સહુ મળી ॥
પામે તમથી જીવ-ઈશ્વર, નેહે નમું નમું હરિવર ॥૧૧॥

એમ સ્તુતિ કરી જોડી હાથ, સુણી રીઝીયા શ્રીકૃપાનાથ ॥
કહે માગો માગો બ્રહ્મચારી, આજ દૈયે વરદાન ભારી ॥૧૨॥

ત્યારે વર્ણી કહે હરિરાય ! મુને માયા લોપે ન કદાય ॥
સદા સંતજનતણો સંગ, રહે એમાં ઉમંગ અભંગ ॥૧૩॥

ઈન્દ્રિયો વળી અંતઃકરણ, સદા સેવે તમારા ચરણ ॥
થઈ રહું દાસતણો દાસ, એ જ વર માંગું તમપાસ ॥૧૪॥

તમે ભક્તકલ્પતરુ શ્યામ, મુને આપો આ વર તમામ ॥
ત્યારે તથાસ્તુ કહીને નાથે, પીઠ થાબડી ઉમંગ સાથે ॥૧૫॥

પછી પ્રભુ પધાર્યા નિવાસ, સહું અંતરમાં વળી હાશ ॥
પણ અકળાયા બ્રહ્મચાર, આવી ઉતારે રડ્યા અપાર ॥૧૬॥

જાણી મુક્તમુનિએ વિગત, આવ્યા વર્ણી નિકટે તુરત ॥
જેમ બાળને પંપાળે માત, તેમ વર્ણીને મુનિ સાક્ષાત ॥૧૭॥

કહે વાત્સલ્યમૂરતિ સ્વામી, કેમ મુંઝાઓ મહાનિષ્કામી ! ॥
નથી રુચતી મોટ્યપ રતિ, એવી જાણું છું તમારી મતિ ॥૧૮॥

મુજ વાતને અવશ્ય માનો, પિતાસમ પ્રભુને પ્રમાણો ॥
લાડ લડાવે સુતને બાપ, એમાં સુત ન પામે સંતાપ ॥૧૯॥

કે'દિ ખેલવે બેસાડી ખોળે, વળી ચઢાવે કે'દિ ખંધોળે ॥
સુત માણે સદાયે આનંદ, એવું માનો વાસુદેવાનંદ ! ॥૨૦॥

મુક્તમુનિની વાણી મધુર, સુણતાં વળે શાતા જરૂર ॥
શોક મોહ કે રોષ જે હોય, સ્વામીવચને ટળે તે સોય ॥૨૧॥

એમ વર્ણીની પીડા નિવારી, તિંયા ખેલ મચ્યો મહાભારી ॥
થઈ રંગની રેલમછેલ, રોળે જનને શ્રીઅલબેલ ॥૨૨॥

સુરાખાચરને દરબાર, જામ્યો વસંતોત્સવ તે વાર ॥
જરા કે'વી આ લીલા વિસ્તારી, ઈંયા વાત હૃદે ધારો મારી ॥૨૩॥

રામપ્રતાપ ને ઈચ્છારામ, વળી મહાપ્રભુ સુખધામ ॥
ત્રણ્યે ભાઈ રમ્યા રંગમાંઈ, એ તો પ્રથમ આ ભૂમિમાંઈ ॥૨૪॥

નથી નથી મેં નજરે દીઠી, પણ વાત કહું અતિ મીઠી ॥
સહુ સુણજયો ધરી વિશ્વાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે વાસુદેવાનંદ વર્ણીએ સ્તુતિ કરી એ નામે એકસો ને અઢારમું પ્રકરણમ્ ॥૧૧૮॥

પ્રકરણ : ૧૧૯

પૂર્વછાયો :

ધરણી લોયાધામની, મહાભાગ્યવંતી પુનિત ॥
આજ એના રોમ રોમ શું, થાય અતિ પુલકિત ॥૧॥

અક્ષરપતિ અલબેલડો, ખેલે વસંત નિજજનસાથ ॥
ખેલ મચાવ્યો ખૂબ ત્યાં, રંગ રેલાવી કૃપાનાથ ॥૨॥

કાંઈક વરણવું વાતડી, કેમ રમિયા શ્રીરંગરેલ ॥
સંત હરિજન સહુ મળી, કઈ પેરે મચાવ્યો ખેલ ॥૩॥

ચોપાઈ :

રંગ રમવા કાજે મુરારી, નિજ કેડ્ય બાંધી સુખકારી ॥
લઈ પીચકારી વામ હાથ, જન સામું જોઈ હસ્યા નાથ ॥૪॥

કીધી જમણે હાથે તે સાન, ગઈ નારીઓ દૂર નિદાન ॥
લાગ્યા ખેલવા સુંદરછેલ, વાળી વાળી રંગડાની રેલ ॥૫॥

ફાંટ્યુ ભરીને ફેંકે ગુલાલ, પીચકારી મારી કરે ન્યાલ ॥
ત્યારે મળી સખાતણી ટોળી, નાખ્યા નાથને અતિશે રોળી ॥૬॥

છાયો ગગને ભારે ગુલાલ, મચ્યો કીચડ ભૂમિએ લાલ ॥
ધૂમ મચાવી પ્રાણજીવને, નીરખે અક્ષર મુક્ત ગગને ॥૭॥

પછી નાથ રીઝવવા કાજ, તજી સમૂહ ક્રીડા સમાજ ॥
બે-બે જણ મળી પરસ્પર, કીધો રંગક્રીડાનો આદર ॥૮॥

ઈચ્છારામ ને રામપ્રતાપ, નિજદેશ અનુસારે આપ ॥
રંગે રમીને હસાવે હરિ, એતો વાત ન જાય ઉચ્ચરી ॥૯॥

મુક્તમુનિ ને મુનિ ગોપાળ, રંગે રમે રીઝવે દયાળ ॥
બ્રહ્માનંદ સંગે નિત્યાનંદ, શતાનંદ ને સચ્ચિદાનંદ ॥૧૦॥

દયાનંદ ને નિષ્કુળાનંદ, શુકાનંદ ને ભૂધરાનંદ ॥
મુકુંદાનંદ ને જયાનંદ, વાસુદેવ ને વૈકુંઠાનંદ ॥૧૧॥

સુરો ભક્ત રમે સોમ સંગે, અલૈયો તો ભગુજીને રંગે ॥
જીણાભાઈ ને વસ્તા ખાચર, મયારામ ને પ્રાગ વિપર ॥૧૨॥

સંત વર્ણી પાળા હરિજન, એમ બબ્બે મળીને પાવન ॥
રંગે રમે ધરીને હુલ્લાસ, જોઈ રાજી થાય અવિનાશ ॥૧૩॥

સોમ ન જાણે રમ્યાની રીત, તોયે અત્યંત પ્રસન્ન ચિત્ત ॥
તેણે લઈ રંગઘડો એક, સુર માથે તે ઢોળ્યો વિશેક ॥૧૪॥

સુરા ભક્ત મહાબળવાન, ભોંયે ઢાળ્યા સોમને નિદાન ॥
પછી લઈ ગુલાલ અપાર, મુખ-નેત્ર ભર્યા પારાવાર ॥૧૫॥

સોમલા તણી દુર્દશા જોઈ, દોડ્યા બ્રહ્મમુનિ તિયા સોઈ ॥
સુરા ખાચરને ભીને મુખે, લીંપ્યો ગુલાલ અતિશે સુખે ॥૧૬॥

ત્યારે મુનિવરની શિખાય, ઝાલી સુરે ભક્તે શું સમાય ॥
મોટી મુઠીમાં લઈ ગુલાલ, નેત્રો ભરી મુંઝવ્યા મરાલ ॥૧૭॥

નથી દેખાતું લેશ જો નેણે, થયા મુનિ તો વિભ્રાંત તેણે ॥
ભૂલ્યા સુરા ખાચરની ટાલ, શિખા ઝાલવા ઈચ્છ્યા મરાલ ॥૧૮॥

ફેરે માથે હાથ વારંવાર, તેને જોઈ હસે કિરતાર ॥
પછી દોડ્યા તિંયા મહારાજ, બ્રહ્મમુનિની સહાય કાજ ॥૧૯॥

લીધી રંગની ગાગર હાથ, ઢોળી સુરા ખાચરને માથ ॥
વળી લઈ અતિશે ગુલાલ, નાખ્યો નૃપમાથે તતકાલ ॥૨૦॥

તેણે જોનારાને ભાસે એમ, ઉભો ગિરિ ગુલાલનો જેમ ॥
વળી રમતાં રમતાં સોઈ, તૂટી મયારામની જનોઈ ॥૨૧॥

તેણે બોલી શકે નહિ કાંઈ, સ્થિર ઊભા તે ભારે મુંઝાઈ ॥
જોઈ પ્રાગજીએ તક ખરી, ઢોળી માથે તે રંગગાગરી ॥૨૨॥

એમ રમે બે-બે જણ ત્યાંય, જોઈ અતિ હસે હરિરાય ॥
જામ્યો જામ્યો રંગોત્સવ ભારી, રમે સખા સંગે સુખકારી ॥૨૩॥

રંગ રમીને ભાદર ગંગે, નાયા નીરમાં સહુ ઉમંગે ॥
દીધા સુરા ખાચરને નાથે, રંગવાળા વસ્ત્રા નિજહાથે ॥૨૪॥

ધન્ય ધન્ય ધન્ય લોયાપુર, ઈયા નાથ ખેલે ભરપૂર ॥
ધન્ય ધન્ય સુરો ભક્ત ખાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે લોયામાં રંગોત્સવ કર્યો એ નામે એકસો ને ઓગણીસમું પ્રકરણમ્ ॥૧૧૯॥

પ્રકરણ : ૧૨૦

પૂર્વછાયો :

શુભમતિ સહુ સાંભળો, શાકલીલા કરે હરિરાય ॥
એહ સમાની વાતડી, કહું એક અતિશે ઉછાય ॥૧॥

મહા સુદી પૂન્યમતણો, આવ્યો સપરમો દન એહ ॥
સૂરજ અસ્તાચળ ગયા, થઈ સંધ્યા આરતી તેહ ॥૨॥

ત્યાર પછી સભા સજી, બેઠા મોહનજી મંચ પર ॥
કરુણામૂરતિ નાથજી, બોલ્યા વચન કરુણાસભર ॥૩॥

ચોપાઈ :

આજે થાવાનું ચંદ્રગ્રહણ, જાશું આપણે હરિશરણ ॥
એકતાર કરીએ ભજન, પછી ભદ્રાએ સ્નાન પાવન ॥૪॥

કરે દાન એ સમે જે રતિ, પામે મહાફળ એનું અતિ ॥
માટે ઉજવીએ પર્વ આજ, સહુ સજજ થાઓ સજી સાજ ॥૫॥

ભદ્રાતીરે મુકો બળતણ, ટાઢ્યે પામવા ભલું રક્ષણ ॥
કૂપે નાહી જન દસ-બાર, લાવજયો ત્યાં કોરા વસ્ત્ર સાર ॥૬॥

ભીને વસ્ત્રે આંહિ ન અવાય, ટાઢ્યે ઠરે જન સમુદાય ॥
એમ કરી ભલામણ સારી, પછી સાન કીધી સુખકારી ॥૭॥

ગ્રસ્યો રાહુએ રાકેશ ભારી, થઈ નિશા અતિશે અંધારી ॥
ત્યારે સંત ને જોખન મળી, ગાવા લાગ્યા ઉચ્ચ સ્વરે વળી ॥૮॥

સહું થયા એમાં ગુલતાન, પછી વાતું માંડી ભગવાન ॥
જન સાંભળે સ્નેહે સહિત, ડોલવા ન દિયે નિજચિત્ત ॥૯॥

ગામ સારંગ કાનમમાંઈ, ત્યાંના વણિક ખુશાલભાઈ ॥
બેઠા દીઠાં સભામાંહિ સામે, એને પૂછીયું સુંદરશ્યામે ॥૧૦॥

જાણી નિજપંથને અસાર, કેમ સત્સંગે કીધો તે પ્યાર ॥
ત્યારે બોલિયા ખુશાલભાઈ, સુણો મહાપ્રભુ સુખદાઈ ॥૧૧॥

જોઈ ઈયા મેં રીત પુનિત, તેણે લાગી તમસંગ પ્રીત ॥
પછી વાતું સુણી સંતતણી, આંખ્યું ઉઘાડી એમણે ઘણી ॥૧૨॥

એમ કહીને વિસ્તારી વાત, જામી જામી રઢિયાળી રાત ॥
મધ્યરાત્રિ સમો થયો જ્યાંય, મૂક્યો રાકેશ રાહુએ ત્યાંય ॥૧૩॥

જ્યારે શુદ્ધ થયો શશી અંગે, નાથ નાવા ચાલિયા ઉમંગે ॥
આપે અશ્વે થયા અસવાર, જન લાવ્યા ગાડાં ધરી પ્યાર ॥૧૪॥

હતા વીસેક ગાડાઓ એહ, માંહિ બેઠા સંત વૃદ્ધ જેહ ॥
બીજા ચાલતાં પાછળ આવે, ગાતાં ગરબી અતિ ઉછાવે ॥૧૫॥

મુનિજન વળી નર-નાર, હરિસંગે આવ્યા ગામ બા'ર ॥
ગામથકી તે દક્ષિણ દિશે, વહે નિર્મળ નીર અતિશે ॥૧૬॥

ભદ્રાવતીમાં ઉતર્યા નાથ, સહું જનને લઈ સંગાથ ॥
ટાઢચે જળ તે બહુ ઠરેલ, એમાં સ્નાન કર્યું અલબેલ ॥૧૭॥

તિંયા આવિયા મુક્ત અનેક, પરાત્પર અક્ષરના છેક ॥
શ્વેતદ્વિપ ને બદરીવન, વાસી તિંયાના આવ્યા પાવન ॥૧૮॥

કીધા દર્શન તે પ્રેમજુક્ત, નાયા પ્રસાદીજળે તે મુક્ત ॥
પૂજા-સ્તુતિ કીધા ચિત્ત પ્રોઈ, એતો સમાધિવાળાએ જોઈ ॥૧૯॥

એહસમે બની બીના જેહ, તમે સાંભળજયો ધરી સ્નેહ ॥
નાયા ઉતાવળે સહુ જન, પછી પહેર્યા કોરા વસન ॥૨૦॥

અતિ નીરવ રાત્રિ મોઝાર, પીડે કાંતિલ ઠંડી અપાર ॥
તિંયા સાઠી તલસરા જેહ, જને સળગાવ્યા ત્વર તેહ ॥૨૧॥

લાગ્યા તાપવા શ્રીઅલબેલ, જનસંગે ઊભા ઊભા છેલ ॥
કીધી તાપણીયું બહુ બહુ, ટાઢચ નિવારે ત્યાં જન સહુ ॥૨૨॥

પછી પાછા વળ્યા ગામમાંય, બેઠા ભૂધરજી ગાડામાંય ॥
વાજે ઢોલ ને વાજા અપાર, ગાય કીર્તન ને જયજયકાર ॥૨૩॥

આવી ઉતારે હરિ ને સંત, પ્રેમે પૂજા કીધી ગુણવંત ॥
હરિજને દીધા બહુ દાન, જોઈ રીઝીયા શ્રીભગવાન ॥૨૪॥

પછી ગયા સહુ નિજસ્થાન, ગાઢ નિદ્રાએ પોઢ્યા નિદાન ॥
વીતી નિશા ને થયો ઉજાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે પૂર્ણિમાએ ચંદ્રગ્રહણ થયું એ નામે એકસો ને વીસમું પ્રકરણમ્ ॥૧૨૦॥

પ્રકરણ : ૧૨૧

પૂર્વછાયો :

ચંદ્રગ્રહણ લીલાતણી, મુને વીસરી વાતડી એક ॥
શુભમતિ સહુ સાંભળો, પછી વિચારજોને વિવેક ॥૧॥

સંધ્યા કેડ્યે સભામાંહિ, આવી પીથલપુરની નાર ॥
અસત શુદ્ર વરણમાં, નામ ગંગાબાઈ નિરધાર ॥૨॥

બેસવા ન દીધી એહને, બાઈયુંએ સભા મોઝાર ॥
દૂર ઊભી દર્શન કરે, એ જોઈ રુઠ્યા કિરતાર ॥૩॥

ચોપાઈ :

પૂછ્યું બાઈયુંને અલબેલ, હોય ચોકે જે ઢોર મરેલ ॥
કોણ ઢસડી તે લઈ જાય, ત્યારે બોલી કોઈક ઉછાય ॥૪॥

શૂદ્ર અસત વરણ જન, ઢોર ઉપાડે હે ભગવન ! ॥
સુણી બોલીયા પ્રભુજી ત્યારે, મરે ઢોર કોડિયે તમારે ॥૫॥

કોણ ઢસડે તે મૃતદેહ, બોલી બાઈયું તજી સંદેહ ॥
લિયે ચોકમાંથી જન જેહ, કોડિયેથી ઉપાડે જ તેહ ॥૬॥

ફેરી મુખરેખા પછી હરિ, બોલ્યા રોષ લગારેક ધરી ॥
લિયે પ્રવેશ તે ઘરમાંય, ત્યારે તેનું નથી મને કાંય ॥૭॥

તો તો સભામાંહિ જન એહ, કેમ બેસવા ન દિયો તેહ ? ॥
સુણી બાયું બોલી જોડી હાથ, ક્ષમા કરજયો હે કૃપાનાથ ! ॥૮॥

હવે કે'દિ ન કરીયે આમ, ત્યારે ગંગા પ્રત્યે કહે શ્યામ ॥
એક કોરે બેઠ્ય સભામાંઈ, સુણી ધન્ય થઈ ગંગાબાઈ ॥૯॥

નાથે કેમ દીધો આવકાર, એનો હેતું સુણાવું આ વાર ॥
બીજે દન સભા સજી શ્યામ, એક વિપ્ર આવ્યો એહ ઠામ ॥૧૦॥

સાયલાતણો મહાશંકર, ભટ્ટ બોલિયો હે હરિવર ! ॥
કેમ લેવડાવો મારી લાજ, જેને તેને શીખવીને રાજ ? ॥૧૧॥

સુણી બોલિયા શ્રીમહારાજ, કોણે લીધી વિપ્ર તારી લાજ ? ॥
ત્યારે સંત કહે સુણો શ્યામ ! હોય સગ્રામનું એહ કામ ॥૧૨॥

એમાં ભટ્ટે પુરાવીયો સ્વર, એને ઠીક કરો હરિવર ॥
પછી તેડ્યો તિયા સગરામ, કહે પ્રભુજી પૂરણકામ ॥૧૩॥

તારી જ્ઞાતિ વિનાના જે જન, પૂછવું નહિ એને પ્રશન ॥
સુણી સગરામે જોડ્યા હાથ, હવે પછી નહિ પૂછું નાથ ! ॥૧૪॥

લઈ શીખ તે થયો વિદાય, ત્યારે નિત્યાનંદ મુનિરાય ॥
કહે ભટ્ટ પ્રત્યે હે સુજાણ ! એહ પ્રશ્નતણી વદો વાણ ॥૧૫॥

ત્યારે બોલિયો મહાશંકર, સુણો નિત્યાનંદ મુનિવર ॥
વિષય ને ચિત્ત એકમેક, એનો કેમ કરવો વિવેક ? ॥૧૬॥

ત્યારે હસી કહે નિત્યાનંદ, ભાગવતે એકાદશ સ્કંધ ॥
એમાં કહે હંસ અવતાર, કેમ જાણતા નથી એ સાર ? ॥૧૭॥

ખરા થયા તમે કથાકાર ! સુણી પામ્યો તે લજ્જા અપાર ॥
પછી નાથે આપી સનમાન, કીધો વિપ્ર વિદાય નિદાન ॥૧૮॥

ત્યારે સખા સહુ કહે નાથ ! સુણવી અમારે આની ગાથ ॥
સુણી હસિયા શ્રીભગવાન, કહે વાત ધરો નિજ કાન ॥૧૯॥

બહુકાળે પૂર્વજન્મમાંય, હતો સગ્રામ તે ઋષિરાય ॥
વળી ગંગાબાઈ દિસે જેહ, પૂર્વે ધર્મપત્ની એની તેહ ॥૨૦॥

શાસ્ત્ર ભણી થયો જ્ઞાનવાન, તેણે વાધ્યું ઘણું અભિમાન ॥
વળી માને પોતાને મહાન, કેનો છાંટો ન લિયે નિદાન ॥૨૧॥

પૂછે જનને પ્રશ્ન અપાર, પછી બહુ કરે તિરસ્કાર ॥
એહ પાપ પાક્યું આણીવાર, મળ્યો નીચ દેહે અવતાર ॥૨૨॥

થયા અજ્ઞાનવશ એ દોય, માને પોતાને હલકાં સોય ॥
નવ ધરે લેશ અભિમાન, દીન થઈ ભજે ભગવાન ॥૨૩॥

હોય આપમાં ગુણ અપાર, તોયે ધરો ન માન લગાર ॥
માન કરે અતિશે ખુંવાર, નવ થાવા દિયે ભવપાર ॥૨૪॥

માન સમો રિપુ નથી કોય, જાણે જાગતો મુમુક્ષુ કોય ॥
એમ પ્રભુએ કર્યો પ્રકાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે લીંબલીના સગરામનું પૂર્વવૃતાંત કહ્યું એ નામે એકસો ને એકવીસમું પ્રકરણમ્ ॥૧૨૧॥

પ્રકરણ : ૧૨૨

પૂર્વછાયો :

ધર્મકુળ આવ્યા કેડચે, રહે અંતરે નાથ ઉદાસ ॥
સંતતણી શુભ રીતડી, શીખવી રહ્યા અવિનાશ ॥૧॥

સાચા સંત હરિજન વિના, નથી વા'લાને વા'લુ કાંય ॥
દેહ ને દેહના સંબંધીમાં, રહે છે અરુચિ સદાય ॥૨॥

શુભમતિ સહુ સાંભળો, હવે કથા સુણાવું નિદાન ॥
સાંભળજ્યો સ્નેહે કરી, ખરા થઈ સહુ સાવધાન ॥૩॥

ચોપાઈ :

એક સમે પીંગળશીભાઈ, રહે ચારણ વઢવાણમાંઈ ॥
આવ્યા ભાવનગરથી એહ, નાથદર્શને ધરીને નેહ ॥૪॥

સુરા ખાચરને દરબાર, મંચે બિરાજે શ્રીકિરતાર ॥
તિયા પ્રભુને કીધા પ્રણામ, મેલી પાંચ રૂપૈયા સુજાણ ॥૫॥

નેહે સંતને નમિયા પાય, મળ્યા બ્રહ્મમુનિને સમાય ॥
કહે ચારણ ઉદ્ધાર્યા આપે, એતો પ્રગટ હરિપ્રતાપે ॥૬॥

ધન્ય ધન્ય ધન્ય તમે સંત, ગમો ગોવિંદને ગુણવંત ॥
પછી નાથે બોલાવ્યા નિકટ, આપી માન અતિશે અમટ ॥૭॥

માંડી પ્રશ્નોતરી એહસાથ, કહે ચારણને કૃપાનાથ ॥
કોટિ બ્રહ્માંડનું સુખ જેહ, રમે હરિના રુંવાડે તેહ ॥૮॥

એના લેશ સારું જીવ સહુ, પામે દારુણ દુઃખ તે બહુ ॥
દુઃખ નિવારવા સેવો સંત, એવી વાતો કીધી મતિમંત ॥૯॥

પછી જમાડી કીધા વિદાય, સંક્ષેપે ઉચ્ચરી આ કથાય ॥
હવે પછીની સુણજ્યો વાત, બીજે દિવસ શ્રીજગતાત ॥૧૦॥

કહે સુણો નિત્યાનંદ સ્વામી, જાઓ જૂનેગઢ બહુનામી ॥
નારદપંચરાત્ર જેહ ગ્રંથ, શોધી લાવો તમે સમરથ ॥૧૧॥

ભણનારા પચીસેક સંત, મેલ્યા સંગાથે જે ગુણવંત ॥
દીધો પ્રેમે પ્રસાદીનો થાળ, પછી દીધી વિદાય દયાળ ॥૧૨॥

વળી મોટાભાઈ એહસાથ, જોવા ચાલ્યા તે દ્વારિકાનાથ ॥
વિપ્ર કાળીદાસ સેવાકાજ, ભાઈસંગે મેલ્યા મહારાજ ॥૧૩॥

આપી કેસર ઘોડી તે સોય, એને સાચવવા પાળા દોય ॥
વળી માંગ્યાથી અધિક ધન, આપી વિદાય કીધા તે દન ॥૧૪॥

પછી અનુજને કહે શ્યામ, સુણાવો મરજી સુખધામ ॥
ત્યારે બોલ્યા ઈચ્છારામભાઈ, હવે રે'વુ તમવેણમાંઈ ॥૧૫॥

તમ વચને સદાય સુખ, મનધાર્યું કર્યે મહાદુઃખ ॥
એમ દેખું નિરંતર શ્યામ, રાખો તેમ રહું આઠું જામ ॥૧૬॥

આપ પ્રગટ છો ભગવાન, આપો એટલું નાથ નિદાન ॥
મુજ સુત-સુતા આદિ જેહ, પામે દર્શન તમારા તેહ ॥૧૭॥

સુણી પ્રભુજી પૂરણકામ, કહે ઘેર જાઓ ઈચ્છારામ ॥
આપ્યા ઊંટ-ઘોડી એક-એક, સંગે કાનજી પાળો વિશેક ॥૧૮॥

વળી વડોદરા લગી સાથ, દીધા ચાર પાળા કૃપાનાથ ॥
વસ્ત્રાભૂષણ યથા ઘટિત, ખરચી ધન આપ્યા ખચિત ॥૧૯॥

એમ દારિદ્રય કાપી દયાળ, કહે ઈચ્છારામને કૃપાળ ॥
ઈચ્છા ઉપજે અંતર જ્યારે, પાછા આવજ્યો નિકટ મારે ॥૨૦॥

આવા સંતના દર્શનમાંય, ભુક્તિ-મુક્તિ રહ્યા છે સદાય ॥
જાણો સંત કલ્પવૃક્ષતુલ, એના ચિંતામણિ સમા મૂલ ॥૨૧॥

જેને ઘેર વસે એહ દોય, એને જગે શું દુર્લભ હોય ? ॥
સંત સેવે સદા શુભમતિ, અનીતિ આચરે તે કુમતિ ॥૨૨॥

જેવી મતિ રાખશો હે ભાઈ, તેવું પામશો નિશ્ચે સદાઈ ॥
તમારા પુત્ર ને પરિવાર, એને આવું કે'જ્યો નિરધાર ॥૨૩॥

એમ ભલામણ કીધી નાથ, દીધી વિદાય પ્રેમસંગાથ ॥
મળ્યા અનુજને અલબેલ, વળી વળાવિયાને શું છેલ ॥૨૪॥

દોય ભાઈ ગયા પછી શ્યામ, જાવા ઈચ્છયા તે પંચાળે ગામ ॥
જીણાભાઈની પૂરવા આશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે રામપ્રતાપજી અને ઈચ્છારામજીને વિદાય દીધી એ નામે એકસો ને બાવીસમું પ્રકરણમ્ ॥૧૨૨॥

પ્રકરણ : ૧૨૩

પૂર્વછાયો :

લીલા લોયાધામની, કે'તા સુણતાં વાધે આનંદ ॥
ચરણે ચરણે સાંભરે, અલબેલોજી સુખકંદ ॥૧॥

કીર્તિ કરુણાનિધાનની, નવ દિસે જે કાવ્યમાંય ॥
સાચા સંત એમ કાવશે, તે કાકતીર્થ સદાય ॥૨॥

માટે ચરિત્ર મેં પ્રીછવ્યા, અન્ય વાતુંને અળગી કરી ॥
શાકોત્સવ લીલા કરી, ઈચ્છયા પંચાળે જાવા હરિ ॥૩॥

ચોપાઈ :

એનો કહું રૂડો ઈતિહાસ, વાત વિચાર્યા જેવી છે ખાસ ॥
લોયે પધાર્યા શ્રીઅવિનાશ, કૃષ્ણ સપ્તમી કાર્તિક માસ ॥૪॥

પછી સાતમે દન પ્રભાત, જાંયા બિરાજે શ્રીજગતાત ॥
તિંયા આવ્યા પંચાળાનરેશ, જીણોભાઈ જેને હૃદે ક્લેશ ॥૫॥

આવી કીધા પ્રભુને પ્રણામ, કેડ્યે વિનંતિ ઉચ્ચર્યા આમ ॥
તમે નથી આવ્યા ગતસાલ, હવે પધારોને વૃષલાલ ॥૬॥

મુજમાતા વળી બીજા જન, જોવા તલખે ચંદ્રવદન ॥
સેવા સજવાની હૃદે આશ, રમો હુતાશની અવિનાશ ॥૭॥

જગે મારું જે કાંય કે'વાય, તે જાણો તમારું હરિરાય ॥
લેશ લાવી મુજપર મેર, પંચાળે કરોને લીલા લેર ॥૮॥

સુણી બોલિયા ધર્મકુમાર, તમે ન કરો તાણ્ય લગાર ॥
ઈયા આવ્યા મોટા મોટા સંત, એને કે'વી છે વાતું અનંત ॥૯॥

વળી લીલા કરવી નવીન, શાક જમાડવું પ્રતિદિન ॥
પછે જાવું જોશે ગઢપુર, કે'દિ આવીશ તિંયા જરૂર ॥૧૦॥

સુણી વાલમ મુખની વાત, જીણાભાઈને લાગ્યો આઘાત ॥
મુખરેખા તે થઈ શ્યામળી, મુક્તમુનિએ વાત એ કળી ॥૧૧॥

જેમ શિશુ સમજાવે માત, તેમ મુનિ થઈ રળિયાત ॥
મનાવ્યા નૃપને બહુપેર, પણ લેશ પડ્યો નહિ ફેર ॥૧૨॥

વળી કહે પંચાળાનરેશ, મારે ઘેર ના'વે પરમેશ ॥
ત્યારે ઘરમાં રહ્યાનું કામ, મારે નથી કાંઈ અભિરામ ॥૧૩॥

સુણી જીણાભાઈતણી વાણી, મુક્તમુનિએ પીડા પીછાણી ॥
પછી મુનિ આવ્યા હરિપાસ, કીધી આગુંની વાત પ્રકાશ ॥૧૪॥

બોલ્યા મરમાળો એહવાર, ભલે હોય પ્રેમ પારાવાર ॥
પણ રીસ કરે ને મુંઝાય, એતો અંતે નભે કેમ ભાય ? ॥૧૫॥

ત્યારે બોલ્યા જીણોભાઈ એમ, નવ મુંઝાય હરિજન કેમ ? ॥
હરિસંત આવે નિજઘેર, ત્યારે મુખ ફૂલે શુભપેર ॥૧૬॥

નાવે ઘેર હરિસંત જ્યારે, મુખ મ્લાન થાય તિંયા ભારે ॥
પછી હસી કહે અવિનાશ, સદા પ્રસન્ન રહેવું દાસ ॥૧૭॥

શોક કર્યાથી છૂટે આનંદ, તમોગુણ કરે મતિ મંદ ॥
નિજમન તણી મેલી તાણ, સુખે વચન પાળો સુજાણ ॥૧૮॥

સુણ્યા પ્રભુજીના મુખવેણ, લાગ્યા નૃપને તે દુઃખદેણ ॥
આવ્યા મુંઝાઈને નિજગામ, તજ્યા સંસારી સુખ તમામ ॥૧૯॥

લીધી દ્રઢ ટેક મનમાંય, જીંયા લગી ના'વે હરિરાય ॥
ગળ્યું-ચીકણું ન ખાવું લેશ, નવ બાંધુ પાઘ નિજશીશ ॥૨૦॥

એમ આદર્યુ કઠણ અતિ, મહાતપ તે પંચાળાપતિ ॥
જમે કેવળ રોટલો-છાસ, નિજદેહ દમે હરિદાસ ॥૨૧॥

ઉઘાડું શીશ અપશુકન, માને લોકમાંહિ સહુ જન ॥
એનું નૃપ ગણે નહિ કાંય, શીશે પાઘ ન ધરે કદાય ॥૨૨॥

આવે મેમાન રાજભુવન, આવું જોઈ તે મુંઝાય મન ॥
વળી જીણોભાઈ જીંયા જાય, તિંયા વરતે આમ સદાય ॥૨૩॥

તેણે માને સહુ અપમાન, નિંદા-ટીકા તે કરે નિદાન ॥
જ્ઞાનવાનની રીત પુનિત, જક્તજીવ શું જાણે ખચિત ॥૨૪॥

પછી લોકમાં પ્રસરી વાત, સુણી વેરાભાઈએ વિખ્યાત ॥
પામી ઉદ્વેગ થયા ઉદાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે જીણાભાઈ ઉદાસ થયા એ નામે એકસો ને ત્રેવીસમું પ્રકરણમ્ ॥૧૨૩॥

પ્રકરણ : ૧૨૪

પૂર્વછાયો :

શુભમતિ સહુ સાંભળો, સાચા હરિજનની રીત ॥
હરિસંત હરિભક્ત અરથે, શું ન થાયે ખચિત ? ॥૧॥

લોક કરે બહુ ઠેકડી, જીણોભાઈ ધરે નહિ ચિત્ત ॥
પણ સુણતાં વેરાભાઈને, લાય લાગી હૈયે અમિત ॥૨॥

વિચારે એમ કાંઈ મનમાં, મહાજ્ઞાની તે જીણાભાઈ ॥
વણહેતુએ ન વરતે, આમાં મરમ હશે જો કાંઈ ॥૩॥

ચોપાઈ :

વેરોભાઈ આવ્યા નૃપપાસ, કર જોડી કરી અરદાસ ॥
તમે વિવેકી ને જ્ઞાનવાન, કેમ વરતો આમ નિદાન ? ॥૪॥

હોય નાથની મરજી જેમ, તેમ રાખો છો સદાયે નેમ ॥
આજ કેમ તજી એહ વાત ? કહો રાજી થઈ રળિયાત ॥૫॥

લોક તમને નિંદે અપાર, એનું કાને ધરો ન લગાર ॥
પણ મહાપ્રભુજી નિંદાય, એતો કેમ તમોને સોહાય ? ॥૬॥

બોલ્યા પંચાળાનરેશ ત્યાંય, જાણું નાથમરજી હું ભાય ! ॥
પણ વિરહ કેમ ખમાય ? નાથ આવ્યે તે આગ બુઝાય ॥૭॥

કહે વેરોભાઈ સુણો રાય ! તમે ટેક મેલો દુઃખદાય ॥
રાખો ભરોસો ભીતરમાંય, ઈંયા તેડી લાવું હરિરાય ॥૮॥

પ્રભુ ના'વે જો પંચાળે ગામ, તો તો પ્રાણ તજું તેહ ઠામ ॥
ચિંતા ટળી જીણાભાઈતણી, ચાલ્યા વેરોભાઈ લોયાભણી ॥૯॥

આવ્યા સુરા ખાચરને ઘેર, જીંયા લે'રી કરાવે છે લે'ર ॥
કીધા મહાપ્રભુને પ્રણામ, પછે સુણાવી બીના તમામ ॥૧૦॥

સુણી રોષ ધરી દિલમાંય, બોલ્યા તીખે વેણે હરિરાય ॥
ટેક પાળો સહુ ભલી ભાંત, અમટેક સુણો ધરી ખાંત ॥૧૧॥

મનધાર્યું મુકાવું જરૂર, ટેક ટળાવું જે હોય ઉર ॥
માટે જાશું ગઢપુર અમે, અમ સંગે આવો હવે તમે ॥૧૨॥

એમ કહી બોલ્યા ઉછરંગે, થાઓ તૈયાર મુનિ ઉમંગે ॥
પળવારે આવ્યા સહુ સંત, ચડ્યા માણકીએ ભગવંત ॥૧૩॥

નીકળ્યા દરબારથી બા'ર, વેરોભાઈ મુંઝાયા અપાર ॥
નથી પ્રાણ તજ્યા તણી બીક, પ્રાણથકી વચન અધિક ॥૧૪॥

પંચાળાનૃપને કહ્યું જેહ, નવ ફળ્યું તેહ નિઃસંદેહ ॥
ચાલ્યા ગઢડે શ્રીઅલબેલ, સંત સંગાથે સુંદર છેલ ॥૧૫॥

એતો પાછા વાળ્યા વળે કેમ ? હવે પ્રાણ તજું ધરી નેમ ॥
એમ વિચારીને મનમાંય, કીધા કમાડ બંધ સમાય ॥૧૬॥

કીધું હૈયું કઠણ અપાર, કાઢી કેડ્યથકી તલવાર ॥
પેટ નાખવા થયા તૈયાર, જાણ્યું અંતરજામીએ સાર ॥૧૭॥

દોડાવી માણકી અલબેલ, પહોંચ્યા પળમાં મારો છેલ ॥
નવ લગાડી વાર જરાય, માર્યો હાકોટો શ્રીહરિરાય ॥૧૮॥

તતકાળ ખોલાવિયા દ્વાર, ઝાલી પ્રભુજીએ તલવાર ॥
કહે રંગ વેરાભાઈ રંગ ! તમે જાળવી ટેક અભંગ ॥૧૯॥

મુને વા'લો જીણોભાઈ ઘણો, તમે પક્ષ રાખ્યો તેહતણો ॥
તેણે રાજી થયો છું અપાર, આવું પંચાળે હું નિરધાર ॥૨૦॥

સુણી વાલમ મુખના વેણ, ઉભરાયા વેરાજીના નેણ ॥
કહે અહો અહો મહારાજ ! મેલી ટેક નિજભકતકાજ ॥૨૧॥

અમે જીવ હઠીલા અપાર, આપ મહાદયાળુ ઉદાર ॥
નિજભક્તની રાખવા લાજ, આવો પંચાળે પ્રભુજી આજ ॥૨૨॥

પછી નાથ કહે સુખદાઈ, તમે સિધાવોને વેરાભાઈ ॥
કરો તૈયારીયું જઈ ઘેર, હુતાશણી તણી શુભ પેર ॥૨૩॥

લોયેથી પંચાળે નિરધાર, અમે આવીશું એ સમાચાર ॥
સુણી રીઝશે પંચાળારાય, એની ઉદાસી ટાળો સમાય ॥૨૪॥

પછી ળળી ળળી લાગી પાય, ચાલ્યા પંચાળે તે વેરોભાઈ ॥
હૈયે અતિ આનંદ ઉલ્લાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે વેરાભાઈએ જીણાભાઈનો પક્ષ રાખ્યો એ નામે એકસો ને ચોવીસમું પ્રકરણમ્ ॥૧૨૪॥

પ્રકરણ : ૧૨૫

પૂર્વછાયો :

સંધ્યા આરતી થઈ રહી, સજી સભા તે ચોકમાંય ॥
કાલે ચાલશું આંહિથી, એમ બોલ્યા શ્રીહરિરાય ॥૧॥

સંત જાઓ દેશ ફરવા, હરિજન જાઓ નિજગામ ॥
વચન સુણી વાલમના, થયા ઉદાસી મુખ તમામ ॥૨॥

નીરભરી દોય નેણમાં, બોલ્યા ભાંગતે વયણે જન ॥
કે'દિ દર્શન આપશો ? દયાનિધિ હે ભગવન ! ॥૩॥

ચોપાઈ :

હસી બોલિયા શ્રીઅલબેલ, પંચાળે કરશું રંગરેલ ॥
હુતાશણીએ આવજ્યો તમે, તિંયા મળીશું ઉત્સવ સમે ॥૪॥

સુણી રાજી થયા જનવૃંદ, ત્યારે કહે મા'નુભાવાનંદ ॥
કાલે કેમ જાશું પરમેશ ! ચાર રસોઈ છે અવશેષ ॥૫॥

મુનિને કહે દીનદયાળ, કાલે નીકળીએ જમી થાળ ॥
કેની સેવા નવ રહે શેષ, એવું કહીએ સુણો મુનેશ ॥૬॥

લીંબડીતણાં નરભેરામ, વિપ્ર નવા સત્સંગી અકામ ॥
એની રસોઈ લ્યો તમે કાલ, કરો બીજાનું ભાતું મરાલ ॥૭॥

કર્યું મુનિએ યથાકથિત, ભાતું વળી રસોઈ ખચિત ॥
બીજે દિવસ જમીને થાળ, થયા તૈયાર જાવા દયાળ ॥૮॥

ગામ અંકેવાળિયે વસેલ, ખેમો જીવો ને મકો પટેલ ॥
એને હરિ કહે હેતે ઘણું, ભાતું તમારું છે સ્વર્ગતણું ॥૯॥

પછી અશ્વે ચડ્યા હરિવર, તિંયા આવિયા સુરો ખાચર ॥
સંગે રાજપરિવાર બહુ, વળી લોયાવાસી જન સહુ ॥૧૦॥

નેણે વહે તે અખંડ નીર, નથી કે'વાતી અંતર પીર ॥
સુરા ખાચર ધરીને હામ, બોલ્યા ભાંગતે વયણે આમ ॥૧૧॥

નાથ ! હમણે નહીં જવાય, કે'તા આક્રંદ કર્યું તે રાય ॥
જોઈ રુદન નૃપતિતણું, કોણ ધીર ધરી શકે અણું ? ॥૧૨॥

રોઈ રોઈને સુણિયા નેણ, નથી જોયા જાતાં સુખદેણ ॥
કહે પોકારીને હાય હાય, પછી પોક મેલી રુવે ત્યાંય ॥૧૩॥

ચડી ધ્રુજારી શું તનમાંય, કરે આક્રંદ હે હરિરાય ! ॥
લાવ્યા પૂજા તે ધ્રુજતે હાથ, ભાવે પૂજીયા શ્રીકૃપાનાથ ॥૧૪॥

મેલી ભેટ ને સ્પરશે પાય, તિંયા ધીરજ કેમ ધરાય ? ॥
પછી ચાલિયા પ્રાણઆધાર, ધીમે ધીમે આવ્યા ગામબા'ર ॥૧૫॥

તિંયા હેતે કહે કિરતાર, અમે આવીશું યાં ફરીવાર ॥
તમે ઊભા રહો સહુ જન, માનો એટલું મુજવચન ॥૧૬॥

સુણી કહે સહુ નરનાર, પાપ પૂર્વના પ્રગટ્યા આ વાર ॥
મેલી આપણને કૃપાનાથ, જાય પંચાળે સંતસંગાથ ॥૧૭॥

મોટા મુનિ જઈ વનમાંય, તપ તપી કરે કૃશ કાય ॥
જેના પામે નહિ દરશન, એજ સ્વયં પોતે ભગવન ! ॥૧૮॥

સહુજનને પંગતમાંય, શાક પીરસતાં હરિરાય ॥
હેતે તાણ્ય કરતાં તે અતિ, કે'દિ દેખીશું એવી મૂરતિ ? ॥૧૯॥

વસંતદિને શ્રીઅલબેલ, કીધી રંગની રેલમછેલ ॥
એજ રોળી આપણને આજ, જોને ચાલ્યા જાય મહારાજ ॥૨૦॥

કેતા વચન અમૃત નિત, સહુ સુણતાં ધરીને ચિત્ત ॥
કેને હસી બોલાવતા શ્યામ, કે'દિ જોશું એહ સુખધામ ? ॥૨૧॥

દેખી દુઃખિયો નવ ખમાય, એવી પ્રકૃતિ હતી સદાય ॥
એતો બદલી આજ જરૂર, જોને કેવા થયા નાથ ક્રૂર ? ॥૨૨॥

હેત કરી હણે હરિરાય, એવી પૂરવરીત જણાય ॥
ભલે ભલે સિધાવો દયાળ, વે'લા પાછા વળજો કૃપાળ ॥૨૩॥

પછી ચાલિયા પ્રાણઆધાર, જોઈ રહ્યા સહુ નરનાર ॥
જેવા ભીંતે ચીતરેલ હોય, એવા દિસે હરિજન સોય ॥૨૪॥

દીઠી ઉડતી રજ જ્યાં લગી, કેમે ઊભા રહ્યા તિંયા લગી ॥
પછી ભોંયે ઢળી પડ્યા દાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે શ્રીહરિ લોયાથી વિદાય થયા એ નામે એકસો ને પચ્ચીસમું પ્રકરણમ્ ॥૧૨૫॥

પ્રકરણ : ૧૨૬

પૂર્વછાયો :

ધરણી લોયાધામની, થઈ સૂની અપરંપાર ॥
સંત સંગાથે ચાલિયા, જીંયા થકી પ્રાણઆધાર ॥૧॥

હરિસખા સુરા ભક્તને, મહામુક્ત શાંતિબાઈ ॥
મહાપ્રેમી લોયાનિવાસી, રહ્યા નાથવિયોગે પિડાઈ ॥૨॥

બીજે દન થયા ચાલતા, નિર્વિકારાનંદાદિ સહુ ॥
તે ભેળું એમ કા'વિયું, સુરા ભક્તએ પ્રેમે બહુ ॥૩॥

ચોપાઈ :

સુરા ખાચરે મેલ્યો સંદેશ, રાજી રે'જ્યો મારા પરમેશ ॥
નથી લાગ્યો ઘસારો જરાય, તમતણો મહાપ્રભુરાય ॥૪॥

હર્યા-ભર્યા દાણાના કોઠાર, નથી ખૂટ્યા રૂપૈયા લગાર ॥
યથાવત તે દિસે પટારા, વે'લા વળજ્યો પ્રાણઆધારા ॥૫॥

લઈ સંદેશને સહુ સંત, ચાલ્યા ઉતાવળે શું અત્યંત ॥
લોયામાંહિ વ્યાપ્યો સૂનકાર, હરિસંત જાતા પારાવાર ॥૬॥

હવે સુણો બીજી કહું વાત, સાલ ઓગણાએંસી સાક્ષાત ॥
નાથે લીલા કરી ઈંયા ઘણી, પછી ચાલિયા પંચાળાભણી ॥૭॥

એવે સમે મહામોટા સંત, ગોપાળાનંદજી ગુણવંત ॥
આવ્યા દર્શનકાજ જરૂર, વડોદરાથકી ગઢપુર ॥૮॥

તિંયા જાણ્યા સહુ સમાચાર, થયા પંચાળે જાવા તૈયાર ॥
સંગે લીધા વર્ણી જયાનંદ, બ્રહ્મચારી વાસુદેવાનંદ ॥૯॥

વળી પોતાનું સંતમંડળ, લઈ આવ્યા લોયે એહ પળ ॥
તિંયા વાસુદેવાનંદ અંગ, વાધ્યો અછબડાતણો રંગ ॥૧૦॥

રોગે કરી અવરાયા એહ, હવે કેમ ચાલી શકે તેહ ? ॥
ત્યારે બોલિયા ગોપાળાનંદ, સુણો સુણો સુણો સંતવૃંદ ॥૧૧॥

રહે વર્ણીની સેવામાં જેહ, પામે મહામોટો લાભ તેહ ॥
એની સો સો જન્મની કસર, મટાડું પળમાં ખરેખર ॥૧૨॥

ત્યારે બ્રહ્મચારી જયાનંદ, વળી બીજા પાંચ જગવંદ ॥
રાખી વચનમાં વિશવાસ, રહ્યા લોયે ધરીને હુલ્લાસ ॥૧૩॥

બીજે દન એકાદશીમાંય, ચાલ્યા પીપરડી મુનિરાય ॥
એવે સમે બની બીજી વાત, તમે સાંભળજો મુજભ્રાત ॥૧૪॥

વર્ણી આનંદાનંદજી જેહ, સજે સેવા શ્રીનગરે તેહ ॥
તેણે જાણ્યું લોયે જગતાત, કરે શાકલીલા રળિયાત ॥૧૫॥

લાગી દર્શનલગની ઉર, પણ કેમ તજવું શ્રીપુર ? ॥
ગયા આનંદસ્વામીની પાસ, કરી વિનય ઉચ્ચારી આશ ॥૧૬॥

દીધી મોટેરા સંતે વિદાય, દીધી ભેટ્યું હરિજને કાંય ॥
લઈ ચાલિયા આનંદાનંદ, નેહે નીરખવા સુખકંદ ॥૧૭॥

લોયે આવ્યા એકાદશી દન, સંઘા સુરાણીતણે સદન ॥
તિંયા પૂછ્યું ધરીને ઉલ્લાસ, કિંયા બિરાજે શ્રીઅવિનાશ ? ॥૧૮॥

સુણી બોલિયા સંઘો પટેલ, ગયા પંચાળે શ્રીઅલબેલ ॥
આજ રાત્ય શ્રીગોપાળ સ્વામી, રે'શે પીપરડી બહુનામી ॥૧૯॥

વળી પૂછીયું પટેલે ત્યાંય, તમે કરશો ફરાળ કાંય ? ॥
ત્યારે વર્ણીએ માંગી સુખડી, લાવ્યા સંઘા પટેલ તે ઘડી ॥૨૦॥

અતિ ભલાભોળા વર્ણીરાય, નવ જાણે ફરાળ શું થાય ! ॥
ધરી મહાપ્રભુજીને થાળ, જમ્યા સુખડી પ્રેમે મરાળ ॥૨૧॥

વધી પ્રસાદી એ સમે કાંય, દેવા લાગ્યા પટેલને ત્યાંય ॥
ત્યારે પટેલે કીધી મનાય, તમે રાખોને હે વર્ણીરાય ! ॥૨૨॥

કાલ્ય થશે બારસનો દન, આનું પારણું કરજો પાવન ॥
સુણી વર્ણી કહે ઘણું સારું, થાશે ગમતું એમ તમારું ॥૨૩॥

લોટો ભર્યો તે સુખડીતણો, આનંદાનંદને મોદ ઘણો ॥
ચાલ્યા લોયાથકી એહ સંત, કેવા ભલાભોળા તે અત્યંત ? ॥૨૪॥

વળી સંઘા પટેલને લેશ, દેખી ફરાળ ન થયો ક્લેશ ॥
નથી માહાત્મ્યે કાંઈ કચાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે ગોપાળાનંદ સ્વામીએ વર દીધો ને આનંદાનંદ વર્ણીએ સુખડીનું ફરાળ કર્યુ એ નામે એકસો ને છવ્વીસમું પ્રકરણમ્ ॥૧૨૬॥

પ્રકરણ : ૧૨૭

પૂર્વછાયો :

લીલા લોયાધામની, કીધી કાંઈક મેં ઉચ્ચાર ॥
કેટલું આવ્યા નાથજી, એનો નથી કાંઈ નિરધાર ॥૧॥

વણતેડયે પધારતાં, વાલમજી વારમવાર ॥
નિજસખાને આંગણે, પ્રભુ ધરીને નવલો પ્યાર ॥૨॥

શુભમતિ સહુ સાંભળો, કહું એકસમાની વાતડી ॥
વિચારતાં નિજઅંતરે, બહુ ફૂલશે તમારી છાતડી ॥૩॥

ચોપાઈ :

એક સમે મહાપ્રભુરાય, નિજસંગે લઈ પાળા કાંય ॥
આવે લોયાભણી સુખધામ, કહે મારગે સુંદર શ્યામ ॥૪॥

સુણો ભગુજી ! વાત અમારી, મુને લાગી તરસ અપારી ॥
નથી રહેવાતું એક પળ, કંઠ સૂકી રહ્યો વિના જળ ॥૫॥

પોં'ચ્યા સીમમાંહિ અલબેલ, તિયા દીઠો મુળજી પટેલ ॥
તેણે બતક ભરીને જળ, મેલી ખેતરમાં એહ પળ ॥૬॥

જોયું ભગુજીએ એહવાર, નવ લગાડી વાર લગાર ॥
ગયા પટેલ નિકટે એહ, પૂછ્યું ધરીને નવલો નેહ ॥૭॥

થયા તરસ્યા શ્રીમહારાજ, કેમ જળ પાશો તમે આજ ? ॥
ત્યારે રાજી થયો તે પટેલ, જળ પાઈને રીઝવ્યા છેલ ॥૮॥

પછી વીતીયા વરસ કાંઈ, આવ્યો અંતસમો એનો ભાઈ ॥
એને તેડવા આવ્યા દયાળ, લઈ વીસેક મુનિ મરાળ ॥૯॥

જોયું ગામે નજરોનજર, પણ શું જાણે સાચી ખબર ॥
રાજે દિવ્યરૂપે સંત શ્યામ, જાણે મનુષ્યરૂપ તમામ ॥૧૦॥

વાયુવેગે વહી ગઈ વાત, સુણી સંઘા પટેલે સાક્ષાત ॥
જાણ્યું સુરાણીએ નિજમન, આવ્યા વેવાઈ કાજે જીવન ॥૧૧॥

પછી નાથને ઉતારા કાજ, કીધો તૈયાર સહુ સમાજ ॥
ત્યાંતો મુળજીએ મેલ્યો દેહ, પામ્યો ભાગવતી તનું તેહ ॥૧૨॥

તેને લઈને સુંદર શ્યામ, થયા અદ્રશ્ય શ્રીસુખધામ ॥
એતો પ્રત્યક્ષ જોઈને જન, કહે અહો અહો ધન્ય ધન્ય ॥૧૩॥

એક જીવ કાજે મહારાજ, આવ્યા દિવ્યરૂપે લોયે આજ ॥
એને તેડી ગયા નિજધામ, સ્વામી પ્રગટ સુંદર શ્યામ ॥૧૪॥

જોઈ પ્રભુજીતણો પ્રતાપ, ભાવે ભજે સહું તજી પાપ ॥
વળી સુણો હજી એક વાત, તમે રાજી થઈ રળિયાત ॥૧૫॥

જયારે ગઢડે એભલ નૃપ, મેલ્યો નિજદેહ દુઃખરૂપ ॥
ત્યારે ઉત્તમતણો જે ભાર, લીધો નિજશિરે કિરતાર ॥૧૬॥

ખેડ્ય કરવા સારું તે દન, તેડ્યા લોયાના કણબી જન ॥
એતો વસાવ્યા માંડવધાર, જાણી નિજવિશ્વાસુ અપાર ॥૧૭॥

અહો ભાગ્યશાળી જન તેહ, ગમ્યા વાલમને મન જેહ ॥
વળી સાંભરી સુંદર વાત, કહું સંક્ષેપમાં તે સાક્ષાત ॥૧૮॥

લોયે બિરાજે શ્રીસુખકંદ, તિંયા આવિયા આનંદાનંદ ॥
મળ્યા બાથમાં ઘાલીને નાથ, પૂછી શ્રીપુર મંદિર ગાથ ॥૧૯॥

કરે વાતું તે પરસપર, તિંયા આવિયા પ્રભાશંકર ॥
વળી સ્વામી પદ્મનાભાનંદ, લાવ્યા પુસ્તક તે વ્રતખંડ ॥૨૦॥

જોઈ રીઝીયા વાલમ ઉર, મોકલ્યા પાળાને ગઢપુર ॥
તેડવાને ભણનારા સંત, ગ્રંથ લખાવવા ભગવંત ॥૨૧॥

પછી આવ્યા સહુ ભણનાર, લઈ લખ્યાનો માલ અપાર ॥
ત્યારે બોલિયા શ્રીમહારાજ, ચાલજયો આનંદમુનિ આજ ॥૨૨॥

નવ રુચ્યું જો એહ લગાર, કીધો છણકો કાંઈ ઉચ્ચાર ॥
સુણ્યો નિત્યાનંદજીએ કાન, દીધો ઉત્તર તીખો નિદાન ॥૨૩॥

સુણી માવ હસ્યા મંદ મંદ, પછી ભેટિયા આનંદાનંદ ॥
વળી થાળ દીધો એહ પળ, જમ્યું મુનિતણું તે મંડળ ॥૨૪॥

પછી ચાલિયા પ્રભાતકાળ, મને કમને સહુ મરાળ ॥
રાખી હૃદયે શ્રીઅવિનાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે મુળજી પટેલને તેડવા આવ્યા ને વ્રતખંડ ગ્રંથ લખાવ્યો ને લોયાના કણબીને માંડવધાર વસાવ્યા એ નામે એકસો ને સત્તાવીસમું પ્રકરણમ્ ॥૧૨૭॥

પ્રકરણ : ૧૨૮

પૂર્વછાયો :

સંતહરિની વારતા, હવે સાંભળો હરિજન ॥
સંતને વાલા વાલમ્યો, વાલમને સંતજન ॥૧॥

એકદૂજાથી અળગું, રહેવું સે'જે ગમે નહિ ॥
પણ પધાર્યા પૃથ્વીએ, એ કાજ સારવું છે સહિ ॥૨॥

અનંત જીવને તારવા, ફરે દેશ પ્રદેશે સંત ॥
મળે જયારે માવજી, ત્યારે સુખ પામે અત્યંત ॥૩॥

ચોપાઈ :

હવે માંડુ છું રૂડી કથાય, લોયામાં બિરાજે હરિરાય ॥
તિંયા આવિયા અદ્‌ભૂતાનંદ, માયાજીત મહાસુખકંદ ॥૪॥

સામા જઈ મળ્યા કૃપાનાથ, ભીડી ભુજાઓ ભરીને બાથ ॥
નિજ ઢોલિયા સમીપે ત્યાંય, બેસાર્યા મુનિને સુખદાય ॥૫॥

પછી પૂછ્યા સહુ સમાચાર, કિંયા કેવા કષ્ટ છે અપાર ? ॥
કેવા માયાએ કીધા વિઘન, કેમ ઉગર્યા હે મુનિજન ! ॥૬॥

પછી મુનિએ વાત વિસ્તારી, અમે સાઠ્ય ચાલ્યા વ્રતધારી ॥
અલફી વળી કોપીનભર, ત્રીજું વસ્ત્ર નથી તનપર ॥૭॥

આપ આજ્ઞાથકી મુનિરાય ! એકાકી ફરતાં દેશમાંય ॥
નદી વેળુંમાં ગાળતા રાત, ના'તા અંધારે નગ્ન સાક્ષાત ॥૮॥

ટાઢયે ફાટે ઘણી તનચામ, વહે રક્ત તોયે ધરી હામ ॥
લૂખું સૂખું જમીને ભિક્ષાન્ન, કૈયે વાતું જનને નિદાન ॥૯॥

મળ્યો એ સમે તમ કાગળ, છૂટી ધીર વાંચતા તે પળ ॥
વધ્યા સાઠ્યમાંથી અમે સાત, બીજા ભાગી ગયા રાતોરાત ॥૧૦॥

પછી ચાલ્યો હું એકાકી શ્યામ, આવ્યો કંજબારી સુખધામ ॥
તેના રાજાએ રોકવા સારું, દેવા ધાર્યુ રાજય ને મેરારું ॥૧૧॥

એહ માયાનું કાપી બંધન, આવ્યો મેથીગામે હે જીવન ! ॥
તિંયા મળ્યા બાવાજી અતીત, મુને ભાવે જમાડ્યો ખચિત ॥૧૨॥

રૂપ ગુણ વળી શીલ જોય, મુંમાં મોહી સુતા એની દોય ॥
કહે બાવો દિયું ઘણું ધન, પરણો મુજ કુંવરીજન ! ॥૧૩॥

યાંથી ભાગ્યો સ્નાનતણે મિષ, આવ્યો ઉજજૈન હે જગદીશ ! ॥
પછી બુરાનપુર સુપેર, ત્યાંથી આવ્યો નડીઆદ શે'ર ॥૧૪॥

ક્યાંઈ મળે મુમુક્ષુજન સારો, દિયે ભોજન વળી ઉતારો ॥
ક્યાંઈ મળે માર-તિરસ્કાર, એમ આવ્યો ડભાણ મોઝાર ॥૧૫॥

ઈયા મળ્યું આઠમે દિ' અન્ન, યાંથી નીકળ્યો પાંચમે દન ॥
મળ્યો ધોલેરાપુરે સંદેશ, લોયામાંહિ બિરાજો મુનેશ ॥૧૬॥

આવ્યો નાગડકા સીમમાંય, એક જનને કહ્યું મેં ત્યાંય ॥
પૂછી આવો પ્રભુપાસ એમ, અદ્‌ભૂતાનંદ આવે કે કેમ ? ॥૧૭॥

થોડીવારે આવ્યો જન એહ, બોલ્યો સુખદ વાણી શું તેહ ॥
પામી આપતણી અનુમતિ, મારે ઉમટ્યો આનંદ અતિ ॥૧૮॥

દોડી દોડી આવ્યો દરબાર, થયો દાખડો સુફળ આ વાર ॥
આજ વાધિયો અતિ ઉલ્લાસ, પામ્યો હું તમ ચરણે વાસ ॥૧૯॥

સુણી પ્રભુજી હરખ્યા અતિ, કહે સભામાંહિ પ્રાણપતિ ॥
આ તો સંત મોટા અતિ અતિ, મુક્તમુનિ જેવા મહામતિ ॥૨૦॥

મોટા મોટા જે દેવ ને ઈશ, એના માયાએ ઝુકાવ્યા શીશ ॥
એવી માયા મહાબળવંત, એને લાત મારી જીત્યા સંત ॥૨૧॥

ચઢે યુદ્ધે શૂરવીર કોય, ઝીલે ઘાવ છાતી પર સોય ॥
એ તો શોભે જેમ નિરધાર, એવો દિસે મુનિનો શૃંગાર ॥૨૨॥

અહો અહો વૈરાગ્ય તમારો, કેમે ડગ્યો નહિ તે લગારો ॥
પછી ઊભા કરી સુખકંદ, કહે સુણો સુણો જનવૃંદ ॥૨૩॥

કરો આ સંતના દરશન, મુજ દર્શન તુલ્ય પાવન ॥
સહુ સભાજન એહવાર, મુનિપદે નમ્યા બહુવાર ॥૨૪॥

પછી રાજી થઈને દયાળ, દીધો પ્રેમે પ્રસાદીનો થાળ ॥
પૂરી મુનિતણી અભિલાષ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે અદ્‌ભૂતાનંદ સ્વામીને બિરદાવ્યા એ નામે એકસો ને અઠ્ઠાવીસમું પ્રકરણમ્ ॥૧૨૮॥

પ્રકરણ : ૧૨૯

પૂર્વછાયો :

સદા સુખદાયી હરિ, નથી દેતા કેને દુઃખ ॥
તોયે વિપરીત બુદ્ધિએ, રહે જીવ હરિ શું વિમુખ ॥૧॥

સંત હરિ ચિંતામણિ, એમ કહે શાસ્ત્રા જરૂર ॥
સભાગી પામે સુખડાં, દુરભાગી પલાયે દૂર ॥૨॥

લોયાધામની ધરણીમાં, આવી ઘટી ઘટના એક ॥
સુણજો સહુ સ્નેહે કરી, પછી ધરજ્યો ઉર વિવેક ॥૩॥

ચોપાઈ :

શેઠિયા લીંબડીતણાં દોય, ચાંપશી ને તલકશી સોય ॥
વળી પારેખ માણેકચંદ, રહે સાયલા જે સુખકંદ ॥૪॥

ઝાલાવાડી ત્રણે શેઠ મળી, ગયા કાઠિયાવાડે તે વળી ॥
આવ્યા વળતાં તે લોયામાંય, ત્રણે વિચારીયું મળી ત્યાંય ॥૫॥

કહે લોક જેને ભગવાન, સ્વામિનારાયણ તે નિદાન ॥
બિરાજે આ સમે લોયામાંય, એની લેવી પરીક્ષા જો કાંય ॥૬॥

શેઠ ચાંપશી બોલ્યા તે વાર, હોય પ્રભુજી તે નિરધાર ॥
તો તો જાણશે મનની વાત, પૂરશે મનોરથ સાક્ષાત ॥૭॥

સ્વાદુ સુતરફેણી કે'વાય, એ તો આ દેશે નવ દેખાય ॥
દિયે મિષ્ટ પદારથ તેહ, તો તો ખરા ભગવાન એહ ॥૮॥

એવો મનસૂબો ધરી મન, આવ્યા જંયા બિરાજે જીવન ॥
લળી લળીને કીધા પ્રણામ, પ્રભુએ કીધી જમ્યાની તાણ ॥૯॥

વળી પૂછીયા કુશળક્ષેમ, પછી વાતું માંડી ધરી પ્રેમ ॥
કરે પ્રશ્ન તે શેઠિયા જેમ, વાળે ઉત્તર વાલોજી તેમ ॥૧૦॥

સંત જુવે માવાતણું મુખ, જેમ ચકોર ચંદ્રસન્મુખ ॥
શેઠે તે જોઈ જોડિયા કર, કહે આપો પ્રશ્નનો ઉત્તર ॥૧૧॥

સંતવૃત્તિ રહે તમમાંય, એ તો પ્રત્યક્ષ દિસે સદાય ॥
પણ વૃત્તિ અન્યજનતણી, કિંયા રે'તી હશે ઘણી ઘણી ॥૧૨॥

ત્યારે હસી બોલ્યા હરિરાય, જેને નથી પ્રભુની કૃપાય ॥
એવા પુરુષ ચિંતવે સહુ, પ્રમદાના ગુહ્ય અંગ બહુ ॥૧૩॥

વળી વનિતાતણી એ રીત, જેને નથી પ્રભુસંગે પ્રીત ॥
એવી નારીઓ ચિંતવે સહુ, નરતણાં ગુહ્ય અંગ બહુ ॥૧૪॥

એહ પાપે કરી નરનાર, પામે સંસૃતિ વારમવાર ॥
જયારે ચિંતવે હરિમૂરતિ, ત્યારે મુક્તિ પામે મહામતિ ॥૧૫॥

એમ વાતું કરે છે જીવન, તિંયા આવ્યો એક હરિજન ॥
નમીને મૂકી ભેટ-સોગાદ, મુખબંધી માટલી એકાદ ॥૧૬॥

નાથે ઉઠાવી માટલી એહ, દીધી શેઠિયાને ધરી નેહ ॥
પછી શેઠિયા ગયા ઉતારે, ઉઘાડ્યું માટલીમુખ ત્યારે ॥૧૭॥

દીઠી સુતરફેણી તેમાંઈ, પામ્યા શેઠિયા અતિ નવાઈ ॥
ચાંપશી ને તલકશી જેહ, તેણે કલપ્યો એમાં સંદેહ ॥૧૮॥

નથી જાણતાં આપણે કોઈ, જાદુવાળા કે દેવતા સોઈ ॥
માટે સુતરફેણી ન લિયો, મતિ ભ્રમવા કેમે ન દિયો ॥૧૯॥

દોય શેઠે કહ્યું એમ જયાંય, બોલ્યા માણેકચંદજી ત્યાંય ॥
મુને લેશ નથી કેની બીક, હું તો ખાઈશ તે ઠીકાઠીક ॥૨૦॥

ભલે ભલે મુજમતિ ભ્રમે, જાદુટોણાં વળગે આ સમે ॥
ખાંતે સુતરફેણી ખાઈશ, મોજું મનમાની હું માણીશ ॥૨૧॥

એમ કહી જમ્યા શેઠ તેહ, પામ્યા શુભફળ નિઃસંદેહ ॥
બહુકાળે થયો સતસંગ, ચડ્યો ભક્તિનો રંગ અભંગ ॥૨૨॥

ઉઘડ્યા એના ભાગ્ય અત્યંત, સેવ્યા શ્રીહરિ ને સાચા સંત ॥
એ તો પ્રસાદનો મહિમાય, તમે શંકા ન ધરશો કાંય ॥૨૩॥

આજ લગી એના કુળમાંય, દિસે સારો સતસંગ ભાય ! ॥
વળી સર્વથા સુખી સંપન્ન, વીતી રહ્યા એના રાત્ય દન ॥૨૪॥

ધરી બીજા શેઠિયાએ આડ, મોક્ષ મારગે દીધા કમાડ ॥
કડી જડી તજી વિશવાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે શેઠિયાઓના સંકલ્પ પૂર્યા એ નામે એકસો ને ઓગણત્રીસમું પ્રકરણમ્ ॥૧૨૯॥

પ્રકરણ : ૧૩૦

પૂર્વછાયો :

હવે સુણજ્યો વારતા, કેવું દાસને હરિમાં હેત ॥
હરિ રાખે નિજદાસમાં, એવું હેત વાત્સલ્યસમેત ॥૧॥

વિષયી નરને વિષયમાં, ઉપજે અતિ ખેંચાણ ॥
એવું નવ આ જાણજ્યો, આતો પરમપ્રેમ સુજાણ ॥૨॥

માયિક સુખથી પામશે, જીવ નરકચોરાશી અપાર ॥
હરિહેતે મુમુક્ષુને મળે, દિવ્યસુખ પારાવાર ॥૩॥

ચોપાઈ :

એક સમે મહાપ્રભુરાય, આવ્યા લોયામાંહિ સુખદાય ॥
એના પહોંચીયા સમાચાર, ગામ મેથાણે શું નિરધાર ॥૪॥

તિંયા મલા સુરાણી શું એક, વ્રજવાસીથી પ્રેમી વિશેક ॥
એણે કીધો સંકલ્પ તે ઉર, જાવું દર્શને લોયે જરૂર ॥૫॥

નિજપત્નીને કહે પટેલ, ચાલો નીરખવા અલબેલ ॥
સુણી ખીજાણી તે પટલાણી, બોલી છણકે કુત્સિત વાણી ॥૬॥

નથી જાતા કે'દિ સગામાંય, વારે વારે દોડો જયાંય ત્યાંય ॥
હવે છોડી દો સાધુનો સંગ, નહિંતર થશો ઘરભંગ ॥૭॥

સુણી પટેલે વિચાર્યું આમ, સમો ચેતીને સાધવું કામ ॥
દુરભાગ્યે આ સાંપડી નાર, રખે ભાંગશે ભલો સંસાર ॥૮॥

કહે પટેલ વળતે દન, આજ તલ પિલાવાનું મન ॥
ત્યારે બાઈ કહે ઘણું સારું, તોળ્યા તલ ને દીધા તગારું ॥૯॥

કહે વળજ્યો વે'લા પિલાવી, ધણી માથે ઘાણી ઉપડાવી ॥
લીધી પટેલે પાધરી વાટ, લોયે લાલ નીરખવા માટ ॥૧૦॥

ચાલે ઉમંગે પટેલ એહ, વાટે બુકાવે તલ શું તેહ ॥
લોયે પહોંચ્યા મધ્યાહ્નમાંય, વાલાભાઈ તણું ઘર જ્યાંય ॥૧૧॥

દીધો વેવાઈએ આવકાર, કહે જમો આંહિ નિરધાર ॥
ત્યારે બોલિયા પટેલ એમ, નાથ દીઠા વિના જમું કેમ ? ॥૧૨॥

આવ્યા વાલોભાઈ દરબાર, જાણ્યું પોઢિયા પ્રાણઆધાર ॥
પાછા વળ્યા થઈને નિરાશ, ત્યારે કેમ સુવે અવિનાશ ? ॥૧૩॥

ઘેરે સાદે બોલ્યા હરિરાય, મળ્યા વિના વળ્યા કેમ ભાય ॥
આવો આવો વાલાભાઈ આવો, વાત હૈયાની હેતે સુણાવો ॥૧૪॥

સુણી વાલોભાઈ થયા રાજી, ભલે ભલે સુધરશે બાજી ॥
ક્ષમા માંગી કહે જોડી હાથ, ઊંઘમાંથી જગાડ્યા મેં નાથ ॥૧૫॥

મારે ઘેર આવિયા મે'માન, એણે લીધું છે વ્રત નિદાન ॥
જ્યારે પામીએ પ્રભુદર્શન, ત્યાર કેડ્યે જ લેવું ભોજન ॥૧૬॥

માટે આગન્યા દિયો દયાળ, તેડી લાવું એને તતકાળ ॥
બોલ્યા મરમાળો એહવારે, તલવાળા આવ્યા કહો ક્યારે ? ॥૧૭॥

કહે દાસ સુણો ભગવાન, આ તો મેથાણવાળા મેમાન ॥
તલવાળા કહ્યું તમે જેહ, અમ ઘેર આવ્યા નથી એહ ॥૧૮॥

ત્યારે સ્વામી કહે સુણ દાસ, અમે ઓળખીએ એને ખાસ ॥
પછી વાલોભાઈ ગયા ઘેર, જઈ વાત પૂછી શુભ પેર ॥૧૯॥

કહે મુને વાધ્યો મને વે'મ, તલવાળા કહ્યા નાથે કેમ ? ॥
સુણી બોલિયા મે'માન આમ, જાણે અંતરજામી તમામ ॥૨૦॥

એથી અજાણ્યું નથી જો લેશ, એ તો સર્વોપરિ પરમેશ ॥
પછી આવ્યા દરબારમાંયે, હેતે બોલાવ્યા શું હરિરાયે ॥૨૧॥

તલવાળા કહી આવકાર, દીધો પ્રેમે શું પ્રાણઆધાર ॥
નાથે પૂછ્યા સુખ સમાચાર, વળી જમાડ્યા જોરે અપાર ॥૨૨॥

પછી સાંજસમે સભામાંય, પૂછ્યું પટેલને હરિરાય ॥
કહ્યું પટેલે વિક્તિ સહિત, આવ્યા ઘેરથી આજ જે રીત ॥૨૩॥

સુણી કહે માંહોમાંહિ જન, આને વા'લા કેવા ભગવન ! ॥
અતિ શાણા તે જાણે વિવેક, અહો ! કેવી પાળી નિજ ટેક ! ॥૨૪॥

વળી આપણા ભાગ્ય અપાર, મળ્યા પ્રગટ પ્રાણઆધાર ॥
પૂરે અંતરગતની આશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે તલવાળાને દર્શન દીધા એ નામે એકસો ને ત્રીસમું પ્રકરણમ્ ॥૧૩૦॥

પ્રકરણ : ૧૩૧

પૂર્વછાયો :

અક્ષરપતિ અલબેલડે, આ સમે અવનિમાંય ॥
પુનિત રીત પ્રગટાવીને, વિસ્તારિયો સંપ્રદાય ॥૧॥

ન જુવે જીવની કરણી, જુવે કેવળ નિજસંબંધ ॥
પાપી હોય કે પુણ્યશાળી, એને કરે નિરબંધ ॥૨॥

અંતકાળે નિજજનને, તેડવા આવે મુનિનાથ ॥
બિરુદ એ બદલે નહિ, એની ગાવી મારે ગાથ ॥૩॥

ચોપાઈ :

એક સમે લોયાપુરમાંય, પ્રેમે પધાર્યા શ્રીહરિરાય ॥
થાય સતસંગ રાતદા'ડો, જામ્યો કથા-કીર્તન અખાડો ॥૪॥

આસપાસતણાં હરિજન, આવે દર્શને એહ પાવન ॥
એમાં મેમકાતણી બે નાર, આવી નીરખવા કીરતાર ॥૫॥

એક કણબી પટેલ બાઈ, બીજી રાજપૂતાણી સોહાઈ ॥
સતસંગ નથી એને લેશ, પણ સુણતી વાતું હંમેશ ॥૬॥

આવી લોયાતણે દરબાર, જોયા જીવન જગદાધાર ॥
કરુણામય મૂરતિ હરિ, નેત્રકમળે કરુણા ભરી ॥૭॥

ઢોળે કરુણા નિજજનમાથ, એવા દીઠા શ્રીકરુણાનાથ ॥
કર જોડી નમાવીયું શીશ, કહે ગુના કરજયો બક્ષીશ ॥૮॥

અંતકાળે પધારજો નાથ, ધામે તેડી જાજયો નિજસાથ ॥
એમ બોલી બે બાઈ વચન, સુણી રીઝીયા પ્રાણજીવન ॥૯॥

જાઓ દીધું અમે વરદાન, અંતકાળે આવીશું નિદાન ॥
દેશું અક્ષરધામે નિવાસ, એમ પ્રેમે બોલ્યા અવિનાશ ॥૧૦॥

સુણી બાઈઓ થઈ તે રાજી, જાણ્યું જીતી ભવતણી બાજી ॥
પછી ચાલીયું ઉમંગે ઘણી, મેમકા મારગે ઘરભણી ॥૧૧॥

યથાસમે પોં'ચી નિજઘેર, વાત નવ પ્રકાશી સુપેર ॥
વીત્યા દિન માસ વળી સાલ, આવ્યો કણબી બાઈનો કાળ ॥૧૨॥

નિજવચન પાળવા નાથ, સ્વર્ણ રથ લઈ આવ્યા સાથ ॥
બાઈ હરખાણી મનોમન, તેડ્યા સુત ને સત્સંગી જન ॥૧૩॥

તેને કહેવા લાગી તે નાર, જુવો પધાર્યા પ્રાણઆધાર ॥
હું તો જાઉં છું પ્રભુજી સંગે, કહી તન તજયું શું ઉમંગે ॥૧૪॥

વીત્યા થોડા ઘણાં દિન કાંઈ, ત્યારે રાજપૂતાણી તે બાઈ ॥
એતો બીજા પંથમાં ભળેલ, પરોક્ષપણે હરિને ભજેલ ॥૧૫॥

આવ્યો સમીપ એહનો કાળ, ત્યારે એના પંથીલા તત્કાળ ॥
આજુબાજુ આવી બેઠા જયાંય, એવે સમે બોલી બાઈ ત્યાંય ॥૧૬॥

મુને તેડવા આવિયા સંત, સુણી જન હરખ્યા અત્યંત ॥
કહે માંહોમાંહિ એમ બહુ, બોલાવોને સતસંગી સહું ॥૧૭॥

દેખાડીયે અમપંથમાંય, કેવો અંતકાળ સુખદાય ! ॥
જુવો અમારા પ્રભુ ને સંત, અંતે તેડી જાવે મતિમંત ॥૧૮॥

પછી તિંયા આવ્યા સત્સંગી, અતિ કેફે ડોલે જે ઉમંગી ॥
તેણે બાઈને પૂછીયું એમ, કહો સુખ વરતે છે કેમ ? ॥૧૯॥

કોણ તેડવા આવિયા સંત ? ત્યારે બાઈ બોલી ગુણવંત ॥
સંત સ્વામિનારાયણતણાં, આવ્યા તેડવા મુજને ઘણાં ॥૨૦॥

હવે પધાર્યા શ્રીમહારાજ, મુને અક્ષરે લઈ જાવા આજ ॥
પાળ્યું પાળ્યું પોતાનું વચન, દીધું લોયે જે પ્રાણજીવન ॥૨૧॥

કળિમાંય સ્વામિનારાયણ, નિશ્ચે છે ભવજળતારણ ॥
કે'દિ ન કીધું એનું ભજન, નથી નિ'મ પાળ્યા કોઈ દન ॥૨૨॥

તોયે કૃપા કરી કૃપાનાથ, આવ્યા આ સમે સંતસંગાથ ॥
હું તો જાઉં છું અક્ષરધામ, સહુ ભજજયો સ્વામીનું નામ ॥૨૩॥

એમ કહી તજયો નિજદેહ, ધામે સંચરી સન્નારી તેહ ॥
દેખી લાજયા મતપંથી સહુ, સતસંગી તે હરખ્યા બહુ ॥૨૪॥

ધન્ય ધન્ય ધન્ય મહારાજ ! આવે અંતે તેડવાને આજ ॥
આપે અક્ષરધામનિવાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે મેમકાની બાઈઓને અંતકાળે તેડવા પધાર્યા એ નામે એકસો ને એકત્રીસમું પ્રકરણમ્ ॥૧૩૧॥

પ્રકરણ : ૧૩૨

પૂર્વછાયો :

હરિ હરિજનની કથા, કે'તા સુણતાં ઉપજે સુખ ॥
પાપ ટળે તન-મનના, વળી દૂર પલાયે દુઃખ ॥૧॥

માહાત્મ્ય ઉપજે નાથનું, વધે સંતનો મહિમાય ॥
સમજણ સત્સંગની, મળે નિત્ય નવલી સદાય ॥૨॥

કહું ચરિત્ર કોડામણું, મુને દેજયો રૂડા આશિષ ॥
સુણતાં સુખડા પામશો, વળી ડોલાવશો નિજશીશ ॥૩॥

ચોપાઈ :

ધ્રાંગધ્રાતણાં શ્રીમાળી જન, નામે મુળજી ઓઝા પાવન ॥
સંગે બે સોની થયા તૈયાર, આવ્યા ઉમંગે લોયા મોઝાર ॥૪॥

ઉઘરાવવા ઋણ સુપેર, રહ્યા લીલાધર તણે ઘેર ॥
કહે માંહોમાંહિ સોનીજન, સ્વામી જાદુએ ભ્રમાવે મન ॥૫॥

એ તો જાદુગરા કહેવાય, માટે જોવા નહિ તે કદાય ॥
હાલ બિરાજે છે દરબાર, એથી જાળવવું નિરધાર ॥૬॥

સુણી મુળજી ઓઝાએ કાન, નિશ્ચે કર્યું જોવા ભગવાન ॥
એથી છાના આવ્યા દરબાર, દીઠા તેજપુંજ પારાવાર ॥૭॥

એમાં ચતુર્ભુજરૂપે શ્યામ, દિવ્યમૂરતિ શ્રીસુખધામ ॥
જોઈ ઉપજ્યો ઉર વિચાર, આતો સાક્ષાત જગદાધાર ॥૮॥

જેમ ચંદ્રને જુવે ચકોર, તેમ દેખે તે ધર્મકિશોર ॥
પછી નાગડકે ગયા નાથ, વાંસે આવ્યા મુળજી સંગાથ ॥૯॥

તિંયા બેઠા પ્રભુજી આગળ, પૂછ્યુ પ્રભુજીએ એહ પળ ॥
તારે વાતો સુણવી કે કેમ ? વિપ્રે હા ભણી ધરીને પ્રેમ ॥૧૦॥

તેને મોકલ્યા ઓરડામાંય, જીંયા રાજે મહામુનિરાય ॥
મુકતાનંદ મહાજગવંદ, અતિ શીતળ તે સુખકંદ ॥૧૧॥

પામ્યો ઓઝા સ્વામીશ્રીનો યોગ, થયો મહાસુખિયો નિરોગ ॥
આવ્યો સવારે વાલમ પાસ, કહે નિ'મ આપો અવિનાશ ॥૧૨॥

ત્યારે પૂછીયું શ્રીહરિરાય, તમે કોણ છો તે કહો ભાય ॥
એહ કહે શ્રીમાળી બ્રાહ્મણ, નાથ ! આવ્યો તમારે શરણ ॥૧૩॥

સુણી બોલિયા સુખકરણ, નોય ઘેલો શ્રીમાળી બ્રાહ્મણ ॥
ત્યારે મુળજી કહે હે શ્યામ ! હું તો સમજ્યો વાત તમામ ॥૧૪॥

ધન્ય ધન્ય થયો હું તો આજ, પામી તમને શ્રીમહારાજ ॥
ધન્ય ધન્ય લોયાપુર અતિ, ધન્ય નાગડકા મહામતિ ॥૧૫॥

ધન્ય ધન્ય દરબાર દોય, જાણું અક્ષરતુલ્ય તે સોય ॥
ધન્ય ધન્ય ધન્ય લીંબવૃક્ષ, એ તો મુક્તિદાતાર પ્રત્યક્ષ ॥૧૬॥

ધન્ય ધન્ય ધન્ય મુનિજન, દિસે પ્રગટ મુક્ત પાવન ॥
ધન્ય પાળા ધન્ય સાંખ્યજોગી, પામી તમને થયા અરોગી ॥૧૭॥

ધન્ય ધન્ય તે સુરા ખાચર, સેવે તમને જે નિરંતર ॥
ધન્ય ધન્ય રાજ પરિવાર, મુક્ત અનાદિના નિરધાર ॥૧૮॥

ધન્ય લોયાનાગડકા વાસી, જેને મળ્યા મહાસુખરાશિ ॥
ધન્ય ધન્ય એનો અવતાર, સેવ્યા પ્રગટ પ્રાણઆધાર ॥૧૯॥

ધન્ય ઈયા તન ભજનાર, ધન્ય ઈયા તન તજનાર ॥
ધન્ય ધન્ય ઈયા રહેનાર, જાશે અક્ષરે તે નિરધાર ॥૨૦॥

ધન્ય ધન્ય પશુ પક્ષી એહ, જેણે નીરખ્યા ધરીને નેહ ॥
ધન્ય ધન્ય વૃક્ષ વેલી સહુ, પામ્યા યોગ તમારો જે બહુ ॥૨૧॥

ધન્ય ધન્ય ગલી વળી ઘર, જીંયા ફર્યા તમે હરિવર ॥
ધન્ય ધન્ય રજ ઈયાતણી, સ્પર્શી તમને જે ઘણી ઘણી ॥૨૨॥

ધન્ય ધન્ય ઈયાતણા નીર, થયા ઉત્તમ તીર્થ અચિર ॥
ધન્ય ધન્ય ઈયાતણાં વન, જીંયા વિચર્યા પ્રાણજીવન ॥૨૩॥

હવે મુને કરો ધન્ય ધન્ય, મારે તમ વિના નથી અન્ય ॥
સુણી રીઝીયા શ્રીઅલબેલ, નિજકંઠી ઉતારીને છેલ ॥૨૪॥

આરોપી એના કંઠમોઝાર, એના ભાગ્યતણો નહિ પાર ॥
ધન્ય ધન્ય થયો એહ ખાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે મુળજી ઓઝાને પોતાની કંઠી પહેરાવી એ નામે એકસો ને બત્રીસમું પ્રકરણમ્ ॥૧૩૨॥

પ્રકરણ : ૧૩૩

પૂર્વછાયો :

વળી કહું એક વારતા, જે સાંભળ્યા જેવી નિદાન ॥
દેખશો તળ પોતાતણું, છૈયે ઉતરતા કે મહાન ॥૧॥

જેટલું થાય હરિઅરથે, વળી સંત અરથે કાંય ॥
એટલું સાર્થક જાણજ્યો, બીજું સરજે અનર્થ સદાય ॥૨॥

ઠેલી તનસુખ સઘળાં, કોણ દિયે હરિને ધન ? ॥
એવા શુભમતિ જનની, સુણો કથા કહું પાવન ॥૩॥

ચોપાઈ :

એક સમે મહાપ્રભુરાય, બિરાજે શ્રીલોયાપુરમાંય ॥
સુરા ખાચરને દરબાર, સારી સભા સજી કિરતાર ॥૪॥

બેઠા વર્ણી પાળા વળી સંત, બેઠા નર-નારી ગુણવંત ॥
સહુ પીવે અનુપમ રૂપ, રસિયાજીતણો સુખકૂપ ॥૫॥

એવામાંહિ આવ્યો વિપ્રજન, વૃદ્ધાવસ્થાએ થથરે તન ॥
કંપવાયુ વ્યાપિયો શરીર, તેણે લવ નવ રહે સ્થિર ॥૬॥

નથી મળતું પાશેર અન્ન, અન્ન વિના સુકાણું છે તન ॥
તન દિસે અસ્થિતણો માળો, રતિ માંસ રુધિર ન ભાળો ॥૭॥

વહે જેટલી નસું ને નાડી, એતો સરવે દિસે ઉઘાડી ॥
જર્જરિત લબડેલ ચામ, એમાં કરચલિયું અભિરામ ॥૮॥

માથે ઘણાં ઘુંચાળા મુંવાળા, દિસે ધોળા વડા વિખરાળા ॥
ધોળી દાઢીએ વાળ વિશાળ, એને નીરખી રહ્યા દયાળ ॥૯॥

મેલા-ઘેલા તે વસ્ત્રા જળેલ, પોતડી વળી ખેસ નાખેલ ॥
એક ફાળિયે ગાંઠ્યું અનેકે, માથે મુકેલ વસ્ત્રા વિવેકે ॥૧૦॥

ગળે માળા ખભે ઉપવીત, શોભી રહ્યા તે ઘણું ખચિત ॥
બીજું નથી આભૂષણ કાંઈ, હરિનામ રટે મુખમાંઈ ॥૧૧॥

અતિ કૃશ અશક્ત શરીર, ઊભા લાકડી ટેકે સ્થવિર ॥
દિસે જર્જર જુનું દેવળ, માંહિ હંસલો ભારે મંગળ ॥૧૨॥

મુખે છલકે આનંદ અતિ, નેહે નીરખે તે પ્રાણપતિ ॥
જાણે દારિદ્રય મૂરતિમંત, આવી ઊભું વૃદ્ધ કાયાવંત ॥૧૩॥

થોડીવારે આવ્યું યાદ કાંઈ, લીધું ફાળિયું તે હાથમાંઈ ॥
એક-એક ગાંઠ શું દબાવે, વળી ભૂધર નીરખે ભાવે ॥૧૪॥

ગાંઠ એક તે કઠણ ભાળી, એને છોડી ઘણી તે સંભાળી ॥
કાઢ્યો રૂપૈયો એમાંથી એક, હરિચરણે ધરવા છેક ॥૧૫॥

આવ્યું જોર પગમાંહિ અતિ, પણ મારગ ન જડ્યો રતિ ॥
ત્યારે નાથે કીધી કાંઈ સાન, દીધો સભાએ માગ નિદાન ॥૧૬॥

આવ્યો વિપ્ર અલબેલ પાસ, હાથ લંબાવિયો અવિનાશ ॥
દીધો રૂપૈયો ને લાગ્યો પાય, હૈયે આનંદ શું ઉભરાય ॥૧૭॥

તેને પૂછ્યું પ્રભુજીએ એમ, લાધ્યો રૂપૈયો તમને કેમ ? ॥
બોલ્યો વિપ્ર ધ્રુજતે અવાજ, ઝંઝવાડે ગયો'તો મા'રાજ ॥૧૮॥

તિયા કીધું કાસીદું મેં જ્યારે, તેણે લાધ્યો આ રૂપૈયો ત્યારે ॥
ઘણો સાચવ્યો મેં તમકાજ, એનો અર્થ સર્યો હવે આજ ॥૧૯॥

સુણી નાથ કહે આણે કરી, કેમ પાઘડી ન લૈયે ફરી ? ॥
ત્યારે વિપ્ર બોલ્યો જોડી હાથ, તો તો તમને શું દઉં નાથ ? ॥૨૦॥

બીજું કાંઈ નથી મુજ ઘર, જેણે સેવા સજું હરિવર ॥
ફાટ્યે લુંગડે હું ચલવીશ, ગ્રહો રૂપૈયો હે જગદીશ ! ॥૨૧॥

બીજું બધું મળે જગમાંય, તમે ક્યાંથી મળો હરિરાય ॥
માટે સંઘર્યું'તું મેં આ ધન, દેવા તમને પ્રાણજીવન ॥૨૨॥

સુણી વિપ્રનો ભીતર ભાવ, એકીટશે જોઈ રહ્યા માવ ॥
પછી મુક્તમુનિ સામું જોઈ, પૂછ્યું પ્રભુજીએ ચિત્ત પ્રોઈ ॥૨૩॥

ગુરુદેવ ! આ વિપ્રને કાંઈ, બાકી શું રહ્યું કલ્યાણમાંઈ ? ॥
ત્યારે મુનિ બોલ્યા જોડી હાથ, એણે સર્વસ્વ દીધું હે નાથ ! ॥૨૪॥

શાસ્ત્રમાંહિ કીધા જે સાધન, પૂર્ણ કર્યા તેણે શું પાવન ॥
પામી રહ્યો તે અક્ષરવાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે દરિદ્ર વિપ્રનું સમર્પણ કહ્યું એ નામે એકસો ને તેત્રીસમું પ્રકરણમ્ ॥૧૩૩॥

પ્રકરણ : ૧૩૪

પૂર્વછાયો :

ધરણી લોયાધામની, અતિ અતિ ભાગ્યવાન ॥
વારે વારે પધારતાં, સખા સંગાથે ભગવાન ॥૧॥

સુરા ખાચરને શાંતિબાનો, વિશુદ્ધ પ્રેમ અપાર ॥
લોયે નાગડકે જાણજ્યો, એવા ભાવિલા જનસાર ॥૨॥

એક સમાની વાતડી, સહું સાંભળજ્યો ચિત્ત પ્રોય ॥
હેત માહાત્મ્યસમેતની, જુઓ કેવી કરણી હોય ! ॥૩॥

ચોપાઈ :

એક સમે શ્રીજી મહારાજ, લોયાધામથી નીકળ્યા આજ ॥
સંગે સખા દિસે દસ-બાર, સહું અશ્વ પર અસવાર ॥૪॥

મળ્યા મારગે સુરા ખાચર, તેણે હઠે રોક્યા હરિવર ॥
કહે ચાલો પ્રભુ ગામમાંય, નાથ કહે નથી સુખ ક્યાંય ॥૫॥

તાપે કરી લાગી મને લાય, કેમે બળતરાં ન સહાય ॥
ત્યારે બોલિયા સુરા ખાચર, ઘણી ટાઢી વસ્તુ મુજઘર ॥૬॥

કીધું અલબેલે એહવાર, દહીં લાવો તમે દરબાર ॥
પછી સુરો ભક્ત ગયા ઘેર, લાવ્યા દહીંદોણું શુભપેર ॥૭॥

ઊભા મારગે પ્રાણઆધાર, વળી માણકીએ અસવાર ॥
મેલ્યા અંકે અનેકે વસન, દહીંદોણાંતણું એ આસન ॥૮॥

ઝાલ્યું દોણું વામ હાથમાંય, દૂજે હાથે જમે હરિરાય ॥
એહસમાની શોભા અપાર, શેષ શારદા ન પાવે પાર ॥૯॥

હાથે ઉતરે રગેડાં ઘણાં, મુખે ને લુગડે દહીંતણાં ॥
હસતાં હસતાં જમે હાથ, દહીં વખાણે છે કૃપાનાથ ॥૧૦॥

ત્યારે બોલ્યા સખા અસવાર, દિયો પ્રસાદી પ્રાણઆધાર ॥
જાણ્યું મરમાળે મનમાંય, સુખે ખાવા નહિ દે આ કાંય ॥૧૧॥

કીધી માણકીને કાંઈ સાન, ચાલી ભદ્રાવતી તે નિદાન ॥
સુખે દહીં જમે શું જીવન, વાંસે દોડે સહુ સખાજન ॥૧૨॥

દોણામાંહિ દહીં અર્ધો મણ, ખાતાં ન ખૂટ્યું નદી લગણ ॥
નાખ્યું દોણું નીરે સુખધામ, તર્યું નીરે તે દહીં તમામ ॥૧૩॥

તિયા પોં'ચ્યા સખા એહવાર, જોયું દહીં ભાદર મોઝાર ॥
ઉતર્યા અશ્વેથી અસવાર, ખાવા ઝડપું નાખી અપાર ॥૧૪॥

હતું હરિપ્રસાદીનું હેત, વળી ખરું માહાત્મ્ય સમેત ॥
તેણે દોથાં ભરી દહીં ખાય, બોલ્યા ભટ્ટ મયારામ ત્યાંય ॥૧૫॥

ગાળ્યા વિહોણું જળ એમાંય, ભલું દહીં તે કેમ ખવાય ? ॥
સાંભળીને વિપ્રનું વચન, તુર્ત કહે સહુ સખાજન ॥૧૬॥

ભટ્ટડા ! બોલ્ય માં વેણ એક, વહી જાય પ્રસાદી વિશેક ॥
એમ કે'તા વીણી વીણી એહ, દહીં જમ્યા સખા સહુ તેહ ॥૧૭॥

જોઈ રહ્યા મહાપ્રભુ ત્યાંય, મંદ મંદ હસે હરિરાય ॥
પછી માણકી થકી મા'રાજ, હેઠા ઉતર્યા ના'વાને કાજ ॥૧૮॥

દહીંવાળા વસ્ત્ર એહ ઠામ, ધોયા રતનજીએ અકામ ॥
નાયા સખા સંગે અલબેલ, પછી બેઠા વેકરાએ છેલ ॥૧૯॥

સભા સજી દીધો ઉપદેશ, પાછા વળ્યા સાંજે પરમેશ ॥
સુરા ખાચરને દરબાર, કીધો ઉતારો પ્રાણઆધાર ॥૨૦॥

કરી આરતી ધૂન્ય ઉમંગે, બેઠા ઓસરીએ ઉછરંગે ॥
હેતે કીધો શાંતિબાએ થાળ, આવ્યા જમવા દીનદયાળ ॥૨૧॥

જમતાં જમતાં પ્રાણપતિ, કહે દહીં રૂડું હતું અતિ ॥
વળી ટાઢચક અમને ઘણી, વાત શું કહીએ દહીંતણી ॥૨૨॥

એમ વખાણતાં સુખધામ, જમ્યા જીવન થાળ તમામ ॥
પછી સુરા ખાચરને નાથ, દીધી પ્રસાદી પ્રેમસંગાથ ॥૨૩॥

ચળું કરી લીધો મુખવાસ, બેઠા ઢોલિયે શ્રીઅવિનાશ ॥
જમી રહ્યા સહુ જન જ્યાંય, તિંયા માંડી રમૂજ સમાય ॥૨૪॥

એમ જનને દિયે આનંદ, સે'જે સે'જે સ્વામી સુખકંદ ॥
માણે સુખડાં તે સહુદાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે મહારાજે દહીંલીલા કરી એ નામે એકસો ને ચોત્રીસમું પ્રકરણમ્ ॥૧૩૪॥

પ્રકરણ : ૧૩૫

પૂર્વછાયો :

એક સમે લોયામાંહિ, સુરા ખાચરને દરબાર ॥
થાળ જમી રજની વિશે, બિરાજે પ્રાણઆધાર ॥૧॥

શબ્દ સુણીને ભજનનો, કહે સુરા ખાચરને શ્યામ ॥
કોણ ગાવે અતિ ભાવથી, તિંયા જાશું અમે સુખધામ ॥૨॥

દાસ કહે કર જોડીને, ચોરે બેઠી વૈરાગણ બાઈ ॥
એને સંગે સુત એહનો, ગાવે સાવળ્યું રજનીમાંઈ ॥૩॥

ચોપાઈ :

તિંયા આપે ન જવાય શ્યામ, એને તેડી લાવું આણે ઠામ ॥
પછી તેડી લાવ્યા સુત માત, જોઈ રીઝીયા શ્રીજગતાત ॥૪॥

કૃપાનાથ કહે સુણો દોય, ગાવો સાવળ્યું ચિત્તડાં પ્રોય ॥
પામી આદેશ પ્રભુજી તણો, મનમોદ વધ્યો એને ઘણો ॥૫॥

લઈ એકતારો નિજકર, ઊંચે સાદે આલાપિયો સ્વર ॥
મરમાળો થયા ગુલતાન, ગાઈ સાવળ્યું ઘણી નિદાન ॥૬॥

ત્યારે બોલ્યા અલબેલ બોલ, માંગ માંગ આપું તુને કોલ ॥
સુણી બોલી વૈરાગણ બાઈ, લોક દિયે અન્ન વસ્ત્ર કાંઈ ॥૭॥

અમે પાપિયાં છૈયે અપાર, પણ તમે તો તારણહાર ॥
મારું ભલું કરજયો ભૂધર ! ત્યારે હેતે બોલ્યા હરિવર ॥૮॥

જાઓ, સારું કરીશું તમારું, જાણો વચન અટળ મારું ॥
હતો મેકર સુરાને માથ, દીધો નાથે તે સુતને હાથ ॥૯॥

ત્યારે શાંતિબાએ તક જોઈ, દીધો સાડલો બાઈને સોઈ ॥
તેણે રાજી થયા હરિરાય, પછી દોય ચાલ્યા નમી પાય ॥૧૦॥

કહે સુરો ભક્ત જોડી હાથ, એનું સારું શું કરશો નાથ ? ॥
ત્યારે બોલિયા શ્યામ સુજાણ, તારા જેવું પામશે કલ્યાણ ॥૧૧॥

એહ સુણી રહ્યા સહુ કોઈ, અતિ આશ્ચર્યચકિત હોઈ ॥
આતો પામ્યા રીઝવીને નાથ, હવે સુણો જેણે ધોયા હાથ ॥૧૨॥

એક સવારે શ્રીકૃપાનાથ, કૂવે પધાર્યા સુરા સંગાથ ॥
રૂડો કોસ ફરતો તિંયાય, તેણે પટેલિયો ઘઉં પાય ॥૧૩॥

જોઈ મોલાત સઘળી સારી, એની પાસે બોલ્યા સુખકારી ॥
જોને દિસે ઘઉં રૂડા અતિ, ત્યારે બોલ્યો પટેલ કુમતિ ॥૧૪॥

સુણો સુણો સ્વામિનારાયણ, અમે મથીયે ઘણું કઠણ ॥
કોશ જોડીને કાઢીએ જળ, જાંયા લગી ના'વે કૂવા તળ ॥૧૫॥

ભગવાન તણી ઓશિયાળ, નથી ઘઉંમાંયે કોઈ કાળ ॥
સુણી નાથ હસ્યા મંદ મંદ, પછી નાહી ચાલ્યા સુખકંદ ॥૧૬॥

ત્યારે સુરો કહે અલબેલ ! આતો મહાકુસંગી પટેલ ॥
એણે અવગણ્યા ભગવાન, અતિ ભૂંડુ કર્યું તે નિદાન ॥૧૭॥

આને વીત્યાં કેટલાક દન, ફરી નાવા પધાર્યા જીવન ॥
ઘઉં વાઢે તે સહુ પટેલ, એને પ્રેમે પૂછ્યું અલબેલ ॥૧૮॥

કેમ લુગડાં દિસે તમારા, રાતાં ભૂખરિયાળા નઠારા ॥
સુણી પટેલ કહે દયાળ ! લાગ્યો ગેરું ઘઉંમાં આ કાળ ॥૧૯॥

પછી લઈ આવ્યો દાણાં કાંય, લીધા પ્રભુજીએ હાથમાંય ॥
જીરા સમા જીણા તે થયેલ, જોઈ બોલ્યા એમ અલબેલ ॥૨૦॥

ઘણી ઘઉંમાં છે નબળાઈ, કેમ જાળવ્યા ન તમે કાંઈ ? ॥
ત્યારે કુમતિ બોલ્યો પટેલ, આતો હરિના હાથનો ખેલ ॥૨૧॥

મંદ મંદ હસી કહે નાથ, યાદ કરો એ દનની ગાથ ॥
ભગવાન તણી ઓશિયાળ, નથી ઘઉંમાંયે કોઈ કાળ ॥૨૨॥

એમ તમે કીધું'તું પટેલ, પણ એ વિના નથી સહેલ ॥
સહુ કર્તા હર્તા ભગવાન, વદે સકળ શાસ્ત્રા નિદાન ॥૨૩॥

પછી નાહી આવ્યા દરબાર, એમ કીધી લીલા મેં ઉચ્ચાર ॥
રીઝે નાથ કે મોટેરા સંત, તો તો સુખ પામિયે અત્યંત ॥૨૪॥

વળી અવગણીએ દોય એહ, કાળે દુઃખી થાશું નિઃસંદેહ ॥
સુખ સઘળા થાશે વિનાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે અભિમાની પટેલના ઘઉં બળ્યા એ નામે એકસો ને પાંત્રીસમું પ્રકરણમ્ ॥૧૩૫॥

પ્રકરણ : ૧૩૬

પૂર્વછાયો :

શુભમતિ સહુ સાંભળો, જેવું સંતને હરિમાં હેત ॥
એવુંજ હરિને સંતમાં, હેત માહાત્મ્યે સમેત ॥૧॥

જેમ ફોરમ ફુલડાંમહિ, મઘમઘતી રહે સદાય ॥
સાચા સંતમાં એમ વસે, અખંડ મહાપ્રભુરાય ॥૨॥

શીતળતા ચંદનતણાં, કણકણે શું સમાય ॥
એમ જ સંતના અંગમાં, નેહે વસે શ્રીસુખદાય ॥૩॥

ચોપાઈ :

પ્રાણવિના ટકે નહિ દેહ, એમાં નહિ જરાયે સંદેહ ॥
એમ સંતને હરિમાં પ્રીત, એતો જુઓ લીલાએ ખચિત ॥૪॥

એક સમે સુરા ભક્ત કાજ, રાજે નાગડકે મહારાજ ॥
નાથ કરે નવી લીલા નિત, તેણે ઉપજે સુખ અમિત ॥૫॥

એવામાંહિ કૃપાનંદ સ્વામી, સચ્ચિદાનંદજી બહુનામી ॥
વળી ગુણાતીતાનંદાદિક, જેને હેત હરિ શું અધિક ॥૬॥

એતો વિચરતાં આસપાસ, જાણ્યું નિકટે છે અવિનાશ ॥
આવ્યા દર્શને ગામ મોઝાર, તિંયા હરિ થયા તે તૈયાર ॥૭॥

જાય જીવનજી લોયાધામ, આવ્યા વળાવા સંત તમામ ॥
સહુ પહોંચ્યા પુર બહાર, ત્યારે બોલિયા શ્રીકિરતાર ॥૮॥

હવે પાછા વળો સહુ તમે, આગે વિચરીએ છૈયે અમે ॥
ત્યારે ઉભા રહ્યા એહ સંત, નીરખી રહ્યા શ્રીભગવંત ॥૯॥

નાથ ઉલ્લંઘ્યા પર્વતધાર, એતો વસમું લાગ્યુ અપાર ॥
ઢળી પડ્યા કૃપાનંદ સ્વામી, જેણે પ્રેમતણી સીમા પામી ॥૧૦॥

જેને હરિવિયોગે અચિર, રોમે રોમે નીસરે રુધિર ॥
એવા સચ્ચિદાનંદજી સ્વામી, બોલ્યા હૃદે મહાખેદ પામી ॥૧૧॥

મારી પાષાણ સમી છે છાતી, નાથ જાતાં ફાટી નથી જાતી ॥
કૃપાનંદ સ્વામી જેવું મારે, નથી પ્રભુમાં હેત લગારે ॥૧૨॥

પછી બીજા સંત સહુ મળી, કૃપમુનિને ઉપાડ્યા વળી ॥
લઈ આવ્યા ઉતારા મોઝાર, જોને કેવો પ્રેમ પારાવાર ! ॥૧૩॥

જેવું સંતને હરિમાં હેત, એવું હરિને સંતમાં હેત ॥
જોઈ સંત પામે હરિ સુખ, સંતપીડા દેખી પામે દુઃખ ॥૧૪॥

એની વાત સુણો ધરી કાન, લોયે બિરાજે કૃપાનિધાન ॥
સાંજ સમે નદીતણે તીર, સભા સજી બેઠા નરવીર ॥૧૫॥

એવે સમે આવ્યા દોય સંત, કોઈ ગામથકી ગુણવંત ॥
દંડવત કરી લાગ્યા પાય, તૈંયે નાથે જોયું ભાલમાંય ॥૧૬॥

પૂછ્યું સંતને શ્રીઅલબેલ, દિસે કપાળે તે શું વાગેલ ? ॥
બોલ્યા છુપાવીને સંત ત્યારે, કાંઈ કાષ્ટ વાગ્યું છે લગારે ॥૧૭॥

જોઈ ભાલમાંહિ સોળ્ય ભારે, શંકા પડી નાથને તે વારે ॥
કહે પરી કરીને ચાદર, તન દેખાડોને મુનિવર ॥૧૮॥

નાથવચન શીશ ચઢાવી, દોય સંતે ચાદર હટાવી ॥
જોયા સભાજને સંતતન, અરેરાટી વ્યાપી ગઈ મન ॥૧૯॥

લઈ સોટા તે બાવળતણાં, કોઈ દુષ્ટે માર્યા ઘણાં ઘણાં ॥
તેણે શરીરે સોળ્યું પડેલ, લોહી સરીખી શું ઉભરેલ ! ॥૨૦॥

વળી વાંસા તે સૂજી ગયેલ, એને જોઈ શક્યા નહિ છેલ ॥
દોય નેણે આવ્યા અશ્રુજળ, નાથ કંપવા લાગ્યા તે પળ ॥૨૧॥

તનસૂધ રહી નહી લેશ, સંતપીડા જોઈ પરમેશ ॥
કહે કોઈ દુષ્ટે મારા સંત, આવા કેમ માર્યા ગુણવંત ? ॥૨૨॥

પછી રોષ ધરી હરિવર, હાથ પછાડ્યા પૃથ્વી પર ॥
કેમ જીરવી શકે જીવન, ડોલ્યું શેષતણું સિંહાસન ॥૨૩॥

વસુંધરા ધ્રુજી ઉઠી આપ, વ્યાપ્યો ધણેણાટ શું અમાપ ॥
આસપાસના મલકમાંય, ઘણા ઘર ઢળ્યા ભોંયમાંય ॥૨૪॥

એહ સમે દયાળુ સ્વરૂપ, જોયું જને મહાકાળરૂપ ॥
ટળ્યા સહુના સુખવિલાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે કૃપાનંદ સ્વામીના હેતનું વર્ણન તથા મહારાજ સંતનું દુઃખ જોઈ દ્રવ્યા એ નામે એકસો ને છત્રીસમું પ્રકરણમ્ ॥૧૩૬॥

પ્રકરણ : ૧૩૭

પૂર્વછાયો :

કરુણાનિધિ કરુણા કરી, ધરે અવનિએ અવતાર ॥
એક જ ઉરમાં તાન છે, મારે તારવા જીવ અપાર ॥૧॥

જનને પડે જેમ પાંસરું, તેમ વરતે દીનદયાળ ॥
તોયે જીવ સમજે નહિ, એને સમજાવે જો મરાળ ॥૨॥

સેવ્યા વિના મોટા સંતને, કોઈ પ્રાણી પૂરણકામ ॥
થયો નથી થાશે નહિ, એમ ગાયે શાસ્ત્ર તમામ ॥૩॥

ચોપાઈ :

હવે સુણજ્યો વારતા એક, પછી ઉર ધરજ્યો વિવેક ॥
લોયે રે'વું ગમે નાથમન, વારે વારે આવે તે જીવન ॥૪॥

વણનોતરે આવતાં શ્યામ, જાણી નિજસખાતણું ધામ ॥
આવી કરે લે'રી લીલા લે'ર, લોયાવાસી પર લાવી મે'ર ॥૫॥

કોઈ સમે લોયે મહારાજ, આવ્યા તેડીને સંતસમાજ ॥
વાલે રેલાવ્યા આનંદ પૂર, જન દોડી આવ્યા ભરપૂર ॥૬॥

એમાં સોની રણછોડ નામે, રહે વાસ તે લીમડી ગામે ॥
ભજે ચતુર્ભુજરૂપ ભાવે, બીજું કે'દિ દિલમાં ન લાવે ॥૭॥

તેણે જાણ્યું લોયાધામમાંય, બિરાજે શ્રીમહાપ્રભુરાય ॥
થયો દર્શન કાજ આતુર, વળી લોયા નથી કાંઈ દૂર ॥૮॥

આવ્યો સુરાતણે દરબાર, નેણે નીરખ્યા ધર્મકુમાર ॥
દીઠાં ચતુર્ભુજરૂપે શ્યામ, પૂરી હૈયાતણી સહું હામ ॥૯॥

તિંયા બેઠા ત્રવાડી ગોપાળ, તેને પૂછ્યું તેણે તતકાળ ॥
ચાર ભુજા ધરે શું દયાળ ? ત્યારે બોલ્યા ત્રવાડી ગોપાળ ॥૧૦॥

અમે દેખીએ તે ભુજ દોય, સુણી થયો સંશેવત સોય ॥
પછી ગયો લીલાધરઘેર, સાંજ સમે આવ્યો વળી ફેર ॥૧૧॥

દ્રગે દીઠા નાથ ચતુર્ભુજ, કાંઈ પડે કેમ સૂઝ-બુઝ ? ॥
ચડ્યો વિચારવંટોળે ભાઈ, સત્ય દેખાય તે કે સુણાય ? ॥૧૨॥

બીજે દિન આવ્યો એહ ઠામ, પૂછ્યું પ્રભુજીને ધરી હામ ॥
શું તમારે છે ભુજાઓ ચાર ? ત્યારે બોલિયા જગદાધાર ॥૧૩॥

અમે દ્વિભુજરૂપ સદાય, અનાદિકાળના છૈયે ભાય ॥
પછી આજ્ઞા કીધી અવિનાશ, આને તેડી જાઓ કોઈ દાસ ॥૧૪॥

મુક્તમુનિને મળશે જયારે, મહાસુખિયો થાશે તે વારે ॥
ત્યારે તેડી ગયા તેને ત્યાંય, જીંયા બિરાજે શ્રીમુનિરાય ॥૧૫॥

પૂછ્યા મુનિએ કુશળક્ષેમ, તેણે કહ્યું દીઠું સુણ્યું જેમ ॥
મુનિ પામી ગયા તેનું મન, ઉચ્ચર્યા અતિ પ્રેમે વચન ॥૧૬॥

અતિ ભાગ્યશાળી ભાઈ આપ, દ્રગે દીઠો તે પ્રૌઢ પ્રતાપ ॥
જેને તેને કે'દિ સુખધામ, કાંઈ નથી દેખાડતાં શ્યામ ॥૧૭॥

તુંને ભક્તિતણું ફળ મળ્યું, પૂર્વજન્મતણું પાપ બળ્યું ॥
થયો પૂરણકામ તું જન, પામી ચતુરભુજ દર્શન ॥૧૮॥

દીઠા અક્રૂરે ચતુરભુજ, દીઠા અર્જુને સહસ્રભુજ ॥
અષ્ટભુજ દીઠા હશે કેણે, થયા પૂર્ણકામ સહું તેણે ॥૧૯॥

પ્રભુ દ્વિભુજ રૂપ સદાય, પણ ભક્તવશ સુખદાય ॥
જેમ રાજી થાય નિજજન, તેવું પ્રભુ દિયે દરશન ॥૨૦॥

કહે સરવે શાસ્ત્રા સુજાણ, પ્રભુ ભક્તવત્સલ પ્રમાણ ॥
ભક્તાધીન વરતે છે નાથ, અલ્પમુખે શું ગાઉં હું ગાથ ! ॥૨૧॥

એમ વાતું સુણી મુનિતણી, સોની પામ્યો મને મુદ ઘણી ॥
પછી નિ'મ ધારી થયો દાસ, લાવ્યા મુક્તમુનિ પ્રભુપાસ ॥૨૨॥

દીઠાં સોનીએ દ્વિભુજ શ્યામ, કીધા પ્રેમે શું દંડપ્રણામ ॥
કહે ધન્ય ધન્ય થયો આજ, પામી તમને શ્રીમહારાજ ॥૨૩॥

કીધી કથા યથા ઈતિહાસ, સુણી વિચારજયો ઉર ખાસ ॥
ભલે પ્રગટ પ્રભુજી મળે, તોયે જીવને કાંઈ ન વળે ॥૨૪॥

એતો સેવે કોઈ મોટા સંત, ત્યારે કૃપાવંત થાય જંત ॥
પછી ભાવે ભજે અવિનાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે રણછોડ સોનીને શ્રીહરિએ દિવ્ય દર્શન આપ્યા એ નામે એકસો ને સાડત્રીસમું પ્રકરણમ્ ॥૧૩૭॥

પ્રકરણ : ૧૩૮

પૂર્વછાયો :

પ્રેમીજનને કારણે, આવે અવનિએ અવિનાશ ॥
લાડ લડાવી સુખ પમાડી, જતને જાળવે દાસ ॥૧॥

સાચો દાસ દયાળનો, એને નોય બીજી કોઈ તાણ ॥
દરશ દિયે સેવ સ્વીકારે, પ્રભુજી મહાસુજાણ ॥૨॥

અંતરજામી જાણીને, અંતરગતનું ખેંચાણ ॥
ભાવ પૂરે નિજભક્તના, ભૂધરજી પ્રગટ પ્રમાણ ॥૩॥

ચોપાઈ :

હવે સુણજ્યો એક ચરિત, પ્રેમીતણું પરમ પુનિત ॥
પ્રેમવશ સદા ભગવાન, કરે કૃપા કરુણાનિધાન ॥૪॥

જેવા પ્રેમી ગઢપુરવાસી, વળી જક્તથકી તે ઉદાસી ॥
એવા જાણો લોયાતણાં જન, જેને વા'લા શું પ્રાણજીવન ॥૫॥

કોઈ સમે અલબેલો નાથ, લોયે પધાર્યા સંતસંગાથ ॥
ઉતર્યા નૃપને દરબાર, સુરો ભક્ત હરખ્યા અપાર ॥૬॥

પ્રભુ પધાર્યાના સમાચાર, જાણ્યા આસપાસે રહેનાર ॥
દોડી આવ્યા તે દર્શનકાજ, રખે જાતાં રહે મહારાજ ॥૭॥

ગામ મેથાણે વિપ્ર પાવન, મહાશંકર પંચોળી જન ॥
એને અંતર ઉપડી તાણ, દેખું પ્રભુ પ્રગટ પ્રમાણ ॥૮॥

વળી સુત મારો રાજારામ, પાય લગાડું ધરીને હામ ॥
પાંચ રૂપૈયા ભેટ મેલીશ, વળી પાંચે સંત જમાડીશ ॥૯॥

એમ ઓરતો ઘડી અંતર, ચાલ્યા વેગે શું મહાશંકર ॥
દશ રૂપૈયા લીધા છે હાથ, વળી સુત રાજારામ સાથ ॥૧૦॥

લોયાથકી નીસરીને નાથ, ગયા હશે એક ગાઉંમાથ ॥
જાણી અંતરજામીએ તાણ, પાછા વળ્યા પ્રભુજી સુજાણ ॥૧૧॥

આવી ઓરડે કીધો નિવાસ, રહ્યા નિકટે એકાંતિ દાસ ॥
બીજા જાણે નહિ કોઈ જન, એમ છાના રહ્યા શું જીવન ॥૧૨॥

આવ્યા વિપ્ર લોયે નિરધાર, દીઠાં સૂના સૂના દરબાર ॥
નહિ સંત નહિ સંતપતિ, તેણે ફાળ પડી મને અતિ ॥૧૩॥

પૂછ્યું લોકને ક્યાં મહારાજ ? કહે લોક ગયા એતો આજ ॥
સુણી ભાંગી પડ્યા મનોમન, ગયા સંઘા ભક્તને સદન ॥૧૪॥

કીધો ઉતારો વિપ્રએ ત્યાંય, નથી સુખ લેશ મનમાંય ॥
પડી રાત્યને કરે વિલાપ, ક્યાંથી ઉદિયા પૂર્વના પાપ ? ॥૧૫॥

હોય પુણ્ય જેના પારાવાર, એ જ નીરખે જગદાધાર ॥
હાય હાય હાય હું અભાગી, ચાલી નીકળ્યા શ્યામ સુહાગી ॥૧૬॥

જપ જપે તપ તપે વન, સાધે કોટિ જનમ સાધન ॥
ત્યારે મળે મરમાળો છેલ, મુને ક્યાંથી મળે અલબેલ ? ॥૧૭॥

કરે વિપ્ર વિરહ વિલાપ, તેને સુણે મહાપ્રભુ આપ ॥
દોય વચ્ચે દિસે કરો એક, તેણે સુણાય શબ્દ વિશેક ॥૧૮॥

આખી રાત સૂતા નથી જન, નથી સૂતા તે પ્રાણજીવન ॥
વિપ્ર રુવે ને સાંભળે નાથ, અહો દીન અહો દીનાનાથ ! ॥૧૯॥

પછી સવારે પરવર્યા શ્યામ, પૂછ્યું દાસને શ્રીસુખધામ ॥
કોણ ઊતર્યા તે ઘરમાંય, ત્યારે દાસ કહે હરિરાય ! ॥૨૦॥

એતો વિપ્ર મેથાણનિવાસી, ખરા દર્શનના અભિલાષી ॥
પછી નાથ કહે તેડો જન, ભલે સુખે કરે દરશન ॥૨૧॥

ત્યારે વિપ્રને તિંયા તેડાવ્યા, તેણે અતિ સુખ ઉપજાવ્યા ॥
કરી દર્શન લાગિયા પાય, વળી સુતને નમાવ્યો ત્યાંય ॥૨૨॥

થયા ઘેલા ઘેલા શું પંચોળી, ખોલી રૂપૈયાતણી કોથળી ॥
મેલ્યા પાંચ રૂપૈયા તે પાય, ત્યારે હેતે બોલ્યા હરિરાય ॥૨૩॥

પે'લા પાંચ પણ મૂકો જન, અમે જમાડીશું સંતજન ॥
સુણી વિપ્ર થયા ઘણું રાજી, ભલે ભલે આ સુઘરી બાજી ॥૨૪॥

ધન્ય ધન્ય ધન્ય મહારાજ ! મુને કર્યો કૃતારથ આજ ॥
પૂરી અંતરમનની આશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે મહાશંકર પંચોળીના કોડ પૂર્યા એ નામે એકસો ને આડત્રીસમું પ્રકરણમ્ ॥૧૩૮॥

પ્રકરણ : ૧૩૯

પૂર્વછાયો :

લોયાધામની ધરણીમાં, થયા ભક્ત અનેક મહાન ॥
તેહમધ્યે એક જનની, ગાથા સુણાવું નિદાન ॥૧॥

વિપ્ર કુળમાં નારાયણજી, ભલા ભોળા તે જણાય ॥
ભાવે ભજે જગજનની, જગદંબા પ્રેમે સદાય ॥૨॥

રાગ-દ્વેષ નહિ દલમાં, કરે કર્મકાંડનું કામ ॥
ગોર ગણાય લોયાતણાં, વળી મને લોક તમામ ॥૩॥

ચોપાઈ :

એક સમે શ્રીસુરા ખાચર, સંગે સંઘા પટેલ પ્રવર ॥
થયા ગઢડે જાવા તૈયાર, વિપ્ર નારાયણ એહવાર ॥૪॥

આવ્યા સંઘા પટેલને ઘેર, તિંયા બોલ્યા પટેલ સુપેર ॥
ભરી લિયોને આ પકવાન, લઈ ખડિયો ચાલો નિદાન ॥૫॥

અમે જૈયે તે સમૈયામાંય, તૈંયે નીરખીશું હરિરાય ॥
સુણી વિપ્રે માની વાત એહ, બેઠા ગાડે ત્રણે જણ તેહ ॥૬॥

રસ્તે જાતાં થઈ રાત જયાંય, કરી ટીમણ ને સૂતા ત્યાંય ॥
ચાલ્યા તિંયાથી વે'લી સવાર, રસ્તે નદી આવી એક ઠાર ॥૭॥

રહ્યું ગઢપુર ગાઉં ત્રણ, ત્યારે બોલ્યા વિપ્ર નારાયણ ॥
તમે સુખે જાઓ ગઢપુર, થોડીવારે હું આવું જરૂર ॥૮॥

આંહિ નદીમાં કરીને સ્નાન, જપું ગાયત્રીજપ નિદાન ॥
એમ કહીને રોકાયા ત્યાંય, ચાલ્યા પટેલ ને સુરરાય ॥૯॥

પછી વિપ્ર નાહ્યા નદીમાંય, કીધા ગાયત્રીજાપ સમાય ॥
કર્યું ટીમણ શું રૂડી રીતે, કેડ્યે ઘસ્યા ચકમક પ્રીતે ॥૧૦॥

પછી ચલમ કીધી તૈયાર, મુખે બોલે એમ વારંવાર ॥
જૈયે સ્વામિતણી જગ્યામાંય, તિંયા ચલમ નહિ પીવાય ॥૧૧॥

એમ ધારી બહુ પીધી એહ, પછી ચલમ-તમાકુ તેહ ॥
ખાડે દાટીને મૂક્યું એંધાણ, વળતાં લેવા કાજ સુજાણ ॥૧૨॥

પછી ચાલિયા તે વિપ્રવર, કાંઈ વિચારતાં ગઢપુર ॥
આવ્યા દાદાતણે દરબાર, નેણે નીરખ્યા જગદાધાર ॥૧૩॥

પછી જય અંબે કહી એહ, સભાકોરે ઊભા રહ્યા તેહ ॥
તેને જોઈને સંઘા પટેલ, કહે સાંભળો સુંદરછેલ ॥૧૪॥

સામા ઊભા તે અમારા ગોર, ત્યારે બોલિયા ધર્મકિશોર ॥
કોઈ જાણે કે આ ભગવાન, કાંઈ જાણતા નથી નિદાન ॥૧૫॥

પણ પ્રભુ જાણે બધી વાત, નાહી ટીમણ કર્યું સાક્ષાત ॥
પછી ચલમ પીધી સમાય, દાટી એંધાણી મૂકી છે ભાય ॥૧૬॥

સુણી વાલમ મુખની વાણ, દોડ્યા તુરત વિપ્ર સુજાણ ॥
આવી પડ્યા પ્રભુપદમાંય, કહે ભૂલ્યો ભૂલ્યો હરિરાય ॥૧૭॥

તમે પ્રગટ છો ભગવાન, મુને ધરાવોને વ્રતમાન ॥
સુણી નાથે એતો મનોરથ, કંઠી બાંધી કીધા કૃતારથ ॥૧૮॥

જોઈ મુમુક્ષુતા હરિવર, ધરાવ્યા વ્રતમાન સુંદર ॥
તેણે સત્સંગી થયા ભૂદેવ, રાજી રાજી થયા તતખેવ ॥૧૯॥

પછી બોલિયા વિપ્ર સુજાણ, સુણો પ્રભુ પ્રગટ પ્રમાણ ॥
આજ નાવ્યો હોત દરબાર, તો તો જાત જમપુરદ્વાર ॥૨૦॥

હવે શરણે તમારે શ્યામ, આવી પામીશ અક્ષરધામ ॥
વિપ્ર રોકાયા પ્રીતે શું ત્યાંય, પાંચ દન ગઢપુરમાંય ॥૨૧॥

લીધો લાવ સતસંગતણો, તેણે હૈયે તે ઉમંગ ઘણો ॥
પછી આવ્યા લોયા શુભપેર, વિપ્ર નારાયણ નિજઘેર ॥૨૨॥

પાળે દ્રઢ નિયમ ભૂદેવ, ભજે પ્રગટ પ્રમાણ દેવ ॥
ભળે સોનામાં સુગંધ જેમ, મળ્યો વિપ્રને સત્સંગ તેમ ॥૨૩॥

જ્યારે આવ્યો એનો અંતકાળ, ત્યારે તેડવા આવ્યા દયાળ ॥
તજી માનુષી નશ્વર તન, ગયા વિપ્ર અક્ષરસદન ॥૨૪॥

કહી લોયાના વિપ્રની વાત, લખી ઈતિહાસે જે સાક્ષાત ॥
સુણી રાજી થાજયો હરિદાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે નારાયણ વિપ્ર સત્સંગી થયા એ નામે એકસો ને ઓગણચાલીસમું પ્રકરણમ્ ॥૧૩૯॥

પ્રકરણ : ૧૪૦

પૂર્વછાયો :

ધન્ય જન લોયાતણાં, જેના અતિ નિરમળ અંગ ॥
ભોળે ભાવે ભજે હરિને, રાખે અચળ સતસંગ ॥૧॥

પ્રેમી ને ગરજુ ઘણાં, વળી માહાત્મ્ય જાણે અપાર ॥
છળ કપટ પ્રપંચ નહિ, એના મન અતિશે ઉદાર ॥૨॥

ગ્રહી ટેક મૂકે નહિ, પડી આંટી અંતરમાંય ॥
એવા એક હરિજનની, તમે સ્નેહે સુણજયો કથાય ॥૩॥

ચોપાઈ :

કોળી કુળમાં જન પાવન, જેનું પ્રભુપરાયણ મન ॥
નામ ઘેલો ને ડાહ્યો છે અતિ, રાખે નિયમે અચળ મતિ ॥૪॥

એની સાંભળજ્યો શુભ વાત, થાશો મને રાજી રળિયાત ॥
એક સમે લોયે અલબેલ, સારી સુંદર સભા સજેલ ॥૫॥

તેમાં બેઠા મુનિજન સહુ, વળી હેતે હરિજન બહુ ॥
સભામાંહિ એક નાના સંત, થયા સ્થિર ધ્યાને ગુણવંત ॥૬॥

વૃત્તિ હરિમૂરતિમાં ઠરી, ગયા તનસૂધ તે વિસરી ॥
એવે સમે જૂવો એક ત્યાંય, ચડ્યો સંતતણાં પગમાંય ॥૭॥

દિયે દંશ પીડે ઘણું ઘણું, પણ સંત ચળે નહિ અણું ॥
પગ હલવા ન દીધો જરી, ધન્ય આત્મનિષ્ઠા એની ખરી ॥૮॥

પછી રુધિર નીકળ્યું બા'ર, જોયું ઘેલા ભક્તે એહવાર ॥
બોલી ઉઠ્યા તે આનંદમાંય, જૂવા ! ધન્ય ભાગ્ય તારા ભાય ! ॥૯॥

પીધું રુધિર તે સંતતણું, તેણે સુખ થાશે ઘણું ઘણું ॥
અંતે પામીશ મહાકલ્યાણ, કાંજે પીધી પ્રસાદી સુજાણ ॥૧૦॥

સુણી ભોળા ભગતની વાત, મંદ મંદ હસ્યા જગતાત ॥
પછી રોષ ધરીને લગાર, બોલ્યા જીવન જગદાધાર ॥૧૧॥

તુંયે સંતને બટકાં ભર, તેણે પામી લે ધામ અક્ષર ॥
નથી ખેદ કાંઈ મનમાંય, તુંને કેવો ગણું જગમાંય ? ॥૧૨॥

જૂવો કરડ્યો તે સંતપાય, નથી તેનો ખરખરો કાંય ॥
વળી કરે આનંદ ઉલ્લાસ, તુંને કેવો જાણું મુજદાસ ? ॥૧૩॥

એમ કહ્યા શિક્ષાના વચન, સુણી ઘેલાનું મુંઝાયુ મન ॥
માગી માફી જોડી દોય કર, કહે હું તો અતિશે પામર ॥૧૪॥

એવા ભોળા દિલનો ભગત, એની વાત સુણજ્યો વિતત ॥
પડ્યો મહાકાળ જેહવાર, ત્યારે દાણા ન મળ્યા લગાર ॥૧૫॥

વળી મળે નહિ કામકાજ, આવ્યો સંકટતણો સમાજ ॥
ભૂખ તરસે પીડાય તન, કેમ ગાળવા કઠણ દન ? ॥૧૬॥

પછી કાળ ઉતરવા માટ, લીધી ઘેલે સુરતની વાટ ॥
સંગે પત્ની ગંગાબાઈ નામ, ચાલ્યા દોય હૈયે ધરી હામ ॥૧૭॥

ચાલે ભગત આગળ્યે જરી, બાઈ મર્યાદા સાચવે ખરી ॥
આવ્યો તાપી નદીતણો તટ, જાણ્યું સુરત શે'ર નિકટ ॥૧૮॥

દીઠું મારગે સુવર્ણ એક, જોઈ ઘેલે જાળવ્યો વિવેક ॥
વાળી ધૂળ તે તોડા ઉપર, પછી ચાલિયા ભક્તપ્રવર ॥૧૯॥

આગે જાતાં મળ્યા ગંગાબાઈ, પૂછ્યું કેમ થંભ્યા વાટમાંઈ ? ॥
કીધી ભગતે મનની વાત, સુણી બાઈ બોલ્યા ધરી ખાંત ॥૨૦॥

પરધનને જાણું હું ધૂળ, તમે વાળી ધૂળ પર ધૂળ ॥
પત્નીતણી સમજણ જોઈ, ભક્ત હરખ્યા અંતરે સોઈ ॥૨૧॥

પછી આવિયા સુરત શેર, તિંયા મળ્યા મહામુનિવર ॥
મુક્તમુનિને લાગિયા પાય, કહી બીના બની વાટમાંય ॥૨૨॥

સુણી રીઝીયા સ્વામી સુપેર, રાખ્યા ભાલચંદ્રતણે ઘેર ॥
કીધું નિ'મતણું શું જતન, કાળ ઉતરી ગયા વતન ॥૨૩॥

આવા કઠણ તે કાળમાંય, ધન દેખી દલ ન લોભાય ॥
એવા ઝાઝા નહિ જગમાંય, એતો ઘેલો ભક્ત લોયામાંય ! ॥૨૪॥

મુક્તમુનિ આવ્યા ગઢપુર, કીધી વાત હરિની હજૂર ॥
સુણી રાજી થયા અવિનાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે ઘેલા કોળીનું ભોળપણ અને નિયમનિષ્ઠા કહી એ નામે એકસો ને ચાલીસમું પ્રકરણમ્ ॥૧૪૦॥

પ્રકરણ : ૧૪૧

પૂર્વછાયો :

શુભમતિ સહુ સાંભળો, કહું લોયાવાસીની કથાય ॥
સ્નેહતણે દ્રઢ તાંતણે, બંધાયા મહાપ્રભુરાય ॥૧॥

જપ તપ તીરથ કરે, કોઈ સાધે જોગ જગન ॥
સ્નેહ વિના સરવે સૂનું, જેમ ઘૃત વિહોણાં ભોજન ॥૨॥

લાગી લગની લાલ શું, પ્યારા પ્રિતમવર શું પ્રીત ॥
એવા જન જેહ જક્તમાં, એની જાણો જુજવી રીત ॥૩॥

ચોપાઈ :

સુરા ખાચરને દરબાર, ઠકરાણા શાંતિબાઈ નાર ॥
એને સમજણતણું અંગ, વળી નાથમાં પ્રીતિ અભંગ ॥૪॥

એની સુતા વલુબાઈ નામ, સંગે ધનુબાઈ ભજે શ્યામ ॥
સહુ રાજત્રિયા તણાં અંગ, રંગાયા સતસંગને રંગ ॥૫॥

રામબાઈ વિપ્રનારી ખરા, પટલાણી માનબાઈ વરા ॥
હેતબા આદિ કણબી ઘણાં, જેને હેતે નહિ કાંઈ મણાં ॥૬॥

ગંગાબાઈ કોળીકુળમાંય, બીજી બાયું ઘણી લોયામાંય ॥
કરે શાંતિબા વાતું અપાર, સુણે સતસંગી સહુ નાર ॥૭॥

મોડી સંસારથી નિજમન, રમે હરિમૂરતે મગન ॥
દેહ-ગેહમાં ન રહ્યું ચિત્ત, લાગી પ્રભુપદે દ્રઢ પ્રીત ॥૮॥

એવે સમે પધાર્યા જીવન, સંગે લાવ્યા ઘણાં મુનિજન ॥
જામ્યો જામ્યો દિવ્યાનંદ રંગ, તિયા એક દને પડ્યો ભંગ ॥૯॥

હશે સેવકની ચૂંક કાંય, નાથે માંડી માનુષી લીલાય ॥
ખૂબ ખીજીને રીસાયા લાલ, સાંજે ચાલિયા તેજીલી ચાલ ॥૧૦॥

જાણી બાઈયુંએ એહ વાત, લીધી તુર્ત દ્રઢ ટેક તાત ॥
જોયા વિના તે કંજલોચન, નવ લેવું જળ કે ભોજન ॥૧૧॥

થઈ શોકમાંહિ ગરકાવ, રુવે સંભારી સંભારી માવ ॥
જેમ ટીટોડી કકળે અતિ, એવી નારીયુંની થઈ ગતિ ॥૧૨॥

જળ વિના તરફડે મીન, વળી પંખીણી જયું પાંખવિણ ॥
એમ લોયાતણી સહુ નાર, પ્રભુ વિના પીડાયે અપાર ॥૧૩॥

ભૂલી નિજતનતણું ભાન, મેલી લોકલજ્જા તે નિદાન ॥
હાય હાય કહી નાખે ચીસ, કૂટે લમણાં પટકે શીશ ॥૧૪॥

નાથે દીધેલાં સુખ સંભારે, કોસે વિધાતાને અતિ ભારે ॥
માંહોમાંહિ બોલે એમ મુખ, ક્યારે પામીશું પરમસુખ ? ॥૧૫॥

મણિ વિના ફણી તે પીડાય, છતી આંખ્યે આંધળો કે'વાય ॥
વળી લોભીતણું જાય ધન, વણમોતે મોત એહ દન ॥૧૬॥

એમ આપણે ધર્મકુમાર, નાડી-પ્રાણતણો તે આધાર ॥
એહ વિનાનું આ જીવતર, મૃત્યુથકી દિસે ભયંકર ॥૧૭॥

જળવાસી જેમ જવાળામાંય, એમ આપણે હરિ વિનાય ॥
બાઈ ! કોઈ તો જુવો શુકન, ક્યારે આવશે પ્રાણજીવન ? ॥૧૮॥

જ્યારે ઈયા રે'તા અલબેલ, રેલાવતાં રંગડાની રેલ ॥
તે'દિ માહાત્મ્ય ન જાણ્યું લેશ, હવે ક્યાંથી મળે પરમેશ ? ॥૧૯॥

અહો ! પ્રભુજીએ હિતકાજ, મેલ્યો ધામનો સુખસમાજ ॥
ધર્યું નશ્વર માનુષી તન, માન-મોટપ મૂકીને મન ॥૨૦॥

એતો સમજ્યા ન કાંઈ રતિ, એવા કેવા છૈયે મૂઢમતિ ! ॥
આપણે નિજ ઈચ્છા પ્રમાણ, વરતાવિયા શ્યામ સુજાણ ॥૨૧॥

પામે મિરાંથ મૂરખ કોઈ, ચિંતામણિ કે પારસ સોઈ ॥
એને સમજે શિલાસમાન, એવા આપણે જીવ નાદાન ॥૨૨॥

ગ્રામલોકની જાડેરી મતિ, એમાં જાત આપણે જુવતી ॥
રુચિ જાણીએ નહિ જો રતિ, સંગે કેમ રહે પ્રાણપતિ ? ॥૨૩॥

કિંયા કાચ ને કિંયા કંચન, કિંયા પાષાણ કિંયા રતન ॥
એનો કેમે ન બને સંગાથ, એમ આપણે ને પ્રાણનાથ ॥૨૪॥

બોલે એમ લોયાતણી નાર, કરે કાળો કલ્પાંત અપાર ॥
હૃદે સંભારતાં અવિનાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે લોયામાં હરિવિયોગે બાઈયોએ કલ્પાંત કર્યો એ નામે એકસો ને એકતાલીસમું પ્રકરણમ્ ॥૧૪૧॥

પ્રકરણ : ૧૪૨

પૂર્વછાયો :

લોયાતણી સહું નારીએ, જાતા વેગળા પ્રાણજીવન ॥
વિરહે તજી ખાન-પાનને, કરે આકંદ સોતા રુદન ॥૧॥

અબળાના આંસુથકી, પલળ્યા મુનિજનના મન ॥
કહે ઉપાય કાંઈ કરીએ, ગોતી લાવીએ જગજીવન ॥૨॥

બ્રહ્મમુનિ તૈયાર થિયા, સંગે સ્વયંપ્રકાશાનંદ ॥
વીસેક સાધુ લઈ બીજા, ચાલ્યા તેડવા આનંદકંદ ॥૩॥

ચોપાઈ :

લઈ વીસ સંત હુંશિયાર, બ્રહ્મમુનિ થયા સરદાર ॥
પછી ભાગે કોઈ ગુનેગાર, એની વાંસે ચડે જેમ વાર ॥૪॥

એમ ચાલિયા મુનિઓ સહુ, પગેરે પગેરે શીઘ્ર બહુ ॥
આવ્યા લીમલીના ચોરામાંય, તિંયા બેઠા સહુ મુનિરાય ॥૫॥

હવે સુણજયો નાથની વાત, ઈંયા પધાર્યા'તા મધરાત ॥
દીઠો કૂબો તિંયા ઝાંપામાંય, રે'તો સગ્રામ ભગત ત્યાંય ॥૬॥

તેને જગાડીને કહે શ્યામ, મારે રાત સુવું તુજધામ ॥
રાજી હુવો સુણી હરિવાણ, મુક્તમુનિનો શિષ્ય સુજાણ ॥૭॥

એતો સાંખ્યજોગી વ્રતમાન, પાળતો પૂરા પ્રેમે નિદાન ॥
રહે જુદા-જુદા કૂબામાંય, પતિ-પત્ની સંયમે સદાય ॥૮॥

પાથરી કાંબળી નિજગેહ, પોઢ્યા પ્રભુ તિંયા ધરી નેહ ॥
કહ્યું સગ્રામને એમ વળી, કે'જે મુળજી શેઠને મળી ॥૯॥

છાના રહેવું ઈંયા અમારે, બીજા કેને કેશો મા લગારે ॥
પછી સગ્રામે શેઠને ઘેર, જઈ જગાડી કીધું સુપેર ॥૧૦॥

મારે કૂબે હાથી બાંધ્યો ભાઈ, જોવા આવો બોલ્યા વિના કાંઈ ॥
શેઠ સમજી થયા તૈયાર, ચાલ્યા ઉતાવળે એહ વાર ॥૧૧॥

વચ્ચે ચોરામાંહિ દીઠા સંત, કીધા પ્રણામ સુબુદ્ધિમંત ॥
વળી પૂછ્યા સહુ સમાચાર, કહ્યું મુનિએ વિગતવાર ॥૧૨॥

શેઠ ! તારો મુને વિશવાસ, કે'જે કિંયા રાજે અવિનાશ ॥
પછી શેઠ કહે મારે ઘેર, નથી પધાર્યા પ્રભુ સુપેર ॥૧૩॥

હુંતો ગામમાં જાઉં છું હાલ, આંહિ બેસજ્યો મુનિ મરાલ ॥
પછી શેઠ આવ્યા પ્રભુપાસ, કરી વિગત્યે વાત પ્રકાશ ॥૧૪॥

સુણી બોલિયા શ્રીમહારાજ, છતું થાવું જો'શે મારે આજ ॥
સંત તેડી લાવ્ય તારે ઘેર, અમે જૈયે તિંયા શુભપેર ॥૧૫॥

પછી શેઠ સંત ને જીવન, મળ્યા મુળજીતણે ભુવન ॥
પૂછ્યું પ્રભુએ શેઠને એમ, જમ્યાની મળે જણસ કેમ ? ॥૧૬॥

શેઠે દીધા તલ-ગોળ ત્યારે, નાથે જમાડ્યા સંત તે વારે ॥
પછી ઉદિયા સૂરજરાય, શેઠે રસોયું મંડાવી ત્યાંય ॥૧૭॥

ગામમાંથી ચાર-પાંચ વળી, આવી મંડાણી રસોયું મળી ॥
જામ્યો જામ્યો ઉત્સવનો રંગ, ત્યાંતો પડ્યો અચાનક ભંગ ॥૧૮॥

તિંયા હજૂરી સેવક એક, નાજો જોગિયો નામ વિશેક ॥
આવી ઉચ્ચરિયો એમ ત્યાંય, આવું ન ઘટે હે હરિરાય ! ॥૧૯॥

ઈંયા સુખે જમો તમે થાળ, કાંઈ નિજજનની લિયો ભાળ ॥
લોયે રુવે સહુ જન અતિ, થઈ મૃતવત દેહગતિ ॥૨૦॥

તજ્યા બાઈયુંએ અન્ન-જળ, હવે નહિ જીવે ઝાઝી પળ ॥
જોયા વિના મુખ તમતણું, એને અંતરે સુખ ન અણું ॥૨૧॥

હવે નાથ ન લગાડો વાર, લોયે પધારો પ્રાણઆધાર ॥
જોઈ નિજસેવકની તાણ, ચાલ્યા જમીને જીવનપ્રાણ ॥૨૨॥

આવ્યા લોયે મહાપ્રભુરાય, ત્યારે શોક ટળ્યો લેશ કાંય ॥
આવે મૃતદેહે જેમ પ્રાણ, એમ થયું સમજો સુજાણ ॥૨૩॥

પાય લાગ્યા લળી લળી અતિ, ઘણી ઘણી ઉચ્ચારી વિનતિ ॥
ત્યારે નાથ કહે નહિ જૈયે, રે'શું તમસંગે સાચું કૈયે ॥૨૪॥

નેહે નીરખી મુખકમળ, લીધા બાઈયુંએ અન્ન-જળ ॥
પછી સહુમને થઈ હાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે લોયાના બાઈયોના પ્રેમે પ્રભુ પાછા આવ્યા એ નામે એકસો ને બેતાલીસમું પ્રકરણમ્ ॥૧૪૨॥

પ્રકરણ : ૧૪૩

પૂર્વછાયો :

પ્રેમને વશ પાતળિયો, એમ કહે શાસ્ત્રો ને સંત ॥
જાતિ વરણ ને રૂપે ન રીઝે, હરિ મહાબળવંત ॥૧॥

છપ્પન ભોગ ભાવે નહિ, જો નવ દિસે તિંયા ભાવ ॥
ભાવભીના તાંદુલ ખાવે, એવા મનોહર માવ ॥૨॥

લોયાવાસીના પ્રેમની, હવે કથા સુણાવું નિદાન ॥
પ્રેમસહિત સાંભળજ્યો, સહુ જન થઈ સાવધાન ॥૩॥

ચોપાઈ :

સંઘો પટેલ કણબીમાંય, અતિ હેતે ભજે હરિરાય ॥
એના પત્ની માનબાઈ જાણો, પ્રેમ પૂતળી નક્કી પ્રમાણો ॥૪॥

એક સમે સ્મરતાં દયાળ, રૂડી રાંધી અડદની દાળ ॥
ફોતરાળી કાળી દાળ સંગે, ઘડ્યા રોટલા ઘણા ઉમંગે ॥૫॥

એમાં એક ફૂલ્યો શું અપાર, ત્યારે અંતરે કર્યો વિચાર ॥
આતો નાથને જમવા જેવો, ભારે ફૂલાણો રોટલો એવો ॥૬॥

નથી અંતરજામીથી કાંય, વાત અજાણી જોને જરાય ॥
મરમાળો તે મનની જાણે, પ્રેમદોરી પ્રભુજીને તાણે ॥૭॥

વસે ચરણ સમીપે જેહ, પણ નથી નાથ સાથે નેહ ॥
એને જાણે જીવનજી દૂર, ભલે હોય હંમેશ હજૂર ॥૮॥

હોય હજાર ગાઉંને માથે, પણ હેત બાંધ્યું હરિસાથે ॥
એને સમીપે સદાયે શ્યામ, સંભારી વરતે આઠું જામ ॥૯॥

રમે નાગડકા હરિવર, જાણ્યું માનબાઈનું અંતર ॥
તુર્ત અશ્વે થઈ અસવાર, આવ્યા સંઘા પટેલને દ્વાર ॥૧૦॥

માનબાઈને કહે દયાળ, લાવો પીરસો અમોને થાળ ॥
ભૂખ લાગી ઘણી આણીવાર, આપો ઉતાવળેથી તૈયાર ॥૧૧॥

સુણી માનબાયે જોડ્યા હાથ, થોડીવાર ખમો મારા નાથ ॥
શીરો રાંધી આપું પળમાંય, ત્યારે હઠે ચડ્યા હરિરાય ॥૧૨॥

ઘડ્યો ઘાટ જે ફૂલવા ટાણે, લીધો રોટલો એહ પરાણે ॥
લીધી કાળી ફોતરાળી દાળ, લાગ્યા જમવા પ્રેમે દયાળ ॥૧૩॥

ત્યારે માનબાયે જોડ્યા હાથ, ખારું મોળું કહેજ્યો મારા નાથ ! ॥
અમ ખેડુંનું રાંધણ એવું, નોય કે'દિ વખાણવા જેવું ॥૧૪॥

બોલ્યા માવજી મરમે વાણી, જીંયા ચાખી લીધા લુણપાણી ॥
એમાં ખામી ન રહે જરાઈ, સુણી શરમાણા માનબાઈ ॥૧૫॥

પછી જમીને જગદાધાર, આવ્યા નાગડકે નિરધાર ॥
વસી થોડા દન તિંયા શ્યામ, પ્રેમે પધાર્યા ગઢડે ગામ ॥૧૬॥

તિંયા જીવુબાએ ધર્યો થાળ, બોલ્યા થાળ જમતાં દયાળ ॥
લોયે જમાડ્યા જે માનબાયે, આમાં સ્વાદ તે નથી જરાયે ॥૧૭॥

બીજે દન થઈ સાવધાન, જીવુબાએ કર્યા પકવાન ॥
વળી વ્યંજન અતિ રસાળ, એવો ધર્યો પ્રભુજીને થાળ ॥૧૮॥

જમી બોલિયા શ્રીઅલબેલ, નથી લોયા જેવો આ થયેલ ॥
સુણી જીવુબા મુંઝાયા મને, કીધી તે વાત લાડુબા કને ॥૧૯॥

એણે શું ખવરાવ્યું છે બાઈ, નથી રુચતું આપણું કાંઈ ॥
અતિ ખાંતે હું રાંધુ રસોય, તોયે કહે લોયા જેવું નોય ॥૨૦॥

પછી સાથી મેલ્યો લોયાધામ, તેડ્યા પટલાણી આણે ઠામ ॥
એને જીવુબાએ પૂછી વાત, તારો થાળ વખાણે છે તાત ॥૨૧॥

હાથ જોડી કહે માનબાઈ, એવું નો'તું જો થાળમાં કાંઈ ॥
તમજેવું જાણું નહિ લેશ, કેમ રીઝવું શ્રીપરમેશ ? ॥૨૨॥

સુણી જીવુબા બોલિયા એમ, નાથ વખાણે તો તુંને કેમ ? ॥
એવો કરે સંવાદ તે દોય, તિંયા પ્રભુજી પધાર્યા સોય ॥૨૩॥

કહે નાથ સુણો તમે સહુ, ભાવે પ્રેમભાવ મુને બહુ ॥
ભલે હોય રસોઈ રસાળ, પ્રેમ વિના તે લાગે રેતાળ ॥૨૪॥

નિજઅંતરનો અભિપ્રાય, અતિ હેતે કહ્યો હરિરાય ॥
સુણી મટ્યો જનમનત્રાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે માનબાઈનો થાળ જમ્યા એ નામે એકસો ને તેતાલીસમું પ્રકરણમ્ ॥૧૪૩॥

પ્રકરણ : ૧૪૪

પૂર્વછાયો :

શુભમતિ સહુ સાંભળો, કહું ચરિત્ર મહાસુખદેણ ॥
ભૂધર ભથવારી થયા, રસિયોજી રાજીવનેણ ॥૧॥

લોયા-નાગકડા ગામમાં, થઈ સતસંગી બહુ નાર ॥
શાંતિબાની વાતું સુણી, વધ્યું હરિમાં હેત અપાર ॥૨॥

એહમાંહિ એક નારીનું, કહું સુંદર એક ચરિત્ર ॥
સાંભળતાં સુખ પામશો, વળી થાશે અંતર પવિત્ર ॥૩॥

ચોપાઈ :

લોયામાં એક નમણી નાર, નામ હેતબા ગુણભંડાર ॥
સુણે શાંતિબાની વાતું ઘણી, પ્રગટ હરિ વળી સંતતણી ॥૪॥

લાગી સત્સંગમાં દ્રઢ પ્રીત, શીખ્યા નિયમ-નિશ્ચય રીત ॥
કીધો પાળ્યાનો આદર જયાંય, વિફર્યો બાઈનો પતિ ત્યાંય ॥૫॥

સાંગો પટેલ એહનું નામ, જાણે આસુરી ગુણોનું ધામ ॥
હેતબાઈ હેતે ભજે હરિ, એતો સાંગાને ન ગમે જરી ॥૬॥

બાઈ પૂજા-પાઠ કરે જયારે, બોલે ભૂંડી ગાળ્યો એતો ત્યારે ॥
કરે વારે-વારે અપમાન, સહુ સહે હેતબા નિદાન ॥૭॥

કે'દિ સેવાકાજે દરબાર, જાય બાઈ જો ઘડી લગાર ॥
તે'દિ ઢોરમાર મારે પતિ, જેને હૃદે નહિ દયા રતિ ॥૮॥

અતિ કુમતિ બોલે તેવાર, હરિ-સંતને ગાળ્યો અપાર ॥
એતો સહ્યું ન જાય લગાર, પણ શું કરે લાચાર નાર ? ॥૯॥

જયારે અતિ થાકે હેતબાઈ, કહે શાંતિબા પાસળે ધાઈ ॥
ઠાલવે નિજઅંતર વ્યથા, જેની કહી ન શકાય કથા ॥૧૦॥

એમ વીત્યા થોડા-ઘણાં દન, લોયે પધાર્યા પ્રાણજીવન ॥
જાણ્યા હેતબાએ સમાચાર, દોડી દોડી ગયા દરબાર ॥૧૧॥

ખોળો પાથરી કીધા પ્રણામ, પછી ઉચ્ચર્યા વેણ તે આમ ॥
તમે કરુણાસિંધુ કૃપાળ, અબળાતણી લ્યોને સંભાળ ॥૧૨॥

દિયે દા'ડી દા'ડી બહુ દુઃખ, મારો પતિ છે નર વિમુખ ॥
એને સત્સંગી કરો હે શ્યામ ! કાંતો મુને તેડો નિજધામ ॥૧૩॥

પૂર્વજન્મના પાપે મા'રાજ, પાપી પતિ મળ્યો મુને આજ ॥
એથી મુકાવો મુને હે નાથ ! કાંતો મે'ર કરો એને માથ ॥૧૪॥

સુણી પીડા બાઈતણી શ્યામ, મીઠે વેણે બોલ્યા સુખધામ ॥
અમે આવીશું થોડેરે દન, ત્યારે એને કરીશું પાવન ॥૧૫॥

સુણી મોહનમુખની વાણી, હેતબાઈ થયા પાણી પાણી ॥
પછી સંચર્યા સુંદરશ્યામ, હેતબાઈ લાગ્યા ઘરકામ ॥૧૬॥

નિત્ય જુવે તે અબળા વાટ, કે'દિ ટાળશે હરિ ઉચાટ ॥
જાય જુગ જુગ જેવી પળ, ક્યારે આવે નાથ નિરમળ ॥૧૭॥

એક દન ભાતું લઈ બાઈ, જાતાં ખેતર મારગમાંઈ ॥
દીઠાં આવતાં નાથ દયાળ, બાઈ સ્થિર થયા એહ કાળ ॥૧૮॥

કાંઈ વિચારી ન શકી લેશ, ત્યાં તો સમીપે આવિયા ઈશ ॥
કહે ભૂખ લાગી મુને કાંઈ, ખાવા જણસ ઘો હેતબાઈ ॥૧૯॥

સુણી નાથના હેતાળા વેણ, બાઈ કહે ચાલો સુખદેણ ॥
આતો ભાતું અમારું કે'વાય, કેમ આવું તમોને દેવાય ? ॥૨૦॥

પ્રાણજીવન પધારો ઘેર, શીરોપુરી જમાડું સુપેર ॥
પછી બાઈ સંગે હરિરાય, આવ્યા ઘેર્ય પળવારમાંય ॥૨૧॥

બેઠા ઢોલિયે નાથ દયાળ, માંડ્યો બાઈએ થાળ રસાળ ॥
થોડીવારે બોલ્યા મહારાજ, જૈયે ભાતું દેવા અમે આજ ॥૨૨॥

રાંધો થાળ મુજ સારું તમે, અમે બેસી રૈયે તે ન ગમે ॥
અમે જાઈશું ખેતરે આજ, સાંગાતણું સુધારવા કાજ ॥૨૩॥

ત્યારે હેતબાએ વાર્યા ઘણું, પણ હઠીલો ન માન્યા અણું ॥
નિજભક્તકાજ સુખકારી, આજ હરિ બન્યા ભથવારી ॥૨૪॥

ભાતું મેલી નિજપાઘમાથ, ચાલ્યા ઈશાન કોણે તે નાથ ॥
હૈયે ધરી અતિશે હુલ્લાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે શ્રીહરિ ભથવારી બન્યા એ નામે એકસો ને ચુંમાલીસમું પ્રકરણમ્ ॥૧૪૪॥

પ્રકરણ : ૧૪૫

પૂર્વછાયો :

નવ ગણી નિજપાઘને, નવ ગણ્યો તાપ કઠોર ॥
ખેતર મારગે ચાલિયા, અલબેલો ધર્મકિશોર ॥૧॥

સોહે શ્વેદબિંદુ ઘણાં, જાણે મુખે મોતિયુંની હાર ॥
નાસાટેરવે ભાલનું કુંકુમ, રેલી રહ્યું એકતાર ॥૨॥

જરિયાળા શુભ વસ્ત્રને, સેવે સૂરજ સહસ્ર કિરણ ॥
તેણે ઝગમગે તેજમાં, મારો વા'લો સ્વામિનારાયણ ॥૩॥

ચોપાઈ :

ઈયા સાંગો ઘાંઘો થયો અતિ, ભૂખે વિફર્યો બહુ કુમતિ ॥
નેજા માંડીને દેખે મારગ, બડબડે ને પછાડે પગ ॥૪॥

કહે નથી આવી હજુ કેમ, આજ રાખું નહિ લેશ રે'મ ॥
ભૂખ પે'લા ભાંગુ એની કેડ્ય, પછી કરું ભારે વઢવેડ્ય ॥૫॥

એમ બબડતાં એહ ક્ષણ, દીઠો રૂપતણો મેરામણ ॥
તેજ તેજ તેજના અંબાર, મધ્યે મૂરતિ સુખભંડાર ॥૬॥

કાંઈ વિચારે તે ચિત્તમાંય, તિયા પહોંચ્યા શ્રીહરિરાય ॥
દેખી નાથને રોષ સકળ, એનો ઓસરી ગયો તે પળ ॥૭॥

મંદ મંદ હસી અલબેલ, પૂછ્યું તમે કે સાંગા પટેલ ? ॥
સાંગો હા ભણીને બોલ્યો એમ, તમે સ્વામિનારાયણ કેમ ? ॥૮॥

ત્યારે નાથે આપી ઓળખાણ, ખરા ઓળખ્યા તમે સુજાણ ॥
બોલ્યો વળતો પટેલ એમ, આંહિ આવ્યા આજ તમે કેમ ? ॥૯॥

મીઠે વેણે બોલ્યા હરિરાય, સુણો સુણો સ્નેહે સાંગાભાય ॥
જોવા કૂવા વાડી ને તમને, એવી ઈચ્છા ઉપજી અમને ॥૧૦॥

માટે ભાતું લઈ તમકાજ, આંહિ ચાલી આવ્યા અમે આજ ॥
તમે ભૂખ્યા થયા હશો અતિ, મેલો બીજી વાતુંને પડતી ॥૧૧॥

પેલા જમી લિયોને પટેલ, એમ કહીને પીરસ્યું છેલ ॥
જમાડતાં જમાડતાં નાથ, વાતે વળગ્યા સાંગા સંગાથ ॥૧૨॥

કાંઈ પૂછે વળી કહે કાંઈ, એમ ચિત્ત હરે લીલામાંઈ ॥
જળે પલળે અગનિ જેમ, સાંગો ભીંજાયો હેતમાં એમ ॥૧૩॥

ભાવે જમાડી એને ભૂધર, કોશ ચલાવીયો હરિવર ॥
પળવારમાં એહ ખેતર, થયું જળમાં તરબતર ॥૧૪॥

સાંગો જોઈ રહ્યો હાથવગ્ય, આવો દીઠો નથી આજલગ્ય ॥
પછી ઓરણીયે ગયા નાથ, દાણા ઓરે તે સાંગા સંગાથ ॥૧૫॥

વાતે વળગીયા અલબેલ, વેરભાવ ભૂલ્યો તે પટેલ ॥
જેમ બાળસંગાથીયા હોય, એમ મોજું માણે એહ દોય ॥૧૬॥

તરકીબું ખેતીતણી કહે, માવો સાંગાતણું મન ગ્રહે ॥
તિયા સાંગાને સાંભર્યું કાંઈ, પૂછ્યું તેણે ધરી અધીરાઈ ॥૧૭॥

કહો જમ્યા ક્યારે તમે આજ ? એતો ભૂલ્યો હું પૂછવું કાજ ॥
ત્યારે માંડી કહે અલબેલ, સુણી આભો બન્યો તે પટેલ ॥૧૮॥

કર જોરી નીર ધરી નેણ, કહે ક્ષમા કરો સુખદેણ ॥
ભૂખ્યા તમ પાસે મહારાજ, ઘણું ઘણું મેં કરાવ્યું કાજ ॥૧૯॥

ત્યારે નાથ કહે હજી એક, શેષ રહ્યું તે ધરો વિવેક ॥
પછી રાજી થઈને પટેલ, થયો દાસ તે નિ'મ ધરેલ ॥૨૦॥

ગાડે બેસાડીને હરિવર, હાંક્યા બળદ તે નિજઘર ॥
વળી સ્વામીસેવકની રીત, વાતું કરે મારગે ખચિત ॥૨૧॥

ઘણીવારે ન આવ્યા દયાળ, તેણે હેતબાને પડી ફાળ ॥
બીજા જનને પ્રકાશી વાત, સહુ મળી ચાલ્યા જોવા તાત ॥૨૨॥

ત્યાંતો દીઠાં આવતાં પાવન, સાંગા સંગાથે પ્રાણજીવન ॥
જોઈ અકળલીલા સકળ, રાજી રાજી થયા એહ પળ ॥૨૩॥

પછી આવ્યા લોયાધામમાંઈ, સાંગાતણે ઘેરે સુખદાઈ ॥
અતિ હેતે જમ્યા મારા માવ, પૂર્યા હેતબાના પ્રેમભાવ ॥૨૪॥

પછી વાતો કીધી શુભપેર, આણી મને મહામોટી મે'ર ॥
કર્યા કૃતારથ નિજદાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે સાંગા પટેલને સત્સંગી કર્યા એ નામે એકસો ને પિસ્તાલીસમું પ્રકરણમ્ ॥૧૪૫॥

પ્રકરણ : ૧૪૬

પૂર્વછાયો :

સુરાખાચર દરબારમાં, વા'લો પધારે વારમવાર ॥
મહાપ્રેમી પરિવારને, સુખડાં લૂટાંવે અપાર ॥૧॥

ભક્ત દેખી ભૂલે ખરું, ભગવાનપણું ભગવાન ॥
ભક્તાધીન વરતે હરિ, એ અનાદિ રીત નિદાન ॥૨॥

ચિંતવ્યા જેવી ચિત્ત શું, કહું શાંતિબાની કથાય ॥
સ્નેહ સહિત સાંભળજ્યો, થાશો પાવન તે પળમાંય ॥૩॥

ચોપાઈ :

એક સમે હેતે હરિરાય, આવ્યા નાગડકે સુખદાય ॥
ઉતર્યા સુરાને દરબાર, દેવા આનંદ અપરંપાર ॥૪॥

નાથ કરે લીલા નિત નિત, અવનવી પરમ પુનિત ॥
તેણે તાણે ચિત્તવૃત્તિ અતિ, મહામોહમયી તે મૂરતિ ॥૫॥

એક સાંજે શ્રીપૂરણકામ, પોઢ્યા ઓસરીએ સુખધામ ॥
વીતી નિશા પ્રગટ્યું પ્રભાત, શાંતિબાયે ધરી મન ખાંત ॥૬॥

થયા મહી વલોવા તૈયાર, આવ્યા ઓસરીએ નિરધાર ॥
માંડ્યું વલોણું નેતરા સાથ, પણ મળ્યો ન એકે સંગાથ ॥૭॥

દાસી ગઈ'તી ભરવા પાણી, તેની વાટ્યું જુવે ઠકરાણી ॥
આજ દાસીએ લગાડી વાર, તિંયા જાગિયા જગદાધાર ॥૮॥

જોઈ શાંતિબાને હરિરાય, પૂછ્યું કેમ ઉભા તમે ત્યાંય ? ॥
ત્યારે બાઈ બોલ્યા ધરી પ્રેમ, થાય એકલાં વલોણું કેમ ? ॥૯॥

ગઈ પાણીડાં ભરવા દાસી, માટે આમ ઊભી સુખરાશી ! ॥
સુણી હરિને આવીયું હેત, ઉચ્ચર્યા તે ઉત્સાહ સમેત ॥૧૦॥

તમે કહો તો આવીએ અમે, મહી વલોવીએ આણે સમે ॥
સુણી બાઈ કહે અવિનાશી ! તમે પૂર્વતણાં છો અભ્યાસી ॥૧૧॥

એવું સુણીને મહાદયાળ, શય્યા તજી આવ્યા તતકાળ ॥
લીધા નેતરાં કોમળ હાથે, લાગ્યા વલોવા બાઈ સંગાથે ॥૧૨॥

કોટિ કોટિ ભુવનના ઈશ, મેલી ઈશપણું જગદીશ ॥
મહી વલોવે અતિ ઉમંગે, ગાવે ઘરર ઘરર સંગે ॥૧૩॥

બાઈ મીટે શું પીવે મૂરતિ, મહાસુખમય તે સૂરતિ ॥
માને ધન્યભાગ્ય નિજતણાં, મારે વા'લે સુખ દીધાં ઘણાં ॥૧૪॥

ઇતિહાસે નોંધાણી તે પળ, વળી પ્રેમ એનો નિરમળ ॥
બાઈ ભૂલ્યા સૂધ મહીતણી, આવ્યું માખણ ઉપરભણી ॥૧૫॥

ત્યારે નાથ કહે શાંતિબાઈ ! હવે મહી ગયું છે મથાઈ ॥
પછી નેતરાં મેલીને નાથ, કીધું નિત્યકર્મ સુખપાથ ॥૧૬॥

આવી બેઠાં ઓસરીએ જ્યાંય, લાવ્યા શાંતિબા તાંસળી ત્યાંય ॥
તાજું માખણ મીસરી સાથ, આપી કહે જમો કૃપાનાથ ! ॥૧૭॥

પછી નાથ જમ્યા શુભપેર, વા'લે વખાણ્યું તે વેરવેર ॥
જોયા રાજીપે રાજીવનેણ, બોલ્યા શાંતિબા વિનયવેણ ॥૧૮॥

મારે નિત્ય પૂજવા ચરણ, પાડી આપો હે સુખકરણ ॥
કહો તો લાવું રંગ ઉમંગે, આપો છાપ મુને ઉછરંગે ॥૧૯॥

ત્યારે નાથ કહે ઘણું સારું, એમાં રાજી છૈયે અમે વારું ॥
લાવો રજાઈ આપીએ છાપ, જેણે ટળે તાપ ને સંતાપ ॥૨૦॥

સુણી રાજી થયા શાંતિબાઈ, લાવ્યા રંગ તે ઉમંગમાંઈ ॥
વળી પાથરી રૂડી રજાઈ, પછી તેડ્યા મહાસુખદાઈ ॥૨૧॥

બોળી રંગમાં ચરણ શ્યામ, ચાલ્યા રજાઈએ સુખધામ ॥
છાપ્યા ચરણ ચાલીશ જોડ, પૂર્યા શાંતિબાઈ તણાં કોડ ॥૨૨॥

ધન્ય ધન્ય ધન્ય શાંતિબાઈ, એનો નિર્મળ પ્રેમ સદાઈ ॥
પ્રેમવશ નાથ ઘણીવાર, આવી લીલા કીધી એને દ્વાર ॥૨૩॥

લોયા વળી નાગડકામાંય, વણનોતરે શ્રીહરિરાય ॥
આવે સંત હરિજન સાથ, રમે રંગભીનો રંગનાથ ॥૨૪॥

અતિ અઢળ ઢળિયા આજ, દેવા સુખડાં શ્રીમહારાજ ॥
અલૌકિક તે લીલાવિલાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઇતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે શાંતિબા સાથે વલોણું કર્યુ એ નામે એકસો ને છેતાલીસમું પ્રકરણમ્ ॥૧૪૬॥

પ્રકરણ : ૧૪૭

પૂર્વછાયો :

વા'લા ઘણાં વાલમને, કહું લોયાવાસી હરિજન ॥
સુરો ભક્તને શાંતિબાઈ, નાથો ને વલુ પાવન ॥૧॥

એવા સહુજન કારણે, લે'રી આવે લોયામાંય ॥
હળીમળી રહે હેત શું, કરે વાલપ્ય શ્રીહરિરાય ॥૨॥

દેહ ને દેહના સંબંધીએ, જેમ વર્તે સઘળો સંસાર ॥
લોયાવાસી એમ રાચતાં, નાથસંગાથે નિરધાર ॥૩॥

ચોપાઈ :

સુરા ખાચરને સુતા ત્રણ, એમાં વલુની શું સમજણ ॥
નાની વય ને ઊંચી નજર, જાણે અવતર્યા મુક્ત અક્ષર ॥૪॥

ખરી પ્રગટ પ્રભુમાં પ્રીત, રાખે સત્સંગની રૂડી રીત ॥
જોઈ સંતતણા વ્રતમાન, એને અનુસરે તે નિદાન ॥૫॥

નથી જક્તબાળ જેવા ખેલ, ભાવે ભજે એ સુંદરછેલ ॥
કિંયા બાળપણાની રમત્ય, કિંયા વલુબાની જુવો ગત્ય ॥૬॥

હવે સાંભળજયો કહું વાત, વલુબાઈ તણી જે વિખ્યાત ॥
એક સમે મરમાળો છેલ, ઓરડામાં એકાંતે બેઠેલ ॥૭॥

સંગે સુરો ભક્ત શાંતિબાઈ, મળી વાતું કરે સુખદાઈ ॥
તિંયા સુણ્યું નારાયણ હરે ! સચ્ચિદાનંદ પ્રભો ! ઊંચે સ્વરે ॥૮॥

ત્યારે નાથ કહે જાઓ દાસ, આવ્યા સંત ભિક્ષાતણી આશ ॥
સુણી બોલિયા સુરો ખાચર, એતો વલુ હશે હરિવર ! ॥૯॥

પછી આવ્યા ઓસરીએ નાથ, પૂછ્યું વલુને પ્રેમસંગાથ ॥
વલુ ! તું આવું બોલે છે કેમ ? વલુ કહે મારે આવી નેમ ॥૧૦॥

જયારે ભૂખી થાઉં મહારાજ, આમ ઉચ્ચરું જમવા કાજ ॥
સુણી માવ હસ્યા મંદ મંદ, ગયા કોઠલાએ સુખકંદ ॥૧૧॥

લીધા દહીં ને રોટલો દોય, વલુને જમાડ્યા પોતે સોઈ ॥
અહો ! ભાગ્યશાળી કેવી એહ ! હરિહાથે પામી લાડ તેહ ॥૧૨॥

જગે શોધી જુવો એવા બાળ, જેને બોલાવે નાથ દયાળ ॥
વળી સુણો બીજી એક વાત, કોઈ સમે હરિ જગતાત ॥૧૩॥

બિરાજે તે દરબારમાંય, કહ્યું સુરા ખાચરને ત્યાંય ॥
ચાલો, ભૂતી તળાવે હે રાય ! તિંયા બાવળની સારી છાંય ॥૧૪॥

પછી નૃપ પાળા હરિજન, એહ સંગાથે પ્રાણજીવન ॥
આવ્યા ભૂતી તળાવને તીર, બેઠા બાવળ છાંયે સુધીર ॥૧૫॥

ત્યારે બાળા બાર વર્ષતણી, બોલી નિજ સાહેલીઓ ભણી ॥
પ્રભુજી બેઠા તળાવતીર, ચાલો તિંયા આપણે અચિર ॥૧૬॥

પછી જળપાત્ર ભરી તેહ, બાળાસંઘ ચાલ્યો ધરી નેહ ॥
જાય ચંચળ ગતિએ સહુ, જળ પાવા હૈયે હોંશ બહુ ॥૧૭॥

ઈંયા વાતું કરે ભગવાન, તિંયા આવતાં દીઠાં મે'માન ॥
પૂછ્યું સુરા ખાચરને નાથ, કોણ દિસે આ સંઘસંગાથ ? ॥૧૮॥

સુરો કહે એ તો વલુબાઈ, સુણી હરિ હસ્યા મુસકાઈ ॥
કહે વલુના મોટા મંડળ, ત્યાં તો નિકટે આવ્યા તે પળ ॥૧૯॥

ત્યારે નાથ કહે આવ્યા કેમ ? બોલી વલુબાઈ ધરી પ્રેમ ॥
પ્રભુજી ! લાવી શીતળ જળ,પીયો નાથ નીર નિરમળ ॥૨૦॥

સુણી બોલિયા શ્રીમહારાજ, પે'લા દેદો કૂટો તમે આજ ॥
પછી પીશું તે જળ અમળ, ત્યારે બાળકીયું તણું દળ ॥૨૧॥

લાગી દેદો કૂટવા તરત, જોઈ રાજી થયા સમરથ ॥
દેદો કૂટે ને કીર્તન ગાય, સુણી હરિ હૈયે હરખાય ॥૨૨॥

પછી હેતે બોલ્યા હરિવર, કંઠ વલુનો બહુ સુંદર ॥
એતો જીવશે શત વરસ, રે'શે ત્યાં લગી કંઠ સરસ ॥૨૩॥

આવા ને આવા ગાશે કીર્તન, થાશે સુણતાં જન પાવન ॥
બહુ તરશે ભવસાગર, એવો વર દીધો હરિવર ॥૨૪॥

પછી જળ પીધું સુખધામ, કરી વાતું દેદાતણી શ્યામ ॥
હવે વરતણો ઈતિહાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે શ્રીહરિએ વલુબાનું જળ પીધું ને વર દીધો એ નામે એકસો ને સુડતાલીસમું પ્રકરણમ્ ॥૧૪૭॥

પ્રકરણ : ૧૪૮

પૂર્વછાયો :

સુરાબાપુ ને શાંતિબાના, દિવ્યગુણો જે અપાર ॥
તેના વારસદાર સાચા, વલુબાઈ નિરધાર ॥૧॥

હેત હરિમાં અતિ ઘણું, વળી સમજણ પારાવાર ॥
મુક્ત તે અક્ષરધામના, એમાં સંશે નહિ લગાર ॥૨॥

કોકિલા સમ નિજકંઠથી, ગાય કીર્તન થૈ ગુલતાન ॥
શ્રવણે સુણતાં જન સહુનાં, ભુલાય તન મન ભાન ॥૩॥

ચોપાઈ :

ગાય કીર્તન જે વારે વારે, એની સ્મૃતિ થાયે બહુ ભારે ॥
એમ કરતાં શત કીર્તન, થયા કંઠસ્થ વીતતે દન ॥૪॥

પછી પરણ્યા તે પાળિયાદ, તિંયા ઉઠ્યો વડો વિખવાદ ॥
સાસરિયે નો'તો સતસંગ, ઘણો વિષમ કુઢંગ રંગ ॥૫॥

એને દિયે ઘણું ઘણું દુઃખ, જન સાસરિયા તે વિમુખ ॥
પણ નવ ડગ્યા વલુબાઈ, રહ્યા અચળ સત્સંગમાંઈ ॥૬॥

જોઈ બાઈતણો ભારે રંગ, ટળ્યો કુસંગી તણો ઉમંગ ॥
પછી મેલી ઉપાધિ સકળ, જોઈ બાઈની મતિ અચળ ॥૭॥

આતો સુતા સુરા ભક્તતણી, એને હૈયે ખુમારી છે ઘણી ॥
નવ ગણે લોકલાજ કાંઈ, ગાવે કીર્તન ઉમંગમાંઈ ॥૮॥

કે'દિ બીયે ન કોઈથી લેશ, ભાવે ભજવા શ્રીપરમેશ ॥
પાળે કઠણ નિયમ સહુ, તેણે લોક માને બહુ બહુ ॥૯॥

જાણી દેવીતણો અવતાર, શીશ નમાવે વારમવાર ॥
કોઈ પીડાયે જો અંતકાળ, તિંયા તેડી જાયે તતકાળ ॥૧૦॥

ધરી મૂરતિ અંતરમાંઈ, ગાય પદ તિંયા વલુબાઈ ॥
સુણી શાંતિ પામે એહ જન, પછી સુખે તજે નિજતન ॥૧૧॥

મેલી એકદંડો નિજશ્વાસ, પામે અક્ષરધામે નિવાસ ॥
પછી લોક કરે જેજેકાર, એવો ક્રમ હતો નિરધાર ॥૧૨॥

હવે સુણજ્યો અનુપ વાત, મહાધીરતણી જે સાક્ષાત ॥
ભજે પ્રગટ પ્રભુને બાઈ, રાખે નિયમ પર્વતપ્રાઈ ॥૧૩॥

સ્પર્શાસ્પર્શતણો જે વિવેક, પ્રાણભોગે તે સાચવે ટેક ॥
એમ રાખતાં સત્સંગ હર્ષે, પોં'ચ્યા વયે બેતાલીસ વર્ષે ॥૧૪॥

મહાઉપાધિ આવી તે વાર, વ્યાધિ વાધ્યો આંખે નિરધાર ॥
કાંઈ કારી ફાવી નહિ જયારે, નેત્રજ્યોતિ બુઝાણી શું ત્યારે ॥૧૫॥

આવે અંધાપો અબળા તને, કેમ જીવે તે ઝાઝું જતને ? ॥
કર્યો બાઈએ આર્ત પોકાર, સુણી પધાર્યા પ્રાણઆધાર ॥૧૬॥

દીધા દિવ્યરૂપે દરશન, બાઈ રાજી રાજી થયા મન ॥
પછી અમૃત દ્રષ્ટિએ હરિ, કીધા દેખતાં બાઈને ફરી ॥૧૭॥

વલુબાઈએ કીધા પ્રણામ, ત્યારે ઉચ્ચર્યા સુંદર શ્યામ ॥
જીવશો જ્યાં લગિ તમે બાઈ, મોતી પરોવશો સુખદાઈ ॥૧૮॥

વળી બીજો રોગ કોઈ અંગે, નાવશે એમ જાણો ઉમંગે ॥
એવું આજ દૈયે વરદાન, સુરસુતા તમોને નિદાન ॥૧૯॥

જગજીવન કહીને એમ, થયા અદ્રશ્ય વીજળી જેમ ॥
ત્યાર પછીની સુણજયો વાત, થયું સરવે સત્ય તે તાત ॥૨૦॥

બાઈ નિરોગી જીવ્યા જીવન, ખામી આંખે નાવી કોઈ દન ॥
રહ્યો કંઠ મધુરો તે વળી, થઈ આયુ શત વર્ષ મળી ॥૨૧॥

લોક આશ્ચર્ય પામે તે જોઈ, કહે પ્રભુપ્રતાપ તે સોઈ ॥
સંવત્સર ઓગણીસો પર, જાણો ઓગણસાઠ અવર ॥૨૨॥

પોષ સુદી પૂન્યમને દન, વલુબાઈ બોલિયા પાવન ॥
સ્વામિનારાયણ ભગવાન, લાવ્યા સંત સંગાથે વિમાન ॥૨૩॥

આવ્યા તે મુને તેડવા કાજ, જાંઉ અક્ષરધામે હું આજ ॥
એમ કહી મેલ્યો નિજદેહ, પામ્યા બ્રહ્મગતિ બાઈ તેહ ॥૨૪॥

ધન્ય મહામુક્ત વલુબાઈ, એની શું કહું વાત વડાઈ ॥
એને ભજયે ટળે ભવપાશ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે શ્રીહરિએ વલુબાને દ્રષ્ટિ આપી એ નામે એકસો ને અડતાલીસમું પ્રકરણમ્ ॥૧૪૮॥

પ્રકરણ : ૧૪૯

પૂર્વછાયો :

ધરણી લોયાધામતણી, અતિ પુનિત ને ભાગ્યવંત ॥
વિચર્યા ઈયા પ્રગટ હરિ, વળી હરિસરીખા સંત ॥૧॥

શું કહું પુણ્ય એ પ્રાણીના, જેણે આંહિ કર્યો પળ વાસ ॥
જન્મ-મરણ ને ચોરાસી, એના નક્કી થાશે નાશ ॥૨॥

પ્રગટ પ્રતાપતણી કહું, અતિ પાવનકરણી કથાય ॥
સ્નેહ સહિત સાંભળજ્યો, મા કરશો સંશય કાંય ॥૩॥

ચોપાઈ :

લોયાધામે વસે એક નાર, એને લાગ્યો હરિપદ પ્યાર ॥
રુડું રામબાઈ નામ ધરે, શાંતિબા સંગે સત્સંગ કરે ॥૪॥

કણબી કુળતણી દીકરી, એની વૃત્તિ મૂરતિમાં ઠરી ॥
દોડી દોડી જાય દરબાર, સજે સેવા ઉમંગે અપાર ॥૫॥

ભૂલે ઘરતણું કામકાજ, જ્યારે આવે સંત કે મા'રાજ ॥
કરે દર્શન મર્યાદરીત, સુણે વાતું ઉર ધરી પ્રીત ॥૬॥

રહે નિત્ય નવો નવો રંગ, સત્સંગમાં અતિ ઉમંગ ॥
નવ જાણે જાય દિન-રાત, ક્યારે સંધ્યા ને થાય પ્રભાત ॥૭॥

એમ કરતાં આવી ઉંમરે, ગોત્યો મૂરતિયો માવતરે ॥
ધ્રાંગધ્રા મુલકે દૂર ગામ, રાજચરાડી સુંદર નામ ॥૮॥

જાકાસણીયા પરિવારમાંઈ, વર ઉત્તમ તે માવાભાઈ ॥
એહ સંગે કીધું સગપણ, આવી લગ્નની સોનેરી ક્ષણ ॥૯॥

લાગ્યા ઢોલ ઢબુકવા ત્યાંય, શરણાયુંના સૂર રેલાય ॥
માત-પિતાને ઉમંગ ભારી, કરે તૈયારિયું સારી સારી ॥૧૦॥

પણ રામબાઈ છે ઉદાસ, કાંજે થાશે સાસરે નિવાસ ॥
અતિ દૂર દેશે એહ ગામ, વળી સત્સંગનું નથી ઠામ ॥૧૧॥

કેમ થાશે હરિસંત જોગ ? વડો વાધશે વિજોગ રોગ ॥
એમ ચિંતવે છે ચિત્તમાંય, આવી જાડેરી જાન તો ત્યાંય ॥૧૨॥

ફર્યા સપ્તપદીતણાં ફેરા, થયા હાથગરણાં ઘણેરા ॥
આવી વસમી વિદાય પળ, આવ્યા બાઈતણે નેણે જળ ॥૧૩॥

માંડ્યું જોરે શું અતિ રુદન, એનો ભેદ જાણે નવ જન ॥
નથી ઘર છૂટ્યાતણું દુઃખ, આજ છૂટે છે સત્સંગ સુખ ॥૧૪॥

તેણે આક્રંદ કરે તે અતિ, જાણું કેમે સુણે પ્રાણપતિ ॥
પ્રાણપતિ બેઠા દરબાર, તેણે સુણ્યો ત્રિયાનો પોકાર ॥૧૫॥

મહાકરુણામૂરતિ શ્યામ, કેનું દુઃખ સહી શકે આમ ? ॥
હતા સેવક જે નિજસંગે, એને પૂછ્યું આ રુદન અંગે ॥૧૬॥

કહી પાર્ષદે વિદાય વેળા, સુણી કહે પ્રભુ અલબેલા ॥
ચાલો જૈયે અમે પણ ત્યાંઈ, કાંઈ શાતા પામશે તે બાઈ ॥૧૭॥

એમ કહીને ચાલ્યા દયાળ, નિજજનતણાં પ્રતિપાળ ॥
આવ્યા પટેલને ઘેર્ય શ્યામ, રામબાએ જોયા સુખધામ ॥૧૮॥

કીધા પંચાંગ પ્રણામ ત્યાંય, કહે આશિષ ઘો હરિરાય ॥
ત્યારે પ્રભુજીએ પૂછ્યું એમ, બાઈ ! આક્રંદ કરે તું કેમ ? ॥૧૯॥

કાઢી બાઈએ હૈયાવરાળ, સુખ પામીશ હું કિયે કાળ ॥
ક્યારે થાશે તમારું દર્શન, જાશે સત્સંગ વિના કેમ દન ॥૨૦॥

સુણી બોલ્યા દયાનિધિ નાથ, મેલી બાઈ માથે નિજ હાથ ॥
માંડી સંસાર કરો ભજન, થાશે સાસરિયે સારા દન ॥૨૧॥

સતસંગ એહ ઘરમાંઈ, ઘણી પેઢી લગિ રે'શે બાઈ ! ॥
પછી ફાળિયું ઉતારી નાથ, મેલી રામબાઈ તણે હાથ ॥૨૨॥

કહ્યું આનું કરજયો જતન, મહામૂલું પ્રસાદી વસન ॥
તેણે સુખી થાશો તમે ઘણું, રૂડું થાશે ઘણાં જીવતણું ॥૨૩॥

એમ કહીને આપી વિદાય, આવ્યા ઉતારે શ્રીહરિરાય ॥
ચાલ્યા સાસરિયે રામબાઈ, હૃદે સંભારતા સુખદાઈ ॥૨૪॥

નાથવચને માંડ્યો સંસાર, નથી નથી જો દુઃખ લગાર ॥
નથી લેશ જો ક્લેશ-કંકાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે રામબાઈએ શ્રીહરિના વચને સંસાર માંડ્યો એ નામે એકસો ને ઓગણપચાસમું પ્રકરણમ્ ॥૧૪૯॥

પ્રકરણ : ૧૫૦

પૂર્વછાયો :

આશિષ લઈ અવિનાશના, વળી અમૂલુ પ્રસાદી વસન ॥
રાજચરાડી આવિયા, રામબાઈ ખરા હરિજન ॥૧॥

વિનય-વિવેક ને સેવાથકી, જીતી લીધા સહુના મન ॥
સહુ કહે ધન્ય દીકરી, નિજકુળ કર્યું પાવન ॥૨॥

હરિ-સ્મરણ ચૂકે નહિ, કરતાં ઘરનું કાજ ॥
તેણે કરી અખંડ રહે, હૃદિયે શ્રીમહારાજ ॥૩॥

ચોપાઈ :

હવે લોયાતણો સતસંગ, એનો રાજચરાડીમાં રંગ ॥
લાગ્યો પામવા શુભ વિસ્તાર, રામબા કારણે નિરધાર ॥૪॥

ફળ્યા આશિષ શ્રીહરિતણાં, થયા બાઈઓ સત્સંગી ઘણાં ॥
માવાતણો પરિવાર પણ, હુવો સતસંગ પરાયણ ॥૫॥

સુખમાં વીતે દિવસો એમ, વહે જાહ્નવી પ્રવાહ જેમ ॥
પછી આવી પડે ઘણું દુઃખ, ત્યારે મ્લાન થાય જનમુખ ॥૬॥

થયા સગર્ભા તે રામબાઈ, પામ્યા હર્ષ અતિ મનમાંઈ ॥
તેને વીત્યો થોડો ઘણો કાળ, ત્યાં તો અંતરમાં ઉઠી જાળ ॥૭॥

બાળજન્મ પે'લા માવાભાઈ, દેહ તજી ચાલ્યા સુખદાઈ ॥
તેણે રામબાઈનો સંસાર, સૂનો સૂનો થયો પારાવાર ॥૮॥

આવ્યું ઓચિંતુ આ મહાદુઃખ, નથી દેખાડતા કેને મુખ ॥
અતિ વલવલે મનમાંય, ત્યારે પ્રગટ્યા હરિરાય ॥૯॥

દીધું દિવ્યરૂપે દરશન, કહે નચિંત રહેજયો મન ॥
સુખે ચાલશે તવ સંસાર, દુઃખ નહિ રહે તલભાર ॥૧૦॥

એમ કહી થયા અંતર્ધાન, બાઈ મને મગન મસ્તાન ॥
મટ્યું પતિવિયોગનું દુઃખ, ઉપજ્યું અંતરે અતિસુખ ॥૧૧॥

પછી વીત્યો થોડો ઘણો કાળ, રામબાઈએ પ્રસવ્યો બાળ ॥
રૂડું નામ રાખ્યું ધનાભાઈ, એની ભક્તિ ભલી વખણાઈ ॥૧૨॥

ધર્મનિયમ ચૂકે ન રતિ, સતસંગમાંહિ દ્રઢ મતિ ॥
નિજમાતાનો વારસો જેહ, ભલા પુત્રએ જાળવ્યો તેહ ॥૧૩॥

તેને ત્રણ્ય સુત સુખદાઈ, વેલાભાઈ ને ગણેશભાઈ ॥
ત્રીજા દેવરાજભાઈ જાણો, ત્રણે સત્સંગી સારા પ્રમાણો ॥૧૪॥

એહ પંથકે આ પરિવાર, એકાંતિક એક નિરધાર ॥
સુખે ભજે સ્વામિનારાયણ, જીવિતવ્ય સંતપરાયણ ॥૧૫॥

વૃદ્ધ અવસ્થાએ રામબાઈ, હરિગુણ ગાયે હરખાઈ ॥
એમ કરતાં લડથડ્યું તન, પામ્યા સંકેત શું મનોમન ॥૧૬॥

તેડ્યો સમીપમાં પરિવાર, કહે હવે જાવું નિરધાર ॥
મુને તેડવા આવશે શ્યામ, લઈ જાશે તે અક્ષરધામ ॥૧૭॥

કીધા દિવસ ને ઘડી વાર, વળી કીધી ભલામણ સાર ॥
પછી વૃત્તિને વાળી અંતર, માંહિ નીરખે શ્રીહરિવર ॥૧૮॥

થયો દેહનો અવધિ જ્યારે, આવ્યા નાથ તેડવાને ત્યારે ॥
બાઈ નીકળ્યા દેહેથી એમ, મુંવાળો માખણમાંથી જેમ ॥૧૯॥

પામી દિવ્યતનું ગયા ધામ, થઈ ઉત્તરક્રિયા તમામ ॥
ધનાભાઈતણો પરિવાર, હવે સુખે ભજે કિરતાર ॥૨૦॥

વળી સુખના વીતીયા દન, રુઠ્યા કૈંક ઉપદ્રવી મન ॥
દેખી સંકટમાં પ્રાણ-ધન, પાળ્યું શિક્ષાપત્રીનું વચન ॥૨૧॥

રાજચરાડી નિજવતન, ત્યાંથી ઉતાર્યું પોતાનું મન ॥
કડી તાલુકે ધરમપુર, આવ્યા તિંયા નૃપની હજુર ॥૨૨॥

લીધી જમીન લીધા આવાસ, વસ્યો પરિવાર તિંયા વાસ ॥
લાવ્યા વતનેથી ચીજ સહુ, પણ ભૂલ્યા અણમૂલું બહુ ॥૨૩॥

રામબાઈને પરણ્યા ટાણે, લોયે દીધું શ્રીજીએ ઘરાણે ॥
પ્રસાદી વસ્ત્ર ફાળિયું જેહ, કોઠલામાં સંઘર્યું'તું તેહ ॥૨૪॥

એતો રહ્યું જૂને ઘરમાંઈ, અમૂલખ મૂડી વિસરાઈ ॥
એનો આગેતણો ઈતિહાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે રામબાઈ ધામમાં ગયા એ નામે એકસો ને પચાસમું પ્રકરણમ્ ॥૧૫૦॥

પ્રકરણ : ૧૫૧

પૂર્વછાયો :

હરિ કે હરિના જનની, જાણો આગવી રીત પુનિત ॥
જાળવે બહુ નિજજનને, એવી આશ્રિત સંગે પ્રીત ॥૧॥

લોયાધામના દીકરી, મહામુક્ત થયા રામબાઈ ॥
તન તજી ગયા ધામમાં, ત્યાર પછીની સુણજ્યો કથાય ॥૨॥

વસ્ત્ર ભૂલી મહારાજનું, ગયો ધરમપુર પરિવાર ॥
સુખી થયા નિજશ્રમથી, એમાં બની બીના એકવાર ॥૩॥

ચોપાઈ :

અખાત્રીજ તણો શુભ દન, લીધા ત્રણ પૌત્રના લગન ॥
કરી તૈયારિયું બહુ સારી, સહુને ઉર આનંદ ભારી ॥૪॥

એમાં ધનાભાઈ તણું તન, થયું શિથિલ તે એક દન ॥
વાધી માંદગી અંગમાં ભારે, કાંઈ કારી ફાવી નહિ ત્યારે ॥૫॥

પછી ધનાભાએ તજયું તન, સહુ દુઃખી દુઃખી થયા મન ॥
કાર્ય વિવાહતણું મંગળ, એમાં ભારે થયું અમંગળ ॥૬॥

મહેમાન વળી પરિવાર, લાગ્યા શોક કરવા અપાર ॥
પછી દેહ લીધો ભોંયપર, ક્રિયા કાજે તેડ્યા વિપ્રવર ॥૭॥

મેલ્યું ગંગાજળ મુખમાંય, થઈ પાલખી તૈયાર ત્યાંય ॥
લીધો દેહ પધરાવા કાજ, ત્યાં તો ઊભા થયા ભક્તરાજ ॥૮॥

જોઈ આશ્ચર્ય પામિયા સહુ, વિધવિધ ભાત્યે બોલે બહુ ॥
ત્યારે બોલ્યા ધનાભાઈ એમ, તમે શંકા ધરો મને કેમ ॥૯॥

મુને તેડી ગયા હરિવર, જીંયા વસે છે મુક્ત અક્ષર ॥
તિંયા મળ્યા માતા રામબાઈ, મુને દેખીને પામ્યા નવાઈ ॥૧૦॥

તેણે કરી પ્રભુને વિનતિ, આતો થયું અમંગળ અતિ ॥
શુભ પ્રસંગમાં સહુ જન, કરતા હશે ભારે રુદન ॥૧૧॥

વરઘોડો કાઢવાને ટાણે, કેમ પાલખી બાંધે પરાણે ? ॥
માટે મેલો આને દેહમાંય, આપી આયુષ હે હરિરાય ! ॥૧૨॥

સુણી અરજી શ્રીમહારાજ, મુને મોકલ્યો છે તમકાજ ॥
થયે વિવાહ પરિપૂરણ, આવશે શ્રીસ્વામિનારાયણ ॥૧૩॥

મુને તેડી જાશે નિજધામ, એવો વર દીધો સુખધામ ॥
સુણી વાત કહે લોક સહુ, આતો પરચો મોટેરો બહુ ॥૧૪॥

સ્વામિનારાયણ ભગવાન, સતસંગે પ્રગટ નિદાન ॥
હવે પ્રસાદિવસ્ત્રાની વાત, સુણજ્યો મન ધરીને ખાંત ॥૧૫॥

લોયે પરણ્યા શ્રીરામબાઈ, ત્યારે વસ્ત્રા દીધું સુખદાઈ ॥
હરિએ નિજહાથે આપેલ, બાઈ સાસરિયે તે લાવેલ ॥૧૬॥

કોઠીમાંહિ સાચવ્યું વસન, કાળક્રમે થયા માઠા દન ॥
ત્યારે મેલી વતનનું ગામ, ગયા ધરમપુર તમામ ॥૧૭॥

તિંયા વસ્ત્રા ભૂલ્યા કોઠીમાંય, તેને વીસ વર્ષ વીત્યા ભાય ॥
એહ પરિવારે એક જન, નામ પબુભા ભક્ત પાવન ॥૧૮॥

ગયા કોઈ સમે વઢવાણ, હરિદર્શન કાજે સુજાણ ॥
કીધો ઉતારો મંદિરમાંય, રાત્રે સૂતા તિંયા ભક્તરાય ॥૧૯॥

તેને સ્વપ્નમાંહિ દરશન, દીધું દિવ્યરૂપે ભગવન ॥
કહી વસ્ત્ર લાવ્યાતણી વાત, કોઠલામાં રહ્યું જે સાક્ષાત ॥૨૦॥

પામી આનંદ ને બીજે દન, આવ્યા પબુભા મૂળ વતન ॥
ગોત્યું રામબાઈતણું ઘર, તેના માલિકને ચડ્યો જવર ॥૨૧॥

આદર્યો એણે ઉત્પાત બહુ, પબુભાએ કહી વાત સહુ ॥
પછી સહુ આવ્યા તે જગ્યાય, પણ મકાન પાડેલું ત્યાંય ॥૨૨॥

કીધો પ્રવેશ ખંડેરમાંય, દીઠો કોઠલો રક્ષિત ભાય ॥
જોઈ તેમાંહિ વસ્ત્ર પુનિત, વાધી પ્રભુપદે દ્રઢ પ્રીત ॥૨૩॥

પછી લાવ્યા તે ધરમપુર, નિજ સંબંધી આગે હજૂર ॥
કીધી વાત તે સર્વ સમક્ષ, જાણ્યા સહુએ સ્વામી પ્રત્યક્ષ ॥૨૪॥

રામબાઈના વંશજ જેહ, હરિભાઈ આદિ કહું તેહ ॥
આજ પૂજે વસ્ત્ર એહ ખાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે શ્રીહરિએ પ્રસાદીનું વસ્ત્ર લેવડાવ્યું એ નામે એકસો ને એકાવનમું પ્રકરણમ્ ॥૧૫૧॥

પ્રકરણ : ૧૫૨

પૂર્વછાયો :

શુભમતિ સહુ સાંભળો, કહું નિજઅનુભવ વાત ॥
અગનિથી અનેક ગણી, કરે વરાળ્યું ભારે ઘાત ॥૧॥

એમ વિરહ વાલમતણો, ઘણું ઘણું પીડે પંડ ॥
એથી અધિક અંતર પીડે, જે સાંભરે સુખ અખંડ ॥૨॥

હામ નથી હૈયે અણું, કે'તાં કાયર થાય છે મન ॥
વિરહી જનની વાતડી, સુણી થાશો અતિશે પાવન ॥૩॥

ચોપાઈ :

આવ્યા અક્ષરધામથી આપ રે, પ્રભુ પૃથ્વીએ પ્રૌઢપ્રતાપ રે ॥
ખેલ્યા અકળ મૂરતિ અતિ રે, પછી લીલા સંકેલી સુમતિ રે ॥૪॥

એહ સમે પામ્યા મહાદુઃખ રે, એતો નથી કે'વાતું મેં મુખ રે ॥
જેની ધીરજય પર્વતપ્રાય રે, એહ પણ તૂડી પડ્યા ભાય રે ॥૫॥

સુરા ભક્તને પ્રેમ અમાપ રે, કરે આક્રંદ ભારે વિલાપ રે ॥
હાય હાય કરી કૂટે હાથ રે, ભીંતે ભટકાવે નિજમાથ રે ॥૬॥

કહે કિયાં ઉદે થયાં પાપ રે, મુને મેલી ગયા મારો બાપ રે ॥
કેમ પિંડ આ પડી નથી જાતું રે, વાલા વિના નથી જો રે'વાતું રે ॥૭॥

એમ કેતા ઢળી પડે ભોંય રે, પામે મૂરછા નૃપતિ સોય રે ॥
આવ્યે તનસૂધ વળી બોલે રે, કેમ સુખ દીધું'તું અતોલે રે ॥૮॥

ડાંગે માર્યા તે દૂધ દેખાડી રે, આવા નો'તાં મેં જાણ્યા અનાડી રે ॥
મુજ અંસે બેસી અલબેલ રે, દેતાં છલાંગું જળમાં છેલ રે ॥૯॥

વળી નાભિએ નાખી ચરણ રે, કેવું હસતાં સુખકરણ રે ॥
દેતાં થાળ પ્રસાદી શું પ્રેમે રે, એતો નથી વિસરાતું કેમે રે ॥૧૦॥

સખા સખા કહી ખંભે હાથ રે, નિત્ય નાખતાં શ્રીકૃપાનાથ રે ॥
એહ શબ્દ હું કે'દિ સુણીશ રે, મુને છેતર્યો તે મારા ઈશ રે ॥૧૧॥

વણનોતરે આવતાં હરિ રે, મારે ભુવન તે ફરી ફરી રે ॥
આજ સૂના પડ્યાં તે ભેંકાર રે, નાથ વિનાના તે દરબાર રે ॥૧૨॥

આંહિ ઓસરીયે અલબેલ રે, ટાઢ્યે તાપણું તાપતા છેલ રે ॥
નિજહાથે અમૃત મધુર રે, શાક રાંધતા સાંભરે ઉર રે ॥૧૩॥

જમી ઢોલિયે પોઢતાં નાથ રે, ચાંપ્યા ચરણ મેં નિજહાથ રે ॥
હવે દુર્લભ થયું તે અતિ રે, પામ્યો પાપિયો હું દુરગતિ રે ॥૧૪॥

મુંને રંગમાં રોળતા રાજ રે, ભોલ ભોલ કહી મહારાજ રે ॥
એતો મહાભાગ્ય ફૂટયા મારા રે, મુને મેલિયો ધર્મદુલારા રે ॥૧૫॥

એમ ઝુરી ઝુરી લડથડે રે, ઉઠી ઉઠી વળી ભોંયે પડે રે ॥
અન્ન દેખીને પામે અસુખ રે, માંડ માંડ માંડ માંડે મુખ રે ॥૧૬॥

કેમે કેમે કરી કાઢે દન રે, રાત્યે ન વિસરે તે વદન રે ॥
નથી આવતી નિંદરા નેણે રે, તને પામ્યા તાવ પીડા તેણે રે ॥૧૭॥

જેમ તેમ વીત્યાં વર્ષ દોય રે, પછી અન્ન-જળ મેલ્યા સોય રે ॥
તન શિથિલ થયું તે અતિ રે, વ્રેહે સંભારે શ્રીપ્રાણપતિ રે ॥૧૮॥

ત્યારે નિષ્કુળાનંદને નાથ રે, દઈ દર્શન કા'વિયું સાથ રે ॥
તમ ઉપર્ય રાજી છે રાજ રે, થોડે દને સુધારીશું કાજ રે ॥૧૯॥

અન્ન-જળ લેજ્યો મહામતિ રે, કાંઈ આંકળા થાશો માં અતિ રે ॥
પછી સ્વામી આવ્યા સુરઘેર રે, દીધી હામ્યું ઘણી શુભપેર રે ॥૨૦॥

પામી સંદેશો પ્રભુજીતણો રે, મને મોદ વધ્યો ઘણો ઘણો રે ॥
પછી વાટ્યું જુવે વાલાતણી રે, આજ કાલ્ય આવે મારો ધણી રે ॥૨૧॥

એમ કરતાં અઢી વરસ રે, વીત્યે આવિયો દિન સરસ રે ॥
સંવત એકાણું્ની શુભસાલ રે, મહા સુદી પૂન્યમનો તાલ રે ॥૨૨॥

બેઠાં ઓસરીએ તે નૃપાળ રે, જાણ્યે હમણાં આવે દયાળ રે ॥
વીત્યો દિવસ પ્રહર દોય રે, માથે એક ઘડી પણ સોય રે ॥૨૩॥

જાતાં ષટ ક્ષણ તેહવાર, તિંયા પ્રગટ્યા પ્રાણઆધાર રે ॥
મંદ મંદ હસી સુખકંદ રે, દીધું દિવ્યતનું તજી ફંદ રે ॥૨૪॥

કાપ્યા દાસતણાં દુઃખ શ્યામ રે, તેડી ગયા હરિ નિજધામ રે ॥
પામ્યા લોયેથી અક્ષરવાસ રે, કહે ઘનશ્યામપ્રકાશદાસ રે ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે સુરા ખાચરે દેહ મેલ્યો એ નામે એકસો ને બાવનમું પ્રકરણમ્ ॥૧૫૨॥

પ્રકરણ : ૧૫૩

પૂર્વછાયો :

નોતું દીઠું કોયે નયણે, વળી નોતું સુણીયું કાન ॥
અવનિયે આવી કર્યું, એવું અલબેલે જો નિદાન ॥૧॥

ઉધારપણું રાખ્યું નહિ, દીધી રોકડી મૂડી હાથ ॥
તન છૂટ્યે આવે તેડવા, નાથ અક્ષરમુક્ત સંગાથ ॥૨॥

તેણે જન સહું જક્તના, કરે જેજેકાર પુનિત ॥
હવે સુણાવું વાતડી, જેથી રોમ થાયે પુલકિત ॥૩॥

ચોપાઈ :

સુત નૃપ સુરા ભક્તતણાં, નાથા ખાચર સત્સંગી ઘણાં ॥
વળી માણસીયો દરબાર, ભત્રીજો તે હરિભક્ત સાર ॥૪॥

ભજયા પ્રભુ પ્રગટ પ્રમાણ, વળી સેવિયા સંત સુજાણ ॥
કોઈ વાતે ન રાખી કસર, ભક્તિ ભજાવી શું ખરેખર ॥૫॥

એક દિન આવ્યા ગઢપુર, બેઠા પ્રગટ પ્રભુ હજૂર ॥
કીધો નાથચરણે ઠરાવ, અંતસમયે ખેલવો દાવ ॥૬॥

એકસંગાથે તજવા તન, જાવું સાથે અક્ષર સદન ॥
દોય દેહ એક ચિત્તામાંય, પામે અંતિમ સંસ્કાર ભાય ॥૭॥

એમ નિશ્ચે કરી લાગ્યા પાય, લઈ પ્રભુજીતણી વિદાય ॥
પછી આવ્યા દોય નિજઘેર, ભજે સંતહરિને સુપેર ॥૮॥

એને વીતીયો ઘણોક કાળ, ગયા સ્વધામ દિનદયાળ ॥
એહસમાની ન થાય વાત, હવે આગે સુણજયો સાક્ષાત્ ॥૯॥

થયા નાથા ખાચર બિમાર, દેહ મૂકે તેવા નિરધાર ॥
જાણ્યા માણસીયે સમાચાર, આવ્યો જોવા તિંયા દરબાર ॥૧૦॥

બેઠા નાથા ખાચરની પાસ, યાદ કરાવ્યો ઠેરાવ ખાસ ॥
કહે તમે તો થયા તૈયાર, મારે કેમ નથી અણસાર ? ॥૧૧॥

એમ કે'તા નેણે આવ્યા જળ, કેવો હશે પ્રેમ નિરમળ ! ॥
કંઠ રુંધાયો ભારે વિશેષ, આગે બોલી શક્યા નહિ લેશ ॥૧૨॥

ત્યારે બોલિયા નાથા ખાચર, જેમ ધાર્યું હશે હરિવર ॥
થાશે તેમ જ નિશ્ચે હે ભાઈ ! આમાં જોર ન ચાલે કદાઈ ॥૧૩॥

પછી અતિ ઉદાસ અંતર, પાછા વળ્યા માણસીયા ખાચર ॥
નિજધેર્ય પહોંચીયા જયાંય, બહુ બગાસા આવિયાં ત્યાંય ॥૧૪॥

ઢાળ્યો ખાટલો ઓસરીમાંય, થયો આડે પડખે તે ભાય ॥
તિંયા નાથે દીધા દરશન, વળી સંગાથે સંત પાવન ॥૧૫॥

મંદ મંદ હસે હરિરાય, જોઈ માણસીયો હરખાય ॥
પછી બોલિયા શ્રીઅવિનાશ, આવ્યા તેડવા તમને દાસ ॥૧૬॥

નાથા ખાચરને લેશું વળી, ચાલો ધામ દોય ભાઈ મળી ॥
વળી એ સમે નાથાને દ્વાર, દીધા દર્શન પ્રાણઆધાર ॥૧૭॥

અતિ અઢળ ઢળિયા નાથ, કૃપા વરસાવી કૃપાનાથ ॥
કહે સત્ય કરવા ઠેરાવ, આવ્યા દોયને તેડવા માવ ॥૧૮॥

પછી નાથાએ પૂછાવ્યું ત્યાંય, કા'વ્યું માણસીયે ચાલો ભાય ॥
એ જ ઘડી વળી એજ પળ, થયા તૈયાર તે નિરમળ ॥૧૯॥

દોયે તજીયા નશ્વર દેહ, ધર્યા ભાગવતી તનું તેહ ॥
વળી ગામતણાં જન જેહ, દિવ્ય દર્શન પામિયા એહ ॥૨૦॥

પછી ફોરમ સુગંધિદાર, વ્યાપી ગામમાંહિ નિરધાર ॥
તેણે થયા આશ્ચર્યચકિત, કહે કેવી અનોખી આ રીત ? ॥૨૧॥

પછી આવ્યા શ્મશાન મોઝાર, ચિત્તા એક જ કીધી તૈયાર ॥
તિંયા મેલી દોયને સંગાથ, દીધો અંતિમ અગનિ હાથ ॥૨૨॥

સત્ય ઠેરાવ કીધો તે આજ, નિજપ્રતાપે શ્રીમહારાજ ॥
જોઈ પ્રતાપ પ્રભુજીતણો, ગાયો જશ જને ઘણો ઘણો ॥૨૩॥

કહે નોતું દીઠું સુણ્યું કાન, એવું કામ કીધું ભગવાન ॥
નથી નથી ઉધારાની વાત, મળે રોકડી મૂડી સાક્ષાત્ ॥૨૪॥

ધન્ય જીવન જગદાધાર, પ્રભુ પ્રગટ પ્રાણઆધાર ॥
ધન્ય ધન્ય એકાંતિક દાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે નાથા ખાચરે અને માણસીયા ખાચરે સાથે દેહ મેલ્યો એ નામે એકસો ને ત્રેપનમું પ્રકરણમ્ ॥૧૫૩॥

પ્રકરણ : ૧૫૪

પૂર્વછાયો :

વળી કહું એક વારતા, સહું સાંભળજ્યો ધરી ચિત્ત ॥
દેશ-કાળ-ક્રિયા-સંગ આદિ, થાય કે'દિ વિપરીત ॥૧॥

નથી ઓળખતા એ પાત્રને, કોણ ભક્ત અભક્ત જન ॥
વરસે વાદળ સરખા, ભલે ગિરિ હોય કે ઉપવન ॥૨॥

એવે સમે ધીર રાખવી, જ્યારે આવે સંકટનો સમાજ ॥
આશરો દ્રઢ હરિસંતનો, એ તો દુઃખસાગરમાં જહાજ ॥૩॥

ચોપાઈ :

અહો ! કે'દિ ન કલ્પાય મન, એવા આવ્યા લોયામાંહિ દન ॥
થયા દેશકાળ વિપરીત, એની વાત સુણાવું પુનિત ॥૪॥

નાથા ખાચરને સુત ત્રણ, પૂંજા દાહા ને જસા પાવન ॥
એમાં પૂંજા દાહા તણે ઘેર, નથી પુત્રજન્મ તણી મે'ર ॥૫॥

એનું કારણ સુણજ્યો તમે, કહ્યું અલબેલે કોઈ સમે ॥
માંગો સખા શ્રીસુરા ખાચર, અમ પાસળે ઈચ્છિત વર ॥૬॥

સુણી બોલિયા એમ નૃપાળ, મારી પાટીમાં કોઈક કાળ ॥
ખંડ નવ થાય મહારાજ, એવો વર દિયો મુને આજ ॥૭॥

ત્યારે તથાસ્તુ કહીને શ્યામ, કહે થાશે તુજ અભિરામ ॥
તારા વંશમાં એક સંતાન, રે'શે જે પાળશે વરદાન ॥૮॥

તેણે પૂંજા દાહા તણે ઘેર, નથી પુત્રજન્મતણી મે'ર ॥
જસા ઘેર સુપુત્ર નિદાન, ભૂરા ખાચર ભક્ત નિદાન ॥૯॥

ભજે સ્વામિનારાયણ પ્રીતે, સેવે સંતને શું રૂડી રીતે ॥
પણ સોબતમાં પડ્યો ફેર, તેણે વરતાણો કાળો કે'ર ॥૧૦॥

હત્યાતણો ન્યાયાલયમાંય, ચાલ્યો કઠણ કેસ સમાય ॥
એમાં ફસાયા ભૂરા ખાચર, પ્રતિવાદીજૂથે નૃપવર ॥૧૧॥

આવી અંતિમ તારીખ ત્યાંય, જાણ્યું થાશે જો મોટી સજાય ॥
કાંતો ફાંસી કાં દેશનિકાલ, આજ નિશ્ચે થાવાનું બેહાલ ॥૧૨॥

ભૂરા ખાચર આવ્યા શ્રીપુર, કરી ઉત્તમ વિચાર ઉર ॥
આવ્યા મંદિરે દર્શનકાજ, તિયા દીઠા મહામુનિરાજ ॥૧૩॥

સ્વામી હરિનારાયણદાસ, જેને હૃદે રમે અવિનાશ ॥
એ તો ચોકમાં છત્રી છે જયાંય, કરે પ્રદક્ષિણા પ્રેમે ત્યાંય ॥૧૪॥

તિયા આવ્યા દુઃખી લોયાધીશ, કીધા વંદન નમાવી શીશ ॥
કર્યો પશ્ચાતાપ સંતપાસ, કહે નથી જીવવાની આશ ॥૧૫॥

તમે ઉગારોને સુખધામ, પછી ઉચ્ચારી વાત તમામ ॥
જોઈ ગરજ ને ગરીબાય, આવી સંતને ઉર દયાય ॥૧૬॥

કહે દર્શન કરીને જાઓ, વળતાં વળી દર્શને આવો ॥
ભજો સ્નેહે સ્વામિનારાયણ, એતો ટાળશે કષ્ટ કઠણ ॥૧૭॥

સંત વચનસિદ્ધ પ્રમાણ, એથી નથી જો કોઈ અજાણ ॥
લોયાનૃપને વિશ્વાસ ઉર, કર્યા દર્શન ભાવે જરૂર ॥૧૮॥

પછી ગયા ન્યાયાલયમાંય, સરજાયો ચમત્કાર ત્યાંય ॥
આપે ચૂકાદો અમલદાર, એના અંતરે વસ્યા મોરાર ॥૧૯॥

સંતવેણે રક્ષા કરી નાથ, દીધો નિજભકતતણો સાથ ॥
જાણ્યો નૃપાળે સંતપ્રતાપ, આવ્યા વળતાં દર્શને આપ ॥૨૦॥

જુવોને કેવા સંત દયાળ ! કરાવીને રસોઈ રસાળ ॥
જેમ જનની સાચવે બાળ, એમ જમાડ્યા પ્રેમે નૃપાળ ॥૨૧॥

ભૂરા ખાચરને જાગ્યો ભાવ, લાગ્યો અંતરે અતિ લગાવ ॥
પછી વારે વારે મૂળી જાય, કરે દેવસેવા તે સમાય ॥૨૨॥

વળી કરે સ્વામીના દર્શન, વાતું સુણીને થાય પાવન ॥
સ્વાતિબુંદ ઝીલે છીપ જેમ, સ્વામીવેણ ધારે નૃપ તેમ ॥૨૩॥

તેણે સુખિયા થયા અપાર, નથી છાની એ વાત લગાર ॥
આતો સંતહરિનો પ્રતાપ, સહુ શાસ્ત્ર સુણાવે અમાપ ॥૨૪॥

કહ્યા લોયાતણાં હરિજન, હવે ઉચ્ચારું તીર્થ પાવન ॥
સહુ રાજી થાજયો હરિદાસ, કહે ઘનશ્યામપ્રકાશદાસ ॥૨૫॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે ભૂરા ખાચરની ફાંસી થકી રક્ષા થઈ એ નામે એકસો ને ચોપનમું પ્રકરણમ્ ॥૧૫૪॥

પ્રકરણ : ૧૫૫

પૂર્વછાયો :

હરિલીલા ઘણી ચિંતવી, હવે ચિંતવું પાવન સ્થાન ॥
હરિસંતતણાં યોગથી, એ થયા નિશ્ચે મહાન ॥૧॥

જાણે અજાણે ભાવે કભાવે, કોઈ કરે પિયુષ પાન ॥
છૂટ્યો છૂટ્યો કાળપાશથી, એતો અમર બણ્યો નિદાન ॥૨॥

એમ પાપી પરમારથી, કોઈ કરે યાંનો જોગ ॥
અખંડ એવાતણ પામશે, એનો જાશે મહાભવરોગ ॥૩॥

ચોપાઈ :

પુર લોયા-નાગડકા દોય રે, એના રાજભુવન તે સોય રે ॥
તિંયા રહ્યા બહુ કિરતાર રે, નમું નમું એને વારંવાર રે ॥૪॥

થયા અક્ષરતુલ્ય એ સ્થાન રે, જ્યાં વાસ વસ્યા ભગવાન રે ॥
જાણી મહિમા એનો અપાર રે, નમું નમું એને વારંવાર રે ॥૫॥

એહ ભુવન સમીપે શું સારા રે, નૃપ દેતાં સંતને ઉતારા રે ॥
એતો થયા મોક્ષતણાં દ્વાર રે, નમું નમું એને વારંવાર રે ॥૬॥

દોય દરબારગઢે કહું રે, લીંબવૃક્ષ શોભે બહું બહું રે ॥
તિંયા બિરાજયા પ્રાણઆધાર રે, નમું નમું એને વારંવાર રે ॥૭॥

દોય પુરે મહાદેવ સ્થાન રે, તિંયા બેસતા શ્રીભગવાન રે ॥
કે'તા સતશાસ્ત્રાતણો સાર રે, નમું નમું એને વારંવાર રે ॥૮॥

દોય પુર મધ્યે શુભસાર રે, નાની નાની ટેકરીયુંની ધાર રે ॥
તિંયા અશ્વ ખેલવતાં અપાર રે, નમું નમું એને વારંવાર રે ॥૯॥

નદી લોયા-નાગડકા તણીયું રે, વહે ત્રણ્ય પ્રવાહે ઘણીયું રે ॥
તિંયા હરિસંત નાયા અપાર રે, નમું નમું એને વારંવાર રે ॥૧૦॥

ગામ નાગડકે નદીકોર રે, વાવે કૂવે તે ધર્મકિશોર રે ॥
નાયા સંતસંગે બહુવાર રે, નમું નમું એને વારંવાર રે ॥૧૧॥

ગામબાર્ય છે ભૂતિ તળાવ રે, તિંયા બેસી સખાસંગે માવ રે ॥
પીધાં વલુના જળ ધરી પ્યાર રે, નમું નમું એને વારંવાર રે ॥૧૨॥

વળી થાંભલીયે કૃપાનાથ રે, મહી વલોવ્યું શાંતિબા સાથ રે ॥
એતો જાણજયો વહેલી સવાર રે, નમું નમું એને વારંવાર રે ॥૧૩॥

હવે કહું લોયાતણી જાગ્ય રે, થઈ પ્રભુપ્રસંગે બડભાગ્ય રે ॥
એનો મહિમા જાણી અપાર રે, નમું નમું એને વારંવાર રે ॥૧૪॥

જ્યારે લાવતાં કોઈ વૈતાંક રે, ત્યારે નાથ કરે રૂડું શાક રે ॥
એહ ચૂલ્ય દિસે દરબાર રે, નમું નમું એને વારંવાર રે ॥૧૫॥

સંઘા ભક્તના ફળિયામાંહિ રે, બેસે સંતની પંગતિ ત્યાંહિ રે ॥
તિંયા પ્રભુ પીરસતા અપાર રે, નમું નમું એને વારંવાર રે ॥૧૬॥

રણછોડ ને સંઘો પટેલ રે, એની ઓસરીયે અલબેલ રે ॥
બેસે પીરસી સુખદાતાર રે, નમું નમું એને વારંવાર રે ॥૧૭॥

આવે અયોધ્યાવાસી તે જ્યારે રે, રહે સંઘાતણે ઘેર્ય ત્યારે રે ॥
નાથ જમતા જઈ એને દ્વાર રે, નમું નમું એને વારંવાર રે ॥૧૮॥

સંઘા ભક્તના ઘરને પાછળ રે, બેઠા ત્રણે ભાઈ કોઈ પળ રે ॥
એતો આપે છે દર્શનસાર રે, નમું નમું એને વારંવાર રે ॥૧૯॥

લોયા-સાંગણપર હદમાંઈ રે, કૂવે મુક્તમુનિ ને મોટાભાઈ રે ॥
તિંયા મળિયા પ્રથમવાર રે, નમું નમું એને વારંવાર રે ॥૨૦॥

લોયાથકી ઉત્તરદિશે કહું રે, નાયા પાતાળિયે કૂવે બહું રે ॥
દીધો વર ત્યાં મુક્તિદાતાર રે, નમું નમું એને વારંવાર રે ॥૨૧॥

તિંયા સોહે શમીવૃક્ષ દોય રે, એને તળે દૂધ-ધાન સોય રે ॥
ભાવે જમિયા જગદાધાર રે, નમું નમું એને વારંવાર રે ॥૨૨॥

લોયાથકી ઈશાન કોણમાંય રે, સાંગા ભક્તનું ખેતર ત્યાંય રે ॥
તિંયા હળ હાંક્યું દોય વાર રે, નમું નમું એને વારંવાર રે ॥૨૩॥

ગામબાર્ય તે વાડી મોઝાર રે, તિંયા સંગમ કૂવે બહુવાર રે ॥
વતું કરાવી ના'તા કિરતાર રે, નમું નમું એને વારંવાર રે ॥૨૪॥

એહ સમીપે લીંબતરું એક રે, તિંયા સભામાં કહેતાં વિવેક રે ॥
વળી જમ્યા રોટલો-ઓળો સાર રે, નમું નમું એને વારંવાર રે ॥૨૫॥

વળી ઉતર્યા હરિ સંત દોય રે, જ્યારે પધાર્યા પ્રથમ તે સોય રે ॥
રહ્યા એક રાત્ય ગ્રહી પ્યાર રે, નમું નમું એને વારંવાર રે ॥૨૬॥

લોયા ઉત્તરે નદીબેટમાંય રે, નટ રમાડ્યા નટવરે ત્યાંય રે ॥
વળી સભા સજી બહુવાર રે, નમું નમું એને વારંવાર રે ॥૨૭॥

નદીથકી ઈશાનકોણમાંય રે, તિંયા ભાડિયે કૂવે હરિરાય રે ॥
મલ્લ દાવ લડાવ્યા અપાર રે, નમું નમું એને વારંવાર રે ॥૨૮॥

હરિસંતના ઉતારા વચાળે રે, કૂઈ એક કરાવી નૃપાળે રે ॥
એના જળે નાયા શું અપાર રે, નમું નમું એને વારંવાર રે ॥૨૯॥

તિંયા વંડી પર સુખધામ રે, મંચે બેસી કહ્યા અભિરામ રે ॥
વચનામૃત સત્તરવાર રે, નમું નમું એને વારંવાર રે ॥૩૦॥

પધરાવી રાધાકૃષ્ણદેવ રે, જેહ ઓરડામાં સજી સેવ રે ॥
દોય માસ લગી નિરધાર રે, નમું નમું એને વારંવાર રે ॥૩૧॥

ગામથકી દક્ષિણ દિશમાંય રે, વહે ભદ્રાવતી નીર ત્યાંય રે ॥
તિંયા કૂપે નાયા ભરથાર રે, નમું નમું એને વારંવાર રે ॥૩૨॥

જેહ મારગે શ્રીસુખધામ રે, આવે બોડીથકી લોયાધામ રે ॥
એનો જાણીને મહિમા અપાર રે, નમું નમું એને વારંવાર રે ॥૩૩॥

એક-એક શેરી વળી ઘર રે, ઈંયા પધાર્યા શ્યામસુંદર રે ॥
એનો કીધા વિના વિસ્તાર રે, નમું નમું એને વારંવાર રે ॥૩૪॥

ધન્ય નદી કૂવા વળી વાવ રે, જીંયા નાયા મનોહર માવ રે ॥
એતો જળ ભવ તારનાર રે, એમ જન જાણજયો નિરધાર રે ॥૩૫॥

ધન્ય વૃક્ષ વેલી વન ઝાડી રે, જીંયા વિચર્યા દયાનિધિ દા'ડી રે ॥
એતો મોક્ષપદ આપનાર રે, એમ જન જાણજયો નિરધાર રે ॥૩૬॥

ધન્ય ભુવન ઓસરી આંગણ રે, જીંયા અંકિત શ્યામ ચરણ રે ॥
એતો અક્ષરરૂપ સુખાકાર રે, એમ જન જાણજયો નિરધાર રે ॥૩૭॥

ધન્ય શેરી સીમ ને ખેતર રે, જીંયા પધાર્યા શ્રીહરિવર રે ॥
એતો અતિશે સુખદાતાર રે, એમ જન જાણજયો નિરધાર રે ॥૩૮॥

ધન્ય પશુ પંખી નરનાર રે, જળજંતુ ઈંયા વસનાર રે ॥
એતો પામશે દિવ્ય આકાર રે, એમ જન જાણજયો નિરધાર રે ॥૩૯॥

ધન્ય ઈંયા જન્મ ધરે કોઈ રે, વળી અંતકાળે મરે સોઈ રે ॥
એતો અક્ષરધામે જાનાર રે, એમ જન જાણજયો નિરધાર રે ॥૪૦॥

ધન્ય જળ ને રજ સ્પર્શે જેહ રે, અતિ ભાગ્યશાળી જીવ તેહ રે ॥
એતો પામશે સુખ અપાર રે, એમ જન જાણજયો નિરધાર રે ॥૪૧॥

ધન્ય અંડજ જે ઉડી જાશે રે, અતિ પરમ પાવન એ થાશે રે ॥
એતો પોંચશે ધામમોઝાર રે, એમ જન જાણજયો નિરધાર રે ॥૪૨॥

ધન્ય થાશે યાં જેનું કારજ રે, એનું અસ્થિ સ્પરસશે રજ રે ॥
એતો તજશે નરકાગાર રે, એમ જન જાણજયો નિરધાર રે ॥૪૩॥

નથી નથી આ વૃથા પ્રલાપ રે, આતો હરિસંતનો પ્રતાપ રે ॥
વાત આજની જાણજયો મોટી રે, આજ જીવ તરે કોટિ કોટિ રે ॥૪૪॥

સમર્થ થકી શું શું ન હોય રે, જે જે ધારે કરે નિશ્ચે સોય રે ॥
બ્રહ્મમહોલ જાવાને માટ રે, વાલે વે'તી કરી આજ વાટ રે ॥૪૫॥

આગે મોટા મોટા મુનિરાય રે, અતિ તપે કરી કૃશ કાય રે ॥
તોયે ન દીઠાં સ્વપને શ્યામ રે, એતો આજ આપે અંતે ધામ રે ॥૪૬॥

નિજજનને તેડવા આવે રે, પંચભૌતિક તન તજાવે રે ॥
આપી બ્રહ્મમય દેહ નાથ રે, તેડે અક્ષરે મુક્તસંગાથ રે ॥૪૭॥

નથી છાની એ વાત સુજાણ રે, દિસે આજ પ્રત્યક્ષ પ્રમાણ રે ॥
વળી સંત ને શાસ્ત્રે કહેલ રે, સત્ય સત્ય કીધી અલબેલ રે ॥૪૮॥

નથી નથી ઉધારાની વાત રે, મળી રોકડી મૂડી સાક્ષાત રે ॥
રહ્યું નહિ રાંકપણું રતિ રે, પામ્યા આપણે મોટી પ્રાપતિ રે ॥૪૯॥

અવતારતણાં અવતારી રે, વળી અક્ષર મુક્ત મોક્ષકારી રે ॥
એતો સે'જે કરે છે કલ્યાણ રે, નથી સાધનથી નિરવાણ રે ॥૫૦॥

માટે સંશે મા કરશો કોઈ રે, હવે કરવું રહ્યું કાંઈ નોઈ રે ॥
જાણો આપણો અક્ષરે વાસ રે, કહે ઘનશ્યામપ્રકાશદાસ રે ॥૫૧॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે પ્રસાદીના સ્થાનોનું સ્મરણ કર્યુ એ નામે એકસો ને પંચાવનમું પ્રકરણમ્ ॥૧૫૫॥

પ્રકરણ : ૧૫૬

પૂર્વછાયો :

ધન્ય ધન્ય મુજ દેહડો, ધન્ય મન બુદ્ધિતણું દળ ॥
ધન્ય ધન્ય મારો આતમો, જેને મળી આવી શુભ પળ ॥૧॥

કૃપા કરી કરુણાનિધિ, વળી સદગુરુ શિરતાજ ॥
એહ વિના ક્યાંથી મળે, મહાલાખેણી ઘડી આજ ॥૨॥

કહ્યા ચરિત્ર હરિતણાં, વળી પ્રાસાદિક શુભ સ્થાન ॥
હવે કહું ગ્રંથ અંતમાં, મુજ સદભાગ્ય જે મહાન ॥૩॥

ચોપાઈ :

મુને લોયાતણી સેવા મળી રે, જેને ઈચ્છે મોટા વળી વળી રે ॥
અતિ આનંદ અંગ-અંગમાંય રે, ફૂલી રહી શું છાતી સમાય રે ॥૪॥

સુરા ખાચરને દરબાર રે, શુભ દક્ષિણ દિશ મોઝાર રે ॥
એક ઉત્તુંગ ભુવન સારું રે, લાગે મુનિઓને બહું પ્યારું રે ॥૫॥

એતો પરમહંસના ઉતારા રે, કરે અંતરે શાંતિ અપારા રે ॥
લોક કહે ધર્મશાળા એહ રે, મુનિ કહે પાઠશાળા તેહ રે ॥૬॥

જે'દિ વસતા સંત યાં વાસ રે, તે'દિ કરતા શાસ્ત્રઅભ્યાસ રે ॥
નોતું નોતું ગામમાંહિ ઘર રે, મુનિસ્થાન સમું જે સુંદર રે ॥૭॥

વળી પોતે બિરાજી હરિરાય રે, કહ્યું વચનામૃત પે'લું ત્યાંય રે ॥
મહાપ્રસાદીભૂત એહ સ્થાન રે, કહ્યું સંત ને શાસ્ત્રો નિદાન રે ॥૮॥

જ્યારે લીલા સંકેલી દયાળ રે, ત્યારે વાધી છે વિરહની જ્વાળ રે ॥
પછી ધામ ગયા સુરો ભક્ત રે, એનો સુત ખરો પ્રેમજુક્ત રે ॥૯॥

નાથો ખાચર શુભગુણધામ રે, રટે હરિસંત આઠું જામ રે ॥
તેણે તેડ્યા મુનિ યોગાનંદ રે, દીધા ઓરડા તે જગવંદ રે ॥૧૦॥

કર્યો આગ્રહ અતિશે ભારી રે, કરો ઈંયા મંદિર સુખકારી રે ॥
ત્યારે કૃપા કરી મુનિરાય રે, પ્રીતે પધરાવ્યા હરિરાય રે ॥૧૧॥

સંવત ઓગણીસો વર્ષ દોય રે, કર્યું પ્રથમ મંદિર સોય રે ॥
તિંયા વરણી મુકુંદાનંદ રે, વેર્યા પાટડા ધરી આનંદ રે ॥૧૨॥

ઘડ્યું નાનેરું તે સિંહાસન રે, જેમાં બિરાજે શ્રીભગવન રે ॥
પછી કાળે થયું જીર્ણ એહ રે, કર્યો સ્વામીએ ઉદ્ધાર તેહ રે ॥૧૩॥

એહ સ્વામીની પરંપરામાંય રે, સ્વામી હરિપ્રિય જે કે'વાય રે ॥
રહે ભજનમાં ગુલતાન રે, શાસ્ત્ર રહસ્ય જાણે મહાન રે ॥૧૪॥

તેણે સંવત વર્ષ બે હજાર રે, માથે સત્તર વર્ષે નિરધાર રે ॥
કર્યો મંદિરનો જીર્ણોદ્ધાર રે, વળી સંકલ્પ મોટો અપાર રે ॥૧૫॥

એતો કાળે કરી ધામે ગિયા રે, એના શિષ્ય તે વિદ્વાન થિયા રે ॥
નામ નારાયણપ્રિયદાસ રે, વળી શાસ્ત્રી હરિપ્રકાશદાસ રે ॥૧૬॥

અતિ નીડર ઉત્સાહવાન રે, શોભે સંતગુણે તે નિદાન રે ॥
તેણે આણી મુજપર મેર રે, દીધી સુવર્ણ સેવા સુપેર રે ॥૧૭॥

લોયાધામતણી શુભ જાગ્ય રે, વળી હરિપાદુકા બડભાગ્ય રે ॥
દીધી ધનરાશિ વળી સારી રે, મોટા મંદિર કાજ સુખકારી રે ॥૧૮॥

સંવત દોય સહસ્ર ને છપ્પન રે, ચૈત્ર શુકલ નોમ તિથિ પાવન રે ॥
તે'દિ આવ્યા અમે લોયાધામ રે, સેવા કરી રીઝવવા શ્યામ રે ॥૧૯॥

ઊંચા મંડાણની વાડી જેહ રે, મહાપ્રસાદીભૂત છે તેહ રે ॥
તિંયા પધારી શ્રીઅલબેલ રે, નૃપ સુરા ખાચરને કહેલ રે ॥૨૦॥

થાશે આંહિ ઊંચેરા મંડાણ રે, મોટા મંદિર કેરા સુજાણ રે ॥
એહ જાયગા સંપાદિત કીધી રે, મહામોટી મૂડી હાથ લીધી રે ॥૨૧॥

વળી આરંભ્યો જીર્ણ ઉદ્ધાર રે, થયું મંદિર હવેલી આકાર રે ॥
સંવત એકસઠ ને બે હજાર રે, કાર્તિક કૃષ્ણ દ્વાદશી તિથિસાર રે ॥૨૨॥

તિંયા બાળપ્રભુ પધરાવ્યા રે, એતો સહુ જનમન ભાવ્યા રે ॥
વળી નિશાળ મોટું તળાવ રે, કર્યું રુગ્ણાલય ધરી ભાવ રે ॥૨૩॥

મારા ગુરુહરિને પ્રતાપે રે, કર્યો મહામહોત્સવ આપે રે ॥
મોટા સંતના સંકલ્પ કાજ રે, કર્યો ભેળો મેં સરવે સમાજ રે ॥૨૪॥

સંવત ચોસઠ વળી બે હજાર રે, શ્રાવણ શુક્લ દશમી તિથિસાર રે ॥
કર્યું ખાતમુહૂર્ત પ્રભાત રે, મોટા મંદિર કાજે રળિયાત રે ॥૨૫॥

મૂકી પ્રથમ શિલા તે જાણો રે, ભાદ્ર શુક્લ દ્વાદશી પ્રમાણો રે ॥
અલ્પમતિએ કર્યો આદર રે, પૂરું કરજયો ગુરુહરિવર રે ॥૨૬॥

મુને એક આશરો તમારો રે, નિજબાળ મુને તમે ધારો રે ॥
રેજયો ડગલે પગલે આગે રે, એમ તમારો આ બાળ માગે રે ॥૨૭॥

કીધી લોયાધામતણી વાત રે, સુણી રાજી રેજયો રળિયાત રે ॥
થયો ગ્રંથ અનુપમ અતિ રે, નહિ માને મૂરખ કુમતિ રે ॥૨૮॥

લોયા-નાગડકા લીલા ગાઈ રે, નથી પરિપૂરણ જો કાંઈ રે ॥
જાણ્યા ચરિત્ર સંતશાસ્ત્ર મુખ રે, મેંતો ઉચ્ચર્યા તે થાવા સુખ રે ॥૨૯॥

હરિચરિત્ર યથારથ કેવા રે, નથી સમર્થ શેષજી જેવા રે ॥
માટે દોષ મા ગ્રહેજયો રતિ રે, મેંતો કથા કીધી યથામતિ રે ॥૩૦॥

જેના જનમોજનમતણાં રે, થાય ઉદિત સુકૃત ઘણાં રે ॥
એતો કે'શે આ કથા બહુ સારી રે, બીજા ખોટયું દેખાડશે ભારી રે ॥૩૧॥

ગાશે મુમુક્ષુ આ નિશદન રે, પ્રભુજીના ચરિત્ર પાવન રે ॥
તેણે વાધશે વા'લામાં પ્રીત રે, થાશે અંતર પરમ પુનિત રે ॥૩૨॥

જેને હરિ વિના નવ ભાવે રે, એવો એકાંતિક જે કહાવે રે ॥
એને આ ગ્રંથ લાગશે પિયુષ રે, અભાગી માનશે મહાવિષ રે ॥૩૩॥

ખીરસમું અન્ન ન કેવાય રે, પણ કુક્કુરને ન દેવાય રે ॥
એમ પાપિયા જીવ વિમુખ રે, એને ગ્રંથે નહિ થાય સુખ રે ॥૩૪॥

જેને આસુરી મતિ પ્રમાણ રે, એને કે'શો માં કથા સુજાણ રે ॥
એતો અવળું ગ્રે'શે અભાગી રે, એતો દુઃખ લેશે મુખ માગી રે ॥૩૫॥

જેને હરિપદે હોય રાગ રે, વળી સંતમાંહિ અનુરાગ રે ॥
એને આ ગ્રંથ કલ્યાણકારી રે, સુણી રાખશે હૈયે સંભારી રે ॥૩૬॥

જેને હોય મનોરથ મન રે, ગ્રંથ ગાવો એને પ્રતિદન રે ॥
પ્રભુ પૂરશે કોડ તમારા રે, જેને આ ગ્રંથ એક આધારા રે ॥૩૭॥

સુતાર્થી જન સુત પામશે રે, દુઃખી જનના દુઃખ વામશે રે ॥
ધનાર્થી પામશે ધન ઘણું રે, નહિ રહે જો દારિદ્રય અણું રે ॥૩૮॥

વિદ્યાર્થીની થાશે રૂડી મતિ રે, કેશે ગ્રંથ સારો અતિ અતિ રે ॥
થાશે ચારે પુરુષાર્થ સિદ્ધ રે, જેહ કથા સુણે શુભવિધ રે ॥૩૯॥

કોઈ વિપ્ર-સંત તેડી ઘેર રે, એનું પૂજન કરી સુપેર રે ॥
કથા કરાવીને દિયે દાન રે, એના ટળશે કષ્ટ મહાન રે ॥૪૦॥

નિજપિતૃનો કરવા ઉદ્ધાર રે, જેહ કથા કરાવે ધરી પ્યાર રે ॥
એને દેશે આશિષ પિતૃગણ રે, કેશે ધન્ય એની સમજણ રે ॥૪૧॥

રાખે ગ્રંથને કરી જતન રે, સુખ સંપત્તિ પામે તે જન રે ॥
ભવસિંધુ તે સે'જે તરશે રે, જન વિમુખ સંશે કરશે રે ॥૪૨॥

ચારે વેદ ને અઢારે પુરાણ રે, એનો સમજો સાર સુજાણ રે ॥
બીજા સાધને વિઘન ભારી રે, હરિચરિત્ર કલ્યાણકારી રે ॥૪૩॥

એતો આ ગ્રંથમાં કહ્યા ભાવે રે, માટે આને તોલે બીજું નાવે રે ॥
થાશે સંસારસાગરે નાવ રે, જેને આ ગ્રંથમાંહિ લગાવ રે ॥૪૪॥

સતસંગીને છે સુખકારી રે, કુસંગીને મહાદુઃખકારી રે ॥
અણસમજુને જે સુણાવે રે, એને સામું અતિ કષ્ટ આવે રે ॥૪૫॥

હોય મહાપાપી ભલે કોય રે, સુણે આ ગ્રંથને ચિત્ત પ્રોય રે ॥
સદ્ય નાશ પામે એના પાપ રે, એવો આ કથાતણો પ્રતાપ રે ॥૪૬॥

જાય ધામમાં ડંકા વગાડી રે, ગાય આ ગ્રંથ જે દા'ડી દા'ડી રે ॥
કાળ કર્મ માયા ભય ટાળી રે, જાશે અક્ષરે વગાડતા તાળી રે ॥૪૭॥

ગ્રંથ જાણજ્યો નિરગુણ અતિ રે, કાંજે આમાં રહ્યા પ્રાણપતિ રે ॥
શુચિવ્રત ધરી પાઠ કરે રે, એના સહુ મનોરથ સરે રે ॥૪૮॥

ભદ્રાવતી તટે શુભ ગામ રે, મહામોક્ષકારી લોયાધામ રે ॥
તિંયા કથા કીધી લોયાતણી રે, લોયાધામ ચરિત્ર ચિંતામણિ રે ॥૪૯॥

સંવત દોય સહસ્ર એકાશી રે, વસંતપંચમી દિન સુખરાશિ રે ॥
જાણો રવિવારે રૂડી રીત રે, પૂરો કર્યો આ ગ્રંથ પુનિત રે ॥૫૦॥

વળી નમું મહાપ્રભુરાય રે, સદગુરુ તણાં વળી પાય રે ॥
એના પ્રતાપે ગ્રંથવિલાસ રે, કહે ઘનશ્યામપ્રકાશદાસ રે ॥૫૧॥

ઈતિ શ્રીમદ્ લોયાધામાધિપતિ શ્રીઠાકોરજી મહારાજ ચરણકમળસેવક દાસાનુદાસ ઘનશ્યામપ્રકાશદાસ વિરચિતે શ્રી લોયાધામ ચરિત્ર ચિંતામણિ મધ્યે ગ્રંથની ફળશ્રુતિ કહી એ નામે એકસો ને છપ્પનમું પ્રકરણમ્ ॥૧૫૬॥

તીર્થરાજ લોયાધામની ઐતિહાસિક સુવર્ણ ઘડીઓ

- વિ.સં. ૧૮૫૯, મહા સુદ ૪, શ્રીહરિનું પ્રથમ આગમન.
- વિ.સં. ૧૮૬૮, માણીગર અને માણકીનું મિલન.
- વિ.સં. ૧૮૭૭, કારતક વદ ૭ મેં શ્રીહરિનું શાકોત્સવ અને વસંતોત્સવ માટેનું આગમન.
- વિ.સં. ૧૮૭૭, કારતક કૃષ્ણ પક્ષથી મહા શુક્લ પક્ષ સુધી મહાશાકોત્સવ.
- વિ.સં. ૧૮૭૭, કારતક વદ ૧૦ થી પોષ સુદ ૧ વચનામૃતની અભિવર્ષા.
- વિ.સં. ૧૮૭૭, માગશર સુદ ૪ ઈચ્છારામજીનું આગમન.
- વિ.સં. ૧૮૭૭, માગશર સુદ ૯ રામપ્રતાપજીનું આગમન.
- વિ.સં. ૧૮૭૭, વસંતપંચમી વાસુદેવાનંદ વર્ણીને ગાદી ને ત્રણે ભાઈઓનો પ્રથમ રંગોત્સવ.
- વિ.સં. ૧૮૯૧, મહા સુદ ૧૫, સુરાખાચરનું ધામગમન.
- વિ.સં. ૧૮૯૬, ફાગણ વદ ૫ હરિમંદિર માટે ઓરડાઓનું નાથા ખાચર તથા તેમના સુપુત્રો દ્વારા સમર્પણ.
- વિ.સં. ૧૯૦૨, સ.ગુ. શ્રી યોગાનંદ સ્વામી દ્વારા હરિમંદિર નિર્માણ.
- વિ.સં. ૨૦૧૭, ગઢપુરના બ્રહ્મનિષ્ઠ સંત પુરાણી શ્રીહરિપ્રિયદાસજી સ્વામી દ્વારા હરિમંદિરનો પ્રથમ જીર્ણોદ્ધાર દરબારગઢ પ્રસાદીની જમીન-પાતળિયો કૂવો વિગેરેનું સંપાદન.

- વિ.સં. ૨૦૧૯ હરિમંદિરના નૂતન સિંહાસનમાં નૂતન મૂર્તિ સ્થાપન.
- વિ.સં. ૨૦૫૪ અખાત્રીજ સ.ગુ. શા. શ્રી હરિપ્રકાશદાસજી સ્વામી દ્વારા લોયાધામની સેવા પ્રાપ્તિ.
- ઈ.સ. ૨૦૦૦ નૂતન શિખરબદ્ધ મંદિર માટે પ્રસાદીની જગ્યા ઊંચા મંડાણની વાડી સંપાદન.
- ઈ.સ. ૨૦૦૧ જ્યાં શ્રીહરિ પ્રથમ વચનામૃત બોલ્યા છે તે જગ્યા - હરિમંદિરનો જીર્ણોદ્ધાર પ્રારંભ.
- ઈ.સ. ૨૦૦૨ પ્રાથમિક શાળાનો શિલાન્યાસ.
- ઈ.સ. ૨૦૦૩, મહા સુદ ૭, જ્યાં શ્રીહરિ ૧૭ વચનામૃત બોલ્યા છે તે સ્થાને તથા પાતળિયે કૂવે છત્રી અને મુક્તરાજ લીંબવૃક્ષના ઓટાનું અનાવરણ તથા પ્રાથમિક શાળા લોકાર્પણ.
- ઈ.સ. ૨૦૦૪, કારતક વદ ૧૨ શ્રી ઘનશ્યામ મહારાજ પ્રતિષ્ઠા.
- ઈ.સ. ૨૦૦૮, શ્રાવણ સુદ ૧૨, નૂતન મંદિરનું ખાતમુહૂર્ત.
- ઈ.સ. ૨૦૦૮, ભાદરવા સુદ ૧૦, નૂતન મંદિરનો સુવર્ણ શિલાન્યાસ.
- ઈ.સ. ૨૦૨૨, જેઠ સુદ ૮, સ.ગુ. શ્રી યોગાનંદ સ્વામી દ્વારા પ્રતિષ્ઠિત હનુમાનજી મહારાજની નૂતન મંદિરમાં પુનઃપ્રતિષ્ઠા.

મહામુક્તોના વંશજોની યાદી

મુક્તરાજ સુરાખાચરની વંશાવલિ

સુરા ખાચરને એક પુત્ર નાથા ખાચર થયા. નાથા ખાચરના ત્રણ પુત્ર થયા. પૂંજા ખાચર, દેહા ખાચર અને જેહા ખાચર. તેમાં જેહા ખાચરને ભૂરા ખાચર નામે એક પુત્ર થયા. ભૂરા ખાચરને બે પુત્ર થયા. જીવા ખાચર અને બાવા ખાચર. તેમાં જીવા ખાચરને ત્રણ પુત્રો થયા. અમરા ઉર્ફે ટપુ ખાચર, રામ ઉર્ફે બચુ ખાચર, જેહા ઉર્ફે બાબા ખાચર. તેમાં ટપુ ખાચરને બે પુત્રો થયા. શાંતુ ખાચર અને ભાભલુ ખાચર. તેમાં શાંતુ ખાચરને ભરત, કનુ ને પ્રતાપ નામે ત્રણ પુત્રો છે તથા ભાભલુ ખાચરને સુરા ખાચર અને મહેશ ખાચર નામે બે પુત્રો છે. હાલમાં આ તમામ વંશજોના પરિવારો લોયાધામ મંદિર સાથે ખૂબ સારો લગાવ અને પક્ષ રાખે છે... આ વિગત વંશજો પાસેથી મેળવેલી છે.

સામત ખાચરની વંશાવલિ

મોટાભાઈ રામપ્રતાપજી જ્યારે પ્રથમવાર શ્રીહરિને મળવા લોયાધામ પધાર્યા ત્યારે લોયા-સાંગણપરની હદમાં બારકોશિયે કૂવે સત્સંગની માં સ.ગુ. શ્રી મુક્તાનંદ સ્વામીનો મેળાપ થયો. તે કૂવાના માલિક સામત ખાચરે ત્યારે બધાને પાણી અને વિસામો આપ્યા. તેમના સંતાન ફકીરા ખાચર થયા. તેમના સંતાન નાના ખાચર થયા. નાના ખાચરને બે સંતાન થયા. ખોડા ખાચર અને ફઈબા બેન. ખોડા ખાચરના પુત્ર દેવત ખાચર અને શિવરાજ ખાચર થયા. અને તેમના પુત્ર રઘુ ખાચર અત્યારે હયાત છે. આ રઘુ ખાચરના દાદાના દાદા નાના ખાચરે પોતાના દીકરી ફઈબા બેનના વિવાહ પાળિયાદ ભાણા ધાધલ સાથે કર્યા ત્યારે આ કૂવો અને વાડી કરિયાવરમાં આપ્યા. તેમના પુત્ર હરસુરભાઈ અહીં સાંગણપરમાં સ્થાયી થયા. એમના પુત્ર મંગળુભાઈએ આ કૂવો તથા જમીન લોયાધામ મંદિરને અર્પણ કર્યાં... આ વિગત વંશજો પાસેથી મેળવેલી છે.

દેહલજી ઉર્ફે મુળુભા પઢિયારની વંશાવલિ

વિ.સં. ૧૮૭૧માં મુળુભા પઢિયાર કારિયાણીથી લોયાધામમાં સ્થાયી થયા. તેમને પાંચ સંતાન થયા. તેમાં કાનભા નાનપણમાં દેવ થયા. રાજાભા સમયાંતરે ધ્રુભણીયા ગામે થોડો સમય વીતાવી માંડવધારે વસવા ગયા. રાણાભા-બેચરભા ને ભગવાનભા લોયાધામમાં રહ્યા. તેમાં રાણાભાને ત્રણ સંતાન થયા. જામબા, જગમાલભા ને વીરસંગભા. તેમાં જગમાલભા સંત થયા ને વીરસંગભાને ત્રણ સંતાન થયા. રામસંગભા, પથાભા ને નારસંગભા. તેમાં પથાભાને છ સંતાન થયા. વજેસંગભા, અજુભા, ચંદુભા, દાજીભા, કરસનભા અને અગરસંગભા. આમાં વજેસંગભા ઉર્ફે વજુભાએ વિ.સં. ૨૦૪૩ ને વૈશાખ સુદ ૪ ચોથે ખોડિયારનગર નામે નવું ગામ વસાવ્યું. તેમાં કરસનભાને બે પુત્રો છે. દિલીપભાઈ ને જામસંગભાઈ. તેમાં દિલીપભાઈને ઋતુરાજ નામે પુત્ર છે તથા જામસંગભાઈને બે સંતાન છે. રવિરાજ ને ધ્રુવરાજ. આ વિગત રાજુભાઈ ભીખુભાઈ બારોટ તથા સંજયભાઈ વિષ્ણુભાઈ ભીખુભાઈ બારોટ મૂળ વઢવાણ હાલ સુરેન્દ્રનગર પાસેથી મેળવેલી છે.

શ્રી લીલાધર સોનીની વંશાવલિ

લોયાધામના લીલાધર સોની વ્યવહારે દુર્બળ પરિસ્થિતિવાળા હોવા છતાં શ્રીહરિ, સંતો, ધર્મકુળ તથા હરિભક્તોની ખૂબ સેવા કરતા. જેથી શ્રીહરિની કૃપાદ્રષ્ટિથી સુખી થયા. તેમના બે સુપુત્રો થયા. વિઠ્ઠલભા અને મોતીભા. તેમાં વિઠ્ઠલભાને બે સુપુત્રો થયા. જીવરાજભા અને રામજીભા. તેમાં જીવરાજભાને ત્રણ સુપુત્રો થયા. મગનલાલ, ગોરધનભા ને લખાભા. તેમાં મગનલાલને ચાર પુત્રો થયા. રાજેન્દ્રભાઈ, ઘનશ્યામભાઈ, કિશોરભાઈ અને અશ્વિનભાઈ. તેમાં ઘનશ્યામભાઈને આશિષ નામે સુપુત્ર છે. તે લોયાધામની તન-મન-ધનથી ખુબ સારી સેવા કરે છે. અન્ય તમામ વંશજો પણ સારો સત્સંગ રાખે છે. હાલ આ તમામ વંશજો મુંબઈ, અમદાવાદ, વડોદરા જેવા મહાનગરોમાં વ્યવસાય અર્થે સ્થાયી થયા છે.

સુરાણી પરિવારની વંશાવલિ

માલજી સુરાણી પોતાના સંતાન સંઘા, ડીસા, રણછોડ, રાધાબા અને નાથીબા સાથે ચાસકાના ઠાકોર નારસંગજીની સાક્ષીમાં ૫૦ રૂા. નું મોળીયું ને સોનાની મૂઠવાળી

તલવાર શીખ (ભેટ)માં આપી સુરા ખાચરના પિતાજી ડોસા ખાચરના રાજમાં લોયામાં સ્થાયી થયા.

રણછોડ સુરાણીની વંશાવલિ

શાકોત્સવ દરમિયાન પરમહંસોની પંક્તિમાં પીરસીને શ્રીહરિ રણછોડ સુરાણીના ઓરડાની ઓસરીએ નિત્ય બિરાજતા એમના પુત્ર પ્રેમજી સુરાણી થયા. તેમના પુત્ર ચતુર સુરાણી થયા. તેમના પુત્ર ચતુર સુરાણી થયા. તેમના પુત્ર નાગર સુરાણી થયા. તેમના પુત્ર ધરમશી સુરાણી થયા. તેમના પુત્ર રૂગનાથ સુરાણી થયા. તેઓ હાલ લાઠીદડ મુકામે રહે છે. આ વિગત વંશજ પાસેથી મેળવેલી છે.

સંઘા સુરાણીની વંશાવલિ

લોયાધામના રાજા સુરા ખાચર હતા ને પટેલ સંઘા સુરાણી હતા. આ સંઘા પટેલ અને એમના પત્ની માનબાઈ શ્રીહરિના એકાંતિક ભક્ત હતા. તેમના સંતાન રવજી, ભીમજી, મૂળજી, ફૂલબા ને પૂરીબા થયા. તેમાં રવજીના સંતાન ધરમશી, હરિ, જવલબા, માણેકબા ને લાધીબા થયા. તેમાં ધરમશીના સંતાન વિક્રમ, હરખા, શીવુબા, હરિબા, કુબેરબા થયા. તેમાં ત્રિકમના સંતાન સાંકળીબા, નારણ, ઉજમબા ને ધોળીબા થયા. તેમાં નારણના સંતાન નાનજી ને પરષોતમ થયા. આ પરિવાર વિ.સં. ૨૦૧૫માં લોયાધામથી વાગંધરા સ્થાયી થયો. તેમાં નાનજીના સંતાન પમા, નરસી, સબળબા થયા. તેમાં પમાના સંતાન પભા, ગોરીબા, કાળુ, જેન્તિ, મંજુબા થયા. ને આમાં પભાના દાદા નાનજીના ભાઈ પરષોતમના સંતાન ભીખા, ચંપાબા, પોપટ, લાભુબા, દુર્લભ, મધુબા, અમરતબા થયા. તેમાં પોપટના સંતાન શારદા, દલસુખ, બાબુબા, ગુણવંત ને ગીતા થયા. તેમાં દલસુખના સંતાન વૈશાલી નીલમબા ને સુરેશ છે. ને દલસુખના ભાઈ ગુણવંતના સંતાન વૈભવ ને રુદ્રાક્ષ છે. આ પરિવાર હાલ વાગંધરા વસે છે. આ પરિવારમાં પરંપરાથી શ્રીહરિના ચરણારવિંદની પૂજા થાય છે... આ વિગત બુધેજના પુરુષોતમ મોતીભાઈ બારોટ પાસેથી મેળવેલી છે.

પ્રાસાદિક સ્થાનો તથા વસ્તુઓની વિગત

- **શ્રીહરિમંદિર :** મુક્તરાજ સુરા બાપુ આ સ્થાનમાં પરમહંસોને ઉતારા આપતા. અહીં સ.ગુ. શ્રીયોગાનંદ સ્વામીએ હરિમંદિરનું નિર્માણ કર્યું છે.

- **શ્રીઘનશ્યામ મહારાજ :** આ સ્થાને શ્રીહરિએ લોયાનું પહેલું વચનામૃત કહ્યું છે. આ સ્થાને વિ.સં. ૨૦૬૧, કારતક વદ ૧૨ (બારસ) શ્રી ઘનશ્યામ મહારાજ બિરાજમાન થયા છે.

- **દરબારગઢ :** શ્રીહરિ જ્યારે જ્યારે લોયા પધારતાં ત્યારે અહીં ઉતારો કરતાં. આ અક્ષરધામ તુલ્ય સ્થાન છે.

- **કૂઈ :** દરબાર સુરા ખાચરે શ્રીહરિ અને સંતોના ઉપયોગ માટે આ કૂઈ કરાવી હતી. આના જળે શ્રીહરિ તથા પરમહંસો અનેકવાર નાહ્યા છે.

- **છત્રી :** અહીં દરબારગઢ અને પરમહંસોના ઉતારા વચ્ચે એક વંડી હતી. તેના ઉપર નિષ્કુળાનંદ સ્વામીએ મંચ બાંધેલો. ત્યાં બિરાજી શ્રીહરિ દર્શન આપતા. અહીં ૧૭ વચનામૃતો શ્રીહરિએ કહ્યા છે. તે સ્થાને છત્રી છે.

- **લીંબતરુ :** શ્રીહરિ આ લીંબતરુની છાયામાં અનેકવાર બિરાજ્યા છે. શાકનો વઘાર કરતી વખત અહીં ઉપરની ડાળીને પોતાના પાવન સ્પર્શથી કટુતા હરીને મીઠાશ આપી છે.

- **ચૂલ :** આ ચૂલ ઉપર શ્રીહરિએ જાતે વૃંતાકનું શાક બનાવ્યું છે.

- **પટારો :** પોતાની સર્વસ્વ મૂડીરૂપ આ પટારો સુરા બાપુએ શ્રીહરિને સમર્પિત કર્યો હતો. શ્રીહરિએ આ પટારાને જાતે ખોલી એમાંથી ધન વાવરી અશ્રુતપૂર્વ અભૂતપૂર્વ મહાશાકોત્સવ કર્યો હતો.

- **ચાવી :** ઉપરોક્ત પટારાના ખંભાતી તાળાની આ ચાવીથી શ્રીહરિએ જાતે તાળુ ખોલ્યું હતું.
- **શ્રી લાલજી મહારાજ :** મુક્તરાજ સુરા બાપુની કુળપરંપરામાં આ પ્રસાદીભૂત સ્વરૂપની પૂજા થાય છે.
- **તલવાર :** જસદણથી ઈન્દ્રિયો ગઢ જીતી સુરા ખાચર જ્યારે ગઢપુર આવ્યા ત્યારે અંતર્યામી શ્રીહરિએ એમને આ સોનામૂઠવાળી તલવાર બક્ષિસ આપી હતી.
- **ગોદડી :** શ્રીહરિએ આ ગોદડીમાં મુક્તરાજ શાંતિબાને પૂજવા માટે ૪૦ જોડ ચરણારવિંદ પાડી આપ્યા છે.
- **સંગમ કૂવો :** આ કૂવે શ્રીહરિ તથા પરમહંસોએ અનેકવાર સ્નાન કર્યું છે.
- **લીંબવૃક્ષ :** અહીં શ્રીહરિએ વતું કરાવેલ છે. અહીં સભા ભરીને ભૃગુ-નંદી શાપની કથા વંચાવેલ છે તથા રોટલાને ઓળાનો થાળ જમ્યા છે.
- **પાતળિયો કૂવો :** આ કૂવાનું નામકરણ સ્વયં શ્રીહરિએ કર્યું છે. આ કૂવામાં શ્રીહરિ પરમહંસો સાથે અનેકવાર નાહ્યા છે.
- **છત્રીસ્થાન :** અહીં પાતળિયા કૂવાને કાંઠે શ્રીહરિએ સભા કરીને સંતોને પોતાના મોટા દીકરા અને હરિભક્તોને પોતાના નાના દીકરા કહીને હરિભક્તના પ્રથમ કલ્યાણની વાત કરી છે.
- **રાધાકૃષ્ણદેવ :** શ્રીહરિએ શાકોત્સવ દરમિયાન ગઢપુરથી આ મૂર્તિઓ મંગાવી પોતે પૂજારી થઈને સેવા કરી છે. આ દેવ મૂળી મંદિરમાં બિરાજે છે.

- **સિંહાસન :** જ્યારે સ.ગુ. શ્રી મોટા યોગાનંદ સ્વામીએ લોયાધામમાં હરિમંદિર કર્યું ત્યારે આ સિંહાસનમાં મૂર્તિ પધરાવી હતી.
- **શમીવૃક્ષ :** પાતળિયા કૂવાથી પૂર્વ દિશામાં અહીં ખીજડા નીચે શ્રીહરિ દૂધ અને ધાન જમ્યા છે.
- **સુખભાદર નદી :** આ નદીમાં શ્રીહરિ પરમહંસો અને સખાઓ સાથે અનેકવાર નાહ્યા છે. આ નદીના કિનારે ચંદ્રગ્રહણ પછી તાપણું તાપ્યા છે.
- **મધુવંતી નદી :** આ નાની નદીને કિનારે શ્રીહરિએ અનેકવાર સભાઓ કરી છે અને સંતો સાથે સ્નાન કર્યું છે.
- **બેટ :** અહીં શ્રીહરિ અનેકવાર સભા કરીને બિરાજ્યા છે. વળી, નટના ખેલને અહીં જોવા પધાર્યા છે.
- **ભાડિયો કૂવો :** નાની નદીથી ઈશાન કોણે અહીં આ કૂવાના કાંઠે શ્રીહરિએ મલ્લ રમાડ્યા છે.
- **ઓટો :** કોઈ સમયે આ ઓટા ઉપર શ્રીહરિ પોતાના મોટાભાઈ રામપ્રતાપજી અને નાનાભાઈ ઈચ્છારામજી સાથે બેઠા છે.
- **ભૂતી તલાવડી :** આ તળાવને કિનારે ઘણીવાર શ્રીહરિ સભા કરીને બિરાજ્યા છે અને વલુબાના હાથનું જળપાન કરેલ છે.
- **ઊંચા મંડાણની વાડી :** જ્યારે શ્રીહરિ પ્રથમવાર લોયાધામ પધાર્યા ત્યારે અહીં ઉતારો કર્યો હતો અને મુક્તરાજ સુરા બાપુને અહીં મંદિર થશે એવું ભાવિ ભાખ્યું હતું.
- **શિવજી મંદિર :** શ્રીહરિએ અહીં અનેકવાર બિરાજીને વાતો કરી છે. વળી સુરા બાપુ મહારાજના વચને અહીંથી સંત થવા નીકળ્યા હતા.

- **શ્રીલક્ષ્મીવાડી :** અહીં સંઘા સુરાણી અને રણછોડ સુરાણીના ઓરડા હતા ને ફળિયામાં બે લીંબવૃક્ષ હતા. અહીં શ્રીહરિ સંતોની પંક્તિમાં પીરસતા ને ઓરડાની ઓસરીએ બેસતા.

- **દાંતણ :** આ શ્રીહરિએ કરેલું પ્રસાદીનું દાતણ છે.

- **થાંભલી :** આ સુરા ખાચરના દરબારગઢની થાંભલી છે. આને હાથ ટેકવીને શ્રીહરિ અનેકવાર ઊભા છે તે મહાપ્રસાદીની છે.

- **બાર કોશિયો કૂવો :** જ્યારે મોટાભાઈ રામપ્રતાપજી પ્રથમવાર શ્રીહરિએ મળવા લોયાધામમાં આવતાં હતા ત્યારે રસ્તામાં પ્રથમ અહીં સત્સંગની માં સ.ગુ. શ્રી મુક્તાનંદ સ્વામીને મળ્યા હતા. આ સ્થાન લોયા-સાંગણપરની હદમાં હાલ મંદિરના હેઠળ છે.

સંદર્ભ ગ્રંથ સૂચિ

(૦૧) શ્રીવચનામૃત

(૦૨) શ્રીમદ્ સત્સંગિજીવનમ્

(૦૩) શ્રી હરિદિગ્વિજય

(૦૪) શ્રીમદ્ સત્સંગિભૂષણમ્

(૦૫) શ્રી હરિચરિત્રમ્

(૦૬) શ્રી ભક્તચિંતામણિ

(૦૭) શ્રીહરિચરિત્રામૃત સાગર

(૦૮) શ્રી હરિકૃષ્ણલીલામૃત

(૦૯) શ્રીહરિકૃષ્ણનારાયણચરિત્રામૃત

(૧૦) શ્રીહરિલીલામૃત

(૧૧) શ્રીહરિકૃષ્ણલીલામૃતસાગર

(૧૨) શ્રી હરિલીલાસિંધુ

(૧૩) શ્રીસ્વામિનારાયણવિચરણલીલામૃત

(૧૪) શ્રીલીલાચરિત્રની વાતો

(૧૫) આચાર્યોદય

(૧૬) શ્રીહરિલીલામૃતમ્

(૧૭) શ્રી સહજાનંદ સ્વામી ચરિત્રમ

(૧૮) બ્રહ્મના ઉપાસક બ્રહ્મચારીઓ

(૧૯) શ્રી સ્વામિનારાયણ સંહિતા

(૨૦) શ્રી પુરુષોત્તમચરિત્ર પુષ્પમાળા

(૨૧) શ્રી આદર્શ ભક્તગાથા

(૨૨) સદ્. શ્રી નિત્યાનંદ સ્વામીના ગ્રંથો

(૨૩) લીલાચિંતામણી

(૨૪) શ્રી મોનજી ભગતની વાતો

(૨૫) ભક્તશિરોમણિ ઠાકોર શ્રી જીણાભાઈ

(૨૬) સ્વામિનારાયણ ચરિત્ર રત્નાકર

(૨૭) સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામીની વાતો

(૨૮) સદ્. શ્રી ગુણાતીતાનંદ સ્વામીની વાતો

(૨૯) સદ્. શ્રી ભાયાત્માનંદ સ્વામીની વાતો

(૩૦) સદ્. શ્રી અદ્‌ભુતાનંદ સ્વામીની વાતો

(૩૧) સ.ગુ. શ્રી તદ્રુપાનંદ સ્વામીની વાતો

(૩૨) સદ્. શ્રી નિર્ગુણદાસજી સ્વામીની વાતો

(૩૩) સ.ગુ. બ્ર. શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો

(૩૪) સદ્. શ્રીકૃષ્ણચરણદાસજી સ્વામીની વાતો

(૩૫) શ્રીહરિચરિત્રચિંતામણી -

શ્રીહરિના હજૂરી પાર્ષદવર્ય શ્રી ગુમાનજી ભગત

(૩૬) શ્રીહરિચરિત્રચિંતામણી - સ.ગુ. શ્રી રૂગનાથચરણદાસજી સ્વામી

(૩૭) ભગવાન શ્રી સ્વામિનારાયણ

(૩૮) શ્રીરામાનંદ સ્મૃતિ ગ્રંથ

(૩૯) લીલા-ચેષ્ટા માહાત્મ્ય

(૪૦) નારી રત્નો

(૪૧) પરમહંસ ગાથા

(૪૨) સર્વેશ્વર શ્રીહરિનો રાજીપો

(૪૩) મૂળી ધામના ત્રણ મહાસમર્થ સંતો

(૪૪) સ.ગુ. શ્રી યોગાનંદ સ્વામીકૃત હરિમંદિરનો દસ્તાવેજ

(૪૫) પ.પૂ. શ્રીહરિપ્રિયદાસજી સ્વામીનું જીવન

(૪૬) અ.નિ. ભંડારી શ્રી ધર્મજીવનદાસજી સ્વામી (બોટાદ)ના મુખેથી શ્રુત વાતો

(૪૭) કુળપરંપરાની વાતો

(૪૮) વહીવંચા બારોટના ચોપડા

આ સિવાય શ્રીહરિદિગ્વિજય જેવા પ્રાચીન અને અર્વાચીન અનેક ગ્રંથોમાં લોયાધામની લીલાઓ આલેખાયેલી છે. તે લીલાઓનો ઉપરોક્ત ગ્રંથોમાં સમાવેશ થયેલો હોવાથી અત્રે સંદર્ભગ્રંથ સૂચિમાં સંગ્રહ કરેલ નથી.

શ્રી સ્વામિનારાયણ મંદિર લોયાધામ તથા તેની શાખાઓ દ્વારા ચાલતી સર્વજીવહિતાવહ સેવાઓ

- સત્સંગ શિબિર, કથા-પારાયણ, બાળ-યુવા પ્રવૃત્તિ, ઉત્સવ-સમૈયા જેવા વિવિધ આયોજનો દ્વારા આધ્યાત્મિક પોષણ.
- સત્સંગ વિચરણના આયોજનો દ્વારા દેશ-વિદેશમાં સંસ્કારોનું સિંચન અને જતન.
- પ્રાચીન મંદિર જીર્ણોદ્ધાર તથા નૂતન મંદિર નિર્માણ.
- તીર્થ-યાત્રાળુઓ માટે નિઃશુલ્ક આવાસ અને ભોજનની સેવા.
- શિક્ષણ સાથે સંસ્કારના હેતુથી કે.જી. થી ધો.૧૨ સુધી CBSE અંગ્રેજી માધ્યમની વિદ્યાલય તથા છાત્રાલયની સુવિધા.
- કુદરતના ખોળે આશ્રમ જેવા વાતાવરણમાં ધો. ૫ થી ધો. ૧૨ સુધી ગુજરાત બોર્ડ સંયુજીત અંગ્રેજી માધ્યમ તથા ગુજરાતી માધ્યમની વિદ્યાલય તથા છાત્રાલયની સુવિધા.
- બાળકોમાં અનેકવિધ કૌશલ્ય વિકસે તેવા હેતુથી વિવિધ રમતના મેદાનો તથા સ્વિમિંગ પુલની વ્યવસ્થા.
- શ્રી ઘનશ્યામ ગૌશાળા દ્વારા ગીરની ગાયોનું પાલન-પોષણ અને સંવર્ધન સેવા.
- જરૂરિયાતમંદને આર્થિક સેવા તથા ગરીબ-અસહાય તેજસ્વી તારલાઓને શિષ્યવૃત્તિ દ્વારા શિક્ષણ સહાય.
- દેશ-વિદેશમાં કોરોના, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, ભૂકંપ, પૂર જેવી કુદરતી આપદાઓમાં ફૂડપેકેટ, ખાદ્ય સામગ્રી, વસ્ત્ર, ધાબળા, ચંપલ જેવી જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓનું વિતરણ.
- છેલ્લા સતત ૧૨ વર્ષથી ચાલતું સદ્‌ગુરુ સ્મૃતિ સદાવ્રત - અન્નક્ષેત્ર.
- ગ્રામ્ય તથા શહેરી વિસ્તારોમાં વ્યસનમુક્તિ અભિયાન.
- પ્રસંગોપાત રક્તદાન કેમ્પ તથા સર્વરોગનિદાન કેમ્પ દ્વારા આરોગ્ય સેવા.

નોંધ



ગ્રંથ ગત અમૃત પંક્તિઓ

ધન્ય ધન્ય ધરા તે પાવન રે, ધન્ય કૂપ નદીતટ વન રે,
જ્યાં વિચર્યા પૂરણકામ રે, ધન્ય ધન્ય તે શ્રી લોયાધામ રે...

નો'તો દીઠો નો'તો સુણ્યો કાન રે, એવો મહાશાકોત્સવ નિદાન રે,
જ્યાં કીધો કૃપાએ ઘનશ્યામ રે, ધન્ય ધન્ય તે શ્રી લોયાધામ રે...

સુરાભક્તને પ્રેમવિવશ રે, કહ્યા વચનામૃત અષ્ટદશ રે,
અતિ અનુપ વળી અભિરામ રે, ધન્ય ધન્ય તે શ્રીલોયાધામ રે...

:: પ્રકાશક ::

શ્રી સ્વામિનારાયણ મંદિર - લોયાધામ
મુ.પો. લોયા, તાલુકો : સાયલા, જીલ્લો : સુરેન્દ્રનગર. પીન : ૩૬૩૪૧૦.